ભુવનભાનુ

એન્સાઈક્લોપીડિયા

દિવ્યદર્શન "પ્રવચન મહોદધિ"

ભાગ–૫૬

ચંદ્રપ્રભસ્વામિ જિન સ્તવન - ૮

ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫



લેખક : પ.પૂ.આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.

॥ નમો નમઃ શ્રી પ્રેમસૂરયે ॥

ભુવનભાનુ એન્સાઈકલોપીડિયા

(દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫

ભાગ-૫૬

:: પ્રવચનકાર ::

ન્યાય વિશારદ,

સેંકડો ભવ્યાત્માઓના રાહબર

પ.પૂ. આચાર્ય શ્રી વિજય

ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

::પ્રકાશક::

કુમારપાળભાઈ વી. શાહ

દિવ્યદર્શન ટ્રસ્ટ

૩૯, કલિકુંડ સોસાયટી,

કલિકુંડ-ધોળકા,

(અમદાવાદ)

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજના મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન એટલે...

ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૫૬)

દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ

ઉપા. યશોવિજયકૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫

:: શુભાશિષ ::

તપાગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય
શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

:: પ્રેરક-માર્ગદર્શક ::

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

:: સહાયક ::

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.

પ્રથમ આવૃત્તિ : ૨૫૦ **કિંમત :** ૧૫૦/-

વિમોચન : પોષ સુદ-૧૨, વિ.સં.૨૦૬૮, તા.૬-૧-૨૦૧૨, શુક્રવાર
ગુરુદેવ પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ દીક્ષા દિન

:: પ્રાપ્તિસ્થાન ::

દિવ્યદર્શન ટ્રસ્ટ	દિવ્યદર્શન ટ્રસ્ટ	શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા	૨૯/૩૦, વાસુપૂજ્ય બંગલો, સેટેલાઈટ, અમદાવાદ	૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, નવકાર જૈન દેરાસર સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭
ડૉ. હેમંતભાઈ-અમદાવાદ (૦૭૯)-૨૬૬૩૦૦૦૬	ડૉ. સંજયભાઈ-સુરત ૯૮૨૫૧ ૨૧૪૫૫	મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ)

શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ

૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ)
ફોન : ૨૬૭૧૯૩૫૭

ટાઈપ સેટીંગ - મુદ્રક
જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)
૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ,
નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪
ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૬૫
E-mail : jayjinendra90@yahoo.com

: પ્રકાશકીય :

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી **પ.પૂ.આ.શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાએ જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણ અર્થે **શ્રી ભુવનભાનુ સૂરિજન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના આશિષ પામી તેમના વિનીત પટ્ટધર **પ.પૂ.આ.શ્રી વિ. જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ "ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા"માં સંગૃહિત કરવાનું નક્કી કર્યું છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વેયાવચ્ચ કરનાર **પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા., પ.પૂ.પં. શ્રી મહાબોધીવીજયજી મ.સા., પ.પૂ.પં. શ્રી ભુવનસુંદરવિજયજી મ.સા., પ.પૂ.પં. શ્રી ગુણસુંદરવિજયજી મ.સા.** તથા **મુનિ શ્રી જ્ઞાનશેખર-વિજયજી મ.સા.** એ પુર્નમુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઈ સંપતિનો સદુપયોગ કરવા બદલ તેઓના તથા ગ્રંથનું ટાઈપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **જય જિનેન્દ્ર ગ્રાફીક્સ, અમદાવાદ (નીતીન શાહ - જય જિનેન્દ્ર)** ના અમે આભારી છીએ.

આ પુસ્તકમાં કોઈ પણ પ્રિન્ટિંગાદિ ભૂલ રહી ગયેલ હોય તો પ્રબુદ્ધજનો જણાવીને અનુગ્રહ કરશો.

કુમારપાળભાઈ વી. શાહ

સુકૃત અનુમોદન

સિદ્ધાન્ત દિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ
પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા
તથા
સંઘશાસન કૌશલ્યાધાર પ.પૂ.આ.શ્રી વિ.
જયસુંદરસૂરીશ્વરજી મહારાજાની
પાવન પ્રેરણાથી
શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
મુલુન્ડ-મુંબઈ ના જ્ઞાનનિધિમાંથી
આ પુસ્તક પ્રકાશનમાં સદ્‌વ્યય કર્યો છે.
ધન્યવાદ !

દિવ્યદર્શન : એક મહાસાગર

- પં. મહાબોધિ વિજય

જગતની તમામ નદીઓ મહાસાગરમાં સમાઈ જાય છે... કોઈ નદી એવી નહિ હોય, જેનું અંતિમસ્થાન સાગર ન હોય.

જર વર્ષના ઠાળપટમાં લંબાયેલ દિવ્યદર્શન નામના મહાસાગરમાં સ્વ. ગુરુદેવશ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજે શુભવિચારની તમામ નદીઓને વહેતી કરી દીધેલ.

અહીં ધાર્મિક અને આધ્યાત્મિક વિચારોની મહાનદીઓ તો પુરવેગે વહી છે જ, પણ તાર્કિક, વૈજ્ઞાનિક, ઐતિહાસિક, સામાજિક અને કૌટુંબિક વિષયો ઉપર પણ પૂજ્યશ્રીએ પોતાની કલમ ચલાવી છે. એટલું જ નહિ, સાંપ્રત વિષયો પર કલમ ચલાવવાનો પ્રસંગ આવ્યો... ત્યારે પણ નીડરપણે આ કલમ ચાલી છે.

એન્સાઈકલોપિડીયાના ભાગો ઉપર નજર નાંખીએ ત્યારે પ્રશ્ન એ થાય છે... કે આ પુસ્તકને એન્સાઈકલોપિડિયા કહેવું કે પૂજ્યશ્રીના દિમાગને એન્સાઈકલોપિડિયા કહેવું ?

મને લાગે છે... પૂજ્યશ્રીએ લખેલા ચિંતનોના ૧૦૦ ભાગ ઘરો, પણ લખવા માટે વિચારેલા વિષયો જો હકીકતમાં આલેખાયા હોત તો ૧૦૦૦થી વધુ ભાગો બહાર પડી શકત..

પ્રાંતે, એક કરોડ રૂપિયાની ઊંગ હાથમાં હોય, અને ચહેરા પર જે ચમક હોય,.. એથીએ વિશેષ ચમક જેણે આ એન્સાઇક્લોપિડિયાના તમામ ભાગોનો સ્વાધ્યાય કર્યો હશે... એના ચહેરા પર જોવા મળશે, એવું દૃઢ-પણે મારું માનવું છે.

સહુ ભવ્યજીવો આવા મહાન ધર્મગ્રંથોના સ્વા-ધ્યાય દ્વારા કર્મનિર્જરા કરી શિવપદને પ્રાપ્ત કરે... એ જ શુભાભિલાષા.

૧૮/૮/૨૦૧૧
સાંતાક્રૂઝ-વેસ્ટ



:: અનુક્રમણિકા ::

ક્રમ	વિષય	પે.નં.
૧.	**શ્રી ચંદ્રપ્રભસ્વામિજિન સ્તવન વિવેચના**	૧
૨.	બેગમ મુખો બાદશાહ	૧૮
૩.	રોગી વૈદ્યનું દૃષ્ટાન્ત	૨૨
૪.	શીતલાચાર્ય અને ૪ ભાણેજ મુક્તિ	૪૧
૫.	જિન ને આગળ કરવા એટલે શું કરવાનું ?	૫૩
૬.	પ્રભુ તૂઠે શાનું સુખ ?	૬૦
૭.	રામાયણ કલ્પિત હોય તો ?	૬૩
૮.	**શ્રી સુવિધિનાથ જિન સ્તવન વિવેચના**	૬૯
૯.	ભગવાન સમય સમય બદલાતા શી રીતે ?	૭૯
૧૦.	ઘડો અને ફૂલહારનું દૃષ્ટાંતથી શોક અટકે	૮૧
૧૧.	સગરચક્રીનો સંતાપ	૮૨
૧૨.	ત્યાગધર્મ એ મોટી જડીબુટ્ટી.	૯૨
૧૩.	**શ્રી શીતલનાથ જિન સ્તવન વિવેચના**	૯૯
૧૪.	પુષ્પચૂલા સાધ્વીજીને કેવળજ્ઞાન શી રીતે	૧૦૫
૧૫.	ચંદનબાળાનો ભક્તિભાવ	૧૧૦
૧૬.	લક્ષ્મીપત બાબુની માતૃભક્તિ	૧૧૫
૧૭.	અયોગ્યનું દારિદ્રય પ્રભુ શી રીતે ફેરે ?	૧૨૭
૧૮.	ગુરુકૃપા સાથે પ્રાર્થના પણ જરૂરી	૧૩૫
૧૯.	**શ્રી શ્રેયાંસ જિન સ્તવન વિવેચના**	૧૪૩
૨૦.	અમેરિકન બહેનનો દાખલો	૧૪૫
૨૧.	**શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન વિવેચના**	૧૭૨
૨૨.	ઈરાનનો બાદશાહ અને સંન્યાસી	૧૮૮
૨૩.	**શ્રી વિમલનાથ જિન સ્તવન વિવેચના**	૨૧૮
૨૪.	બાળ પ્રહ્લાદ	૨૨૨
૨૫.	પૃથ્વીચંદ્ર-જંબૂકુમાર	૨૨૪
૨૬.	ઉપમિતિનું ભિખારીનું દૃષ્ટાંત	૨૩૫
૨૭.	**શ્રી અનંતનાથ જિન સ્તવન વિવેચના**	૨૪૫
૨૮.	આપણને પ્રભુ કેમ ગમે છે ?	૨૬૫
૨૯.	**શ્રી ધર્મનાથ જિન સ્તવન વિવેચના**	૨૭૩
૩૦.	મહામંત્રમાં પૂરક તત્ત્વ ઘટના-૧/૨/૩	૩૦૦

॥ નમુત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ ॥

પરમોપાસ્ય આનંદ-માણિક્ય-ચંદ્ર-હેમ-દેવેન્દ્ર-ચિદાનંદ-દર્શન- સૂર્યોદયસાગર સૂરિવરેભ્યો નમઃ

તીથી



આચાર્ય દોલતસાગરસૂરિ

વિનયવંત.. મુનિ શ્રી ધ્યાનશેખર વિજયજીમ.

વંદના.. શાતામાં હશો ?

ભુવનભાનુ એન્સાઇક્લોપિડીયા ભાગ- ૧ ૧૦ ૨૦ મળેલ છે. અદ્ભુત રશાળ સાહિત્ય જોતા આનંદિત છુ. શ્રુતસેવા બદલ અનુમોદન-

પૂજ્યશ્રી જ્ઞાનના સાગર હતા તે આ સમૃદ્ધિને જોતા જ સૌ કોઇ નિઃસંકોચ અનુભવે-

આરાધનામાં આગળ વધશો.

ક્ષમાજ ખાવશો.

પૂ. જીઆતાજી

દર્શિતા.

શ્રી ચંદ્રપ્રભસ્વામિજિન સ્તવન-૮

ચંદ્રપ્રભ જિન સાહિબા રે, તુમે છો ચતુર સુજાણ મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેજો પદ નિર્વાણ, મન માન્યા,
આવો આવો રે ચતુર સુખ ભોગી; કીજે વાત એકાંત અભોગી,
ગુણગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા...૧
ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ મનના માન્યા;
આપે ફળ જે અણ કહે રે, ગિરૂઓ સાહેબ તેહ; મનના ...૨
દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વધે મામ;
જલ દીએ ચાતક ખીજવીરે, મેઘ હુઓ તિણે શ્યામ...૩
પીયુ પીયુ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ રે;
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ...આવો...૪
મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ?
વાચક યશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય, ...આવો...૫

શ્રી ચંદ્રપ્રભસ્વામિજિન સ્તવન-વિવેચના-૮

ચંદ્રપ્રભ જિન સાહિબા રે, તુમે છો ચતુર સુજાણ મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેજો પદ નિર્વાણ, મન માન્યા,
આવો આવો રે ચતુર સુખ ભોગી; કીજે વાત એકાંત અભોગી,
ગુણગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા...૧

ભાવાર્થ : હે મારા સાહેબ ચન્દ્રપ્રભજિન ! આપ ચતુર છો, સુજાણ છો અને મને મનમાન્યા (મનગમતા) પ્રિય છો. આપ દાસે કરેલી સેવા જાણો છો, તેથી નિર્વાણપદ-મોક્ષપદ આપશો. હે ચતુર ! હે સુખભોગી ! હે અભોગી ! આવો આવો, આપણે એકાંતે વાત કરીએ; કારણ કે આપના ગુણની ગોષ્ટિ કરવાથી પ્રેમ પ્રગટે છે.

વિવેચન : કવિ કહે છે, 'હે જિનેન્દ્રદેવ ચંદ્રપ્રભસ્વામિ સાહેબા ! આપ ગુણસંપન્ન નામવાળા છો, કેમકે આપ ચંદ્રના જેવી શીતળ અને ઉજ્જવળ પ્રભાવાળા

છો.' અહીં પ્રભુના બે ગુણ લીધા-

(૧) પ્રભુની પ્રભા શીતળ છે, એટલે ઠંડક આપે છે. જેમ ચંદ્ર પોતાના કિરણથી શીતળતા આપે છે, તે ચંદ્રપ્રભસ્વામિ પોતાના નામ, દર્શન, સ્મરણ અને વાણીથી શીતળતા આપે છે. સામાન્યથી જિનનામ, જિનનું દર્શન, જિનનું સ્મરણ અને જિનની વાણી એ કષાયોના તાપ મિટાવી શીતળતા આપે છે. માટે આ જ કવિએ અન્ય સ્તવનમાં ગાયું છે કે,

''શીતળતા ગુણે હોડ કરત તુમ ચંદન કહાં બિચારા;
નામે હિ તુમ તાપ હરત હો, વાંકું ઘસત ઘસારા.''

આપના શીતલતાના ગુણની સાથે બિચારું ચંદન ક્યાં હરિફાઈ કરી શકે ? ચંદનને શીતળતા આપવા ઘસાવું પડે છે, ત્યારે આપ નામમાત્રથી તાપ હરનારા છો.

ચંદ્રની પ્રભા શીતળ, તે સંતપ્ત હૃદયને ઠારનારી છે, તેમ ભગવાનની અરિહંતપણાની જ્યોતિ પણ અરિહંત પ્રેમીને ઠારનારી છે; કેમકે અરિહંતનું નામમાત્ર લેતાં એને વિશ્વાસ છે કે પાપોના ગંજનો નાશ થાય છે. ભગવાન જેમ નામનિક્ષેપાથી શીતળતા આપે છે, તેમ સ્થાપના નિક્ષેપે અર્થાત્ આકૃતિ યાને વીતરાગપણાની મૂર્તિ પણ શીતળતા આપે છે; એમ દ્રવ્યનિક્ષેપે યાને વિચરતા પ્રભુ અને ભાવનિક્ષેપે યાને દેશના દેતા પ્રભુ જગતને ઠારે છે. ચારેય નિક્ષેપે પ્રભુ શીતળ છે, એટલે કષાયથી પીડિત જીવોને ઉપશમ ભાવ આપીને શાતા આપનારા બને છે. હવે બીજી વાત- જેમ ચંદ્રપ્રભસ્વામિ ભગવાન ચંદ્રપ્રભા જેવા શીતળ છે, તેમ

(૨) પ્રભુ ચંદ્ર જેવા ઉજ્જવળ પણ છે. ઉજ્જવળ પ્રભાથી પ્રભુ સેવકના મોહ-અજ્ઞાનભરી અંધારી રાત જેવા દિલમાં જ્ઞાન પ્રકાશ રેલાવે છે. મોહના અંધકારમાં અથડાતા જીવને વસ્તુના ગુણદોષની ખબર નથી હોતી, અને તેથી જ દુઃખી થાય છે. 'પ્રશમરતિ' શાસ્ત્રમાં લખ્યું છે કે,

'दुःखद्विट् सुखलिप्सुः' मोहान्धत्वात् अदृष्टगुणदोषः ।
यां यां करोति चेष्टां, तया तया दुःखमादत्ते ॥'

જીવ દુઃખનો દ્વેષી ને સુખનો ઇચ્છુક છતાં વસ્તુના ગુણદોષનો જાણ નહિ હોવાથી જે જે ચેષ્ટા જીવ સુખ માટે કરે છે, એમાંથી જ એ દુઃખ જ મેળવે છે ! દા.ત. સુખ માટે ધનાર્જનની પ્રવૃત્તિ કરે છે, પરંતુ ધન અને વેપારના ગુણદોષની ખબર નહિ હોવાથી પોતાની પ્રવૃત્તિથી પોતે જ દુઃખ પામે છે. એમ જીવ મોહથી આંધળો હોવાથી ઈન્દ્રિયોના વિષયો પાછળ સુખ મળવાની આશાએ દોડે છે, પરંતુ અંતે સુખના બદલે ભારે દુઃખ પામે છે. ધન અને વિષયોમાં અંતે દુઃખ છે, પરંતુ મોહના અંધાપાથી એ દુઃખ દેખી શકતો નથી, તેથી ધન અને વિષયોમાં સુખ

મળવાનું માની દોડે એમાં અંતે દુઃખ જ પામે ને ? જુઓ,

મમ્મણે સાવ સોનાનો બળદ તે પણ રત્ને જડેલો ! એવો બળદ ઊભો કરેલો, પરંતુ એનું સુખ કેટલું ભોગવી શક્યો ? કશું જ નહિ; માત્ર એનાં દર્શનનું સુખ; બાકી તો ધન વધુ ન ખર્ચાઈ જાય માટે એ તેલ ને ચોળા ખાતો, બાકી તો એ બળદ પૂરો બે શિંગડાવાળો બનાવવા, 'લાકડું ક્યાં સસ્તુ મળે છે, ક્યાં મફતિયું મળે છે, તે લાવીને વેચી નાણાં ઊભા કરું' એ લાલસામાં દોડાદોડ કરતો, જાણો છો ને, નદીના ઘોડાપૂરમાં લાકડાં તણાઈ જતા લેવા માટે પોતડી પહેરીને નદીમાં પડ્યો હતો ! તરતાં આવડતું હતું તે એક લાકડું આમ તણાય, તો બીજું બીજી બાજુ તણાતું હોય, તે લેવા તરતો તરતો ઘડીમાં આમ દોડે, ઘડીમાં તેમ દોડે ! શું આ સુખ ભોગવી રહ્યો છે ? ના, મહાદુઃખ, એટલે તો રાજા શ્રેણિકે એનું દુઃખ ટાળવા બોલાવી પૂછે છે,

'તું બહુ દુઃખી લાગે છે. એટલે તો આવા તોફાની ઘોડાપૂરમાં જાનના જોખમે પડ્યો છે. બોલ તારે શું જોઈએ છે ?'

ત્યાં મમ્મણે શું માગ્યું ? રતનના બળદનું એક બાકી રહેલ શિંગડું પૂરું કરવાનું માંગ્યું ! આમાં એટલા બધા અઢળક ધનથી શું સુખ ભોગવવાની વાત છે ? ના, જ્ઞાનીઓ કહે છે, ધનમાં ક્યાંય સુખ નથી.

'અર્થાનામ્ અર્જને દુઃખમ્, અર્જિતાનાં ચ રક્ષણે,
આયે દુઃખં વ્યયે દુઃખં, ધિગર્થમનર્થભાજનમ્.'

પૈસા મેળવવામાં કષ્ટ, મેળવેલાને સાચવવામાં કષ્ટ-દુઃખ, પૈસાની આવક કરવામાં ય કષ્ટ-દુઃખ અને પૈસા ખરચાઈ જાય નષ્ટ થઈ જાય એમાં ય દુઃખ ! છેલ્લે છેલ્લે પૈસા મરતાં મૂકવા પડે, એનું ભારે દુઃખ ! ધિક્કાર હો અનેક અનર્થોના ભાજનરૂપ અર્થને !

મમ્મણનો દાખલો કોક ગણો તો ય આજે સૌને જાત-અનુભવની વાત છે કે પૈસા કમાવવામાં ને સાચવવામાં કેટલી વીશીએ સો થાય છે, દુઃખના ને કષ્ટનાં પોટલાં છે. ત્યારે વિષયોમાં સુખ ક્યાં છે ? પુણ્યના ઉદયે બહુ રૂપાળી પત્ની મળી હોય, તો ય એને રાજી રાખવા કેટકેટલી ગુલામી ! અને કેટલાંય કષ્ટ ઉઠાવવા પડે છે ને ? એમ, મેડી-મહેલાતનાં ને મોટરના સુખ નિશ્ચિતપણે ભોગવવાનું ક્યાં છે ? એમાં સત્તર જાતની દુઃખની રામાયણ ઊભી થાય છે. એવું ખાન-પાનાદિના સુખ પણ અલ્પકાળ અને આગળ પાછળ દુઃખ-કષ્ટનાં પોટલાં ભારે દેખાય છે ! ને કેટકેટલી જાતનાં રોગો ય થાય છે ! હાલતાં ને ચાલતાં ગેસ ને શરદી ! પિત્ત ને બાદી... ! આ બધામાં વિષયોમાં સુખ ક્યાં રહ્યું ? અનંત અનંત કાળ જીવ

ખાનપાન પાછળ ઘેલો રહ્યો છતાં તૃપ્તિ નથી ! એમાં જ સુખ માની એ માટે પ્રવૃત્તિ કરી દુઃખોને નોતરે છે.

ત્યારે ત્યાં ચંદ્રના જેવી ઉજ્જવળ પ્રભાવાળા ચંદ્રપ્રભસ્વામિ સાચા સુખની પ્રાપ્તિના અને દુઃખના નાશના એવા ઉપાય પ્રકાશે છે કે એનો આદર કરતાં જીવ પરમાર્થિક સાચું સુખ પામી શકે છે. એટલે એમ કહેવાય કે જીવ જો આ પ્રભુનો પ્રકાશ નથી ગ્રહણ કરતો, તો એવો અભાગીયો જીવ મોહની અંધારી રાત્રિમાં અથડાય છે ત્યારે પ્રકાશ આપનારા આતમનું અજવાળું કરનારા ભગવાન અહીં આવી મળ્યા છે તો પછી શા સારુ આત્માનું અજવાળું (જ્ઞાન) મૂકી જડના અંધારામાં અથડાવું ?

એ ભગવાન ત્રણ રીતે અજવાળું કરનારા છે,

(૧) સ્વરૂપથી, (૨) વાણીથી અને (૩) દર્શનથી.

(૧) સ્વરૂપથી : ભગવાનના સ્વરૂપની વિચારણા કરવાથી અજવાળું થાય છે. **શય્યંભવસૂરિ** આ રીતે બુઝ્યા હતા. ગુરુ પ્રભવસ્વામીએ એમને બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા- એ ત્રણેનું સ્વરૂપ સમજાવેલું. એમાં પરમાત્માનું સ્વરૂપ જાણી એમને એની લાલચ લાગી. દિલમાં અજવાળું થયું, તો હવે પોતાનું પરમાત્મસ્વરૂપ પ્રગટ કરવા એમણે ત્યાં જ ચારિત્રમાર્ગ ગ્રહણ કરેલ ! એમ બ્રાહ્મણ પુરોહિત હરિભદ્રને જૈન સાધ્વીઓની પ્રશાંત ચર્યા-સાધના તથા એમના ગુરુણીનો આચાર્ય પ્રત્યેનો વિનયભાવ જોઈ, પોતાના મિથ્યાત્વનો કેફ મોળો પડ્યો; તો હવે જે જિનમૂર્તિની પહેલાં હાંસી કરી હતી એ જ મૂર્તિમાં એમને વીતરાગ પરમાત્માસ્વરૂપ દેખાયું અને એ પ્રભુએ એમનામાં અજવાળું કર્યું, એ પ્રભુના વીતરાગ સ્વરૂપે અજવાળું કર્યું.

(૨) ભગવાનની વાણીનું આલંબન કરે, તો પણ અજવાળું થાય છે. ભગવાનની વાણી જીવ અજીવ આદિ નવતત્ત્વને કહેનારી અને સ્યાદ્વાદાદિ સિદ્ધાંતને કહેનારી છે. એમાં ભગવાનની વાણી જીવોની ઓળખ કરાવનારી છે, કે જીવો કયા કયાં ? તેમજ જીવોને કયા કયા શસ્ત્રો લાગે ? અને કેવી રીતે એ શસ્ત્રોને રોકી જીવરક્ષા થાય ? વળી જીવને પોતાને શસ્ત્રરૂપ બનનારા છે ઇન્દ્રિયોના વિષયો; ને એની રાગ-આસક્તિ, તેમજ કષાયો બને છે શસ્ત્રરૂપ. આ બધું શસ્ત્રરૂપ છે. એ રોકવા ત્યાગમાર્ગ, વિરતિમાર્ગ ઉપાય છે. ભગવાન થકી જીવોને પ્રકાશ દ્વારા કર્મબંધના કારણભૂત આશ્રવ, ને કર્મ અટકાયતનાં સાધનભૂત સંવરનું જ્ઞાન થાય છે. એથી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે. આ ઉપકાર ભગવાનની વાણીનો છે. ભગવાનની વાણીએ રોહિણિયા ચોરના જીવનમાં અજવાળું પાથર્યું જીવનનો

અંધકાર નાશ પામ્યો. આમ જિનવાણીથી મોહાંધકાર નાશ પામે છે. વળી

(૩) ભગવાનનાં દર્શનથી પણ મોહાંધકાર નાશ પામે અને કલ્યાણ થાય. **આર્દ્રકુમારને** અભયકુમારે મોકલેલી અરિહંત પ્રતિમાનાં દર્શનથી મોહાંધકાર નષ્ટ થયેલો. **શય્યંભવને** પણ પહેલાં યજ્ઞસ્તંભની નીચે દાટેલી જિનમૂર્તિનાં દર્શનથી મોહ-મિથ્યાજ્ઞાન નષ્ટ થયેલ. ચંદ્રપ્રભજિનની ચંદ્ર જેવી પ્રભા, પણ આ લોકોત્તર પ્રભા મળવાનું આપણું સૌભાગ્ય છે.

'હે પ્રભુ ! આપ ચતુર સુજાણ છો' આપ સુજાણ એટલે કે ભણેલાની સાથે ગણેલા પણ છો. ભણેલાનો ઉપયોગ કરનારા છો. એમ સુજાણ સાથે ચતુર પણ છો. એટલે કે લોકાલોકની જાણકારીનો યોગ્ય વિનિયોગ કરવામાં ચતુર છો. સમસ્ત લોકાલોકના સમસ્ત જીવો અને પુદ્ગલોના ભાવોના સારી રીતે જાણનારા છો, એટલે મારા પણ સુખ-દુઃખને જાણનારા છો. વળી આપ ચતુર સુજાણ છો; એટલે આપ જેમ જીવોના હિતના જાણકાર છો, તેમ મારા હિતના પણ જાણકાર છો. આમ પ્રભુ ! જ્યારે આપ ચતુર સુજાણ છો, મારા પણ હિતને જાણો છો, તો મને વિશ્વાસ છે કે આપ મારા પણ હિતને કરશો. વળી હે પ્રભુ ! આપની જાણકારીનો આ પ્રભાવ છે કે આવા જાણકાર આપનું ક્ષણવાર પણ એ સ્વરૂપે ધ્યાન કરનારને મહોદય થવામાં આપ નિમિત્ત બનો છો. કહ્યું છે- **'ધ્યાતસ્ત્વં યૈઃ ક્ષણં વાપિ, સિદ્ધિસ્તેષાં મહોદયા.'**

અરિહંતને ક્ષણવાર ધ્યાતાં મોટી સિદ્ધિ થાય છે, તે વિષયમાં **મરુદેવામાતાનું** દૃષ્ટાંત છે. મરુદેવામાતા પહેલાં તો દીક્ષા લઈને ઘરમાંથી નીકળી ગયેલા દીકરા ઋષભની પાછળ ઝૂરતા હતા, રોતા હતા. કેટલું રોયા ? એક હજાર વર્ષ રોતા બેઠા ! આંસુ લુંછવા સમય નથી, લુંછે તો બીજા આંસુ ચાલુ છે. રાતના સૂવે તો આંસુ આંખ પર સુકાઈ જાય છે. એમ ને એમ આંખે પડલ આવી ગયા ! દેખવાનું બંધ છે. કઈ માતા દીકરા પાછળ આવું રોનારી મળે ? એ તો એક મરુદેવા માતા કે જે હજાર વર્ષ રોયા... ! એ તો વળી ઋષભદેવનાં સમવસરણ પાસે આવતાં કાને દેવદુંદુભિ સાંભળી એમને હર્ષના આંસુ રેલાયા, એથી આંખનાં પડલ ધોવાયા અને ઋષભની સમૃદ્ધિ જોઈને હરખાયા. પણ ઋષભ મને બોલાવતો નથી ? એમ એમના મનને બહુ દુઃખ થયું. કવિ કહે છે,

માતાને નવિ બોલાયા રે, માડી મન બહુ દુઃખ પાયા રે,
એ તો વીતરાગ નિઃસ્નેહી રે, ગયા બંધન પ્રેમ વિછોહી રે...

આમ બહુ દુઃખ થયું પરંતુ ત્યાં ગાંઠ ન વાળી કે જે ઋષભની પાછળ એક હજાર વરસ રોઈ રોઈને મેં આંખો ગુમાવેલી ! તે હવે હું એની સામે આવી છું

છતાં મને હેં મને બોલાવતો નથી ? તો ચાલો ઘેર પાછા, ના, એમ ગાંઠ ન વાળી. માતા સરળ દિલના હતા, તેથી ગાંઠ ન વાળતાં આ વિચાર કર્યો કે 'મને જો એણે બોલાવવી હોત, તો ૧ હજાર વર્ષ મને છોડીને વનમાં રખડવા શું કામ જાત ? મારી પાસે જ ન બેસી રહેત ? કિન્તુ એ વીતરાગ છે, રાગ સ્નેહ વિનાના છે, તેથી શું કામ બોલાવે ? એટલે મારો પણ સ્નેહ-પ્રેમ ખોટો છે...' આ વિચારે મરુદેવામાતા નિઃસંગ અનાસક્ત ભાવમાં ચડ્યા ને ત્યાં કેવલી થયા ! વીતરાગ પ્રભુના ક્ષણવાર ધ્યાને મરુદેવામાતા વીતરાગ બન્યા પછીથી મોક્ષમાં ગયા. આ ક્ષણવારના ધ્યાને મહાસિદ્ધિ મહાઉદય પામ્યા.

હે ચંદ્રપ્રભજિન સાહેબા ! તમે ચતુર સુજાણ છો, એટલું જ નહિ પણ મારા મનના માન્યા છો, મનના માનિતા છો, મને મનગમતા છો; કેમકે મારે મારા આત્મામાં શીતલતા અને પ્રકાશ જોઈએ છે અને તે આપની પાસેથી મળે એમ છે; કારણ કે આપ એના ભંડાર છો. ઇતર દેવી-દેવતાથી આ કાંઈ સીઝે નહિ, તેથી મારા મનને એ શાના રુચે ? ઇતર દેવ તો વિમાનમાં ય આવે જાય, પણ પ્રભુ આપ ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બન્યા પછી દેવતાની પાલખીમાં ન બેઠા, પરંતુ પરોપકાર અને સ્વ-સંયમ ખાતર પૃથ્વીતલ ઉપર વિચર્યા ! આવા પ્રભુ કેમ મનમાન્યા પ્રભુ ન બને ?

ઋષભદેવ ભગવાનને લાખ પૂર્વ જેટલા વર્ષો કેવલીપણાનો કાળ ! છતાં એવો જંગી કાળ પણ પ્રભુ પૃથ્વી પર પગે ચાલીને વિચર્યા ! પણ ભરતને ઘેર જઈ બેઠા નહિ કે 'લે ભરત ! હવે મારે સાધનાકાળ પૂરો થયો તો હવે આયુષ્ય પૂર્ણાહૂતિ અને મોક્ષ પ્રાપ્તિ સુધી અહીં બેઠો.' ના, એક લાખ પૂર્વવર્ષ સુધી પ્રભુ વિચરતા જ રહ્યા, વિચરતા જ રહ્યા. જગત પર દર્શન-વંદન-ઉપદેશ-રત્નત્રયી માર્ગ આપવાનો ઉપકાર કરતા જ રહ્યા, કરતા જ રહ્યા ! આવા કેઈ ગુણોને કારણે હે પ્રભુ ! **આપ અમારા મનનાં માન્યા છો.** અમારા મનને મનગમતા છો, મનના માનિતા છો.

'મનના માન્યા કેમ ?' એની બીજી રીતે વિચારણા :

અથવા, હે ચંદ્રપ્રભજિન સાહિબા ! મારા 'મનના માન્યા' મનના માનીતા તમે એટલા માટે છો કે તમે ચતુર સુજાણ છો, એટલે 'મારા આત્માના કેવા કેવા દરદ છે, ને એના નિવારણના કયા કયા ઉપાય છે' એને સારી રીતે જાણો છો, વળી પાછા ચતુર છો એટલે આવા સારા જાણકાર છતાં તમે મારા એ દરદ, મારી એ નબળાઈઓ બીજાની આગળ કહેતા નથી, કહીને મને હલકો પાડતા નથી. એટલા બધા તમે સુજાણ છતાં ચતુર છો; મને અને એમ બીજાને સારી રીતે

ઓળખતા છતાં સામાનો સદ્‌ભાવ કેમ બન્યો રહે એવું કરવામાં હોશિયાર છો. મને અને બીજાને તમારા પ્રત્યેનો સદ્‌ભાવ બન્યો રહે, એવી ગંભીરતા દાખવનારા છો. તેથી મારા મનના માન્યા માનીતા છો, મારા મનને તમે અતિપ્રિય છો. વાત પણ સાચી છે, કેમકે ભગવાન અનંતજ્ઞાની છે, જગતના અણુ-અણુના અને એકેએક જીવના અનંત અનંત કાળના સર્વ ભાવોના સમસ્ત પર્યાયોના જ્ઞાતા છે, પ્રત્યક્ષદ્રષ્ટા છે. એ મારા એકના દિલના ગુપ્ત દરદ, ગુપ્ત નબળાઈઓ કેમ ન જાણતા હોય ? અવશ્ય જાણનારા છે, છતાં પ્રભુની દેશનાભૂમિ યાને સમવસરણમાં બેઠેલા એકેએકના ગુપ્ત દોષોને બહાર પ્રકાશતા નથી કે 'આ ફલાણો જીવ આવા આવા ગુપ્ત દોષોવાળો છે, ને ઉપરથી હું નિર્દોષ છું એવો દેખાવ રાખ્યા કરે છે.' પ્રભુ સ્પષ્ટ જાણે છે કે 'આ અમુક શ્રોતાઓ અમુકના ધનની ચોરી કરીને અમુક સ્થાને તે ધન દબાવ્યું છૂપાવ્યું છે. એમ આ અમુક જીવ એના અમુક સગા-સ્નેહીની સ્ત્રી-પરસ્ત્રી સાથે કામના સંબંધ જોડેલા છે; ને પાછો દેખાવ સદાચારીનો રાખે છે,... આવું આવું સ્પષ્ટ જાણવા છતાં પ્રભુ કોઈનો એવો દોષ બહાર પ્રકાશતા નથી; અગર ખુદ એને પણ જાણ થવા દેતા નથી કે 'હું તારો એ દોષ જાણું છું.' આવી પ્રભુ આપની ગંભીરતા છે, એ આપની ચતુરાઈ છે, શાણપણ છે.

ક્યાં પ્રભુની પારાવાર ગંભીરતા ? ક્યાં આપણી ક્ષુદ્રતા ? :

જોવાની ખૂબી છે કે પ્રભુ ! કેઈના કેટલાય પ્રકારના સર્વ ગુપ્ત દોષોના જાણકાર છતાં ચતુર ગંભીર રહી પોતાની જાણકારીની બીજાને ખબર નથી પડવા દેતા ! ત્યારે આપણને કોઈનો એક દોષ જાણવા મળ્યો. તો એની નિંદા દ્વારા જગતને એની જાણ કરવા જોઈએ છે ! કેવીક આપણી ક્ષુદ્રતા ? આમ નિંદા કરવામાં આપણી ચતુરાઈ ગણાય કે મૂર્ખાઈ ગણાય ? શું પરદોષને જગતની આગળ ગાવામાં હોશિયારી છે ? કે મૂર્ખતા છે ? દુનિયાની એક સુશીલ પત્નીમાં આટલી હોશિયારી હોય છે કે પતિના ગુપ્ત દોષને જાણવા છતાં બીજાની આગળ એ ગાતી નથી, પ્રગટ નથી કરતી દા.ત. મળવા આવેલી રૂપાળી સખીની સામે પતિ વાતની વચમાં વચમાં આંખ મટકાં મારી લેતો હોય, દૃષ્ટિ નાખી દેતો હોય, એવી પતિની પરસ્ત્રી લંપટતા પોતે જાણવા છતાં બહાર ગાશે નહિ કે 'મારો પતિ આવો પરરૂપલંપટ છે.' એટલી એની ગંભીરતા હોય છે. છતાં આ આશ્ચર્ય છે કે પાછી એ જ સ્ત્રી બીજા પુરુષોની નિંદા કરવામાં શૂરવીર હોય છે !

નિંદાનું કારણ પ્રિયતાની ખામી :

પ્રશ્ન : કેમ આવો તફાવત કે પોતાના પતિના દોષોની બીજા આગળ નિંદા નહિ કરે ? અને બીજાના દોષોની નિંદા કરતી હોય છે ?

ઉત્તર : કહો, એણે પતિને પોતાના સર્વેસર્વા પ્રિય માન્યા છે, સર્વેસર્વા જીવનસાથી માન્યા છે, અનુપમ અમેય સંસારસુખના દાતા માન્યા છે, એટલે એના દોષો બહાર ગાવાનું એને મનમાં સ્ફુરતું જ નથી એટલે હવે સમજાશે કે બીજાના દોષ ગાવાનું કેમ સ્ફુરે છે ? આ જ કારણ છે કે આપણે બીજાને સર્વેસર્વા પ્રિય માન્યા નથી; પછી ભલેને પોતાનો સગો બાપ હોય કે સગો ભાઈ હોય, એ સર્વેસર્વા પ્રિય માન્યા નથી, તેથી મોકો આવ્યે એનાય દોષ બીજા આગળ ગાવાનું કરાય છે. માટે જ પત્ની પોતાના અતિપ્રિય પતિને પોતાની ક્ષુદ્રતાને લીધે પોતાના બાપના દોષ કહેતી હોય છે ! ને વર્ષો ગયા પછી પોતાની માનેલી અતિપ્રિય સખી આગળ ભલું હોય તો પતિના ય દોષ કહ્યા વિના નહિ રહે, બાકી તો જુઓ કે માતાએ પોતાના અતિ પ્રિય માનેલા પુત્રના દોષ ક્યાં બહાર ગાય છે ?

એટલે જ સમજાશે કે આપણે બીજાનો દોષ બહાર ગાવામાં બીજાની હલકાઈ પ્રગટ કરવામાં કેમ દોઢડાહ્યા બનીએ છીએ ? કહો, એ આપણને ભલે પ્રિય હોય, પરંતુ સર્વેસર્વા પ્રિય નથી. નહિતર સુશીલ પત્નીને પતિની અને માતાને અતિપ્રિય પુત્રની હલકાઈ ગાવાનું જેમ નથી આવડતું, એમ આપણને, બીજાઓ જો અતિપ્રિય હોય તો, કેમ જ એની હલકાઈ ગાવાનું મન થાય ? આ ઉપરથી સમજાશે કે,

પ્રશ્ન : પ્રભુ જીવોનું ઘણું ઘણું ગુપ્ત જાણનારા છતાં કેમ બહાર એની હલકાઈ નથી ગાતા ?

ઉત્તર : કહો, પ્રભુને જીવો સર્વેસર્વા પ્રિય છે અતિશય પ્રિય છે એમાંથી અભવી પણ બાદ નહિ, તેથી તો પ્રભુ પૂર્વના ત્રીજા ભવે જગતના જીવમાત્ર માટે આ ચિંતવે છે કે 'કેમ આ બિચારા જીવોને કર્મ પિશાચની વિટંબણામાંથી ઉગારું !' આ જોતાં આપણને પ્રભુને કહેવાનું મન થાય કે,

'પ્રભુ ! તમારી કેટલી બધી ચતુર સુજાણતા ! કેટલી બધી વિવેકભરી જ્ઞાનદશા ! કેટલી બધી વડાઈ ! કે આપ મને નખશીખ ઓળખવા છતાં, આપ મારા સર્વેસર્વા દોષોના જાણકાર છતાં, આપ એને બહાર બીજા આગળ પ્રકાશતા નથી ! એ સૂચવે છે કે 'હે નાથ ! હું આપને સર્વેસર્વા પ્રિય છું, અતિશય પ્રિય છું. અહોહો ! કઈ મારી લાયકાત પર પ્રભુ ! આપ મારા પર પ્રેમ રાખો ? મને પ્રિય અતિપ્રિય કરો ?

બસ, બસ, આ આપ મને અતિપ્રિય કરી રાખો છો, તેથી જ મારા મનના માન્યા છો, મારા મનના માનીતા છો એટલે જ હું વિનંતિ કરું છું કે-

" સેવા જાણો દાસની રે, દેશો પદ નિરવાણ."

હે મારા નાથ ! આપ આ દાસની સેવાને જાણો છો અર્થાત્ આપ જાણો

છો કે આ તમારો સેવક તમારી સેવા કરી રહ્યો છે, તેથી સેવાના ફળમાં દાસને કૃપા કરીને નિર્વાણપદ-મોક્ષપદ આપશો.

કવિ અહીં મોક્ષપદ સેવા કર્યા વિના અર્થાત્ હક વિના નથી માગતા કિન્તુ સેવા કરીને હકથી માગે છે. નોકર શેઠની મહિનો સેવા કરીને પછી જેમ પગાર હકથી માગે, એમ અહીં કવિ પ્રભુની સેવા કરીને પછી નિર્વાણ હકથી માગે છે.

પ્રશ્ન : વ્યવહારમાં તો શાણો શેઠ મહિનો થાય એટલે વગર માગ્યે પગાર આપી દે છે, નોકરે માગવો પડતો નથી. તો અહીં કેમ પ્રભુ પાસે ફળ માગવું પડે છે ?

ઉત્તર : વ્યવહારમાં પણ નોકરને બહુ મોટી રકમ જોઈતી હોય તો માગવી જ પડે છે, એમ અહીં 'નિર્વાણ' એ બહુ મોટું ફળ હોવાથી સેવકે પ્રભુ પાસે માગવું જ પડે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૨૬,તા.૧૪-૩-૧૯૮૭

ત્યારે એક પ્રશ્ન એવો થાય કે,

પ્રશ્ન : ખેર, મોટું ફળ ભલે માગવું પડે, પરંતુ એમ જો વીતરાગ પ્રભુ પાસે માગ્યાથી પ્રભુ ફળ દેતા હોય, તો તો એનો અર્થ એ, કે 'પ્રભુ પાસે માગો તો પ્રભુ રીઝે છે ને ફળ દે છે, ન માગો તો પ્રભુ રીઝતા નથી ને દેતા નથી,' આમ પ્રભુમાં વીતરાગતા નહિ રહે, તેનું કેમ ?

ઉત્તર : અહીં સમજવાનું છે કે વીતરાગ પ્રભુ પાસે માગણી-પ્રાર્થના, એ ખરેખર તો પ્રાર્થના નથી, પરંતુ પ્રાર્થના કરનારના પોતાના દિલની તીવ્ર આશંસા છે, તીવ્ર ઇચ્છા છે, કે 'મારે આ ફળ જોઈએ છે.' એટલા માટે ચૈત્યવંદન સૂત્રોની વિવેચનારૂપ શ્રી **'ललितविस्तरा'** શાસ્ત્રમાં 'ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ' 'ધમ્મો વડ્ઢઉ...ધમ્મુત્તરં વડ્ઢઉ'ની વિવેચના લખતાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આ પ્રશ્ન ઉઠાવ્યો છે કે 'જો તીર્થંકરો પ્રસન્ન થતા હોય તો એ પ્રભુ પ્રસન્નતાવાળા રાગવાળા ઠર્યા ! પછી એમનામાં વીતરાગતા શી રીતે ?' આમ પ્રશ્ન થાય, એના સમાધાનમાં લખ્યું કે 'વીતરાગ રીઝતા નથી કે રોષાયમાન થતા નથી; પરંતુ એમની આગળ **પ્રાર્થના કરનારની પ્રાર્થના એના પોતાના દિલમાં પ્રાર્થિત વસ્તુની તીવ્ર ઇચ્છા-આશંસા સૂચવે છે.** તો પૂછોઃ

પ્રશ્ન : શું વસ્તુની ઇચ્છા-આશંસા કરવાથી વસ્તુ મળે ?

ઉત્તર : હા, વસ્તુની તીવ્ર ઇચ્છા-આશંસા એ બીજ-અંકુર છે, લખ્યું છે કે,

'बीजं सत्प्रशंसादि, चिन्तादिस्यात् तदांकुरम्'

કોઈપણ ગુણ કે ધર્મ પાકરૂપે નીપજાવવા માટે એની સમ્યક્ પ્રશંસા-આકર્ષણ-અહોભાવ એ બીજ છે; અને એ બીજ હૈયામાં વવાય એના પર અંકુરરૂપે એની ચિંતા આશંસા-અભિલાષા થાય. પછી ક્રમશઃ એનું શાસ્ત્ર-શ્રવણ, પ્રવૃત્તિ... વગેરેથી આગળ વધતાં એના પર અંતે પાકરૂપે ફળરૂપે તે તે ગુણ કે ધર્મ નીપજે.

આમ આ ફળ-પાકના મૂળમાં પ્રશંસા-આશંસા વગેરે પડેલા છે; માટે કહેવાય કે તીવ્ર આશંસાથી અંતે વસ્તુની સિદ્ધિ થાય. વીતરાગની આગળ પ્રાર્થના-વચન એ ખરેખર તો આશંસા-વચન છે, એટલે આશંસાથી જ યાને પ્રાર્થનાથી જ ઈષ્ટસિદ્ધિ થાય. માટે લખ્યું **'પ્રાર્થનાતઃ એવ ઈષ્ટસિદ્ધિઃ'**

બસ, આ હિસાબે અહીં ચંદ્રપ્રભજિન સાહેબા આગળ સેવાના ફળની માગણી-પ્રાર્થના એ ખરેખર તો સેવકના દિલની એ વસ્તુ માટેની તીવ્ર ઇચ્છા આશંસા વ્યક્ત કરાય છે. પછી સવાલ નથી રહેતો કે ,'વીતરાગ પાસે માગવામાં વીતરાગની વીતરાગતા નહિ હણાય ? ના, અહીં પ્રભુ પાસે ખરેખર માગતા નથી, કિન્તુ પોતાના દિલની તીવ્ર ઇચ્છા વ્યક્ત કરે છે કે 'મારે આ જોઈએ છે' એટલે જ.

'જયવીયરાય' સૂત્ર બોલતાં આ જોવાનું છે કે માગણીમાં આપણે બોલી તો નાખ્યું કે- ''હે પ્રભુ તમારા પ્રભાવથી મારે ભવનિર્વેદ હો,' પરંતુ હૈયાને ખરેખર પૂછો, કે- 'શું ભવનિર્વેદની તને તીવ્ર ઇચ્છા છે ?

'શું ખરેખર તારે ભવનિર્વેદ જોઈએ છે ને તું પ્રભુ પાસે એ માગે છે ? કે તારા અંતરમાં ભવનિર્વેદની એવી કશી તીવ્ર તમન્નાં જ નથી, ને માત્ર રટી જાય છે કે પ્રભુ મને ભવનિર્વેદ આપો ?'

પ્રાર્થના કરીએ ને પ્રાર્થિત વસ્તુની તીવ્ર તમન્ના જ ન હોય, તો એ સાચી પ્રાર્થના નથી, પણ માત્ર પોપટપાઠ છે, અર્થાત્ ગણધર-વચન પોપટની જેમ સમજ્યા વિના માત્ર રટી કાઢવાનું રાખ્યું છે !

સારાંશ, પ્રાર્થના કરવાની, તે દિલમાં પ્રાર્થિત વસ્તુની તીવ્ર ઇચ્છા-આશંસા-તમન્ના રાખીને કરવાની. આ હિસાબે કવિ અહીં દિલમાં નિર્વાણની તીવ્ર આશંસા રાખીને પ્રભુને પ્રાર્થના કરે છે કે,

''સેવા જાણો દાસની રે, દેશો પદ નિર્વાણ.''

સેવા શી ? સીધું નિર્વાણ કેમ માગ્યું ?

પ્રભુ ! હું આપની સેવામાં લાગ્યો છું માટે આપ મારી સેવાની કદર કરો. ઉદાર શ્રીમંત માણસ ગરીબ નોકરની સેવાની કદર કરે છે, તે હે પ્રભુ ! તમે મારી સેવાની કદર કરો. મારી ગરીબી ટાળો. મારે નિર્વાણની શ્રીમંતાઈ જોઈએ છે, માટે દાસની સેવા આપ મન પર લો, કદાચ આપ મને પૂછો :

પ્રશ્ન : તેં સેવા શી કરવાની રાખી છે ?

ઉત્તર : (૧) આપનો જ મેં આશરો રાખ્યો છે. આપ અરિહંત સિવાય બીજા કોઈ દેવ મને ગમતા નથી, ખપતા નથી. આપ સિવાય મેં બીજાનો આશરો રાખ્યો નથી, મારે કોઈ પણ આફત હોય, તો મારે આધાર તમારો, પરભવે મારી સદ્ગતિ તમારા જ આશરે. (૨) બીજી સેવા મારે એ, કે "હું દર્શન કરું તો આપનું, સ્મરણ-રટણ કરું તો આપનું, આજ્ઞા માનું તો આપની જ... અરિહંતનું જ શરણ મેં લીધું છે. કેમકે આપ અરિહંતના પ્રભાવ પર મને અથાગ શ્રદ્ધા છે. બધી જ વાતમાં મને આપના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા છે."

સેવા એટલે ઉપાસના. 'ઉપ = (પ્રભુની નિકટ) નિકટ, 'આસના' = રહેવું. એમના માર્ગે, એમણે ચિંધ્યા માર્ગે ચાલ્યા કરવું એ પ્રભુની સેવા ઉપાસના કહેવાય. અરિહંતની સાચી ઉપાસના અર્હત્-વચનને અનુસાર જીવન જીવવું તે.

"પ્રભુ ! હું આપની સેવા કરું છું, ઉપાસના કરું છું, માટે જ સેવાના બદલામાં સેવાના ફળમાં આપ મને દેશો પદ નિર્વાણ. કૃપા કરીને નિર્વાણ પદ આપજો.

સીધું નિર્વાણ જે કેમ માગ્યું ? કારણ :

પ્રશ્ન : અહીં પ્રશ્ન એ થાય છે કે સેવાના બદલામાં સેવકે એકદમ સીધું છેલ્લું નિર્વાણ પદ જ કેમ માગ્યું ?

ઉત્તર : વાત એ છે કે, (૧) નિર્વાણની માગણીમાં બધું જ માગી લીધું છે. આ પેલા આંધળાની માગણી જેવું છે. એક અંધ ભિખારીએ દેવના એક જ માગણીના વરદાનમાં એક માગણીમાં અવાંતર બધી જરૂરિયાત માગી લીધી. વળી (૨) સેવકે અન્ય દેવોને અશરણ માની એમને ઉવેખીને વીતરાગ અરિહંતને જ સર્વેસર્વા માન્યા છે, તેમ વિષયોને અશરણ માની અરિહંતને જ શરણભૂત માન્યા છે, તે પણ અરિહંત બનવા માટે, ભગવાનને ભજીએ ને ભગવાન ન બનાય તો શું કામનું ? (૩) બાકી ભગવાનના અદ્ભુત ગુણોથી આકર્ષાઈને સેવક તેમની સેવામાં જોડાયેલો છે, તેથી હવે તેને અરિહંતના ગુણો પામવા ઘેલું લાગ્યું છે, અને સંસાર વિષયોથી ઊભગ્યો છે. એના પરનો મોહ ઉતારવાની તાલાવેલી લાગી છે. માટે જ ભક્તને અરિહંતના સચ્ચિદાનંદમય અરૂપીપણાના ગુણની અને નિરપેક્ષ સુખની મમતા જોઈએ છે; એટલે સીધું નિર્વાણપદ માગ્યું.

નિર્વાણ એટલા માટે માગ્યું કે,

(૪) (૧)ભવભ્રમણાની કાયમી આપદાનો અંત આવે; (૨) સ્વયં પાપજીવનનો અને બીજાને દુઃખ દેવાના જીવનનો અંત આવે.

(૫) વળી સીધું નિર્વાણ એટલા માટે માગ્યું કે જો નિર્વાણ નજર સામે ને

નજર સામે રહે, તો નિર્વાણના ગુણો દા.ત. વીતરાગતા, અનાહારિતા, વિષય-અસંગ, ઉપશમ, ઉદાસીનતા... વગેરે માટે પ્રયત્ન ચાલુ રહે. મનને એમ થાય કે 'અંતે મારે વીતરાગ થવું છે, તો શા માટે હાલ રાગાદિને પોષું ? અંતે અનાહારી થવું છે તો શા સારુ અત્યારે આહારનો લંપટ થાઉં ?' તાત્પર્ય, નિર્વાણ પદમાં બધા ગુણની પરાકાષ્ઠા છે, તેથી એ માગવામાં બધું મંગાઈ જાય છે.

(૬) 'નિર્વાણ' દીવો ઓલવાય એને કહે છે. નિર્વાણપદ એટલે સમસ્ત રાગાદિની આગની શાંતિનું સ્થાન. રાગાદિની આગ બુઝાઈ જાય તો નિર્વાણ કહેવાય. **જેને મન એક અરિહંત જ આધાર, તેનામાં બધી રાગની આગ બુઝાઈ વીતરાગ બનવાની લાયકાત ઊભી થાય છે.**

(૭) નિર્વાણ માગ્યું તે અરિહંતમાં જ ખોવાઈ જવા ધ્યાન કરું પ્રાર્થના, સેવા, સ્તુતિ જે કાંઈ કરું તે... યાવત્ આજ્ઞા પણ અરિહંતની જ માન્ય કરું. એ જ આજ્ઞા ઉઠાવું; એટલે કે મારી બધી જ દૃષ્ટિ વીતરાગ અરિહંતમાં જ કેન્દ્રિત થઈ જાય આ લાયકાત પર, આ સેવા પર, નિર્વાણપદ સેવકને જોઈએ છે.

(૮) વળી નિર્વાણપદ એટલા માટે માગ્યું કે મોક્ષપદની આગળ અહીં કવિએ બીજા બધા પદને મામૂલી ગણી કાઢ્યા, કેમકે મોટું ઈન્દ્રપદ મળે તો પણ તે ખોવાઈ જવાનું છે, એટલે એ બેકાર છે, માટે જ અંતિમ નિર્વાણપદ ભગવાન પાસે માગ્યું.

(૯) વળી સેવાનું ફળ સીધું નિર્વાણ એટલા માટે માગ્યું કે સારી **સેવા અને સાધના પોતાના આત્મા માટે કરવાની છે,** તે ત્યારે જ સારી થાય કે જો આત્માનું મૂળ સ્વરૂપ આપણી નજર સામે હોય, આત્માનું મૂળ સ્વરૂપ અનંતજ્ઞાનમય છે અને અરૂપી છે, 'મારે જ્ઞાનમય અરૂપીપદમાં જવાનું છે; આ ઉદ્દેશ લક્ષમાં રાખીને આપણે ભગવાનની સેવા કરવાની છે, ને સેવાના બદલામાં અરૂપીપદ માગવાનું છે, નહિ કે સેવાના બદલામાં પૈસાદિ માગવાના. કેમકે આ બધા ક્ષણવારના ચટકા છે ક્ષણિક ચાળા છે; માટે મારે તો અરૂપી સ્વરૂપને પ્રગટ કરવા માટે જ સેવા-સાધના બધું કરવાનું છે.' માટે જ કવિ આ માગ્યું 'મને દેજો પદ નિર્વાણ' મને નિર્વાણપદ આપજો.

કવિએ નિર્વાણપદ માગ્યા પછી જોયું કે 'વિષયોનો રસિયો અને તેથી જ બહારમાં ભટકતો મારો જીવ પ્રભુ સાથે એકાકાર ક્યાંથી થવાનો ? એ તો મનમાંથી વિષયો કાઢી નાખે અને એ માટે પ્રભુને મનમાં વસાવે, તો જ પ્રભુનાં આલંબને દુન્યવી વિષયો ભૂલે અને પછી પ્રભુ સાથે અંતરમાં ગડમથલ કરી શકે. તેથી હવે પ્રભુને વિનંતિ.

"આવો આવો ચતુર સુખભોગી"

હે ચતુર સુખભોગી પ્રભુ ! મારા મનમાં આવો, પધારો, મારા મનમાં આપના આવવાથી બીજા ત્રીજા લફરાં ને કચરા મારા મનમાંથી નીકળી જશે. એમ મારા મનમાંથી કચરા સાફ થઈ જાય, કચરાનો નિકાલ થઈ જાય, તો મારે ઘણી ઘણી શાંતિ થઈ જાય. પ્રભુ ! હું આપને જ મારા મનમાં પધારવા આગ્રહ એટલા માટે કરું છું કે આપ સુખભોગી છો, ને તે પણ ચતુર સુખભોગી છો. સુખભોગી ચતુર યાને શાણો એનું નામ કે જે પોતાના અતિપ્રિયને પણ સુખભોગી બનાવે. એટલે જ મને વિશ્વાસ છે કે આપ મને પણ સુખભોગી બનાવશો. પ્રશ્ન થાય,

પ્રશ્ન : મોક્ષમાં સુખનાં કશાં સાધન તો છે નહિ, તો પછી મોક્ષે પધારેલા પ્રભુ સુખભોગી શી રીતે ?

ઉત્તર : સુખનાં સાધનોથી સુખ અનુભવાય એ સાધનને સાપેક્ષ સુખ કહેવાય, સાધનની ગુલામીવાળું સુખ કહેવાય.

સંસારનાં સુખ એવાં છે,- સાધન સલામત તો સુખ સલામત. સાધન ઉડ્યું કે સુખ ઉડ્યું.

ત્યારે મોક્ષનું સુખ તો સાધન-નિરપેક્ષ હોય છે, એ આત્માનું સ્વાભાવિક સુખ હોય છે. દા.ત., દૂધમાં મિઠાશ સાકર-સાપેક્ષ હોય છે, પરંતુ સાકરમાં મિઠાશ સ્વાભાવિક હોય છે. આત્મામાં એનું સુખ સ્વાભાવિક છે પરંતુ તે અષ્ટ કર્મના આવરણથી દબાયેલું છે; જ્યારે એ આવરણ સંપૂર્ણ નષ્ટ થઈ જાય ત્યારે એ સ્વાભાવિક અનંતસુખ પ્રગટ થાય છે. જ્યાં સુધી આવરણના લીધે એ દબાયેલું રહે છે ત્યાંસુધી બાહ્ય સાધન જે ઇંદ્રિય-વિષયો, એના દ્વારા કૃત્રિમ ક્ષણિક સુખ ઊભું થાય છે. પરંતુ આવું સાધન-સાપેક્ષ સુખ તકલાદી હોય છે, ઝાંઝવાના નીર જેવું મિથ્યા હોય છે; તેથી કેટલીકવાર સાધન ઊભું છતાંય સુખ નષ્ટ થાય છે. દા.ત. પેંડા ખાતાં સુખ થાય છે, પરંતુ તે મર્યાદિત જ પેંડા ખાતા સુખ; પછી હદથી વધારે ખાવા જાય તો સુખ લોપ ! પછી ઉબકા આવે, પેટ ચડે, ઊલટી જેવું થાય,... સુખ નષ્ટ ! માટે **સાચું અમરસુખ તો વિષયનિરપેક્ષ સહજ આત્મસુખ.** એ સુખના ભોગી પ્રભુ છે, તેથી પ્રભુ 'ચતુર સુખભોગી' છે.

એવા પ્રભુને આપણા દિલમાં આવવા માટે આમંત્રીએ છીએ કે,

"આવો આવો રે ચતુર સુખભોગી ! કીજે વાત એકાંતે અભોગી !"

માત્ર 'સુખભોગી' નહિ, પણ ચતુર સુખભોગી. **'ચતુર સુખભોગી' તે, કે જે નિરપેક્ષ સ્વાધીન અનંત સુખના જ ચાહક અને એ જ સુખના ભોગી હોય.** વિષયસાપેક્ષ અને ઝાંઝવાના નીર જેવા વિષયોના કૃત્રિમ ક્ષણિક સુખના ચાહક

અને એના જે ભોગી હોય તે તો મૂર્ખ છે. તેથી કવિ પ્રભુને કહે છે 'માટે હે ચતુર પ્રભુ ! તમે એવા મૂર્ખ વિષયસુખરંગી નથી કિન્તુ હે ચતુર સુખભોગી ! તમે મારા મનમાં આવો, જરૂર આવો. ભગવાન નિરપેક્ષ સુખના આપ ભોગી છો. મોક્ષમાં જે સુખ છે તે વિષયનિરપેક્ષ છે, વિષયોથી પર છે. સંસારના સુખો વિષયને સાપેક્ષ છે, જે પરિણામે ય અનંત દુઃખદાયી છે, ને અહીં પણ દુઃખદાયી છે; કારણ કે સુખનું સાધન જો સંયોગ બદલાય, તો દુઃખ આપનારું બને છે. અનંત સુખવાળા ભગવાનને દિલમાં વસાવીએ તો ભગવાનના અનંતસુખની ઝાંખી આપણને જોવા મળે. મનને લાગે કે 'સુખ માટે જ બધી અપેક્ષા ખોટી છે. ભગવાન જે અપેક્ષા વગરનું સુખ ભોગવે છે, એ જ સાચું સુખ છે.

ભગવાને સુખ માટે સાધનની અપેક્ષા ખોટી કરેલી, એટલા માટે તો ચારિત્ર લઈને પ્રભુએ, કાયિક સુખ માટે જે અપેક્ષાઓ રહે છે, તે બધી પડતી મૂકેલી. દા.ત., (૧) ધ્યાન બેઠા રહીને કરીએ તો આરામથી થાય. એ બેઠા રહેવાની અપેક્ષા પડતી મૂકીને, પ્રભુ ખડા ને ખડા જ કાઉસ્સગ્ગ ધ્યાને રહેતા ! વળી દા.ત., (૨) પાત્રામાં ગોચરી લેવાની હોય તો જુદા જુદા અનેક ઘરોમાં ફરવાથી પાત્રામાં અનેક જાતની વસ્તુ લઈ શકાય. પણ પ્રભુએ માત્ર કરપાત્રીપણું રાખીને પાત્રાની અને અનેક વસ્તુ વહોરવા વાપરવાની અપેક્ષા જ છોડી. એમ દા.ત., (૩) વસ્ત્ર રાખ્યા હોય તો ઠંડીમાં શરીરને ઠંડી રોકાઈ હુંફ લાગે. પરંતુ પ્રભુએ આ અપેક્ષા ય છોડી નિર્વસ્ત્ર જ રહ્યા ! અરે ! એટલું જ નહિ, પણ આગળ વધીને. (૪) નિર્વસ્ત્ર શરીરે મચ્છર ઉરાડવા ન હાથ હલાવવાનો ! કે ન ત્યાંથી ખસી જવાનું ! એમ ડાંસ-મચ્છરના પરીસહ સહ્યા પણ વસ્ત્રાદિની અપેક્ષા રાખી નહિ : કેમકે પ્રભુએ ચારિત્ર લેતાં સમજી રાખ્યું છે કે કાયાના ઝાંઝવાના નીર જેવા કૃત્રિમ ક્ષણિક સુખ ખાતર સાધનોની અપેક્ષા રાખવી ખોટી. એટલે જ પ્રભુને નિરપેક્ષ સુખનો રંગ લાગેલો. પછી ક્ષણિક કાયિક સુખની શું કામ પરવા કરે ? શું કામ પરીસહોથી પાછા હટે ? આવો જ કોઈક રંગ સ્થૂલભદ્રજીને લાગ્યો હશે તો જ રૂપાળી કોશા અને મંત્રીમુદ્રિકાને છોડી ચારિત્ર લે છે ! આ જ વિચાર કે, "જો મત્રીમુદ્રિકા લઉં તો કોશાના ૨૪ કલાકના સુખ જાય તો પછી જો આ સંસારમાં બેઠો રહું તો મોક્ષના અનંત સુખ ન મળે. મારે મોક્ષના સુખ જોઈએ છે માટે આ સંસારના સુખ છોડું."

સ્થૂલભદ્રજીએ કેવી સુંદર વિચારણા કરી કે મોક્ષનાં સ્વાધીન અનંત સુખ આગળ વેશ્યાના સુખ સનેપાતના ચાળા છે, એમાં આત્માની વિટંબણા છે. એ સુખની મથામણ એ દારૂ પીધેલા ગાંડાના ખેલ છે !'

કોણ આ સ્થૂલભદ્રજી ! એમણે એકવાર વેશ્યાના સુખ રંગવિલાસ... બધું જ માણ્યું છે, છતાં 'મોક્ષની યાદમાં' અવસર આવ્યે એક ક્ષણમાં જ ત્યાગ કર્યું ! વેશ્યા છોડી સંસાર છોડ્યો, સાધુ બન્યા કારણ કે તેમના દિલમાં મોક્ષના સુખની યાદ આવી. યાદ શી રીતે ? શું પહેલાં એનો અનુભવ કરેલો ? હા, પૂર્વ ભવે મોક્ષસુખ માટે આરાધના કરી હોય એટલે એની તમન્નારૂપે એનો અનુભવ હોય. આગળ જતાં સ્થૂલભદ્ર મુનિએ તે વેશ્યાનેજ પ્રતિબોધ કર્યો ! વેશ્યાને શ્રાવિકા બનાવી ! આગળ જતાં જ્ઞાન એવું ભણ્યા કે અલ્પ સમયમાં ૧૪ પૂર્વ ભણ્યા ! આ બધું મોક્ષના અનંતા નિરપેક્ષ સુખ પાછળ ઘેલા બનવાના હિસાબે બન્યું.

કવિ કહે છે, પ્રભુ ! આપ ચતુર છો, સ્વયં નિરપેક્ષ અનંત સુખના સ્વામી બની, એ સુખના ભોગી બન્યા છો. ઉપરાંત સેવકને પણ એ સુખના માલિક બનાવો છો, માટે આપ ચતુર છો, કદરદાન છો. નેમ-રાજુલ બન્નેમાં નેમનાથે આ ચતુરાઈ કરી. રાજુલને પરણવાના બહાને આવી પછી તોરણથી રથ પાછો વાળી રાજુલને જગાડી.

"રાજીમતિશું પૂર્વ ભવની, પ્રીત ભલી પરે પાળી,
પાણી ગ્રહણ સંકેતે આવી, તોરણથી રથ વાળી;
અબળા સાથે નેહ ન જોડ્યો, એ પણ ધન્ય કહાણી."

શું આ નેમનાથ પ્રભુની ચતુરાઈ નથી ?

પ્રશ્ન : શું આને ઠગબાજી ન કહેવાય ?

ઉત્તર : ના. કેમકે રાજુલે પછીથી નક્કી કર્યું છે,

"જો વિવાહ અવસરે નવિ દીયો રે, હાથ ઉપર નવિ હાથ મેરે લાલ;
દીક્ષા અવસરે દિજીએરે લાલ, શિર ઉપર જગનાથ મેરે લાલ."

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૨૮,તા.૨૮-૩-૧૯૮૭

આમ નક્કી કરી એણે પ્રભુ પાસે જઈ આનંદથી દીક્ષા લીધી છે. અને અંતે મોક્ષમાં ગયા, તો એક બીજાને અનંત સુખના માલિક સુખના ભોક્તા તરીકે જુએ છે. રાજુલે નેમનાથ સાથેના સંસારસુખની લાલસા છોડી, તો મોક્ષના અનંત સુખ પામ્યા. જગતના **સુખોની બાદબાકી થઈ જાય ત્યારે મોક્ષના અનંત સુખ મળે.** ફરસાણના સુખનો સ્વાદ લેવો હોય તો મીઠાઈના કોળિયાને ગળી જવો પડે, તેમ સંસારના સુખ છોડ્યે મોક્ષ મળે.

આવો આવો...કીજે વાત એકાંતે અભોગી.

આવો આવો બે વાર બોલાય એ વિપ્સા પ્રયોગ છે. એનો અર્થ આપ વારંવાર અમારા દિલમાં પધારો અને એકાંતમાં વાત કરો.

પ્રશ્ન : શું વિનંતિ કરીએ તો ભગવાન આપણા દિલમાં આવે ?

ઉત્તર : હા, લાવવા હોય તો આવે. રસ્તામાં કે સભામાં રૂપાળી રમણી જોઈ હોય, પછી તમારી વગર વિનંતિએ પણ એ તમારા દિલમાં આવે છે ને ? ક્યાં સુધી ? ઘરે પહોંચો અને બીજા કામમાં ન લાગો ત્યાં સુધી ! તો પ્રભુને જોયા પછી વિનંતિથી દિલમાં પ્રભુ ન આવે ?

'હે પ્રભુ ! આપ સુખભોગી છતાં અભોગી છો, પૌદ્ગલિક સુખના સાધનોનો ભોગ-ઉપભોગ નહિ કરનારા, એનો આનંદ નહિ લેનારા છો. તેથી જ આપ વૈભવયુક્ત ચાંદી-સુવર્ણ-રત્નના સમવસરણમાં બેસો છે અને બેઠા પછી એ જ ચાંદી સોનાની અને રત્નની ઝાટકણી કાઢી તેને છોડવા જેવું કહો છો;

'આમ પ્રભુ ! આપ 'સુખભોગી ય છો અને 'અભોગી ય' છો. કહો અભોગી ભગવાને પૌદ્ગલિક ભોગ ભોગવવાના રાખ્યા નથી, તેથી જ સુખી છે, અનંત સુખના ભોગી છે.

કીજે વાત એકાંતે : કવિ પ્રભુને કહે છે 'પ્રભુ ! મારા દિલમાં આવો અને એકાંતમાં વાત કરો, એકાંતમાં વાત સારી રીતે થઈ શકે. તો આપ એકાંતમાં મારા દિલમાં પધારી મને મારા છૂપા દોષો બતાવી, સારી હિતશિક્ષા આપો. આપ મને કહો કે, **"આટલા ઊંચા મનુષ્ય જન્મમાં હલકા નીચ કીડા-મકોડા જેવા ધંધા તું શું કરી રહ્યો છે ?"** આવું બધું કહેવા માટે ભગવાન ! આપ હકદાર છો; કેમકે આપે સ્વયં એવું સર્વોચ્ચ જીવન જીવ્યું છે. અહીં પ્રશ્ન થાય,

પ્રશ્ન : શું પ્રભુ આપણી સાથે એકાંતમાં વાત કરે ?

ઉત્તર : હા, પ્રભુ સાથે આપણને વાત કરતાં આવડે તો પ્રભુ આપણી સાથે વાત કરે છે એમ લાગે. જેમકે, પ્રભુદર્શન વખતે આપણે તો પ્રભુને જોઈએ છીએ, પણ પ્રભુ આપણને જુએ છે ખરા ? હા, આપણે પ્રભુની આંખ સામે જોઈ આપણે પ્રભુને વિનંતિ કરીએ, કે 'પ્રભુ ! તમે મારા સામું જુઓ, એમ કહેતાં કહેતાં આપણે એ ધ્યાન રાખીએ કે 'પ્રભુ મારા સામે જુએ છે,' તો જરૂર આપણને લાગે કે પ્રભુ આપણા સામે જુએ છે, પ્રભુની કૃપાનજર આપણા પર પડે છે. બસ, એ રીતે અંતરમાં પ્રભુને ધારી પ્રભુને આપણે વિનંતિ કરીએ કે 'પ્રભુ ! મારી સાથે વાત કરો. હું કર્મપીડિત છું, મારામાં અનંત દોષો છે, અનંત રાગાદિના રોગો છે. આપ જેવા અનંતગુણી અને રાગાદિ રોગરહિત મને મળ્યા પછી પણ મારામાં એ પાર વિનાના રાગાદિ રોગો પડ્યા રહે ? મારું પ્રભુ ! વૈદું કરો.' આમ વિનંતિ

કરતાં પછી લાગે કે પ્રભુ આપણી સાથે વાત કરે છે, આપણને કંઈક કહે છે. માત્ર અંતરમાં પ્રભુને આમ બોલતાં ધારતાં આવડવું જોઈએ.

પ્રશ્ન : આમાં એકાંતમાં વાત કેવી રીતે ?

ઉત્તર : 'એકાંતમાં' એટલે અંતર્ગત રીતે. આપણા અંતરમાં પ્રભુ બોલે એ કાંઈ બીજાને ખબર ન પડે; માટે એ એકાંતમાં વાત ગણાય.

આમ પ્રભુ સાથે એકાંતમાં વાત કરતાં કરતાં પ્રભુના **ગુણ ગોઠે પ્રગટે પ્રેમ** : પ્રભુને કહીએ કે આપની સાથેની વાતચીતમાં અમને આપના મહાન ગુણો જણાય અને એ ગુણો અમને ગોઠી જાય, ફાવી જાય. તો આપના પર અમને પ્રેમ પ્રગટે. ગુણવાન માણસ સાથે વાતચીત કરતાં આમ બને છે કે પહેલા આપણને ક્ષમા, દયા આદિ ગુણમાં ગોઠતું નહોતું તે હવે ગોઠવા માંડે છે. ને ગુણ-ગુણી પર પ્રેમ પ્રગટે છે. મહાવીર સ્વામીના સ્તવનમાં કહ્યું ને ? **'એમ અમે તુમ ગુણે ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે'** પ્રભુ ! અમે તમારા ગુણોમાં ગોઠશું, એનો એવો અમને રંગ ચડશે, કે એ રંગે તમારા ગુણોમાં અને તમારામાં પ્રેમથી રાચ્યા-માચ્યા રહીશું. એટલે પહેલાં ગુણોમાં ગોઠી જાય ફાવી જાય, પછી એ ગુણગુણવાન પર પ્રેમ પ્રગટે છે અથવા **ગુણ ગોઠે પ્રગટે પ્રેમ એટલે** ભગવાનની સાથે ગુણની ગોષ્ઠી કરવાથી ગુણોની વાતચીત કરવાથી આપણામાં 'પ્રગટે પ્રેમ' અર્થાત્ ગુણોનો આપણામાં પ્રેમ પ્રગટે છે. વ્યવહારમાં આવું બને છે. ગુણિયલના ગુણની વાતચીત કરતાં ગુણ પર પ્રેમ ઊભો થાય છે. એકવાર પ્રવચનમાં **ગુણસેન** અને **અગ્નિશર્મા**ની વાત કહી, ગુણસેનની ક્ષમા વર્ણવી એનો ઉદય બતાવ્યો. અગ્નિશર્માનો ગુસ્સો અને ફળમાં અનંતસંસાર વ્યાખ્યાન પૂરું થયા બાદ એક સ્થાનકવાસી ભાઈ આવીને કહે-સાહેબ ! મને તો ગુસ્સો બહુ આવે, હું ઘરનો વડેરો છું શેરબજારમાં મારું કાર્ડ ચાલે છે, છોકરો હોશિયાર છે તે પાકિસ્તાન કરાંચી જઈ વેપાર કરી આવે છે, કોલાબા પર મારો બંગલો છે, ઘરના બધા મારી અદબ બહુ જાળવે છે. એટલે જરાક કોઈની કાંક ભૂલ થતાં મારો પિત્તો ખસી જાય છે. મારે ક્રોધ બહુ કરવા જોઈએ છે, તો ગુરુજી જો ક્રોધથી અગ્નિશર્માને અનંત સંસાર તો ક્રોધથી મારું શું થશે ? કૃપા કરીને મારો ક્રોધ છોડાવો, મને ક્રોધ ન કરવાની બાધા જ આપી દો. 'મેં કહ્યું, ક્રોધ તો મનની વસ્તુ છે એ કાંઈક અનિષ્ટ બનતાં મનમાં એકાએક સ્ફુરી આવે ત્યાં બાધા શી રીતે પળશે ?

એ ભાઈ કહે તો સાહેબ ! મારે શું ક્રોધમાં ને ક્રોધમાં જ મરવું ?

મેં કહ્યું, 'ના. તમે એમ કરો, ક્રોધ બહાર પ્રગટ થઈ જાય તો અમુક દંડ ભરવો એવું રાખો' એમણે સીધો ઉપવાસનો જ દંડ રાખ્યો. મેં કહ્યું તમારે ગુસ્સાનો

સ્વભાવ છે તો કેટલા ઉપવાસ ભરશો ?

મને કહે ગુરુજી એમાં શું છે ? બે-ચાર ઉપવાસ ભરવા પડશે તો ક્રોધ ભુલાઈ જશે ! એમણે નિયમ લીધો અને પછી એકવાર ક્રોધ થઈ ગયો તો ઉપવાસ ભર્યો પણ પછી એની સુરકી એવી ચાલી; વાતે વાતે મનને થતું કે 'જીવડા ! ધ્યાન રાખજે, જો ક્રોધ કર્યો છે તો ઉપવાસ પડશે. એમાં વળી એકાદવાર ક્રોધ થઈ ગયો તો ઉપવાસ ભર્યો એવા ત્રણ-ચાર ઉપવાસ ભર્યા અને પછી તો લાઈન ક્લીયર, ક્રોધ બંધ થઈ ગયો.

ક્રોધ પર કાબુ આવી ગયો. આ કોને થાય ? જેણે ગુણિયલના ગુણની ગોષ્ઠી કરી એને. એમ ભગવાનનો ક્ષમાગુણ જાણ્યો ને ક્રોધ ખોટો લાગ્યો એને ગુણ ગોઠે પ્રગટે પ્રેમ. ભગવાન પર અને ભગવાનનાં ક્ષમાગુણ પર પ્રેમ જાગ્રત થાય, તેવાને એમ થાય કે 'શું મારે ક્રોધ કરી કરી મરવું ? હવે ક્ષમા જ કેળવવા દે. આ વિચારે ક્રોધ દૂર કરી શકાય.

પ્રભુગુણની ગોષ્ઠી કરવાથી-વાત કરવાથી હૈયામાં પ્રેમ આવે છે તે આ કે... 'હે પ્રભુ ! આપ અનંત સુખના ભોગી છો પણ ચતુર સુખભોગી છો. 'ચતુર' એટલે (૧) સેવકના દુઃખ સમજવામાં, (૨) સેવકની તીવ્ર ઇચ્છા સમજવામાં, (૩) સેવકની શક્તિ સમજવામાં, (૪) સેવકના સંયોગ સમજવામાં આપ ચતુર છો તેમજ હે પ્રભુ ! (૫) આપને બીજાના પણ સુખનો વિચાર છે, સ્વયં પોતાના જ સુખનો વિચાર કરે તે સ્વાર્થી એટલે 'મૂર્ખ' કહેવાય, 'ચતુર' ન કહેવાય. જેમકે મૂર્ખ સુખભોગી બાદશાહ માત્ર પોતાના સુખને જોતો પ્રજાના સુખ તરફ દુર્લક્ષ કરતો હતો. તેથી પ્રજા એને મૂર્ખ સમજતી, પ્રજામાં એની તેવી લોકપ્રિયતા નહોતી. પ્રજાને સુખી કરવાની શક્તિ અને સામગ્રી છતાં પ્રજાના સુખનો વિચાર ન કરે એ શું ચતુરાઈ છે ?

બેગમમુખો બાદશાહ :

એક બાદશાહ મહેલમાં જ રાતદિવસ બેગમનું મોઢું જોતો પડ્યો રહેતો. દિવાન ડાહ્યો હતો, એ બાદશાહને પ્રજા તરફથી વિનંતિ ઘણી કરે કે 'બાદશાહ નામદાર ! આપ સવારીએ નીકળો અને રાજ્યસભામાં પધારો અમને આપના દર્શન થાય અને આપ અમારા સુખ-દુઃખની વાત સાંભળો, ને આપના દિલમાં લો;' ત્યારે રાજાને બેગમના પ્યારમાં બહાર નીકળવું નથી, તેથી દિવાનને કહે 'તમે હોશિયાર છો. તમે જ બધું કામકાજ સંભાળો.' દિવાન ઘણું ઘણું સમજાવે છતાં રાજા બહાર જ નીકળતો નથી. એમાં એક પંડિતે બદાશાહને ઠેકાણે લાવવા માટે પ્રધાનને પોતે એક કિમિયો કરવાની વાત કરી. દિવાને સગવડ કરી, એટલે એણે

રાજાને મળવાનું ગોઠવ્યું...

રાજાના મહેલ પાસે જઈ રાજાને કહેવડાવ્યું કે, 'તમારા સાઢુભાઈ આવ્યા છે, તે તમને મળવા ઇચ્છે છે'. રાજા વિચારે છે, 'અરે ? મારો સાઢુભાઈ' ? બેગમને પૂછે, તારે કોઈ બેન તો નથી, તો પછી મારે સાઢુભાઈ શી રીતે' ? પંડિતને મહેલની અંદર રાજાએ બોલાવ્યો, મુલાકાત આપી. રાજા પૂછે, 'તમે મારા સાઢુભાઈ શી રીતે ?

પંડિતનો ક્રિમિયો :

પંડિત કહે, ''ખુદાની બે દીકરી છે, એક શ્રીમંતાઈ, બીજી ગરીબી. શ્રીમંતાઈ તમને પરણાવી; ગરીબી મને પરણાવી. તેથી આપણે બંને સાઢુભાઈ. આ સાઢુભાઈના નાતે તમને બહાર શું ચાલે છે તે કહેવા આવ્યો છું. બહારમાં આખી પ્રજા તમને ઝંખી રહી છે, તમારા માટે કેટલા લારા કરે છે, તમારા દર્શનને તલસે છે. તમે બહાર આવો ને પ્રજાને દર્શન આપો; તેમજ એના સુખ-દુઃખને સાંભળો, એના પર વિચાર કરો. બેગમ સાહેબના પ્રેમમાં પ્રજાને ન ભુલાય.

બેગમસાહેબ કાંઈ સર્વેસર્વા નથી, પ્રજા સર્વેસર્વા છે.

બેગમ છે તેથી કાંઈ તમે રાજા નથી, પણ પ્રજા છે તો તમે રાજા છો.

પ્રજા બિચારી તમારા દર્શન વિના દુઃખી છે, પીડાય છે; ત્યારે તમે મહેલમાં આરામ કરો છો ! આમ તમારું સારું નથી દેખાતું. મારા બાદશાહનું શું બહારમાં હલકું દેખાય ?''

- એમ બોલતાં બોલતાં એ રડી પડ્યો. રાજા પીગળી ગયો. પ્રજાને દર્શન આપવા અને પ્રજાના સુખ-દુઃખ સાંભળવા તૈયાર થઈ ગયો. એણે કહ્યું 'તમારી વાત બરાબર છે. જાઓ દિવાનને કહો, હું રાજસભામાં આવું છું'. બસ, પાસો પોબાર. એ પંડિત ઉપડ્યો દિવાન પાસે, જઈને દિવાનને કહે છે, "દિવાન સાહેબ ! ખુશ ખબર !''

દિવાન આશ્ચર્ય પામી કહે, "શું વાત કરે છે ?''

પંડિત કહે, "હાજી, મહેનત સફળ ! બાદશાહ સમજી ગયા છે અને પોતે રાજસભામાં આવે છે', - એમ તમને જણાવવા મને કહ્યું છે.'' દિવાને એને મોટું ઈનામ આપ્યું અને રાજાને લેવા જવા મોટું સામૈયું ચડાવ્યું. સામૈયા સાથે જ્યારે બાદશાહ નગરના રસ્તાઓ પરથી આવે છે, ત્યારે પ્રજા જોવા ઊમટી છે, અને 'જય હો ! જય હો ! નામદાર જહાંપનાહનો !... 'ધન્ય ધન્ય બાદશાહ પરવરદિગારને !' વગેરેના ગગનભેદી નાદ ગુંજી રહ્યા છે. પછી રાજસભામાં પહોંચી બાદશાહ જ્યાં કહે છે, 'આજે મારે સોનેરી દિવસ છે કે તમો સૌનાં મને

દર્શન મળ્યાં' ! બસ પછી તો બાદશાહ બેગમને ગૌણ કરી પ્રજાને મુખ્ય કરનારો બન્યો, પરદુઃખ ભંજન બન્યો. હવે એ ચતુર સુખભોગી કહેવાય. પહેલાં હતો એ મૂર્ખ સુખભોગી, જે માત્ર પોતાનું જ સુખ જોતો હતો.

પ્રભુ ચતુર સુખભોગી છે. એમને આપણે વિનંતિ કરીએ છીએ કે,

"આવો આવો ચતુર સુખભોગી ! કીજે વાત એકાંતે અભોગી !
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ."

પ્રભુના ગુણો ગોઠવાથી આપણા મનમાં પ્રેમ પ્રગટે છે; મનને પ્રભુના ગુણોમાં ફાવી જવાથી અને ગુણો અત્યંત ગ્રાહ્ય લાગવાથી ગુણો પર અને ગુણવાન પ્રભુ પર પારાવાર પ્રેમ ઊભો થાય છે.

અહીં 'એકાંતે' શબ્દને 'વાત' સાથે જોડી અર્થ કર્યો એકાંતમાં વાત કરો. હવે 'એકાંત' શબ્દને 'અભોગી' સાથે લગાડીએ, તો અર્થ એ થાય કે, "હે એકાંતે પરના અભોગી ! મારી સાથે વાત કરો." પરંતુ એમાં આપત્તિ એ છે કે 'પ્રભુ જો એકાંતે અભોગી એટલે કે પરના અભોગી અસંસક્ત છે, તો પ્રભુ સેવક સામે વાત કેમ કરશે ? કેમકે એમને તો સેવક પણ પર છે, અને પ્રભુ તો પરમાત્રના અભોગી છે. અર્થાત્ અસંસક્ત છે. એટલે પ્રશ્ન આ થાય,

પ્રશ્ન : પ્રભુ જો પરના એકાંતે અભોગી છે, તો પરની સાથે વાત કેવી રીતે કરે ?

ઉત્તર : 'પરના એકાંતે અભોગી' નો અર્થ એ છે કે પરની ઉપર કોઈ પણ જાતની આસક્તિ મમતા વગેરેથી સંબંધ નહિ કરનારા. એટલે જ "ભગવાન આપ સમવસરણ પર દેશના આપો છો એમાં એ શ્રોતા સાથે વાત જ કરો છો ને ? છતાં એ પરની સાથે આપ આસક્ત નથી ગણાતા. બસ, એ રીતે પ્રભુ ! મારા અંતરમાં આવીને વાત કરો. આપ અભોગી છો એટલે વાત પણ અ-ભોગના સમર્થનની જ કરશો, ને તેથી મને પણ એ અભોગીપણાના ગુણ પર પ્રેમ પ્રગટશે" ગુણની ગોષ્ઠી કરવાથી ગુણ પર પ્રેમ જાગે માટે મારી સાથે વાત કરો; કેમકે, પુદ્ગલના સુખની ગુલામીથી ત્રાસી ગયો છું. તેથી મારા મનને એમ થાય કે, 'મારા પ્રભુ પૌદ્ગલિક સુખના એકાંતે અભોગી શી રીતે બન્યા ? અને એમાં એ કેવાક મહાલતા હશે કે એમને હવે કદી અભોગી મટી ભોગી બનવાનું મન જ નહિ ! માટે લાવ, પ્રભુને મળી પૂછી લઉં તેથી પ્રભુ ! તમને વિનવું છું કે મારી સાથે વાત કરો; અને એમ વાત કરતાં મને આપના અનુપમ ગુણોમાં ગોઠી જશે, અને તેથી મને આપના ગુણો પર અને આપની ઉપર પ્રેમ પ્રગટશે. આ મારો પ્રેમ સેવક તરીકેનો હોવાથી સેવક અને સેવ્યની કેવી વિશેષતા હોય તે માટે કવિ કહે છે-

ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ મનના માન્યા;
આપે ફળ જે અણ કહે રે, ગિરુઓ સાહેબ તેહ; મનના ...૨

ભાવાર્થ : જે આસંગાયત છે એટલે કે આપના સંગને આધીન છે, આપના પર ઓશિયાળો છે, ગરજુ છે અને આપને વિનંતિ કરે છે, એને બોલવામાં મર્યાદા નથી રહેતી માટે એવો ભક્ત આપને ઓછું-અધિકું પણ કહે; પણ ગિરુઓ સાહેબ યાને મહાન સ્વામીની આ વડાઈ છે કે એને લક્ષમાં ન લે કિન્તુ કહ્યા વિના ફળ આપે.

વિવેચન : જે સેવક ગરજુ હોય અને ઓશિયાળો હોય તે સ્વામીને કહેવા બેસે ત્યારે ઓછું-વધતું બોલવા પાછળ એની બિચારાની સ્વામી પ્રત્યે આસંગાયતતા છે, એક શરણાધીનતા છે. સ્વામીને જ એક માત્ર શરણ માને છે. એટલ એ સ્વામીને ન કહે તો કોને કહે ? આવો શરણાગત પ્રેમી સેવક પ્રભુને કાંઈ ઓછું -વધતું કહી નાખે એ બનવા જોગ છે. તો પ્રભુ ! આપ એ મનમાં લેશો નહીં. બાળક મા-બાપને જ એક શરણભૂત માને છે, તેથી એ એમની આગળ ઓછું-અધિકું કહી નાખે છે પણ માબાપ તેને મન પર લેતા નથી, અને બાળકે નહિ માગેલું કેટલું ય એને દઈ દે છે. તેમ આપ પણ મારું કહ્યું મન પર નહીં લેતાં મારા વગર માગ્યે મને સેવા ફળ દઈ દેજો. મહાન પુરુષ તે છે કે જે **'આપે ફળ અણ કહ્યો રે.'** જેમકે, ગરજુ રોગી ડૉક્ટર પાસે પોતાના રોગને ભયંકર સમજી બેચાર ગણો વધારે કરીને કહે છે; પણ હાં, જો રોગીને કડક પથ્ય નહિ પણ મનમાન્યા ખાનપાનની છૂટ જોઈતી હશે તો રોગ હોય તેના કરતાં ઓછો કહેશે. છતાં સારો વૈદ્ય **'અણ કહ્યે'** અર્થાત્ રોગીના કહેવા પર ધ્યાન ન દેતાં, રોગીની કલ્પના બહારના ય સારા યોગ્ય દવા-ઉપચાર કરે છે. તેમ હું માનું છું કે મને આપ વગર કહ્યે ફળ આપશો. અહીં પ્રશ્ન થાય,

પ્રશ્ન : જો સેવકને વિશ્વાસ છે કે પ્રભુ વણમાગ્યે સારું સેવાફળ આપે જ છે, તો પ્રભુને પ્રાર્થનામાં ઓછું-અધિકું કહેવાની જરૂર જ શી ? તેમજ પ્રભુના ઓશિયાળા બનવાની પણ જરૂર શી ?

ઉત્તર : પ્રભુને કહેવાની અર્થાત્ પ્રાર્થના કરવાની જરૂર એટલા માટે રહે છે કે જો વસ્તુની ખરેખરી તીવ્ર આશંસા અભિલાષા હોય તો જેની પાસેથી એ મળે તેમ હોય એની પ્રાર્થના કર્યા વિના રહેવાતું નથી. ઓશીયાળાપણું આ રીતે, કે વીતરાગ પ્રભુની વૈરાગ્યની દેશનાથી મન વૈરાગ્ય તરફ વળે, પછી પ્રભુને આ રીતે પ્રાર્થના કરાય કે,

"પ્રભુ ! આપની વિરાગિતાની વાતથી વિરાગિતાનો હું પ્રેમી બનેલો એવો હું જોઉં છું કે આ જગતમાં તમારા સિવાય બીજો કોઈ એવો વૈરાગ્ય અને એવી અનાસક્તિ પમાડનાર નથી. ને રાગાદિની વિટંબણાથી બચાવનાર નથી; તેથી હું તમારો ઓશિયાળો તમારો ગરજુ બનેલો છું, જેથી તમારી આગળ પ્રાર્થના કરતાં ઓછું-વધતું બોલી નાખું છું; પરંતુ તમે મોટા પુરુષ છો, ઉદાર છો. તેથી એના પર ધ્યાન ન દેતાં, મારે જે જરૂરી છે તે મારા વણમાગ્યે અવશ્ય દઈ દેશો, એવો મને વિશ્વાસ છે. સારો વૈદ્ય રોગીના ઓછા-અધિકા બોલ સામે ન જોતાં, તેમજ રોગીના વગર કહ્યે પોતાને યોગ્ય લાગે તે દવા-ઉપચાર કરે જ છે."

વાત આ છે કે આ ગાથામાં પૂર્વાર્ધ-ઉત્તરાર્ધમાં સેવ્ય અને સેવક વચ્ચે આ તફાવત બતાવ્યો છે કે સેવકની આ ખાસિયત છે કે એ સેવ્યની આગળ પ્રાર્થના કરતાં ઓછું વધતું કેટલું ય બોલી નાખે છે. ત્યારે સેવ્ય પ્રભુની આ વિશેષતા છે કે એ બોલવા કરતાં કાર્ય જ કરવા તરફ રુચિવાળા હોય છે. એમાં પછી સામાની પ્રાર્થનાની ય અપેક્ષા રાખતા નથી અને વગર માગ્યે સેવકનું ન ધાર્યું કામ કરી દે છે ! માટે જ પ્રભુ મોટા ગરીબ-નિવાજ કહેવાય છે, મહાન દુલા સ્વામી ગણાય છે. અહીં રોગી અને સારા વૈદ્ય ડૉક્ટરનું દૃષ્ટાંત બરાબર ધ્યાન પર લેવા જેવું છે.

રોગી-વૈદ્યનું દૃષ્ટાન્ત :

રોગી ને સારા વૈદ્ય ડૉક્ટરની કેવી સ્થિતિ હોય છે ? રોગી જો કુપથ્યનો લાલચુ હોય તો પોતાનો રોગ ઓછો બતાવશે જેથી ડૉક્ટર મનમાન્યું ખાવા પર અંકુશ ન મૂકે; ને રોગીને જો પથ્યની કઠિણાઈ વેઠીને પણ ઝટપટ રોગ સારો કરવા તરફ લક્ષ હશે તો પોતાનો રોગ વધારી વધારીને કહેશે; પણ સમજુ ડૉક્ટર તો તેને યોગ્ય જ ઔષધ ઉપચાર કરે છે. એ દરદીને ખ્યાલ ન હોય એવો રોગ પરખી ડૉક્ટર એની દવા આપે છે.

સમજુ ઈરાની ડૉક્ટર :

મુંબઈમાં ઈરાની ડૉક્ટર હતો. તેની પાસે આવનારા દર્દી જલદી સાજા થઈ જવા માટે, ને ડૉક્ટર ઝડપી ઉપચાર કરે તે માટે, દર્દ વધારીને બે ત્રણગણું કહે; અથવા 'દર્દ વધારે કહીશ તો ડૉક્ટર ખાવા પીવાનું બંધ કરાવશે.' એમ ખાવાની લાલસાએ દર્દ ઓછું પણ કહે; પરંતુ ઈરાની ડૉક્ટર પોતાના હિસાબે જ દવા આપે, ન ઓછી ન વધારે.

અમારા સંસારીપણે **માતાના મામા** વાત કરતા હતા કે 'એકવાર મને શરદી - ખાંસી થઈ આવી, તે એ ઈરાની ડૉક્ટર પાસે ગયો. ડૉક્ટરને શરીર બતાવી ખૂબ શરદી ને ખાંસીની વાત કરી. ડૉક્ટરે પૂછ્યું 'છોકરા ! રાત્રે ઓઢીને સૂતેલો ?'

મેં કહ્યું, 'ના, ગરમી લાગતી હતી, તેથી ઓઢ્યું નહોતું.' ડૉક્ટર સમજી ગયો કે 'આને પાછલી રાત્રે પરસેવા પર ઠંડા પવનથી શરીરમાં શરદી પેસી ગઈ છે.'

ડૉક્ટર મને કહે કે, "જા છોકરા, બજારમાંથી ચાર આનાનો ગરમ રૂમાલ લઈ લેજે. (એ વખત તે સસ્તીવારી એટલે ચાર આનામાં ગરમ રૂમાલ મળતો) અને માથે બાંધી દેજે. કાન ને ગળું ઢંકાઈ જાય એમ બાંધી દેજે.

મેં કહ્યું, "પણ ડૉક્ટર ! મને દવા તો આપો. મને કેટલી બધી શરદી ને ખાંસી છે ? દવા વિના મટશે ?"

મને ડૉક્ટર કહે, "છોકરા ! તારી પાસે પૈસા વધારે છે ? લાવ મફતિયા મૂકવા હોય તો અહીં મૂકી દે ટેબલ પર. ગરમ રૂમાલથી તારી શરદી મટી જશે, ન મટે તો આવજે મારી પાસે, મફત દવા લઈ જજે." ખરેખર બન્યું એવું; બજારમાંથી ગરમ રૂમાલ લઈ માથું કાન ગળું બાંધી દીધા. સાંજે શરદી મટી ગઈ !

દરદી પોતાનો રોગ ઓછો વધતો કહે, પરંતુ મોટા મનનો ડૉક્ટર તો એવો ન ધાર્યો ઉપચાર આપે છે કે દરદ મટી જાય.

કવિ કહે છે, 'પ્રભુ ! તમે આવા મોટા મનના માણસ મારા ઓછા વત્તા કહ્યા પર ન જોતાં, મોટું દિલ રાખી મને કલ્પનાતીત ફળ આપી દેજો.' પૂછો, -

પ્રભુ ક્યારે આપે ? :

પ્રશ્ન : તે પ્રભુ એમ આપી દે ?

ઉત્તર : હા, શરત એટલી કે આપણો કેસ આપણે પૂરેપૂરી શ્રદ્ધાથી પ્રભુને સોંપી દેવો જોઈએ. અવસરે તેવા હોશિયાર વૈદ્ય-ડૉક્ટરને કેસ સોંપી દો છો ને ? ને રોગ મટી જાય છે ને ? એમ પ્રભુને આપણો કેસ સોંપી દઈએ તો કામ પતી જાય, કેમકે આપણે સંસારના એવા મહા રોગવાળા છીએ કે જેમાં અવાંતર ઘણા રોગો **(Complications)** છે, અને પ્રભુ એના **M.D.F.R.C.S.** છે. કહો, ધન્વંતરી વૈદ્ય છે. પૂછો,

પ્રશ્ન : પરંતુ અસાધ્ય રોહ હોય તો ય મટાડે ?

ઉત્તર : સમજી રાખો, **પ્રભુના શરણે જવાનું જેને મન થાય એનો સંસારરોગ અસાધ્ય હોતો જ નથી.**

એનો સંસારરોગ મટે જ છે. બસ, વાત આ છે કે પ્રભુને શ્રદ્ધાથી તમારો કેસ સોંપી દો.

વિલાયતમાં એક **વિધવા બાઈનો છોકરો** યુદ્ધમાં માર ખાઈને આવ્યો. બાઈ ભારે રોતી હતી. ગામના લોકોએ ભેગા થઈ ચર્ચ (દેવળ)માં જઈ ઘુંટણીએ પડી પ્રભુને પ્રાર્થના કરી,

"હે પ્રભુ ! આ બિચારી ગરીબ વિધવાબાઈના છોકરાને સારું કરી દેજો. તું જગત દયાળુ છે, આખા જગતનું ભલું કરનારો છે. અમને પાકો વિશ્વાસ છે કે તું સારું કરી જ દેશે."

દિલદર્દ અને શ્રદ્ધાથી આ પ્રાર્થના કરી; એમાં શું કર્યું ? છોકરાનો અને બાઈનો કેસ ભગવાનને સોંપી દીધો. તમને કદાચ આશ્ચર્ય લાગશે પરંતુ છોકરાને ત્યારથી વળતા પાણી થયા, ઘા-બા મટી જઈ યુવાન સાજો સારો થઈ ગયો.

પ્રભુની પ્રાર્થના શું કામ કરે છે ! આપણને એની ગમ નથી માટે પ્રભુને વળગવાને બદલે આડાઅવળા ઉપાયો કરીએ છીએ. શું આપણા શાસ્ત્રો નથી કહેતા,

'દેશ વિદેશે કાંઈ ભમીજે ? પ્રહ ઊઠી ગૌતમનામ સમરીજે.'

ભગવાન કેમ ફળતા નથી ? :

(૧) કાં તો આપણામાં ભગવાન યા ભગવંત-શક્તિ ન માનવાની નાસ્તિકતા છે કે 'ભગવાન વળી કોણ છે ? ભગવાન વળી શું કરી શકે ?' અથવા

(૨) 'આપણામાં અભિમાન છે કે મારા પુરુષાર્થથી જ ધાર્યું થઈ શકશે.' અથવા

(૩) આપણને ખોટો ભય છે કે 'ભગવાન પાસે સંસારનું કાંઈ માગું તો મારે નરકમાં જવું પડે !'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૨૯,તા.૪-૪-૧૯૮૭

આ ત્રણમાંનું કોઈપણ કારણ આપણને ભગવાન અચિંત્ય પ્રભાવવાળા મળ્યા છતાં આપણે અભાગિયા બની ભગવાનને વાતે વાતે આગળ કરતા નથી. નહિતર ગણધર ભગવાન જે 'જયવીયરાય' સૂત્રમાં મંગાવે છે', 'હોઉ મમં તુહપ્પભાવઓ ઈઠ્ઠ ફલ સિદ્ધિ', ''હે ભગવાન ! મારે તમારા (અચિંત્ય) પ્રભાવથી ઈષ્ટ કાર્યની સિદ્ધિ હો,'' એને લક્ષમાં ન લઈએ ? પણ મોહમૂઢતા આને દિલમાં જચવા જ ન દે. ઉપરથી મોઢે ઊંધા બોલ બોલાવે કે 'જો ધર્મ કરીને સંસારનું કાંઈ માંગશો તો તે ધર્મ તમારો અધર્મ કરતાં ય ભૂંડો બનશે ! ને દુર્ગતિઓમાં તમને રીબાવી રીબાવીને મારશે !' નાસ્તિકનો બાપ પણ આવા બોલ ન બોલે.

નાસ્તિક ધર્મ માનતો જ નથી, એટલે ધર્મથી કશું નીપજવાનું જ માનતો નથી; પછી ધર્મથી નુકસાન થવાનું ય શાનો માને ? એ તો એટલું જ કહે "ધર્મ હંબગ છે, ધર્મની મહેનત કરો એ નિષ્ફળ છે, ધર્મ કરો એટલા તમે સંસાર-સુખ ગુમાવો. તપ કરો તો સારું સારું ખાવાનું ટળે. દાન કરો તો એટલા પૈસાથી થતી સંસારની લહેર ગુમાવો..." નાસ્તિકનો બાપ પણ આટલું જ કહે. પણ એમ ન કહે, કે

"સંસારના કાર્ય માટે તમે તપ કરો તો એ તપધર્મ અધર્મથી ભૂંડો અને એ દુર્ગતિના પાપ બંધાવે !" ત્યારે આ તો એમ કહે છે. "સંસારના કાર્ય માટે ધર્મ કરો તો એ તપ વગેરે ધર્મ માલમેવાના ખાનપાન વગેરે અધર્મ કરતાં ય ભૂંડો, ને એ દુર્ગતિઓમાં રીબાવી-રીબાવીને મારે !" છે અક્કલ ? આવું કહેનારાઓને કોણ પૂછે કે,

'જો સંસારના કાર્ય માટે ધર્મ ન કરાય, તો શું પાપ કરાય ?'

સંસારના કાર્ય માટે અરિહંત ભગવાનને ન મનાય ન પૂજાય, તો શું મેલા દેવદેવીને મનાય, પૂજાય ? અને એથી શું સદ્ગતિનાં સુખ મળે ? વાત આ છે કે,

'અરિહંતનો સેવક કેવો હોય ? એને અરિહંતદેવ પર એટલું બધું ઊછળતું બહુમાન હોય કે એ વાતે વાતે અરિહંત પ્રભુને જ યાદ કરનારો અને અરિહંત પ્રભુને જ આગળ કરનારો હોય. પરંતુ પ્રભુના સ્મરણ વિનાનો ન હોય; પ્રભુને આગળ કર્યા વિના રહેનારો ન હોય.' આ જો માન્ય નથી, તો શું એ મિથ્યા દેવદેવીનું સ્મરણ કરનારો હોય ? યા એમને આગળ કરનારો હોય ? દા.ત., સવારે જાગ્યો કે તરત દિવસ મંગળમય જાય એ માટે જો નવકાર ન ગણે, તો શું એ મિથ્યા દેવનાં નામ કે મંત્ર યાદ કરે ? કે નાસ્તિકની જેમ ભગવાનને યાદ જ ન કરે ? ધર્મ જો મોક્ષ માટે જ થાય, ને મંગળમય ને સુખમય દિવસ માટે ધર્મ ન જ થઈ શકતો હોય, તો એ માટે શું પાપાચરણ જ કરવા પડે ? વેપારમાં ભીડ આવીને આબરૂ જાય એવી છે, તો ભીડ ટાળવા જરૂરી પૈસા માટે અરિહંત ભગવાન પાસે ન જવાય ? તો શું ઘંટાકર્ણ પાસે જવાય ? ત્યાં જો ભગવાન પાસે જઈ પૂજા કરી ભીડ ટાળવાનું માગે, ભીડ ટાળવા પૈસા માગે, તો શું એ જિનપૂજા અને પ્રાર્થનાધર્મ સંસાર-વિલાસના અધર્મ કરતાં ભૂંડો ? ને શું એ જિનપૂજાદિ ધર્મ દુર્ગતિઓમાં રીબાવી-રીબાવીને મારે ?

આ બધી ભ્રમણા છે, 'ધર્મ મોક્ષના હેતુ સિવાય થઈ જ ન શકે' એવા પોતાના મનમાન્યા ઘડી કાઢેલા મિથ્યા સિદ્ધાન્તને પકડી રાખવા આવા ધર્મને અધર્મ કરતાં ભૂંડો કહેવાની ને ધર્મને દુર્ગતિદાયી કહેવાની મિથ્યા પ્રરૂપણા કરાય છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૮૭

એમાં તો એવું થાય કે માત્ર લોકલાજે શીલ પાળનારી બાઈઓના શીલને વેશ્યા-કુલટાઓના કુશીલ-અધર્મ કરતાંય ભૂંડું કહેવાની આપત્તિ આવે, ધારો કે બાર વ્રતધારી શ્રાવક કોઈ અનાડી પાડોશી સાથેના સંબંધમાં કોરટના લફરામાં ફસાઈ ગયો, તો શું કરે ? કોરટમાં જીત મેળવી પોતાની આબરૂ જાળવવા જિનેન્દ્ર-

ભક્તિ-પૂજા વધારે તો શું એ એના પૂજાધર્મના રંગવિલાસ અને હિંસાદિ પાપો કરતાં ભૂંડો ગણવો ?

ખરી વાત એ છે કે શાસ્ત્રો ગૃહસ્થને ધર્મપ્રધાન જીવન જીવવાનું કહે છે. એનો અર્થ જ એ છે કે પોતાના સાંસારિક જીવનમાં એ ઠામ ઠામ ધર્મને સ્થાન આપનારો હોય એટલે. દા.ત., શરીરને તાવ વગેરે કોઈ બિમારી આવી તો એ વૈદ્ય-ડૉક્ટરને કે દવાને પછી પકડે, પણ ધર્મને પહેલો પકડે. શાના માટે ? આરોગ્યના સાંસારિક કાર્ય માટે. પૈસા માટે દુકાન પછી ખોલે ને વેપાર પછી શરૂ કરે.પરંતુ નવકાર સ્મરણ, ગૌતમનામ સ્મરણ વગેરે ધર્મ પહેલો કરે. શા માટે ? વેપારમાં સફળતા યાને ધન કમાઈ માટે. અહીં આ બધે સાંસારિક કાર્ય માટે નવકાર-સ્મરણાદિ ધર્મ કર્યો છે, તો શું એ ધર્મ અનીતિ-અસત્યાદિ અધર્મથી ભૂંડો ? શું એ દુર્ગતિમાં રીબાઈ રીબાઈને મારે ? **ધર્મસંગ્રહ શ્રાદ્ધવિધિ વગેરે શાસ્ત્રો આ ફરમાવે છે કે, ''સમુદિત ક્રયવિક્રય કરવો હોય ત્યાં શ્રાવક સફળતા માટે પરમેષ્ઠિમંત્ર ગણે, ગૌતમનામ સ્મરે અને દેવગુરુને ભેટણું કરે. કેમકે સર્વત્ર સફળતા ધર્મને પ્રધાન કરવાથી જ મળે''** અહીં શાસ્ત્રે શું કહ્યું ? વેપારમાં સફળતા એટલે કે સાંસારિક કાર્ય માટે ધર્મ કરવાનું કહ્યું.

વાત આ છે કે **ભગવાનને પ્રાર્થના કરવાથી કાર્યસિદ્ધિ થાય છે.** (૧) નાસ્તિકને આ માન્ય નથી એટલે એ પ્રભુને પ્રાર્થના કરતો નથી. (૨) અભિમાનીને પ્રાર્થનાના મહત્ત્વ કરતાં પોતાના પુરુષાર્થનું મહત્ત્વ દેખાય છે તેથી એ પ્રભુને પ્રાર્થના કરતો નથી અને (૩) અસત્ પ્રરૂપણાથી ભ્રમિત થયેલાને સાંસારિક કાર્ય માટે કરાતી પ્રભુ પ્રાર્થનાનો ધર્મ અધર્મથી ભૂંડો અને દુર્ગતિદાયી દેખાય છે તેથી એ પ્રભુને આવી પ્રાર્થના કરતો નથી. આ ત્રણેય જણ અજ્ઞાની છે, ત્યારે મહાન જ્ઞાની **ઉપાધ્યાય યશોવિજયજી** મહારાજ અહીં **ચંદ્રપ્રભ સ્વામીને** પ્રાર્થના કરે છે, **'આપે ફળ જે અણ કહ્યો રે, ગિરુઓ સાહિબ તેહ.'** અર્થાત્ મોટો સ્વામી તે છે કે જે વગર માગ્યે સેવાફળ આપે છે. આપ મારા મોટા સ્વામી છો, તેથી મને વિશ્વાસ છે કે આપ મારું ઈષ્ટ સિદ્ધ કરી આપશો જ.'

આપણને આપણો કેસ ભગવાનને સોંપતાં પૂરો વિશ્વાસ જોઈએ.

રાજસ્થાનીની પ્રભુને પ્રાર્થના :

મહારાષ્ટ્રમાં એક મારવાડના, રાજસ્થાનના શ્રાવક મને મળ્યા. એ કહે, 'સાહેબ ! મારે બે દીકરીઓ; તે એમને ચારિત્રમાર્ગે ચડાવવા માટે સાધ્વીજીના સંપર્કમાં મૂકી. એમાં એકને તો વૈરાગ્ય-ભાવના સારી પુષ્ટ થઈ, એટલે ચારિત્ર લેવા તૈયાર થઈ, તો એને ચારિત્ર અપાવ્યું. પરંતુ બીજી અલબત સાધ્વીજીના સંપર્કથી

ધર્મના સારા સંસ્કાર પામી, પરંતુ એનો ચારિત્ર લેવાનો વીર્યોલ્લાસ જાગ્યો નહિ, તેથી પરણાવી દેવાની ચિંતા મને રહી. હું કાંઈ મોટો લખપતી નહિ અને અમારે મારવાડમાં મોટું કરિયાવર દેખાડીએ તો કન્યાનો ઉમેદવાર મળે, એટલે મને મુંઝવણ હતી કે શું કરવું ? મારે કોઈ શ્રીમંતની દાઢીએ લોન માટે હાથ ઘાલવાનો મોખ નહોતો કે હું એની ચાપલુસી કરું; તેથી મેં તો પ્રભુને પ્રાર્થના કરવાનું કર્યું કે,'

દીકરીને વરાવી દેવા પ્રભુને પ્રાર્થના :

"પ્રભુ ! હું તમારો ભક્ત છું, તમારી નિત્ય ભક્તિ કરું છું, ને આમંત્રણ મળે ત્યાં શુદ્ધ સેવાભાવથી પૂજાઓ ભણાવવા પણ જાઉં છું. મારે હવે દીકરીને ઠેકાણે પાડવાની ચિંતા ઊભી થઈ છે. હું કાંઈ શ્રીમંત નથી કે એ માટે મોટો ખર્ચ કરી શકું. તો એ માટે પ્રભુ ! હું કોઈ શ્રીમંતની ચાપલુસી કરવા ક્યાં જાઉં ? હું તો તમારા જ આશરે બેઠો છું. મારી દીકરીની ચિંતા તમારે જ કરવાની છે."

આમ મેં પ્રભુને રોજ ને રોજ પ્રાર્થના કરવા માંડી. એનો પ્રભાવ એવો પડ્યો કે આશ્ચર્ય થયું કે સામાન્ય રીતે તો દીકરીવાળાએ સામેથી કોઈ ઉમેદવાર કે એના વડીલ આગળ માગું મૂકવું પડે, એના બદલે મારે તો ઉમેદવારનું સામેથી મારી કન્યા માટે માગું આવ્યું ! ઉમેદવાર સારો ગુણિયલ અને ધર્મી જીવ હતો એણે કોઈ કરિયાવરની અપેક્ષા રાખી નહિ. એટલે મેં સ્વીકારી લીધું અને મારા ગજા પ્રમાણે ખર્ચ કરી દીકરીના લગ્ન પતાવ્યા.

આ પ્રસંગ પરથી હવે ભડકશો નહિ કે, 'હેં, ભગવાન પાસે દીકરીનો ઉમેદવાર મંગાય ?' જો ભગવાન પાસે ન માંગે તો શું દેવી-દેવતા પાસે માગે ? યા શું પ્રભુ પાસે માગવાથી મળે ? આ પ્રસંગમાં ભક્ત શ્રાવકે માગ્યો ને મળ્યો એ હકીકત છે, તો શું એની પૂજા-ભક્તિનો ધર્મ હિંસાદિ અધર્મ કરતાં ભૂંડો ? બિલકુલ ભૂંડો નહિ. તો શું એ માગનારો હવે દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરશે ? જરાય નહિ. જૈન ધર્મનો મર્મ સમજો.

જૈન ધર્મનો મર્મ આ છે, 'જીવનમાં જિનેશ્વર ભગવાન અને એમની ભક્તિ વગેરે ધર્મને મુખ્ય કરો.' પૂછો,

પ્રશ્ન : તો શું મોક્ષ મુખ્ય નહિ ?

ઉત્તર : ધર્મ વિના મોક્ષ મળે ? ના, ધર્મથી જ મોક્ષ મળે તો જીવનભર આચરવાનું શું ? મોક્ષ આચરવાનો કે ધર્મ ? જીવન એટલે જીવવું. જીવવું એટલે કાંઈ ને કાંઈ કરવાનું. શું કરવાનું ? ધર્મ કરવાનો ? કે મોક્ષ કરવાનો ? મોક્ષ તો સાધ્ય છે સાધવાનું આચરવાનું સાધન નથી. ધર્મ એ સાધવાની આચરવાની વસ્તુ છે, તે પણ જીવનભર આચરવાની વસ્તુ છે માટે મુખ્ય તો ધર્મ છે તેથી શાસ્ત્રકારો

કહે છે, **''धर्मार्थकाम मोक्षाणां धर्म एव प्रधानम्''** વળી અર્થ કામ અને મોક્ષ ત્રણેયનું સાધન ધર્મ છે તેથી પણ ધર્મ મુખ્ય છે. પ્રશ્ન થાય,

પ્રશ્ન : ધર્મ મુખ્ય ખરો, પરંતુ અર્થ અને કામની ખાતર ધર્મ કરાય ?

ઉત્તર : અર્થ અને કામની ખાતર જો ધર્મ ન કરાય તો અર્થ અને કામની ખાતર શું હિંસાદિ અને વિષય વિલાસાદિ પાપો કરાય ? આ કયા શાસ્ત્રમાં લખ્યું છે કે અર્થ કામ ખાતર હિંસાદિ પાપો કરવા ? એથી ઊલટું ધર્મ કરવાનું લખ્યું છે. જુઓ **ધર્મબિંદુ શાસ્ત્ર** શું કહે છે ?

'धनदो धनार्थिनां प्रोक्तः'

અર્થાત્ ધનના અર્થીઓ માટે (જ્ઞાની તીર્થંકર ભગવંતોએ) ધર્મ કરવાનું કહ્યું છે. જ્ઞાનીઓ કહે છે તમે ધન ઇચ્છો છો ? તો એ માટે હિંસાદિ ક્રોધાદિ અને વિષયવિલાસાદિ પાપો છોડો અને ધર્મ કરો. ધુરંધર આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જેવા જ્યારે ધર્મબિંદુ શાસ્ત્રમાં આ પ્રમાણે કહે છે કે, 'તમે ધનના અર્થી હો;' તમને ધનની ઇચ્છા હોય તો ધન માટે ધર્મ કરો (પાપ નહિ) ત્યારે આપણે એમના કરતાં વધારે ડાહ્યા કે આપણે એમ કહીએ કે ''મોક્ષ સિવાય બીજા કોઈ હેતુથી ધર્મ ન થાય ! સંસારના કાર્ય માટે ધર્મ ન થાય.'' આવું-આવું બોલતાં વિચાર નથી કે શાસ્ત્રે ધર્મનાં ફળમાં એકલો મોક્ષ નહિ, પણ સંસારના અનેક ફળ પણ કહ્યાં છે. તો તમે કહેશો,

પ્રશ્ન : શાસ્ત્રમાં મોક્ષ સિવાય બીજા ફળ કહ્યા છે તે ધર્મનો મહિમા બતાવવા કહ્યા છે. પરંતુ એ ફળો કાંઈ મંગાય નહિ. કેમકે માગીએ તો પછી દુર્ગતિઓમાં ભટકવું પડે એવું નહિ ?

ઉત્તર : ના, જો એવું હોત તો ધર્મબિંદુમાં ધનાર્થિઓને ધર્મ કરવાનું કહ્યું છે તે ન કહેત, 'ધનાર્થિનાં ધનદો ધર્મ' કહ્યું એનો અર્થ જ આ છે કે તમે ધનના અર્થી છો ? તો તમે ધર્મ કરો, ધર્મ ધન આપશે. -''જો એમ કહીએ કે ધન આદિ સાંસારિક વસ્તુ માટે ધર્મ કરાય જ નહિ, કરીએ તો દુર્ગતિમાં રખડી જવાનું થાય'' જો આમ કહીએ તો, તો પછી **શ્રીપાળકુમારે** આફત ટાળવા નવપદ યાદ કર્યા, એ નવપદ સ્મરણરૂપ ધર્મ કરવાથી પછીથી દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મર્યા હોત.

દમયંતીએ બીજીવારના સ્વયંવરમાં સામે નળના પાંચ રૂપ દેખ્યા. મુંઝવણ થઈ કે પાંચમાંથી કોના ગળામાં વરમાળા આરોપવી ? ત્યાં એણે નવકાર અને અરિહંત સ્મરણરૂપ ધર્મ કર્યો. શા માટે કર્યો ? સાચા નળરૂપ વરને માળા આરોપી પરણવા માટે ! તો શું એથી એ પછીથી દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરી ?

મહાવીર પ્રભુની મહાન **સુલસા** શ્રાવિકાએ પુત્ર પ્રાપ્તિ માટે ધર્મ વધાર્યો, તો શું

એથી એ પછીથી દુર્ગતિઓમાં રખડી પડી ? કે એ તો હવે પછી તીર્થંકર થનાર છે ?

આચાર્ય ભગવાન **માનતુંગસૂરિજીએ** બેડીઓ તોડવા 'ભક્તામર-સ્તોત્ર' - રચના રૂપી અરિહંત-ભક્તિનો ધર્મ કર્યો, તો શું એ દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરવાના ?

ગામ-પરગામ જતી વખતે ત્યાં કુશળ-મંગળ થાય, એ માટે નવકાર ગણો, ગૌતમસ્વામીને યાદ કરો, તો શું એથી દુર્ગતિઓમાં ભટકવું પડશે ?

'અજિત શાંતિ' સ્તવનમાં

"પુરિસા ! જઈ દુક્ખવારણં, જઈય વિમગ્ગહ સુક્ખકારણં;"

અજિઅં સંતિ ચ ભાવઓ, અભયકરે સરણં પવજ્જહા...."

ગાથામાં કહ્યું, "હે મનુષ્યો ! જો દુઃખનું વારણ અને સુખનું સંપાદન ઇચ્છતા હો, તો અજિતનાથ અને શાંતિનાથ પ્રભુનું શરણ સ્વીકારો" આમાં 'દુઃખવારણ' એટલે કે કોઈપણ દુઃખનું વારણ અને 'સુખસંપાદન' એટલે માત્ર મોક્ષસુખ જ નહિ, કિન્તુ સંસારસુખ પણ લીધું, તો શું એ માટે અજિતશાંતિનું શરણ લેવાય તો દુર્ગતિઓમાં ભટકવું પડે !

વળી છેલ્લી ગાથામાં કહ્યું,

"જઈ ઇચ્છહ પરમપયં, અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે;

તા તેલુક્કુદ્ધરણે, જિણવયણે આયરં કુણહ."

અર્થાત્ જો પરમપદ મોક્ષ ઇચ્છતા હો અથવા જગતમાં સુવિસ્તૃત કીર્તિ ઇચ્છતા હો, તો જિનવચન (જિનોક્તધર્મ)ને વિષે પ્રયત્ન કરો. આમ સંસારની વસ્તુ કીર્તિ માટે ધર્મ કરવાનું કહ્યું ! તે શું જીવોને દુર્ગતિઓમાં રીબાવી મારવા કહ્યું ? અને એમ જિનોક્ત ધર્મ કરીને જીવો કીર્તિ તો મેળવશે પણ શું એથી એ દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરશે ?

આનંદઘનજી મહારાજે 'શ્રી ચંદ્રપ્રભસ્વામિ'ના સ્તવનમાં ગાયું,

"કામિત પૂરણ સૂરતરુ, આનંદઘનપ્રભુ પાય;

સખી મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ...."

'આનંદઘન એવા શ્રી ચંદ્રપ્રભસ્વામીના ચરણકમળ (સકલ) કામિતને ઇચ્છિતને પૂરનારા સુરતરુ કલ્પવૃક્ષ છે,' એમ કહ્યું. આમાં એમ નથી કહ્યું કે, 'કામિત' એટલે 'માત્ર મોક્ષ' સામાન્યથી 'કામિત' કહ્યું એટલે કે કોઈપણ ઇચ્છિત અર્થાત્ સંસારનાં કાર્ય સંસારની વસ્તુ ઇચ્છિત હોય, તો એને પણ પૂરનારા પ્રભુ છે. આમ 'કામિત' શબ્દથી એ સૂચવ્યું કે 'તમારે સાંસારિક વસ્તુની પણ કામના હોય, તો ય સમજી રાખો કે એને પૂરનાર અરિહંત પ્રભુ છે. માટે પ્રભુને ભજો.' શું આમાં કવિએ

લૌકિક કામનાથી પણ પ્રભુસેવા કરવાનું ન કહ્યું ? ત્યારે અહીં ખોટા ખોટા પ્રશ્ન કરવામાં આવે છે કે,

પ્રશ્ન : પણ આમ સાંસારિક વસ્તુ માટે ભગવાન ભજી શકાતા હોય તો, તો ભગવાન પાસે જીવ સાંસારિક લૌકિક વસ્તુ માગ-માગ કરતો રહેવાનો, ને એમ માગ-માગ કરે તો લાલચુ ન થઈ જાય ?

ઉત્તર : આ પ્રશ્ન જ ખોટો છે. ખોટો એટલા માટે છે કે અહીં એ કોઈ વિચારણા જ નથી કે, ''ધર્મ કરીને ધર્મ પાસે કે ભગવાન પાસે શું માગવું ? મોક્ષ માગવો ? કે સંસાર સુખ ?'' આવું કાંઈ જો ભગવાન પાસે માગવાની જ વિચારણા નથી, તો ભગવાન પાસે માગ-માગ કરવાની વાત જ ક્યાં રહી ?

અહીં વિચારણા તો આ છે કે, 'સાંસારિક કાર્ય માટે આશરો ધર્મનો લે ? કે પાપનો ? આશરો અરિહંત પ્રભુનો લે ? કે મિથ્યા દેવી-દેવતાનો ?' જો કહીએ કે 'ધર્મનો જ આશરો લે, અરિહંત ભગવાનનો જ લે,' તો એનો અર્થ તો એ જ થયો ને ? કે 'સંસારના કાર્ય માટે પણ ધર્મ થાય. સાંસારિક વસ્તુ ભગવાન પાસે માગે' પછી 'ભગવાન પાસે મોક્ષ જ મંગાય, સંસારની વસ્તુ ન જ મંગાય' એ ક્યાં રહ્યું ? ધર્મ મોક્ષ માટે જ થાય એ ક્યાં રહ્યું ? પહેલાં જે શાસ્ત્ર-દાખલા આપ્યા. એમાં આ સ્પષ્ટ છે કે દા.ત., 'જો સુખના સાધન ઇચ્છતા હો, તો અજિત-શાંતિ જિનને ભજો.' અર્થાત્ તાત્પર્ય અહીં 'પુરિસા ! જઈ દુક્ખવારણં' ગાથામાં સ્પષ્ટ કહે છે 'હે મનુષ્યો ! જો તમે દુઃખનું વારણ અને સુખોનું સાધન ઇચ્છતા હો, તો તમે અરિહંત ભગવાનનું શરણ સ્વીકારો; અર્થાત્ 'ભગવાનને તમારો કેસ સોંપી દઈ તમે ભગવાનની તન-મન-ધનથી ભક્તિમાં લાગી જાઓ.'

અહીં ૮મા ભગવાનના સ્તવનમાં કવિ કહે છે :

''આ વિશ્વાસ રાખવાનો કે 'ફળ દીએ અણકહ્યે રે ગિરુઓ સાહિબ તેહ''

એ એવા મોટા ઉદાર દિલના સાહિબ છે કે જે આપણા વગર કહ્યે આપણી સેવાનું ફળ આપનારા છે. પૂછો,

પ્રશ્ન : 'વગર કહ્યે' એટલે શું સેવકે પ્રાર્થના નહિ કરવાની ?

ઉત્તર : 'સેવક પ્રાર્થના કરે' એ સેવકનો ધર્મ છે; અને 'ગિરુઆ યાને મોટા દિલના સ્વામી પ્રાર્થકની કલ્પના બહારનું ફળ આપે' એ સ્વામીનો ધર્મ છે. પૂછો,

પ્રશ્ન : કલ્પના બહારનું ફળ શી રીતે કહો છો ? સ્વર્ગ કે મોક્ષ ફળ આપે એની આપણે કલ્પના તો કરી શકીએ છીએ ને ? તો સ્વર્ગ-મોક્ષ પણ આપણી કલ્પનાનાં ફળ થાય ને ?

ઉત્તર : સ્વર્ગ અને મોક્ષની આપણી કલ્પના અતિસ્થૂલ છે, ઉપરછલકી છે;

ક્રમકે મોક્ષમાં જે અનંત સુખ છે એની અને સ્વર્ગમાં મનુષ્યલોક કરતાં જે અસંખ્ય-અસંખ્ય ગુણા સુખ છે એની, આપણને કલ્પના જ નથી. કૂવાનાં દેડકાને મોટા સરોવરના માપની કલ્પના ન આવે, એમ.

મનુષ્ય-લોકના ગોબરા ગંધાતા સુખમાં ટેવાયેલા આપણને એવા ગંદવાડ વિનાના દેવતાઈ સુખની કલ્પના જ ન આવે.

સુખ બે જાતના; કંચન અને કામિનીના. એમાં મનુષ્ય-લોકના કંચનનાં સુખમાં શો માલ છે ? આખા જંબૂદ્વીપના હીરા-માણેકની જે કિંમત થાય, એના કરતાં પણ ઇંદ્રની એક મોજડીના હીરાની કિંમત કંઈ ગુણી ચડી જાય ! ત્યારે મનુષ્યના કામિનીનાં સુખમાં ય શો માલ છે ? માનવી સ્ત્રીના આખા શરીરમાં ગંદવાડ સિવાય કાંઈ નહિ. શરીરનો એક ભાગ એવો નથી કે જ્યાં ગંદા મળ-મૂત્ર-કફ-રસી-રુધિર, બિભત્સ માંસ-ચરબી-વીર્ય વગેરે સિવાય કશુંય પવિત્ર રળિયામણું હોય. માનવી સ્ત્રીનું રૂપાળું દેખાતું શરીર એટલે નાયલોન મઢેલી જાણે વિષ્ટાની કોથળી ! એકલા નાયલોનના અસ્તરથી શું મોહવાનું ? નાકમાં લીંટ, મોંમાં થૂંક, આંખમાં પિઆ, કાનમાં મેલ, ને નીચેના અંગોમાં મળમૂત્ર વગેરે છે. ક્યાંય કશું પવિત્ર કે જે બહાર નીકળી આવે તો મોંમાં મૂકવાનું મન થાય છે ખરું ? અતિ કામી માણસ પણ પ્રિય લાગતી નારીના મૂત્રને નહિ પીએ.

મનુષ્ય લોકની સ્ત્રીના શરીરમાં આવા ગંદા ગોબરા પદાર્થ ભર્યા છે ! ત્યારે દેવતાઈ સ્ત્રી એટલે દેવાંગનાના શરીરમાં આવું કશું જ ગંદુ ગોબરું નહિ; જાણે સકરટેટી કેવી આરપાર ચોક્ખી રળિયામણી ? એવી અપ્સરાના મૂળ શરીરનાં રૂપ લાવણ્ય તો એવા કે મનુષ્ય જો દેવાંગનાના એ મૂળ શરીરના રૂપને જુએ તો પાગલ જ થઈ જાય ! દેવલોક વિમાન,-વગેરેનાં સૌંદર્ય મનુષ્યની કલ્પનામાં ન આવે !

માટે તો ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે કે, ''જેમ મોટા સ્વયંભૂ રમણ સમુદ્રની આગળ એક ટીપું, તેમ દેવલોકના સુખ આગળ મનુષ્ય લોકમાં સુખ એક નાનકડા સૂક્ષ્મબિંદુ જેટલા છે ! તે દિવ્યસુખ પણ અસંખ્ય વરસોના ! ને અહીંના ગંધાતા સુખ તો અતિ અલ્પ કાળના ! માટે હે માનવ ! જો તું ભોગસુખનો પણ અર્થી હોય, તો ય તારે અહીંના ગંધાતા ગોબરાં ભોગસુખ છોડી ચારિત્ર જ લેવા જેવું છે, જેથી તને એ અસંખ્ય કાળના દેવતાઈ ખરા ભોગસુખ મળે.

બાકી અહીંના અતિ ગંદા ભોગસુખમાં શું રાચે છે ? એને તું શું સુખ માને છે ?'' કહેશો.

પ્રશ્ન : પણ સાહેબ ! અમને અહીંના પદાર્થમાં સુખનો અનુભવ થાય છે ને ?

ઉત્તર : એમ તો ભૂંડને કે વિષ્ટાના કીડાને ય વિષ્ટા ચાટવામાં સુખનો

અનુભવ થાય છે, તો શું તમે એ વિષ્ટાને સુખરૂપ કે સુખનું સાધન કહેવા તૈયાર છો ? ના; બસ, તો સમજી રાખો કે શિખંડ કે શીરા આગળ જેમ વિષ્ટા એ સુખ-સાધન નથી એમ દેવતાઈ સુખ આગળ મનુષ્ય લોકના સુખ કોઈ સુખ જ નથી.

એટલે જ **ઉત્તરાધ્યયન** મૂળ આગમમાં આ સૂચવ્યું કે, 'તારે દીર્ઘાતિદીર્ઘ કાળના ખરા ભોગ-સુખ જોઈતા હોય, તો ય અહીંના ગંદા અને અલ્પકાલીન ભોગ-સુખ છોડ અને નિષ્પાપ ચારિત્ર લે.'

અહીં શાના માટે ચારિત્ર-ધર્મ લેવાનો કહ્યો ? શું મોક્ષ માટે ? કે દેવતાઈ સુખ માટે ? તો શું આગમ આવું બતાવે ? પણ બતાવ્યું છે એ હકીકત છે. કારણ એક જ, કે આ ઉત્તમ મનુષ્ય અવતારને પામી વિષયભોગનાં પાપ છોડવા જેવા છે; હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહનાં પાપ છોડવા જેવા છે; કષાયોનાં પાપ છોડવા જેવા છે અને સર્વ પાપ-ત્યાગ રૂપ ચારિત્ર-ધર્મ જ સેવવા-આદરવા જેવો છે. મતલબ, જ્ઞાની કહે છે, **"પાપ છોડ અને ધર્મ કર."** પૂછો,

પ્રશ્ન : પણ તે શું દેવતાઈ સુખ માટે ?

ઉત્તર : હા, જેને હજી ભોગસુખ જ ગમે છે એને પાપમાંથી અહીં છોડાવવા એમ કહ્યું. આ જ વસ્તુ ઉત્તરાધ્યયન સૂત્રની ગાથાની પાઈય ટીકામાં વાદિવેતાલ **શાંતિસૂરિજી** આચાર્ય ભગવંતે કહી છે. એમણે કહ્યું છે,

'विषयाभिलाषिणापि धर्मे एव यतितव्यम्'

અર્થાત્ 'વિષયસુખના અભિલાષીએ પણ ધર્મમાં જ પ્રયત્ન કરવા જેવો છે.' બોલો, અહીં ધર્મ મોક્ષ સિવાય બીજા કોઈ આશયથી ન જ થાય એવી મનાઈ કરી ? કેમ મનાઈ ના કરી ? એટલા જ માટે કે શાસ્ત્રકારોનો એક જ અભિપ્રાય છે કે, તમે હિંસાદિ દુષ્કૃત્યો અને વિષયભોગના પાપ છોડો, ધર્મ કરો...

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૮૭

ધર્મ કરતાં કરતાં જો તમને હાલ ભલે મોક્ષનો રાગ નથી, પરંતુ જો મોક્ષ પ્રત્યે દ્વેષ નથી, તો આગળ પર જ્ઞાનીઓની સમજૂતીથી વિષયસુખનો મલિન આશય છૂટી જશે અને મોક્ષસુખનો પવિત્ર આશય આવી જશે એમાં અત્યારે વિષયસુખની જે અપેક્ષા છે, એ 'બાધ્ય ફલાપેક્ષા' કહેવાય.

'બાધ્ય અપેક્ષા.' એટલે આગળ પર સમજૂતીથી યાને પ્રજ્ઞાપનાથી બાધિત થવાને યોગ્ય અપેક્ષા.

એ અટકી જવાને યોગ્ય અપેક્ષા છે અને તે સત્ અનુષ્ઠાનનો રાગ કરાવનારી

છે. શરત માત્ર એટલી કે તમને મોક્ષ પ્રત્યે દ્વેષ-અભાવ-અરુચિ-તિરસ્કાર ન જોઈએ. આ જ વાત ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'બત્રીશ બત્રીશી' શાસ્ત્રમાં આ શ્લોકથી કહી,

अपि बाध्यफलापेक्षा, सदनुष्ठान-रागकृत् ।
सा च प्रज्ञापनाधीना, मुक्त्यद्वेषमपेक्षते ॥

અર્થાત્ ધર્મ કરવામાં કદાચ સાંસારિક વિષય મેળવવાની અપેક્ષા-અભિલાષા હોય, તો પણ તે અપેક્ષા, જો મુક્તિનો અદ્વેષ છે તો, બાધ્ય કોટિની અપેક્ષા છે, ને સદ્ અનુષ્ઠાનનો રાગ કરાવનારી છે; તેમજ પ્રજ્ઞાપન(સમજૂતી)થી સુધારી શકાય એવી છે.

ઉત્તમ મોક્ષના આશય સુધી પહોંચેલા જીવોને પ્રારંભે તો આ રીતના વિષયાભિલાષથી જ ધર્મ-પ્રવૃત્તિ હોય છે; ને એ ધર્મ-પ્રવૃત્તિ કરતાં કરતાં જ પછીથી મલિન આશય સુધારી પવિત્ર મોક્ષના આશયવાળા બન્યા છે. 'મોક્ષના આશય સિવાય ધર્મપ્રવૃત્તિ કરાય જ નહિ' - જો એવો સિદ્ધાન્ત હોત, તો તો એ જીવો ધર્મ-પ્રવૃત્તિ કરત જ નહિ; ને એના બદલે પાપ-પ્રવૃત્તિમાં જ રાચ્યા માચ્યા રહ્યા હોત. એવા જીવોને જો કહ્યું હોત કે, 'જાઓ તમને મોક્ષનો આશય નથી ? તો તમારાથી દહેરે ન અવાય, ઉપાશ્રયે ન અવાય, તપ ન કરાય, જપ ન કરાય, દાન ન દેવાય, શીલ-સદાચાર ન પળાય...' એમ એને જો ધર્મ કરવાનો ઈન્કાર જ કર્યો હોત, તો એ જીવો ધર્મના બદલે શું કરતે ? હિંસા-જૂઠ-ચોરી-દુરાચાર, સ્ત્રીસંગ, પરિગ્રહસંગ, ૧૮ પાપસ્થાનકના વેપલા...વગેરે નરદમ પાપ જ પાપ કરત ને ? અને શું એમ કરતાં કરતાં એ મોક્ષના આશયવાળા બનત ? ના, એ તો ભલે લૌકિક સાંસારિક ફળની લાલચથી પણ દેવદર્શન-પૂજા, વ્રત-નિયમ, જિનવાણી-શ્રવણ, ત્યાગ-તપસ્યા, સાધુસેવા... વગેરે ધર્મ કરતાં કરતાં જ પાછળથી પ્રારંભિક મલિન આશયને સુધારી પવિત્ર મોક્ષના આશયવાળા બને છે. એટલે જૈન શાસનની મૂળ વાત આ છે કે પહેલાં આચરણ સુધારો, હિંસાદિ પાપનાં આચરણ પડતા મૂકી દાનાદિ ધર્મનાં આચરણમાં આવો; ને પછી એમાં આશય સુધારવા પ્રયત્ન કરો તો જ પવિત્ર મોક્ષાશય આવશે, પણ ના, આપમતિથી 'અમે તો પહેલા આશય સુધારવા મથીશું, પછી ભલે અમારે પાપાચરણ ઠમઠોક ચાલે.' આવો જો શિરસ્તો રાખો તો ત્રણ કાળમાં આશય નહિ સુધરે.

હિંસામય મહાઆરંભ-સમારંભો, જૂઠ-ડફાણ, ચોરી-અનીતિ-વિશ્વાસઘાત, સ્વસ્ત્રી-પરસ્ત્રીના વિષયભોગ, અઢળક પરિગ્રહ-પ્રવૃત્તિ, કંદમૂળ-મદિરા-માંસભક્ષણ વગેરે વગેરે ધૂમ પાપો ચાલુ રાખવા છે; તો શું એથી પાપના આશય પોષાશે ?

કે મોક્ષના ? અગર કહો, ના મહાઆરંભ-સમારંભમાં પણ જીવ જયણા; મોટા જૂઠના ત્યાગ; પરસ્ત્રી-વેશ્યાગમન ત્યાગ વગેરે રાખીશું, તો એટલો ય એ ધર્મ જ કર્યો ને ? હવે એમાં કદાચ આશય એ રાખ્યો કે, 'અહીં સારી પ્રતિષ્ઠા આબરૂ વધે ને સારા માણસમાં ખપીએ; તો વેપાર-વ્યવહાર સારા ચાલે,' તો આમાં મોક્ષનો આશય નથી માટે આ જયણા અને મહાપાપના ત્યાગનો ધર્મ નહિ કરવો ? અને મોક્ષના આશય વિના એવો જીવ જયણા વગેરે ધર્મ કરે તો શું એ ભયંકર ખૂનરેજી વગેરે અધર્મથી ભૂંડો ? અને દુર્ગતિઓમાં રીબાવી રીબાવીને મારનારો ? તો તો એનો અર્થ એ થયો કે લોકમાં સારી સતી-સ્ત્રી તરીકેની પ્રતિષ્ઠા જાળવવાના અને પતિનો પ્રેમ બન્યો રાખવાના જ એકમાત્ર આશયથી કોઈ સ્ત્રી જો શીલધર્મ પાળે, જો પરપુરુષ ત્યાગનો ધર્મ ચુસ્તપણે પાળે, તો એને મોક્ષનો આશય નથી માટે એના શીલધર્મને અધર્મથી અર્થાત્ વેશ્યાગીરીના વ્યભિચાર-અધર્મથી ભૂંડો કહેવો પડશે ! અને એ એના શીલધર્મને દુર્ગતિઓમાં રીબાવી રીબાવીને મારનારો માનવો પડશે ! આ કેવી આપત્તિ ? વ્યભિચાર-દુરાચાર-વેશ્યાગીરીથી દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરવાનું નહિ, પરંતુ મોક્ષના આશય વિના લોક-પ્રતિષ્ઠા અને પતિપ્રેમના આશયથી શીલ-સદાચાર ધર્મ પાળે એનાથી દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરવાનું !

'મોક્ષના આશય સિવાય ધર્મ ન જ થાય અને એવો ધર્મ અધર્મથી ભૂંડો, એ દુર્ગતિઓમાં રીબાવી રીબાવીને મારે'. આ કઈ જાતની ધર્મ-દેશના ? આ જૈન ધર્મની તો નહિ, પણ ઈતર આર્ય ધર્મની ય દેશના ન ગણાય.

અસ્તુ, અહીં કવિ કહે છે સેવક તો પ્રભુનો આસંગાયત છે યાને ઓશિયાળો છે, ગરજુ છે, તેવી એની ખાસિયત એ છે કે એ પોતાના ઈચ્છા અને પોતાની માગણીમાં ઓછું-અધિકું ય કહે; પરંતુ પ્રભુ ! તમે સ્વામી છો, ને સ્વામીની ખાસિયત એ છે કે એ સેવકના વગર કહ્યે સેવકને સેવાફળ આપે છે. માટે જ એ મોટા સ્વામી છે, ગિરુઆ સાહિબા છે. અહીં સવાલ ઊઠે છે,

વગર-માગ્યે આપે છે તો માગવું શા માટે ?

પ્રશ્ન : જો પ્રભુ વગર-માગ્યે ફળ આપે છે, તો પ્રભુને આપણે કશું દિલ દઈ કહેવું જ નહિ ? પ્રભુ પાસે કાંઈ જ માગવું નહિ ?

ઉત્તર: ના. ન માગવું એવું કશું નથી. જરૂર માગવું, માગતા રહેવું.

પ્રશ્ન : તો શું જ્યારે મોટા પ્રભુ માગ્યા વિના પણ આપે જ છે, તો પ્રભુ પાસે માગવાનો અને માગ-માગ કરવાનો કોઈ અર્થ ખરે છે ?

ઉત્તર : હા, પ્રભુ પાસે વારંવાર માગવામાં આપણા દિલમાં પ્રાર્થિત વસ્તુની તીવ્ર આશંસા-અભિલાષા પોષાય છે; ને એ તીવ્ર આશંસા આપણને વિરોધી ભાવથી

બચાવી લે છે. દા.ત., પ્રભુ પાસે આપણે ક્ષમા ધર્મની પ્રાર્થના કરતા રહીએ એમાં આપણી ક્ષમા-ધર્મની તીવ્ર તાલાવેલી પોષાય અને તેથી ક્રોધકષાય ઉપરનો આપણો અનાદિનો પક્ષપાત મંદ પડતો જાય; ને આમ ક્ષમાદિની પ્રાર્થનાથી એની આશંસા વધીને ક્રોધાદિક કષાયો દબાતા આવે એ કાંઈ નાનોસૂનો લાભ નથી.

હવે પ્રભુને પ્રાર્થના કરવા છતાં પ્રભુ બોલતા નથી, તો શું કરવું ? એટલું ધ્યાનમાં રાખો કે પ્રભુને પ્રાર્થના-માગણી કરવામાં મુખ્યપણે તો આશંસા વ્યક્ત કરવાની હોય, તો 'તિત્થયરા મે પસીયંતુ' અર્થાત્ 'તીર્થંકર ભગવંતો મારા પર પ્રસન્ન થાઓ, મારા પર પ્રસાદ કરો, મહેરબાની કરો.'- એ પ્રાર્થનામાં શી આશંસા રાખવાની ? જો પ્રભુની મહેરબાનીની આશંસા રાખવાની હોય તો શું વીતરાગ પ્રભુ પ્રસન્ન થાય ? મહેરબાની કરે ? અને જો પ્રાર્થક પર પ્રસન્ન થતા હોય, મહેરબાની કરતા હોય, તો પ્રભુ પછી વીતરાગ નહિ પણ રાગી ઠરશે ! શું વીતરાગ પ્રાર્થકપર પ્રસન્ન થાય ? રાગ કરે ? ત્યારે જો આપણે જાણીએ જ છીએ કે વીતરાગ પ્રભુ કોઈના પર રીઝતા નથી, રુષતા નથી, તો પછી 'પ્રભુ મારા પર પ્રસન્ન થાઓ, મારા પર રીઝો, મારા પર રાગ પ્રેમ કરો.' એમ બોલવા આપણી જીભ કેમ ઊપડે ?

ઉત્તર : 'તિત્થયરા મે પસીયંતુ' એ ગણધરવાણી છે. એ ગણધર ભગવાન દ્વાદશાંગી અને તદન્તર્ગત ૧૪ 'પૂર્વ' શાસ્ત્રોના રચયિતા છે. એ અસત્ય કે અ-વાસ્તવિક બોલે નહિ. તો અહીં જે 'વીતરાગ તીર્થંકર દેવો મારા પર પ્રસન્ન થાઓ' લખ્યું એની પાછળ કોઈ રહસ્ય છે એમ સમજવું જોઈએ.

'તીર્થંકરો પ્રસન્ન થાઓ'નું રહસ્ય : ચોથી ભાષા :

શાસ્ત્રકારો 'વીતરાગ તીર્થંકરો મારા પર પ્રસન્ન થાઓ' એ ભાષાને ચોથી ભાષા કહે છે. આપણે ભાષા બોલીએ છીએ એ ચાર પ્રકારની ભાષા છે.

ચાર પ્રકારની ભાષા, :- (૧) સત્યભાષા, (૨) અસત્યભાષા, (૩) મિશ્રભાષા અને (૪) વ્યવહારભાષા.

(૧) સત્યભાષા એટલે, જેવી વસ્તુ-સ્થિતિ હોય તેવું બોલવું એ સત્યભાષા. (૨) વસ્તુ સ્થિતિ કરતાં જુદું કહેવું એ અસત્યભાષા અથવા મૃષાભાષા. (૩) થોડી સાચી થોડી અસત્ય બોલાય તે મિશ્રભાષા. ત્યારે (૪) જેમાં સાચું કે જૂઠ જેવું કાંઈ નથી, એ વ્યવહારભાષા. દા.ત., કોઈએ બીજાને કહ્યું 'ભાઈ જરા અહીં આવજો' આમાં સાચું-જૂઠું કશું નથી, માત્ર સામાને આજ્ઞા છે. સામાને બોલાવવા શબ્દ-વ્યવહાર કર્યો એટલું જ; તેથી આને 'વ્યવહારભાષા' કહેવાય.

એમ પ્રસ્તુતમાં તીર્થંકર ભગવંતોને વિનંતિ કરી કે, 'પ્રભુ ! મારા પર પ્રસન્ન

થાઓ.' આમાં સાચા ખોટા જેવું કશું નથી. એમાં આપણે પ્રભુને માત્ર વિનંતિ કરી એટલું જ. એમાં કાંઈ વસ્તુનું પ્રતિપાદન નથી કે જેથી સવાલ રહે કે વસ્તુ છે તેવી નું પ્રતિપાદન છે ? કે નથી તેવીનું પ્રતિપાદન ? આવું કાંઈક પ્રતિપાદન હોય તો તે સાચું છે કે ખોટું છે એમ જોવાનું રહ્યું, પરંતુ જ્યાં માત્ર આજ્ઞા છે, વિનંતિ છે; એમાં સાચા-ખોટાનો સત્ય-અસત્યનો સવાલ જ નથી ઊભો થતો. એટલે 'પ્રભુ ! મારા પર પ્રસન્ન થાઓ, એવી પ્રભુને વિનંતિ કરીએ, એમાં કશું ખોટું-સાચું વિચારવાનું રહેતું નથી.

પ્રશ્ન : વીતરાગ પ્રભુ જો પ્રસન્ન થતા નથી, તો શા માટે કહેવું કે પ્રભુ પ્રસન્ન થાઓ ?

ઉત્તર : 'ભગવાન પ્રસન્ન થાઓ' આ જે કહેવાનું છે ત્યાં મનમાં આ ભાવ લાવવાનો છે કે- 'અરિહંત તીર્થંકર ભગવાનનો અચિંત્ય પ્રભાવ મને પ્રાપ્ત હો.' આ પણ પ્રભુ પાસે માગવાની વસ્તુ નથી, કિન્તુ આપણા દિલની ઉત્કટ આશંસા-અભિલાષા વ્યક્ત કરવાની છે કે, 'જગતમાં જીવને જે બધું સારું પ્રાપ્ત થાય છે એમાં મુખ્યપણે અરિહંત ભગવાનનો અચિંત્ય પ્રભાવ જ કામ કરી રહ્યો છે. એ પ્રભાવની મારી શ્રદ્ધા દિનપ્રતિદિન વધતી રહો, જેથી હું હંમેશા અરિહંત પ્રભુના અનંત ઉપકારનો ભાર મારા માથે રાખું, એ પ્રભુ પ્રત્યેની ભારોભાર કૃતજ્ઞતા કદી ન ભૂલું...'

અરિહંત પ્રભુનો આ અચિંત્ય પ્રભાવ આપણા વગર માગ્યે, વગર ધાર્યે, આપણને અદ્‌ભુત ફળ આપે છે. એ ફળ આપનાર પ્રભુનો પ્રભાવ છે એટલે કે ખરેખર પ્રભુ પોતે જ છે. તેથી કવિએ એવા ફળદાતા પ્રભુને 'ગિરુઆ સાહેબ' તરીકે સંબોધ્યા. પછી કવિ બાળકની જેમ પ્રભુને લાડથી હવે કહે છે કે, 'હે ચંદ્રપ્રભસ્વામિ !

દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વધે મામ;
જલ દીએ ચાતક ખીજવીરે, મેઘ હુઓ તિણે શ્યામ...૩

ભાવાર્થ : દીન સેવકના માગ્યા વિના દાતા જો દાન આપે છે, તો એમાં દાનની મમતા વધે છે, મહત્તા વધે છે, દાતા પ્રત્યે (દીન સેવકની) મમતા વધે છે. (એના બદલે દાતા જો આપવામાં સેવકને ટીંગળાવે છે તો એ શોભા વિનાના ઝાંખા પડી જાય છે.) દા.ત., મેઘ તરસ્યા ચાતક પક્ષીને ખીજવી-ટિંગળાવીને પાણી આપે છે, તો એ શ્યામ બનેલો છે.

વિવેચન : કવિ પ્રભુને વિનંતિ કરે છે કે, હે પ્રભુ ! હું આપનો દીન-રાંક સેવક છું. સેવક દીન બનીને માગે અને આપ ટળવળાવીને આપો, તેની કાંઈ

કિંમત નથી. દાસની કાકલુદી વગર, આજીજીની અપેક્ષા વગર અને ટળવળાવ્યા વગર, દાસને સુખસાધન આપવામાં દાતાની મહત્તા વધે છે. જેમકે પૂર્વકાળમાં શેઠિયાઓ આવું દાન કરતા હતા. તપાસ રાખતા કે ગામમાં કોણ સીદાય છે. પછી સીદાતાને આપવાની છાશમાં કે લાડુમાં ખાનગી સોનાનો સિક્કો નાખી દેતા ! આ રીતે ગરીબોની વ્હારે ધાતા.

પેલા શેઠનો દાખલો આવે છે ને ?

પ્રતિક્રમણમાં હાર ન પહેરાય તેથી હાર બાજુ પર મૂકીને શેઠ પ્રતિક્રમણ કરવા બેઠા તો સીદાતા સાધર્મિકે શેઠની પહેલા સામાયિક પારી હારની ચોરી કરી. પછીથી શેઠને ખ્યાલ આવી ગયો કે એ શ્રાવક વહેલો ઊઠ્યો તે લઈ ગયો હશે. ત્યાં શેઠ કશી હોહા કરતા નથી, કશું બોલતા નથી, ઊલટું એમ માને છે કે, "છતી શક્તિએ મેં સાધર્મિકનો ઉદ્ધાર ન કર્યો તે ભૂલ થઈ. તેથી તો એ બિચારા સીદાતા શ્રાવકને આ કામ કરવું પડ્યું હશે; ચાલો સારું થયું કે મેં જાતે સાધર્મિક-ઉદ્ધાર ન કર્યો તે એણે મારી પાસે સાધર્મિક ઉદ્ધારનો ધર્મ કરાવ્યો એનો ઉપકાર માનું. હવેથી એ હાર એનો, મારો નહિ !"

બીજે દિવસે પેલો શ્રાવક આ શેઠને ત્યાં જ જઈ હાર રજુ કરી એના પર લોન માગે છે.

શેઠ કહે, 'તમારો હાર લઈ જાઓ પાછો અને જોઈએ તેટલી રકમની લોન એમ ને એમ લઈ જાઓ.'

પેલો કહે : 'ના શેઠ ! એમ ને એમ નહિ. આ હાર રાખો ને એના પર લોન આપો.'

શેઠ કહે, 'તો એના પર તમારા નામની ચિઠ્ઠિ બાંધીને મૂકો. લોન પાછી વાળો અગર તમારે જરૂર હોય ત્યારે આ તમારો હાર પાછો લઈ જજો.'

પેલો શ્રાવક આ સાંભળીને પીગળી ગયો શેઠને હાથ જોડીને રોતો રોતો કહે છે, 'શેઠ સાહેબ ! માફ કરજો, આ હાર તમારો જ છે. માફ કરજો. મેં પડિક્કમણામાંથી વહેલો ઊઠીને ચોરી લીધેલો હતો.' એમ બોલતાં બોલતાં એની આંખમાંથી આંસુ પડે છે.

શેઠ કહે, "અરે ! આ તમે શું બોલ્યા ! મારો હાર ચોરાયો જ નથી ને આ હાર મારો છે જ નહિ તેથી મારાથી આ રખાય જ નહિ. એટલે આ તો તમે તમારો હાર લઈ જ જાઓ અને લોન પણ લઈ જાઓ."

મોટા માણસની ખરી મહત્તા એ, કે વગર માગ્યે આપે ! ગૌતમસ્વામીજી પાસે ૧૫૦૩ તાપસોએ એટલું જ માગ્યું હતું પણ ગૌતમસ્વામીને પોતાનો કેસ સોંપી

દીધો હતો તેથી જ 'અમને અષ્ટાપદ પર કૈલાસનાથનાં દર્શન કરાવો' એમ માગેલું, પરંતુ ગૌતમસ્વામીજીએ એમને જીવંત કૈલાસનાથના દર્શન કરાવ્યા ! યાવત્ એ ગુરુ પહેલાં કેવલી બન્યા ! માત્ર આ તાપસો જ નહિ, પરંતુ કુલ એમના ૫૦ હજાર શિષ્યો કેવળજ્ઞાની બન્યા હતા ! ગુરુ ગૌતમની કેટલી બધી મહત્તા વધી ?

અહીં કવિ પ્રભુને કહે છે, 'પ્રભુ ! રાંક સેવકને વણમાગ્યે દેવાથી દાતાની મહત્તા વધે છે અથવા દાતા પર સેવકની મમતા વધે છે માટે મને દો.'

જળ દીએ ચાતક ખીજવી રે, મેઘ હુઓ તેણે શ્યામ-

આઠ મહિના સુધી ચાતકને રાહ જોવડાવી ખીજવીને-સંતાપ કરાવીને ટળવળાવ્યા પછી મેઘ એને પાણી આપે છે, તો જુઓ એથી એ મેઘ શ્યામ બની ગયો. માટે પ્રભુ ! તમે મહાન દાતા, મને ટળવળાવો નહિ. એમાં તમારી શોભા-મહત્તા વધે નહિ, ઊલટી ઘટી જાય !

આ તો ભગવાનને માત્ર મીઠો ઉપાલંભ છે. બાકી તો,

અરિહંતને આપણે આપણા દિલમાં જેટલું ઊંચું મહત્ત્વ આપીએ. હું પદ છોડી આપણા દિલમાં એમને સર્વ શુભમાં સર્વેસર્વા કર્તા-ભ્રષ્ટા તરીકે સ્થાન આપી એ, તેટલા અરિહંત આપણને ફળે જ છે.

માત્ર જેટલી ઊંચી આપણી શ્રદ્ધા, એટલા ઊંચા અને વહેલા ફળે છે; અષ્ટ પ્રાતિહાર્યયુક્ત અરિહંતને આપણા દિલમાં બેસાડીએ, ઉચ્ચ શ્રદ્ધા-બહુમાન-આદર સાથે ચિંતવીએ, તો આપણી ઊંચી ઉન્નતિ થાય છે. લીલાછમ પાંદડાની ઘટાવાળા અશોક વૃક્ષની નીચે પ્રભુને જોતાં એ લીલાશ કલ્પનામાં લાવવાથી આંખની રોશની વધે છે. સમવસરણમાં અરિહંત બેઠા છે, ને ઝરમર-ઝરમર પુષ્પવૃષ્ટિ થઈ રહી છે તે ચિંતવતાં ખરેખર ફૂલની સુગંધી આપણી આસપાસ ફેલાય છે, તેવો અનુભવ થાય છે. આ રીતે આઠેય પ્રાતિહાર્ય સહિત અરિહંતનું ચિંતન કરતાં આપણા આત્મામાં સ્ફૂર્તિ આવે છે. આવા પ્રભાવવંતા પ્રભુને ટોણો શાનો મારવાનો હોય કે, 'પ્રભુ મને જો ટિંગળાવીને ફળ દેશો, તો મેઘની જેમ શ્યામ ઝાંખા પડી જશો ?' પરંતુ કવિ અહીં કહી રહ્યા છે એ લાડમાં મીઠો ઠપકો બોલી રહ્યા છે. એનું કારણ એ છે કે કવિએ પ્રભુ સાથે પોતાનો માત્ર કહેવાનો બાળભાવ નહિ પણ ખરેખરો બાળભાવ કેળવ્યો છે. પ્રભુ ! તમે મારી માતા છો, હું તમારો બાળ છું. હું તમને ન કહું તો બીજા કોને કહું ? હું તો તમારો કેવો પાલવ પકડી બેઠો છું કે જેમ બાળક માતાની સાથે ઠપકાથી વાત કરે એમ, પ્રભુ ! તમારી સાથે વાત કરી રહ્યો છું. એની પાછળ કવિએ પ્રભુને ખરેખર માતા માની પોતે પ્રભુ સાથે ખરેખર બાળભાવ કેળવ્યો છે, એમ સમજાય છે.

એટલે જ પહેલાં તો આપણે પ્રભુ સાથે આ ઠપકાની ભાષા શીખવા કરતાં પ્રભુ સાથે આપણો બાળભાવ કેળવવાનું શીખવા જેવું છે. જો આપણે વિનયી હોઈએ તો હજી આપણી પચાસ સાઠ વરસની ઉંમરે પણ મા-બાપ આગળ આપણા દિલમાં બાળભાવ રાખતાં આવડે અને મા-બાપ આપણને આપણા નામના દા.ત., રતિલાલ, લાલભાઈ વગેરે માનવંતા શબ્દથી આપણને બોલાવે, એ આપણને ન ગમે, પરંતુ 'રતુ', 'લાલુ' વગેરે તુંકાર શબ્દથી બોલાવે તે ગમે. તેમજ ખાનગીમાં આપણને અવસરે 'બેવકૂફ ! આવી આવી રીતે બોલતાં શરમ નથી આવતી ?' એ શબ્દોમાં ઠપકારે તો તે આપણે પ્રેમથી વધાવી લઈએ; તેમજ અવસરે માબાપના પગે પડીને આપણે એમને કહીએ, 'બા ! બાપુજી ! મારી ભૂલ થઈ મને ક્ષમા કરો. હું તમારો બાળ છું, નાદાન છું. ફરીથી ભૂલ ન કરવા ધ્યાન રાખીશ...' આવું બધું આપણે હજી માબાપ સાથે દિલના સંવેદનથી કહી શકીએ છીએ, પરંતુ પ્રભુ સાથે આ રીતનું સંવેદનથી કરીએ છીએ ? ના-ના, શબ્દોમાં ભલે કવિતા શબ્દો પ્રભુ આગળ રટી આવીએ એટલું જ, પણ માતાની જેમ પ્રભુ સાથે દિલના એવા મેળ બેસતા નથી.

પ્રશ્ન : સગી માતાની જેમ પ્રભુ સાથે કેમ મેળ નહિ કે પ્રભુ આપણા દિલને ખરેખર માતા કે પિતા લાગે ?

ઉત્તર : આનાં કારણો છે,

(૧) કાં તો પહેલા નંબરમાં પ્રભુની મૂર્તિ એટલે ખરેખર જીવંત પ્રભુ દેખાતા નથી.

(૨) અથવા તો મનમાં જીવંત પ્રભુને લાવતાં આવડતું નથી કે એમની સાથે વાતચીત કરી શકીએ.

(૩) અથવા કદાચ આમ આવડે, તો ય એ ભગવાન ખરેખર આપણી માતા યા પિતા છે એ તરીકે લેખતાં આવડતું નથી.

(૪) બીજા કારણોમાં, વૈરાગ્યના અભાવે બહારમાં આપણે એટલા બધા ઓતપ્રોત રહીએ છીએ, ને એમાં રાચીએ માચીએ છીએ, કે પછી પ્રભુ સાથે હૈયું એવું જામતું નથી.

પ્રભુ સાથે ન ભળવામાં મોટું કારણ આ છે કે-જડ પુદ્ગલ અને ચેતન સગાવહાલામાં ઓતપ્રોતતા અને એમાં રાચવા માચવાનું રાખી રહ્યા છીએ. તેથી હવે જો પ્રભુ સાથે ભળવું હોય તો પહેલું આ કરવું જોઈએ કે આપણમાં વૈરાગ્યની આગ સળગે, દુન્યવી સગાવહાલા શું, કે જડ પદાર્થો ધન-માલ વગેરે શું, બધા દિલથી અકારા લાગે, ખાવા ધાય ! **તત્ત્વથી તત્ત્વદૃષ્ટિએ પાડોશી નહિ, પણ**

સગાવહાલા જ આપણી પાસે અઢળક મોહ અને અઢળક પાપો કરાવી અને આપણું પુણ્ય ધન ખરચાવી દઈ આપણને દુર્ગતિઓમાં ભટકતા કરી દે છે. માટે આપણને આવા ધાતા હોય એમ લાગે,ત્યારે આપણને પ્રભુ આપણા સાચા હિતૈષી લાગે. પ્રભુ જ ખરેખરા જીવંત માતા પિતા લાગે અને એમની આગળ આપણે બાળક છીએ એમ લાગી એમની સાથે આપણે હકથી વાતચીત કરી શકીએ.

હવે કવિ પ્રભુને વિનવે છે,

પીયુ પીયુ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ રે;
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ...આવો...૪

ભાવાર્થ : 'પીયુ પીયુ' એ શબ્દો વડે હું ચાતક બનીને આપને વિનવું છું આપ મેઘ બની (સમકિતરૂપી વર્ષાની કૃપા કરો. આપ મારી વિનંતિ સત્ત્વર સ્વીકાર કરો ને મારા દુષ્કૃતો દ્વારા ઊભા થયેલા) સમસ્ત દુઃખોનો ક્ષણમાં નાશ કરો. જેથી મારો આપના ઉપરનો સ્નેહ બમણો થઈ જાય.

વિવેચન : હે પ્રભુ ! આપ મેઘ સમાન છો, સમ્યક્ત્વરૂપી પાણી વરસી-વરસીને વિશ્વનું દારિદ્ર દૂર કરનારા છો. આ જ કવિ બીજા એક સ્તવનમાં કહે છે

"દૂર કરે દુઃખ વિશ્વના, વરસંતી જલધારા,
તિમ હમકું પ્રભુ ! તુમ ભયે, સમકિત દાતારા...
મેરે સાહિબ તુમ હી હો"

અર્થાત્ મેઘ જલધારા વરસાવીને વિશ્વનાં દુઃખ દૂર કરે છે; તેમ હમારે માટે તમે પ્રભુ મેઘ સમાન છો, ને અમને સમકિતરૂપી જળ આપનારા છો, તો હે પ્રભુ ! તમે મેઘ અને હું ચાતક છું. આપનું રાત દિવસ પીઉ ! પીઉ ! એનો જાપ જપું છું માટે આપ પલવારમાં મારા દુઃખ હરો. જેથી મારો આપના પરનો સ્નેહ વધુ પ્રબળ બને.

ભગવાન પલવારમાં દુઃખ હરનારા છે. પલવાર પણ પ્રભુનું ધ્યાન કરતા જાઓ, ધારેલી સિદ્ધિ મળે છે. જેમ ગુણસાગર ચોરીમાં કેવળજ્ઞાની થયા ! ચોરીમાં બેઠા છે ને હાથમાં અપ્સરાસમી આઠ-આઠ રૂપસુંદરી કન્યાના હાથ છે, પણ વીતરાગની લેહ લગાડી, તો આઠ કન્યાના હાથ હજી હાથમાં રહ્યા ને પોતે કેવળજ્ઞાની બની ગયા ! પ્રભુએ ક્ષણવારમાં તેમનાં દુઃખ હર્યા.

પ્રશ્ન : એક ક્ષણમાં અર્થાત્ એક લહેરમાં પ્રભુ પાસે દુઃખ હરવાનું માગ્યું, તે શું સુખ-દુઃખ મનની કલ્પના છે તે પ્રભુ સ્મરણથી ક્ષણમાં દુઃખ મટી જાય ?

ઉત્તર : ના, સુખ-દુઃખ માત્ર કલ્પના નહિ, પણ શાતા-અશાતા કર્મના ઉદયે

આત્માના પ્રત્યક્ષ પરિણામ છે. નરકમાં જે જીવો ભયંકર દુઃખ વેઠી રહ્યા છે તે માત્ર એકલી કલ્પનાથી થોડા વેઠી રહ્યા છે ? વાસ્તવિક વેઠી રહ્યા છે માટે તો ક્ષાયિક સમકિતના ધણી શ્રેણિક અત્યારે નરકમાં સતત ચીસો પાડી રહ્યા છે.

પ્રશ્ન : તો પછી પ્રભુને ક્ષણમાં 'દુઃખહર' દુઃખ હરનારા શી રીતે કહ્યા ?

ઉત્તર : દુઃખહર કહ્યું તે સંસારરૂપી દુઃખના હરનારા, ઘનઘાતી કર્મયોગરૂપી દુઃખના હરનારા, માનસિક દુઃખ, ભાવ દુઃખના હરનારા પ્રભુ છે. જીવ વીતરાગ પ્રભુની વીતરાગતા સાથે એકાકાર થઈ જાય, અભેદ પ્રણિધાન કરનારો થઈ જાય, એટલે અનાસક્ત યોગ, સમત્વયોગ અને વૃત્તિ-સંક્ષેપ યોગ આવીને વીતરાગ બની તરત જ બાકીના જ્ઞાનાવરણાદિ સમસ્ત ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી જાય છે. ત્યાં 'સદેહ મુક્તિ મળવાથી ભવદુઃખનો ક્ષય થયો કહેવાય. આ કરવાની તાકાત અભેદ ધ્યાનના વિષયભૂત શ્રી વીતરાગ પ્રભુની ગણાય માટે પ્રભુ ક્ષણમાં દુઃખહર છે એમ કહેવાય...

શીતલાચાર્ય અને ૪ ભાણેજ મુનિ

ભગવાન એક લહેરમાં દુઃખ હરે છે, જેમકે શીતલાચાર્ય અને તેમના ચાર ભાણેજના એક લહેરમાં દુઃખ હરાઈ ગયા. શીતલાચાર્ય જંઘાબળ ક્ષીણ થઈ જવાથી સ્થિરવાસ કરીને રહેતા હતા. તેમના ચાર ભાણેજ મુનિ દૂરથી વિહાર કરી વંદન કરવા આવી રહ્યા હતા. ઠેઠ નગરની નજીક આવી ગયા. સાંજ પડી ગઈ હોવાથી નગરના નાકે ધર્મશાળામાં રાત રોકાઈ ગયા. કાલ સવારે મામા મહારાજના દર્શન કરશું, એમ વિચારી રહ્યા હતા ત્યારે અહીં મામા મહારાજને સમાચાર મળ્યા કે ભાણેજ મુનિઓ આવી રહ્યા છે તો 'એ ભાણેજો કેમ અહીં ઠેઠ ન આવ્યા ? ગામની બહાર કેમ રહ્યા ?' એમ મામા વિચારે છે.

અહીં ચારેય ભાણેજ મુનિઓ વિચાર કરે છે, "ક્યારે મામા મહારાજ પાસે જઈશું ! મામા મહારાજની સેવા કરીશું ! દર્શન-વંદન કરી પાવન થઈશું !" પણ આ સાંજ પડી ગઈ તેથી મામા મહારાજને વંદન કરવાનો ને તેમની પાસે પહોંચવાનો અંતરાય ઊભો થયો !

"અહો ! મામા મહારાજ કેવાક મહાજ્ઞાની ! કેવાક દીર્ઘકાળના વિશુદ્ધ સંયમના પાલનહાર ! કેવાક એ સમતાના સાગર ! અરે ! આવા મહાન ગુણનિધિ મહામુનિને વંદન કરવાનો રાતભરનો આપણને અંતરાય પડ્યો ? ક્યારે સવાર પડે ને નગરમાં જઈ મહર્ષિના ચરણમાં ઝુકીએ ! ધન્ય મહર્ષિ ! ધન્ય આપની ગુણ સંપત્તિ !..." એમ આખી રાત મામા મહારાજના ગુણોની અનુમોદનાનો અને પોતાને નડતી કર્મોની વિટંબણાની નિંદાનો વિચાર કરતાં કરતાં ચારેયને કેવળજ્ઞાન થયું !

એટલામાં કેવળજ્ઞાન ? ઉચ્ચ આત્માઓને વાત વાતમાં કેવળજ્ઞાન !

પ્રશ્ન : એમ તો ચાર મુનિઓ મામા મહારાજના ગુણોની વિહારમાં અનુમોદના તો કરતા હશે અને વંદનાની ઝંખનાય કરતા હશે, તો કેમ રસ્તામાં કેવળજ્ઞાન નહિ ? ને અહીં કેવળજ્ઞાન થયું ? શું એનું કારણ ?

ઉત્તર : કારણ આ: (૧) એક તો કર્મ ખપાવવા બાકી હોય એ ખપ્યા વિના શી રીતે કેવળજ્ઞાન થાય ?

(૨) બીજું એ, કે વિહારના રસ્તામાં ગુરુને ભેટવાની અને વંદનાની આતુરતા ખરી, પરંતુ એટલી જોરદાર નહિ; કેમકે ત્યાં સમજ એવી છે કે 'હજી તો રસ્તો સારો કાપવાનો બાકી છે, તેથી એમ ક્યાં કાલ સવારે જ દર્શન વંદન મળવાના છે ?' જ્યારે અહીં તો સમજે છે કે 'કાલે સવારે જ દર્શન-વંદન મળવાના છે' તેથી આતુરતા જોરદાર એટલે શુભ ભાવના જોરદાર થઈ ગઈ.

(૩) વળી પોતે ગામ બહાર છે અને મામા મહારાજ ગામની અંદર છે. એટલે જાણે એમ જ લાગે છે કે, 'મામા મહારાજ આ સામે જ છે !' તેથી માનસિક દર્શન થઈ રહ્યા છે એટલે પણ શુભ ભાવના વધી ગઈ.

(૪) અર્ધો-એક કલાક વહેલા હોત તો તો ગામમાં પહોંચી જઈ દર્શન વંદન તરત મળત, એના બદલે એટલા જરાકશા મોડા પડ્યા એમાં રાતભરનો અંતરાય થયો; એ વસ્તુ પોતાના પૂર્વ કર્મને લીધે થઈ, પોતે પૂર્વે કરેલ દુષ્કૃતના લીધે થઈ. એટલે દુષ્કૃતની નિંદા કરવાનો અવસર અહીં મળ્યો. તેથી જોરદાર દુષ્કૃતગર્હા થતાં ભાવના જોરદાર વધી ગઈ. આવી વસ્તુ વિહારના રસ્તામાં નહિ બનેલી.

એમ તો જુઓને મૃગાવતીશ્રી સાધ્વીજીને ભગવાનના સમવસરણમાં હતા ત્યાં કેવળજ્ઞાન ન થયું, કેમકે એવો કાંઈ ત્યાં દુષ્કૃતગર્હાનો મોકો નહિ મળ્યો; અને પછી મુકામે આવ્યા ને ગુરુણી ચંદનબાળા તરફથી ઠપકો મળ્યો કે, 'કુલીનને મોડું આવવું શોભે નહિ.' એના પર એ પ્રમાદની દુષ્કૃતગર્હાનો મોકો મળ્યો; એમાં ચાર ઘનઘાતી ક્ષય કરી કેવળજ્ઞાન પામી ગયા !

આ હિસાબે આવા મહાન આત્માઓની આ જન્મનાં અને પૂર્વ જન્મનાં દુષ્કૃતોની નિંદા-ગર્હા-સંતાપ કેટલા બધા જોરદાર હશે કે સહેજ વારમાં શુક્લધ્યાન અને કેવળજ્ઞાન પામી જાય છે ? પૂછો,

પ્રશ્ન : જોરદાર દુષ્કૃતનિંદા-સંતાપમાં એટલી બધી શી તાકાત હશે કે તરત કેવળજ્ઞાન અપાવે ?

ઉત્તર : અતિ જોરદાર દુષ્કૃત નિંદા-સંતાપથી દુષ્કૃતના મૂળ કારણભૂત પરપદાર્થો પ્રત્યેની આસક્તિ ઓછી થતી થતી અનાસક્ત ભાવ સુધી પહોંચી જાય છે.

અને વીતરાગ બનવા માટે આ જ કરવાનું છે કે જગતના પદાર્થો પ્રત્યેની ...યાવત્ પોતાની કાયા અને અહંત્વ પ્રત્યેની આસક્તિ પણ મરવા પડે અને સમૂળગી નષ્ટ થઈ જાય.

ઝાંઝરિયા ઋષિના ઘાતક રાજાને આ પ્રબળ દુષ્કૃત-નિંદા-સંતાપનો મોકો મળી ગયો, તેથી એના દ્વારા અનાસક્ત ભાવ જળહળી ઊઠ્યો, તો તરત વીતરાગતા અને કેવળજ્ઞાન પામી ગયા ! પૂછો :

પ્રશ્ન : તો આપણને દુષ્કૃત-નિંદાથી એવી ભાવના કેમ વધતી નથી ?

ઉત્તર : પૂર્વ પુરુષોના પ્રસંગ પરથી આ જોવાનું છે કે અલબત આપણે આપણાથી થતા પાપ દુષ્કૃતની નિંદા અને સંતાપ તો કરીએ છીએ, પરંતુ બીજી બાજુ પરપદાર્થની આસક્તિ કેટલી ઓછી કરીએ છીએ ? દા.ત., કોઈ કામે જવા ઊંચું જોઈ સફર-સફર ચાલ્યા અને પગ નીચે કીડીઓ કચરાઈ ગઈ દેખી, તો ત્યાં હિંસા-દુષ્કૃતનો સંતાપ થાય છે, પરંતુ જે દુન્યવી સ્વાર્થ પર ઘૃણા ક્યાં થઈ ? પરપદાર્થ ઉપર અને એની આસક્તિ પર ઘૃણા ક્યાં થઈ ? કે જેના નિમિત્તે જીવહિંસા થઈ ? ત્યારે જીવનમાં તો આ જોતા રહેવાનું છે કે અલબત હજી હિંસા-જૂઠ વગેરે પાપ થઈ જાય એ ખટકે છે, એનો સંતાપ પણ થાય છે. પરંતુ જે દુન્યવી પદાર્થની યાવત્ પોતાનાં માન-સન્માનની ખાતર આ પાપો થાય છે, તે પદાર્થોની અને માન-સન્માનની રહેતી આસક્તિ ક્યાં ખટકે છે ? એનો સંતાપ ક્યાં છે ?

અલબત્ પાપ પ્રત્યે ઘૃણા હજી થાય, પરંતુ એ પાપનાં નિમિત્તભૂત દુન્યવી મોહમાયાના પદાર્થ પ્રત્યે ઘૃણા ક્યાં થાય છે ? સૂગ-અભાવ ક્યાં થાય છે ?...યાવત્

પોતાની પાપી જાત પર ઘૃણા-સૂગ-અભાવ ક્યાં છે કે

'ધિક્કાર પડો મારા મનખાને ! ધિક્કાર હો મારા જીવને, કે હું આ એવી મોહમાયા અને દુન્યવી પદાર્થોની મમતા-અસક્તિ-તૃષ્ણા લઈને બેઠો છું, કે જેના નિમિત્તે અઢળક હિંસાદિના અને ક્રોધ-અભિમાનાદિ કષાયોનાં પાપ મારે કરવા પડે છે !'

પૂર્વના મહાપુરુષોનાં જીવનમાં આ પોતાને પોતાની દોષભરી જાત પ્રત્યે ઘૃણા વરસતી હતી અને મોહમાયા તથા એની આસક્તિ પર ઘૃણા ચાલતી હતી; તેથી મોકો આવ્યે એ ઘૃણા વધી જતાં આસક્તિ સાવ છૂટી ગઈ ! અને અનાસક્ત યોગમાં ચડી વીતરાગ સર્વજ્ઞ કેવળજ્ઞાની બની ગયા !

ભરત ચક્રવર્તીને હંમેશા આ આંતર વિખવાદ ચાલતો હતો, તેથી અવસર આવ્યે અરીસા ભવનમાં એક વીંટી ઊતરી જતાં જાતના મોહની ઘૃણા વધી ગઈ, અનાસક્ત બની ગયા ! કેવળજ્ઞાન પામી ગયા !

મરુદેવા માતાએ શું કર્યું ? પુત્ર ઋષભદેવને મોહ છોડી ઘર છોડ્યું, પણ

માતા પોતે મોહ રાખી હજાર વરસ રોતા બેઠા ! કેટલો ફરક ? એથી ઋષભદેવ તો તીર્થંકર થયા, પણ એમણે સામે આવેલ માતાને બોલાવ્યા નહિ એથી માતાને પહેલાં તો ખોટું લાગ્યું. પરંતુ પછી જાત પર ઘૃણા થઈ, કે 'હું કેવી મૂરખી કે રોઈ ? કોણ કોનું છે ?..., એમ કરી અન્યત્વ ભાવનામાં ચડી આસક્તિ ફગાવી દીધી ! અનાસક્ત યોગમાં ચડ્યા ! વીતરાગ સર્વજ્ઞ થયા અને આયુષ્ય ત્યાં જ પૂર્ણ થતાં મોક્ષ પામી ગયા !

ઝાંઝરિયા મુનિના અને ખંધક મુનિના ઘાતક બે રાજાને પોતે કરેલા ઋષિ-હત્યાના ઘોર પાપ પર પછીથી 'એ પાપ કોણે કરાવ્યું ?' -એ વિચાર આવ્યો અને એ પાપ કરાવનાર રાજાપણાની સત્તા અને અભિમાન પર ઘૃણા થઈ, તો રાજ્યપાટ ખજાના પરિવાર પ્રત્યેની... યાવત્ ઠેઠ જાત પ્રત્યેની આસક્તિ મૂકી ! એ અનાસક્ત ભાવમાં ચડ્યા, ને વીતરાગ થઈ સર્વજ્ઞ થયા !

મહત્ત્વની વાત આ છે, કે એકલા હિંસાદિ પાપોને જ ન રુઓ, કિન્તુ વિશેષ તો (૧) એમાં નિમિત્તભૂત દુન્યવી પદાર્થોને રુઓ, (૨) પદાર્થોની આસક્તિને રુઓ, (૩) આસક્તિ મોળી પાડો અને (૪) આસક્તિને ફગાવી દો.

'વિસલ્લી-કરણેણં' શા માટે ?

એટલે તો જુઓ, 'તસ્સ ઉત્તરી કરણેણં' સૂત્રમાં 'વિસોહિ કરણેણં' પછી 'વિસલ્લી કરણેણં' પદ મૂક્યું, કેમ મૂક્યું ? 'વિસોહિ-કરણેણં' એટલે પાપની વિશુદ્ધિ કરવા વડે,' એમ બોલ્યા એમાં પાપ તો સાફ થઈ ગયા, હવે 'વિસલ્લી કરણેણં'માં નવું શું કરવાનું ? તો કે, 'એ પાપના મૂળભૂત પરપદાર્થની આસક્તિના શલ્યને હટાવવાનું બાકી છે. તેને હટાવવા પડે' એવો 'વિસલ્લીકરણેણં'નો ભાવ છે.

વાત આ છે, હિંસાદિ ને ક્રોધાદિ પાપની ઘૃણા કરવા પર એ પાપોના મૂળમાં પડેલ અર્થાત્ એ પાપોનાં મૂળભૂત કારણ જે દુન્યવી પદાર્થ, એના પર નફરત ઊભી કરો અને એ પદાર્થોની આસક્તિની ઘૃણા કરો.

પેલા શીતલાચાર્યના ચાર ભાણેજ મુનિઓને મામા મહારાજના દર્શન-વંદન કરવામાં વિહારમાં અર્ધો-એક કલાક મોડા પડવાથી રાતભરનો જે અંતરાય નડ્યો, એ અંતરાય-કર્મની પાછળના (૧) દુષ્કૃતની એમને નિંદા-સંતાપ-ઘૃણા થઈ, (૨) એ દુષ્કૃત ઊભા કરનાર પરપદાર્થોની, ને (૩) એની આસક્તિની ઘૃણા થઈ પછી, (૪) એ આસક્તિ છોડતાં છોડતાં એમને અનાસક્ત યોગ લાધ્યો ! એમાં એ વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા !

અલબત આ અનાસક્ત યોગ પામવામાં સ્વદુષ્કૃત નિંદા-સંતાપ-ઘૃણા ઉપરાંત મામા-મહારાજના દીર્ઘ સંયમાદિ સુકૃતો-સદ્ગુણોની અતિશય અનુમોદના પણ

કારણભૂત બની. તેમજ એમનાં દર્શન-વંદનનું મૂલ્યાંકન અને એની ઉત્કટ આશંસા-અભિલાષા પણ કારણભૂત બની; કેમકે એ સુકૃત-સદ્‌ગુણો અને એમનાં દર્શન-વંદન આગળ જગત બેકાર લાગ્યું. પરપદાર્થો યાવત્ પોતાની કાયા અને માન-સન્માન ને અહંત્વ સુદ્ધા બેકાર લાગ્યા અને એની આસક્તિ ઊડી.

(૧) જેમ દુષ્કૃત ગર્હા-સંતાપમાં દુષ્કૃતનાં મૂળભૂત પરપદાર્થ પર ઘૃણા થવાથી એની આસક્તિ ઊડે; એમ સુકૃતની અનુમોદનામાં એ સુકૃતો આગળ મોહમાયાના પરપદાર્થ બેકાર લાગવાથી આસક્તિ ઊડે; (૨) એમ અનાસક્ત યોગ લાધવાથી વીતરાગતા આવે.

આ બન્નેથી ચારે ભાણેજ મુનિઓ તો કેવળજ્ઞાન પામ્યા, ત્યારે બીજી બાજુ મામા મુનિ શીતલાચાર્ય ઊલટી દિશામાં ચાલ્યા છે. તે જુઓ,

મામા મહારાજની ઊલટી વિચારણા :

મામા મહારાજને જાણવા મળ્યું કે, 'આજે ભાણેજ મુનિઓ આવવાના હતા', 'તો કેમ આવ્યા નહિ ?' એની ચિંતામાં પડ્યા. એમાં પછી જાણવા મળ્યું કે 'ધર્મશાળામાં રોકાઈ ગયા છે,' તેથી એમના મનને વિખવાદ થયો. વિચારે છે કે 'ભાણેજ મુનિઓ દૂરથી આવે છે એટલે એમને મારું સ્વાગત જોઈતું હશે, તેથી રોકાઈ ગયા લાગે છે. આ કેવુંક અભિમાન કે હું વડીલ, તે મારા તરફથી પણ એમને સ્વાગત જોઈએ છે ?'

નાનડિયાની આ કેવીક અવિનીતતા !... 'વધુ ભણ્યા હશે પણ મૂળ પાયાનો વિનયભાવ ન ભણ્યા ! ખેર ! સવારે જોઈશું... !'

આમ દુર્ધ્યાનમાં રાત ગાળી, સવારે જુએ છે તો ભાણેજ મુનિઓ આવ્યા નહિ; એટલે મનને થયું કે 'ખેર ! લાવ મને જ એમની સામે જવા દે;' તે આવ્યા ધર્મશાળાએ; પણ જુએ છે તો ચારે મુનિ ઊભા થતા નથી, વંદન કરતા નથી. એટલે એમને લાગ્યું કે' 'આમને ભારે અભિમાન ચઢ્યું લાગે છે, એમને વંદન લેવું છે ? તો કાંઈ નહિ. એ નાદાન થાય તો ભલે થાય. મારે એમને બોધ પાઠ ભણાવવો જોઈએ, તેથી લાવ હું જ વંદન કરું.'

એમ વિચારી એમણે ચારે મુનિઓને વંદન કર્યું અને પછી કહે છે, 'લો હવે તો સંતોષ ને ? તમે વંદન ન કર્યું તો મેં કર્યું.'

એ વખતે ભાણેજ મુનિઓ કહે છે, 'આ તો તમે દ્રવ્ય-વંદન કર્યું; હવે ભાવ-વંદન કરો.'

મામા મુનિ આ સાંભળી ચોંક્યા-'અરે ! આ શું મારા મનની સ્થિતિ જાણે છે ?! પૂછે છે, 'કયા જ્ઞાનથી જાણ્યું કે મારું વંદન ભાવવંદન નથી પણ દ્રવ્યવંદન છે ?'

મુનિઓ કહે છે, 'અપ્રતિપાતી જ્ઞાનથી (અર્થાત્ કેવળજ્ઞાનથી)' .

મામા મહારાજ શ્રી શીતલાચાર્ય સમજી ગયા કે, 'આમને કેવળજ્ઞાન થયું છે,' એટલે પોતે ભારે વિષાદમાં પડ્યા. વિચારે છે કે,

મામા મુનિનો પસ્તાવો :

"અરે ! અરે ! આ મેં શું કર્યું ? શું મેં કેવળજ્ઞાનીની આશાતના કરી ? રાતભર અને અત્યાર સુધી કેવળજ્ઞાની અનંતજ્ઞાની માટે આ મેં કેવું કેવું હલકું વિચાર્યું ? ક્યાં હું દરિયામાં ખસખસ જેટલા અતિઅલ્પ જ્ઞાનવાળો ? અને ક્યાં આ દરિયા જેટલા અનંતજ્ઞાનવાળા ? અનંતાનંત સર્વ જીવો અને અનંતાનંત અણુપરમાણુ સુધીના સર્વ જડ પદાર્થોના સર્વકાળના અનંત અનંત પર્યાયોને આ પ્રત્યક્ષ દેખનારા ! ત્યારે મને મારા માથા પાછળનું ય પ્રત્યક્ષ દેખાતું નથી ! કેટલો બધો હું અબૂઝ અજ્ઞાની ! એવા મેં આ અનંતજ્ઞાની માટે જેમ તેમ હલકું વિચાર્યું ?...."

ધિક્કાર પડો મારા અભિમાનને ! પ્રભુ ! પ્રભુ ! આ મેં શું કર્યું ? વર્ષોની મારી સંયમ સાધના છતાં મારું મિથ્યા અભિમાન ટળ્યું નહિ ? તે હું આવા મહાજ્ઞાનીની આશાતના કરનારો બન્યો ? શેના પર બન્યો ? આ દુનિયાની ખોટી મોટાઈના ખ્યાલ પર ? ખરેખર આ સંસારના મોટાઈ વગેરે ભાવો અને જડ પદાર્થો અસાર છે, ખતરનાક છે; કેમકે અભિમાન-આસક્તિ... વગેરે સંસારના મૂળભૂત કષાયોને પોષનારા છે...

'હાય ! હાય ! એ તદ્દન અસાર ભાવોને મેં મહત્ત્વ આપી સંયમ લીધા પછી પણ પોષ્યા ? ધિક્કાર પડો રે મારા મહાઅજ્ઞાન આત્માને !...' એમ વિચારતાં વિચારતાં એ જગતના પદાર્થો પ્રત્યે અને જાત પ્રત્યે ઘૃણાવાળા બન્યા અને મૂળમાંથી આસક્તિ તોડનારા બન્યા, અનાસક્ત ભાવમાં ચડ્યા, વીતરાગ બન્યા અને તરત કેવળજ્ઞાન પામ્યા !

શું આમ લહેરમાં કેવળજ્ઞાન ? હા,

આસક્તિમાત્ર તોડો, તમને લહેરમાં કેવળજ્ઞાન ! શી રીતે આસક્તિ તૂટે ?

વીતરાગ પરમાત્માને આખા જગત કરતાં અત્યંત શ્રેષ્ઠ અને કરુણાકર માની, સર્વ કરતાં અત્યંત અધિક પ્રિય કરો. જેમ ચાતક પક્ષી આઠ-આઠ મહિના જળ વિના રહી મેઘને જ અત્યંત પ્રિય કરે છે, તેમ. માટે જ કવિ અહીં પ્રભુને કહે છે, ''પીઉ પીઉ કરી તમને જપું રે હું ચાતક તુમે મેહ'' પ્રભુ મારે તો તમે જ પ્રિય છો, તમે જ અતિ પ્રિય છો એમ કહી તમારું રાત દિવસ, ચાતકપક્ષી મેઘનું રટણ કરે એમ, તમારું રટણ કરું છું.

હવે સમજાશે, કે એવું રટણ કરવાથી શું થાય ? કહો, વીતરાગને અતિ-અતિ પ્રિય કરીને રટણ કરતાં કરતાં જગત અકારું લાગે અને જગત પરથી આસક્તિ ઊઠી જાય. એ તો સ્પષ્ટ છે કે સુંદર ફૂલોથી ખીલી ઊઠેલા બાગને અતિપ્રિય કર્યાથી અસાર ઊકરડો બેકાર લાગે. એના પર જરાય પ્રેમ ન થાય, એના પર તો ઘૃણા થાય. એમ પ્રભુને 'હે પ્રિય ! હે પ્રિય !' એમ સંબોધ્યા કરવાથી ઊકરડા જેવા સંસાર પરથી આસક્તિ ઊઠી જાય, તો અનાસક્ત ભાવમાં જવાના પગરણ મંડાય, અરે ! એક લહેરમાં પૂર્ણ અનાસક્ત ભાવ આવી આસક્તિના જાલિમ દુઃખ મીટે; પરંતુ એ અનાસક્ત વીતરાગ પ્રભુના પ્રભાવે બને. તેથી કવિ પ્રભુને કહે છે, **"એક લહેરમાં દુઃખ હરો રે."**

પ્રભુ તમને કશો શ્રમ નથી. એક લહેરમાં સેવકના દુઃખ હરી શકો. પુંડરીક ગણધર સાથે પાંચ ક્રોડ મુનિઓ કાંઈ ગણધર જેવા વિદ્વાન નહોતા, આ બધાય એટલા મોટા ત્યાગી-તપસ્વી નહોતા છતાં પુંડરીક ગણધરની હારોહાર બધાય મોક્ષે શી રીતે ગયા ?

કહો, બધાએ દિલમાં માત્ર શ્રી ઋષભદેવને ધાર્યા હતા, તો પ્રભુએ એમના દિલમાં રહીને એક લહેરમાં, યાને બહુ મહેનત વિના, બધાના દુઃખ હરી લીધા ! અને મોક્ષે પહોંચાડી દીધા !

કવિ કહે છે 'પ્રભુ ! આવું મારે કરો, તો મારો તમારા પર સ્નેહ બમણો વધી જાય.'

કવિ કહે છે 'પ્રભુ ! આપની તાકાત અદ્‌ભુત છે. 'એક લહેરમાં દુઃખ હરો રે' વગર પરિશ્રમે અને વગર વિલંબે સહેજમાં સેવકના દુઃખ હરનારા છો. એટલે એમ મારા દુઃખ દૂર કરો તો આપના પર મારો પ્રેમ બમણો થઈ જાય એવો છે. અહીં પ્રભુને એક લહેરમાં દુઃખ હરનારા કહ્યા, એ પૂર્વ પુરુષોના દૃષ્ટાન્તમાં જોવા મળે છે. અષ્ટાપદ પરના ૧૫૦૦ તાપસને ગૌતમ મહારાજે પ્રતિબોધ કર્યા પછી એ સહેજમાં કેવળજ્ઞાન પામી ગયા હતા ને ? પૂછો,

૧૫૦૦ તાપસોને એક લહેરમાં કેવળજ્ઞાન :

પ્રશ્ન : પરંતુ એ તો ગૌતમ મહારાજે કેવળજ્ઞાન પમાડ્યું કહેવાયને ?

ઉત્તર : ગૌતમ મહારાજે ક્યારે પમાડ્યું ? જ્યારે તાપસો દિલમાં જીવંત કૈલાસનાથને દિલમાં લાવ્યા ત્યારે ને ? જો દિલમાં અરિહંત પ્રભુને ન લાવ્યા હોત, તો કેવળજ્ઞાન થવાનું ક્યાં સસ્તું હતું ? ક્યાં સુલભ હતું ? તાપસોએ દિલમાં પહેલાં મિથ્યાત્વ-અવસ્થામાં હૈયે જે મિથ્યાદેવને રાખ્યા હતા, એ જ રાખી મૂક્યા હોત તો કેવળજ્ઞાન થવાનું રીઢું નહોતું પડ્યું. એ તો મિથ્યાકલ્પિત ભગવાનને પડતા મૂકી

અરિહંતને દિલમાં લાવ્યા, તો જ કેવળજ્ઞાન થયું. માટે અરિહંત જ કેવળજ્ઞાનમાં મુખ્ય કારણ છે. કવિ અન્યત્ર કહે છે ને કે, **"મુખ્ય હેતુ તું મોક્ષનો, ભવિતવ્યતાદિ તુજ દાસો રે."**

અર્થાત્ ભવિતવ્યતાદિ એ કારણ તો ખરા, પરંતુ 'તુજ દાસો રે' અર્થાત્ તારે આધીન રહીને કારણ છે.

આપણે અરિહંતને આધીન થઈ જઈએ, એટલે પાંચ કારણો અનુકૂળ થઈ જાય.

પાંચ કારણો અરિહંતના દાસ છે, એટલે કે અરિહંતને અનુકૂળ થઈ જાય છે ! તમે અરિહંતને વળગો એટલે પાંચ કારણો તમારી સેવામાં હાજર સમજો. સવાલ થાય,

પ્રશ્ન : આપણે અરિહંતને વળગીએ એમાં ભવિતવ્યતા-સ્વભાવ-કાળ-કર્મ-પુરુષાર્થ શી રીતે આપણને અનુકૂળ થઈ જાય ?

ઉત્તર : દેખો, પહેલાં તો એક વાત સમજી રાખો કે આ પાંચ કારણ સ્વતંત્ર છે, અર્થાત્ એકનું કામ બીજું કારણ ન કરી શકે.

દા.ત., કર્મ જે કામ કરે તે પુરુષાર્થ ન કરી શકે. કર્મ સામગ્રી મેળવી આપે છે, જેમકે મનુષ્ય જન્મ, આર્યદેશ, આર્યકુળ, સુદેવ, ગુરુસંયોગ વગેરે એ પુણ્યકર્મ આપે છે, એ વસ્તુ પુરુષાર્થ ન આપી શકે. એ મેળવવામાં ઉપલક દૃષ્ટિએ પુરુષાર્થ કામ કરતો દેખાય, પરંતુ ખરી રીતે ત્યાં પુણ્ય-કર્મની અનુકૂળતા હોય તો જ એ મોક્ષ-સામગ્રી મળે.

એમ જે કામ પુરુષાર્થ કરે, તે કામ કર્મ ન કરી શકે. દા.ત., ધર્મસાધના પુરુષાર્થથી જ થાય, કર્મથી નહિ. કર્મ તો સામગ્રી આપીને ઊભું રહી જાય, પછી કર્મ કાંઈ સાધના ન કરાવી શકે. સાધના તો પુરુષાર્થથી જ થાય.

એવી રીતે જે કામ ભવિતવ્યતા કરી શકે, તે કામ કર્મ ન કરી શકે. એમ કર્મ જે કામ કરે, તે ભવિતવ્યતા ન કરી શકે. દા.ત., પાર્શ્વનાથ ભગવાનના જીવને જન્મે જન્મે કમઠના જીવ તરફથી પીડા આવી, એમાં મુખ્યત્વ પીડાનું કામ કોણે કર્યું ? ભગવાનના આત્માના કર્મે યાને અશાતાવેદનીય કર્મે કર્યું; કમઠે નહિ. કમઠ તો નિમિત્તમાત્ર હતો. પરંતુ પીડા બીજા તરફથી નહિ કિન્તુ કમઠના જીવ તરફથી જ પીડા આવી, એ કામ કર્મનું નહિ પણ ભવિતવ્યતાનું. અશાતા વેદનીય કર્મના માથે એ નથી લખ્યું હોતું કે અમુક જ તરફથી પીડા આવવાની. અશાતા કર્મ પર તો માત્ર એટલું જ લખ્યું હોય કે એ જીવને અશાતા આપે એટલું જ; પછી એ પીડા ગમે તે 'X Y Z' તરફથી આવો, ત્યારે **ભવિતવ્યતાનું કામ પીડા આપવાનું નહિ કિન્તુ ચોક્કસ પ્રકારના સંયોગ મેળવી આપવાનું;** જેમકે પાર્શ્વનાથ

ભગવાનના જીવને ભવે ભવે કમઠના જ જીવનો સંયોગ બની આવ્યો ને પીડા એના જ તરફથી આવી તે ભવિતવ્યતાથી. હવે જુઓ, કાર્ય બનવામાં પાંચ કારણ કામ કરે છે. પરંતુ એ પાંચે કારણો પર અરિહંતનો પ્રભાવ અસર કરે છે.

પ્રશ્ન : પાંચ કારણ પર અરિહંત-પ્રભાવની અસર કેવી રીતે ?

ઉત્તર : (૧) પાંચમાં પહેલું કારણ ભવિતવ્યતા, એટલે હોનહાર બનાવ. જે કાળે જે બનવાનું નિયત હોય, નિશ્ચિત હોય તે. આને 'નિયતિ' પણ કહે છે. દા.ત., તીર્થંકર ભગવાન છેલ્લાં ભવમાં ક્યાંય ભૂલે નહિ. ભુલભાલ ન કરી નાખે; એટલા બધા એ ગુણિયલ અને જાગ્રત હોય છે; છતાં મહાવીર ભગવાને નાલાયક ગોશાળાને તેજોલેશ્યા શિખવી એ ભવિતવ્યતાનો ભાવ કહેવાય, જે હોનહાર બનવાનો હતો માટે બન્યો.

એમ સમરાદિત્યને કોઈ પૂર્વના પોતાના અશાતા કર્મથી પીડા આવવાની હતી, પરંતુ તે અગ્નિશર્માના જ સંબંધથી આવી, એ ભવિતવ્યતા.

આ ભવિતવ્યતા એટલે નિયતિ કહેવાય.

ભવિતવ્યતા પર અરિહંત પ્રભાવ :

આ નિયતિ નિયતાનિયત હોય છે. ચાલુ પરિસ્થિતિમાં અમુક રીતે જ બનાવ બને એટલા અંશમાં નિયત, પરંતુ પરિસ્થિતિ ફર્યા પછી એ રીતે ન બને એ અનિયત. દા.ત., સમરાદિત્યને ચાર ભવ સુધી અગ્નિશર્માના જીવના જ હાથે મૃત્યુ જ થયું એ નિયત નિયતિ; પરંતુ પાંચમાં ભવ પછી એ જ અગ્નિશર્માના જીવથી પીડા તો આવી, પણ મૃત્યુજનક પીડા ન આવી એટલા અંશમાં અનિયત.

(૧) પહેલું કારણ ભવિતવ્યતા :

હવે જુઓ કે ભવિતવ્યતા પર અરિહંતનો પ્રભાવ શી રીતે ? તો કે અરિહંતના પ્રભાવે એ ભવિતવ્યતાના બનાવ અનુકૂળ થઈ જાય છે અથવા કહો જેટલા અંશમાં એ નિયતિ અનિયત છે, એટલા અંશમાં એ અરિહંતના પ્રભાવથી અનુકૂળ બની.

(૨) પાંચ કારણમાં બીજું કારણ 'સ્વભાવ' :

સ્વભાવ એટલે વસ્તુની પ્રકૃતિ, વસ્તુનો સ્વભાવ, દા.ત., માટીનો જ સ્વભાવ કે એમાંથી ઘડો બની શકે. નદીની રેતીનો એ સ્વભાવ જ નહિ; તેથી ગમે તેટલી રેતી ચાકડે ચડાવો, પણ એમાંથી ઘડો બને જ નહિ. એમ ભવી જીવને મોક્ષ-સામગ્રી મળી, પછી સમકિત થાય.... યાવત્ મોક્ષ થાય, એ એનો ભવ્યત્વ સ્વભાવ કહેવાય. ત્યારે અભવી જીવને અભવ્યત્વ સ્વભાવ ગણાય.

આ ભવ્યત્વ સ્વભાવ પાકવા માંડે ત્યારે મોક્ષની નિકટતા થાય. અહીં અરિહંતનો પ્રભાવ આ, કે એ ભવ્યત્વ સ્વભાવને જલ્દી પકાવવા માંડે.

(૩) ત્રીજું કારણ કાળ :

વસ્તુ બનવામાં અમુક કાળ પસાર થાય જ. એ 'કાળ' કારણ કહેવાય. દા.ત., ગર્ભ નવ મહિને જ તૈયાર થાય, ખેતરમાં બી વાવ્યા પછી એ અમુક કાળે જ પાકે. સંસારી ભવી જીવને બધો જ અચરમાવર્તનો કાળ પસાર થયા પછી જ ચરમાવર્ત કાળ આવે અને એમાં જ ધર્મ મળે, એમાં કાળે કામ કર્યું. અચરમાવર્ત કાળને પકવીને ઓછો ન કરી શકાય, એટલો કાળ પસાર કરવો જ પડે એ કાળની વિશેષતા.

અહીં અરિહંતનો પ્રભાવ આ રીતે કામ કરે, કે ચરમાવર્તકાળમાં જીવ અરિહંતને વળગે તો એમના પ્રભાવે હવે કાળ મોક્ષને અનુકૂળ થઈ જાય. દા.ત., મહાવીર પ્રભુનો જીવ ત્રીજા મરીચિના ભવ પછી ગબડ્યો ખરો, પરંતુ સોળમા વિશ્વભૂતિના ભવે અરિહંતના પ્રભાવે એને કાળ અનુકૂળ બન્યો. પરંતુ ત્યાં અંતે પુરુષાર્થ બગાડ્યો, તો પાછા એ ગબડ્યા. એમાં અગણિત કાળ નકામો ગયો, પણ બાવીસમા ભવે અરિહંત-પ્રભાવે કાળને સારો બનાવ્યો, તે ચડતા જ ગયા ચડતા જ ગયા; કહે છે ને કે, **"બાવીસમે નરભવ લઈ, પુણ્ય દશા વર્યા."**

(૪) ચોથું કારણ કર્મ :

જીવને આ જગતમાં સારી-નરસી વસ્તુની પ્રાપ્તિ થાય છે, એ પોતાના પૂર્વના શુભ-અશુભ કર્મના પ્રતાપે થાય છે. ઠેઠ મોક્ષમાર્ગનો ઉચ્ચ પુરુષાર્થ પણ જે મનુષ્ય જન્મમાં જ અને તે ય સંઘયણની અનુકૂળતાએ જ થાય છે, એ મનુષ્ય જન્માદિ બધું કર્મથી જ મળે છે. જીવ ઊંચા પુરુષાર્થથી ઉચ્ચ શુભ ભાવમાં ચડ્યો હોય, પરંતુ જો આયુષ્યનું પુણ્ય-કર્મ થોડું ખૂટતું હોય તો આયુષ્ય પૂર્ણ થવા સુધીમાં અમુક ભાવે પહોંચી અટકી જાય; ઉપરના ગુણસ્થાનકે ન ચડી શકે.

અહીં કર્મ પર અરિહંતનો પ્રભાવ એ પડે, કે તમે અરિહંતને વળગો એટલે નવાં કર્મ એવા સારા ઊભા થાય કે જેના સહારે તમે સારો ધર્મપુરુષાર્થ કરી શકો.

(૫) પાંચમું કારણ પુરુષાર્થ :

પુરુષાર્થ એટલે ઉદ્યમ. તમે જેવો પાપ કે ધર્મનો પુરુષાર્થ કરો, તેવા અશુભ કે શુભ કર્મ ઊભા થાય; એટલું જ નહિ, પરંતુ ધર્મ-પુરુષાર્થથી પૂર્વના અશુભ કર્મનો નાશ પણ થાય. અહીં પુરુષાર્થ પર અરિહંતનો પ્રભાવ એ રીતે કામ કરે કે તમે અરિહંતનું આલંબન ધરો, શરણ પકડો, તો પુરુષાર્થ મોક્ષને અનુકૂળ પુરુષાર્થ થાય.

આમ અરિહંતનો પ્રભાવ પાંચે કારણ પર પડે છે. તેથી અરિહંતનો પ્રભાવ અને અરિહંત એ મોક્ષનો મુખ્ય હેતુ છે અને ભવિતવ્યતાદિ પાંચ કારણ એના દાસ

છે, એની પાછળ મોક્ષને અનુકૂળ થઈ જાય છે.

તેથી કવિ અહીં ચંદ્રપ્રભસ્વામિને કહે છે, **'એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ.'**

પ્રભુ ! તમારે કોઈ કષ્ટ નહિ, મહેનત નહિ, ને સહેજમાં તમે દાસનાં ભવદુઃખ દૂર કરો છો. બસ, તમારી આ દાસ પર મહેર ઊતરે, ને સહેજમાં મારે પાંચે કારણ અનુકૂળ થઈ, મારા ભવસ્થિતિક કર્મ નાશ પામી નિકટમાં હું ભવનાં દુઃખથી મુકાઈ મોક્ષ પામું. માટે પ્રભુ ! મારી પ્રાર્થના છે કે મારા ભવદુઃખ સહેજમાં નિવારો, તો તેથી મારો આપના પર સ્નેહ બમણો વધી જશે. અહીં સવાલ થાય,

પ્રશ્ન : તો શું પ્રભુ ભવદુઃખ ન નિવારે ત્યાંસુધી પ્રભુ પર સ્નેહ નથી વધારવો ?

ઉત્તર : સ્નેહ તો ઘણો ય વધારવો હોય, પરંતુ ભવદુઃખ એટલે કે લાંબી ભવ-સ્થિતિનું દુઃખ, એ ન મિટે ત્યાં સુધી અરિહંત પર એટલી સ્નેહ વૃદ્ધિ જ થતી નથી. એટલા માટે તો પંચસૂત્રકારે

(૧) ચાર શરણસ્વીકાર, (૨) દુષ્કૃતગર્હા અને (૩) સુકૃત-આસેવન.

એ ત્રણ ઉપાય ભવસ્થિતિ પકવવા માટે બતાવ્યા, એમાં શું છે ? આ જ, કે અરિહંત-શરણ આદિથી ભવસ્થિતિ પાકવા માંડે એટલે ભવદુઃખ ટૂંકું યાને ઓછું થતું જાય અને એથી અરિહંત પર ભાવ વધવાથી અધિક ધર્મ-પુરુષાર્થ થાય.

સારાંશ, 'પ્રભુ ! મારા ભવદુઃખ હરો, ઓછા કરો, તેથી આપના પર મારો સ્નેહ-ભાવ-સદ્‌ભાવ-બહુમાન વધી જાય; તો હું અધિક ઊંચા ધર્મ-પુરુષાર્થ કરી શકું.'

આમ, ચંદ્રપ્રભ સ્વામિને વિનંતિ કર્યા પછી હવે કવિ અંતે કહે છે કે,

મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ?
વાચક યશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય, ...આવો..૫

ભાવાર્થ : (હે પ્રભુ ! મોક્ષપદ આપવાની તાકાત જગતમાં જ્યારે આપનામાં જ છે ત્યારે) મને મોડું કે વહેલું આપે જ મોક્ષપદ આપવાનું છે, પછી (એ જલદી આપો) આપવામાં ઢીલ કેમ કરો છો ? વાચકયશ કહે છે કે હે જગતના માલિક (આપ પ્રસન્ન થાઓ) વાસ્તવિક સુખની પ્રાપ્તિ આપની તુષ્ટિ-પ્રસન્નતા-કૃપાથી જ થવાની છે.

વિવેચન : અરિહંત પર સ્નેહ-સદ્‌ભાવ-બહુમાન વધ્યા પછી જિનેશ્વર ભગવાનની કૃપાથી જ ઠેઠ મોક્ષ સુધી પહોંચાય છે, મોક્ષસુખ પ્રાપ્ત થવાનું છે એટલે વહેલા કે મોડા મોક્ષસુખ આપનારા તો અરિહંત જ છે, માટે હે પ્રભુ ! આપ શા માટે ઢીલ કરો છો ? મારા પર 'તૂઠો' તુષ્ટમાન થાઓ...

પ્રશ્ન : વીતરાગ તૂઠે ખરા ? તુષ્ટમાન એટલે તો રાગવાળા બન્યા, વીતરાગ એવા બને ?

ઉત્તર : ના, છતાં અહીં 'તૂઠે'નો ભાવ સમજો,

'તુમ તૂઠે સુખ થાય'- પ્રભુ આપણા પર તુષ્ટમાન થાય અર્થાત્ પ્રભુ આપણને પોતાના જ્ઞાનમાં યોગ્ય લેખે એમ કવિ ઇચ્છે છે. કારણ કે પ્રભુ જેના પર તોષ પામે તેને પ્રભુ મોક્ષના સુખ આપે છે. જેમ શેઠની દુકાનમાં નોકર તો ઘણા હોય, પણ શેઠ જે નોકર પર તુષ્ટમાન થાય, તે નોકરને યોગ્ય જાણીને તેનું પુત્રીના લગ્ન આદિ કાર્ય કરી આપે છે. અહીં શેઠ 'પ્રસન્ન' એટલે કાંઈ એ નોકર સાથે હસી ખીલીને બોલતા ન હોય, પરંતુ પોતાની સમજમાં એને યોગ્ય લેખે એમ પ્રભુ આપણને રાગ ન દેખાડે. વીતરાગ આપણને લાયક સમજે, મોક્ષ માટે યોગ્ય માને, એ આપણી ભગવાનના જ્ઞાનમાં યોગ્યતા દેખાઈ અને તે જ આપણી મોટી લાયકાત ગણાય. તે આવે એટલે પ્રભુ તૂઠ્યા તે થયું, એટલે મોક્ષ આવે.

આપણે બધી વાતમાં વીતરાગને વળગવાનું છે. જે કારણોથી સંસાર છે તેના વિપરીત કારણોથી મોક્ષ છે. આ જ્ઞાન આપનાર અરિહંત છે, તો સંસાર કેમ કપાય ? **અરિહંત અને અરિહંતના શાસ્ત્રોને આગળ કરવાથી સંસાર કપાય.**

જિન-જિનવચનને આગળ કરવાથી કેમ સંસાર કપાય ? આનાં બે કારણ છે,

(૧) સંસાર આપમતિથી અને અજ્ઞાનીઓના વચન પરની શ્રદ્ધાની મિથ્યામતિથી ચાલ્યો આવ્યો છે. એટલે જો જિનને જિનવચનને આગળ કરીએ, તો આપમતિ અને મિથ્યામતિ કપાય; એટલે સહજ છે કે એથી સંસાર પણ કપાય. જિન અરિહંત-વીતરાગ-સર્વજ્ઞને આગળ કર્યા એટલે એમના પર બહુમાન ઊભું કરી નજર સામે એમને આદર્શ તરીકે ધર્યા. એમાં પોતાની અજ્ઞાની જાતને કિંમત વિનાની લેખી, અહંત્વ ઓગાળ્યું. 'જિનવચનને આગળ કર્યું' એટલે મિથ્યાધર્મની શ્રદ્ધા પડતી મૂકી. એમ કરવાથી મિથ્યા શાસ્ત્રોક્ત તત્ત્વો પદાર્થોની મમતા પડતી મૂકી આમ અહંત્વ અને મમત્વ જે સંસારના મૂળ સ્થંભ છે એને પડતા મૂકવાથી સહેજે સંસાર કપાતો આવે.

સારાંશ : જીવને મારનારી છે આપમતિ અને મિથ્યામતિ. મગજમાં એના સ્થાને જિન અને જિનવચનમતિ ગોઠવાઈ જાય તો સહેજે મરવાનું અટકી જીવતદાન મળી જાય.

જિન જિનવચનને આગળ કરવાથી સંસાર કપાવાનું બીજું કારણ બહુ ધ્યાનમાં લેવા જેવું છે, તે આ છે;

(૨) સંસાર પાપાનુબંધોથી અસ્ખલિત ચાલે છે. કારણ એ છે કે પાપાનુબંધો

જીવને એવી કુમતિ-પાપમતિ કરાવે છે, કે જેના પર પાપાચરણો ચાલે છે. એથી સંસાર પોષાયા કરે ને સંસાર વધે, એ સહજ છે. જીવને જે દુન્યવી ધનમાલ-પરિવાર મારે છે, એના કરતાં એના પરની મમતાની કુમતિ તથા કષાયોની કુમતિ વધુ મારે છે. એથી જીવ અઢળક પાપસ્થાનકો સેવીને ભવના ફેરા વધારે છે. હવે જો જીવ જિન જિનવચનને આગળ કર્યા કરે, તો એનો અર્થ એ કે,

(૧) એણે જિન-અરિહંતનું શરણું લીધું. પછી અરિહંત-શરણની આ તાકાત છે કે એ પાપાનુબંધોને તોડી નાખે, કેમકે જિનને એટલે કે અરિહંત-પ્રભાવને મુખ્યતા આપ્યાથી પાપ ઉપાયો પર ઘૃણા થાય કે, 'હાય ! આવા અચિંત્યપ્રભાવી અરિહંતના પ્રભાવથી બધું સિદ્ધ થાય છે, તો મેં એમને છોડી આ પાપ ઉપાયો ક્યાં કર્યા ?' એમ પાપ ઉપાયો પર ઘૃણા થાય, એથી પાપાનુબંધો તૂટે. એટલે જ ભવસ્થિતિ કપાય, ભવના ફેરા ઓછા થાય.

(૨) એમ જિનવચનને આગળ કરવાથી જિનવચને દુષ્કૃતોની ઓળખ કરાવી છે, એટલે એથી દુષ્કૃતોની નિંદા-ગર્હા-સંતાપ ઊભા થયા અને એથી પણ પૂર્વે કરેલા દુષ્કૃતના અશુભ અનુબંધ તૂટે. આમ અશુભ અનુબંધો પાપાનુબંધો તૂટવાથી સંસાર કપાય એ સહજ છે. વાત આ છે, - વાતવાતમાં જિન અને જિનવચનને આગળ કરો.

જિનને આગળ કરવા એટલે શું કરવાનું ?

જિનને આગળ કરવા એટલે વારંવાર પ્રાર્થના કરવાની કે, "હે જિન ! અરિહંત ! હે વીતરાગ સર્વજ્ઞ ! આપ અચિંત્ય શક્તિવાળા છો. હું મૂઢ પાપી છું, ભાવથી અનભિજ્ઞ-અબૂઝ છું; કેમકે અનાદિ મોહથી રંગાયેલો છું. હું ઇચ્છું છું પ્રાર્થું છું કે તમારા અચિંત્ય પ્રભાવથી હું અભિજ્ઞ થાઉં, સજ્ઞાન બનું. હું મહાપાપી છું, સારાસારના હિતાહિતના ને કાર્યાકાર્યના વિવેક વિનાનો છું. મારે તમારો જ આધાર છે, તમારી દયાથી જ મારે તરવાનું છે. તમને પૂર્વે ભજેલા, માટે અહીં સારું પામ્યો છું અને પૂર્વે તમને ભજવામાં જેટલી ખામી રાખેલી એટલી અહીં અનિષ્ટ પ્રાપ્તિ થાય છે. એટલે એ ખામીની એ અધુરાશની પૂર્તિ કરવા માટે અહીં હું તમને ખૂબ ભજું. અહીં સારું મળ્યું એ તમારી દયાથી મળ્યું, ને નરસું મળ્યું એ તમને ભૂલવાથી મળ્યું."

આમ સારામાં પ્રભુની મહેર દયા યાદ કરી અને દુઃખ આપત્તિ નરસામાં પૂર્વની આપણે કરેલી પ્રભુની વિસ્મૃતિ યાદ કરી હવે પ્રભુને ન ભુલાય, એ ઝંખના ઊભી કરી એ પ્રભુને આગળ કર્યા કહેવાય.

એમ વાતવાતમાં જિનવચનને આગળ કરવાના તે આ રીતે કે,

કાંઈપણ સારું કરીએ એમાં આ યાદ કરવાનું કે, 'મારા પ્રભુની આજ્ઞા છે' માટે હું આ કરું છું.' **'ઉપદેશપદ'** શાસ્ત્રે કહ્યું છે - **'આણત્તિ વેયાવડિયં કુજજા'** પ્રભુની આજ્ઞા છે માટે હું સંઘ-સાધુની સેવા વૈયાવચ્ચ કરું છું. એ જ પ્રમાણે 'પ્રભુની આજ્ઞા છે માટે હું દયા-દાન-શીલ-તપ કરું છું, પ્રભુની આજ્ઞા છે માટે જિનભક્તિ સાધુસેવા-ધર્મસાધના કરું છું.' જિન-જિનવચનને આગળ કરવાથી આપણા આત્મામાં યોગ્યતા વધે છે, એ જ આપણા પર ભગવાનની તુષ્ટિ-પ્રસન્નતા વધી ગણાય. નહિતર ભગવાન તો વીતરાગ છે, એ ન રીઝે કે ન રુષે, તેથી એમને વળી પ્રસન્નતા શી ? કે એમને અપ્રસન્નતા શી ? પરંતુ પહેલાં કહ્યું તેમ જેવી રીતે કોઈ શેઠ અમુક નોકર પર બહારથી કશી પ્રસન્નતા નથી દેખાડતો, પરંતુ મનમાં ધારી રાખે છે કે આ નોકર સુયોગ્ય છે, એ જ શેઠની એના પર તુષ્ટિ બની પ્રસન્નતા થઈ ગણાય. એવી રીતે ભગવાન પોતાના જ્ઞાનમાં આપણને જુએ કે આ સુયોગ્ય ભક્ત છે એ જ ભગવાનની આપણા પર તુષ્ટિ કહેવાય, પ્રસન્નતા કહેવાય.

કવિ પ્રભુને કહે છે, 'હે જગધણી ! તુમ તૂઠે સુખ થાય'. આપ જો મારા પર તુષ્ટ થાઓ, અર્થાત્ આપના જ્ઞાનમાં મને સુયોગ્ય સેવક લેખો, તો મારે સુખ થાય અહીં એક પ્રશ્ન થાય.

પ્રશ્ન : જો ભગવાનની તુષ્ટિ-પ્રસન્નતા કૃપા આપણી યોગ્યતા રૂપ હોય તો તે તો આપણી પાસે હોય, પછી ભગવાન પાસે માગવાનું શું રહ્યું ? અને જો વીતરાગ ભગવાન એ આપતા હોય તો પહેલાં થોડી કૃપા, પછી વધારે, પછી વધારે... એમ તરતમતાવાળી કૃપા કેમ આપે ?

ઉત્તર : અહીં જિનશાસનની આ એક મહાનતા ખૂબ સમજવા જેવી છે કે દેવાધિદેવ વીતરાગ અરિહંત ભગવાનની કૃપા અરિહંત પાસેથી નથી મળતી, પરંતુ આપણા દિલમાંથી એ ઊઠે છે. એમ ગુરુની કૃપા પણ આપણા દિલમાંથી ઊઠે છે. તે સારી રીતે, કે **આપણા દિલમાં દેવ-ગુરુને જેટલું ઊંચું સ્થાન એટલી એમની આપણા પર વધારે કૃપા ગણાય.** બીજા શબ્દોમાં કહીએ તો,-

આપણે દેવગુરુનું જેટલું ઊંચું મૂલ્યાંકન કરીએ એટલી ઊંચી કૃપા આપણને મળી ગણાય. ત્યારે પ્રશ્ન થાય,

પ્રશ્ન : જો કૃપા આપણા દિલમાંથી ઊભી કરવાની હોય તો એમાં ભગવાને શું આપ્યું ? એમાં ભગવાનનો ઉપકાર ક્યાં આવ્યો ?

ઉત્તર : ભગવાનનો ઉપકાર એ રીતે કે આપણા દિલમાં દેવગુરુને ઊંચું સ્થાન આપવામાં અર્થાત્ એમના પર ઊંચું બહુમાન કેળવવામાં આપણે એમનું આલંબન લેવું પડે છે. જો એમના બદલે બીજા કોઈ ભળતા દેવદેવી કે ભળતા

માણસનું આલંબન લઈએ, અર્થાત્ બીજા ભળતા પર બહુમાન રાખીએ તો એમાં કાંઈ વળે નહિ, એવું ઊંચું ફળ મળે નહિ. દા.ત.,

તમે હૈયામાં વીતરાગ અરિહંતને બદલે કોઈ મિથ્યાત્વી દેવદેવી પર ઓવારી જાઓ એના પર અહોભાવ ધરો અને એના નામની નવકારવાળી ગણો, તો એનું માલદાર ફળ આવે નહિ. શ્રેણિક સુલસા વગેરેએ દિલમાં વીતરાગ અરિહંત મહાવીર ભગવાન પર અથાગ અને સર્વોત્તમ બહુમાન ધરેલું, માટે જ એ તીર્થંકર નામકર્મની પુણ્યાઈ પામ્યા. એના બદલે એમણે કોઈ રાગ-દ્વેષભર્યા દેવી-દેવતા પર બહુમાન રાખ્યું હોત, તો એ ફળ એ પુણ્યાઈ ન પામત.

આમ મિથ્યાત્વી દેવી-દેવતા નહિ પણ વીતરાગ મહાવીર પરમાત્મા પર અનન્ય બહુમાન ધર્યું. અર્થાત્ બહુમાન ધરવામાં આલંબન મહાવીર પરમાત્માનું લીધું અને ઉચ્ચ ફળ પામ્યા, તો એમાં ઉપકાર મહાવીર પરમાત્માનો ગણાય એ જ પ્રભુની કૃપા થઈ કહેવાય.

દેવાધિદેવ પર બહુમાન ભલે આપણે ધરીએ, કિન્તુ એમાં વડાઈ આપણી નહિ પણ એ આલંબનભૂત દેવાધિદેવની છે. આ વાત ચાલુ વ્યવહારમાં સારી રીતે સમજાય છે. દા.ત., માંદો કે અશક્ત માણસ કોઈના હાથના ટેકે ગિરિરાજ ચડી જાય, તો એમાં એ વડાઈ પોતાની નહિ, કિન્તુ એ ટેકો-આલંબન આપનાર માણસની માને છે. સમજે છે કે જો આમનો ટેકો ન મળ્યો હોત, તો મારાથી કાંઈ ચડી શકાત નહિ.

માતાને જોઈ જોઈ બચ્ચું રાજી થાય છે. એમાં રાજીપો તો ભલે બચ્ચું પોતે ઊભો કરે છે, પરંતુ એ રાજીપામાં કારણભૂત માતા મનાય છે, બચ્ચું પોતે નહિ; કેમકે એ બચ્ચું પોતાના દિલમાં રાજીપો ઊભો કરવા તો ગમે તેટલું તૈયાર હોય, પરંતુ દર્શન જો માતાને બદલે કોઈ બીજી બાઈનું મળે, તો એવો રાજીપો ઊઠે જ નહિ. દર્શન માતાનું મળે તો જ બચ્ચાને પ્રેમ-બહુમાન-રાજીપો ઉચ્ચ કોટિનો થાય છે; માટે પ્રેમ-બહુમાનમાં ને રાજીપામાં મુખ્ય કારણ તરીકે બચ્ચું પોતે નહિ, કિન્તુ માતા જ ગણાય છે.

બસ, એ રીતે આપણને દેવ-ગુરુ પર ઊંચું બહુમાન થાય એમાં મહત્ત્વનું કારણ આપણે નહિ, પણ દેવ-ગુરુ છે. અર્થાત્ ઉચ્ચ પ્રેમ-બહુમાન ઊભું થવામાં વડાઈ આપણી નહિ, પરંતુ દેવાધિદેવ વીતરાગ ભગવાનની છે અને એટલે જ કહેવાય કે એટલી આપણા પર વીતરાગ ભગવાનની કૃપા થઈ. એટલે આ આવ્યું કે બહુમાન ભલે આપણે ધાર્યું, પરંતુ એમાં કૃપા-કરુણા અરિહંતની થઈ ગણાય, ઉપકાર અરિહંતનો થયો ગણાય.

જો કામી માણસ પોતાની પ્રાણપ્યારી પ્રિયાને જોઈ જોઈ રાજી થતો હોય છે અને જો કે દર્શન અને રાજીપો તો પોતે જ પોતાના દિલમાં ઊભો કરે છે, છતાં પણ એમાં ઉપકાર એ પ્રિયાનો માને છે; એને કહે છે કે, ''મને તારા દર્શનથી બહુ આનંદ થાય છે. આમ આનંદ-આનંદ થવામાં તારો બહુ ઉપકાર છે. તું દર્શન આપવામાં મારા પર બહુ ઉપકાર કરે છે.'' ખૂબી જુઓ. પેલી સામે ચાલીને ભલે નહિ આવી હોય, પણ પોતે જ એની સામે ચાલીને ગયો હશે, છતાં ય કહેશે, 'તું મળે છે ને મને આનંદ આપી મારા પર કેટલો બધો ઉપકાર કરે છે !'

એમ વીતરાગ પ્રભુનાં દર્શન-વંદન-પૂજન-સ્મરણથી ભક્તને બહુ આનંદ-આનંદ થાય એમાં વડાઈ પોતાની નહિ, પણ દેવાધિદેવની માને, એમાં શું ખોટું છે ? અરિહંતની આ વડાઈ એ જ એમની કૃપા. એટલે હવે સમજાશે કે આપણા દિલમાં અરિહંતની જેટલી ઊંચી વડાઈ માનીએ, જેટલું ઊંચું મૂલ્યાંકન કરીએ, એમને જેટલું ઊંચું સ્થાન આપીએ એટલા પ્રમાણમાં એમની આપણા પર કૃપા થઈ ગણાય. આ જ હિસાબે કહેવાય કે **દેવ-ગુરુની કૃપા દેવગુરુમાંથી નહિ, કિન્તુ આપણા દિલમાંથી ઊઠે છે; કેમકે આપણા દિલમાં એમને આપણે જેટલું ઊંચું સ્થાન આપીએ એમનું જેટલું ઊંચું મૂલ્યાંકન આપણે કરીએ, એટલી એમની આપણા પર કૃપા થઈ અને ઉચ્ચ ફળ મળે છે.**

એટલે જ યુવાનને કોઈ રૂપાળી પ્રિય કન્યા સાથે સગાઈ થઈ હોય અને એ કન્યાને ઘેર જઈ વારે વારે મળ્યા કરતો હોય, તો અલબત દર્શન તો યુવાન પોતે જ આવીને કરે છે અને પોતે જ આનંદ ઊભો કરે છે પરંતુ છતાં પણ એમાં ઉપકાર કન્યાનો માને છે. આમ જો કન્યાનો પ્રેમી એના દર્શન અને આનંદમાં ઉપકાર કન્યાનો માને એટલું જ નહિ, પણ યુવાન પોતે કન્યાને કોઈ વિશિષ્ટ કિંમતની વસ્તુની ભેટ કરે અને કન્યા એ સ્વીકારે, તો ય જો એ ભેટ સ્વીકારવામાં યુવાન ઉપકાર કન્યાનો માને, તો પછી વીતરાગ અરિહંતનો પ્રેમી વીતરાગ અરિહંત પાસે જઈ એમના દર્શન મેળવે, ને એથી આનંદ આનંદ પામે, એમાં ઉપકાર અરિહંતનો માને એમાં ખોટું શું છે ? તેમજ પોતે વીતરાગની મહા કિંમતી વસ્તુથી પૂજા કરે, પોતે તૈયાર કરાવેલો પોતાના લાખ રૂપિયાનો મુગટ પ્રભુને ચડાવે, એમાં પણ એ ઉપકાર અરિહંત પ્રભુનો માને એમાં ખોટું શું છે ?

પેલો યુવાન કન્યાને આ કિંમતી વસ્તુની ભેટ કરી એમ નથી કહેતો કે, 'જો, મેં તને આ કિંમતી ભેટ આપી એમાં મારો ઉપકાર માન.' પરંતુ એમ કહે છે કે, 'તેં મારી આટલી ભેટ સ્વીકારી એથી તારો ઉપકાર માનું છું.' મોટા રાજાઓ અને અમલદાર સાહેબો કોઈની ભેટ સ્વીકારે ત્યાં ભેટ દેનારો એમનો ઉપકાર માને

છે કે આપે અમારી ભેટ સ્વીકારી અમારા પર ઉપકાર કર્યો છે. અલબત ભેટ પોતે દીધી છે પરંતુ પોતે એમના પર ભેટ દઈ ઉપકાર પોતે કર્યાનું નથી માનતો કે નથી મનાવતો. તો પછી વીતરાગની આપણે મહાપૂજા રચાવીએ, ને કિંમતી આભૂષણ પ્રભુને ચડાવીએ, અરે ! મોટું દેરાસરે ય બનાવી આપીએ, એમાં શું એમના પર આપણે ઉપકાર કર્યો એમ માનવાનું ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૩૩,તા.૨-૫-૧૯૮૭

વાત આ છે કે 'આપણા હૃદયમાં પ્રભુને ભલે ઊંચું સ્થાન આપણે આપ્યું, પરંતુ એમાં અને એથી મળતા ઉચ્ચ લાભમાં ઉપકાર પ્રભુનો જ થયો, કૃપા પ્રભુની જ થઈ'. એમ જ માનવું જોઈએ. માટે કહો,

આપણા દિલમાં દેવ-ગુરુને જેટલું ઊંચું સ્થાન આપીએ એટલી આપણા પર દેવ-ગુરુની કૃપા થઈ ગણાય. પ્રભુ એટલા આપણા પર તૂઠ્યા, પ્રસન્ન થયા ગણાય.

એટલે હવે સમજાશે કે પ્રભુને આપણે વિનવીએ કે, 'પ્રભુ ! મારા પર તુષ્ટમાન થાઓ, મારા પર પ્રસન્ન થાઓ,' ત્યારે મનમાં એમ ભાવવાનું છે કે, 'પ્રભુ ! મારા દિલમાં આવીને આપ ઉચ્ચ સ્થાન પામો, હું પોતે આપને ઉચ્ચ સ્થાન આપું; આપનું હું ઉચ્ચ મૂલ્યાંકન કરું. મને આપની આગળ જગત બેકાર કિંમત વિનાનું લાગો, એટલે જગતના લાભો પ્રાપ્ત થાય ત્યાં પણ મનમાં માન્યા કરું કે આ બધી લીલામાં ખરેખર તો ઉપકાર મારા ભગવાનનો છે. એમના જ ઉપકારથી અહીં સારું બધું પામું છું; તેથી અહીં કિંમત લીલા-સંપત્તિની નથી, પરંતુ કિંમત મારા પ્રભુની છે.

સારાંશ : આપણા દિલમાં પ્રભુને અતિશય આદરથી સ્થાપવાના છે, એવો આદર કે બીજા કોઈ પ્રત્યે એવો આદર ન હોય, ત્યાં ગણધર ગૌતમ સ્વામીજીને યાદ કરવાના. ગુરુ ભગવાન મહાવીર સ્વામી પ્રત્યે એમનો કેટલો બધા આદર ! કેટલું બધું બહુમાન ! આ જ એમનામાં મહાન યોગ્યતા હતી, લાયકાત હતી, અને માનતા કે પોતાના દિલમાં પ્રભુને ઊંચું સ્થાન એ જ પોતાના પર પ્રભુની કૃપા હતી.

વળી દિન પ્રતિદિન આ યોગ્યતા, લાયકાત વધતી રહી છે; કેમકે મહાવીર પ્રભુથી જુદા જુદા જીવો પર થતા ઉપકાર, ને ગામેગામ ને શહેરે-શહેર થતી ધર્મ-પ્રભાવના અને શાસન-પ્રભાવના જોઈ જોઈ ગૌતમ મહારાજનું હૈયું વિશેષ વિશેષ ઊછળતું હતું, "અહાહાહા ! મારા તારણહાર નાથનો વિશ્વ પર આ કેટલો બધો અઢળક ઉપકાર !" પ્રભુ પર આ વધતો જતો આદર-સદ્‌ભાવ એમની લાયકાત

વધારી રહ્યો હતો. એ જ એમના પર પ્રભુની કૃપા વધી રહી હતી.

હવે લાયકાત વધવાનું બીજું કારણ : ગૌતમ મહારાજ વાતવાતમાં પ્રભુને આગળ કરી રહ્યા હતા. મજા જુઓ, પોતે મોટી દ્વાદશાંગીના રચયિતા હતા. એટલે જે સામાન્ય પ્રશ્નોના ઉત્તર તો પોતે સારી રીતે જાણતા જ હતા. એટલે શિષ્યોને અને બીજાઓને પોતે સારી રીતે સમજાવી શકતે, છતાં પોતે એવો પ્રયત્ન ન કરતાં ગુરુ પ્રભુના મુખે ઉત્તરો દેવાય, એ માટે પ્રભુને વારંવાર 'હે ભગવંત !' 'હે ભગવંત !' એમ કહી પ્રશ્નો પૂછતા. આમાં આશય એક જ કે મારા ગુરુનો લોકોમાં પ્રભાવ વધે. આમાં પોતાની જાતને બદલે ગુરુને આગળ કર્યા કરતા એ જ એમની લાયકાત વધતી ચાલી.

સારરૂપે આમાં બે વાત આવી,

(૧) પહેલી વાત આ, કે રોજ ને રોજ ગુરુથી થતી નવનવી ધર્મ-પ્રસારકતા અને ધર્મપ્રભાવકતા એ તથા ગુરુની વધતી કીર્તિ-પ્રતિષ્ઠાએ ગૌતમ મહારાજનો હરખ વધતો રહ્યો. એમાં એમની યોગ્યતા વધતી રહી.

(૨) બીજી વાત આ, કે ''હું મારો પ્રભાવ શાને વધારું ? પ્રભાવ મારા ગુરુનો વધારું. રોજ ને રોજ સભામાં ગુરુ પાસેથી પ્રશ્નોના ઉત્તર કઢાવી લોકોમાં મારા ગુરુનો પ્રભાવ-પ્રતિષ્ઠા વધારું. આવી રીતે ગુરુના પ્રભાવ-પ્રતિષ્ઠા વધારવાના મારા અહોભાગ્ય ક્યાંથી ?'' આમ ગૌતમ મહારાજ પોતાની લાયકાત વધારતા રહ્યા.

શેઠની સમજમાં પેલા નોકરની યોગ્યતા વર્તાતી એ જ શેઠની તુષ્ટમાનતા. એમ અહીં મહાવીર પ્રભુના જ્ઞાનમાં ગૌતમ મહારાજની યોગ્યતા વર્તાતી એ જ પ્રભુની તુષ્ટમાનતા. હવે એમ નહિ પૂછતા કે,

પ્રશ્ન : પણ એમાં તો યોગ્યતા સર્જવાની અને વધારવાની મહેનત તો ગૌતમ મહારાજે પોતે કરી ને ? એમાં ભગવાને શું કર્યું ? ભગવાનની આવી તુષ્ટમાનતામાં તો ગૌતમ કારણ બન્યા, ભગવાન ક્યાં કારણ બન્યા ?

ઉત્તર : ભગવાન કારણ એ રીતે બન્યા, કે પૂર્વે કહેલ બધામાં મૂળ તો ભગવાન જ કારણ છે; કેમકે ગૌતમ મહારાજને એવી ગુરુ-સેવામાં મૂળ આલંબન ભગવાન મળ્યા હતા તો જ એ બધી સેવા કરી શક્યા; મૂળમાં જ જો એવા અનંત ગુણસંપન્ન મહાવીર ભગવાન ન મળ્યા હોત તો ક્યાં આ બધું થવાનું હતું ? એટલે જ જેમ પ્રભુની સેવામાં, એમ પ્રભુની પૂર્વે કહેલી તુષ્ટમાનતામાં મૂળ કારણ પહેલા નંબરે કારણ ભગવાન જ છે. ગૌતમ મહારાજનો ઉદ્યમ તો બીજા નંબરે કારણ છે. આનું કારણ સ્પષ્ટ છે કે મૂળમાં જો આલંબન તરીકે આવા વીતરાગ સર્વજ્ઞ ભગવાન જ ન મળ્યા હોત, તો બીજા સરાગીના આલંબને એવો પુરુષાર્થ જ ક્યાં થવાનો

હતો ? કદાચ થયો હોત તોય ફળમાં હિંગોડા !

પુનરુક્તિનો દોષ વહોરીને આ વાત ફરી ફરી એટલા માટે જણાવવી પડે છે કે આપણી જાતના પુરુષાર્થના હુંપદમાં આપણે વીતરાગ અરિહંત પરમાત્માનો અનન્ય ઉપકાર ભૂલી જઈએ છીએ, અને કોઈક જરાક મોટું સુકૃત કર્યું તો જાતને માન ખટાવીએ છીએ ! 'મેં બે લાખનું દાન કર્યું, મેં સંઘ કાઢ્યો, મેં મંદિર બંધાવ્યું, મેં ઉપાશ્રય ઊભો કર્યો' **આ વાસ્તવમાં ભગવાનને જશ આપવાને બદલે જાતને જશ આપવાનું કરાય છે, એ સન્નેપાતનો ચાળો છે.** જો મૂળ પહેલા કારણ તરીકે ભગવાનનો જ ઉપકાર યાદ હોય, તો એમ કહીએ કે, 'જો ભગવાન જ ન મળ્યા હોત તો મારી શી ગુંજાયશ કે હું આવા સમ્યગ્‌દાન દઈ શકું ? કે આવા સંઘયાત્રા, મંદિર-નિર્માણ, ઉપાશ્રય-નિર્માણ.... વગેરે સુકૃત કરી શકત ?

બસ, રોજ સવારે ઊઠીને વારે વારે ને વાતે વાતે ભગવાનના પરમ ઉપકાર માન્યા કરો; અંતરમાં એની ભારે કૃતજ્ઞતા અનુભવો. વાતે વાતે ભગવાનને ધન્યવાદ આપ્યા કરો અને કૃતજ્ઞતા અદા કરવા શક્ય એટલા તન-મન-ધન અને વચનનો ભોગ આપો. ભોગ આપવામાં તૂટી મરો; તન-મન-ધન-વચનનો ભારે ભોગ આપતા ચાલો. એમ કરીને ય જાતને જશ ન આપતા, પણ ભગવાનને જશ આપજો, ને અપાવજો.

સારાંશઃ

બધે ભગવાનને આગળ કરો, બધેય જાતનું હુંપદ તોડી નાખો. ભલે આપણે જાતે પુરુષાર્થ કરીને દાનાદિ ધર્મ કર્યો, પરંતુ ત્યાં 'આ કાંઈ મારી શક્તિથી નથી થયું, પરંતુ ભગવાનની કૃપાથી થયું છે. ભગવાને જ આ મારી પાસે કરાવ્યું છે. જેમકે સારો મુનીમ શેઠની વતી દાન કરતો હોય, ત્યાં એને કોઈ કહે, 'ઓહો ! ભાઈ તમે સારું દાન કરો છો,' તો એ ઝટ કહેશે, 'ના ભાઈ ! ના, આ દાન હું નથી કરતો, આ તો મારા શેઠ મારી પાસે દાન દેવડાવે છે.' એમ અહીં 'ધર્મ-પુરુષાર્થ હું નથી કરતો, આ તો દયાળુ પ્રભુ મારી પાસે આ પુરુષાર્થ કરાવે છે;' એ અપેક્ષાએ કહીએ.

હવે ત્યાં જો ભગવાનને ભૂલી મનને એમ થાય કે 'આ સુકૃતો હું કરું છું', તો એ દુર્બુદ્ધિ થઈ. આવી દુર્બુદ્ધિ કરાવનાર પાપાનુબંધો છે.

દુર્બુદ્ધિ અનેક પ્રકારની હોય છે, જેમકે કામ-ક્રોધ-લોભાદિ કષાયોની, રૂપ-રસ આદિ વિષયોના રાગની, ધર્મ-અશ્રદ્ધાની.... વગેરે વગેરે બુદ્ધિ એ દુર્બુદ્ધિ છે.

એમ સુકૃતમાં ભગવાનને આગળ કરવાનું ભૂલી જાતને આગળ કરવાની હુંપદની બુદ્ધિ પણ એક દુર્બુદ્ધિ છે.

દુર્બુદ્ધિ કરાવનાર અશુભ અનુબંધ છે. વાતવાતમાં ભગવાનને આગળ કરવાથી ભગવાનને બધે જ મુખ્યતા આપવાથી હુંપદની દુર્બુદ્ધિ કરાવનાર અશુભ અનુબંધ કપાય છે.

હુંપદ મૂકી દેવાથી આપણી લાયકાત વધે છે.

પ્રશ્ન : શું ભગવાન આપણી લાયકાત વધારી આપે છે ?

ઉત્તર : હા. ભગવાન શાસન આપે છે, આરાધનાના માર્ગો બતાવે છે અને વિશેષ તો ભગવાન આપણને આલંબન આપે છે. ત્યાં ભગવાન આપણને ઉપાદેયતાની બુદ્ધિ અને પુરુષાર્થની બુદ્ધિ કરાવી એ વધારવા દ્વારા આપણી લાયકાત વધારી આપે છે. તેમ આપણે વાતવાતમાં દેવ-ગુરુને આગળ કરીએ અને શ્રદ્ધા વધારીએ તો એમાં એમના પર અટલ વિશ્વાસ વધાર્યો, તે આપણી લાયકાત વિકસાવી ગણાય. જેમકે, ચંપા શ્રાવિકાને અકબરે પૂછ્યું કે, 'બાઈ ! આટલો મોટો તપ તારાથી શી રીતે થાય છે ?' તો ચંપાએ જવાબ આપ્યો, **'દેવ-ગુરુના પ્રભાવે.'** પણ એમ ન કહ્યું કે 'મારી શક્તિથી' આપણે અરિહંત પ્રત્યે આ વિશ્વાસ અને સમર્પણ કેળવવાનું છે. તેમાં કૃતજ્ઞતા છે, વાત વાતમાં ને વારે વારે તે કૃતજ્ઞતા આવે તો આપણી લાયકાત વધી કહેવાય...

આ બધી 'વીતરાગ ભગવાન તૂઠે તુષ્ટમાન થાય એના પર' વિચારણા કરી. અહીં કવિ કહે છે, 'હે જગધણી ! ચંદ્રપ્રભ જિનસાહેબા ! તુમ તૂઠે સુખ થાય.' અર્થાત્ 'પ્રભુ તમે તુષ્ટમાન થાઓ તો મારે સુખ થાય.' અર્થાત્ **પ્રભુનો પ્રસાદ મળે તો સુખનો આસ્વાદ થાય.**

પ્રભુ તૂઠે શાનું સુખ ? અર્થાત્ પ્રભુના પ્રસાદે કયા સુખનો આસ્વાદ ? તો કે

(૧) પહેલું સુખ નિશ્ચિન્તતાનું કેમકે અરિહંત સર્વસુખ-સર્વકલ્યાણદાતા છે. એવા અનન્ય અને અચિંત્ય પ્રભાવી અરિહંત પ્રભુ સર્વેસર્વા તુષ્ટમાન થયા પછી કશી વાત-વસ્તુનાં ઊણપની ચિંતા જ રહેતી નથી. દા.ત., વ્યવહારમાં કોઈના પર ચક્રવર્તી સમ્રાટ સર્વેસર્વા તુષ્ટમાન થયા પછી એને કશી વાતની ચિંતા રહેતી નથી, ધાર્યું ઈચ્છ્યું બધું પાર પડે છે. આમાં પછી નિશ્ચિન્તતાનું મોટું સુખ.

(૨) બીજું સુખ નિર્ભયતાનું. સમર્થ મહાસમર્થ અરિહંત પ્રભુ તુષ્ટમાન થયા એટલે પછી કશો ભય રાખવાનો રહે નહિ કે, 'હું નિર્ધન થઈ જઈશ તો ? હું બિમાર પડી જઈશ તો ? હું ક્યાંક ફસાઈ જઈશ તો ? આફત આવશે તો ?... ના, આવો કશો ભય રહે નહિ. અરે ! 'હું દુર્ગતિમાં પટકાઈ પડીશ તો ?' આ પણ ભય રાખવાનો રહે નહિ. આ નિર્ભયતાનું સુખ.

(૩) ત્રીજું સુખ મહાતૃપ્તિનું. અરિહંત ભગવાન તૂઠ્યા તુષ્ટમાન થયા, આપણા

પર સર્વેસર્વા પ્રસન્ન થઈ ગયા. એટલે તો જગતની સર્વશ્રેષ્ઠ વિભૂતિ આપણને અનુકૂળ થઈ ગઈ. પછી બીજી કઈ વસ્તુની અનુકૂળતા કરવાની ઊભી રહે છે ? આ જગતમાં વીતરાગ ભગવાનથી ચડિયાતી તો શું પણ એમની હરોળની કોઈ વસ્તુ જ નથી અને આપણને એવા તુષ્ટ પ્રસન્ન વીતરાગ મળી ગયા છે પછી બીજા કશાની ય ઝંખના જ શાની રહે ? જેને કોહીનૂર હીરો મળી ગયો હોય, એને હવે કાચના ટૂકડાની કે ચાર ફાટલા ચીંથરાની ઝંખના શાની રહે ? એ તો જનમ પૂરતો તૃપ્ત થઈ ગયો. એમ આપણને તુષ્ટ પ્રસન્ન વીતરાગ પ્રભુ મળી ગયા એટલે આપણે તો એવા તૃપ્ત થઈ ગયા કે જગતની કશી ચીજની ઝંખના જ ન રહે. આમ પ્રભુ તૂઠે નિત્ય-તૃપ્તતાનું સુખ થાય.

(૪) ચોથું સુખ જિનવાણીના મસ્ત પાનનું :

પ્રભુ તુષ્ટમાન થાય એટલે ભગવાનની અનંત કલ્યાણકર વાણીનું અમૃત પીવા મળે અને એના પાનનું સુખ અપરંપાર હોય. સમરાદિત્ય કેવળીનો જીવ પહેલા ભવમાં ગુણસેન રાજા; એમના પર વૈરી અગ્નિશર્માએ દેવ થઈને વૈરથી અગ્નિ જળતી રેતી વરસાવી ત્યારે એમણે આ યાદ કર્યું,

'अणोरपारंमि संसारे लद्धं मए अईदुल्लहं अमियमयं जिणवयणं'- અર્થાત્ 'અહો ! અપાર એવા સંસારમાં મને અતિદુર્લભ અમૃતમય જિનવચન મળ્યા !' પછી વિચાર્યું 'તો એ અતિદુર્લભ જિનવચન પામીને હું સફળ કરું !' શી રીતે સફળ થતા હશે ? કહો, એ વચનને અમલમાં ઉતારીને સફળ થાય. ગુણસેન રાજા એ કરી રહ્યા છે. એ જિનવચન શું છે ? તો કે

"खमिअव्वं खमाविअव्वं, उवसमिअव्वं, उवसमाविअव्वं"

અર્થાત્ 'આપણે બીજાને ક્ષમા આપવી અને બીજાની ક્ષમા માગવી. આપણે ઉપશાંત થવું અને બીજાને ઉપશાંત કરવા.' આમાં ક્યાંય ક્રોધ કરવાની કે ઉકળાટ કરવાની વાત નથી, એટલે ગુણસેન રાજા આ જિનવચનને અમલી કરવા નક્કી કરે છે કે મારે રેતી વરસાવનાર પર ક્રોધ, દ્વેષ, ધમધમાટ કશું નહિ કરવાનો. વળી આ જિનવચનના પાલનમાં અત્યંત આનંદ માનવાનો. આ આનંદ આ સુખ જિન તૂઠ્યા પર થાય. કેમકે જિનેશ્વર ભગવાને આ ક્ષમાનાં-ઉપશમનાં વચન આપ્યા, એ જ એમની તુષ્ટિ-પ્રસન્નતા. 'જિન તૂઠે સુખ થાય', 'જિનેશ્વર ભગવંતે આ અણમોલ વચન આપ્યા એ એમની તુષ્ટિ થઈ ને મને એ મળી, તેથી સુખ થાય છે.

(૫) પાંચમું સુખ ઉચ્ચ નિશ્રા મળ્યાનું છે.

જીવન જીવતાં માથે જો સારાની નિશ્રા હોય, એટલે કે સારાને આશ્રિત હોઈએ, સારાને આધીનતા-આધીનપણું હોય, તો સામાન્ય સુખ નહિ પણ મહાસુખ

થાય છે. પત્નીને સારા પતિની નિશ્રા હોય, શિષ્યને સારા ગુરુની નિશ્રા હોય, પુત્રને સારા પિતાની નિશ્રા હોય, દિવાનને સારા રાજાની નિશ્રા હોય, નોકરને સારા શેઠની નિશ્રા હોય તો એ સુખરૂપ બને છે. આ નિશ્રા એટલે આધીનતા. નિશ્રાવાળો માણસ જેને નિશ્રિત-આશ્રિત હોય એને સર્વેસર્વા આધીન હોય છે. વાતવાતમાં એને પૂછે અને એ કહે તેમ જ કરે. જે વડીલની નિશ્રા માથે રાખી છે, એ વડીલની આજ્ઞા,માર્ગદર્શન, ઇચ્છા.. બધુ માથે ચડાવે.

હવે જો આપણે ભગવાનની નિશ્રા માથે રાખી, તો બધું ભગવાનની આજ્ઞા મુજબ જ કરવાનું અને એમાં ખુશ રહેવાનું. ભગવાન તૂઠે ક્યારે ? તો કે આપણે ભગવાનની નિશ્રા માથે ચડાવીએ, તો આપણે ભગવાનને સર્વેસર્વા આધીન થઈ ગયા. પછી આપણી ચિંતા બધી ભગવાનના માથે રાખી, ચિંતા આપણે નહિ કરવાની, આપણે તો એમની આજ્ઞા જ જોવાની; અને આજ્ઞામાં ચાલીએ એમાં કોઈ કષ્ટ-આપત્તિ જોવા મળી, તો આપણે તો ખુશી જ માનવાની કે મારે પ્રભુ-આજ્ઞા માથે છે, એટલે મારે કશું દુઃખ નથી. સુશીલ પત્ની પતિના કહ્યામાં રહેતી હોય, એમાં ક્યારેય કોઈ કષ્ટ આવે, તો એ મનને કશું દુઃખ માનતી નથી. સીતા રામને નિશ્રિત હતી અને રામની સાથે વનવાસમાં જવાનું આવ્યું. તો જરાય એના મનને કચવાટ ન થયો. એ આનંદથી વનમાં સાથે ગઈ ને પતિની નિશ્રામાં એ મહાઆનંદ માનતી. એમ આપણે પ્રભુની નિશ્રામાં કદાચ કષ્ટ આવે, આફત આવે, તો ય આપણને મહાઆનંદ થાય; કચવાટ ન થાય માટે પ્રભુને કહીએ છીએ, 'તુમ તૂઠે સુખ થાય.'

'તુમ તૂઠે સુખ થાય' એમાં 'સુખ' શબ્દના આવા તો બીજા કેટલાય ભાવ નીકળે; પણ એ બધા સુખના મૂળમાં, કવિ કહે છે, 'અરિહંત ભગવાન ચંદ્રપ્રભ સ્વામીની તુષ્ટમાનતા કારણભૂત છે.'

સારું કલ્પિત પણ માનવામાં લાભ :

'વીતરાગ ભગવાન તુષ્ટમાન થાય કે નહિ ?' એ સવાલ બાજુએ રાખી, આપણે જો આપણા મનમાં માનીએ કે ''અહો ! અહો ! પ્રભુની મારા પર કેટલી બધી મહેરબાની છે ! કેટલી બધી કૃપા છે ! પ્રભુ મારા પર કેટલા બધા તુષ્ટ થયા છે કે મને સારું સારું મળ્યા જ કરે છે ! નહિતર એ મેળવવાની મારી શી લાયકાત હતી ? કેમકે હું રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, ઈર્ષ્યા-અભિમાન... વગેરે કેટકેટલા દોષોથી ભરેલો છું ! બિન-લાયકને કુદરત શાની બધી અનુકૂળતા કરી આપે ? પરંતુ હકીકતમાં મારે પાર વિનાની અનુકૂળતાઓ છે, એ મારા પ્રભુની દયાથી જ છે.

પ્રભુ ! તમારી તુષ્ટમાનતાથી જ મારે બધું સારું સારું બની આવ્યું છે, ને હજી પણ સારું સારું બનતું આવે છે. નાથ ! આપની કેટલી બધી અપાર કરુણા !" આમ જો આપણે ભગવાનમાં કરુણાનો આરોપ કરીએ તો નુકસાન શું ? અને નુકસાન નહિ, પણ આપણને મહાલાભ એ થાય કે- (૧) આપણે જડ જગતને આધીન થવાને બદલે, ને (૨) જગતના આશ્રિત ઓશિયાળા બનવાને બદલે પ્રભુને સર્વેસર્વા આધીન-આશ્રિત-ઓશિયાળા થઈ જઈએ.

રામાયણ કલ્પિત હોય તો ય...

કેટલાક લોકો આજે રામાયણને કલ્પિત કહે છે. એને આપણે કહીએ કે માનો કે, રામાયણ કલ્પિત હશે, પરંતુ લોકોએ એને સત્ય કહીકત માની લીધી, રામાયણના સત્ પાત્રોને ખરેખર વાસ્તવિક થયેલા માની લીધા અને એમના આચરણને એને ગુણોને ખરેખર બનેલી હકીકત માની લીધી, ને પોતાના જીવનમાં ઉતારવા પ્રયત્ન કર્યા, તો લોકોને શું નુકસાન થયું ? કહો, નુકસાન કશું નહિ. ઊલટું જીવન સુધારવાના મહાન લાભો થયા ત્યારે તમે 'રામાયણ કલ્પિત કલ્પિત' એમ પોકાર્યા કરો એમાં તમને અને જનતાને લાભ શો કરો છો ? ઊલટું તમારા વચનથી જનતામાં કોઈક મુગ્ધ જીવોને બુદ્ધિભેદ અને શ્રદ્ધાભેદ થાય છે કે, 'હાય ! ત્યારે જો રામાયણનું આવું કશું બનેલું નહિ, તો મૂકો એને માનવાનું,' એ કરી એમાંથી પ્રેરણા લેતા અટકી જાય, એટલે લોક બોઘા ને બોઘા જેવા રહે.

માનો કે રામાયણ કલ્પિત હોવાની વાત સાચી પણ હોય, તો પણ સાચું બધું જ બોલવા લાયક નથી હોતું. દા.ત., પત્ની જાણતી હોય કે મારો પતિ સદાચારી નથી, છતાં શું પોતાના બાળકને એમ એ કહેશે ખરી કે 'લોકો ભલે તારા બાપને સદાચારી કહે, પરંતુ તારા બાપ ખરેખર સદાચારી નથી ?, અને પુત્રને જો એવું કહે, તો શું પોતાને લાભ થાય ખરો ? કે એથી ઊલટું, પુત્રને એમ કહે, 'જો તારા બાપા મહાન પુરુષ છે, સદાચારી છે, એમને તું દેવ જેવા માનીશ અને એમનો ખૂબ ખૂબ વિનય કરીશ. એમની બધી આજ્ઞા માનીશ, તો તું સુખી થઈ જઈશ' જો પુત્રને માતા આવું કહે એ વાજબી ? ને એનાથી પુત્રને લાભ થાય ? કે બાપની સાચી ઓળખ કરાવવાથી લાભ થાય ?

વાસ્તવમાં સાચું તે છે કે જે બોલવું પોતાને અને પરને આત્મિક લાભમાં ઊતરે.

એટલે જ 'અરિહંત ભગવાન મારા પર અપરંપાર મહેર કરે છે, કરુણા કરે

છે. એમની દયાથી જ ઠેઠ નિગોદમાંથી નીકળી હું આટલે ઊંચે સુધી આવ્યો છું,'- એમ માનવું-બોલવું એમાં કશું નુકસાન નથી; બલ્કે એથી પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા દાખવવા માટે મોટા ભોગ આપીને પ્રભુભક્તિ કરવાનો ઉત્સાહ બન્યો રહે છે. એથી તન-મન-ધનથી ભારે ભોગ આપીને અરિહંત ભગવાનની ભક્તિ કરતા રહેવાશે. એ જોઈને સંતાનોને અને બીજાને પણ સાચી અરિહંત-ભક્તિ કરવાની પ્રેરણા મળશે.

આમાં શું ખોટું છે કે આપણે માનીએ અને બોલીએ કે, 'વીતરાગ પ્રભુ તુષ્ટમાન થાય છે ?' અને માનવા-બોલવા ઉપરાંત પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા આદરીએ, બીજાઓને અરિહંત ભક્તિમાં જોડીએ...આમાં ખોટું શું થયું ? કશું જ નહિ. એટલે પ્રભુને કવિ કહે છે, 'તુમ તૂઠે સુખ થાય.'

પ્રભુ ! તમે મારા પર તુષ્ટમાન થાઓ છો મારા પર પ્રસન્ન થાઓ છો, મારા પર દયા કરો છો, એટલે મારે કેઈ પ્રકારના સુખ થાય છે,... યાવત્ ચરમ અનંત સુખ થાય છે.

આ કહેનાર ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ મહાન નૈયાયિક તાર્કિક ભેજાવાળા હતા, એ ન ભૂલશો. પૂર્વાચાર્ય 'ઉપમિતિ' શાસ્ત્રકાર સિદ્ધર્ષિ ગણી મહારાજ અરિહંત પ્રભુની અપરંપાર કરુણા કહે છે.

ખુદ ગણધર ભગવાન કહે છે,

'ચઉવીસંપિ જિણવરા તિત્થયરા મે પસીયંતુ' તીર્થંકર ચોવીસ જિનવર પણ મારા પર પ્રસન્ન થાઓ. અલબત આ પ્રસન્નતા દુનિયાના રાગી દ્વેષી માણસના જેવી પ્રસન્નતા નથી, કિંતુ તાત્ત્વિક પ્રસન્નતા છે એટલે આપણે 'પ્રભુની પ્રસન્નતા-દયા તો કલ્પિત છે' એમ માનવાનું નથી, પરંતુ સાચી દયા માની પ્રભુને પ્રાર્થના કરતા જ રહેવાનું કે, 'પ્રભુ મારા પર દયા કરો, કૃપા કરો, જેથી મારો ઉદ્ધાર થાય.'

'પ્રભુ દયા કરે છે કે નહિ' એ ચર્ચા બાજુએ મૂકી, એ વિચારો કે જે એમ માને છે કે 'પ્રભુ દયા કરે જ છે,' અને એમ માની પ્રભુને વારંવાર યાચે છે કે,'પ્રભુ મારા પર દયા કરો,' એનું પોતાનું દિલ પ્રભુ પ્રત્યે કેવુંક થાય છે ? પ્રભુના સામે અભિમાનવાળું ? કે નમ્રતાવાળું અને સાચું શરણ સ્વીકારનારું ?

પ્રભુ પ્રત્યેની આ નમ્રતા અને પ્રભુનાં શરણનો સ્વીકાર પંચસૂત્રકારે કહ્યો છે. એ એમણે મૂકેલી પ્રાર્થનામાં જોઈ શકાય છે. એમણે કહ્યું છે,

''મૂઢે અસ્મિ પાવે, અણાઈ મોહવાસિએ,
અણભિન્ને ભાવઓ; અભિન્નેસિઆ.

અર્થાત્ પ્રભું હું પાપી છું. અનાદિ મોહથી વાસિત છું, મોહથી ભાવિત છું,

(વિચારો આવે છે તે મોહથી ખરડાયેલા આવે છે તેથી) ભાવથી યાને પરમાર્થથી વસ્તુ સ્થિતિએ અનભિજ્ઞ છું, અબુઝ છું, (પ્રભુ ! આપને પ્રાર્થના કરું છું કે આપની દયાથી) હું અભિજ્ઞ થાઉં સજ્ઞાન થાઉં'' આમાં ભગવાનને પોતાની પાપિતા, અધમ મોહવાસિતતા અને અબુઝતા કહીને પોતની નમ્રતા દર્શાવી. ક્યાં પ્રભુ તમે પરમ પવિત્ર ? વીતરાગ ? અને અનંત જ્ઞાની ? અને ક્યાં હું પાપી મોહભર્યો ? અને સરાસર અજ્ઞાન અબુઝ ? ભોટ અને બુડથલ ? આપની આગળ ઊભવા લાયક નથી એટલો હું હલકો છું, નીચો છું. પ્રભુને આપણો આ ભાવ દેખાડીને શું કરી રહ્યા છીએ ?

(૧) સો ટચના અત્યંત શુદ્ધ સોના સામે સાવ અશુદ્ધને તદ્દન મલિન કથિર જેવું લોઢું શી રીતે રોફ મારી શકે ? એમ.

(૨) સાવ મોહઘેલી રમત કરનારો બાળક દા.ત., લોકના પેસાબવાળો રેતીનો ઢગલો વરસાદથી ભીનો થયો હોય એમાં ઘર બનાવી રમત રમનારો બાળક એ મોટા વિવેકી અને જિનમંદિર ધર્મશાળા આદિ સમ્યગ્જ્ઞાન પ્રેરિત સુંદર ધર્મસ્થાનો ઊભા કરનાર પ્રૌઢ પુરુષની સામે શો રોફ મારી શકે ? કે મેં તમારા કરતાં બહુ સારું બનાવ્યું ? એમ-

(૩) એકડે એક ઘુંટનાર બાળક મહાપંડિત કે પ્રોફેસર સામે શો રોફ મારી શકે ?

સારાંશ: આ ત્રણ જાતના દાખલામાં બાળક નમ્રતા જ રાખી શકે, એમ અહીં ત્રણ જાતની અધમ કક્ષાઓ, સરાસર પાપલિપ્તતા, મોહવાસિતતા અને અબુઝતાવાળો આપણો જીવ અત્યંત પાપવિનિર્મુક્ત શુદ્ધતા, જ્ઞાન યોગ પ્રવર્તકતા અને અનંતજ્ઞાન સંપન્નતાવાળા ભગવાનની અપેક્ષાએ અધમકક્ષામાં રહેનારા હોવાથી પ્રભુ આગળ નમ્રતા કેમ ન રાખી શકીએ ?

'પ્રભુની આપણા પર કરુણા વરસે જ છે,' એમ માનવામાં પ્રભુ કરુણા ખરેખર કરનાર હોય કે કલ્પિત કરુણા, પરંતુ આ કરુણાની માન્યતા આપણા દિલને પ્રભુ પ્રત્યે નમ્ર બનાવે છે, એમ પ્રભુનું શરણ પકડાવે છે. પૂછે,

પ્રશ્ન : પ્રભુની દયા માની એમાં પ્રભુનું શરણ પકડ્યું શી રીતે કહેવાય ?

ઉત્તર :- પ્રભુની દયા માનવામાં જે કાંઈ સારું પ્રાપ્ત થયું એ પ્રભુની દયાથી પ્રાપ્ત થયું એવું હૃદયથી માનવામાં હૃદયને એ નિર્ણય થાય છે કે, ''મારે કાંઈક ઈષ્ટ જોઈતું હોય તો પ્રભુની દયાથી જ ઈષ્ટ મળવાનું, એમ કાંઈક અનિષ્ટ ટાળવું હોય તો પ્રભુની દયાથી જ અનિષ્ટ ટળવાનું; એ ચોક્કસ વાત છે. તેથી ઈષ્ટ-અનિષ્ટ બન્ને પ્રસંગમાં મારે તો પ્રભુનું શરણ છે.''

આમ સારું મળવામાં કે નરસું ટળવામાં પ્રભુની દયા પ્રભુનો ઉપકાર

માનનારને શી ખોટ આવી ? શું નુકસાન થયું ? પૂછો,

પ્રશ્ન : પ્રભુની દયા પર જીવે, દયા પર આધાર રાખે, એ પછી પુરુષાર્થહીન એદી ન બની જાય ?

ઉત્તર : તો પછી એના પર તો આ પ્રશ્ન થાય છે કે જો પ્રભુની દયા ન માને, પ્રભુનો ઉપકાર ન માને તો શું એ નિમકહરામ ન થઈ જાય ? નગુણો ન થઈ જાય ? ઉપકારીનો ઉપકાર ન માને એ નગુણો કહેવાય. આજના કેટલાક છોકરા આવા થઈ ગયા છે ને ? માતા પિતાનો ઉપકાર માનવા તૈયાર નથી, એમ પ્રભુનો ઉપકાર ન માને એ પણ શું નગુણા ન કહેવાય ? બાકી પ્રભુનો ઉપકાર માનનારા પુરુષાર્થહીન નથી હોતા, પરંતુ પુરુષાર્થી જ હોય છે; અલબત ઘરાક સાથે જૂઠ-અનીતિ-વિશ્વાસઘાત વગેરે પાપોના પુરુષાર્થ નથી કરતા; કેમકે માને છે કે, 'આપણે સીધી લાઈન પર ચાલો, પ્રભુની દયાથી જોઈતું મળી જ રહેવાનું છે. એ પ્રભુની દયા માટે આપણે તો પ્રભુની ખૂબ ભક્તિ અને પ્રાર્થના કરો કે પ્રભુ તમારા અચિંત્ય પ્રભાવે મારે ઈષ્ટફળ સિદ્ધિ થાઓ.' આમ આમ પ્રભુની સારી ભક્તિપૂર્વક પ્રભુ પર પાકા વિશ્વાસથી પ્રભુ પાસે ઈષ્ટ કાર્ય સિદ્ધ થવાની પ્રાર્થના કરે છે, ને એને ઈષ્ટ કાર્ય સિદ્ધ થાય છે. આમાં પુરુષાર્થહીન થવાની વાત જ ક્યાં આવી ? એમ કહો, સફળતા ન દેખાઈ, તો પાપના પુરુષાર્થ નહિ વધારે, પરંતુ પ્રભુ-ભક્તિના પુરુષાર્થ જરૂર વધારશે.

સુદર્શન શેઠના જીવ નોકરને શેઠે સમજાવી દીધું કે, આ 'નમો અરિહંતાણં'માં તો જનમ-મરણની ઠંડી ઉડાડી દે; કેમકે આકાશમાં ઊડી જાય એવા મોટા મહારાજ જો મંત્ર આપે તો એ સામાન્ય મંત્ર, યાને હવાની ઠંડી રોકે એટલો જ મંત્ર થોડો જ આપે ? એવા લબ્ધિધર મહાત્મા આપવા બેસે ત્યારે કોઈ મહાન સિદ્ધિ કરનાર મંત્ર આપે. એટલે આ તો દુઃખભર્યા સંસારમાં વારે વારે જનમ મરણ ન કરવા પડે એવો મંતર તને આપ્યો છે, એમ સમજી રાખજે, અને એના પર ખૂબ શ્રદ્ધા રાખી એનું રટણ કરતો રહેજે.'

બસ, શેઠની વાત એના મનમાં ઊતરી ગઈ. એણે પોતાના દિલમાં એના પદ ઉપર ભારે શ્રદ્ધા વધારી દીધી એના મનને એમ થાય થે કે, 'હાં હા પ્રભુ ! તમે મારા ઉપર કેટલી બધી દયા કરી ! અહોહો ! આવો મંત્ર મને આપી દીધો ? ત્યારે આ કેટલો બધો ઊંચો મંત્ર !'

આ પોતાના હૈયામાં ઊછળતા ભાવમાં એ કેટલા અથાગ પુણ્ય ઉપાર્જી રહ્યો છે ! એ પછીના ભવ સાથે વિચારજો. સુદર્શન શેઠના ભવમાં ઉચ્ચ કુળ, ધર્મિષ્ઠ માતા પિતા, જનમથી મહાસંપત્તિ, દેવ-ગુરુનો યોગ... વગેરે તો ઉચ્ચ સામગ્રી

મળી જ; ઉપરાંતમાં મનનું સત્ત્વ કેટલું બધું જોરદાર મળ્યું છે ? આ બધું ઊંચી કોટિના પુણ્ય વિના થોડું જ મળે ? એમ 'નમો અરિહંતાણં' પદ ઉપરની અથાગ અપરંપાર શ્રદ્ધા અને રટણાએ અંતરાત્મામાં શુભ અનુબંધ શુભ સંસ્કાર કેટલા બધા નાખ્યા ! અને તે પણ કેવા જોરદાર નાખ્યા હશે ! કે સુદર્શન શેઠના ભવમાં એ કેટલીય ઊંચી સુંદર શ્રાવક ધર્મની સાધના કરે છે ! એમાં એ પર્વ-તિથિએ પૌષધ-ઉપવાસ કરી નગરની બહાર શૂન્ય ઘરમાં પ્રતિમા કાયોત્સર્ગ ધ્યાને રહે છે ! જેમાં અભયા રાણીનો ઉપદ્રવ આવે છે,... યાવત્ શૂળિએ ચડવાનું આવે છે ! છતાં લેશ પણ બ્રહ્મવ્રત, અહિંસાવ્રત અને પ્રતિમાવ્રતથી ચલાયમાન થતા નથી.

આ બધો કોનો પ્રતાપ ?

કહો, પૂર્વે પોતાના દિલમાં ધરેલી 'નમો અરિહંતાણં' પદ પરથી અથાગ શ્રદ્ધા અને રટણાનો તથા એ ભવમાં પાણીના પૂરમાં લાકડાના ખૂંટામાં પરોવાઈ જવાનું આવ્યું તો પણ સત્ત્વ અખંડ રાખી 'નમો અરિહંતાણં'ની રટણા ચાલુ રાખવાનો પ્રતાપ.

વાત આ છે, 'વીતરાગ પ્રભુ કરુણા કરે છે કે નહિ' એ ચર્ચા બાજુએ રાખી. આપણા દિલમાં પ્રભુની કરુણા પર ભારે ઈતબાર, ભારે શ્રદ્ધા અને ભારે બહુમાન રાખી ઈષ્ટ-પ્રાપ્તિમાં અને અનિષ્ટ-નિવારણમાં ભગવાનની દયા કારણભૂત માની ભગવાન પ્રત્યે આભાર માનવાનું, કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું કરતા રહો, "પ્રભુ તમારી બહુ દયા ! તમારો કેટલો બધો ઉપકાર ! કે મારે આ મનગમતું બની આવ્યું; મારે અણગમતું અનિષ્ટ ટળ્યું. તમારો પ્રભુ ! ખૂબ ખૂબ આભાર માનું છું !" આમ હૈયે પ્રભુની દયા વસાવી પ્રભુનો આભાર માન્યા કરીએ એમાં આપણું જાય શું ? શું બગડે ? મહાન આત્માઓ જ્યારે એથી જ ઊંચે આવ્યા છે, તો આપણે અથાગ અપરંપાર પ્રભુ-દયા પર જોરદાર શ્રદ્ધા કરી પ્રભુનો વારંવાર કેમ આભાર ન માનીએ ? ને એમ આપણે પણ કેમ ન ઊંચા આવીએ ?

'વીતરાગ દયા નથી કરતા એવું તર્કથી સિદ્ધ થાય છે,' આવું દોઢ ડહાપણ કરવાથી અને દિલમાં પ્રભુની દયા પર શ્રદ્ધા ન ધરવાથી આપણે કયું મોટું કલ્યાણ પામી જવાના ?

દેવપાલ એક ઢોર ચોરનારો નોકર જેને જંગલમાં ઋષભદેવ ભગવાનની પ્રતિમા મળી. તે એની જોરદાર ઉપાસનામાં લાગી ગયો તો એ જ ભવમાં એ જ નગરનો રાજા થઈ ગયો ! અને એને રાજાની કન્યા પરણવા મળી ! ખુબી કેવી થઈ કે આ રાજા-રાણી એક વાર નગર બહાર વનમાં ગયા છે. ત્યાં એક ભીલ-ભરવાડ જેવા માણસને જોઈ રાણીને જાતિસ્મરણ (પૂર્વ ભવનું) જ્ઞાન થાય છે અને

એ માણસને પૂર્વ ભવમાં પોતાના પતિ તરીકે જુએ છે પછી એને કહે છે,

'મહાનુભાવ ! આ તું શું કરે છે ? તું વીતરાગ પ્રભુના ધર્મની આરાધના કર, એ પ્રભુની ખૂબ ખૂબ પૂજા ભક્તિ કર.'

ત્યારે પેલો કહે, 'હું એવું કશું માનતો નથી.' ત્યારે રાણી કહે 'ભલા આદમી ! એ તો જો કે હું તારી પૂર્વ ભવે પત્ની હતી. આપણને નદીના વહેણમાંથી ભગવાનની પ્રતિમા મળી. મારા દિલમાં ભગવાન પ્રત્યે ખૂબ ભક્તિ બહુમાન ઊછળ્યું. મેં તને પ્રભુ-ભક્તિ કરવા સૂચવ્યું; પણ તેં તો ઊંધા લવારા જ કર્યા કે, "હું આને કાંઈ ભગવાન માનતો નથી, આ તો પત્થર છે, આને પૂજવાથી શું થાય ?"

મેં તને ખૂબ સમજાવ્યો કે, "આવું ઊંધુ ન બોલાય, પાપ લાગે. આ તો મોટા ભગવાન છે એમની દયાથી આપણે જીવી શકીએ છીએ એમની ખૂબ ભક્તિ કરીએ તો આપણે આ પ્રભુની દયાથી સારી ગતિ અને ખૂબ સુખ પાણીએ."

આ તેં માન્યું નહિ એટલે હજી ભટકતો છે, ને મેં ભગવાનની ખૂબ ભક્તિ કરી, તો પ્રભુની દયાથી હું આ રાજાની પટ્ટરાણી થઈ છું, ને તું હજી આ દુર્દશામાં છે. માટે હવે ભગવાનની ભક્તિમાં લાગ."

રાણીએ ઘણુંય સમજાવ્યો પણ પેલો ભારે કર્મી હતો, ન માન્યો તે ન જ માન્યો. એ 'મૂર્તિ તો પત્થર છે એને ભગવાન માનવાથી અને પૂજવાથી શું વળે ?' એવું માનતો રહ્યો તો શું પામ્યો ? એના આત્માનો શો ઉદ્ધાર થયો ? મૂર્તિ હકીકતમાં ખરેખર ભગવાન નથી એવો સિદ્ધાન્ત બાંધી બેસે એ શું ખાટી જાય ? ત્યારે આની ભાંજગડમાં પડ્યા વિના એનો વિચાર કર્યા વિના મનમાં ખરેખર માની લીધું કે, 'મારે તો આ સાચેસાચ ભગવાન જ છે' અને પછી એમની પૂજાભક્તિ વંદન ગુણગાન વગેરે કર્યે જાય, તો એથી મોટો લાભ એક આ છે, કે ભગવાન હાજરાહજુર દેખવાથી ભગવાનનો વિનય કરવાનો મહાન લાભ મળે છે. એક સામાન્ય સાધુનો વિનય પણ જો મહાન લાભ આપે છે, તો પરમગુરુ પ્રત્યે આપણા દિલમાં વિનયભાવ આવે, એ કેટલો બધો મોટો લાભ આપે ? તો વિચારો લાભ શેમાં ? 'મૂર્તિને અરિહંત માની એ અરિહંતનો વિનય ધર્મ કમાવવામાં લાભ ? કે મૂર્તિ તો જડ પત્થર છે, એ કાંઈ અરિહંત નથી' એ સિદ્ધાન્ત સ્થાપવામાં લાભ ? આવો જ પ્રશ્ન અહીં ઊભો થાય છે કે, 'વીતરાગ ભગવાન કૃપા-દયા કરે નહિ એ સિદ્ધાન્ત સ્થાપવામાં લાભ ?' કે ભગવાન દયા કરે જ છે યાની આપણા દિલમાં ભગવાનની દયા પ્રત્યે કૃતજ્ઞભાવ અને નમ્રતા-નિરભિમાનિતા કેળવવામાં લાભ ? સ્પષ્ટ છે કે, **આપણા દિલમાં ઉત્તમ પ્રશસ્ત ભાવ પેદા થાય એમાં લાભ છે.** એટલે ભગવાન દયા કરે કે નહિ એ ચર્ચવાના લાભ કરતા ભગવાનની દયા પ્રસન્નતા

માની ચાલવામાં લાભ છે. લાભ કયા ? તો કે અનેક પ્રકારના સુખ મળે છે. પ્રભુની દયા થઈ તો ઠેઠ નિગોદમાંથી બહાર નીકળી અહીં સુધી ઊંચા આવ્યા, ઉપરાંત પ્રભુ મળ્યા જિનશાસન મળ્યું. આરાધનાઓ મળી અને હજી પણ આગળની આરાધનાઓ મળવાની છે. બધું પ્રભુની દયા તુષ્ટિ પ્રસન્નતા ઉપર મળ્યું તે મળવાનું એ જ માત્ર સુખ નહિ, મહાસુખ છે. એટલે કવિ કહે છે, 'તુમ તૂઠે સુખ થાય.'

(ઇતિ શ્રી ચંદ્રપ્રભજિન સ્તવન વિવેચના)

શ્રી સુવિધિનાથજિન સ્તવન-૯

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે, જગતગુરુ તુમને દિલમાં લાવું રે,
કુણને દીજે એ શાબાશી રે, કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે...૧
મુજ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝી રે, તેહ દરીનો તું છે માઝી રે,
યોગી પણ જે વાત ન જાણે રે, તેહ અચરિજ કુણથી હુઓ ટાણે રે.૨
અથવા થિરમાંહી અથિર ન માવે રે, મોટો ગજ દર્પણમાં આવે રે;
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ શાબાશી રે...૩
ઉર્ધ્વ મૂળ, તરુવર અધ શાખા રે, છંદ પુરાણ એહવી ભાખા(વાચા) રે,
અચરિજવાળો અચરિજ કીધું રે, ભક્તો સેવક કારજ સીધું રે...૪
લાડ કરી જે બાળક બોલે રે, માતાપિતા મન અમીયને તોલે રે;
શ્રી નયવિજય વિબુધનો શિષ્ય રે, જશ કહે ઈમ જાણો જગદીશ રે.૫

શ્રી સુવિધિનાથજિન સ્તવન-વિવેચના-૯

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે, જગતગુરુ તુમને દિલમાં લાવું રે,
કુણને દીજે એ શાબાશી રે, કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે...૧

ભાવાર્થ : હે જગતગુરુ ! હું નાનો છતાં આપના દિલમાં સમાઈ શકતો નથી, અને આપ મોટા છતાં આપને હું મારા નાના દિલમાં લાવી (સમાવી) શકું છું, તો આ શાબાશી કોને દેશો ? (મને કે આપને ?) તે હે સુવિધિનાથ ભગવાન આપ વિચારીને કહો.(આ. પહેલું ઉખાણું)

વિવેચન : સુવિધિનાથ ભગવાને મોક્ષમાર્ગની સમ્યગ્ વિધિ યાને મોક્ષમાર્ગ પર શી રીતે પ્રયાણ કરી શકાય તે આરાધના વિધિ બતાવી હતી. એટલે મોક્ષગમનની સમ્યગ્ વિધિ બતાવનારા હોવાથી ભગવાનનું નામ સુવિધિ પડ્યું છે.

હે ભગવાન ! હું લઘુ છું, કારણ કે હું દાસ છું. સ્વામી કરતાં દાસ હંમેશા હલકો હોય. નીચો હોય, નાનો હોય. વળી હું અવગુણી છું, એટલે પણ નાનો છું, અને આપ ગુણગુણના ભંડાર છો તેથી આપ મોટા છો.

હું લઘુ છતાં આપના દિલમાં સમાઈ શકતો નથી એ આશ્ચર્ય છે. આપનું દિલ એટલું વિશાળ છે કે તેમાં બધા સમાઈ શકે છે, છતાં હું દાસ તરીકે સમાઈ શકતો નથી એટલે આપના મનમાં મને સ્થાન મળ્યું નથી. હું નાનો છતાં પ્રભુના દિલમાં ન સમાયો, એ આશ્ચર્ય છે. અહીં પ્રશ્ન થાય,

પ્રશ્નઃ- પ્રભુના જ્ઞાનમાં તો સર્વ જીવો આવે છે, તો ભેગા આપણે કેમ ન આવ્યા ?

ઉત્તર :- બીજા જીવો જેમ પ્રભુના જ્ઞાનમાં આવ્યા, તેમ હું પણ પ્રભુના જ્ઞાનમાં તો આવ્યો, પણ તે તો જીવ સામાન્ય તરીકે આવ્યો, મારે તો પ્રભુના દિલમાં દાસ તરીકે આવવું છે, સેવક તરીકે આવવું છે, યોગ્ય લાયક તરીકે આવવું છે. તે આવ્યો તો બધું પામ્યો. કવિ કહે છે, હું પ્રભુનાં મનમાં સમાઈ શકતો નથી, જ્યારે મારા નાના દિલમાં હું પ્રભુને સમાવી શકું છું; એટલે પ્રભુ ! તમે ગમે તેટલા મોટા, છતાં મારા નાના દિલમાં સમાઈ જાઓ છો અને આપના મોટા દિલમાં હું નથી સમાતો, એ કેવુંક આશ્ચર્ય ? કદાચ કોઈ મને પૂછે,-

પ્રશ્ન : તું મોટા પ્રભુને કેવી રીતે નાના દિલમાં સમાવી શકે છે ?

ઉત્તર : હું પ્રભુનું ધ્યાન કરું છું તેમાં પ્રભુ મારા ધ્યાનમાં એટલે કે મારા દિલમાં સમાઈ જાય છે. ધ્યાન દિલમાં કરવાનું હોય છે, અને ધ્યાન એવી વસ્તુ છે, કે દિલ ગમે તેટલું નાનું, પરંતુ ધ્યાનનો મોટો પણ વિષય એ દિલમાં હૂબહૂ વર્તાય છે. એટલે કહેવાય કે અરિહંતના ધ્યાન વખતે નાના પણ દિલમાં મોટા એવા અરિહંત-વીતરાગને લાવી બેસાડ્યા.

ભગવાનને મનમાં લાવવાનો પ્રયોગ :-

આ રીતે વહેલી સવારે વિચારવાનું કે, અરિહંત જાણે સામેથી વિહાર કરતાં કરતાં આવી રહ્યાં છે, ને પછી પ્રભુ નજીક આવતાં આપણે જાણે આપણા હૃદયમાં ગોઠવેલા રત્નના સિંહાસન પર એમને બિરાજમાન કર્યા. હવે ક્ષણભર પંચરંગી રત્નોના સિંહાસન પર સુવર્ણ કાયાના પ્રભુને જોયા કરવાના, પછી પ્રભુને ચામર ઢળાતા જોવાના. પછી પાછળ ભામંડળવાળા જોવાના. પ્રાતિહાર્ય નીચેથી આ પ્રમાણે,- સિંહાસન, ચામર, ભામંડલ, છત્ર, અશોકવૃક્ષ, દેવદુંદુભિ, પુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચિંતનમાં આમ એક એક પ્રાતિહાર્ય ક્રમશઃ વધારતા જવાનું, ને પૂર્વના દૃશ્યમાં ઉમેરો કરતા જવાનું... એ રીતે ચિંતન કરવાનું.

પ્રશ્ન : આમ આપણે પ્રભુનું ધ્યાન કરી પ્રભુને તો ધ્યાનમાં એટલે કે આપણા મનમાં લાવી શકીએ છીએ; પરંતુ પ્રભુના દિલમાં આપણે કેમ સમાઈ શકતા નથી ?

ઉત્તર : પ્રભુની આગળ આપણે આપણી પોતાની જાતને 'લઘુ' એટલે કે પ્રભુના અલબત્ત શેઠ તરીકે તો ન જ સમજીએ, પરંતુ સેવક તરીકે સમજતા હોઈએ, તો પછી પ્રભુના મનમાં આપણે સેવક તરીકે કેમ મંજૂર થતા નથી ? કહો એટલા જ માટે કે પ્રભુના સેવક તરીકેના જે લક્ષણો જોઈએ એ લક્ષણો આપણા પોતાનામાં દેખાતા નથી, ત્યારે પ્રશ્ન થાય,-

પ્રશ્ન : પ્રભુના સેવક તરીકેના કયા કયા લક્ષણો જોઈએ ?

ઉત્તર : પ્રભુના સેવક તરીકેના લક્ષણ સમજવા માટે દુન્યવી ખૂબ ઉદાર-ઉમદા-કદરદાન-પ્રેમાળ શેઠના સેવકનાં જીવન પર નજર નાખો. માનો કે શેઠ નોકરને એના હોદા અને લાયકાત કરતાં ધાર્યા કરતાં વધારે પગાર તથા બોનસ વગેરે આપતો હોય અને નોકર ખાનદાન હોય તો, (૧) પહેલું તો વફાદારી ખૂબ જાળવે છે; (૨) શેઠની અદબ પૂરી રાખે છે.

વફાદારી એવી ? કે બીજા કોઈ એને ગમે તેટલો લલચાવે, પરંતુ પોતે શેઠની વફાદારી નહિ છોડે. (૩) શેઠનું તો હલકું ન બોલે એટલું જ નહિ, પરંતુ શેઠના પુત્રની, અને પત્નીની નિંદા પણ નહિ કરે. એમની પોતે કાંઈક હલકી યા ગુપ્ત વાતો જાણતો હોય તો તે પણ બહાર નહિ બોલે. આપણે પ્રભુની નિંદા તો ન કરીએ, પરંતુ પ્રભુના સંઘના સાધુ-સાધ્વી-શ્રાવકો-શ્રાવિકાનું ગુપ્ત બહાર બોલીએ નહિ ને ? એમની નિંદા કરીએ કે નહિ ? જો નિંદા કરીએ, તો આપણે પ્રભુને વફાદાર ક્યાં રહ્યા ? તો પ્રભુના સેવક શી રીતે ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૩૫,તા.૧૬-૫-૧૯૮૭

અદબ કેવી ? : વળી નોકર શેઠની એવી અદબ જાળવે છે કે, (૧) શેઠની આગળ પોતે શેઠની જેમ નહિ બેસે, (૨) અદબ એટલે વાત વાતમાં શેઠને બદલે પોતાની હોશિયારી નહિ બતાવે; પણ પોતાની ઉપર શેઠની દયા, શેઠની હોશિયારી શેઠની ઉત્તમતા આગળ કરે છે. એમ આપણે જોવાનું કે પ્રભુની આગળ શેઠની જેમ નથી બેસતા ને ? શેઠની જેમ નથી વર્તતા ને ? આપણે પ્રભુનું ગૌરવ કેટલું સાચવીએ ? આપણને આપણી હોશિયારી આગળ કરવા જોઈએ છે. પ્રભુને આંગી કોણે રચાવી ? એમ કોઈ પૂછે, તો એમ કહેવાનું મન નહિ થાય કે 'પ્રભુની દયાએ રચાવી ?' પરંતુ એમ બોલાશે કે 'આંગી મેં રચાવી.' એમ આ ગ્રંથ કોણે

બનાવ્યો ? તો કહેવાનું મન થશે કે 'મેં બનાવ્યો,' અરે ! પ્રભુની દયા ન હોત તો તું શું બનાવવાનો હતો ? કહો પ્રભુની દયાએ બનાવ્યો.

વળી શેઠની અદબવાળો નોકર પોતે કામ કરીને તેનો જશ શેઠને આપે છે. ગૌરવ જાતનું નહિ, પણ શેઠનું સાચવે છે. ત્યારે અહીં આપણને, પ્રભુને મૂકી આપણી જાતનું, ગૌરવ કરવા જોઈએ છે.

દા.ત. આજે કેટલાક ટ્રસ્ટી દેવદ્રવ્યના નાણાં ફિક્સમાં જમા કરતા રહી પોતે ગૌરવ લે છે, અમારા વહીવટમાં અમે દેવદ્રવ્યમાં આટલા બધાં નાણાં બનાવ્યા ! ખરી રીતે લોકોએ નાણાં પ્રભુની ભક્તિ માટે આપ્યા છે, તો પ્રભુભક્તિ થવી જોઈએ, અને એમાં દેવના નાણાંથી દેવનું ગૌરવ થાય પણ ના, એમાં પછી ટ્રસ્ટમાં સારી રકમ ન રહેવાથી અમારું ટ્રસ્ટીપણું શી રીતે શોભે ? વળી બેન્કમાં ટ્રસ્ટની મોટી રકમ જમા કરાવવા પર આપણા ખાનગી વેપારમાં ક્રેડિટ મળતી હોય એ ક્યાંથી મળે ? પ્રભુના આપણે સાચા સેવક છીએ ? આપણી રહેણીકરણી પરથી પ્રભુ આપણને સુ-યોગ્ય સેવક તરીકે સ્વીકારતા હોય એમ લાગે છે ?

સેવક તરીકે ગણાવા માટે શેઠની જેમ પ્રભુની નીમકહલાલી બરાબર બજાવાય. મહારાજા કુમારપાળને એકવાર પ્રભુની આરતી ઉતારતા વિચાર આવ્યો કે, 'મને તો પ્રભુએ ૧૮ દેશનું રાજ્ય આપ્યું, ને હું પ્રભુને માત્ર એક જ ઋતુના ફૂલ કેમ ચડાવું છું ? છ એ છ ઋતુનાં ફૂલ કેમ ન ચડાવું ? બસ જ્યાં સુધી છ ઋતુના ફૂલ ન ચડાવું ત્યાં સુધી મારા ભોજન પાણી બંધ. એમ પ્રતિજ્ઞા કરી માણસને છ ઋતુના ફૂલની તપાસ કરાવવા આજ્ઞા કરી અને પોતે મહેલમાં ખાધા-પીધા વિના 'ॐ ह्रीं पार्श्वनाथाय नमः' રટતા બેસી ગયા. ફૂલ તો જે ઋતુ ચાલતી હોય એના જ મળે ? કે બીજી ઋતુના મળે ખરા ? પરંતુ કુમારપાળ મહારાજને મન આ સેવકપણું હતું કે હું સ્વામીનો સેવક શાનો ? જો સ્વામીનો અતિ ભરચક માલ લઈ પછી સ્વામીજીની મામૂલી પણ સેવા ન કરું તો ?

આપણી જાતમાં જોતા વિચારીએ કે પ્રભુના અનંત ઉપકારે આપણે અતિ અતિ કિંમતી માનવ દેહ, અમૂલ્ય અંગોપાંગો, વિશિષ્ટ બુદ્ધિ-શક્તિ, હામ-દામ-ઠામ. વગેરે માલ પામીને એના પ્રમાણમાં પ્રભુની સેવા કેવી બજાવીએ છીએ ? આવી મહાકિંમતી માનવકાયા મેળવી, સ્વામીની સેવામાં કાયોત્સર્ગમાં આ કાયાને કેટલાંક કલાક ઊભી રાખીએ ? દેવાધિદેવ ગુરુદેવ અને સાધુ સાધર્મિકની સેવામાં એને કેટલી લગાડીએ ? એમાં પ્રભુના જ આપેલા તન-મન-વચન અને ધનને કેટલા કામે લગાડીએ ?

સેવકપણું શેને કહેવાતું હશે ? સ્વામીનો ભરચક માલ ખપે પણ એ માલ

સ્વામીની સેવામાં તથા સ્વામીના પ્યારા સાધુ....સાધાર્મિક સેવામાં લગાડવા આપણે અખાડા કરવા છે ! તો સ્વામી પોતાના જ્ઞાનમાં આપણને સેવક તરીકે કેવી રીતે દેખે ? શાના જુએ ?

કવિ આવું આવું જ કાંઈક સમજીને કહે છે, 'પ્રભુ ! હું નાનો છતાં તમારા દિલમાં સમાતો નથી, અર્થાત્ સેવક તરીકે ધ્યાનમાં આવતો નથી, હવે જો આમ ભગવાનના મનમાં હું સેવક તરીકે નથી, તો એનો અર્થ એ કે મારામાં સેવક તરીકેની યોગ્યતા નથી. માટે તો મારે સંસારની રઝળપાટ છે. નહિતર તો અરિહંતના સેવકને સંસારમાં રઝળવાનું શાનું હોય ? આમ, પ્રભુના દિલમાં હું નહિ છતાં મારા દિલમાં તો મે સ્વામી તરીકે અષ્ટપ્રાતિહાર્યથી યુક્ત અરિહંત પ્રભુને બેસાડ્યા છે. એટલે મોટા પણ પ્રભુ મારા નાના દિલમાં સમાય છે.

કુણને દીજે એ શાબાશી ? કવિ કહે છે 'પ્રભુ ! તમે મોટા ને તમને હું મારા દિલમાં હું સમાવી દઉં છું, અને આપ આવડા મોટા છતાં નાના મને આપના દિલમાં સમાવી શકતા નથી. તો શાબાશી કોને દેવાય ? શાબાશી તો મારી ગણાય કે મેં આપને મારા દિલમાં સમાવી દીધા. **સુલસાએ** ભગવાનને દિલમાં વસાવેલા; તેથી તો અંબડ પરિવ્રાજક સુલસાને જોઈ આશ્ચર્ય પામેલો. યાવત્ સુલસામાં તેને સમ્યગ્દર્શનનું સાચું દર્શન થયેલું. સુલસાએ મહાવીર ભગવાનને દિલમાં બેસાડ્યા હતા, આના પ્રતાપે સુલસા પાસે મહાવીર ભગવાનનું એટલું બધું વિચારવાનું હતું કે અંબડે ઊભા કરેલા બ્રહ્મા-વિષ્ણુ-મહેશના જીવંત રૂપ જોવા વિચારવા માટે તેની પાસે ફુરસદ જ ન હતી ! આ જોતાં સુલસાએ પ્રભુને પોતાના દિલમાં જેવા વસાવેલા એવા મેં પ્રભુને પણ મારા દિલમાં વસાવ્યા નથી. તેથી હું સ્વયં શાબાશી લઈ શકું તેમ નથી કે પ્રભુ તમે મને મનમાં ન લીધો, પણ મેં તમને મારા દિલમાં વસાવ્યા છે. હા, શાબાશી સુલસા લઈ શકે. બાકી તો સુલસા ભગવાનના દિલમાં ય વસી હતી, તેથી તો ભગવાને જ એને ધર્મલાભ કહેવડાવ્યા હતા. જ્યારે મારામાં ઘણી ખામી છે, તેથી ભગવાનના દિલમાં હું વસ્યો નથી, હું સમાયો નથી. એટલે હવે પૂછો.-

પ્રશ્ન : આપણે ભગવાનના દિલમાં કેમ સમાતા નથી ?

ઉત્તર : કારણ કે પ્રભુ આપણને સાચા દાસ તરીકે જોતા નથી, કેમ કે પ્રભુ આપણામાં દાસ-સેવક તરીકેની લાયકાત જોતા નથી. પ્રભુને આપણે પૂછીએ 'પ્રભુ ! મને દાસ તરીકે કેમ યોગ્ય માનતા નથી !' તો પ્રભુ આપણને કહે કે 'તું (સેવક) સંસારનો દાસ છે, પછી મારા દાસ તરીકે શી રીતે બની શકે ?

સંસારની અંતરથી ગુલામી માથે ધરવી હોય તો અરિહંતની અંતરથી ગુલામી

માથે નહીં ધરી શકાય.

મુજ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝી રે, તેહ દરીનો તું છે માઝી રે,
યોગી પણ જે વાત ન જાણે રે, તેહ અચરિજ કુણથી હુઓ ટાણે રે.૨

ભાવાર્થ : મારા અણુ મનમાં આપના પ્રત્યે ઘણી જ ભક્તિ છે, આ મનરૂપી દરિયાની નાવડીના આપ સુકાની છો, યોગી પણ જે બાબત ન સમજી શકે તેવું આશ્ચર્ય ટાંણે-અવસરે કોનાથી ઉત્પન્ન થયું છે ? મારાથી કે તમારાથી ? (આ બીજું ઉખાણું છે)

વિવેચન : મારું મન અણુ જેવું અતિ સૂક્ષ્મ છે, છતાં તેમાં ઘણી જ ઘણી ભક્તિ ભરેલી છે ! કેવું આશ્ચર્ય કે મન નાનું છતાં તેમાં ભક્તિ મણો જેટલી સમાય છે. છતાં ભગવાન તમને મેં આ અણુ જેવા મનના સંચાલક માન્યા છે. એટલે જેમ નાવડીનો સંચાલક સુકાની નાવડીને તરાવીને જાય છે તેમ આપે મારા મનની નાવડીને તરાવવાની છે.

'અણુ જેવડા મનમાં ઝાઝી પ્રભુ-ભક્તિ શી રીતે સમાય છે ?' આ એક આશ્ચર્ય છે. આ આશ્ચર્યને સામાન્ય યોગીઓ સમજી શકતા નથી, પણ અતિ સૂક્ષ્મ મનમાં પ્રભુ પ્રત્યેની ભક્તિ સમાઈ છે તે હકીકત છે, એટલે એ એક આશ્ચર્ય છે. બીજું આશ્ચર્ય એ છે કે પ્રભુ ! આવા ભારોભાર ભક્તિથી ભરેલા મનના તમે સુકાની (માઝી) છો આ વાત વિચિત્ર આશ્ચર્યરૂપ એટલા માટે છે કે મેં જો આપને મારા અણુ મનમાં સુકાની તરીકે આપને કબજે રાખ્યા છે ! તો સવાલ આ છે કે મારું મન આપને ખેંચી જાય છે ? કે આપ મારા મનને ખેંચી જાઓ છો ? આ વાત યોગીઓને અગમ્ય છે. કવિ કહે છે, આ આશ્ચર્ય અવસરે કોણે ઊભું કર્યું ?

અહીં એક પ્રશ્ન થાય,-

પ્રશ્ન : નાના મનમાં ભગવાનની ભરપૂર ભક્તિ સમાઈ એ આશ્ચર્ય શાનું ? જો નાના મનમાં દુન્યવી પદાર્થોના ભરચક રાગ, તૃષ્ણા, મમતા સમાઈ શકે છે, તો એ મનમાં સાથે સાથે ભગવાનની ભરપૂર ભક્તિ સમાઈ જાય તો આશ્ચર્ય શાનું ?

ઉત્તર : આ આશ્ચર્ય એટલા માટે છે કે દુન્યવી રાગ ભરચક હોય ત્યાં વીતરાગ પર રાગ ઊભો રહે નહિ, ને દુન્યવી રાગ છૂટતો નથી પછી વીતરાગ પરના ભરચક રાગને રહેવા જગ્યા જ ક્યાં છે ?

પ્રશ્ન : કદાચ બેય જાતના રાગ રહે એમાં શો વાંધો ?

ઉત્તર : વાંધો આ, કે દુન્યવી પ્રબળ રાગનો આ સ્વભાવ છે કે એ ત્યાં વીતરાગ પરના રાગને **ઊભવા** ન દે. કદાચ સહેજ રાગ ઊભો થાય, તોય તે

અતિમંદ અને અતિ મામૂલી હોય એ દુન્યવી તીવ્ર રાગ આગળ નહિવત્ ! પરંતુ હવે વીતરાગની અનંત ઉપકારી તરીકે ઓળખ થઈ તેથી એણે દુન્યવી રાગને નહિવત્ બનાવી પ્રભુ પરનો રાગ પોતે ભરપૂર બની જાય છે. એ પેલા દુન્યવી રાગની જેમ અણુ મનમાં સમાયો એથી એને આશ્ચર્ય ન ગણીએ તો પણ વાસ્તવમાં આશ્ચર્ય આ છે કે મારા મનના સંચાલક મેં પ્રભુને સ્થાપ્યા એટલે પ્રભુ મારા મનને ખેંચી જનારા ગણાય, પરંતુ આશ્ચર્ય એ છે કે મારું મન પ્રભુને જીવનના જુદાં જુદાં પ્રસંગોમાં ખેંચી જાય છે.

અથવા થિરમાંહી અથિર ન માવે રે, મોટો ગજ દર્પણમાં આવે રે;
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ શાબાશી રે...૩

ભાવાર્થ : અથવા સ્થિર વસ્તુમાં અસ્થિર વસ્તુ નથી સમાતી (એ આશ્ચર્ય છે) પરંતુ હાથી મોટો છતાં નાના દર્પણમાં આવી જાય છે, એમ મારા નાના મનમાં મોટો પ્રભુ સમાય છે એમાં કોને શાબાશી ? (એનો જવાબ આ છે કે) જેના જ્ઞાન-તેજના પ્રતાપે મને આ પ્રકારની (પ્રશ્નના ઉકેલની) બુદ્ધિ થઈ, તે ભગવાનને જ શાબાશી દેવી જોઈએ.

વિવેચન : "ભગવાન સ્થિર છે. ભગવાનમાં વીતરાગતા સ્થિર છે જ્યારે હું અસ્થિર છું, ચંચળ છું; કારણ કે મેં રાગ-દ્વેષને પકડ્યા છે અને એ રાગદ્વેષ ઈષ્ટ-અનિષ્ટની કલ્પનામાં ફરતા રહે છે. તેથી અસ્થિર છે. સ્થિર ઘરમાં જેમ અસ્થિર વસ્તુ તો પડી રહે તેમ સ્થિર પ્રભુમાં અસ્થિર હું ટકતો નથી એ, ને એવી રીતે હું નાનો છતાં ભગવાનના દિલમાં ન સમાઉં એ, શું આશ્ચર્ય નથી ? ના, ભગવાન સ્થિર છે, હું અસ્થિર છું. સ્થિર ભગવાનના જ્ઞાનમાં સ્થિર બંને સમાય છે, છતાં હું ન સમાઉં એ આશ્ચર્ય છે. ભલે તેમ હોય, પરંતુ હું જો કે અસ્થિર છું છતાં મારામાં સ્થિર ભગવાન સમાય છે. પૂછો એ કેમ બને ? તો કવિ કહે છે. 'મોટો ગજ-હાથી દર્પણમાં આવે' એજ પ્રમાણે મોટા પ્રભુ મારામાં સમાઈ શકે છે.

એટલે આપણે આપણામાં પ્રભુને સમાવવા હોય, તો આપણે સ્થિર થવું જોઈએ. આપણે અસ્થિર છીએ તેથી સ્થિર સાથે એકમેક થઈ શકતા નથી. જેમ અસ્થિર પવન સ્થિર વસ્તુ સાથે એકમેક થતો નથી.

'અથવા થિરમાંહી અથિર ન માવે રે...'-

અથવા આ આશ્ચર્ય છે કે અસ્થિર વસ્તુ સ્થિરમાં સમાતી નથી. ખરી રીતે તો સ્થિર વસ્તુ કાયમી છે, એમાં આગંતુક અસ્થિર વસ્તુ તો સમાઈ જાય છે. દા.ત. દરિયો સ્થિર છે, તો એમાં અસ્થિર નદીઓ આવીને સમાઈ જાય છે. સૂર્ય

સ્થિર વસ્તુ છે એના તેજમાં આગંતુક જુદા જુદા તારા નક્ષત્રોનાં તેજ સમાઈ જાય છે; જ્યારે અહીં પરમાત્મા શુદ્ધ સ્વરૂપે સ્થિર છે, શાશ્વત છે, એમાં જુદાં જુદાં ભાવ કરનારો હું અસ્થિર સમાતો નથી. અર્થાત્ ભગવાન ભગવાનનું દિલ સમુદ્ર જેવું, એમાં કામચલાઉ હું આ મનુષ્ય ભવમાં આવેલો, તે મને પ્રભુ પોતાનામાં સમાવી લેતા નથી, સમાવી લે તો મને ભગવાનની વિશેષતાઓ મળે. સમુદ્ર નદીને પોતાનામાં સમાવી લે છે તો પોતાની વિશેષતાઓ નદીને દે છે. સમુદ્ર વિશાળ ગંભીર છે, તો એમાં જઈ મળેલી નદીને સમાવી લઈ એવી જ બનાવે છે. અહીં આશ્ચર્ય છે કે જો નદી સમુદ્રને જઈ મળે એમ હું ભગવાનને જઈ મળું છું છતાં ભગવાન મને સમાવી લેતા નથી. પોતાની વિશેષતાઓ મને આપતા નથી. ત્યારે પ્રશ્ન થાય,-

પ્રશ્ન : ભલે પ્રભુ તને ન સમાવે, પણ તું તો પ્રભુને તારામાં સમાવી શકે ને ?

ઉત્તર : એવા મોટા સ્થિર શાશ્વત પ્રભુને મારામાં શી રીતે સમાવું ? ત્યાં જો કહો,-

પ્રશ્ન : મોટા હાથીને પણ નાનું દર્પણ પોતાનામાં સમાવે છે ને ? એમ તું પણ પ્રભુને સમાવી શકે ને ?

ઉત્તર : આ જ આશ્ચર્ય છે કે નાના દર્પણમાં મોટા હાથીને શી રીતે જગ્યા મળે છે ? અને હકીકત એ છે કે નાના દર્પણમાં મોટો હાથી પ્રતિબિંબિત થાય છે; તો ઠીક છે. એમ હું મારા નાના મનથી કરાતા ધ્યાનમાં મોટા વિરાટ અને સ્થિર પ્રભુને પણ પ્રતિબિંબિત કરી શકું છું, પરંતુ પછી એમાં તો શાબાશી કોની ? મારી ? કે પ્રભુની પ્રભુ કાંઈ પોતે ઊઠીને મારા દિલમાં નથી આવ્યા કે એમને શાબાશી ઘટે. એ તો હું પ્રભુને મારા દિલમાં ચાહીને લઈ આવનારો બન્યો, માટે શાબીશી તો મને ઘટે. કહો,

પ્રશ્ન : તો પછી તું શાબાશી લઈ લેને ?

ઉત્તર : ના, પ્રભુ કરતાં હું ક્યાં મોટો છું તે હું શાબાશી લઈ લઉં. પ્રભુ આગળ મને શાબાશી લેતાં શરમ આવે છે. શાબાશી તો મારે પ્રભુને આપવી છે.

ત્યારે, કવિ અહીં માર્ગ કાઢે છે,-

'જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ શાબાશી રે.'

આમ તો શાબાશી પ્રભુને નહિ, પરંતુ મને મળે કે 'હું મારું દિલ નાનું છતાં એમાં મોટા પ્રભુને સમાવી શકું છું, જ્યારે પ્રભુ મોટા દિલવાળા છતાં એમાં મને સમાવી શકતા નથી.' પરંતુ આમાં તો ફોગટ ફુલાવા જેવું થાય છે; કેમ કે

પહેલી વાત તો એ છે કે આપણાં દિલમાં પ્રભુને ઉતારી સમાવી દેવાની આવડત ક્યાંથી મળી ? અને,

બીજી વાત એ છે કે પ્રભુના દિલમાં આપણે નથી સમાતા અર્થાત્ સાચા સેવક તરીકે સ્વીકારાતા નથી એ પણ ખબર શી રીતે પડી ?

આ બંને વસ્તુની આવડત પ્રભુના કેવળજ્ઞાનના તેજમાંથી પ્રકાશિત થયેલ ધર્મશાસનના પ્રકાશના સહારે મળી, એ તેજના આધારે એ બધી ખબર પડી.

અર્થાત્ પ્રભુને આપણા નાના અને અસ્થિર દિલમાં પણ સમાવી લેવાની બુદ્ધિ યાને આવડત, તથા પ્રભુના દિલમાં આપણે ન સમાઈ શકવાની ખબર, જેમના જ્ઞાન-તેજથી પ્રાપ્ત થઈ, એમને શાબાશી દેવાય. પ્રભુએ પોતાના કેવળજ્ઞાનના તેજથી એવા ઉપાય બતાવ્યા છે કે જેનાથી વીતરાગ પરમાત્માને આપણા દિલમાં ઉતારી શકાય. એ ઉપાયો જાણીએ અને એનો અભ્યાસ કરીએ એટલે પ્રભુને આપણા દિલમાં ઉતારવાની આવડત આવે છે, તો સવાલ આ થાય કે;-

વીતરાગ પ્રભુને દિલમાં ઉતારવાના-સમાવવાના ઉપાય કયા ?

વીતરાગ અરિહંત ભગવાનને આપણા દિલમાં ઉતારવા માટે સમાવવા માટે,

(૧) પહેલું તો અરિહંત ભગવાન અને એમનું શાસન (એમની વાણી) પર આપણું દિલ ઓવારી જાય કે 'વાહ ! કેવા સરસ મારા અરિહંતદેવ ! કેવું સરસ જિનશાસન !' એમ આપણા હૈયામાં એમના પર અને જિનશાસન પર અથાગ પ્રેમ અને અનન્ય શ્રદ્ધા ઉછળવા માંડે.

(૨) એની આગળ મોહક જગત કુચ્ચા લાગે. મનને એમ થાય કે 'લાડી-વાડી-બંગલા યાવત્ મોટા રાજ્યપાટ.... બધુંય મારા અરિહંત અને એમના શાસનની હેઠ ! બીજું બધું માલ વિનાનું ને જૂઠી માયા ! જગતમાં જો કાંઈ માલદાર હોય તો તે મારા ભગવાન અને એમનું શાસન છે. એ જ સત્ય છે. એજ જન્મમરણાદિ ભવદુઃખ ટાળવા સમર્થ છે, એ જ પરમાર્થ છે.' આવી જબરદસ્ત કોટિની શ્રદ્ધા ને સર્વોચ્ચ કોટિનો પ્રેમ આપણી રગરગમાં અને રોમેરોમમાં વ્યાપી જાય, એવું કરવું જોઈએ.

(૩) ત્રીજા નંબરમાં જીવો પ્રત્યે આપણા દિલમાં ખૂબ ખૂબ પ્રેમ-વાત્સલ્ય અને દુઃખી પ્રત્યે દયાભાવ પથરાઈ જવા જોઈએ. કારણકે આપણા અરિહંત ભગવાનને પૂર્વના ત્રીજા ભવમાં અરિહંતપણાનું તીર્થંકરપણાનું પુણ્ય આના પર ઊભું થયું છે, 'સવિ જીવ કરું શાસનરસી' આ ભાવનાથી સર્વ જીવો પર વાત્સલ્ય અને અને કરુણા ભાવીને તીર્થંકર નામ કર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉભું થયું છે અને તીર્થંકર બનીને એમણે જગતને સર્વ જીવોની ઓળખ કરાવી એમની દયા-અહિંસા પાળવાનું શીખવેલ છે. એવા એ પ્રભુના પગલે-પગલે આપણે પણ જો આપણા હૈયે જીવો પર પ્રેમ, વાત્સલ્ય, અને દુઃખી પર કરુણાભાવ યથાશક્તિ વહેતો ન

રાખીએ, તો આપણા દિલમાં પ્રભુને શા ઉતાર્યા ગણાય ?

(૪) પ્રભુને આપણા દિલમાં લાવવા ચોથો ઉપાય આ છે કે, પ્રભુને આપણે આપણા દિલમાં આપણા સ્વામી તરીકે સ્થાપ્યાના શા-શા કર્તવ્યો, શો-શો ભોગ આપવાનું અને ભારબોજ આપણે માથે રાખ્યાં છે ? એ જોવું જોઈએ, અને એમાં જો ત્રુટિ હોય એ પૂરી કરવી જોઈએ. દા.ત. જો પ્રભુને આપણા સ્વામી તરીકે સમજીએ છીએ તો બીજાઓ કરતાં પ્રભુને ઊંચું ગૌરવ આપીએ છીએ ખરા ? નોકરને ખૂબ ઊંચો પગાર આપનારા અને નોકરની સારી કદર કરનારા શેઠને નોકર સ્વામી તરીકે માની શેઠને વાતવાતમાં કેવા આગળ કરે છે ? શેઠનું કેટલું બધું ગૌરવ કરે છે ! એવું આપણે ભગવાનનું ગૌરવ કરવું જોઈએ. ભગવાનને વાતવાતમાં આગળ કરવા જોઈએ.

(૫) પાંચમો ઉપાય સંસાર પર તીવ્ર વૈરાગ્ય-નિર્વેદ અને મોક્ષ તથા ધર્મ ઉપર અથાગ રાગ-સંવેગ આપણે હૈયે ઝગમગાવવા જોઈએ. કારણ એક જ, કે જો સંસારના વિષયો પર હૈયે વૈરાગ્ય નથી પણ અતિ આકર્ષણ છે, તો હૈયામાં વીતરાગ ભગવાનને તેવું ગૌરવભર્યું સ્થાન નહિ મળે, ને ભગવાન પર આપણે અથાગ અનન્ય રાગ નહિ રાખી શકીએ.

જેને જગતના વિષયો ગમે છે એને વીતરાગ-જિન શી રીતે ગમે ?

કેમ કે વીતરાગ જિન તો વિષયોના વિરોધી છે.

માથે અરિહંતને સ્વામી તરીકે ધરવા છે તો

(૧) માથે એમની રુચિ અને આજ્ઞાનો ભાર જોઈએ;

(૨) એમને જે ન ગમે, તે આપણને ન ગમવું જોઈએ;

(૩) એમના જે દુશ્મન, તે આપણા પણ દુશ્મન જેવા લાગવા જોઈએ.

આવી બધી ખાસિયતો આપણે લાવીએ, પછી દાવો કરી શકીએ કે પ્રભુને હું મારા સ્વામી તરીકે દિલમાં ધરી શકું છું અને મેં દિલમાં ધર્યા છે. આનો ટૂંકો સાર જોઈએ તો,

પ્રશ્ન : પ્રભુ મોટા છતાં નાના મનમાં શી રીતે સમાઈ જાય ?

ઉત્તર : જેમ દર્પણમાં હાથી સમાઈ જાય છે, તેમ મનમાં ભગવાનનું ધ્યાન કરીએ તો એ ધ્યાનમાં કલ્પના દ્વારા ભગવાનનું પ્રતિબિંબ આવે છે.

પ્રશ્ન : મોટા એવા ભગવાનને પણ આપણે આપણા દિલમાં લાવ્યા તેમાં શાબાશી આપણી નહિ ?

ઉત્તર : ના, તેમાં શાબાશી આપણી નથી, પણ ભગવાનની છે. કારણ કે ભગવાનના તેજથી, જ્ઞાનથી, ભગવાને જે ઉપદેશ આપ્યો એથી આપણી બુદ્ધિ

'પ્રભુનું ધ્યાન કેમ કરવું', એના પ્રકાશવાળી થઈ છે. એમ ભગવાને જ્ઞાનનો પ્રકાશ આપ્યો, વસ્તુતત્ત્વની ઓળખ કરાવી, તો જ આપણે ભગવાનને તે તે સ્વરૂપ અને વિશેષતાથી આપણા મનના-ધ્યાનમાં લાવી સમાવી શક્યા.

દર્પણમાં હાથીના સંક્રમણ (પ્રતિબિંબ) ની જેમ આપણા હૃદયમાં-ધ્યાનમાં ભગવાનનું સંક્રમણ થયું. ભગવાન આખાને આખા આપણા દિલમાં બેસી ગયા ! માટે જ ઋષભદેવ ભગવાનના 'ઋષભ જિણંદા પ્યારા પ્રથમ જિણંદા'વાળા સ્તવનમાં પૂ. માનવિજય ઉપાધ્યાજી મહારાજે ગાયું છે કે,

"અળગા કીધે કહો કિમ સરશે ? ભક્તિ ભલી આકર્ષી લેશે;
ગગને ઊડે દૂર પડાઈ, દોરી બળે હાથ રહે આઈ".

અર્થાત્ હે ઋષભ જિણંદા ! આપ મોક્ષે પધારી જઈ અમને અળગા કર્યા એ કેમ ચાલશે ? હું તમારો ભક્ત, સેવક તમારે તો મને સાથે જ રાખવો જોઈએ. ખેર ! અમને તમે ભલે અળગા કર્યા, છતાં અમારા દિલમાંથી ભલી ભાવ-ભક્તિ તમને અહીં અમારા દિલમાં આકર્ષી લેશે. જુઓ, પતંગ આકાશમાં દૂર ઊડતો હોય છે, પરંતુ એને બાંધેલી દોરી એને દોરીવાળાના હાથમાં પકડાવી રાખે છે. એમ પ્રભુ ! તમે દૂર મોક્ષમાં રહ્યાં છતાં મારા મનની ભક્તિરૂપી દોરી તમારી સાથે ગંઠાયેલી છે. તેથી એ ભક્તિવાળા મારા મનમાં તમે પકડાયેલા રહો છે.

કદાચ તમે મને કહો 'તારું મન તો ચંચળ છે, ક્ષણેક્ષણે ભટકતું રહે છે, બીજાં બીજાં વિષયોમાં દોડ્યું જાય છે, અર્થાત્ મનમાં તું બીજાં બીજાં વિષયો લાવે છે, એ મન અમને શું પકડીને બેસી શકે ? તો હું કહું છું કે,

ચંચળ મન પ્રભુમાં શી રીતે સ્થિર થાય ?-

"મુજ મનડું છે ચપળ સ્વભાવ, તોહિ અંતર મુહૂર્ત પ્રસ્તાવ;
તું તો સમય સમય બદલાએ, ઈમ કિમ પ્રીતિ નિવાહો થાય ?"

અર્થાત્ ભલે મારું મન આમ તો ચંચળ સ્વભાવવાળું છે, તો પણ ધ્યાનનાં પ્રસ્તાવમાં એ અંતર્મુહૂર્ત સ્થિર થાય છે અને એ મન ધ્યાનમાં પ્રભુ ! તમને ઉતારી પકડી રાખી શકે છે. ત્યારે અહીં પ્રશ્ન થાય,

પ્રશ્ન : ભગવાન તો સમયે સમયે બદલાતા રહે છે, તો પછી ધ્યાનમાં સ્થિર પકડાયેલા ક્યાં રહ્યા ?

ઉત્તર : ભગવાન સમય સમયના ભિન્ન ભિન્ન રૂપે તો મનમાં પકડાયેલા રહી શકે ને ? અહીં જુઓ.

ભગવાન સમય સમય બદલાતા શી રીતે ?

ભગવાન અને એમનું જ્ઞાન અભિન્નપણે છે; કેમ કે જેમ ચૂનો ભીંતથી

ભિન્ન વસ્તુ છે તો એ બહારથી આવીને ભીંત પર ઊતરે છે, પરંતુ એવું જ્ઞાન માટે નથી. જ્ઞાન કાંઈ આત્માથી તદ્દન ભિન્ન વસ્તુ નથી કે એ બહારથી આવીને આત્મામાં ઘૂસી જાય, જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે અને વસ્તુનો સ્વભાવ વસ્તુ સાથે અભિન્ન હોય, એકમેક હોય તેથી જ્ઞાન એ આત્માથી અભિન્ન વસ્તુ છે. હવે જો જ્ઞાન બદલાય, તો તદાકાર પરિણત આત્મા પણ બદલાય એ પણ સહજ છે. અહીં ભગવાનનું જ્ઞાન સમયે સમયે બદલાય છે તો સહજ છે કે ભગવાન પણ સમયે સમયે બદલાય. જ્ઞાન બદલાવાનું કારણ સમયે સમયે વસ્તુની અવસ્થા બદલાતાં, તદ્‌વિષયક જ્ઞાન પણ બદલાય. યથા, પ્રથમ સમયે આ ઘડો 'થાય છે' એમ ભગવાન જુએ છે; ત્યારે બીજા સમયે આ ઘડો 'થઈ ગયો' એમ જુએ. આ રીતે પૂર્વોત્તર બંને સમયના પર્યાય ભિન્ન ભિન્ન થયા. તો તે તે પર્યાયનું જ્ઞાન પણ ભિન્ન, આમ વસ્તુના સમયે સમયે પર્યાય બદલાતા, તેનું જ્ઞાન પણ બદલાય.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૩૬/૩૭,તા.૩૦-૫-૧૯૮૭

સમય-સમયનું કેવળજ્ઞાન બદલાતું કેમ ? :-

અહીં જો બીજા સમયે પણ કેવળજ્ઞાન એમ જુએ કે 'ઘડો થાય છે' તો તે જ્ઞાન અસત્ય ઠરે ! જ્ઞાનને સત્ય રહેવા માટે જ્ઞાનને ભલે પહેલા સમયે 'ઘડો થાય છે' જોયું પણ બીજા સમયે 'ઘડો થયો' એમ જ જોવું જોઈએ. એ સૂચવે છે કે જ્ઞાન બદલાયું. વસ્તુ માત્રમાં આવું છે. ખુદ વસ્તુ પોતે પહેલા સમયે પ્રથમ સમયના સંબંધવાળી કહેવાય, પરંતુ એજ વસ્તુ બીજા સમયે પહેલા સમયના સંબંધવાળી ન કહેવાય.

સમય જુદા જુદા, એમ સમય સમયના સંબંધવાળી વસ્તુ પણ જુદી જુદી.

એમ ભગવાનનું જ્ઞાન પણ સમયે સમયે જુદું જુદું. તો જ્ઞાનથી અભિન્ન ભગવાન પણ સમયે સમયે બદલાતા ગણાય. એટલે અહીં કવિ કહે છે, 'પ્રભુ ! તું તો સમયે સમયે બદલાતો રહે છે, પછી મારે તમારામાં મન સ્થિર કેમ કરવું ? તમારું સ્થિર ધ્યાન શી રીતે થાય ? જો એ ન થઈ શકે, તો મારી તમારી પ્રીતિનો નિર્વાહ-ટકાવવું કેવી રીતે થાય ? બાકી એટલું ખરું કે દોરીના બળે પતંગ હાથમાં છે, એમ ભક્તિના બળે પ્રભુ આપણા દિલમાં છે. આ ઉપાધ્યાય માનવિજયજીએ કહ્યું. અહીં ઉપાધ્યાય યશોવિજયજી કહે છે, દર્પણમાં જેમ મોટો હાથી આવે, એમ મારા હૃદયમાં ધ્યાન દ્વારા મોટા પ્રભુ આવી શકે છે.

દુન્યવી પદાર્થનો મોહ કેમ ઉતરે ?

અહીં એક મહત્ત્વની વસ્તુ શીખવા મળે છે. તે આ કે, જો આપણે ભગવાનને આપણા દિલમાં સ્થિર રાખવા હોય, તો જગતના મોહક પદાર્થોનો મોહ દિલમાંથી કાઢી નાખવો જોઈએ. તમે કહેશો એ શી રીતે નીકળે ? એનો જવાબ છે, કે સ્થિર દેખાતા મોહક પદાર્થોને પહેલેથી જ અસ્થિર સમજી રાખીએ તો મોહ ઊતરી જાય. આના માટે ઘડો અને ફૂલહારનું દૃષ્ટાંત જુઓ.

ઘડો અને ફૂલહારનાં દૃષ્ટાન્તથી શોક અટકે :-

બજારમાંથી એક રૂપિયાનો ઘડો અને બે રૂપિયાનો ફૂલહાર લઈ આવ્યાં. સાંજ પડ્યે બે રૂપિયાનો ફૂલહાર કરમાઈ જાય તો દુઃખ થતું નથી; ત્યારે ચાર દિવસ પછી પણ એક રૂપિયાનો ઘડો ફૂટી જાય તો દુઃખ થાય છે. કારણ શું ? આ જ કે ફૂલહાર લાવ્યા ત્યારથી સમજીને લાવ્યા હતા કે આ સાંજ સુધી પણ તાજો રહેવાનો નથી. એટલે ત્યાં ફૂલહારની અસ્થિરતા હૈયે પહેલેથી અંકાઈ ગઈ હતી; તેથી સાંજે કરમાઈ જતાં મનને એમ થાય છે કે 'આ તો હું જાણતો જ હતો કે આનું તાજાપણું લાંબુ ટકે નહિ; એટલે હાર સાંજે કરમાઈ જાય એ સ્વાભાવિક છે.' ત્યારે ઘડો લાવ્યા ત્યારથી સમજીને લાવ્યા હતા કે 'આ ૧૫-૨૦ દિવસ તો ટકવાનો, સ્થિર રહેવાનો.' એમાં ચાર દિવસમાં ફૂટી ગયો, તેથી દુઃખ થાય છે.

દુઃખ કોણે કરાવ્યું ? ઘડાના નાશે નહિ, કિન્તુ ઘડામાં સ્થિરતાની બુદ્ધિએ દુઃખ કરાવ્યું; કેમ કે દુઃખ જો વસ્તુ નાશથી થતું હોય તો એમ તો ફૂલહારનો સાંજે જ નાશ છે, છતાં ત્યાં ક્યાં દુઃખ થાય છે ?

દુઃખ કરાવનાર વસ્તુનો નાશ નહિ, પણ વસ્તુમાં કરેલી સ્થિરતાની કલ્પના છે.

ફૂલહારમાં સ્થિરતાની કલ્પના નહોતી તેથી એના નાશમાં દુઃખ નથી થતું. ત્યારે ઘડામાં સ્થિરતાની કલ્પના રાખી હતી, તેથી એના નાશમાં દુઃખ થાય છે.

આ પરથી શીખવા મળે છે કે મોટા વૈભવ પરિવાર પ્રતિષ્ઠા અને ખાનપાનાદિના સુખને જો અસ્થિર જ સમજી રાખીએ, તો એના જવામાં દુઃખ નહિ થાય. માણસને, કોઈ બાપની લાડકી શ્રીમંત કન્યા પરણી લાવ્યા પછી, ખબર પડે કે આ તો વઢકણી છે, વાતે વાતે ઝગડો કરી બોલ્યા કરે છે,- 'તમે આમ કરશો તો હું મારા બાપને ઘેર ચાલી જઈશ,' તો એ ડાહ્યો માણસ સમજી જ રાખે છે કે 'આ સ્થિર નહિ ટકવાની. રહે એટલું અહોભાગ્ય ! બાકી ક્યારે ચાલી જાય એનો ભરોસો નહિ'. પછી એ ખરેખર ચાલી જાય તો એને બહુ દુઃખ નહિ થાય; કોઈ પૂછે તો કહેશે કે 'એ તો હું પહેલેથી જ જાણતો હતો કે આ ટકનારી નહિ, પણ જનારી જ છે. તેથી મને દુઃખ નથી થતું.'-

એમ જગતના પદાર્થ માત્ર મળ્યા ત્યારથી જ એના માટે સમજી રાખ્યું હોય કે 'આ ટકવાના નહિ,' રહે એટલું અહોભાગ્ય ! બાકી ક્યારે ચાલી જાય એનો ભરોસો નહિ; જો આવું સમજી રાખ્યું હોય ને પછી એનો વિયોગ થાય તો એ વિયોગ થતાં દુઃખ નહિ થાય, મનને થશે કે 'આ વિયોગ તો હું પહેલેથી જાણતો જ હતો, ને થયો.'

સંસ્કૃતમાં કવિ આ પ્રમાણે કહે છે,-

अनित्यता कृतबुद्धिस्तु, म्लानमाल्यो न शोचति ।
नित्यता कृतबुद्धिस्तु, भग्नभाण्डोऽपि शोचति ॥

અર્થાત્ માળામાં અસ્થિરતાની ગણતરીવાળો એ કરમાઈ જતાં શોક નથી કરતો; ત્યારે ઘડામાં સ્થિરતાની કલ્પનાવાળો એ ફૂટી જતાં શોક કરે છે. એ સૂચવે છે કે શોક કરાવનાર કોણ છે ? કહો, સ્થિરતાની કલ્પના શોક કરાવે છે. સારાંશ જીવનમાં શોકથી બચવા આ જ સમજી રાખવાનું છે કે 'સંયોગમાત્ર વિયોગના અંતવાળા છે. જગતના પદાર્થ માત્ર અનિત્ય છે.' આમ પહેલેથી જ અનિત્યતા-અસ્થિરતા સમજી રાખવાથી એના પર મોહ ન થાય; તેથી દિલમાં તે દુન્યવી પદાર્થ સ્થાન જમાવી ન બેસે. એટલે ત્યાં દિલમાં પ્રભુને સ્થિર સ્થાન આપી શકાય.

સગરચક્રીનો સંતાપ :

સગર ચક્રવર્તીના ૬૦ હજાર પુત્રોએ અષ્ટાપદજી ફરતી ખાઈ ખોદી એમાં શાશ્વતી ગંગાની નહેર વહેતી કરતાં પાતાળમાં દેવતાના ભવન પર રજ અને પાણી ટપક્યાં દેવતા ગુસ્સે થયા. ઉપર આવીને સાઠેઠ હજારને એકી કલમે બાળીને ભસ્મસાત્ કરી દે છે. આ સમાચાર મળતા સગર ચક્રવર્તી ક્ષણભર તો શોકથી અવાક્ જેવા થઈ ગયા. પરંતુ પછીથી સ્વસ્થ થઈ જાય છે. ત્યાં આવું જ કંઈક વિચાર્યું હશે કે 'મારે તો ભાઈશ્રી અજિતનાથ ભગવાનની સાથે જ દીક્ષા લેવાની હતી. એ લીધી હોત તો દિલમાં સ્થિર ભગવાનને રાખ્યા હોત, તો આ દિવસ જોવાનો ન આવત. આ પુત્રોની અસ્થિર માયામાં પડ્યો તેથી આ દુઃખનો દિવસ જોવાનો આવ્યો. માટે હવે બધી અસ્થિર માયા છોડું.'

આપણી વાત આ હતી કે હું નાનો છતાં મોટા દિલવાળા પણ પ્રભુ મને પોતાનામાં સમાવી શકતા નથી, ત્યારે હું મારા નાના દિલમાં પણ મોટા પ્રભુને સમાવી શકું છું. તો એમાં શાબાશી કોને ઘટે ? એના ઉત્તરમાં કહ્યું "જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે શાબાશી રે..." જે પ્રભુના કેવળજ્ઞાન-જનિત શાસનતેજથી નાના દિલમાં મોટા પ્રભુને સમાવવાની આવડત આવી, એ પ્રભુને જ શાબાશી દીજે.

જેમ હું નાનો પણ મોટા પ્રભુના મનમાં ન માઉં, ત્યારે મારા નાના દિલમાં

મોટા પ્રભુ માય, એ આશ્ચર્ય છે, એમ વેદ પુરાણમાં એક આશ્ચર્ય આવે છે; પરંતુ એવા આશ્ચર્યથી કાંઈ બગડતું નથી, એમાંથી બોધ મળે છે, -પ્રભુભક્તિ ઓર વધે છે, - એ હવે કહે છે,

ઉર્ધ્વ મૂળ, તરુવર અધ શાખા રે, છંદ પુરાણ એહવી ભાખા (વાચા) રે,
અચરિજવાળે અચરિજ કીધું રે, ભક્તે સેવક કારજ સીધું રે...૪

ભાવાર્થ : વેદ અને પુરાણમાં વૃક્ષનું મૂળ ઊંચું, અને શાખાઓ નીચી એમ કહેલું છે. આ આશ્ચર્યવાળાએ તો આશ્ચર્ય રજૂ કર્યું, પણ અહીં તો આશ્ચર્યમાંથી પ્રભુની ભક્તિ ઊભી થતાં સેવકનું કાર્ય સિદ્ધ થયું...

('છંદ પરણ છે એહવી ભાખા રે' ગીતા વગેરે અજૈન ગ્રંથોમાં આ વાતનો ઉલ્લેખ છે ને તદનુસાર 'છંદ' એટલે ઇચ્છાઓ અને 'પરણ' એટલે પર્ણ-પાંદડા, તદનુસાર 'છંદ પરાણ' એમ પાઠાંતર મળે છે.)

વિવેચન : વેદમતમાં આ મુજબ છે કે અદ્વિતીય આત્મા શુદ્ધ બ્રહ્મ છે. તે ઉપરમાં છે પરંતુ અવિદ્યા અને માયાના સંબંધથી શુદ્ધ બ્રહ્મ આત્મા પાતાને ભૂલી ગયો છે, ને એ અનેક જીવાત્મા રૂપ બની ગયો છે. એમાંથી નીચે ચારગતિની શાખા ઊભી થાય છે, આ આશ્ચર્ય છે કે મૂળ બ્રહ્મ તો ઉપર છે, અને શાખા નીચે છે. ગીતામાં સંસારને વૃક્ષની ઉપમા આપી છે તેનું મૂળ માયા છે અને માયાનું મૂળ બ્રહ્મ છે. બ્રહ્મનો વાસ ઊંચે છે તેથી વૃક્ષનું મૂળ ઊંચું છે, ને ચાર ગતિ રૂપ ચાર શાખા નીચે છે, વિષયો તેા પાંદડા છે.

વેદમતમાં આ જે આશ્ચર્ય વર્ણન કર્યું છે કે 'ઊંચે મૂળ અને નીચે શાખા' એ આશ્ચર્યવાળાએ પોતે જ આશ્ચર્ય ઊભું કર્યું એ જ આશ્ચર્ય છે. કેમ કે વાસ્તવમાં એવો કોઈ એકમાત્ર શુદ્ધાત્મા જ નથી, તેમજ એક બ્રહ્મરૂપ શુદ્ધ આત્મામાંથી અનેક જીવાત્મા બન્યા, પંચભૂત વગેરે પ્રગટ થયા, એવી કોઈ વસ્તુ-સ્થિતિ જ નથી, હકીકત જ નથી. વળી કહે છે કે અદ્વિતીય બ્રહ્મ એ જ પરમાર્થિક સત્ છે; બાકી જીવાત્માઓ અને પંચભૂત એ કાંઈ પરમાર્થિક સત્ નથી. એટલે જ શુદ્ધ બ્રહ્મ પરમાર્થથી બદ્ધ પણ નથી તો મુક્ત શી રીતે ? તો પછી સવાલ થાય કે મોક્ષ એટલે શું ? મોક્ષ કોને ? કોનાથી મોક્ષ ? તેમજ મોક્ષમાર્ગ પણ કોના માટે ? વળી જો પત્ની પણ પરમાર્થથી સત્ નથી, તેમ માતા પણ પરમાર્થથી સત્ નહિ, તો માતા-પત્ની વચ્ચે પરમાર્થથી એટલે કે તાત્ત્વિતરૂપે ફરક શો ? એટલે ઉર્ધ્વ મૂળ અને અધો શાખા એ જે આશ્ચર્ય ઊભું કર્યું, એ જ આશ્ચર્ય છે. તાત્પર્ય એ ધડ-માથા વિનાની માત્ર કપોલ-કલ્પના છે.

જ્યારે અમારું આશ્ચર્ય આ વેદમત જેવું નથી, પણ સત્ય હકીકત છે કે 'મારા લઘુ અને અસ્થિર મનમાં મોટા અને સ્થિર ભગવાન સમાઈ જાય છે ! વળી એ આશ્ચર્ય છે કે ભગવાનના મોટા મનમાં હું નાનો છતાં નથી આવતો ! એ આશ્ચર્ય પણ સત્ય હકીકત છે. ત્યારે વેદમત મુજબ શુદ્ધ બ્રહ્મ એ પરમાર્થિક અને એના પર અવિદ્યાનું આવરણ એ પરમાર્થથી સત્ નહિ, એ આશ્ચર્ય છે કેમ કે પરમાર્થથી સત્ને પરમાર્થની અસત્નો લેપ જ શાનો લાગે ? એટલે આ વેદપુરાણનું આશ્ચર્ય માત્ર કાલ્પનિક આશ્ચર્ય છે; જ્યારે મોટા એવા પણ ભગવાન ભક્તના નાના દિલમાં પેસી જાય છે તે આશ્ચર્ય સત્ય હકીકત છે; માટે જ કહ્યું કે -

ભક્તે સેવક કારજ સીધું- ભક્તિથી સેવકનું કાર્ય પાર પડ્યું. એટલે સીમંધરસ્વામી ભલે આપણાથી ૫૦ હજાર યોજન દૂર મહાવિદેહક્ષેત્રમાં બેઠા છે, છતાં એમને આપણા દિલમાં આપણે વસાવી શકીએ છીએ. આ આશ્ચર્ય છે, છતાં એથી પ્રભુ પર આપણી ભક્તિ વધે છે, આપણે ભગવાનને દિલમાં વસાવ્યા, તો ભગવાન પ્રત્યેની ભક્તિથી આપણું કાર્ય પાર પડ્યું ! ભગવાનની સાથે આપણે એકમેક બની ગયા !

માટે તો સિદ્ધગિરિના સ્તવનમાં શ્રી જ્ઞાનવિમલસૂરિજી મહારાજે ગાયું છે કે-

"ઘેર બેઠા પણ એ ગિરિ ગાવે, શ્રી જ્ઞાનવિમલસુખ પાવે રે." ઘેર બેઠા પણ, **'અનંત-સિદ્ધ-નિધાન તીર્થાધિરાજ શ્રી સિદ્ધક્ષેત્રાય નમો નમઃ'** એમ કહી સિદ્ધાચલજીનાં ગુણગાન કરે એ 'જ્ઞાનવિમલ' એટલે કે કેવળજ્ઞાન અને 'વિમળસુખ' એટલે કે મોક્ષનું અનંતસુખ, એ પામે છે. શું આ અતિશયોક્તિ નથી ? ના, એનું કારણ એ છે કે સાક્ષાત્ સિદ્ધાચલજીમાં પણ બધી પૂજા-ભક્તિ-ઠાઠ કરે, પરંતુ જો દિલ શુષ્ક હોય, ભાવ રહિત હોય, તો ત્યાં પણ ફળ મામૂલી મળે. એટલે વંદન-પૂજન ગુણગાન આદિની ક્રિયાની સાથે ભાવનું ખાસ મહત્ત્વ છે, એ ઘરે બેઠા પણ ગિરિરાજનાં ગુણગાન કરતાં જાગી શકે છે, માટે કહ્યું, 'ઘેર બેઠા પણ....'

પ્રશ્ન : તો તો પછી કોઈ પાલીતાણે જઈ ધર્મશાળાની ઓરડીમાં જ બેઠો રહી ગુણગાન કરે, તો એ લાભ મળી રહે, પછી શું કામ ગિરિરાજ ચડવા વગેરેનું કષ્ટ ઉપાડે ?

ઉત્તર : ત્યાં જો એ એમ જ રૂમમાં બેઠો રહે, તો એણે ગિરિરાજની યાત્રા અને આદીસર દાદાના વંદન-પૂજા વગેરેની ઉપેક્ષા કરી ગણાય અને એ ઉપેક્ષા પાપ બંધાવનારી થાય, પ્લસને બદલે માઈનસમાં ઉતારે !

બાકી જ્યારે સાક્ષાત્ સિદ્ધગિરિ ન મળ્યો હોય ત્યારે પણ 'એ ગિરિ ગુણ ગાવે રે'થી મહાન લાભ પામે છે.

અહીં બેઠા પ્રભુનું ધ્યાન કરો તો, પ્રભુ હાજરાહજૂર મળ્યા હોય ને જે

કાર્યસિદ્ધ થાય, તે કાર્ય અહીં પ્રભુના ધ્યાનથી સિદ્ધ થાય છે. ઘેર બેઠા તીર્થયાત્રા કરો, તીર્થના ગુણગાન કરો, તો સાક્ષાત્ તીર્થને ભેટ્યાનો જે લાભ મળે તે લાભ મળે છે.

ઘણીવાર જીવને એમ થાય છે કે - 'સીમંધરસ્વામી પાસે આપણે જન્મ્યા હોત તો સારું થાત,' પણ વિચાર આ જોઈએ કે 'જોકે અત્યારે તેમ બન્યું નથી, અર્થાત્ ત્યાં આપણે જન્મ્યા નથી, છતાં પણ આપણે દૂર એવા સીમંધરસ્વામીને ધ્યાન દ્વારા નજીક કરી શકીએ છીએ... યાવત્ તેમના અષ્ટપ્રાતિહાર્યને ધ્યાન દ્વારા અનુભવી શકીએ છીએ. દા.ત. ત્યાં થતી પુષ્પવૃષ્ટિના ધ્યાન દ્વારા આપણે પણ એની સુગંધનો અનુભવ કરી આપણા મનને તાજગી આપી શકીએ. એમની મીઠી મધુરી વાણી આપણા કાનમાં જાણે ગુંજતી હોય, એમ સાંભળી શકીએ છીએ. માટે તો કહ્યું છે,-

"એક નિકટ પણ વેગળા, જેહને ન ગમે એહ રે;
અળગા તો પણ ઢુંકડા, જેહશું અધિક સનેહ રે...."
— સ્વામી સીમંધરા વિનતિ.

અર્થાત્ જે દૂર છે તે પણ સ્નેહથી નજીક છે, ને જો સ્નેહ નથી તો નજીક રહેલ છતાં દૂર છે.

મહાન પુરુષોની નજીક જવું છે ? તીર્થોની નજીક જવું છે ? તો આ આપણને પરવાનો છે. તેમના ધ્યાન દ્વારા તેમને દિલમાં બેસાડી શકીએ; ભગવાનને ધ્યાન દ્વારા દૂરથી નજીક લાવી શકીએ, અને મહાલાભ પામી શકીએ.

સવારે ઊઠીને ચિંતન કરી શકાય કે 'ભગવાન વિહાર કરી આવી રહ્યા છે. આપણે દૂર સુધી સામે ગયા, ને ભગવાનને લઈ આવ્યા. આપણા હૃદયસિંહાસન પર બેસાડ્યા.' ત્યાં અંદરમાં પ્રભુને ચામર વીંજાતા જોવાના, ઉપર અશોકવૃક્ષ જોવાનું, ભામંડલ જોવાનું, પુષ્પવૃષ્ટિ જોવાની...ઇત્યાદિ... એમ અષ્ટપ્રાતિહાર્ય જોવાના અને પછી ભગવાનની સ્તવના કરવાની, પ્રાર્થના કરવાની, વિનંતી કરવાની આ બધું કરવાથી મનમાં ભારે શાંતિ અને શક્તિ પોઇઝ ઍન્ડ પાવર આવે છે, સાક્ષાત્ ભગવાનને ગજ-દર્પણના દૃષ્ટાંતથી આપણા નાના દિલમાં સંક્રમિત કરવાના.

અદ્‌ભુત પરવાના :- આવું ચિંતન કરવાનો અને પ્રભુને દિલમાં લાવવાનો આપણને પરવાનો મળ્યો છે. પરવાનો સમજો છો ને ? ફેક્ટરીમાંથી માલ ઉપાડવા અને નાના વેપારીઓને ડિસ્ટ્રિબ્યુટ કરવાની સોલ એજન્સી મળે છે એ પરવાનો છે. સરકાર તરફથી વિદેશી માલ આયાત કરવાની પરમીટ મળે છે. એ પરવાનો છે. માનવભવે વિશિષ્ટ ભેજું મળ્યું એ પુણ્યથી મળ્યું, એમાં ફાવે તેવા વિચાર કરવાનો અદ્‌ભુત પરવાનો મળ્યો છે.

આ પરવાનો જનાવર પાસે ભેજું હોવા છતાં, એને નથી મળ્યો કેમ કે એનું ભેજાંનું પુણ્ય કાચું છે. આપણું પુણ્ય પાકું જોરદાર, એટલે આપણને પરવાનો મળ્યો.

પરવાનો બંનેનો છે - સારું ચિંતવો કે નરસું ચિંતવો; હાલતું ફાલતું ચિંતવો કે નક્કર સારું ચિંતવો, બંનેનો પરવાનો છે, એ પરવાનાનો ઉપયોગ કેવો કરવો છે, એનો આધાર આપણા વિવેક ઉપર છે.

સાર પકડવાનો વિવેક હશે, તો બુદ્ધિથી સારું ચિંતવવાનો ઉપયોગ થશે. મહાપુરુષોને આ પરવાનાની આ સોલ રાઈટની કદર હતી, તેથી ભયંકર ઉપસર્ગમાં પણ મનથી નરસું ન ચિંતવ્યું. "પીડા આપનારો જુલ્મગાર મારા શરીર પર ફોર્સ કરી શરીરને પીડા આપી શકે છે, પરંતુ મારા મન પર એનો ફોર્સ ન ચાલે. મનને ખોટો વિચાર ન કરાવી શકે. મનથી સારું ચિંતવવાનો પરવાનો મારી પાસે છે. આવો અદ્‌ભુત પરવાનો મળ્યા પછી એનો બરાબર ઉપયોગ કરું અને મનથી સારું સુંદર ચિંતવન કરું." આવું મહાપુરુષો સમજતા એટલે પરવાનાની રૂએ ઉપસર્ગ કરનાર જુલ્મગારને ઉપકારી તરીકે ચિંતવતા ઉપસર્ગને કર્મ ગુમડાનું ઓપરેશન સમજતા. આપણી પાસે પરવાનો છે, આપણે ઉપસર્ગ કરનારને દુષ્ટ તરીકે લેખવો ? કે ઉપકારી તરીકે લેખવો ? સામો આપણા શરીરને કચડી શકે છે, પણ આપણા મનને નહિ. મનને પરવાનો છે, મન સારું ચિંતવી શકે છે.

આપણે ગમાર છીએ, જો આ પરવાનાનો સારો ઉપયોગ નથી કરતા. તો સારું જ ચિંતવવાનો જો પરવાનાનો ઉપયોગ ન કરીએ તો શું મૂર્ખતા નથી ?

આપણને ઉચ્ચ માનવજન્મના હિસાબે મહાન પરવાના મળેલા છે. એની જિનશાસને આપણને ઓળખ કરાવી છે. તો પછી આપણે જિનશાસનની રૂએ એ પરવાના કેમ ન ઓળખી લેવા ? ને ઓળખી લઈને કેમ એનો સદુપયોગ ન કરી લેવો ?

પરવાના કેવા કેવા ? દા.ત.

(૧) દુનિયાના માણસ રોદણાં રુએ છે કે "જીવન સારી રીતે જીવવા માટે ઠીક ઠીક અનુકૂળ ચીજ-વસ્તુ-સામગ્રી જોઈએ, પરંતુ પૈસાની એવી સારી આવક નથી, શું કરીએ ? ત્યારે અહીં જિનશાસને આપણને અરિહંત-પ્રાર્થનાનો ભવ્ય પરવાનો આપ્યો છે, દા.ત. ગણધર ભગવાન કહે છે,- "જય વીયરાય જગગુરુ ! હોઉ મમં તુહપ્પભાવઓ ભયવં ! ઈઠ્ઠફલ સિદ્ધિ"

"હે વીતરાગ જગદ્‌ગુરુ ! તમે જય પામો ! મારે તમારા પ્રભાવથી હે ભગવંત ! ઈષ્ટફળની સિદ્ધિ હો."

ગણધર ભગવાને ચૈત્યવન્દન સૂત્રમાં આ પ્રાર્થના મૂકી છે તે સમજીને જ મૂકી છે કે વીતરાગ ભગવાનને પ્રાર્થનાથી એમના અચિંત્ય પ્રભાવથી ઈષ્ટફળની

સિદ્ધિ થાય છે, આ 'ઇષ્ટફળ સિદ્ધિ'નો પૂર્વાચાર્ય ભગવંતોએ અર્થ લખ્યો છે. 'ઇહલૌકિકી ઇચ્છિત અર્થ નિષ્પત્તિ' અર્થાત્ 'આ લોકના અર્થાત્ સાંસારિક ઇચ્છિત કાર્યની સિદ્ધિ' અરિહંત ભગવાનને પ્રાર્થના કરવાથી જો ઇષ્ટ કાર્ય સિદ્ધ ન થતું હોય, તો પ્રાર્થના નિષ્ફળ જાય. પરંતુ ગણધર ભગવાન એવી પ્રાર્થનારૂપ નિષ્ફળ પ્રવૃત્તિનું વિધાન કરે નહિ અને આ ઇષ્ટફળ એ લૌકિક સાંસારિક કાર્ય છે, એ સિદ્ધ થવાથી જીવને આર્તધ્યાન કરી રોદણું રોવાનું રહેતું નથી કે 'શું કરું ? મારે જીવનમાં જરૂરી મળ્યા વિના મુશ્કેલી રહે છે.' જ્યારે ઇષ્ટસિદ્ધિ થવાથી ચિત્તને સ્વસ્થતા રહે છે, તેથી ધર્મપ્રવૃત્તિ સુખે થાય છે. એમ આચાર્યોએ આ ઈષ્ટફલસિદ્ધિ પદની ટીકામાં જ લખ્યું છે. સંસારી જીવ છે એને અનેક પ્રકારની સાંસારિક ઉપાધિઓ ઊભી થાય. એ વખતે એ શું મૂંઝવણ જ કર્યા કરે ? ચિત્ત અસ્વસ્થ રાખીએ, શું આર્તધ્યાનમાં જ સબડ્યા કરે ? ગણધર ભગવાને જોયું કે 'જેમ મેં માથે અરિહંતનાથ રાખ્યા છે અને એ અરિહંતનાથ પ્રભાવી છે, એવા મારે શું કામ એવી મૂંઝવણ-અસ્વસ્થતા આર્તધ્યાન કરવા જ જોઈએ ? મારે તો અરિહંત પ્રભુને પ્રાર્થના દ્વારા પોતાના ઇષ્ટકાર્યની સિદ્ધિ અથવા મારી મૂંઝવણના ઇષ્ટ ઉકેલની સિદ્ધિ માગવી એ માટે પ્રભુને મારે પ્રાર્થના જ કરવી કે "ભગવંત ! તમારા પ્રભાવે મારે 'ઇષ્ટફલસિદ્ધિ' અર્થાત્ ઇચ્છિત ઈહલૌકિક યાને સાંસારિક કાર્યની સિદ્ધિ હો. યા આ લોકની યાને સાંસારિક આપદાનું નિવારણ હો.'

સમ્યક્ત્વના ૬૭ વ્યવહારમાં ત્રણ શુદ્ધિ પૈકી આ એક શુદ્ધિ છે કે **'જિન ભક્તે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે'** પ્રાર્થના કરવા છતાં એવા કોક નિકાચિત અંતરાયકર્મના ઉદય હોય, તો જ ધાર્યું સિદ્ધ ન થાય, નિકાચિત પાપના ઉદય હોય તો જ આપદા મટે નહિ અને ભોગવવી જ પડે; પરંતુ એવા નિકાચિત કર્મ થોડા; બાકી તો

અનિકાચિત કર્મ ઘણા અને એ અરિહંતના અચિંત્ય પ્રભાવે નષ્ટ થાય જ. માત્ર આપણે પ્રભુને અનન્ય શ્રદ્ધાથી કરગરતા દિલે પ્રાર્થના કરવી જોઈએ. અરિહંત દેવના અચિંત્ય પ્રભાવે ઇષ્ટ (ઇચ્છિત) આ લોકના કાર્યની પણ સિદ્ધિ થાય ને અનિષ્ટ આપત્તિ-નિવારણ થાય.

સારાંશ, જૈનશાસનની રૂએ આપણને આ અરિહંત પ્રાર્થનાનો પરવાનો મળેલો છે; તો 'કેમ એનો ઉપયોગ કરી ઇષ્ટફલસિદ્ધિ મેળવીને મૂંઝવણ, આર્તધ્યાન અને પાપોપાર્જનથી બચું !' આપણે આ જ રટણ રાખવાનું - 'જય વીયરાય હોઉ મમં તુહપ્પભાવઓ ભયવં ! ઇઠ્ઠફલસિદ્ધિ.'

બીજાઓને વીતરાગ જગદ્‌ગુરુ મળ્યા નથી, તેથી એ બિચારા ક્યાંથી વીતરાગ

અરિહંતદેવને પ્રાર્થના કરી શકે ? એમને એનો પરવાનો જ મળ્યો નથી. તો આપણને એ મળી ગયા પછી એનો ઉપયોગ ન કરીએ, અને ઉપાધિ આદિમાં નિષ્ક્રિય બેસી પાપ ઉપાયો યા મિથ્યાત્વી દેવ-દેવી સેવન કરી આર્તધ્યાનમાં સબડીએ એ બોથડ-અણઘડપણું નથી ?

(૨) બીજો એક મજેનો પરવાનો શુભભાવના દાનનો આપણી પાસે આ છે, કે

આપણે વારેવારે કે અવસરે અવસરે બીજાને શુભભાવ શુભ અધ્યવસાય અને શુભ વિચારનું દાન કરી શકીએ. પુણ્ય બાંધવાના નવ પ્રકારોમાં આ એક મહત્ત્વનો પ્રકાર છે, આ જગતમાં શુભભાવ જાગવા ક્યાં સહેલા છે ? જીવ મિથ્યાત્વ-અવિરતિ-કષાયો અને અશુભ યોગોથી પકડાયેલો કંઈ પ્રકારના અશુભ ભાવોમાં જ પડેલો છે, ને એમાં જ રમ્યા કરે છે. જીવને જો કોઈ શુભભાવમાં ચડાવે તો એ એના માટે આશ્ચર્યભૂત અને આશીર્વાદભૂત બનાવે છે. આપણે જો જૈનધર્મ પામ્યા અને સમજ્યા છીએ, તો સમજી રાખો કે આપણી પાસે બીજાને શુભભાવનું દાન કરવાનો પરવાનો મળેલો છે. દા.ત. આપણને કોઈએ ઠપકાનો શબ્દ કહ્યો ત્યાં તરત જ આપણે 'ભાઈ મારી ભૂલ થઈ. મિચ્છામિ દુક્કડં કરીએ, તો સામાને કાંઈક શુભભાવ આવી એનો કષાય ઓછો થશે. એમ આપણે ભાષા મીઠી પ્રિય અને ધર્મોત્સાહ જગાવનારી બોલીએ, તો એ બીજાને શુભભાવ જગાવનારી બને. એટલે એવી વાણી બોલવામાં બીજાને શુભ અધ્યવસાયનું દાન કરવાનું મળ્યું. એ એમને કેટલા બધા પુણ્યોપાર્જનનું કારણ બને ?' તો બીજાને આવા પુણ્યોપાર્જનના કારણભૂત શુભ અધ્યવસાયનું દાન કરવામાં આપણે નિમિત્ત બનવાનો પરવાનો જૈન ધર્મની રૂએ આપણને મળ્યો છે, તો એનો ઉપયોગ કેમ ન કરી લેવો ?

વળી એક પરવાનો આત્મદૃષ્ટિનો :-

જૈનશાસન મળ્યું એટલે જનાવર કે અનાર્ય માનવની જેમ દેહ તરફ જ દૃષ્ટિ નહિ, પરંતુ પોતાના અંદરવાળા આત્મા તરફ અને પરમાત્મા તરફ દૃષ્ટિ રાખવાનો પરવાનો મળ્યો છે. જનાવર અને અનાર્ય મ્લેચ્છ મનુષ્યને આત્મા પરમાત્માની સમજ જ નથી, પછી એ બિચારા એના પર દૃષ્ટિ લઈ જ શી રીતે જાય ? કહો, આત્મદૃષ્ટિ અને પરમાત્મદૃષ્ટિ એને કોઈ ઈજારો જ નથી મળ્યો ત્યારે,

આપણને જ્યારે આ ઈજારો મળ્યો છે તો આ વિચારવાનું છે કે **આપણે વારે ને વારે દેહદૃષ્ટિ પડતી મૂકી આત્મદૃષ્ટિ કેટલી ચલાવીએ છીએ ?**

ખરેખર તો આ ઈજારાનો ઉપયોગ કરીને આપણે દેહદૃષ્ટિના કાર્યોમાં પણ

આત્મદૃષ્ટિ જાગતી રાખી શકીએ, જાગતી રાખવી જ જોઈએ. દા.ત. ભોજન કરવા બેઠા, ત્યાં માત્ર ઈંદ્રિયો અને દેહની તુષ્ટિ-પુષ્ટિ પર નજર રહેવાને બદલે, આપણા આત્માને કેટલું હિતકારી બની શકે એનો વિચાર જોઈએ.

(૧) આત્માને જડની આસક્તિ ન પોષાય અને (૨) જડની ગુલામી માથે ન ચડી બેસે એની સાવધાની જોઈએ.

એમ (૩) કાયાને પુષ્ટિ મળવા પર આત્મહિત તરીકે જિનભક્તિ, સ્તોત્રપાઠ, કાયોત્સર્ગ, સાધુસેવા વગેરે કાર્યો કયા કયા કરું ? એનું આયોજન વિચારવું જોઈએ.

એમ (૪) દેહદૃષ્ટિ પડતી મૂકી પરમાત્મદૃષ્ટિ લાવવા માટે પણ વીતરાગ પરમાત્માની કેમ નિકટ થવાય, પરમાત્માને આપણા જીવનમાં ક્યાં ક્યાં સ્થાન મળે, વગેરે વિચારવાનો આપણી પાસે ઈજારો છે.

સારાંશ આ ઈજારાનો ઉપયોગ કરતા રહી દેહની અને ઈંદ્રિયોની તુષ્ટિ પુષ્ટિના વિચાર ઓછા કરતા રહી, આત્મદૃષ્ટિ અને પરમાત્મદૃષ્ટિના વિચાર ખૂબખૂબ ચલાવવાનો ઈજારો મળ્યો, તેનો ઉપયોગ કરતા રહેવાનું. મનને થાય કે આવો મહાકિંમતી ઈજારો મળ્યો, એને નકામા જવા દઉં ?

'નમો અરિહંતાણં' રટવાના મહાકિંમતી ઈજારો :-

એક ઈજારો આપણને એ મળ્યો છે કે જ્યારે જ્યારે બીજા કામમાંથી ફારેગ થઈએ ત્યારે ત્યારે મગજ શૂન્ય કરી બેસી રહેવાને બદલે યા નકામા અંટસંટ વાતો-વિચારો કરતા રહેવાને બદલે, આપણે બીજું કાંઈ નહિ તો 'નમો અરિહંતાણં'ની રટણા ખૂબ રાખી શકીએ; ને તે રટણા પણ બને તો ગણતરીબદ્ધ રાખી શકીએ. આ ઈજારો જૈનેતર પાસે ક્યાં છે ? જૈન તરીકે આપણી પાસે છે અને એના ઉપયોગનો અપરંપાર લાભ છે તો કેમ એ ઉપયોગ નહિ કરવો ?

મૈત્રી આદિ ભાવો-ભાવનાઓનો મહાન ઈજારો :-

એવો એક મહત્ત્વનો ઈજારો આપણી પાસે આ છે કે મનમાં મૈત્રી-કરુણા-પ્રમોદ-ઉપેક્ષા આ ચાર ભાવ અને આની જ ચાર ભાવનાઓ ખૂબ આત્મસાત્ કરી શકીએ. જીવનમાં આ બહુ જરૂરી છે; કેમકે ધર્મબિંદુ શાસ્ત્ર કહે છે, કે **વીતરાગના વચન અનુસાર જે અનુષ્ઠાન એ ધર્મ, પરંતુ તે મૈત્રી-આદિ ભાવોથી સંયુક્ત હોય તો જ તે ધર્મ કહેવાય.**

''મૈત્ર્યાદિભાવસંયુક્તં તદ્ ધર્મ ઇતિ કીર્ત્યતે''

આ હિસાબે એ મૈત્રી આદિ ભાવનાઓની ધર્મ માટે અત્યંત આવશ્યકતા તો છે જ, ઉપરાંત અનાદિના અ-મૈત્રી વગેરે મહામલિન ભાવોનાં શુદ્ધિકરણ માટે પણ એની જરૂર છે. મૈત્રી કરુણા વગેરે પવિત્ર ભાવો મનમાં ખૂબ જ ગાઢપણે ગુંજતા

રહેવા જોઈએ. એથી હવે આપણી આત્મ-પરિણતિ મૈત્રી આદિ ભાવમય બને છે અને આગળ પણ વિશેષ વિશેષ ઉચ્ચ કોટિના મૈત્રી આદિ ભાવો જાગતા રહે છે. ફક્ત આપણને મળેલા આ મૈત્રી આદિના ઈજારાનું મૂલ્યાંકન જોઈએ. બાકી મૈત્રી વગેરે ભાવનાઓ મનમાં ભાવતા ન રહીએ અને મલિન ભાવનાઓ કરતા રહીએ, તો તેથી શું આપણે સુખી થઈએ છીએ ? ના, જીવને સાચી સુખશાંતિ મૈત્રી વગેરે ભાવનાથી જ જે મળે એ વેર-વિરોધ વગેરેની મલિન ભાવનાથી ન મળે.

અજોડ મહાપુરુષોનાં જીવન સ્મરણાદિનો ખાસ ઈજારો :-

વળી આપણી પાસે એક મહાન ઈજારો જિનશાસનની રૂએ એવો અદ્‌ભુત મળ્યો છે કે ૨૪ તીર્થંકરો, ચક્રવર્તી ભરતેશ્વર, સનત્‌કુમાર, બાહુબલી, શાલિભદ્ર, સ્થૂલભદ્ર, મેતારજ... વગેરે મહાપુરુષો એવા મળ્યા છે કે જેમનો દુનિયાના ઈતિહાસમાં જોટો ન મળે ! એમનાં જીવન-પરાક્રમ અને સદ્‌ગુણ-સુકૃતોના રોજ ચિંતન-અનુમોદન કરીએ તો જીવનમાં એની ભવ્યાતિભવ્ય પ્રેરણા-પ્રોત્સાહન મળે, અને અથાગ પુણ્યકમાઈ તથા પાપક્ષયના અનુપમ લાભ મળે. જિનશાસન મળવાની રૂએ જ આ બધું મળે છે, તેથી આપણને એનો ઈજારો-પરવાનો મળ્યો ગણાય.

કેટકેટલા પરવાના ? :-

અરે ! આપણને જૈનશાસન મળ્યું છે એટલા જ માત્રથી આપણને ઈજારા-પરવાના તો કેટકેટલી વાતોના મળ્યા છે ? જો એ વિચારતાં બેસીએ તો મોટું લિસ્ટ થાય. દા.ત. **(૧)** કર્મ-વિજ્ઞાનમાં જ્ઞાનાવરણ આદિ આઠ કર્મો. એના બંધ ઉદય. એના કેવા કેવા પ્રસંગમાં કેવા કેવા કર્મના ઉદય થઈ કેવું કેવું કામ કરે છે....એ કર્મો બંધાવાના કારણ.... કર્મના બંધની જેમ સંક્રમણ-ઉદ્વર્તના-અપવર્તના-પ્રદેશોદય-ઉપશમના.... વગેરેનું ચિંતન કરવાનો પરવાનો આપણી પાસે જ છે, **(૨)** ૧૪ રાજલોકની ભૂગોળ અને એમાં જુદી જુદી પરિસ્થિતિ **(૩)** ૧૪ ગુણસ્થાનકની વિવિધ પરિસ્થિતિ, **(૪)** અરિહંતાદિ પંચપરમેષ્ઠી, એમનું સ્મરણ, એમને વંદન-નમસ્કાર, એમની પૂજા-સ્તુતિ, **(૫)** પંચાચારનું વિશાળ જ્ઞાન અને અમલનો ઈજારો આપણને જ મળ્યો છે. **(૬)** સૂક્ષ્મ પણ જીવોની દયા જયણા પાળવા માટે એ જીવોનું વિજ્ઞાન આપણને જ મળ્યું છે. **(૭)** દુઃખના પ્રસંગોને તત્ત્વચિંતનથી સમાધિ અને આત્મકમાણીના પ્રસંગ બનાવવાનો ઈજારો આપણને મળ્યો છે. **(૮)** માર્ગાનુસારીના ૩૫ ગુણો, **(૯)** શ્રાવકધર્મની યોગ્યતાના ૨૧ ગુણો **(૧૦)** શ્રાવકની ૧૧ પડિમા, **(૧૧)** સાધુ ધર્મની યોગ્યતાના ૧૬ ગુણો, **(૧૨)** તીર્થંકરપણાનું પુણ્ય બાંધવાનાં ૨૦ સ્થાનક, **(૧૩)** સમ્યગ્‌દર્શનના ૬૭ વ્યવહાર, **(૧૪)** બાર વ્રત, **(૧૫)** પાંચ મહાવ્રત, **(૧૬)** અરિહંત-ભક્તિના જુદા જુદા વિશિષ્ટ વિધાન..

વગેરે વગેરે જાણવાના અને આદરવાના ઈજારા આપણને મળેલા છે.

આજના ગમે તેવા પડતા કાળમાં પણ આપણા આત્માને વિશુદ્ધ સુવિશુદ્ધ બનાવવો હોય, તો જૈનધર્મની રૂએ આપણને આવા આવા અનેક વિશિષ્ટ પરવાના મળ્યા છે, એકલા જડની પૂંઠે ભાગવાથી, અને જડની જ ચિંતા વલોપાત અને ઉપાસના કરતા રહેવાથી, આપણે શું કલ્યાણ સાધી જવાના ? અંતિમકાળે એ બધું આપણને શું આશ્વાસન આપવાનું હતું ?

ત્રિપૃષ્ઠ, વાસુદેવ, બ્રહ્મદત્ત ચક્રવર્તી મમ્મણશેઠ, વગેરે જડમાલની પૂંઠે લાગ્યા રહ્યા, તો મરીને સાતમી નરકે ગયા ! કેવું ભયંકર અધઃપતન !

ત્યારે જૈનધર્મમાંની વિશિષ્ટ આરાધનાઓના મળેલા પરવાનાનો ઉપયોગ કરતા રહીએ, તો જીવનમાં એવું આત્મિક ભંડોળ ઊભું થાય કે જેની અંતકાળે અનુમોદના કરતાં મરણસમાધિ મળે, આરાધ્યું છે માટે વિશેષ સારી જગાએ જન્મ અને આગળ આરાધના મળવાનો વિશ્વાસ હોય, અને તેથી મરવાનું કોઈ જ રોદણું નહિ, બલ્કે ખુશખુશાલી હોય ! સવાલ આટલો કે જૈનધર્મ પામીને મળેલા કલ્યાણકારી ઈજારાના સારા ઉપયોગ કરી લીધા છે ?

નયસારે ઈજારાનો ઉપયોગ કર્યો :-

જમતાં પહેલાં, અતિથિ-સત્કાર કરી લેવાનો મહાન ઈજારો આર્યકુળમાં જનમવાના હિસાબે મળ્યો છે. એ ઈજારાનો ઉપયોગ ગામના સરપંચ નયસારે જંગલમાં રહ્યે પણ કર્યો ! તો એને મુનિ મળ્યા, એમને દાન કરવાનું મળ્યું ને એમની પાસેથી જૈન ધર્મની ઓળખ મળી ધર્મ પામ્યા, જેના પર આગળ વધતાં એ નયસાર અંતે ચરમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન થયા. ચાલુ જીવનમાં પણ ત્યાગને મહત્ત્વ આપવાનો જૈન ધર્મમાં ઈજારો કેવો કલ્યાણકારી છે એ આપણને નરસિંહના પૂર્વજન્મમાં જોવા મળે છે.

નરસિંહનો પૂર્વજન્મ :

નરસિંહ પૂર્વજન્મમાં ભીખારી હતો. જુદા જુદા ઘરની ભીખમાં એઠું જૂઠું વગેરે કંઈ જાતજાતનું તુચ્છ મળતું તે ખાઈ ખાઈને એના શરીરે ફોલ્લા થઈ ગયેલા; રક્તવિકાર અને ચર્મવિકારે એ ખૂબ પીડાતો હતો, એમાં એ કંટાળીને બીજે ગામ જવા નીકળેલો, રસ્તામાં મુનિ મળ્યા, એમની આગળ એ યાચના કરે છે, -

"બાપજી ! તમે તો જોગી મહારાજ, જંગલમાં ફરનારા, ને જડીબુટ્ટીઓ જાણો. હું આ ફોલ્લા-વિસ્ફોટકથી ખૂબ પીડાઈ રહ્યો છું, એ મટાડવાની જડીબુટ્ટી બતાવોને ?"

મુનિ કહે છે, "ભલા આદમી ! જડીબુટ્ટી તો તારી પાસે જ છે."

આ કહે "બાપજી ! હું તો દરિદ્રનારાયણ ભીખારી છું. મારી પાસે આ એક ભીખ માગવાના રામપાતર સિવાય કશું જ નથી."

ત્યાગધર્મ એ મોટી જડીબુટ્ટી :-

મુનિ કહે "તારી પાસે ત્યાગધર્મની મોટી જડીબુટ્ટી છે જો તું, અનેક ઘરોની ભીખ માગી ખાય છે, એમાં કેટકેટલી જાતનું ખાવા મળે છે એ ખાઈ ખાઈને તને આ રોગો ઊભા થયા છે. જો તું ત્યાગધર્મમાં આવે, તો આ તારા રોગ મટી જાય. તું પશુયોનિમાં નથી પણ મનુષ્યયોનિમાં આવેલો છે, તેમ ત્યાગધર્મ સમજી શકવાનો તારી પાસે પરવાનો છે, અને એને અમલમાં ઉતારવાનો પણ તારી પાસે ઈજારો છે, પરવાનો છે. પશુ બિચારીની પાસે એ નથી, તારી પાસે એ છે. તો તું આ મહાન ઈજારાનો ઉપયોગ કર. ત્યાગધર્મના સેવનથી તારે તારી કાયા અને તારો આત્મા બંનેનું કલ્યાણ થશે."

ભીખારી સમજી ગયો, એના મનને થયું કે 'આ ભીખમાં જાત જાતના શાક, જાતજાતના અનાજ અને જાતજાતના રસો આવે છે. એ ખાઈ ખાઈને જ મને આ રોગો થયા છે. તો બાપજી ખરું કહે છે, જો હું ત્યાગધર્મમાં આવું તો મારા રોગો મટી જાય.' એટલે ભીખારી ત્યાં મુનિને કહે છે,'ભલે મહારાજ ! તો હું જાતજાતના શાક અનાજ વગેરેનો ત્યાગ કરતો રહીશ.'

ત્યાગની પ્રતિજ્ઞાનું મહત્ત્વ :-

સાધુ કહે ''મહાનુભાવ ! એમ પ્રતિજ્ઞા કર્યા વિના તું ત્યાગ પાળી નહિ શકે. સામેથી લાલચ આવશે કેમ કે તારે તો ગમે ત્યાં ભીખ માગવા જવાની છૂટ. એટલે સારા ઉદાર ઘરે પણ તું જાય અને જમણવારમાં પણ ભીખ માગવા જવાનો. પછી ત્યાં લાલચમાં પડી જઈ જે તે જે તે માગી લાવવાનો અને ખાવાનો, ત્યાં તેને કોણ રોકવાનું હતું ? એટલે આ રોગો તારા લમણે લખાયેલા રહેશે ! તેથી જો બચવું હોય તો ત્યાગની પ્રતિજ્ઞાઓ કર. એ પ્રતિજ્ઞા જ તને લાલચમાં પડતો અટકાવશે.''

ભીખારી કહે, "પ્રભુ ! ખરી વાત છે તમારી. તો મને પ્રતિજ્ઞા આપો."

'મારે રોજ એક જ અનાજ, એક જ શાક અને એક જ વિગઈ વાપરવી. આપો બાધા.'

આ કેટલું કઠિન કામ છે ? એક જ ધાન્ય એટલે રોટલી મળી, તો પછીથી ભાતે ય ન લેવાય, ને દાળ પણ ન લેવાય. ને ક્યાંક દાળ જ મળતી હોય, તો આગળ રોટલી મળશે એવી આશામાં એને જતી પણ ન કરાય, કેમ કે મનને બીક રહે કે 'આ તો ભીખનું કામ છે તે કદાચ આગળ રોટલી ન જ મળી, તો ? ભૂખ્યા

રહેવું પડશે.' એટલે દાળ લઈ લેવી પડે. એમ એક જ શાક ખાવાનું એટલે પહેલા ક્યાંક જરાક જેટલું શાક મળ્યું ને લઈ લીધું, પછી કાંઈ એ જ જાતનું શાક બીજે મળે એવું થોડું જ છે ? બીજી જ જાતનું શાક મળે તો તે ન લેવાય, એમ વિગઈ-રસમાં ય એવું. દૂધ લીધું તો સાકરેય ન લેવાય, ને ઘી તેલ પણ ન લેવાય, તેમ સાકર કે ઘી લીધું, તો પછી બીજી વિગઈ-રસો ન લેવાય. આવું કઠિન પ્રતિજ્ઞાનું પણ કામ ભીખારીએ નક્કી કર્યું. કેમ વારું ?

સમજે છે કે **આર્ય મનુષ્ય-જનમમાં ત્યાગધર્મનો ઈજારો મળ્યો છે, તો કેમ એનો ઉપયોગ ન કરી લઉં** ? જનાવર હોત તો ક્યા આ ઈજારો મળવાનો હતો ? જનાવરપણે તો જે તે જે તે આરોગવાનો ઈજારો મળે ને એ ઈજારાના ઉપયોગમાં જનમ જનમ ભટકવાનું મળે. દેખાય છે ને કે કીડી, મંકોડા, માખી, ડાંસ મચ્છર ખાઉં ખાઉંની સંજ્ઞામાં કેવા દુઃખદ અવતાર પસાર કરે છે ! અહીં આર્ય મનુષ્ય બનવાનો જો લહાવો મળ્યો છે, ને એમાંય આ ત્યાગધર્મની પ્રતિજ્ઞા કરવાનો લહાવો મળ્યો છે, તો શા માટે નિર્બુદ્ધિ બન્યો રહી એને વેડફી નાખું ? અહીં તો બુદ્ધિમાન બની એ ઈજારાને સફળ કાં ન કરું ?

ભીખારીનું પ્રતિજ્ઞાપાલન :

બસ, ભીખારીએ એ પ્રતિજ્ઞા માગી, મુનિએ એને એ પ્રતિજ્ઞા કરાવી પછી તો એને ભીખનું લેવા પર ભારે અંકુશ આવી ગયો અને ઘણીય વાર સારું મળવા છતાં પ્રતિજ્ઞાની રૂએ લાલચો જતી કરવી પડે, પરંતુ એમાં એના રોગો ગુમડા સુકાઈ ગયા, શરીરનો દાહ મટી ગયો, તંદુરસ્તી આવી ગઈ. બીજી બાજુ પુણ્ય વધતું ચાલ્યું, તેથી હવે એને ક્યાંક મજૂરી મળવા માંડી. હવે શું ખાવું એ પોતાના હાથની વાત છે, છતાં પ્રતિજ્ઞા બરાબર પાળે છે. એમાં પુણ્ય વધતાં વધતાં ધંધે લાગ્યો. નાના ધંધામાંથી એ મોટો ધંધાધારી વેપારી બની ગયો. છતાં પ્રતિજ્ઞાનું બરાબર પાલન કરે છે.

ભીખારીને જૈનમુનિથી પ્રતિજ્ઞાનો લાભ મળેલો. એટલે હવે સ્થિતિ સુધરતાં એ મુનિઓના પરિચયમાં આવવા લાગ્યો છે તેથી જૈન ધર્મ સમજતો થયો છે. એટલે હવે તો પ્રતિજ્ઞા-પાલનથી પુણ્ય ઘણું વધી જતાં, એ કુટુંબવાળો અને શ્રીમંત બન્યો છે ! કુટુંબ માટે ઘરમાં ઘી-સાકર-અનાજ વગેરે વસાવવા પડે છે, પરંતુ પોતે તો એક ધાન્ય, એક શાક અને એક વિગઈના જ ઉપયોગની મક્કમતા રાખી રહ્યો છે. પણ બીજી બાજુ સાધુ-સાધ્વીને બોલાવી બોલાવી સુપાત્રદાનથી ખૂબ આરાધના કરે છે, એમાં એનું પુણ્ય કૂદકે-ભૂસકે વધતું રહે છે જે એને પછીના નરસિંહના અવતારે રાજાનો જમાઈ બનાવી અંતે રાજા બનાવનાર બને છે.

આર્ય માનવ અવતારે થયેલા ત્યાગધર્મના ઈજારાનું મૂલ્યાંકન કરી એનો ઉપયોગ કરવામાં આ ભીખારીના દેદાર ફરી ગયા ! અને એ જ જનમમાં એ શ્રીમંત ઉદાર ધર્માત્મા ! તથા પછીના અવતારે એ પ્રભાવક રાજા બને છે ! આર્ય માનવ અવતારે મળેલા વિશિષ્ટ કલ્યાણકર ઈજારાની આ વાત છે. અક્કલ હોય તો સમજાય કે આપણને કેટકેટલા ઈજારા મળ્યા છે ! દા.ત. કોઈની ભૂલ ખમી લઈ એને ક્ષમા આપવાનો ઈજારો, આપણી જાત પર કષ્ટ આવે તો આનંદથી એ સહી લેવાનો ઈજારો. બીજાને નિઃસ્વાર્થ ભાવે સેવા આપવાનો ઈજારો, ગુરુ આગળ પાપના પ્રાયશ્ચિત્ત કરી લેવાનો ઈજારો... વગેરે વગેરે ઘણી ઘણી આત્મહિતકર બાબતોના આપણને ઈજારા-પરવાના મળેલા છે. એનો સદુપયોગ કરી લેવો જોઈએ. તો બુદ્ધિમાનમાં ખપીએ, નહિતર બુધ્ધુમાં ખપવાનું થાય.

હરિભદ્રનો પરવાનો :-

આ વિશિષ્ટ અનેરા પરવાનાઓના હિસાબે જૈનશાસનની બલિહારી છે.

જુઓ, ચિત્તોડના મહારાણાના પુરોહિત બ્રાહ્મણ હરિભદ્ર કેવા સયોગમાં બોધ પામ્યા ? મૂળ તો એ બ્રાહ્મણ કુળમાં જન્મેલા, એટલે 'હસ્તિના તાડ્યમાનો પિ, ન ગચ્છેત્ જૈન મંદિરમ્' 'હાથીના સૂંઢોના પ્રહાર ખાવા પડતા હોય તો પણ જૈનમંદિરમાં નહિ જવું,' એવું માનનારા હતા. એમાં ખરેખર એવું બન્યું કે એકવાર ગાંડો હાથી રસ્તા પર છૂટેલ તેથી લોકોમાં ભાગાભાગ થઈ, હરિભદ્ર પણ ભાગે છે, ક્યાંક મકાનમાં ચડી જવું જોઈએ, પણ ત્યાં નજીકના મકાનને બદલે જૈનમંદિર જ દેખાયું, હવે શું કરે ? મન અંદર જવા ઘણું ના કહે છે, પરંતુ ગાંડો હાથી કૂદકા મારતો આવી રહ્યો હતો, એટલે શું કરે ? પોતાનો જીવ બચાવવા એમને જૈન મંદિરમાં પેસી જવું પડ્યું. ઠીક, પેઠા તો પેઠા, પણ અંદરની ઈર્ષ્યાની ખણજ કેમ જંપીને ઊભા રહેવા દે ? તેથી પ્રતિમાને જોઈ મશ્કરી કરે છે, 'મૂર્તિરેવ તવાચષ્ટે સ્પષ્ટં મિષ્ટ ભોજિતામ્' દેવ ! તમારી (તગડી) મૂર્તિ જ સ્પષ્ટપણે કહી રહી છે કે તમે માલપાણી ઉડાવનારા છો.'

બોલો, 'જૈનધર્મ પ્રત્યે આવી ઈર્ષ્યા ધરાવનાર જૈનેતર માણસ જૈન ધર્મના પરવાના પામી શકે ? પામે તો જૈન ધર્મના સ્પેશિયલ પરવાનાનો લાભ પામે ખરા ?'

પરંતુ જોગ જુઓ કેવોક બને છે. પુરોહિત હરિભદ્ર એકવાર સાધ્વીજીના મુકામ પાસેથી જતા હશે, અને અંદરમાંથી સાધ્વીજીના ગાથા-સ્વાધ્યાયનો અવાજ બહાર આવ્યો,-

''ચક્કી દુગં હરિ પણગં, પણગં ચક્કી ય કેસવો ચક્કી...''

એ સાંભળતાં ત્યાં ઊભા રહી ગયા, ફરીથી એ જ રટણ સાંભળવા મળ્યું

અર્થ સમજાયો નહિ, ને પોતાને મનોમન પ્રતિજ્ઞા કરે છે કે 'કોઈ પણ શાસ્ત્રનો અર્થ ન સમજાય તો એના જ્ઞાતા પાસે સમજ્યા વિના રહું નહિ. સમજવા માટે જરૂર પડ્યે સામાનો શિષ્ય બનીને પણ સમજ્યા વિના રહું નહિ.' આ પ્રતિજ્ઞાના હિસાબે એ સાધ્વીજીના મુકામમાં જઈ જુએ છે તો આર્યાઓ કોઈ વાચના લે છે, કોઈ પારાયણ કરે છે, કોઈ સેવા કરે છે, તો કોઈ કાયોત્સર્ગ-ધ્યાનમાં ઊભી છે... આ વાતાવરણ જોતા એ મનમાં આશ્ચર્ય પામી હરખિત થઈ ગયા કે "વાહ ! આટલા બધા આ બાઈમાણસો છતાં કોઈ કોલાહલ નથી ! નકામી વાતચીતો નથી ! અને સૌ સાધનામાં લીન છે ! જૈન ધર્મની આ આર્યાઓ લાગે છે, અહીં આટલો ઊંચો જૈનધર્મ ! કે જેમાં બાઈમાણસો પણ આટલી ઊંચી શિસ્ત વિનય અને શાંતતા પાળે !"

એમાં વળી મુખ્ય ગુરુણી **યાકિની મહત્તરા** પાસે જઈ વિનયથી હાથ જોડી વિનંતી કરે છે, 'ભગવતિ ! આ જે ચક્કી દુગં વાળી ગાથા બોલ્યા એમાં ચક ચક બહુ આવ્યું, તો કૃપા કરી એનો અર્થ ન સમજાવો ?' આમ વિનંતી કરતાં જયાં ગુરુણીએ જવાબ આપ્યો કે 'એનો અર્થ તો તમને અમારા આચાર્ય મહારાજ સમજાવે.' ત્યાં પુરોહિત હરિભદ્ર આવા મોટા વડેરા સાધ્વીજીનો પણ આચાર્ય પ્રત્યેનો વિનય જોઈ વધુ આકર્ષિત થયા ! સમજે છે કે 'આવા મોટા સાધ્વી ગાથાનો અર્થ તો જાણતા જ હોય અને એમાં મારા જેવો મોટો પંડિત પુરોહિત અર્થ પૂછે એટલે તો અર્થ કહી યશ લેવાનું મન થાય, પરંતુ અહીં એ કશું નહિ, કિન્તુ મોટા આચાર્યની પ્રત્યે વિનય અને સમર્પણભાવ જોવા મળે છે ! ઓહો ! કેવો ઊંચો જૈન ધર્મ ! ને કેવા ઊંચા સાધ્વીજી !'

પછી તો આચાર્યશ્રીનું સરનામું લઈ સાંજ પડી ગયેલી એટલે હરિભદ્ર પુરોહિત બીજે દિવસે આચાર્યશ્રી પાસે જવાનો વિચાર કરી ઘરે ગયા, પરંતુ રાતના ઘરે જંપ ન વળ્યો. મનને જૈનધર્મ પ્રત્યે આકર્ષણ-આતુરતા પર ચિંતન ચાલ્યા કર્યું. શું આ ? આર્ય માનવજન્મમાં મળેલો વિશિષ્ટ બુદ્ધિ-શક્તિનો મળેલો ઈજારો-પરવાનો-લાઈસન્સ, એનો ઉપયોગ કરી લેવાની એ તત્પરતા હતી. અમૂલ્ય માનવજન્મમાં તત્ત્વ સમજવાના મળેલા પરવાનાની બહુ મૂલ્યતાનો કેવોક જોરદાર ખ્યાલ ! અને એનો ઉપયોગ કરી લેવાની કેવીક તત્પરતા ! કે પછી તો એ સવારે આચાર્ય પાસે પહોંચે છે, એમાં પહેલાં તો પેલા જિનમંદિરમાંથી પસાર થવાનું થાય છે, તો હવે એ જ જિનપ્રતિમાની સ્તુતિ કરે છે કે **'મૂર્તિરેવ તવાચષ્ટે સ્પષ્ટં વીતરાગતામ્'** "દેવ ! તમારી મૂર્તિ જ સ્પષ્ટપણે વીતરાગતાને કહી રહી છે" શું આ ? માનવ જન્મમાં મળેલા વિશિષ્ટ બુદ્ધિશક્તિના ઈજારાનો સદુપયોગ.

પ્રશ્ન :- બુદ્ધિશક્તિનો પરવાનો તો પહેલાં પણ મળેલો હતો, તો એ વખતે

'મૂર્તિ વીતરાગતા બતાવી રહી છે' એ વિચાર ન આવતાં કેમ ગલત વિચાર આવ્યો કે 'મૂર્તિ મિષ્ટાન્ન ભોજિતા બતાવી રહી છે ?'

ઉત્તર :- પૂર્વે અભિમાન-શક્તિનું જોર હતું, તેથી એણે બુદ્ધિ શક્તિને આડે તાણેલી, અને મૂર્તિમાં મિષ્ટાન્ન ભોજિતાની બુદ્ધિ કરાવી. હવે સુશીલ સાધ્વીઓનો આશ્રમ જોવા મળ્યો એટલે અને 'ચક્કી દુગં' ગાથાનો અર્થ ન આવડ્યા પછી અભિમાન ઓસરી ગયું હતું એટલે, હવે શુદ્ધ બુદ્ધિ-શક્તિ કામ કરી ગઈ અને મૂર્તિમાં વીતરાગતાના દર્શન થયા.

આ સૂચવે છે કે ચિત્તમાં જો અભિમાન શક્તિ, સ્વાર્થાંધતાની શક્તિ, વિષય લંપટતાની શક્તિ, ધન-લાલસાની શક્તિ...વગેરે અનાર્ય મ્લેચ્છ શક્તિઓ કામ કરતી હોય, તો તેથી બુદ્ધિશક્તિ અભડાઈ જઈને એ પણ અનાર્ય જેવી બને છે ! પછી એ બુદ્ધિશક્તિ પેલા હરિભદ્ર પાસે મૂર્તિ(દેવ)ની મશ્કરી કરાવે છે એની જેમ, આપણી પાસે એ અનાર્ય શક્તિઓ હિંસા જૂઠ અનીતિ વગેરે કરાવવામાં કામે લાગવા સંભવ. માટે બુદ્ધિશક્તિને એ બધી અનાર્ય શક્તિઓથી આઘી રાખી દેવાય અને શુદ્ધબુદ્ધિ-શક્તિનો અવશ્ય ઉપયોગ થાય એ ખ્યાલ રાખવાનો છે.

હરિભદ્ર પુરોહિત ગુરુ પાસે ગાથાના અર્થની માગણી કરી, આચાર્ય મહારાજે 'સાધુપણું સ્વીકારે પછી ગાથાના અર્થ માટે એકડે એકથી ભણતાં એના ક્રમમાં આવે ત્યારે અર્થ આપવાની વાત કરી, તો હરિભદ્ર એ રીતે કરવા તૈયાર થઈ ગયા અને એમ કુટુંબ તથા સ્નેહીજનોને વીતરાગ કોણ ? વીતરાગનો 'ધર્મ કેવો ઉચ્ચ ?' વગેરે કહીને સમજાવી દીધા, અને દીક્ષા લીધી...ક્રમશઃ એ ૧૪૪૪ શાસ્ત્રોના રચયિતા બન્યા.

હવે વિચારવા જેવું છે કે જેમની પાસે એક નવકાર મંત્ર પણ નહોતો, એ થોડા જ વખતમાં શી રીતે જૈનાગમોના પારગામી અને ૧૪૪૪ શાસ્ત્રોના નિર્માતા બન્યા હશે ? એની પાછળ એમની કેવીક ભગીરથ મહેનત હશે ! ક્યા બળ ઉપર એ ? કહો, જૈન ધર્મની ઓળખ મળ્યા પછી એમણે સમજી લીધું કે અહો ! જૈન ધર્મમાં તો વિશ્વમાં અન્યત્ર અલભ્ય એવા પંચ પરમેષ્ઠિનો પરિચય છે, એ મેળવી હવે **મારે એમની ઉપાસનાનો મહાન દુર્લભ પરવાનો મળ્યો છે !** એવો નવત્ત્વની શ્રદ્ધાનો, સંયમ-પાલનનો અન્યત્ર અલભ્ય વિશાળ બોધભર્યા જિનાગમોના અધ્યયનનો વગેરે વગેરેના પરવાના મળ્યા છે. તો એ પરવાનાનો ઉપયોગ કરી એ બધાની ઉપાસનાને મારું જીવન કાં ન બનાવી દઉં ?

માનવભવમાં મળેલા જૈનશાસનની રૂએ આપણને એવા કેટલાંય કલ્યાણ પરવાના મળ્યા છે જેનો ઉપયોગ પૂર્વપુરુષોએ સુંદર કર્યાના દાખલા શાસ્ત્રોમાં ભર્યા

પડ્યા છે. ખૂબી કેવી છે કે આમાં કેટલીકવાર તો આપણે ઝાઝું કશું કરવાનું નથી હોતું;

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૩૮,તા.૬-૬-૧૯૮૭

માત્ર દૃષ્ટિ જ ફેરવવાની હોય છે, ને એમાં લાભના લેખા નથી. દા.ત. શ્રી આચારાંગ શાસ્ત્રે કહ્યું, 'જે આસવા તે પરિસ્સવા, જે પરિસ્સવા તે આસવા.' અર્થાત્ જે 'આશ્રવ' યાને પાપબંધનાં સાધન છે તેને તમે 'પરિશ્રવ' યાને પાપક્ષય-પાપઅટકાયતનાં સાધન બનાવી શકો એવો તમને પરવાનો મળેલો છે. એમ જે પાપક્ષયનાં સાધન છે ત્યાં સાવધાન ન હો, તો એ પાપબંધના સાધન બને છે. દા.ત. પૈસો પાપ બાંધવાનું સાધન છે, પરંતુ એને જો અત્યંત હેય સમજી એના પ્રત્યે વૈરાગ્ય ઊભો કરે તો પાપક્ષયનું કારણ બને; એમ જિનમંદિર-નિર્માણ આદિમાં એને લગાવે તો એ પાપક્ષયપૂર્વક પુણ્યોપાર્જનનો હેતુ બને. આમ બનાવવાનો તમને પરવાનો છે. એમ જે પાપક્ષયના કારણ છે. દા.ત. તપ ઉપવાસાદિ, એ જો કોઈના પર દ્વેષથી કરો તો તે પાપબંધનું કારણ બને. આ પરથી સમજાશે કે અહિતકર વસ્તુને હિતકર બનાવવા ધારો તો બનાવી શકો એનો તમને પરવાનો છે. દા.ત. તમારા ગામના દેરાસરમાં આદીશ્વર ભગવાન છે, એમને તમે સિદ્ધગિરિ દાદા જ કલ્પી પૂજી શકો અને સિદ્ધગિરિ પર જઈ પૂજ્યા બરાબર લાભ મળે. આમ **સ્થાનિક આદિનાથ પ્રભુને શત્રુંજય પરના આદિનાથ ચિંતવવાનો, અથવા ગુરુ સામાન્ય મળ્યા હોય, પરંતુ એમને ગુરુ ગૌતમસ્વામી જેવા ચિંતવવાનો આપણી પાસે પરવાનો છે.**

આપણી પાસે કેટકેટલું સારું ચિંતવવાના પરવાના છે ?

૧) જેમ પહેલા કહ્યું તેમ આપણા નાના મનમાં મોટા પણ પ્રભુને વસાવવાનો પરવાનો છે.

૨) અપકારીને આપણે કર્મ-ક્ષય કરનાર ઉપકારી તરીકે લેખવાનો પરવાનો છે.

૩) સવારે ઊઠીને દૂર રહેલા સિદ્ધગિરિ કે સીમંધર ભગવાનને આપણા મનની સામે લાવવાનો પરવાનો છે.

૪) માનો કે કોઈ વાતોડિયા કંપનીમાં આપણે ફસાઈ પડ્યા, તો ત્યાં મનથી ૫૦-૧૦૦-૨૦૦ નવકાર કે ૨૫-૫૦ લોગસ્સ ગણવાનો આપણી પાસે પરવાનો છે. એટલું ધ્યાનમાં રહે કે આ નવકાર કે લોગસ્સ ગણવાના ને ગણતરીબદ્ધ ગણવાના. ગણતી વખતે નવકાર એકવાર ગણીને 'એક', બીજીવાર ગણીને 'બે' ત્રીજીવાર ગણીને '૩', એમ આંકડા આપતા જવાનું. એથી મન એમાં ચોંટેલું રહે

યાને ચંચળ ન બનતા સ્થિર રહે.

સારા ચિંતવનના પરવાનાનો ઉપયોગ કરીને તો જનમ જનમનાં કેટલાય પાપોનો વિધ્વંસ કરી શકીએ. આમાં કોઈ પૈસાનો ખર્ચ નથી; કોઈ કેડ નમાવવાનું કષ્ટ નથી; છતાં એ ન કરતાં મનને સુસ્ત રાખીએ, અગર ઢગલાબંધ પાપચિંતન કર્યા કરીએ, એમાં અમૂલ્ય માનવસમય વેડફી નાખીએ, એ કેટલી મોટી મૂર્ખતા ? સારાંશ, સારું ચિંતવવાના અમૂલ્ય પરવાનાનો ખૂબ જ ખૂબ ઉપયોગ કરી લો. શ્રી સુવિધિનાથ પ્રભુના સ્તવનમાં હવે છેલ્લે કવિ પ્રભુના લાડકા બને છે;

લાડ કરી જે બાળક બોલે રે, માતાપિતા મન અમીયને તોલે રે;
શ્રી નયવિજય વિબુધનો શિષ્ય રે, જશ કહે ઈમ જાણો જગદીશ રે.૫

ભાવાર્થ : શ્રી નયવિજય પંડિતના શિષ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ એમ કહે છે કે બાળક લાડ કરીને (એની કાલી ઘેલી બોલીમાં પણ) જે બોલે છે તે માતાપિતાને અમૃત જેવું મીઠું લાગે છે, એમ હે જગદીશ્વર ! જાણજો.

વિવેચન : કવિએ સ્વયં ભગવાન પાસે પ્રશ્ન કર્યા અને તેના સ્વયં જવાબ આપ્યા, તેથી સંભવ છે કે તેમાં કાંઈ અવિનય થયો હોય, સ્ખલના ભૂલભાલ થઈ હોય, તેથી પોતે બાળક બનીને એનું પરિમાર્જન કરતા કહે છે કે, જેમ બાળક લાડ કરીને ગમે તેવું ઘેલું પણ બોલે, તો પણ એ માતાપિતાને તો અમૃત જેવું પ્યારું અને મીઠું લાગે છે. તેમ મારા ગમે તેવા ઘેલા બોલ પણ પ્રભુ ! આપે અમૃત જેવા દેખવાના છે. આપ વીતરાગ ભગવાન છો તેથી અને મારા માતાપિતા છો તેથી, વિશ્વાસ છે કે આપ ગુસ્સે થવાના નથી. આપ તો સદાય કરુણા વરસાવનારા છો.' આ રીતે કવિ આવા ઉખાણા અને જ્ઞાનનો પ્રકાશ ભગવાન તરફથી પ્રાપ્ત થયો છે. માટે ભગવાનને શાબાશી આપે છે અને એમાં પોતાને જેવું આવડ્યું તેવું નિર્દોષભાવે સમાધાન કરી માતાપિતાની જેમ પ્રભુને એ ગમ્યું હશે, તેમ સૂચવ્યું.

(ઇતિ શ્રી સુવિધિનાથ જિન સ્તવન વિવેચના)

શ્રી શીતલનાથ જિન સ્તવન-૧૦

શ્રી શીતલજિન ભેટિએ, કરી ભક્તે ચોક્ખું ચિત્ત હો;
તેહથી કહો છાનું કીશ્યું, જેહને સોંપ્યા તન મન વિત્ત હો...૧
દાયક નામે છે ઘણાં, પણ તું સાયર તે કૂપ હો;
તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો...૨
મોટો જાણી આદર્યો, દારિદ્રય ભાંજો જગતાત હો;
તું કરુણાવંત શિરોમણિ, હું કરુણાપાત્ર વિખ્યાત હો...૩
અંતરજામી સવિ લહો, મારા મનની જે વાત હો,
મા આગળ મોસાળના, શા વરણવવા અવદાત હો...૪
જાણો તો તાણો કીશ્યું, સેવા ફળ દીજે દેવ હો,
વાચક યશ કહે ટીલની, એ ન ગમે મુજને ટેવ હો...૫

શ્રી શીતલનાથ જિન સ્તવન-વિવેચના-૧૦

શ્રી શીતલજિન ભેટિએ, કરી ભક્તે ચોક્ખું ચિત્ત હો;
તેહથી કહો છાનું કીશ્યું, જેહને સોંપ્યા તન મન વિત્ત હો...૧

ભાવાર્થ : ચિત્તને પ્રભુ-ભક્તિથી નિર્મળ કરી આપણે શ્રી શીતલ જિનેશ્વર ભગવાનને ભેટીએ. જેમને તન-મન અને ધન સોંપ્યા હોય, તેમનાથી છાનું-છૂપું શું રાખવાનું હોય ? (અમારે તો જે કહેવાનું છે તે અમે તો પ્રગટપણે કહી જ દઈએ છીએ.)

વિવેચન : શીતલનાથ ભગવાનનું એવું નામ કેમ ? તો કે શીતલનાથ ભગવાન ચંદન જેવા શીતળ છે, તેથી જગતના જીવોને શારીરિક માનસિક આધ્યાત્મિક શીતળતા આપનારા છે. ફરક એટલો છે કે ચંદનને શીતળતા આપવા માટે ઘસાવું પડે છે, જ્યારે અહીં તો શીતલનાથ ભગવાનના નામમાત્રથી તાપ દૂર થઈ શીતળતા સ્થાન પામે છે.

પ્રશ્ન : પ્રભુના નામમાત્રથી શીતળતા શી રીતે થાય ?

ઉત્તર : કમઠ તાપસના બળતા લાકડામાંથી બહાર કઢાયેલ સાપની સ્થિતિ

વિચારો કે એનું શું થયું હતું ? ભગવાન પાર્શ્વકુમારે એને બહાર કઢાવી નવકારમંત્ર અપાવ્યો, એમાં પહેલું જ પદ 'નમો અરિહંતાણં', આમાં સાપ કાંઈ અર્થ સમજતો નથી કે આમાં અરિહંત ભગવાનને નમસ્કાર કરવાનો છે. એણે તો પદના માત્ર અક્ષર સાંભળ્યા એટલે કે 'અરિહંત' એવું ભગવાનનું નામ જ સાંભળ્યું, ને એમાં લીન એવો થઈ ગયો કે એની શીતળતામાં પોતાની બળતરાની પીડા ભૂલી ગયો. શું ? બળતરાની પીડા ભૂલી ગયો ત્યાં માનવું જ પડે કે એને કાંઈક શીતલતા થઈ હોય. એ શેનાથી ? પ્રભુના નામથી. નામમાં લીન થઈ શક્યો; અને એથી એ માનસિક-આધ્યાત્મિક શીતળતા પામી મરીને નાગકુમાર સ્વર્ગનો ઈન્દ્ર 'ધરણેન્દ્ર' થયો !

પ્રશ્ન : ખાતરી શી કે એને ભગવાનના નામસ્મરણથી શીતળતા થઈ ? મન શાંત પડ્યું ?

ઉત્તર : આ ખાતરી છે કે કમઠના લાકડામાં સાપ બળતો હતો તે પાર્શ્વકુમારની આજ્ઞાથી માણસ દ્વારા લાકડું ચિરાવીને જ્યારે તેને બહાર કાઢવામાં આવ્યો, ત્યારે એની સામે એકબાજુ બચાવનાર પાર્શ્વકુમાર દેખાયા અને બીજીબાજુ બાળનારો કમઠ દેખાયો. એ કમઠને જોઈને સંભવ છે કે તેને એના પર ક્રોધનો વિચાર આવે કે મને બાળનારો ને પીડા આપનારો આ હરામખોર છે. આ વિચારમાં જો એ મર્યો હોત, તો એ સાપની દુર્ગતિ થવા સંભવ હતી. પરંતુ દુર્ગતિ થઈ નથી. એને તો મહાન સદ્ગતિ મળી છે. સદ્ગતિ કેવીક ? અરિહંત ભગવાનનું નામ સાંભળતાં દિલ ગદ્ગદ થઈ ગયું, પીડા ય ભૂલાઈ ગઈ, તો મરીને ધરણેન્દ્ર થયો છે. મન શાંત ન થયું હોત, ને મર્યો હોત, તો ધરણેન્દ્રપણું ક્યાં સસ્તું હતું કે મળી જાય ? આ પરથી સમજાય કે પાર્શ્વકુમારના દર્શનથી ને અરિહંતના નામ-શ્રવણથી તેનું હૈયું ભરાઈ ગયું; તેને શીતળતા થઈ; મન શાંત પડ્યું.

માટે તો ભગવાનની ચંદન કરતાં પણ વિશેષતા છે; તે આ જ કવિએ શીતલનાથ ભગવાનના બીજા સ્તવનમાં ગાઈ છે કે, -

''શીતળતા ગુણે હોડ કરત, તુમ, ચંદન કહાં બિચારા ?
નામે હી તુમ તાપ હરત હો, વાંકું ઘસત ઘસારા.''

અર્થાત્ શીતલતા આપવા માટે ચંદનને બિચારાને ઘસાવું પડે છે. જ્યારે ભગવાન તો નામમાત્રથી તાપ-સંતાપ હરે છે. એટલે પ્રભુ ! શીતલતા ગુણથી ચંદન તમારી સાથે ક્યાંથી હોડ કરી શકે ? પૂછો,-

પ્રશ્ન : ચંદનમાં તો અનુભવ થાય છે કે ચંદનનું ભલે ઘસીને વિલેપન બનાવ્યું, પણ પછી એનો શરીરે લેપ કરતાં ઠંડક અનુભવાય છે. પણ પ્રભુનું નામ લેતાં ઠંડકનો અનુભવ થાય, ને તાપ-સંતાપ બળતરા ભૂલાય, એવો અનુભવ ક્યાં થાય છે ?

ઉત્તર : પ્રભુ ને પ્રભુનામ મળ્યા પર હૈયું ભરાઈ જાય. હૈયું ગદ્‌ગદ થઈ જાય, તો પ્રભુનામ લેવાથી ઠંડકનો અનુભવ થયો માનવો જ જોઈએ. સાપને પાર્શ્વકુમાર મળતાં એવું થયેલું કે, જેમ વર્ષોના જૂના સ્નેહી મળવાની આશા ન હોય, ને અચાનક મળી જાય, તો હૈયું ભરાઈ જાય છે, એમ સાપને પાર્શ્વકુમારનું મુખારવિંદ જોતાં અને નવકારમંત્ર સાંભળતાં હૈયું ભરાઈ જાય છે. 'કે અહો ! મને આ મહાન પુરુષનું દર્શન મળ્યું !' અહીં હૈયું ભરાઈ જવાથી પોતાની બળ્યાની બળતરા ભૂલી, એ પ્રભુની થયેલી આ અદ્‌ભુત પ્રાપ્તિ પર ગદ્‌ગદ થઈ જાય છે. પ્રભુ પર એનું હૈયું ઓવારી જાય છે, રુંવરું થઈ જાય છે. આ ગદ્‌ગદ હૈયાએ તેને ધરણેન્દ્ર બનાવ્યો. ધર્મની કરણીમાં આપણે આપણું હૃદય આવું ગદ્‌ગદ બનાવવું જોઈએ.

કષાયોના આવેશ અને વિષયોની અતિ આસક્તિથી શુષ્ક બનેલા દિલમાં આ ગદ્‌ગદતા આવતી નથી; પછી એ વિષય-કષાયના પાપ-ભરેલા હૈયામાં ધર્મ ક્યાંથી ઊતરે ?

જેને ધર્મ કરતાં પણ સગવડ અનુકૂળતા વધારે પ્રિય છે, વધારે ઇષ્ટ છે. એને ચારિત્ર-ધર્મમાં પણ એવો રસ નથી આવતો.

સાપે અગ્નિતાપથી શેકાઈ ગયેલા શરીરની ગાઢ બળતરાની પણ પ્રતિકૂળતામાં નવકાર-અક્ષર-ધ્યાનના ધર્મને વહાલો ગણ્યો ! એણે એમ ન વિચાર્યું કે 'નવકારમાં ધ્યાન તો ઘણું ય રાખવું હોય, પરંતુ શરીર બળુબળુ થતું હોય ત્યાં શી રીતે એ ધ્યાન રહી શકે ? શરીરની અનુકૂળતા હોય તો એ રાખી શકાય ને ?' આ વિચારમાં નવકાર-ધ્યાનને પ્રિય તો કર્યું, પરંતુ એના કરતાં અનુકૂળતા-સગવડ વધારે પ્રિય કરી. એ નિઃસત્ત્વતા છે. **સત્ત્વહીન જીવોની આ દુર્દશા છે કે ધર્મ-આરાધના કરતાં શરીરને વધુ વહાલું કરે છે.** 'ભાઈ ! શરીર તો મુખ્ય ધર્મસાધન છે. માટે બધું પછી, શરીર પહેલું સંભાળવું જોઈએ.' આમ શરીરની અનુકૂળતા પર મુખ્ય દૃષ્ટિ રાખ્યા કરે એને કષ્ટમય સંયમ-ચારિત્રમાં રસ શી રીતે આવે ?

કંડરીકે હજાર વર્ષ સંયમ પાળ્યું. તપસ્યા ભારે કરી ત્યાં એને શરીરની અનુકૂળતા પર દૃષ્ટિ નહોતી; પરંતુ પછીથી બીમાર પડતાં મોટા ભાઈ રાજા પુંડરીકના રસોડેથી મળતા અનુકૂળ પથ્ય વધારે પ્રિય અને ઇષ્ટ લગાડ્યા, તો સંયમનો રસ ફિક્કો પડતાં પડતાં જ સાવ જ ઊડી ગયો ! પરિણામ ? ચારિત્ર મૂકી દઈ ઘર ભેગા થયા ! ખૂબ ખાધું, પણ ઝાઝું જીવ્યા નહિ, બે જ દિવસમાં-એક બાજુ અજીર્ણ અને બીજી બાજુ મનમાં સંકલેશ વધી ગયો અને મરી સાતમી નરકે પહોંચી ગયા ! **કાયાની નાની નાની સગવડ પર પણ જો મન ઢળતું રહે, તો અંતિમ સમયે પણ ચારિત્ર પર ભાવ નહીં રહે.**

વર્તમાન સગવડપ્રિય મુનિનો દાખલો :

એક સાધુ મહારાજ સારા વ્યાખ્યાતા હતા. આમ ત્યાગી પણ ખરા, બહુ ઉપાધિનું પોટલું નહિ. કિન્તુ અંદરખાને સગવડતાના પ્રેમી, તે દા.ત. 'અમુક કામળી સાથે અમુક જાતનો કપડો રાખે.' 'પાત્રા, આસન ઊંચકવામાં હલકું રાખે.' 'ઉનાળામાં બહાર ઠલ્લે જવાનું તે સૂર્યોદય પછી બે ઘડી વીત્યા બાદ જ જવાનું, જેથી કામળી ઓઢવી ન પડે, એટલે ગરમી ન લાગે.' 'ઉપવાસના પારણામાં અમુક દ્રવ્ય જોઈએ જ...' આમ સગવડતાના પ્રેમે એમને ચારિત્રનો સંયમ-પરિણતિનો સ્વાદ ન લાગવા દીધો. સગવડતા બહુ ગમે એટલે અગવડતા જરા પણ ખમાય નહિ.

અહીં બન્યું એવું કે એમને ટી.બી. રોગ લાગુ પડ્યો, તેથી અંદરની ઓરડીમાં સૂતા બેસતા. એમાં જો કોઈ શ્રાવકો જઈ વંદન કરી પૂછે ''સ્વામી ! શાતા છે જી ?'' તો એના બાર વાગ્યા સમજો. એ મહારાજ તરત એને ધમકાવી કાઢે 'શું સ્વામી શાતા સ્વામી શાતા કરો છો ? આ જોતા નથી ? મરી તો રહ્યા છીએ. જાઓ બહાર, અહીં આવશો નહિ.''

જરાકશી અગવડતામાં અસહિષ્ણુ બની જવાનું પરિણામ ત્યાં સુધી પહોંચ્યું કે જ્યાં એમનો ટી.બી. રોગ વધતો ચાલ્યો અને તબિયત લથડતી ગઈ, તેમ તેમ અંદરની અસહિષ્ણુતા એવી વધતી રહી કે એમને જો સારા પીઢ મુનિ કહે 'લાવો તમને સારી સજ્ઝાય સંભળાવું,' તો એ કહે, 'મને ઊંઘ આવે છે;' પરંતુ પછી ૨-૫ મિનિટમાં જ પાછા કહે 'દવાનો ટાઈમ થયો હશે, અનુપાન આવ્યું ? વૈદ ડૉક્ટર ક્યારે આવવાના છે ?' તાત્પર્ય, અંતિમ જેવી સ્થિતિમાં પણ નવકાર સાંભળવાનો ય રસ રહ્યો નહિ. કેવીક દુર્દશા !

શેના પર આ દુર્દશા ? ત્યાગી છતાં સગવડ-અનુકૂળતા પર અખંડ દૃષ્ટિ રાખવામાં.

પેલો સાપ બળી જળી અવસ્થામાં ય એ બળતરાના કષ્ટની મહા અગવડતાને પ્રણ ભૂલી નવકાર-અક્ષર-શ્રવણમાં લીન થઈ જાય છે. તે ગદ્‌ગદ બનીને ! એમાં એના રુંવાડા ખડા થઈ જાય છે. એના મનને 'અહો અહો' થાય છે. મહા દુઃખદ બળતરા ભૂલી નવકારમાં પ્રભુનામના શ્રવણમાં અંદરખાને શીતળતાનો અનુભવ કરે છે. એ શીતળતાએ એને કેવુંક ઈનામ અપાવ્યું ? એને નાગકુમાર દેવલોકનો ઈન્દ્ર બનાવ્યો !

પ્રભુનામની શીતળતાનો આ પ્રભાવ કે સર્પયોનિમાંથી ધરણેન્દ્રનો અવતાર !

આવી પ્રભુના નામ માત્રથી શીતલતાનો અનુભવ કરવો હોય તો આ કરવાનું છે, કે પ્રભુનામ યાદ કરતાં મન એના પર એવું ઓવારી જાય કે રુંવાડા ખડા થાય,

હૈયું ગદ્‌ગદ થઈ જાય, હૈયું એવું ભક્તિભીનું અને રડુંરડું થઈ જાય કે ત્યાં બાહ્ય સગવડ અગવડના હિસાબ પડતા મૂકાય.

એવા શીતલજિનને ભેટિયે, 'ભેટિયે' એટલે દર્શન કરીએ, મિલન કરીએ.

ભગવાનનું મિલન ભગવાનનાં સ્તોત્ર-સ્તવન-ગુણગાન તથા પ્રાર્થનાથી અને આજ્ઞાપાલનથી થાય. આવું પ્રભુને ભેટવાનું તે ચિત્ત ચોખ્ખું નિર્મળ કરીને ભેટવાનું છે. ત્યારે પૂછો,

પ્રશ્ન : એક તો આ જગત ઉપર વીતરાગ મળવા અતિદુર્લભ છે; કેમકે તિર્યંચપણે એ પ્રભુ મળ્યાનો કોઈ અર્થ જ નથી. ખરેખર તો એ મળ્યા જ નથી. દેરાસરની સામે બેસનારી ભેંસને પ્રભ સામે દેખાય છે. પરંતુ એ અજ્ઞાન ઢોરને વીતરાગ પ્રભુ મળ્યા થોડું જ કહેવાય ? ત્યારે મનુષ્યપણે મળવાનું ય ક્યાં સહેલું છે ? એવા કરોડો મનુષ્યો છે, જેમને કોઈ ધર્મ નથી માનવાનો, કોઈ ભગવાન નથી માનવાના. ત્યારે કરોડો એવા પણ છે કે જે ધર્મ પણ માને છે અને ભગવાન પણ માને છે, છતાં એમાં વીતરાગનો ધર્મ અને વીતરાગ ભગવાન માનનારા કેટલા ? આજની ગણતરીએ આજે શોધાયેલી પૃથ્વી પર ૪ ॥ અબજ, એટલે કે, ૪૫૦ કરોડ મનુષ્યોની વસ્તી; એમાંથી વીતરાગ તીર્થંકર ભગવાન કેટલાને મળ્યા છે ? તો કે ૪૯૯-૪૪૯ ॥ કરોડ બાદ છે. ૪૪૯-૪૪૯ ॥ કરોડને વીતરાગ પ્રભુ નથી મળ્યા. બહુ બહુ તો માત્ર ૦॥-૧ કરોડને મળ્યા હશે. એટલે જ્યારે વીતરાગ ભગવાન મળવા જ દુર્લભ છે, ત્યારે તમે કહો છો, 'વીતરાગને ભેટવા આવો તો ચિત્ત ચોખ્ખું કરીને આવજો' તો કેટલા આવશે ? એ પ્રશ્ન છે.

ઉત્તર : આ પૂછવાનો શો અભિપ્રાય છે ? શું એમ કહેવું છે ? કે 'એક તો વીતરાગને મેળવનારા જ થોડા છે. એમને વીતરાગ પ્રભુને ભેટવાની આવી કડક શરત મૂકવાથી ભય છે કે એ ભાગી જ જશે.' જો આવો ભય હોય તો એ ભય રાખવાની જરૂર નથી, કેમ કે તો પછી એમ ભાગી જનારા લોકો વીતરાગને ગમે તેમ ભેટે, એટલે કે મેલા મનથી ભેટે, તો એમ ભેટીને શું મોક્ષ પામી શકે ?

રાગી-દ્વેષી નહિ પણ વીતરાગ પ્રભુને પામીને એમણે શું લીધું ?

આપણે તો વીતરાગ પ્રભુને ભેટીને અંતે ભવના ફેરામાંથી મુક્ત થવું છે. રાગ-દ્વેષના પાપે ચાલતી જન્મ-મરણની જંજાળમાંથી છૂટવું છે.

એ કાંઈ ચિત્તને રાગ-દ્વેષથી મેલું ને મેલું રાખીને ભાવ-જંજાળમાંથી છૂટવાનું ન થાય. એટલે વીતરાગને ભેટવાના તે ચિત્ત ચોખ્ખું નિર્મળ કરીને ભેટવાના; એવું એમાં ગર્ભિત સમજવાનું છે. એટલે જ કવિએ અહીં એ સ્પષ્ટ કર્યું કે 'શીતળજિન ભેટિએ તે ચિત્ત ચોખ્ખું કરીને ભેટિએ.' ચોખ્ખું નિર્મળ શેને કહેવાય ? યોગદૃષ્ટિ

સમુચ્ચય શાસ્ત્રમાં આનાં ૩ લક્ષણ બતાવ્યાં છે,-

ચિત્ત નિર્મળ હોવા માટેના ૩ લક્ષણ છે,-

(૧) તીવ્ર ઉપાદેય બુદ્ધિ

(૨) સંજ્ઞાની અટકાયત, અને (૩) ફળનો વિચાર નહિ.

(A) પ્રભુને ભેટવા છે અર્થાત્ પ્રભુનાં દર્શનાદિ કરવા છે, તો તે દર્શનાદિ કાર્યમાં અત્યંત ઉપાદેય બુદ્ધિ જોઈએ. મનને લાગે કે 'જીવનમાં વીતરાગનાં દર્શનાદિ એ શ્રેષ્ઠ કર્તવ્ય છે, અત્યંત ઉપાદેય યાને સાધવા જેવું કાર્ય છે.' મનના આ ભાવ હોય, તો પછી દર્શનાદિ વખતે મનમાં બીજા ત્રીજા લફરાં પેસે નહિ, નિર્મળ દર્શન આદિ થાય. એટલે પહેલું લક્ષણ 'તીવ્ર ઉપાદય બુદ્ધિ ' મૂક્યું.

(B) નિર્મલ દર્શનાદિનું બીજું લક્ષણ આ છે, કે એ કરતી વખતે આહારાદિ સંજ્ઞાઓ નડવી ન જોઈએ, સંજ્ઞાઓ ઊઠવી ન જોઈએ. (i) દર્શન-પૂજન કરતો જાય અને મનમાં લાવે કે 'ભોજનનો સમય થઈ ગયો છે,' તો અહીં આહારસંજ્ઞા નડી કહેવાય. (ii) અથવા મનમાં લાવે કે 'અહીં મંદિરમાં ગરમી બહુ છે. ક્યારે દર્શન પૂજન પતે કે બહાર જાઉં ને ઠંડક મળે !' તો એ વિષયસંજ્ઞા ઉઠી (iii) અથવા મનને થાય 'દર્શનપૂજન પતાવી જલદી બજારમાં જવું છે, તો એ પરિગ્રહ-સંજ્ઞા નડી, અથવા (iv) રાતના માળા ગણતાં એ પતાવીને જલદી ઊંઘી જવાની લેશ્યા રહે, એ નિદ્રાસંજ્ઞા નડી. એ સંજ્ઞાઓ ખતરનાક છે. દર્શન-પૂજન આદિને બગાડી નાખે (v) એમ દર્શન પૂજનાદિ વખતે મનમાં કોઈના ઉપર ગુસ્સો લાવે, કે જાતનું અભિમાન ઊઠે, તો એ કષાયસંજ્ઞા ઊઠી કહેવાય. માટે નિર્મળ દર્શનાદિ કરવા હોય તો પાપ સંજ્ઞાઓનો નિગ્રહ કરવો જોઈએ, ત્યાગ રાખવો જોઈએ.

(C) નિર્મળ ચિત્ત માટે ત્રીજું લક્ષણ આ, કે સાધનાના ફળમાં પૌદ્ગલિક પદાર્થ એટલે કે દુન્યવી પદાર્થ મળવાની આશંસા-અપેક્ષા ન હોય. દા.ત. 'દર્શન પૂજા કરું તો ધર્મીમાં ગણાઉં, એટલે સારા ધર્મી માણસની કન્યા પરણવા મળે.''તપ કરું એટલે સારી પ્રભાવના મળે.''દહેરા-ઉપાશ્રયમાં દાન કરું એટલે મારા નામની તકતી ચડે...' આવી બધી આશા-અપેક્ષા-અભિલાષા ચિત્તને અને સાધનાને મલિન બનાવે છે. માટે ચિત્ત ચોખ્ખું રાખવું હોય, તો પ્રભુદર્શન વગેરે સાધનાઓના ફળમાં તુચ્છ દુન્યવી લાલચ નહિ રાખવી જોઈએ. એમ સમજીને કે એ લાલચોથી ચિત્ત મલિન થાય છે.

વિશ્વભૂતિ મુનિ, સંભૂતિ મુનિ, વગેરે એ તપ-સંયમધર્મનાં ફળમાં દુન્યવી વસ્તુની તીવ્ર આશંસા કરી, તો ધર્મના ફળ તરીકે એ મળ્યું ખરું, ત્રિપુષ્ઠ વાસુદેવ અને બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા ખરા, પરંતુ એ ફળ ભોગવીને સીધા નરકમાં સિધાવ્યા !

મન મેલું કરવાનો એ પ્રતાપ ! એટલે મન ચોખ્ખું તેને કહેવાય કે જ્યાં આ 'તીવ્ર ઉપાદેય-બુદ્ધિ ' વગેરે ત્રણ લક્ષણ હોય એ સાધનાની સાથે રાખવાના છે. ફરીથી યાદ કરો.

(૧) ધર્મક્રિયા પર તીવ્ર કર્તવ્ય-બુદ્ધિ,

(૨) આહારાદિ-સંજ્ઞાઓની અટકાયત, ને (૩) દુન્યવી ફળની આશંસા નહિ.

આમાં એ પણ ધ્યાનમાં રાખવાનું કે અલબત સાધના શરૂ કરવા પહેલાં સાધ્ય ફળ તરીકે મોક્ષનો નિર્ણય બાંધવાનો, જેથી લક્ષ્ય-શુદ્ધિ રહે, પણ સાધના ચાલુ કરી પછી સાધના વખતે સાધનાનો જ વિચાર રાખવાનો, (પરંતુ સાધ્ય મોક્ષની ઝંખના- વિચારણા મનમાં લાવવાની નહિ.) જેથી સાધના પ્રબળ બનતી જાય. જો સાધનાની વચમાં વચમાં 'મારે આનાથી મોક્ષ જોઈએ છે, મોક્ષ જોઈએ છે,' એવું મનમાં લાવ્યા કરે, તો સાધનાનું બળ ન વધે.

નાગકેતુને પ્રભુની કરંડિયામાંથી પુષ્પ લઈ લઈ પુષ્પ-પૂજા કરતાં કરંડિયામાંનો સાપ ડસ્યો, ત્યાં એમણે પૂજાનો અને પૂજ્ય વીતરાગનો જ વિચાર રાખી વીતરાગની પૂજામાં મનની એકાગ્રતા અને વીતરાગ પ્રત્યેનો ભક્તિભાવ એવો વધાર્યો એવો વધાર્યો કે ત્યાં સર્પદંશની પીડા ભૂલી વીતરાગ પ્રભુ સાથે આત્મીયતા વધારવા માંડી, અને એમાં વીતરાગ પર સંભેદ-પ્રણિધાન તીવ્ર કરીને આગળ અભેદ-પ્રણિધાન સાધ્યું, વીતરાગ સાથે એકમેક થઈ ગયા, અને એમાં વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા !

સાધના શરૂ કરતી વખતે લક્ષ્ય તરીકે ભલે સાધ્યફળની વિચારણા રાખી, પરંતુ સાધના શરૂ કરી એટલે હવે એકલી સાધનાની જ વિચારણા જોઈએ. સાધના ચાલતી હોય એ વખતે સાધ્યની ય વિચારણા ન રખાય. કિન્તુ સાધનામાં તન-મન ઓતપ્રોત થઈ જાય એટલે સાધના પ્રબળ પ્રબળતર બનતી જાય. તે એટલી બધી બળવાન બને કે એ ઠેઠ સર્વોચ્ચ વીતરાગતાની સાધના સુધી પહોંચાડે.

અર્હિકાપુત્ર આચાર્યની સાધનામાં તન્મયતા :-

જુઓ અર્હિકાપુત્ર આચાર્યને શું બન્યું હતું. ? એમનાથી જ પ્રતિબોધ પામી દીક્ષિત બનેલી રાજરાણી પુષ્પચૂલા સાધ્વી એ જ નગરમાં રહેવા છતાં જરાય રાગાદિમાં ન ફસાતાં કેવળજ્ઞાન પામેલા.

પુષ્પચૂલા સાધ્વીજીને કેવળજ્ઞાન શી રીતે ?

સાધ્ય 'મોક્ષ'ની રટણા રાખીને ? કે સાધન 'સંયમ' માં પ્રબળતા કેળવીને ? કહેવું જ જોઈએ કે સંયમ-સાધનાની પ્રબળતા કેળવીને કેવળજ્ઞાન થયેલું. કારણ એ હતું કે રાજાએ એમને એ શરતે સંયમ લેવાની રજા આપેલી કે 'સંયમ લઈને તમારે આ જ નગરમાં રહેવાનું, જેથી મને રોજ દર્શન તો મળે ! હવે સાધ્વીજી બનેલા

એ જુએ છે કે 'હું સગાભાઈને જ પતિ કરીને બેઠી એમાં એટલી બધી કામવાસના પોષી છે, વળી એમાં મને રાજરાણી એટલે ઊંચા ભોગવિલાસના સાધનો મળ્યા એમાં વિષય-લંપટતાનો પાર નથી રાખ્યો. તેથી મેં નરકનાં પાપો ઉપાજર્યા હશે ! તો હું હવે અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજના ઉપદેશ અનુસાર કડકમાં કડક અહિંસા-સંયમ તપની સાધના કરું, તો મારા નરકાદિગતિઓનાં પાપ તૂટે અને મારે જન્મ-મરણાદિના ચકાવામાંથી છૂટી મોક્ષ પામવાનું થાય.' આ સાધ્વીજીવનમાં આ જ નગરમાં રહેવાનું હોવાથી લોકો તરફથી ઊંચા વસ્ત્ર પાત્ર-ગોચરી આદિનાં પ્રલોભન રહેવાના, લોકો મને જય હો મહારાણી સાધ્વીજી મહારાજનો' એમ સત્કાર-સન્માન પીરસવાનાં, વળી રાજા પણ રોજ દર્શને આવે ત્યારે મારા પર ભારે પ્રેમ-સદ્‌ભાવ અને સંયમ સાધનાની પ્રશંસા દેખાડવાના ! આ ઊંચા સન્માન અને સગવડોની સ્થિતિમાં તપ-સંયમને ભૂલી સંયમ-ઘાતક રાગ-આસક્તિ આદિમાં ન પડી જવાય, એટલે ગોચરીમાં એમણે ભારે ત્યાગના અભિગ્રહ તથા વિશિષ્ટ તપસ્યા અને સ્વાધ્યાયની સાધના ચલાવી હશે, જેથી સહેજ પણ પુદ્‌ગલ-રાગ ન પોષાય, તેમજ મુકામમાંથી બહાર નીકળે ત્યાં લોકોના 'જય હો જય હો ! ધન્ય તમારું જીવન ! ધન્ય તમારો રાજસુખ-સન્માનનો ત્યાગ !' વગેરે મોહક વાતાવરણમાં અંતરમાં એના તરફ ભારે નફરત રાખીને સત્કાર-પરિસહ પર વિજયની સાધના જીવંત રાખી હશે ! જેથી હૈયાને લેશ પણ અભિમાન અડે નહિ, વળી રાજા દર્શન-ગુણગાન કરે એમાં પણ પ્રબળ વૈરાગ્ય અને ઉપશમ-ઉદાસીનતા તથા નીચી મૂંડીએ એકમાત્ર દેવ-ગુરુ-સ્મરણ તથા તત્ત્વચિંતનની સાધના રાખેલ હશે, તો જ એમાં અંતે એ વીતરાગતાને ખેંચી લાવનાર સમત્વયોગ, અનાસક્તિયોગ અને નિર્વિકલ્પ દશાનો યોગ પામ્યા હશે, તો જ એમાં અંતે એ વીતરાગતાને ખેંચી લાવનાર સમત્વયોગ અનાસક્તિયોગ અને નિર્વિકલ્પ દશાનો યોગ પામ્યા હશે, તો જ એ અંતે વીતરાગ સર્વજ્ઞ કેવજ્ઞજ્ઞાની બની ગયા.

અહીં જો સાધનામાં તન્મય બનવાને બદલે સાધનાની વચમાં વચમાં 'મારે મોક્ષ જોઈએ છે, મારો મોક્ષ જોઈએ છે.'- એમ સાધનાના ફળનો વિચાર રાખી ફળને રટ્યા કરે તો સાધના પ્રબળ પ્રબળત્તર ક્યાંથી બને ?

એમ એ જ કેવળજ્ઞાની બનેલ પુષ્પચૂલા સાધ્વી પસ્તાવો કરતા અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજને કહે છે,-'તમને ગંગા પાર કરતાં કેવળજ્ઞાન થશે, એવા વચનથી આચાર્ય મહારાજ નાવડામાં બેસી ગંગા ઊતરવા ગયા, વૈરી દેવતાએ નાવડું ડોલાયમાન કરતાં, તથા યાત્રિકોના મનમાં 'આ માથામૂંડિયાના અપશકુનથી નાવડી ડોલં ડોલ થઈ છે.' એમ ભાસ ઊભો કરાવ્યો, એટલે હવે બચવા માટે 'આ મુનિને હટાવો'

એ વિચારથી યાત્રિક લોકોએ આચાર્યને પોટલાની જેમ ઊંચકી નદીના વહેણ પર ઊંચે ઉછાળ્યા ! અધૂરામાં પૂરું આકાશમાંથી નીચે પડતા આચાર્યને દેવતાએ ભાલાની અણી પર ઝીલ્યા, તો આચાર્યે શું કર્યું ? શું સાધ્ય મોક્ષની રટણા કરતા બેઠા ? કે અહિંસા-સંયમની સાધનામાં જોર લગાવ્યું ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૪૭/૪૮,તા.૨૯-૮-૧૯૮૭

'અરેરે ! મને તો કેવળજ્ઞાની સાધ્વીએ સાધ્ય કેવળજ્ઞાન પામવાનું કહેલું, એમાં આ પીડા ક્યાં આવી ! મારે તો કેવળજ્ઞાન જોઈએ, કેવળજ્ઞાન જોઈએ, એમ સાધ્યની રટણા-વિચારણા ન રાખી, પરંતુ 'ધમ્મો મંગલમુક્કિટ્ઠં.'ની ત્રણ સાધના 'અહિંસા-સંજમો-તવો' માંની પહેલાં અહિંસાની સાધનામાં જોર લગાવ્યું. તે આ રીતે, કે

'અરેરે ! આ મારું શરીર તે કેવું પાપી કે એ આ બિચારા લોકો પાસે એને નદીમાં ફેંકવાના પાપ કરાવી રહ્યું છે ! અને કોઈ દેવતાને ભાલો ભોંકવાનું પાપ કરાવી રહ્યું છે ! તેમજ શરીરનાં લોહીના ટીપા નીચે પાણીમાં પડીને પાણીના જીવને ત્રાસ અને મરણાન્ત કષ્ટ આપી રહ્યું છે ! તથા પેલા બિચારાના પાપ એમને પરભવે કેવા પીડશે!...'

આમ, આમાં હિંસાથી ઘૃણા હિંસાનો ખેદ વધતો આવવાથી અહિંસાની સાધના જોર મારી રહી છે. એમ સંયમ અને તપની સાધનામાં જોર લગાવ્યું તો અંતે અનાસક્તયોગ-સમત્વયોગમાં ચડી વીતરાગ સર્વજ્ઞ બન્યા !

તાત્પર્ય, સાધ્ય મોક્ષની માત્ર રટણા કરતા રહેવાથી સાધ્ય સિદ્ધ ન થાય, પરંતુ સાધ્યની ઉપાયભૂત સાધનાને ઉત્તરોત્તર વધુને વધુ પ્રબળ વધુ જોરદાર બનાવવાથી સાધ્ય સિદ્ધ થાય.

કરીએ નિર્મલ ચિત્ત, મેળવીએ પ્રભુ પ્રીત -

ચિત્તને ચોખ્ખું કરવું એટલે ટૂંકમાં કહીએ તો આ કહેવાય કે ચિત્ત ચોખ્ખું નિર્મળ તે, કે (૧) જ્યાં ચિત્તને ન તો દર્શન-પૂજાના ફળ તરીકે બીજી કોઈ દુન્યવી માનપાન કે ચીજવસ્તુની લાલસા-આકાંક્ષા રહે, યા (૨) ન તો એમાં આડા અવળા વિચાર આવે.

ચિત્ત આવું નિર્મળ શી રીતે કરવું ? તો કહ્યું, -

'કરી ભક્તે ચોખ્ખું ચિત્ત હો'

અર્થાત્ ચિત્તને પ્રભુ પરની પ્રીતિ-ભક્તિથી ચોખ્ખું કરવાનું.

ભક્તિ કેવી ?

તો કે જેમ માતૃભક્ત પુત્રને અલબત્ત પત્ની-પુત્રાદિ ઉપર પ્રેમ છે, પરંતુ માતા ઉપર પ્રેમ સાથે બહુમાન-આદર-ગૌરવ છે. તેથી માતાનું કાર્ય કરતી વખતે એને વધુ સારું શોભિતું અને એને જ મુખ્ય કરે છે, કેમ કે માતા ઉપર એને અથાગ ભક્તિભાવ છે. સમજે છે કે 'આ માતા તો જન્મદાત્રી છે, અને એણે જન્મ પછી પણ મને કષ્ટ વેઠીને ઉછેર્યો છે, ઉપરાંત મને સારું શિક્ષણ સંસ્કરણ આપ્યું છે, તો જ આજે હું આટલો વિવેકી હોશિયાર ને બુદ્ધિશાળી બની શક્યો છું' એમ માતાનાં કાર્ય વખતે માતા પરની ભક્તિથી મનમાં બીજા ત્રીજા લફરા નથી ઘાલતો.

એ જ રીતે આપણે પ્રભુ પર ભક્તિભાવ લાવવા પ્રભુનો અપરંપાર ઉપકાર યાદ રાખવાનો છે કે

અરિહંતના અપરંપાર ઉપકાર :

(૧) આપણે ક્યાંય દુર્ગતિમાં રખડતા હતા, એમાંથી અરિહંત પ્રભુના અચિંત્ય પ્રભાવે ઊંચે આવી ઠેઠ આટલો ઉત્તમ આર્ય જૈન મનુષ્યભવ અને જિનશાસન તથા આરાધનાની સામગ્રી પામ્યો !

(૨) તો આજે આપણને આપણા આત્માનો વિચાર આવે છે.

(૩) 'સંસારના કાર્ય અસાર અને જિનભક્તિનાં કાર્ય સારભૂત,' એવો વિવેક જાગે છે, અને

(૪) હોંશે જિનભક્તિનાં કાર્ય સાધવાનું કરીએ છીએ.

બધો ઉપકાર દેવાધિદેવ અરિહંત પરમાત્માનો છે, તેથી માતાની જેમ અરિહંત પ્રભુ પર હૃદયમાં અત્યંત બહુમાન સાથે પ્રેમના ફુવારા છૂટે. એ જ પ્રભુ પર ભક્તિભાવ છે. આવા ભક્તિભાવથી ચિત્ત નિર્મળ કરવાનું થાય. અહીં પ્રશ્ન થાય, -

પ્રભુ પરના ભક્તિભાવથી સંજ્ઞાનિરોધ શી રીતે :

પ્રશ્ન : ચિત્ત નિર્મળ એટલે તો આહારાદિ સંજ્ઞાઓની અટકાયત હોય, અને દુન્યવી ફળની આશંસા નહિ એને ને પ્રભુ-ભક્તિને શો સંબંધ કે પ્રભુભક્તિ આવે એટલે એ સંજ્ઞા-આશંસા રોકાઈ જાય ? ભલે એકબાજુ દુન્યવી વસ્તુનો રસ હોય, પણ બીજી બાજુ દિલમાં પ્રભુ પ્રત્યે ભક્તિભાવ હોય એવું કેમ ન બને ?

ઉત્તર : માતા પ્રત્યે ભક્તિભાવ છે તો માતાનાં કાર્ય વખતે શું એ બગાડે એવા બીજા ત્રીજા લફરાં મનમાં ઘાલે ? યા માતાનાં કાર્યના બદલામાં માતા પાસેથી સેવા ઇચ્છે ? ના, કારણ કે માતાના ઉપકાર યાદ કરી હૈયે અત્યંત પ્રીતિ બહુમાન વહેતા રાખ્યા એટલે દિલમાં અરિહંત પ્રભુ મુખ્યપણે વસી ગયા. અરિહંત દિલમાં સર્વોપરી સ્થાન પામ્યા. હવે એ દિલમાં દુન્યવી પદાર્થો એવું સ્થાન ન પામી શકે, અર્થાત્ **પ્રભુ પર અનન્ય ભક્તિભાવ એટલે જેવો પ્રભુમાં રસ, એવો દુન્યવી પદાર્થોમાં**

રસ ન રહે.

ભરતનો પ્રભુ પર ભક્તિભાવ :

માટે તો 'ભરતજી મનહી મેં વૈરાગી' ભરત ચક્રવર્તીને ઋષભદેવ ભગવાનમાં જેવો રસ હતો, એવો છ ખંડના સામ્રાજ્યમાં રસ નહોતો, તેથી તો પ્રભુ નિર્વાણ પામતાં ભરતચક્રી રોવા બેઠા કે 'હાય ! આ શું થયું ? મારે છ ખંડના સામ્રાજ્ય ગયા હોત તો એવી ખોટ ન પડત, જે પ્રભુના જવાથી મોટી ખોટ પડી છે !' પ્રભુ પ્રત્યે એમને આવો ભક્તિભાવ હતો કે પ્રભુના સામે બીજું બધું તુચ્છ લાગતું હતું...

રાજા શ્રેણિકનો ભક્તિભાવ...

શ્રેણિકને રાજ્યપાટ અને સહેલ-સપાટીમાં એવો રસ નહોતો જે રસ મહાવીર પ્રભુમાં હતો. એટલે રાજ્યપાટ ગયું અને કોણિકની જેલમાં પુરાવાનું આવ્યું, તેમજ સહેલસપાટી ગઈ અને જેલમાં કોરડા ખાવાનો અવસર આવ્યો તો પણ મસ્ત હતા, કેમ કે એમને જે મહાવીર પ્રભુમાં રસ હતો, એ પ્રભુ અત્યારે પણ પોતાના દિલમાં જ હતા, રાજ્ય ખોવાયું પણ પ્રભુ ખોવાયા નહોતા. શ્રેણિકને અંતરમાં પ્રભુ પ્રત્યે અપરંપાર ભક્તિભાવ હતો. કહો, અંતરમાં ઊંચા ભક્તિભાવથી પ્રભુને વસાવેલા હતા, એટલે અંતરમાં વસાવેલા પ્રભુનું વચન સાંભળતા કે,

અંતરમાં પ્રભુનો અવાજ :

"જો શ્રેણિક ! આ તારા દુઃખમાં કોણિકનો કે જેલરનો વાંક નથી, વાંક તારા પોતાના પૂર્વ કર્મનો છે, અને એ કર્મ કચરા અહીં ભોગવાઈને હવે રવાના થાય છે, માટે અહીં મારા અશુભ કર્મનો ઉદય ન સમજીશ, પરંતુ અશુભ કર્મનો નિકાલ સમજજે'.

પ્રભુ પ્રત્યેની ભક્તિથી કર્મ-નિકાલનું આ આશ્વાસન રહેતું તેથી કોરડા મારવા સંકોચાતા જેલરને કહેતા હશે કે 'તું શા માટે સંકોચાય? અલબત્ત તેં મારું અન્ન ખાધેલું એટલે અન્નદાતાને કોરડા કેમ મરાય ? એમ તારા મનને સંકોચ થાય, પરંતુ અત્યારે તો તું કોણિકનું અન્ન ખાય છે, તેથી અત્યારે અન્નદાતા કોણિકની તારે સેવા-આજ્ઞા બજાવવી જોઈએ. માટે એમાં તું સંકોચાઈશ નહિ. મને તો મારા પ્રભુ કહે છે કે 'જીવને દુઃખમાં પોતાના કર્મ જ જવાબદાર છે, અને દુઃખથી એ કર્મ ભોગવાઈને નષ્ટ થાય છે, તેથી મને આનંદ છે.

કારાવાસના કષ્ટમાં પણ શ્રેણિકનું આવું ફિલોસોફી ભર્યું જીવન શાને આભારી હતું ?

કહો, દિલમાં મહાવીર પ્રભુ પ્રત્યેની અપરંપાર ભક્તિને આભારી હતું. આ પ્રભુ-ભક્તિએ એના ચિત્તને નિર્મળ બનાવ્યું હતું. તેથી જેલવાસના કષ્ટમાં પણ

કોણિક પ્રત્યે રોષ નહોતો, કે દિલને રાજ્યપાટ અને સહેલ-સપાટી ખોવાઈ ગયાનું દુઃખ નહોતું, પછી ભક્તિથી ચિત્ત નિર્મળ કેમ ન રહે ?

ચંદનબાળાનો ભક્તિભાવ :

ચંદનબાળા એક વખતની રૂપાળી રાજકુમારી (૧) એને ઊભા બજારે વેચવાનો અવસર આવ્યો, પછી સદ્‌ભાગ્યે દયાળુ ધનાશેઠનો આશ્રય મળ્યો છતાં (૨) શેઠની પત્ની મૂળાના હાથે સ્ત્રીના ભૂષણ-સમાન સુંદર કેશવાળી તદ્દન કપાઈ જવાનો, ને (૩) પગમાં બેડી ઘલાય સાથે ભોંયરામાં કેદ પુરાવાનો, તેમજ (૪) ત્યાં ત્રણ દિવસ ભૂખે મરવાનો અવસર આવ્યો, છતાં એના દિલમાં મહાવીર પ્રભુ પ્રત્યે એટલો બધો ભક્તિભાવ હતો કે એથી એણે ચિત્ત બગાડ્યું નહિ. ચિત્ત એવું ચોખ્ખું નિર્મળ રાખ્યું કે ત્યાં મૂળા શેઠાણી પર જરા પણ રોષ નહિ ! તેમજ પોતાના રાજાશાહી સુખ લૂંટાઈ ગયાનું દુઃખ નહિ ! **જો દિલમાં ભક્તિથી પ્રભુને વસાવ્યા છે, તો ત્યાં ચંદનબાળાએ આ બધા કચરાને સ્થાન શાની આપે ? પ્રભુ પરની ભક્તિ દિલ સામે વિશ્વનું તત્ત્વજ્ઞાન લાવે છે ત્યાં જીવનમાં તુચ્છ વસ્તુના ગમનાગમન એવી વિસાતના લાગતા નથી.** કે જેથી એના પર રોવા-ખીલવાનું થાય. ચંદનબાળાએ ભક્તિથી દિલ નિર્મળ રાખેલું, તેથી પ્રભુને એ ખરેખરું ભેટી શકતી, અર્થાત્ ભોંયરામાં પૂરાયે પણ જાણે પ્રભુ સામે જ છે એ રીતે પ્રભુનું દર્શન-સ્મરણ ગુણગાન કરી શકતી, અને એમાં અપૂર્વ આનંદ માનતી ! એટલે જ ત્રણ દિવસે ભોંયરામાંથી કાઢવા આવેલા ધનાશેઠ જ્યાં રોઈ પડે છે ત્યાં ચંદનબાળા એમને આશ્વાસન આપે છે કે "બાપુ ! રુઓ શા સારુ ? આ તો મારી કલ્યાણમાતાએ કેશકલાપ ઓળવામા, બેડી ન હોય તો હરવાફરવામાં, તેમજ મનમાન્યા ખાનપાન કરવા વગેરેમાં, જે મારું મન પ્રભુને પડતા મૂકીને પરોવાત, એ અટકાવી દીધું, તેથી મારું મન પ્રભુમાં જ પરોવાયેલું રાખવા મને પૂરેપૂરી સ્વતંત્રતા મળી એમાં રોવાનું શું ?" કહો,

ચંદનબાળાને પ્રભુ પરની અપરંપાર ભક્તિથી ચિત્તની નિર્મળતા કેવીક થઈ ? એવી પ્રભુ-ભક્તિમાં એણે શું કર્યું ? એ પૂર્વના રાજાશાહી સુખ ભૂલી, અને પછીના કષ્ટોના રોદણાં ન કર્યા કે 'હાય ! મને કેવાંક દુઃખ ને કેટલા બધા કષ્ટ !' પણ પ્રભુની રટણા રાખી. ભક્તિ માટે આ બધું જોઈએ.

દમયંતીનો પ્રભુ પર ભક્તિભાવ :

સતી દમયંતીને યાદ કરો, એને પતિનું રાજ્ય ગયું ! અધૂરામાં પૂરું વન-વગડામાં પતિ એને એકલી-અટૂલી ઊંઘતી મૂકીને જતો રહ્યો ! છતાં શાંતિનાથ પ્રભુ પરની ભક્તિથી ચિત્તમાં રોદણાં ન રાખતાં હિંમતથી એ એકલી ચાલી. રસ્તામાં ચોર, રાક્ષસ, સર્પ, વગેરેના ઉપદ્રવ આવ્યા, પણ દિલમાં પ્રભુ-ભક્તિ વહેતી

રાખી, ને નવકાર યાદ કરતી રહી, એના પ્રભાવે એ કષ્ટ પાર કરી એ આગળ વધી. ત્યાં ધર્મની બહેન કરી રાખનાર સાર્થવાહ મળ્યો, પણ એ પાછળથી વિષયાંધ લાગ્યો, તો શીલની રક્ષા ખાતર દિલમાંની પ્રભુની ભક્તિના ભરોસે ત્યાંથી એકલી નીકળી ગઈ.

''મારા દિલમાં વસેલા મારા પ્રભુ જ મારી રક્ષા કરતા આવ્યા છે, ને એ જ આગળ ભયાનક જંગલમાં પણ મારી રક્ષા કરશે. ''

આવા પ્રભુ પ્રત્યેના ભક્તિભાવના ભરોસે જંગલ પસાર કરી રહી છે. એમાં એને આગળ એક તાપસોનો આશ્રમ મળ્યો. ત્યાં પાસે પર્વતની ગુફા હતી. 'તાપસો મહા તપ તપતા, પવિત્ર જીવન ગાળી રહ્યા છે. એટલે અહીં મારા શીલને વાંધો નહિ આવે. વળી કોઈ સારી સોબત મળશે એટલે આગળ વધીશ' એમ કરી ગુફામાં રહી. ત્યાં શું કરવાનું ? તો કે પ્રભુભક્તિમાંજ લીન રહેવાનું. એના દિલમાં શાંતિનાથ પ્રભુ પ્રત્યે અપરંપાર ભક્તિભાવ છે, એટલે એણે ત્યાં માટીના શાંતિનાથ પ્રભુના પ્રતિમાજી બનાવ્યા. પ્રતિમા માટીના હોવાથી જળથી અભિષેક-પૂજા થાય નહિ. તેથી એ રોજ જંગલમાંથી તાજા પુષ્પો લાવીને એનાથી પ્રભુ-પૂજા કરે છે. તેમજ એમની આગળ સ્તુતિ સ્તવના ગુણગાન પ્રાર્થના કરતી રહે છે.

પ્રશ્ન : પ્રભુની સ્તવના-ગુણગાનમાં આખો દિવસ શી રીતે પસાર થાય ? એવી તે કેટલી સ્તવના ને કેટલા ગુણગાન કરે ?

ઉત્તર : આ ગુણગાનમાં પ્રભુ તમે દયાનિધિ, તમે ઉદાર તમે ગંભીર, માત્ર એવા એવા ગુણોની સ્તવના નથી આવતી, પરંતુ **પ્રભુની સ્તવનામાં પ્રભુ આગળ પ્રભુનું આખું તત્ત્વજ્ઞાન રજૂ કરાય.** તે આ રીતે કે,

"હે પ્રભુ! તમે કેટલું બધું અગાધ નવ તત્ત્વોનું જ્ઞાન આપ્યું ! અરે ! નવતત્ત્વમાં પણ એક જીવ તત્ત્વમાં જ જીવોના કેટકેટલા ભેદ આપે બતાવ્યા ! એમાંય એક એકેન્દ્રિયમાંય પૃથ્વીકાયમાંય માટી જીવ, સ્ફટિક જીવ, એકેક જાતના રત્ન એ જીવ, પરવાળા જીવ, હિંગળોક-હડતાળ જીવ, પારો જીવ, પાષાણ જીવ, એકેક સુવર્ણ વગેરે ધાતુજીવ, ક્ષારો જીવ, ખનીજ કોલસાદી જીવ, એમ અપ્કાયાદિ જીવના પ્રકાર. પછી બેઈન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના કેવા કેવા જીવ! પ્રભુ! આપે આવું બધું કેટકેટલું ય જીવ તત્ત્વમાં બતાવ્યું. એમાં પ્રભુ ! એ દરેકના શરીરમાન, આયુષ્યમાન, કાયસ્થિતિ ભવસ્થિતિ, વળી જીવોના પ્રાણ-પર્યાપ્ત-લક્ષણો-લેશ્યાઓ વગેરે વગેરે કેટકેટલુંય પ્રભુ ! આપે બતાવ્યું !'' આમ પ્રભુને સંબોધીને કેટલું રજૂ થઈ શકે ?

કહો, આખી કમ્મપયડી, આખો લોકપ્રકાશ, પ્રવચન સારોદ્ધાર, મહાન

પન્નવણા શાસ્ત્ર, વગેરે અનેકાનેક શાસ્ત્રોની વાતો રજૂ થઈ શકે. એમાં દિવસો શું, મહિનાઓ શું, વરસોના વરસો પસાર થઈ શકે. બોલો છો ને નવપદની પૂજામા

''જ્ઞાનધ્યાન ક્રિયા સાધંતા કાઢે પૂર્વના કાળ''

મહાવિદેહ જેવા ક્ષેત્રમાં વધુમાં વધુ એક કરોડ પૂર્વવર્ષનું આયુષ્ય, તે જ્ઞાનધ્યાન સાધતાં અર્થાત્ શ્રુત સ્વાધ્યાય કરતાં તત્ત્વજ્ઞાન ચિંતવતાં અને ચારિત્રની ક્રિયાઓ કરતાં લાખો પૂર્વ વર્ષોનો કાળ સહેલાઈથી પસાર કરે છે.

મહાસતી દમયંતીએ પર્વતની ગુફામાં શાંતિનાથ પ્રભુ સ્થાપી અથાગ ભક્તિથી પ્રભુની આવી સ્તવનામાં સાત વરસ પસાર કર્યા !

હજી પણ કદાચ વધુ કાળ કાઢત, -પરંતુ ત્યાં કોઈ માણસે 'નળ પસાર થતા મેં દેખ્યા' એવા સમાચાર આપ્યા તેથી દમયંતી સફાળી ઊભી થઈ નળની શોધમાં ચાલી, ચાલી, ચાલી તે ચાલ્યે જ રાખ્યું. એમાં ક્રમશઃ માસીરાણીને ત્યાં પહોંચી જવાનું થયું. ત્યાં એને કોઈએ ઓળખી નહિ, પરંતુ એક સારી સ્ત્રી તરીકે આશ્રય મળ્યો. ને એણે દિલમાં પ્રભુભક્તિ પર મુસ્તાક રહી દીનતા ન કરી, પોતાની ઓળખ ન આપી, કિન્તુ ત્યાં યાચકોને દાન દેવાની નોકરી સ્વીકારી લીધી, જેથી કદાચ પતિ નળ પૃથ્વી પર ભમતાં ભમતાં અહીં દાન લેવા આવી ચડે, તો એનો ભેટો થઈ જાય.

કેવાક મહાસત્ત્વશીલ એ જીવો ! શેના પર સત્ત્વવિકાસ ? કહો, અંતરમાં અથાગ ભક્તિથી પ્રભુને વસાવેલા છે, એના આધાર પર અંતરમાં પ્રભુભક્તિ છલોછલ ભરી છે ! ને એનાથી ચિત્ત નિર્મળ કર્યું છે. એના પર 'શ્રી શીતલજિન ભેટીયે, કરી ભક્તે ચોખ્ખું ચિત્ત હો, એનો આ એક રીતે વિચાર કર્યો. હવે બીજી રીતે વિચાર જુઓ,

'જિન ભેટીયા' પર વિચાર :

'જેને સોંપ્યા તન-મન વિત્ત હો... તેહથી કહો છાનું કિશ્યું ? આ કથનના સંદર્ભમાં જિન ભેટિયે માં ભેટિયે શબ્દના બદલે ભેટિયા શબ્દથી પણ વિચાર થઈ શકે છે. તે આ રીતે કે શીતલ જિનને ભેટ્યા પછી એમની આગળ અંતર્ગતની વાત કહેવી છે. એટલે પ્રભુને કહ્યું કે 'આપનાથી છાનું છૂપું રાખવાનું અમારે કશું નથી કેમ કે અમે તો આપને જે ભેટ્યા તે ભક્તિથી ચોખ્ખું ચિત્ત કરીને અને આપને અમારા તન-મન-ચિત્ત સોંપવા સાથે ભેટ્યા છીએ. એટલે આપને ભેટવાનું અમે લુખ્ખું નથી રાખ્યું, પણ તન-મન-ધન પણ આપને સોંપીને ભેટવાનું રાખ્યું છે. હવે તન-મન-ધનનું સમર્પણ કરાય એટલે પછી પ્રભુને હકથી કહી શકાય કે "હું આપનો છું અને આપનાથી છાનું છૂપું કશું હોય નહિ. એટલે મારી અંતર્ગતની વાત રજૂ

કરું છું. તે આપે લક્ષમાં લેવી પડશે'' આ રીતની વિચારણામાં આ આવ્યું કે જિન ભેટિયા તો તે કેવી રીતે ભેટ્યા? તો કે 'કરી ભક્તે ચોખ્ખું ચિત્ત' અસ્તુ. હવે જ રીતે 'ભેટિયે' પાઠ મળે છે, એ રીતે જોઈએ તો અહીં કવિએ આ કહેવું છે કે શીતલનાથ પ્રભુને ભેટિએ તે ભક્તિથી ચિત્ત ચોખ્ખું કરીને ભેટિયે. 'જિન ભેટિયે' એટલે અહીં જિનેન્દ્ર પ્રભુનું દર્શન લઈએ, પ્રભુનું દર્શન કરીએ, 'પ્રભુની મુલાકાત લઈએ' પ્રભુને મળીએ, આવા મોટા પુરુષને મળવું હોય તો મળવાનું નિર્મળ શુદ્ધ ચિત્તથી કરાય. મેલા ચિત્તથી નહિ, કેમ કે મલિનતામાં દુન્યવી વસ્તુની આશંસા હોય, ને એમાં પ્રભુ ગૌણ થઈ જાય છે, અને બીજું ભળતું જ કશુંક મુખ્ય થઈ જાય છે !

દા. ત. ચિત્તની એક મલિનતા આ છે કે પ્રભુની પૂજા ભક્તિ દર્શન તો કરાય, પરંતુ એ દિલમાં કોઈ દુન્યવી પદાર્થની આશંસા રાખીને કરાય.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૬,અંક-૪/૫,તા.૩-૧૦-૧૯૮૭

'હું પ્રભુની પૂજા ભક્તિ કરું અને એનાં ફળમાં મને સારું માન મળો, સારા પૈસા મળો, પુત્ર મળો, ઇત્યાદિ તીવ્ર અભિલાષા અપેક્ષા એ આશંસા કહેવાય. એવી અપેક્ષા અભિલાષા રાખી એમાં પ્રભુ કરતાં અપેક્ષિત-અભિલષિત-ઇચ્છિત વસ્તુને મુખ્ય રાખવાનું થાય છે. એટલે જ એવું બને કે,નથીને જો પૂજા-ભક્તિથી એ વસ્તુ ન મળી તો પ્રભુ પ્રત્યેનું આકર્ષણ ઓછું થઈ જાય. માટે એમાં ચિત્તની નિર્મળતા નથી.

નિર્મળ ચિત્ત એ, કે જ્યાં પ્રભુ જ મનને સર્વશ્રેષ્ઠ લાગે.

દુન્યવી કોઈ ચીજ એવી નથી કે જે પ્રભુ કરતાં અધિક સ્પૃહણીય હોય.

કવિ કહે છે 'ભક્તિથી ચિત્તને ચોખ્ખું યાને નિર્મળ બનાવી પ્રભુને ભેટિયે.' ઇતિહાસ જુઓ તો દેખાશે કે જે જે આત્માઓ થોડી પણ પ્રભુ-ભક્તિથી ઝટ ઊંચે આવ્યા એ પ્રભુ પ્રત્યે આવા નિર્મળ ભક્તિભાવથી મનને વિશુદ્ધ કરીને ઊંચે આવ્યા, એટલે તો પ્રભુભક્તિના બદલામાં દેવતા દુન્યવી ઋદ્ધિ-સંપત્તિ દેવા આવ્યા, તો એ લેવા સાફ ઇનકાર કરી દીધો...

જુઓ દેવપાલ એક શ્રાવકશેઠનો ઢોરાં ચારનારો નોકર અને જંગલમાં એક ભેખડ તૂટી પડતાં અંદરના પોલાણમાં રહેલી ઋષભદેવ પ્રભુની પ્રતિમા મળી ! એ ખૂબ નાચ્યો-કૂદ્યો ! નાહી ધોઈ ડુંગરાની તળેટીએ માટીની દેવળી બનાવી એમાં પ્રભુજી પધરાવ્યા, પુષ્પોથી પૂજા કરી, પ્રભુને વિનવે છે, "પ્રભુ ! આ રાંક સેવક પર તારો કેટલો બધો ઉપકાર ? હું ગરીબડો ને તું ત્રણલોકનો નાથ ! એ તું મને

ગરીબડાને મળ્યો ? આજથી પ્રભુ રોજના માટે મારો સંકલ્પ છે કે 'રોજ તારાં દર્શનપૂજન વિના મોંમાં પાણીનું ટીપું પણ નહિ નાખું ? પછીથી બરાબર એ નિયમ પાળે છે. એમાં સાત દિવસની વરસાદની હેલીમાં એ જઈ ન શક્યો, ને સાત દિવસ ભૂખ્યો તરસ્યો રહ્યો ! પછી આઠમે દિન ઊઘાડ થતાં એ પ્રભુ પાસે જઈ રુએ છે 'પ્રભુ ! પ્રભુ ! તારા દર્શન વિના મારા ૭-૭ દિવસ વાંઝિયા ગયા. કેવો અભાગિયો હું ? માફ કરજે મને, મને જોઈએ તો મહિનાના ઉપવાસ કરાવજે, પણ પ્રભુ ! મને એક દિવસ પણ તારાં દર્શન વિનાનો ન રાખીશ."

આના પ્રભુભક્તિના કલ્પાંત પર ચક્રેશ્વરીદેવી ત્યાં હાજર થઈ કહે છે - "દેવપાલ ! દેવપાલ ! તારી પ્રભુભક્તિથી હું પ્રસન્ન થઈ છું. હું તારા ભગવાનની અધિષ્ઠાત્રી દેવી ચક્રેશ્વરી છું. તને વરદાન આપું છું. ભક્તિના બદલામા જે જોઈએ તે માંગી લે."

ત્યાં દેવપાલ કહે છે, "અરે દેવી ! તું મને મારી ભક્તિ વેચવા કહે છે ? અને દુન્યવી સંપત્તિ ખરીદવા કહે છે ? પ્રભુભક્તિને હું ઐરાવણ હાથી સમાન ગણું છું અને તું આપે એ મોટી પણ દુન્યવી સંપત્તિને ગધેડા તુલ્ય લેખું છું. ઐરાવણ હાથી વેચી બદલામાં ગધેડો ખરીદવાની મૂર્ખાઈ હું ન કરું. ભક્તિના બદલામાં મારે વિશેષ ભક્તિ જોઈએ છે, તે તું આપી શકતી હોય, તો તે આપ મને."

કેવીક નિસ્પૃહતા ? દેવી જ્યાં કહે છે કે " દેવતાનું દર્શન નિષ્ફળ જાય નહિ, માટે દુન્યવી ગમે તે ઇચ્છિત વસ્તુ માગી લે," ત્યારે દેવપાલને એ કશું જોઈતું નથી એટલે મોટી દેવી સામેથી ઋદ્ધિ-સંપત્તિ દેવા આવી છે તે પણ લેવાનો દેવતાને દેવપાલે સાફ ઇનકાર કરી દીધો ! કેમ વારું ? ભક્તિથી ચિત્ત ચોખ્ખું થઈ ગયું હતું માટે.

રાવણનો પણ ઈનકાર :

અષ્ટાપદ પર મંદિરમાં ભક્તિ કરીને બહાર નીકળેલા રાવણને ધરણેન્દ્ર કહે છે, "રાવણ તમારી ભક્તિથી મને બહુ પ્રસન્નતા થઈ છે. તો ભક્તિના બદલામાં કાંઈક માંગો." રાવણ કહે છે, "મારે કાંઈ જોઈતું નથી. હા, ભક્તિના ફળમાં મારે મોક્ષ જોઈએ છે, પરંતુ તે તમે આપી શકતા નથી" શું આ ? સ્પૃહારહિત ચોખ્ખું ચિત્ત. એ શી રીતે થયું ? ભક્તિથી

પ્રભુ ઉપરની ભક્તિએ હૃદય પકડી લીધું, એટલે હૃદયને બીજે ખેંચાઈ જવાનું રહ્યું નહિ.

પ્રભુ-ભક્તિની આ તાકાત છે કે હૃદયમાં એને જો દૃઢ સ્થાન આપો, તો હૃદય નાચવા માંડશે કે "અહો ! અહો ! મારામાં ભક્તિ આવીને વસી ? વાહ ભાઈ

વાહ ! જે મારા નાથ અરિહંતને મોટા ઈંદ્રો અને ગણધરોએ દિલમાં વસાવ્યા, એ મહામાન્ય પ્રભુ મારા દિલમાં પધાર્યા ? એમના પર દિલમાં ભક્તિભાવ ઉછળ્યો ? હવે **અરિહંત પર જો ભક્તિભાવ દિલમાં ઊભો થયો, તો પછી હવે એ દિલમાં દુષ્ટ વિષયો અને કષાયોને તથા વિષયરાગને ઘલાય નહિ. દિલને એનાથી અભડાવાય નહિ." આવી આવી ભાવનાથી ચિત્ત ચોખ્ખું રાખી શકાય.** આ એક રીત.

(૨) ભક્તિથી ચિત્ત ચોખ્ખું રાખવા આ બીજી રીત, કે ભક્તિ એટલે અરિહંતની ત્રિવિધ ઉપાસના-મનથી વચનથી અને કાયાથી કરવાની.

(i) મનથી ઉપાસના 'જિનેષુ કુશલં ચિત્તં' અર્થાત્ જિનેશ્વર ભગવાનનું કુશળ ચિંતન (ii) વચનથી ઉપાસના એટલે પ્રભુના સ્તોત્ર-સ્તવન-સૂત્ર ભણવા, ને (iii) કાયાથી ઉપાસનામાં પ્રભુને પ્રણામ, પ્રભુને પૂજા... ઠાઠ... વગેરે આવે. માણસ જો આ ત્રિવિધ ઉપાસના ભાવથી કરતો રહે, તો એમાં વીતરાગના વારંવારના સહયોગથી મનના કચરા દબાતા જાય, સાફ થતા જાય, અને એથી મન ચોખ્ખું નિર્મળ થતું આવે.

(૩) ત્રીજો ઉપાય એ છે કે, ભક્તિ એટલે શું ? તો કે વ્યવહારમાં દિલમાં પત્ની પર પ્રીતિ ઉભરાય છે, ત્યારે માતા પર ભક્તિ ઉભરાય છે, એ ભક્તિમાં પ્રીતિ તો છે જ, ઉપરાંત બહુમાન પણ છે. અર્થાત્ માતાની ભક્તિમાં માતા પર બહુમાનયુક્ત પ્રીતિ છે.

આમાં ખાસ આ જોવાનું છે કે પત્ની પર પ્રીતિ છે એ વાસનાભરી પ્રીતિ છે, કામરાગની પ્રીતિ છે, તેથી પત્નીને જુએ છે તે ભોગ્ય તરીકે જુએ છે, ત્યારે માતા પર પ્રીતિ બહુમાનભરી છે ભક્તિભરી છે, તેથી માતાને પૂજ્ય અને પવિત્ર દૃષ્ટિથી જુએ છે. કદાચ માતા રૂપાળી હોય એટલી રૂપાળી પત્ની ન હોય, છતાં માતા પુત્રનો સંબંધ એવો છે કે માતાને અથાગ ઉપકારી માની પવિત્ર પ્રેમથી જોશે અને ઓછી રૂપાળી પણ પત્નીને ભોગસાધનાના રાગથી જોશે. વિશેષમાં માતા ખાતર અવસરે બહુમૂલ્ય વસ્તુનો પણ ભોગ આપી દેશે.

લક્ષ્મીપત બાબુની માતૃભક્તિ :

શ્રી શત્રુંજય તળેટીએ બાબુનું દેરાસર બંધાવનાર ધનપતસિંહજી બાબુના ભાઈ લક્ષ્મીપતસિંહજી બાબુએ જિયાગંજ-અજીમગંજમાં આલીશાન વિશાળ બંગલો બંધાવ્યો. એની સામે માતા માટે નાનો ભવ્ય બંગલો બંધાવ્યો.

પછી માતાને કહે "મા સાબ ! ચાલો ત્યાં રહેવા.

માતા કહે 'તે મહાઆરંભ સમારંભના આ કેટલા ઘોર પાપ કર્યા ? શી જરૂર હતી આ બંગલાની ? જા, હું નહિ આવું ત્યાં."

બાબુઓ સારા માતૃભક્ત, તે માતાની નારાજીથી બહુ દુઃખી થયા. બાબુ પૂછે "હવે શું કરું તો ત્યાં રહેવા આવો ?

માતા કહે, "એ તારા બંગલાનું દેરાસર કર, તો આવું."

બાબુએ તરત સ્વીકારી લીધું. પોતાના વિશાળ બંગલાનું દેરાસર કર્યું, અને સામે માતા માટેના બંગલામાં બધા રહેવા ગયા. માતા પ્રત્યે ભક્તિપ્રેમ એવો કે બહુમૂલ્ય બંગલાનો ભોગ આપી દીધો. એમ પ્રભુ ખાતર અવસરે અતિપ્રિય વસ્તુનો ય ભોગ આપીએ, તો પ્રભુ પર પ્રીતિ ભક્તિ રાખી કહેવાય.

'માતાની જેમ પ્રભુના ઉપકાર અને પ્રેમ આગળ બીજું કાંઈ વિસાતમાં નથી,' એમ માને છે. આપણે પ્રભુ પર ભક્તિ લાવવી છે એમાં પ્રભુને પવિત્ર બહુમાનભર્યા પ્રેમથી જોવાના છે; કેમ કે પ્રભુ આપણને અનંત ઉપકારી દેખાય છે. તેમજ પ્રભુએ પોતાના પૂર્વના ત્રીજે ભવે સર્વ જીવો પર જે કરુણા અને વાત્સલ્ય ઉભરાવ્યું છે, એ અજોડ છે એ સર્વ જીવોમાં આપણો નંબર છે. એવા પ્રેમ અને કરુણા આપણા પર પ્રભુએ વરસાવ્યા, તેમજ ઠેઠ નિગોદ એકેન્દ્રિયપણામાંથી આપણને બહાર કાઢી, ઠેઠ અહીં માનવભવ અને જૈનધર્મ-પ્રાપ્તિ સુધી પહોંચાડ્યા ! એ અનંત ઉપકાર પણ આપણા પર છે. આવા અનંત ઉપકારી અને અથાગ પ્રેમી પ્રભુ પર માતા કરતાં પણ કેટલો બધો અથાગ ભક્તિરાગ આપણામાં ઊભરાવો જોઈએ ? પછી ત્યાં અવસરે પ્રભુનાં ચરણે બહુમૂલ્ય વસ્તુનો કેવો ભોગ આપી દેવાય ? અરે ! વીર્યોલ્લાસ વધતાં આવા અથાગ પ્રેમી અને અનંત ઉપકારી પ્રભુના ચરણે ચારિત્ર લઈ આખો આપણો આત્મા અને જીવન કેમ ન સમર્પિત કરી દેવાય ?

ગૌતમે ચપટીમાં પ્રભુને શી રીતે જીવન સોંપ્યું ? :

ગૌતમ મહારાજ હજી તો હમણાં સુધી મિથ્યાધર્મના યજ્ઞ સમારંભ કરતા હતા અને મહાવીર પ્રભુ સામે વાદ કરીને પ્રભુને જીતી લેવા આવેલા ! પણ પ્રભુએ એમના દિલનો સંશય અને એનું નિરાકરણ કહી દઈ કેવા આવર્જ્યા કે ગૌતમ મહારાજના દિલમાં પ્રભુ પ્રત્યે અત્યંત સ્નેહયુક્ત ભક્તિરાગ ઊભો થઈ ગયો ! અને એમાં ચપટીમાં પ્રભુનાં ચરણે ત્યાંને ત્યાંજ પોતાનો આત્મા અને પોતાનું આખું જીવન સમર્પી દીધું ! આ શું કર્યું ? પ્રભુ પરની ભક્તિથી એમણે ચિત્તને ચોખ્ખું-નિર્મળ કર્યું. ચિત્તમાંથી મોહમાયાની મમતાના બધા કચરા કાઢી નાખ્યાં. અહીં એક પ્રશ્ન થાય,-

પ્રભુને તન-મન-ધન સોંપ્યા વિના સોંપ્યા શી રીતે કહેવાય:

પ્રશ્ન : પ્રભુને આપણે આપણા તન-મન-ધન કાંઈ સોંપી દીધા તો નથી, પછી આપણે શી રીતે કહી શકીએ કે 'જેને સોંપ્યા તન મન ચિત્ત હો ?'

ઉત્તર : 'સોંપ્યા'નો અહીં અર્થ એ સમજવાનો છે કે પ્રભુની આગળ ખુલ્લા કર્યા; અર્થાત્ પ્રભુ ! તમે મારા તન-મન-ધનની પરિસ્થિતિ જાણો છો, કે આત્મ સંપત્તિની બાબતમાં એ લગભગ માલ વિનાના છે. એટલે હું તો તમારી આગળ મારું બધું ખુલ્લું મૂકું છું. પછી તમારાથી મારું કશું છૂપાવાનું રાખ્યું નથી. એટલે જે બધું ખુલ્લું મૂક્યું છે, એમાં મારી દરિદ્રનારાયણ સ્થિતિ સમજજો; એટલે કે મારે ઘણી ઘણી ખામી છે. શરીરને છેલ્લું છેવટ્ટું સંઘયણ છે, એટલે આરાધના કરવા માટે દુર્બળ-કાય છે. મન ને સત્ત્વની ખામી છે, 'વિત્ત' એટલે આરાધનાની બીજી સામગ્રીનાં ઠેકાણાં નથી. તેથી તમારે પ્રભુ ! મને ઘણું ઘણું આપવાનું છે.

હવે જો પ્રભુ ! તમે કહો કે તું બીજા પાસેથી માગી લે ને ? તો હું તમને પ્રભુ ! કહું છું.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૬,અંક-૯/૧૦,તા.૧૪-૧૧-૧૯૮૭

દાયક નામે છે ઘણાં, પણ તું સાચર તે કૂપ હો;
તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો...૨

ભાવાર્થ : જગતમાં દાયક-દાતારના નામે ઘણા ફરે છે, પરંતુ એ બધા કૂવા જેવા છે, ત્યારે તું શીતલજિન ! સમુદ્ર સમાન છે. એવા બહુ ફિરસ્તા આગિયાની જેમ તગતગે છે, ત્યારે તું પ્રભુ ! સૂર્યના તેજ સ્વરૂપ છે.

વિવેચન : 'કરી ભક્તે ચોખ્ખું ચિત્ત હો.' ભગવાન પરની ભક્તિથી ચિત્તને નિર્મળ કરીને શ્રી શીતલનાથ ભગવાનને ભેટિયે. આમાં ચિત્ત નિર્મળ કરવાનું કહ્યું તે પ્રભુ પરની ભક્તિથી કરવાનું કહ્યું. એમાં 'ભક્તિ' એટલે ? સંસ્કૃત ભાષામાં 'ભજ' એ ક્રિયાવાચી શબ્દ છે. એનો અર્થ 'ભજવું' એવો થાય. ભક્તિ એટલે ભજવું તે; અર્થાત્ ભજવાનો ભાવ. ભજવું એટલે આશરો લેવો, શરણે જવું. તેથી ભક્તિમાં પ્રભુનો આશરો લેવાનું આવે, પ્રભુના શરણે જવાનું આવે.

જેમ કે બીમાર માણસ વૈદ્યનો આશ્રય લે છે, વૈદ્યને શરણે જાય છે, વૈદ્યને કરગરે છે કે 'વૈદ્યરાજ ! મારી બીમારી મિટાવો. તમે મારી દવા કરો. હું તમે કહેશો તે ચરી પાળીશ, કહેશો તેમ કરીશ. આ બીમારીથી હું ત્રાસી ગયો છું મારે તમારો જ આધાર છે.'

એવી રીતે આપણે ભવરોગથી પીડાઈએ છીએ; તો એ રોગ મટાડનાર રોગ કાઢનાર ધન્વંતરી વૈદ્ય જેવા અરિહંત ભગવાન છે. એમનો આશ્રય લેવાનો; એમનાં

શરણે જવાનું એમને કહેવાનું કે, 'પ્રભુ ! હું ભવરોગથી પીડાઉં છું. તમે ધન્વંતરી વૈદ્ય સમાન છો. મારો ભવરોગ મિટાવો. મારે તમારો જ આધાર છે. તમે કેટલાંના ભવરોગ મિટાવ્યા છે; તો મારો પણ ભવરોગ મિટાવશો જ એવો મને વિશ્વાસ છે.' આમ વિશ્વાસથી પ્રભુનો આશરો લેવો, પ્રભુને ભજવું એ ભક્તિ કહેવાય, એનાથી ચિત્ત નિર્મળ થાય.

એમ, જેમ જંગલમાં મુસાફર લૂંટાવાના ભયમાં મળે તો મિલિટરી પોલિસનો આશ્રય લે છે. એ સમજે છે કે 'આ પોલિસ પાસે ગોળી ભરેલી બંદૂક છે; તેથી લૂંટારો સામે નહિ આવી શકે, પાસે નહિ આવી શકે. એટલે મારું ધન જરાય લૂંટાવાનો ભય નહિ રહે.' એવી રીતે અહીં ભગવાન મિલિટરી પોલિસ જેવા છે. એ મોહ-રાગ-દ્વેષ-કષાયો-વાસનાઓ-સંજ્ઞાઓ વગેરે લૂંટારાથી આપણને બચાવવા સમર્થ છે. તેથી પ્રભુને કરગરવાનું કે 'પ્રભુ ! આ અંતરંગ દુશ્મનોથી મને બચાવો. મારું આંતરિક ધન જે ક્ષમા, સમતા વગેરે છે, એ પેલા લૂંટારાઓથી ચોરાઈ જતું અટકાવો. હે વીતરાગી ! મારે તમારો જ આધાર છે. રાગી-દ્વેષી દેવ તો પોતે જ લૂંટાયેલા છે. એ મારું ધન શું બચાવી શકે ? વીતરાગ પ્રભુ પાસે તો ક્ષાયિક ભાવના ક્ષમાદિ ગુણોરૂપી બંદૂકો છે એના ધડાકા ભડાકાથી કષાય ચોરો આઘા ભાગે છે. માટે આપણે આ વીતરાગ ભગવાનના શરણે જઈએ એટલે નિર્ભય થઈ શકીએ. જેમ ભયભીતને મિલિટરીનું શરણ, તેમ મારે પ્રભુ ! તમારું શરણ છે, તમારો જ આધાર છે,' આમ પ્રભુને ભજ્યા એટલે ભક્તિ કરી. એવી રીતે નિર્ધન જેમ શ્રીમંતનું શરણ લે, શ્રીમંતને કહે 'શેઠ ! હું નિર્ધન છું. મારે તમારો જ આધાર છે. તમારી પાસે અઢળક ધન છે. તો મને વિશ્વાસ છે કે તમારા આશરાથી મારી નિર્ધનતા મટશે; માટે મને ધન આપો.' આમ નિર્ધન માણસ શ્રીમંતના શરણે જાય, એમ આપણે ગુણોથી નિર્ધન છીએ તે અનંતગુણની શ્રીમંતાઈવાળા વીતરાગ પ્રભુનું શરણ પકડવાનું, તે ભક્તિ કરી કહેવાય.

એમ જેવી રીતે આંધળો માણસ દેખતાનો આશરો લે, દેખતાને શરણે જાય, અને કરગરે 'ભાઈ ! હું અંધ છું. મને માર્ગ દેખાતો નથી. હું તમારા આશરે છું. તો મને તમે રસ્તે ચડાવો, મને મારા ઘર સુધી મૂકી જાઓ,' એ રીતે આપણે પ્રભુનું શરણ લેવાનું. આપણે અંધ છીએ, મોક્ષનો માર્ગ દેખી શકતા નથી સમજી શકતા નથી, તેથી મોક્ષ જે આપણું અસલી ઘર છે, ત્યાં પહોંચી શકતા નથી. એટલે પ્રભુને વિનવીએ કે પ્રભુ ! તમે અનંતજ્ઞાની છો, મોક્ષના બધા રસ્તા તમે પ્રત્યક્ષ જુઓ છો; તો મને પ્રભુ ! મોક્ષ માર્ગે ચડાવો, અને મને મારા આત્મઘર મોક્ષઘરે પહોંચાડો. તમારા સિવાય મારે રાગી દ્વેષી કોઈ દેવ આધાર નથી. રાગી દ્વેષી દેવ

સ્વયં અંધ છે, સર્વજ્ઞ નથી, તેથી મોક્ષનો અતીન્દ્રિય માર્ગ પ્રત્યક્ષ દેખી શકતા નથી. એ આપણને શો મોક્ષમાર્ગ બતાવે ? એ સ્વયં ભવમાં ફસાયેલા છે, એ આપણને માર્ગ ક્યાંથી બતાવી શકે ?

હવે જો પ્રભુ ! જો તમે મને કહો કે મારી પાસે શું માગે છે ? જો બીજા ઘણા દાયકો છે, એમની પાસેથી માગી લે, તો હું કહું છું કે,-

(૨) દાયક નામે છે ઘણાં પણ તું સાયર તે કૂપ હો

અર્થ : જગતમાં દાયક તરીકે ઓળખાતા ઘણા છે પરંતુ એમાં તું જ્યારે સમુદ્ર સમાન છે ત્યારે બીજાઓ કૂવા જેવા સાંકડા અને છીછરા છે.

ભાવાર્થ : જગતમાં ધર્મના દાયક તરીકેનો અંચળો ઓઢીને ફરનારા ઘણા છે. દરેક ધર્મના ફિરસ્તા એમ જ કહે છે 'અમે ધર્મ આપીએ છીએ, તત્ત્વ આપીએ છીએ.' પરંતુ તે બધા કૂવા જેવા છે, ત્યારે પ્રભુ ! તું સમુદ્ર સમાન છે. કારણ સ્પષ્ટ છે,-

આત્મવિશુદ્ધિની તરતમતા :-

ઇતર દેવો પાસે ચારિત્ર અતિ અલ્પાંશે છે, તો એ ભક્તને કેટલું બધું ચારિત્ર આપી શકે ? ચારિત્ર એટલે સર્વવિરતિ; અર્થાત્ પ્રતિજ્ઞાબદ્ધ સમસ્ત હિંસા-જૂઠ આદિ પાપ વ્યાપારોનો ત્યાગ. ઇતર દેવો પાસે આવી પ્રતિજ્ઞામાંનું કશું નથી. હજી જૈન સાધુ પાસે ત્રિવિધ ત્રિવિધે સર્વવિરતિની પ્રતિજ્ઞાઓ છે, પરંતુ મિથ્યા દેવી દેવતા કે સંન્યાસીઓ પાસે એ નથી. માટે તો કહ્યું એક મિથ્યાદૃષ્ટિ જીવ ભલે મોટો ભર્તૃહરિ મહાવૈરાગી સંન્યાસી હોય એની મંદ મિથ્યાત્વના યોગે જે આત્મ-વિશુદ્ધિ છે, અથવા મહાતપસ્યા કરનાર મિથ્યાદૃષ્ટિ તાપસ એની જે આત્મવિશુદ્ધિ છે એના કરતાં સમકિતી જીવની સમ્યક્ત્વના યોગે આત્મવિશુદ્ધિ અનંતગુણ હોય છે. એના કરતાં પણ દેશવિરતિ શ્રાવકની, દેશથી પ્રતિજ્ઞાબદ્ધ પાપોના ત્યાગના લીધે આત્મવિશુદ્ધિ અનંતગુણી હોય છે. એના કરતાં સર્વવિરતિમાન સાધુની અનંતગુણ વિશુદ્ધિ હોય છે, એના કરતાં પણ સમસ્ત રાગદ્વેષરહિત વીતરાગ પ્રભુની યથાખ્યાત ચારિત્રના યોગે અનંતગુણ વિશુદ્ધિ હોય છે. આ હિસાબે ઠેઠ પ્રારંભિક પેલા મિથ્યાદૃષ્ટિ ધર્મફરિસ્તાની આત્મ-વિશુદ્ધિ કરતાં વીતરાગ પરમાત્માની આત્મ-વિશુદ્ધિ કેવીક અનંત અનંતગુણ વિશુદ્ધિ હોય ? માટે કવિ અહીં શીતલનાથ ભગવાનને ઉદ્દેશીને કહે છે કે 'પ્રભુ ! બીજા મિથ્યાત્વી દેવો કૂવા જેવા છે, જ્યારે પ્રભુ ! તું સમુદ્ર સમાન છે. જે દેવની પોતાની પાસે જ વિશુદ્ધિ કૂવાની જેમ અતિઅલ્પ હોય, એ ભક્તને કેટલું આપી શકે ? પ્રભુ ! તમે સમુદ્ર જેવા છો તેથી તમે ભક્તને અનંત ચારિત્ર સુધીનું દાન આપી શકો છો.

પ્રશ્ન : બીજાઓને ચારિત્રની અતિઅલ્પતાનાં મૂળમાં કારણભૂત કોણ છે ?

ઉત્તર : જ્ઞાનની અતિઅલ્પતા. એટલે કવિ કહે છે, "તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો."

અર્થ : ઇતર અ-સર્વજ્ઞ દેવો રાત્રે ફરતા ચમકતા ખજવા જેવા છે; તો હે વીતરાગ સર્વજ્ઞ પ્રભુ ! તમે સૂર્યના તેજ સ્વરૂપ છો.

વિવેચન : પ્રભુ તમે ત્રિકાળના સમસ્ત વિશ્વના અર્થાત્ ત્રણે કાળના અનંત અલોકાકાશ ઉપરાંત સમસ્ત લોકાકાશના સમસ્ત અનંત દ્રવ્યોના અને એમાં અનંતાનંત સમસ્ત પર્યાયોના પ્રત્યક્ષ જ્ઞાતા-દ્રષ્ટા છો. આની અપેક્ષાએ ઇતરદેવની પાસે નહિવત્ જ્ઞાન છે. તેથી એ રાતના ચમકનારા ખજવા જેવા છે, આગિયા જેવા છે. ત્યારે અનંતજ્ઞાન સંપન્ન વીતરાગ અરિહંત ભગવાન મહાપ્રકાશી સૂર્ય જેવા છે. પ્રભુનું અનંતજ્ઞાન દિનકરના તેજ જેવું છે. મારા કેવાંક અહોભાગ્ય કે મને આવા શીતલનાથ જિન ભેટવા મળ્યા !

આમાં ઇષ્ટદેવ અરિહંત ભગવાન, અને બીજા ધર્મ-દર્શનના ઇષ્ટદેવો, બંને વચ્ચે જે આ મોટો ફરક બતાવ્યો કે અરિહંત એ સૂર્ય સમાન અને બીજા દેવો ખજવા (આગિયા) સમાન, આ ફરક સમજવા અનેક બોધક મુદ્દા છે. એ મુદ્દા અરિહંત એટલે કે જિનશાસન અને ઇતરદેવો એટલે કે મિથ્યાદર્શનનો એનો ફરક સમજવામાં ઉપયોગી થઈ પડશે.

જૈન દર્શન-ઇતરદર્શનો વચ્ચેના ફરકનાં કારણો :-

(૧) જૈનદર્શન-સૂર્યસમાન અને ઇતરદર્શનો આગિયા સમાન એટલા માટે છે કે જૈનદર્શનમાં કર્મ સિદ્ધાંત અંગેના જે મહાપ્રકાશ છે દા.ત. જ્ઞાનાવરણીય આદિ ૮ કર્મનાં ૧૫૮ ભેદમાં બંધ-ઉદય-ઉદીરણા-સત્તા, તે પણ ૧૪ ગુણસ્થાનકમાં બંધન કરણ, સંક્રમણ કરણ, ઉપશમના કરણ. ઉદીરણા-ઉધ્વર્તના-અપવર્તના કરણ નિધત્તિ, નિકાચનાદિ કરણો; ૬૨ માર્ગણા સ્થાનમાં એનો વિચાર જૈનધર્મમાં જે મળે તેવો મહાપ્રકાશ કોઈ પણ જૈનેતર દર્શનમાં નથી મળતો.

(૨) એમ પંચાચાર અંગે ખૂબ વિસ્તારથી ઉત્સર્ગરૂપે આચારમાર્ગ અપવાદ પદે આચરણમાર્ગ, એમાં સ્ખલનના વિસ્તૃત પ્રકારો, એના પ્રાયશ્ચિત્તો, વગેરે અંગેના મહાપ્રકાશ જૈનધર્મના આચારાંગ, નિશીથ. મહાનિશીથ, બૃહત્કલ્પ, વ્યવહાર વગેરે શાસ્ત્રોમાં જે મળે છે, તેવો ઇતર દર્શનોમાં નથી મળતો.

(૩) એમ નયવાદનો મહાપ્રકાશ કે જેમાં ઇતર દર્શનોને અનેકાંતવાદની શૈલીથી ન્યાય પણ અપાયો છે, એવો પ્રકાશ ઇતર દર્શનોમાં ક્યાંય નથી મળતો.

(૪) એમ એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના જીવોનું મહાવિજ્ઞાન માત્ર

જૈનધર્મના મહાપ્રકાશમાં જ મળે છે. ઇતરધર્મોને એકેન્દ્રિય નિગોદ (સાધારણ વનસ્પતિકાય) અને સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ જીવોની ગંધ પણ નથી.

(૫) એમ ઇતર ધર્મશાસ્ત્રોમાં આવું વિસ્તૃત અને સૂક્ષ્મ જીવવિજ્ઞાન જો નથી, તો પછી એની અહિંસાની પણ ગંધ ક્યાંથી હોય ? પૂર્ણ અહિંસામાર્ગ જૈનધર્મમાં જ મળે છે.

(૬) એમ ૧૪ રાજલોકની ભૂગોળ, એમાં કેવાં કેવાં જીવસ્થાન, કેવા કેવા સુખ દુઃખ, ને એના કેવાં કેવાં સાધનો,... વગેરેનો મહાપ્રકાશ જૈન ધર્મમાં જે મળે છે; તેની અપેક્ષાએ ઇતર ધર્મશાસ્ત્રોમાં અતિ અલ્પ પ્રકાશ છે.

સારાંશ, જૈનશાસનનો પ્રકાશ કરનાર તીર્થંકર ભગવાન દિનકર તેજસ્વરૂપ અર્થાત્ તેજસ્વી સૂર્ય સમાન છે; ત્યારે ઇતર દર્શનના પ્રણેતા આગિયાની જેમ તગતગે છે.

(૨) **બીજો મોટો ફરક** આ છે, સૂર્યમાં પ્રકાશ ચિરસ્થાયી છે, ત્યારે આગિયામાં હમણાં પ્રકાશ, ને પછી અંધકાર; માટે 'તે બહુ ખજુઆ તગતગે' એમાં 'તગતગે' કહ્યું, 'જૈનદર્શન સ્યદ્વાદ પર નિર્ભર છે. તેથી એમાં તત્ત્વો-સિદ્ધાંતો ક્યારેય કોઈથી ઓળવાતા નથી; ત્યારે એની સામે ઇતરદર્શનો એકાંતવાદ પર રચાયેલા હોવાથી વિરુદ્ધ પ્રતિસ્પર્ધી તત્ત્વો-સિદ્ધાંતોથી ઓળવાઈ જાય છે, ખંડિત થઈ જાય છે. પોતાનાં તત્ત્વો અને સિદ્ધાન્તોની સ્થાપના કરે ત્યારે આગિયાની જેમ પ્રકાશમાન, પરંતુ પછી વિરોધી દર્શનના તત્ત્વો-સિદ્ધાંતથી ખંડિત થઈ જાય ત્યારે આગિયાની જેમ નિસ્તેજ. અરિહંત પ્રભુનાં સ્યાદ્વાદથી અંકિત તત્ત્વ-સિદ્ધાન્ત સૂર્યની જેમ ત્રિકાળને માટે અબાધિત અકાટ્ય નિત્ય પ્રકાશમાન હોય છે.

(૩) ઇતર દર્શનો વિસંવાદી પ્રતિપાદન કરે છે. એક ઠેકાણે કહે છે **'મા હિંસ્યાત્ સર્વભૂતાની'** તો બીજે ઠેકાણે કહે છે. 'સ્વર્ગની કામનાવાળો અજમેધ યજ્ઞ કરે,' એ યજ્ઞમાં બકરાના અંગ અંગ કાપી કાપીને એની આહુતિ આપે... એક ઠેકાણે કહે છે **'અપુત્રસ્ય ગતિર્નાસ્તિ,'** અર્થાત્ ગૃહસ્થધર્મ પાળી પુત્ર ઉત્પન્ન કરે, પુત્ર વિનાનો રહે, એની સદ્ગતિ ન થાય, અને બીજી બાજુ કહે છે અનેક બ્રહ્મચારી મોક્ષ પરમગતિ પામી ગયા ! આમ વિસંવાદી કથનો છે.

(૪) ઇતરદર્શનો કષ-છેદ-તાપની શાસ્ત્ર-પરિક્ષામાં નાપાસ થાય છે. માટે એ ખજવા જેવા પ્રકાશ આપનારા ગણાય. જૈનદર્શન એ ત્રિવિધ શાસ્ત્રપરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે, માટે સૂર્યસમ નિત્ય પ્રકાશી છે.

(૫) ઇતર દર્શનો જ્ઞાનાવરણીયાદિ ઘાતી-અઘાતી કર્મોના નાશની અને ઠેઠ મોક્ષ સુધીની તર્ક-સિદ્ધ પ્રક્રિયા સુધી પહોંચી શકતા નથી, ત્યારે જૈન દર્શનમાં એ મળે

છે. ઉપશમ-શ્રેણી, ક્ષપક-શ્રેણી, શૈલેશીકરણ, વગેરે જૈન આગમ વિના ક્યાં મળે ?

(૬) ઇતર દર્શનમાં તત્ત્વ-વ્યવસ્થા અને મોક્ષમાર્ગ-વ્યવસ્થા પોતાને જ બાધ કરનારી, દા.ત. અદ્વૈતવાદે એક માત્ર શુદ્ધ બ્રહ્મને જ પરમાર્થથી સત્ તત્ત્વરૂપ માન્યું જીવાત્માઓ પરમાર્થથી અસત્, ને વ્યવહારથી સત્ માન્યા. તો પછી મોક્ષ ક્યારે ? જીવને સર્વ જીવોને 'તત્ત્વમસિ' વેદવાક્યથી બ્રહ્મ સાથે અભેદજ્ઞાન થાય ત્યારે. એટલે પ્રત્યેક જીવને મોક્ષનો ઉત્સાહ જ ન થાય; કેમ કે સમજે છે કે હું પુરુષાર્થ કરી અભેદજ્ઞાન કરું, તો પણ બીજા જીવાત્મા આ જ્ઞાન ન કરે ત્યાં સુધી હું 'શુદ્ધ બ્રહ્મ' એટલા અંશમાં બદ્ધ જ રહેવાનો, વળી જે મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગના કારણોએ સંસાર છે એના વિપરીત સમ્યગ્દર્શનાદિ કારણોથી મોક્ષ છે. એ કારણોની પૂર્ણ આરાધના વિના સંસારનો અંત કેમ થાય ? એકલા વૈરાગ્ય, કે એકલા તત્ત્વજ્ઞાન, યા એકલી સંધ્યા-વંદનાદિ ક્રિયાથી મોક્ષ કેમ થાય ? માટે એ દર્શનોના પ્રકાશ ખજવાના પ્રકાશતુલ્ય છે. જૈનદર્શનની નવતત્ત્વની વ્યવસ્થા અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગ-વ્યવસ્થા પૂર્ણ વ્યવસ્થા છે. એ ત્રિકાળ સત્ય છે. તેથી એનો પ્રકાશ સૂર્યપ્રકાશ જેવો છે.

જગતમાં દાતારનું નામ ધરાવનાર ઘણાં છે, પણ અરિહંત પ્રભુ ! મને આપના પર જ વિશ્વાસ છે, અન્ય પર નહીં કારણ કે આપનાં અનન્ય તત્ત્વ; અનન્ય ગુણો અને આપનો અચિંત્ય અનન્ય પ્રભાવ જાણી મને એવો નિશ્ચય થયો છે કે બીજા દાતાર બધા ખજવા-આગિયા જીવડાની જેમ ચમકીને બુઝાઈ જનારા છે; જ્યારે હે પ્રભુ ! સૂર્ય સમાન મહાન તેજસ્વી કદી બુઝાઈ જનાર નહિ; બીજા દેવો કૂવા જેવા સુકાઈ જાય જ્યારે આપ અપાર કરુણાના પાણીથી ભરેલા સમુદ્ર જેવા સદા સ્થાયી છો. અહીં પૂછતા નહિ કે,

પ્રશ્ન : પ્રભુને સાગરની ઉપમા આપી પણ સાગર તો ખારો, એનાથી તરસ ન છીપે જ્યારે કૂવા પાસે પાણી મીઠું ને તરસ્યો કૂવાનો આશરો લે, તો એની તરસ શાંત થઈ જાય. તો પછી ભગવાનને સાગરની ઉપમા કેમ આપી ?

ઉત્તર : ભગવાનને અપાયેલી સાગરની ઉપમા ખારા પાણી તરીકે નથી અપાઈ, પરંતુ કૂવો સૂકાઈ પુરાય જાય એની સામે સાગર સદા કાયમ રહેનારો; એમ અક્ષય અભંગ જલનિધિ તરીકે સાગરની ઉપમા અપાઈ છે ! વળી બીજી રીતે વિચારીએ તો આ ઉપમા એટલા માટે કે મોતી-રત્નો સાગર પાસેથી મળે છે, કૂવા પાસેથી નહિ; માટે પ્રભુને સાગરની ઉપમા આપી છે.

મરજીવાઓ સાગરમાંથી રત્ન કાઢે છે. કૂવા પાસેથી તો કાદવ મળે ! અને જગતમાં એ પ્રસિદ્ધ પણ છે કે સાગર એટલે 'રત્નાકર' રત્નની ખાણ. તો ભગવાન

પણ અનંતજ્ઞાન દર્શન-ચારિત્રરૂપી રત્નત્રયીની ખાણ છે. માટે જ ભગવાન સાગર સમાન છે.

વળી ભગવાન કેવળજ્ઞાનના પ્રકાશથી શાશ્વત અને તેજસ્વી પ્રકાશવાળા છે. માટે કહ્યું કે - **'તું દિનકર તેજસ્વરૂપ હો.'** બીજા દર્શનો પાસે પ્રકાશ ખજવા જેવો અપૂર્ણ ને અલ્પ પ્રકાશ. ભગવાનનું જ્ઞાન આત્માદિ સમસ્ત દ્રવ્ય-પર્યાયોનો સંપૂર્ણ પ્રકાશ કરનારું છે. બીજા દર્શનો વસ્તુનું એકાંત સ્વરૂપ બતાવનારા; તેથી દેખાવમાં પ્રકાશ દેખાય, પરંતુ સામા દર્શન તરફથી વિરુદ્ધ દલીલ આવે એટલે આ દર્શનનો પ્રકાશ ખજવાના પ્રકાશની જેમ ડૂલ થઈ જાય ત્યારે જૈનદર્શન અનેકાંતવાદી એટલે એના તત્ત્વ સ્યાદ્વાદથી અંકિત, તેથી સૂર્યના પ્રકાશની જેમ કદી લોપ પામનાર નહિ.

પ્રભુ સૂર્ય કરતાં ચડિયાતા કેમ ? :

અહીં ભગવાનને સૂર્યની ઉપમા તો એટલા માટે આપી કે ભગવાનની તેજસ્વિતા માટે દૃષ્ટાંત મળતું નથી. બાકી તો

(૧) ભગવાન સૂર્ય કરતાં પણ વધારે તેજસ્વી ને પ્રકાશ કરનારા છે. સૂર્ય ભોંયરામાં પ્રકાશ ન કરી શકે ત્યારે ભગવાનનું જ્ઞાન બધે પ્રસરેલું છે. ભોંયરામાં શું કે ગુફામાં શું, અરે ! સૂક્ષ્મ અતીંદ્રિય પદાર્થોમાંય પ્રસરેલું છે. ભગવાનનો પ્રકાશ બધે છે, દેવલોકનું જ્ઞાન કરાવે, નરકનું જ્ઞાન કરાવે, લોકાલોકની વસ્તુનું, તત્ત્વોનું જ્ઞાન, જીવોનું જ્ઞાન, કર્મનું જ્ઞાન, અરૂપી દ્રવ્યોનું જ્ઞાન, આ બધાનો પ્રકાશ યાને બોધ કરાવનાર વીતરાગ સર્વજ્ઞ ભગવાન છે.

(૨) બીજું, સૂર્ય વાદળથી ઢંકાય, ત્યારે પ્રભુનું જ્ઞાન ક્યારેય ઢંકાય નહીં તેમ (૩) તેના તેજમાં ક્યારેય ઘટાડો ન થાય, માટે જ પ્રભુ આપને મોટા દાતાર જાણીને મેં આપનું શરણ લીધું છે. તો હવે,

મોટો જાણી આદર્યો, દારિદ્ર્ય ભાંજો જગતાત હો;
તું કરુણાવંત શિરોમણિ, હું કરુણાપાત્ર વિખ્યાત હો...૩

ભાવાર્થ : હે જગત્પિતા ! મેં આપને મોટા દાતાર જાણીને સ્વીકાર્યા છે. તો આપ મારી આત્મિક દરિદ્રતા ટાળો. કારણ કે દયાવંતમાં આપ સર્વશ્રેષ્ઠ છો અને હું કરુણાપાત્રમાં પ્રખ્યાત છું.

વિવેચન : હે પ્રભુ ! મેં જગતના અન્ય દેવોને જોયા છે અને તેમના ચરિત્રો તથા તત્ત્વો જાણ્યા છે. પરંતુ તે બધામાં આપનું ચરિત્ર આપના તત્ત્વો આપના સિદ્ધાંત, આપનો મોક્ષમાર્ગ...બધું જ સર્વોત્તમ મને લાગ્યું છે. તેમ આપ મોટા દાતાર, તેથી મેં આપનો આશરો કર્યો છે. આપના પર અથાગ રાગ, અથાગ શ્રદ્ધા

રાખી આપની સ્તુતિ-વંદન-પૂજનાદિ કરું છું. આપને ધ્યેય માનીને મેં ગ્રહણ કર્યા છે. તો હવે મારું ભાવ-દારિદ્રય ટાળો.

દરિદ્રતા અને આત્મસંપત્તિ :

કવિ અહીં જે દારિદ્રય ટાળવા પ્રભુને વિનવે છે, તે દુન્યવી સંપત્તિના અભાવરૂપ દારિદ્રય નહિ; કેમ કે **દુન્યવી સંપત્તિથી જીવને કશી વડાઈ નથી.** એ હોય તો જીવનું કલ્યાણ થાય અને ન હોય તો જીવ દુર્ગતિમાં ચાલ્યો જાય, એવું નથી. જીવનું જે કલ્યાણ કરનારી છે એ આત્મ-સંપત્તિ છે, આત્મ-સંપત્તિમાં વીતરાગ ભગવાન પર અનન્ય અને અથાગ રાગ તથા અનેરું બહુમાન આવે. એવો જિન-વચનનો અતિશય રાગ તથા શ્રદ્ધા આવે. આ રાગ-શ્રદ્ધા એવા કે વીતરાગ પ્રભુ અને એમનાં વચન આગળ મોટી ઈંદ્રની કે ચક્રવર્તીની ઠકરાઈ પણ તુચ્છ લાગે, સાવ અકિંચિત્કર લાગે. મનને એમ થાય કે 'મને વીતરાગ અરિહંત મળ્યા, એમનાં વચન મળ્યાં, એટલે શું નથી મળ્યું ?' પુણિયો શ્રાવક દ્રવ્યથી ગરીબ હતો, પરંતુ આ મળવા પર મુસ્તાક હતો તેથી ભાવથી શ્રીમંત હતો એટલે તો જિનવચનાનુસારી એનું એકેક સામાયિક મહાસંપત્તિરૂપ હતું ! જેના પર મહાવીર ભગવાને શ્રેણિકને દિલાસો આપ્યો કે પુણિયાના એક સામાયિકનું ફળ જો તું મેળવે, તો તારી નરક અટકે. ભગવાને પુણિયાના એક સામાયિકને કેવીક મહાસંપત્તિ સમૃદ્ધિરૂપ લેખી ? કે એ નરકના ઘોર કર્મ મિટાવી દે ! પૂછો, -

ભગવાને પુણિયાને કેમ ન કહ્યું ? :

પ્રશ્ન : તો પછી પ્રભુ તો મહાદયાળુ હતા, તો પુણિયાને બોલાવીને કેમ કહ્યું નહિ કે તારા એક સામાયિકનું ફળ શ્રેણિક રાજાને દઈ દે, જેથી એની બિચારાની નરક મીટે ?

ઉત્તર : પ્રભુ જાણે છે કે પોતાના સામાયિકનું ફળ બીજાને આપ્યું અપાતું નથી, આપી શકાતું નથી. એમાં બે કારણ (૧) બીજાને ફળ ન આપી શકવાનું પહેલું કારણ આ, કે 'લો મેં તમને મારા સામાયિકનું ફળ આપ્યું,' એમ કહેવા માત્રથી સામાને એ ફળ મળી શકતું નથી. સામાયિકનું મોંઘેરું ફળ તો પોતે તેવા ઉચ્ચ ભાવથી સામાયિક કરે, તો જ મળે છે. એવું બીજા સુકૃતો-સાધનાઓમાં પણ સમજવાનું છે. ચારિત્ર ગુરુ પાળે અને એનું ફળ 'મોક્ષ' ભક્તને મળી જાય, એવું બની શકતું નથી.

પ્રશ્ન : કહ્યું ને કે 'કરણ કરાવણ ને અનુમોદન સરીખાં ફળ નીપજાયો ?'

ઉત્તર : એમાં પણ એટલા બધા ઉત્કૃષ્ટ ભાવથી કરાવણ કે અનુમોદન તો પોતે જ કરવું પડે; તો જ સમાન ફળ મળે. પોતે કશું કર્યા વિના એમ જ ફળ

મેળવી જાય, એવું બનતું નથી.

(૨) પુણિયાના સામાયિકનું ફળ શ્રેણિકને ન આપી શકવાનું બીજું કારણ એ, કે એ સામાયિકના ફળનો આંક માંડી શકાય એવો નહોતો. એટલું બધું એનું અમાપ અમેય ફળ હતું ! આ હિસાબે સામાયિક એ કેટલી બધી મહાન સાચી સંપત્તિ ! એની આગળ કરોડો અબજોની બાહ્ય સંપત્તિ વિસાતમાં નહિ. તેથી તો ભગવાનને શ્રેણિક રાજાને એવું કશુંક ન કહ્યું કે 'તું તારા કરોડો અબજો રૂપિયાથી નરક મિટાવી લે.'

માટે કહો, એવી મોટી બાહ્ય સંપત્તિ ન હોય, એ કાંઈ દરિદ્રતા નથી; પરંતુ આવી સમ્યક્ત્વ-સામાયિક-જિનભક્તિ, જીવદયા, અહિંસા-સંયમ-તપ, અને ક્ષમાદિ દશવિધ યતિધર્મ...વગેરે એ સાચી સંપત્તિ છે. એ આપણી પાસે ન હોય એ આપણી દરિદ્રતા છે. કવિ અહીં એ માગે છે કે '(પ્રભુ તને) મોટો (દાતાર) જાણીને આદર્યો, (તો મારું) દારિદ્રય ભાંજો જગતાત હો.' અહીં એમ પૂછતા નહિ કે,

પ્રશ્ન : કવિ યશોવિજયજી ઉપાધ્યાય તો મહાન સમકિતી અને જીવનભરના સામાયિકની સંપત્તિવાળા હતા, તો એમણે કેમ એમ માગ્યું કે દારિદ્રય ભાંગો ?

ઉત્તર : કવિ સમજતા હશે કે "ભલે મેં જીવનભરનું સામાયિક બાહ્યથી ઉચ્ચર્યું છે, પરંતુ ગણધર ગૌતમસ્વામી, શાલિભદ્ર મહામુનિ, ધન્ના અણગાર...વગેરેને જે ભાવભર્યું ચારિત્ર હતું, એવા ભાવવાળું ચારિત્ર મારી પાસે ક્યાં છે ? તેથી હું એ આત્મ-સંપત્તિ વિનાનો દરિદ્ર જ છું." આ સમજથી 'દારિદ્રય ભાંજો જગતાત હો' કહે વિનવે માગે એ અજુગતું નથી. પૂછો,-

પ્રશ્ન : તો શું માગવા માત્રથી મળી જાય ? કે પુરુષાર્થ કરવાથી મળે ?

ઉત્તર : આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે 'પ્રાર્થનાતઃ એવ ઇષ્ટસિદ્ધિઃ' અર્થાત્ તમે પુરુષાર્થ ગમે તેટલો કરવાના હો, પરંતુ પહેલાં પ્રભુને પ્રાર્થના કરો, તો જ ઇષ્ટસિદ્ધિ થાય. એનું કારણ પૂછો, કે -

પ્રશ્ન : પ્રાર્થનાથી જ કેમ ઇષ્ટસિદ્ધિ ?

ઉત્તર : પ્રભુને પ્રાર્થના કરવામાં તમે 'ઇષ્ટસિદ્ધિ માટે ભવિતવ્યતાદિ પાંચ કારણ ઉપરાંત 'અરિહંત પ્રભુ મુખ્ય કારણ છે, અસાધારણ કારણ છે,' એ તમે સ્વીકાર્યું. કહ્યું છે ને 'મુખ્ય હેતુ તું મોક્ષનો, ભવિતવ્યતાદિ તુજ દાસો રે.' આમ પ્રાર્થના કરવામાં પ્રભુને કાર્યસિદ્ધિ માટે મુખ્ય કારણ તરીકે સ્વીકાર્યા અને આદર્યા એટલે સહજ છે કે તો જ ઇષ્ટકાર્યની સિદ્ધિ થાય. દા.ત. પુરુષાર્થને ઇષ્ટધર્મની સિદ્ધિમાં કારણ તરીકે સ્વીકારીને પુરુષાર્થ આદરીયે છીએ તો ઇષ્ટસિદ્ધિ થાય છે ને ? તો પછી પ્રભુને પ્રધાન કારણ તરીકે સ્વીકારીને આદરીએ તો ઇષ્ટસિદ્ધિ કેમ ન

થાય ? કહો આદરવા જ જોઈએ, તો જ ઇષ્ટસિદ્ધિ થાય. એ માટે પ્રાર્થના છે.'

અહીં એટલું ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે,

પ્રાર્થનામાં પ્રભુને કારણ તરીકે 'આદરવા' એટલે માત્ર કરગરવાનું નથી, કિન્તુ પ્રભુ પર પાકો વિશ્વાસ મૂકવાનો છે. કે 'હે અરિહંત જગતાત ! તમારા અચિંત્ય પ્રભાવે મારી ઇષ્ટસિદ્ધિ થશે જ;'

એટલું કરગરવામાં દીનતા આવે છે; ત્યારે પ્રભુ પર પાકો વિશ્વાસ મૂકવામાં પ્રભુને આપણું સમર્પણ આવે છે. 'મારા પ્રભુ Whole and Sole મારે છે, મારે સર્વેસર્વા છે,' એ સમજ સાથે હું એમને જ વરેલો છું. એમનો અચિંત્ય પ્રભાવ એવો છે કે એનાથી જ મારું બધું સિદ્ધ થવાનું છે.' આમ પ્રાર્થના કરવામાં અરિહંત પ્રભુના અચિંત્ય સામર્થ્યની શ્રદ્ધા આવે છે. એટલે જ સમજી રાખો કે,

સમકિત એટલે માત્ર 'વીતરાગ અરિહંત પ્રભુ પર શ્રદ્ધા' નહિ કિન્તુ સાથે અરિહંતના અચિંત્ય પ્રભાવ-અચિંત્ય સામર્થ્ય પર પણ શ્રદ્ધા.

પ્રભુ ! ભક્તજનોના ઇષ્ટ સિદ્ધ થવામાં તમારો અચિંત્ય પ્રભાવ અચિંત્ય સામર્થ્ય કામ કરે છે; એ કારણભૂત છે. 'તમારા અચિંત્ય પ્રભાવે ઇષ્ટ સિદ્ધ થાય જ છે.' એવો મને તમારા પ્રભાવ પર પાકો ભરોસો છે. પ્રભુના પ્રભાવ પર આ ભરોસો લાવીએ એ પ્રભુને આદર્યા ગણાય. માટે જ ગણધર મહારાજે 'જયવીયરાય' સૂત્રમાં કહ્યું 'હોઉ મમ તુહપ્પભાવઓ ભયવં ! ભવનિવ્વેઓ... ઇષ્ટફલસિદ્ધિ' આમાં 'તુહપ્પ-ભાવઓ કહેવાની શી જરૂર હતી ? એ પદ વિના ખાલી કહી શકતે કે 'હોઉ મમ ઇષ્ટફલસિદ્ધિ' પરંતુ ના, અહીં પ્રભુને માત્ર કરગરવું નથી, કિન્તુ પ્રભુ પર આવો અટલ વિશ્વાસ મૂકવો છે કે 'પ્રભુ તમારા પ્રભાવે ઇષ્ટસિદ્ધિ થાય જ છે, તમારા પ્રભાવે જ ઇષ્ટસિદ્ધિ થશે જ' આવો વિશ્વાસ મૂકવાથી પ્રભુને આત્મસમર્પણ થાય છે. જેમ કોઈ માણસ બાહોશ વકીલને પોતાનો કેસ સોંપી દે, ને કહે છે કે 'કેસ ભારે છે, પરંતુ હું કાંઈ જાણું નહિ આ કેસ તમને સોંપી દીધો. તમારે અવશ્ય જીતાડી આપવાનો છે; અને મને વિશ્વાસ છે કે તમે જીતાડી આપશો જ.' એમ અહીં પ્રભુને પ્રાર્થના એટલે આપણો કેસ પ્રભુને સોંપી દેવાનો છે; કહો, પ્રાર્થનાનો હેતુ પ્રભુને આમ આપણું સર્વેસર્વા સમર્પણ કરવાનો છે, "પ્રભુ ! હું કાંઈ જાણું નહિ. આ મારે ભવનિર્વેદ...ઇષ્ટકાર્ય સિદ્ધ કરવું છે, અને તે તમારે જ કરી આપવાનું છે. મેં તો મારું બધું તમને સોંપી દીધું." આમ 'તુહપ્પભાવઓ' અર્થાત્ 'તમારા પ્રભાવથી' કહેવામાં આ પણ હેતુ છે કે એમ કહેવામાં પ્રભુને આપણું સમર્પણ કરવાનો લાભ મળે છે.

એટલે અહીં કવિ જે કહે કે છે 'મોટો જાણીને આદર્યો, દારિદ્રય ભાંજો

જગતાત હો,' એ પ્રભુને મારી પ્રાર્થના છે અને એમાં મને વિશ્વાસ છે કે 'તમે પ્રભુ ! મારું દારિદ્રય દૂર કરશો જ.'

વીરપ્રભુએ ૯ ગણધરનું દારિદ્રય કેવુંક ફેડ્યું ? :

જેમ કે ૧૧ બ્રાહ્મણોને મહાવીર ભગવાને અહિંસા-સંયમ-તપની સંપત્તિ પકડાવી. કેવીક સંપત્તિ આપી ? એવી, કે એ વધતાં વધતાં ઠેઠ વીતરાગના કેવલજ્ઞાન અને મોક્ષ સંપત્તિ સુધી પહોંચી ! તે ૧૧માંથી ૯ તો ભગવાનના પહેલાં જ મોક્ષે પહોંચી ગયા ! મહાવીર પ્રભુ કેટલા મોટા ઉદાર કરુણાવાન કે ભગવાનને પોતાને હજી કર્મ સંબંધરૂપ સંસાર ઊભો છે અને પોતે નવ ગણધરનું સંસાર-દારિદ્રય ફેડી નાખ્યું ! 'તમે તો મારા પ્રતિબોધેલા, તે મારી પહેલાં શાના મોક્ષે જાઓ ?' એમ કરી પ્રભુએ એમને રોક્યા નહિ ! ભક્તનું કેવુંક ભાવદારિદ્રય ફેડી નાખ્યું ? આ તો એના જેવું થયું કે શેઠ પોતે હજી કરોડપતિ નહીં, ને મુનિમને કરોડપતિ બનાવી દીધો !

અયોગ્યનું દારિદ્રય પ્રભુ શી રીતે ફેડે ?

અહીં કવિએ ભગવાનને વિનંતિ તો કરી અને એમ જ કવિના શબ્દોમાં આપણે ભગવાનને વિનંતી તો કરી, કે

'મારું ભાવદારિદ્રય ભાંગો, અને મને ભાવસંપત્તિ આપો,' પરંતુ ભગવાન કદાચ કહે કે 'તારી યોગ્યતા નથી,' તો આપણે શું કહીએ ? આ જ, કે

પ્રભુ ! આ મારી યોગ્યતા ન હોય એ પણ મારું ભાવદારિદ્રય છે; તો એ પણ ભાંગવાની આપને વિનંતિ કરું છું.

આ માટે આપ મને જો કોઈ દુનિયાના દયાળુ માણસને મળાવો કે 'જા, એની પાસેથી મેળવી લેજે,' તો મારે પ્રભુ ! તમને કહેવું છે કે દુનિયાના દયાળુ માણસનું આ ગજું નથી કે વસ્તુ માટેની યોગ્યતા લાવી આપે. હા, હજી વસ્તુ પમાડી આપે, પણ વસ્તુની યોગ્યતા નહિ. દા.ત. લાયક વિદ્યાર્થીને શિક્ષક વિદ્યા આપે છે, પરંતુ નાલાયકને વિદ્યાની યોગ્યતા નથી પમાડી શકતા, એ કામ તો પ્રભુ ! તમારું જ છે કે નાલાયકને પણ યોગ્ય બનાવો છો, યોગ્યતા પમાડો છો ! દા.ત. કમઠ જેવા નાલાયકને પાર્શ્વનાથ ભગવાને અંતે એના જીવ મેઘમાલી દેવને લાયક બનાવી દીધો ! માટે પ્રભુ ! તમે સામાન્ય કરુણાવાન નહિ, કિન્તુ વિશેષ કરુણાવાન છો, **'તું કરુણાવંત શિરોમણી'** છો. આપ મારી દરિદ્રતાને ભાંગી નાખો તેમાં આપ

મારી અયોગ્યતાને જોશો નહીં, કારણ કે તમે સામાન્ય કરુણાવાન નહિ, પણ કરુણાવાનમાં શિરોમણી છો. અરિહંતમાં જે કરુણા છે, તે બીજા કોઈમાં જોવા ન મળે. અર્જુનમાલી હત્યારા અને રોહિણેયા ચોર જેવા મહાપાપી પર પર પણ કરુણા વરસાવી એમને આપે તાર્યા છે.'

પ્રખર રોહિણેયો ચોર

રોહિણેયા ચોરને તો એના બાપ તરફથી પ્રતિજ્ઞા મળેલી હતી કે 'વર્ધમાનનું એક પણ વચન સાંભળવું નહિ.' એને મરતા બાપે પ્રતિજ્ઞા કરાવી હતી. પણ નગરમાં ક્યારેક કોટવાળ એને ઓળખી ગયા, ને એની પાછળ પડ્યા, તો એ ભાગ્યો, ત્યાં પ્રભુનું સમવસરણ મંડાઈ ગયું હતું, તેથી બીજો રસ્તો નહિ, એટલે સમવસરણની નીચેથી ભાગ્યો. કિન્તુ ત્યાં ભગવાનની વાણી જોજનગામિની, તે કાનમાં પેસી ન જાય એ માટે બે આંગળી કાનમાં ઘાલી રોહિણેયો દોડ્યો જતો હતો. પણ વચમાં કાંટો વાગ્યો તે એક હાથેથી કાઢવા જતાં ન સાંભળવું હતું તે વર્ધમાન સ્વામીનાં ત્રણ વચન સંભળાઈ ગયા. હવે જુઓ વર્ધમાનસ્વામીનાં ત્રણ વચને રોહિણેયાને અભયદાન મળ્યું ! ત્રણ વચન દ્વારા પ્રભુની રોહિણેયા ચોર પર આ કરુણા થઈ.

રોહિણેયા ચોરને જીવિતદાન શી રીતે મળ્યું ? :-

રોહિણેયાને વર્ધમાન સ્વામીનાં વચન ખાસ સાંભળવા નહોતા તે સંભળાઈ ગયા એટલે મનમાં એવા ચોંટી ગયા કે ભુલાય નહિ. એકવારનો પ્રસંગ બન્યો, વાણિયાના વેશમાં રોહિણેયો પકડાઈ ગયો. સિપાઈઓએ એને મહારાજા શ્રેણિકની સભામાં હાજર કર્યો. કહ્યું, 'મહારાજા સાહેબ ! આજે આ મહાપ્રખર રોહિણેયો ચોર પકડાઈ ગયો છે.' મંત્રી અભયકુમાર એને પૂછે,

'ભાઈ ! કોણ છો તમે ?' આ કહે 'સાહેબ ! હું વણિક છું.'

'તમારું નામ શું ?' રોહિણેયો કહે, - 'મારું નામ નત્થુભાઈ,'

'તમારા બાપનું નામ શું ?' 'મથુરભાઈ.'

મંત્રી પૂછે 'ક્યાં રહો છો ?' 'અહીં પાસેના ગામમાં.'

'ધંધો શો કરો છો ?' 'રોહિણેયો કહે, ફેરીનો.'

'અત્યારે ક્યાં જતા હતા ?' 'સાહેબ માલ લેવા.'

અભયકુમારે ઘોડેસવાર દોડાવી એ ગામમાં તપાસ કરાવી તો બરાબર પત્તો મળ્યો કે 'અહીં નત્થુભાઈ મથુરભાઈ વાણિયો રહે છે, ને ફેરીનો ધંધો કરે છે, તે હમણાં માલ લેવા ગયો છે.'

ઘોડેસવાર પોલિસે આવીને મંત્રીને ખબર આપ્યા.

હવે અભયકુમાર મંત્રીને શ્રેણિક રાજા કહે 'આ માણસ લુચ્ચો છે. આ જ રોહિણિયો ચોર નત્થુભાઈના નામથી રહેતો લાગે છે. નાખાવો એને જેલમાં.'

મંત્રી કહે 'મહારાજા સાહેબ ! આપણું રાજ્ય ન્યાયના ધોરણ પર ચાલે છે. તેથી ગુનો સાબિત ન થાય ત્યાં સુધી જેલની સજા ન કરાય. આને છોડી મૂકાવો.'

રાજા કહે - "જેમ તમને ઠીક લાગે તેમ".

અભયકુમારની કુનેહ :- અભયકુમાર ચોરને કહે, 'જાઓ નત્થુભાઈ ! તમે નિર્દોષ છો છતાં અમારે રાજ્ય ચલાવવું રહ્યું એટલે આટલી તપાસ કરાવવી પડી. લોકમાં તમારા નામને જરાક ઝાંખપ લાગી, તે દૂર કરવા એમ કરો, આજે તમે મારી સાથે ભોજન લઈ પછી જજો.'

રોહિણિયો ફૂલાયો, 'વાહ ! ચાલો આજે આપણે ફાવ્યા ! આબાદ શાહુકારમાં ખપ્યા ! ને અભયકુમારને ત્યાં માલપાણી ઝાપટવા મળશે.'

એને બિચારાને ક્યાં ખબર છે ? કે 'આ તો મહાબુદ્ધિ નિધાન અભયકુમાર છે તને આમ જ ફંદામાં નાખવાનો છે.

અભયકુમારે ઘોડેસવારને જ્યારે તપાસ કરવા મોકલ્યો, ત્યારે એ દરમિયાનમાં પોતાની હવેલીના ઉપરના મજલે દેવતાઈ ભવન જેવો શણગાર કરાવી, અપ્સરા જેવી યુવતીઓ ગોઠવી, એમને આની સાથેની પૂછતાછ કરવાની રીત સમજાવી દીધેલી.

અહીં હવે અભયકુમાર રોહિણિયાને હવેલી પર લઈ જઈ પોતાની સાથે સારું જમાડ્યો. ઉપર દહીંમાં ચંદ્રહાસ દારૂ પીવડાવી, પછી કહે છે,- બપોરે આવા તાપમાં ક્યાં જશો ? થોડો આરામ કરી ઠંડા પહોરે જજો.

મૂર્ખ રોહિણિયો માને છે-, 'આ પણ ખોટું નથી,' તે ત્યાં જ આરામ કરે છે. બરાબર દારૂનું ઘેન ચડી નસકોરાં બોલવા લાગ્યા એટલે, એને દેવતાઈ વેશ પહેરાવી ઉપરના મજલે ચડાવી દીધો. ત્યાં ૭-૮ કલાકે ઘેન ઊતર્યું તે જાગીને જુએ છે તો દેવીઓ બોલી રહી છે,- 'જય જય નંદા જય જય ભદ્રા ! જય પામો દેવાનુપ્રિય ! જય પામો. આજે તમારો દેવલોકમાં ફૂલની શય્યામાં જન્મ થયો છે. અમે ધન્ય બન્યા ! સ્વામિનાથ ! અમારું નૃત્ય જુઓ, ગીત સાંભળો'... એમ કહી ગીત નૃત્ય કરે છે.

રોહિણિયો, ઘેન તરત ઉતર્યું છે તેથી ભુલાવામાં પડી ગયો કે, 'હેં ? શું હું મરી ગયો ? ને દેવલોકમાં જન્મી ગયો ? આ મારો વેશ પણ દેવતાઈ છે આ સામે અપ્સરાઓ છે. આ દેવભવન લાગે છે.' ત્યાં પછી બનાવટી દેવીઓ પૂછે છે. સ્વામીનાથ એ તો કહો, પૂર્વજન્મમાં તમે શું શું કરેલું?

રોહિણિયાનો ચોરીની કબૂલાતનો વિચાર :

રોહિણિયાને ગળા સુધી આવી ગયું કે 'હવે જ્યારે રોહિણિયા તરીકે હું મરી જ ગયો છું, ને દેવ તરીકે જન્મી ગયો છું, તો લાવ કહી દેવા દે કે મેં તો ભારે ચોરીઓ કરેલી, અને છેલ્લે અભયકુમારની આંખમાં ધૂળ નાખેલી, ને નત્થુભાઈ મથુરભાઈ તરીકે છૂટી ગયેલો....' હજી એ આગળ વિચારે છે - હવે જ્યારે છૂટી જ ગયો છું, ને મરીને દેવતા થઈ જ ગયેલો છું, તો દેવીઓ સાથે બે ઘડી મોજની વાતો કરવા દે, એમાં કેવી કેવી ચાલાકીથી ચોરીઓ કરેલી, ને કેવી કેવી હોશિયારીથી પકડાયેલો નહિ, એ બધું કહી દેવા દે ! હવે અહીં દેવલોકમાં થોડો જ અભયકુમાર કે એના સિપાઈઓ પકડવા આવવાના છે ?...' આમ ચોર રોહિણિયાને પોતાનાં ચોરીના પાપ કહી દેવાનું ગળા સુધી આવી ગયેલું; અને અભયકુમારની આ જ ચાલબાજી હતી કે 'રોહિણિયાને દારૂનો નશો ઊતર્યા પછી તરતમાં આ રીતે દેવલોકનો ઠાઠ દેખાડી, ભાનભૂલો બનાવી, એના મોંઢેથી જ ચોરીઓના પોતે કરેલા ધંધા ઓકાવી કઢાવવા, પરંતુ

રોહિણિયો કબૂલાત કરતાં કેમ અટક્યો ? :

જ્યાં રોહિણિયા ચોર ઉપર કરુણાવંતમાં... શિરોમણિ મહાવીર ભગવાનની મહાકરુણા કામ કરતી હોય, ત્યાં શાનું ભાનભૂલાપણું રહે ? રોહિણિયાએ મહાવીર પ્રભુના કમને પણ ત્રણ વચન સાંભળવાની પ્રભુની કરુણા ઝીલી છે, એ કરુણા અહીં આગળ આવે છે. રોહિણિયાના મોંમાંથી અક્ષર નીકળે એ પહેલાં જ એને મગજમાં ઘૂંટાયેલા મહાવીર પ્રભુના પેલાં ત્રણ વચન યાદ આવી ગયા !

પ્રભુના શા વચન હતા એ ? આ, કે -

(૧) દેવતાના ગળાની ફૂલ-માળા કરમાય નહિ;

(૨) દેવતાની આંખ પલકારા લે નહિ; ને

(૩) દેવતા આ ધરતીને અડીને ઊભા રહે નહિ, પણ અદ્ધર ઊભા રહે.

આ ત્રણ વચન યાદ આવી જતાં જ રોહિણિયાએ જોયું તો પેલી બનાવટી દેવીઓના ગળામાં ૮-૧૦ કલાક પહેલાં નખાયેલી ફૂલમાળા કરમાઈ ગઈ છે; એમની આંખો પણ પલકારા લે છે; ને એ જમીનને અડીને ઊભી છે.

એને થયું કે 'ભગવાનનાં વચન ખોટા હોય નહિ, તો નક્કી આ સાચી દેવીઓ નથી. પણ બનાવટી દેવીઓ છે. આ દેવતાઈ વાસભવન પણ બનાવટી છે. ત્યારે નક્કી લાગે છે કે મહાબુદ્ધિનિધાન અભયકુમારનો મારી પાસે જ ચોરીઓ કર્યાની બીના ઓકાવવા માટેનો પેંતરો છે ! તો ફિકર નહિ હવે જ્યારે પેંતરાની ખબર પડી ગઈ છે, તો એ મંત્રી બુદ્ધિનિધાન, તો હું બુદ્ધિનો મહાસાગર છું...

ચોરીની વાત લેશ પણ ઉચ્ચારે એ બીજા'.

પેલી બનાવટી દેવીઓ ફરીથી પૂછે છે 'કેમ સ્વામિનાથ ! શું વિચારમાં પડ્યા ? આ તો આપણે મોજરમૂજની વાતચીતો છો. કહો તો ખરા, પૂર્વજનમમાં તમે શું શું કરેલું ?

રોહિણિયાની ઉસ્તાદી :

ત્યારે રોહિણિયો હસીને કહે છે, 'હા હા હા પૂર્વભવે મારી સારી સ્થિતિ હતી ત્યારે મેં દાન ખૂબ દીધેલા'

'બીજું કાંઈ !' 'મોટા મોટા મંદિર બંધાવેલા'

'બીજું કાંઈ !' 'મોટી ધર્મશાળા સખાવતશાળા બંધાવેલી.'

દેવીઓ પૂછે, 'એ સિવાય બીજું કાંઈ કરેલું ?'

ઉસ્તાદ રોહિણિયો ચોર કહે,- 'અરે ભાઈસાબ ! મારા મોઢે મારા સુકૃત કાં બોલાવો ? પોતાના સુકૃતો બહાર ગવાય ? એમાં તો આપવડાઈ કરવાનું થાય. બાકી તો મેં તપસ્યાઓ ઘણી કરેલી, વ્રત-નિયમો કેટલા બધા પાળેલા ! ભગવાનને ખૂબ ભજેલા...દેવલોક એમ જ થોડો જ મળે છે ?'

દેવીઓ થાકી, છેવટે કહે 'પણ પૂર્વજીવનમાં કશી ભૂલભાલ કરેલી ?'

રોહિણિયો કહે અરે ! અરે ! આ શું પૂછો છો ? શું ચોરી છિનારી વગેરે પાપ કરીને દેવલોક મળે છે ? મેં તો ધરમ ખૂબ કરેલો. એટલે આજે દેવલોક પામીને ધન્ય થઈ ગયો છું, પણ હજી મોક્ષ નથી થયો, એટલે હવે મારો પાછો મનુષ્ય જન્મ કરવો પડશે. ત્યાં ખૂબ ખૂબ ધરમ કરી, મોક્ષ લઈને જ જંપીશ.'

દેવીઓએ જોયું કે આ તો ચોરી કર્યાનો અક્ષર પણ કાઢતો નથી. તો હવે પતાવો આ.' એમણે માણસો દ્વારા નીચે અભયકુમારને ખબર અપાવ્યા કે 'આ તો પૂર્વજન્મમાં ખૂબ ખૂબ ધર્મ જ કર્યાનું કહે છે, પાપનું પૂછ્યું તો કહે છે પાપ કરીને દેવલોક મળતો હશે ? તો હવે શું કરવું ?'

અભયકુમારે કહેવરાવ્યું કે 'હવે એને છોડી મૂકો.' માણસોએ 'જાઓ નત્થુશેઠ ! પધારો,' એમ કહી એને છોડી મૂક્યો.

રોહિણિયાને પસ્તાવો, ને પ્રભુશરણ :

બસ, રોહિણિયો છૂટ્યો, ત્યારે એના મનને વિચાર આવે છે કે ''અહો ! વર્ધમાનસ્વામીનાં ત્રણ વચનની મારા પર કેવી કરુણા થઈ કે એથી અત્યારે જીવિતદાન મળે છે ! ક્યાં અનાપ્ત (અવિશ્વસનીય) એવો મારો બાપ ? અને ક્યાં મહા આપ્ત (વિશ્વસનીય) એવા એ ભગવાન ? (આપ્ત = વિશ્વાસ મૂકવા લાયક, અનાપ્ત = અવિશ્વસનીય) અરે ! મારા સગા બાપે તો મને ઠગ્યો ! હાય ! એના કહેવા હિસાબે

મેં પરમ કલ્યાણપુરુષ વર્ધમાન સ્વામીના હિતોપદેશ સાંભળવાનાં ગુમાવ્યા ! ભલું થજો પેલા કાંટાનું કે એણે કાનમાંથી આંગળી કઢાવી, તો પ્રભુના ત્રણ અમૃત વચન સાંભળવા મળ્યા ! આજ સુધી અનાપ્ત એવા બાપના બોલ ભૂલ્યો, તો હવે આપ્ત એવા વર્ધમાન સ્વામીના જ બોલ સાંભળ્યા કરવા. પ્રભુનાં ચરણે બાકીનું જીવન સોંપી દઉં.''

આમ વિચાર કરી રોહિણિયો અભયકુમારની ચાલમાંથી બચી ગયો, તો દોડ્યો સીધો ભગવાન વર્ધમાનસ્વામી પાસે. ભગવાનને કહે છે ' પ્રભુ ! દયા કરો મારા પર. મને ચારિત્ર આપી દો. આપના ત્રણ વચને મને બચાવ્યો છે, અભય-કુમારની ચુંગાલમાંથી અભયદાન અપાવ્યું છે. નહીંતર તો જો પકડાઈ ગયો હોત તો તો કડક શાસનવાળા શ્રેણિકના સિપાઈઓના હાથે કૂતરાના મોતે મરત ! માટે હવે જો માત્ર ત્રણ વચનથી આમ, તો ચારિત્ર લઈને મારે આપના ૩૦૦-૩૦૦૦-૩ લાખ વચનો સાંભળવા છે.'

ભગવાને અઠંગ ચોર રોહિણિયા પર પણ કરુણા કરી એને ચારિત્ર આપ્યું. ત્યારે અભયકુમાર એ જાણીને દોડતા આવ્યા, ને સાધુ બનેલા રોહિણિયાની પ્રશંસા કરે છે કે 'અમે તમને ચોર લૂંટારા ગણતા હતા, છતાં તમે સાધુ બન્યા ! અને અમે અમારી જાતને શાહુકાર માની ફરીએ છીએ છતાં હજી સંસારના મોહમાં સબડીએ છીએ ! ધન્ય છે તમને ! ને ધિક્કાર છે અમને !' આ રીતે અભયકુમારે ગુણ ગાયા.

'પ્રભુ ! ચોર દીક્ષાને અયોગ્ય, છતાં આપે એની અયોગ્યતારૂપી દારિદ્ર્ય ફોડ્યું, તો મારું પણ ફોડો'

આમ પ્રભુએ સુલસા, ચંદનબાળા અને ચંડકૌશિક આદિ અનેકના દારિદ્ર્ય ભાંગ્યા છે. કારણ કે પ્રભુ કરુણાવંતમાં શિરોમણિ છે એટલે આ જગતમાં પ્રભુની કરુણાનો જોટો જડે તેમ નથી. આપ કરુણાવંત શિરોમણિ, જ્યારે સામી બાજુ એ હું પ્રખ્યાત કરુણાપાત્ર છું. માટે કહ્યું 'હું કરુણાપાત્ર વિખ્યાત હો' - આ જગતમાં કરુણાપાત્ર તો બીજા ઘણાં હશે, પણ મારા જેવો કરુણાપાત્ર બીજો નહીં હોય. હું પ્રસિદ્ધ કરુણાપાત્ર છું. કારણ કે મેં આજ સુધીમાં મન-વચન-કાયાથી અસત્ કૃત્યો કરવામાં બાકી રાખી નથી. વળી ગુણની દૃષ્ટિએ હું ખૂબ જ દયાપાત્ર છું. જ્યારે પ્રભુ ! આપ કરુણા કરવામાં શિરોમણિ છો, તો મારુ દળદર ભાંગો, ભીડ ભાંગો.

દીનના ઉદ્ધાર કરવામાં પ્રભુ અરિહંત એક જ સમર્થ છે, કેમ કે આત્મસંપત્તિની દૃષ્ટિએ બીજા સ્વયં દરિદ્ર છે, એ શું ઉદ્ધાર કરી શકે ? જેનું પોતાનું દળદર મિટ્યું ન હોય, તે અન્યના દળદર શું મિટાવી શકે ? માટે તમે મારું દળદર ભાંગો. મારી પાસે નથી ગુણની સંપત્તિ, કે નથી સાધનાની સંપત્તિ.

તો હે પ્રભુ ! આપ કરુણાવંતમાં સર્વશ્રેષ્ઠ છો. તો મારી ઈચ્છા પૂર્ણ કરો.

પ્રશ્ન :- જો આપણી પાસે ગુણની ને સાધનાની વગેરે સંપત્તિ જ નથી, તો સંભવ છે કે આપણી પાસે એની લાયકાતે ય ન હોય. તો પછી આપણે લાયકાત વગરના હોઈ પ્રભુ પાસે લાયકાત જ આપવાનું ન માંગીએ ? તો પછી કવિએ લાયકાત કેમ ન માંગી ?

ઉત્તર :- કવિએ જે દારિદ્રય ભાંગવાનું માગ્યું છે એમાં આ દારિદ્રય પણ સમાઈ જાય છે. આપણામાં લાયકાત ન હોય તે પણ એક પ્રકારનું દારિદ્રય જ છે. એ ભાંગવાનું માગ્યું એમાં ગેરલાયકાત ભાંગવાનું પણ માગી જ લીધું છે.

પ્રશ્ન : અહીં પ્રશ્ન થાય કે શું આપણે આ બધું પ્રભુને જણાવવાની જરૂર છે કે હું મહા દયાપાત્ર છું ?

ઉત્તર : હા, કહેવાની એટલા માટે જરૂર છે કે આ રીતે કહીએ એની પાછળ આપણને આપણી દરિદ્રતાનું અને એ દરિદ્રતા નાશ કરવાનું ભાન રહે બાકી પ્રભુ તો આપણું બધું જાણે જ છે. માટે કહ્યું કે

અંતરજામી સવિ લહો, મારા મનની જે વાત હો,
મા આગળ મોસાળના, શા વરણવવા અવદાત હો...૪

ભાવાર્થ : હે અંતર્યામી પ્રભુ ! આપ (કેવલજ્ઞાની છો, તેથી) મારા મનની સર્વ વાત જાણો જ છો. પછી આપને મારે એ બધું કહેવું એ, જેમ માતા આગળ મોસાળની વાત કરવી, તેની જેમ દોઢ ડહાપણ કહેવાય, (કેમ કે મા તો તે વાત ત્યાં (મોસાળમાં) વર્ષો રહી છે. તેથી જાણે જ છે. તેમ પ્રભુ ! આપ મારા મનનું બધું જાણો જ છો)

વિવેચન : આપણા અંતરનો કોઈ એક ખૂણો બાકી નથી કે જેની પ્રભુને ખબર ન હોય. 'પ્રભુ મારા મનની ઝંખના અને ખામી એ બંને વાત આપ જાણો જ છો. માટે મારી ખામી પૂરી કરો. મારી ઝંખના પૂરી કરો.''

પણ આ બધું પ્રભુ ! આપને મારે કહેવાની જરૂર નથી, કારણ કે આપ જીવમાત્રના અંતર્યામી છો અંતરનું બધું જાણનારા. દુનિયાના વૈદ્ય-ડૉક્ટરને સ્પષ્ટતાથી કહેવું પડે, કારણ કે તેને આપણા રોગની એવી જાણકારી નથીય હોતી, અગર કોઈકવાર ઊંધી જ જાણકારી હોય છે ! તેથી આપણે જો પૂરેપૂરું ન કહીએ તો ઊંધું જ મારે ! ભગવાનને તો બધી જાણકારી છે, માટે જાણકાર ભગવાન આગળ આપણે કહેવું તે એમને અજાણ ઠરાવવા જેવું છે. ખરેખર તો મા મોસાળમાં જ ઊછરી છે, ને રહી છે, તેથી ત્યાંનું બધું જાણે જ છે એમ પ્રભુ ! તમને મારે મારી વાત કહેવી

એટલે તમને એના અજાણ ઠરાવવા જેવું રહેતું નથી. મેં કહી દીધું છે કે પ્રભુ તમે અવ્વલ કરુણાવંત છો, હું અત્યંત કરુણાને યોગ્ય છું. અગર પ્રભુ પૂછે, -

પ્રશ્ન : શી કરુણા તારે જોઈએ છે ?

ઉત્તર : મારી સર્વ ખામીઓ હટાવવાની ને મારા ઇચ્છિત પૂરવાની કરુણા જોઈએ છે, તે હું એમ ને એમ નથી માંગતો, પરંતુ આપની સેવા ઉપાસના કરીને માગું છું. હા, એટલું ખરું કે સેવા ઉપાસનાના ફળમાં મારે જોઈએ છે તે આપ અંતર્યામી હોવાથી આપ બધુ જાણો છો, તો મારી છેલ્લી વિનંતી છે, કે

જાણો તો તાણો કીશ્યું, સેવા ફળ દીજે દેવ હો,
વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજને ટેવ હો...૫

ભાવાર્થ : "પ્રભુ ! જો આપ બધું જાણો જ છો, તો પછી (આમ ફળ આપવામાં વિલંબ શા માટે કરો છો ? એટલે હવે તો) આપની સેવાનું ફળ મને શીઘ્ર આપો" કવિવર્ય વાચક યશોવિજય કહે છે કે આપની જે ફળ-દાનમાં ઢીલ કરવાનો સ્વભાવ છે તો તે મને પસંદ નથી.

વિવેચન : આપ અમારી બધી વાત જાણો છો તો પછી શા માટે તાણો છો ? અર્થાત્ મને શા માટે ટિંગળાવો છો ? અથવા 'તાણો' એટલે કે શા માટે વિલંબ કરો છો ? મેં કરેલી આપની સેવા-ઉપાસનાનું ફળ મને આપી દો.

પ્રશ્ન : સેવા-ભક્તિ ઉપાસનાનું ફળ શું છે ?

ઉત્તર : વીતરાગની સેવા-ભક્તિનુ ફળ છે.

(૧) વીતરાગ સાથેની નિકટતા.

(૨) વીતરાગની વધતી ભક્તિ. એમાં વીતરાગ સાથેની નિકટતા કરવા માટે વીતરાગના ગુણોનો ને સાધનોનો અનુભવ કરવો; કેમ કે એ વીતરાગની નજીક લઈ જાય છે. ક્ષમા, નિરભિમાનતા, નિષ્કપટતા, નિસ્પૃહતા આદિ ગુણો છે, અને અહિંસા સંયમ-તપની સાધનાઓ છે. આ બધામાં આગળ વધતા વીતરાગતા આવે છે. એ બધાનો મારે સ્વાનુભવ જોઈએ છે. જેવી રીતે ભગવાને એ ક્ષમાદિગુણો સાધ્યા, અને અહિંસાદિ સાધનાઓ કરી, એનો મારે અનુભવ કરવો છે. દા.ત. ચંડકોશિયો સાપ ચરણે ડસ્યો છતાં પ્રભુએ એના પર ક્ષમા રાખી, અથવા ઘોર ઉપસર્ગોના જુલમ કરનાર સંગમદેવતા પર કરુણા કરી, તેવી ક્ષમા કરુણા મારે મારામાં જોઈએ છે. અહીં પ્રશ્ન થાય,-

પ્રશ્ન : ક્ષમાદિની સાધના તો આપણી જાતે કરી અંતરમાં ક્ષમાસિદ્ધ કરી ક્ષમાનો સ્વાનુભવ કરવાનો છે; એમાં પ્રભુ પાસે માગવાનું શું ?

ઉત્તર : ક્ષમા સમતાદિ ગુણો આપણી જાતે સાધી લેવાના છે એમ વિચારવું એક જાતનું અભિમાન છે. પ્રભુની કરુણા વિના, અરિહંત પ્રભુના ઉપકાર વિના એ આપણાથી સાધી શકાય નહિ, કેમ કે

સર્વ સિદ્ધિ અને સાધનામાં મુખ્ય કારણ અરિહંત પ્રભુ છે.

એ આપણા હૃદયમાં કોતરી રાખવાનું છે. પ્રભુની દયા-કરુણા જ મુખ્ય કારણ હોઈને પૂર્વના મહાન કવિઓ શાસ્ત્રકારો અને સાધકો અરિહંત પ્રભુની દયા યાચતા, એ એમની કૃતિઓમાં અને સાધનાઓમાં જોવા મળે છે. ડાહ્યો વિદ્યાર્થી વિદ્યાભ્યાસની મહેનત જાતે કરતો હોય છે ખરો, પરંતુ હરઘડી માનતો હોય છે કે ગુરુની મારા પર બહુ દયા છે કે 'મને ભણતાં આવડે છે, હું વિદ્યાભ્યાસ કરી શકું છું' અને એ પ્રમાણે વારેવારે વિદ્યાગુરુને કહેતો હોય છે કે "ગુરુદેવ ! આપની દયા છે તે મને કાંઈક કાંઈક આવડે છે. નહિતર હું રોબડ, મને શાનું આવડે ? પ્રભુ ! હજી પણ મારા પર કરુણા કરતા રહેજો, મારા પર કૃપા રાખતા રહેજો, આપની કૃપા વિના તો હું નિરાધાર છું, આગળ વધવાનું મારું ગજું નથી," પૂછો,-

મહેનત આપણી, એમાં ગુરુકૃપાએ શું કામ કર્યું ? :-

એ ગુરુકૃપાથી ઉચ્ચ કોટિનો ક્ષયોપશમ સધાય છે.

ગુરુકૃપા સાથે પ્રાર્થના પણ જરૂરી :

બસ, જેવું આ વિદ્યાર્થીને ગુરુકૃપા આગળ વધારે છે, એવું આપણને ભગવાનની કૃપા આગળ વધારે છે. એટલે જ અહીં આપણે સમજી રાખવાનું છે કે ભગવત્કૃપા અને ગુરુકૃપા એ વાસ્તવિક હકીકત છે; માત્ર મન મનાવવાની કાલ્પનિક વસ્તુ નથી; અને આપણે આપણા દિલમાં એ કૃપાની સતત અપેક્ષા રાખવાની છે કે 'મને કૃપા મળ્યા કરો, અને મારું કામ સિદ્ધ થાઓ;' એટલું જ નહિ, કિન્તુ દિલમાં અપેક્ષા રાખવા ઉપરાંત આપણે કૃપાની પ્રાર્થના કર્યા કરવાની છે. માટે તો જુઓ, જયવીયરાય સૂત્રમાં પ્રભુની આગળ ભવનિર્વેદ વગેરેની માગણી કરી, તેથી ખાલી ખાલી 'હોઉમમં ભવનિવ્વેઓ' એટલું જ ન કહેતા **'હોઉ મમં તુહપ્પભાવઓ ભવનિવ્વેઓ'** એમ 'તારા પ્રભાવથી' એ શબ્દો ઘાલીને 'ભવનિર્વેદ હો' એમ કહ્યું. મતલબ બેય માગ્યા,-

(૧) 'ભગવન્ ! મારે તમારો પ્રભાવ હો, તમારી કરુણા હો' અને

(૨) 'એના બળ ઉપર ભવનિર્વેદ હો' એમ બંને માગ્યું.

"વીતરાગ ભગવાન આપણું કશું કરતા નથી, બધું ય આપણી શક્તિ અને ઉદ્યમથી આપણે જ કરી લેવાનું છે. અને એથી જ સિદ્ધ થાય," -આવી ઘેલી માન્યતાને લીધે, ભ્રાન્ત માન્યતાને લીધે, ભગવત્-કૃપાની અપેક્ષા રાખવાનું ખાસ ચૂકી જવાય છે; અને તેથી જ આપણી મહેનતનું જોઈએ તેવું ફળ આવતું નથી. વિદ્યા ભણનાર વિદ્યાર્થીને પણ એવું જ થાય છે. **જે વિદ્યાર્થી પોતાના મનમાં જાત-મહેનતનું અભિમાન રાખી એમાં તણાઈ, હૈયે ગુરુકૃપાની અપેક્ષા રાખતો નથી, એ જે મહાન ફળ સિદ્ધિ પામી શકતો નથી, અને હૈયે ગુરુકૃપાની અપેક્ષા રાખીને મહેનત કરનારો ઉચ્ચ ફળસિદ્ધિ પામી જાય છે.**

ત્યારે જો લૌકિક કાર્યોમાંય આટલી બધી ગુરુકૃપાની અપેક્ષા રાખવાની હોય, તો સાધનામાં તો ભગવત્ કૃપાની કેટલી બધી અપેક્ષા રાખવાની હોય !

અરે ! માત્ર ગુરુકૃપા-દેવકૃપાની અપેક્ષા જ રાખીને બેસી રહેવાનું નહિ, પરંતુ જેમ જેમ વિદ્યા કે ધર્મ સિદ્ધ થતા આવે, તેમ તેમ ગુરુનો અને ભગવાનનો ઉપકાર-આભાર પણ માનતા રહેવાનું છે. એટલે કે મનમાં આવ્યા કરે કે 'ગુરુદેવ ! પ્રભુ ! આપનો મારા પર આ કેટલો બધો ઉપકાર કે મને આટલી વિદ્યા આવડી, આટલી ધર્મસાધના થઈ ! ગુરુદેવ ! પ્રભુ ! આપનો આભાર માનું છું. જેમ કે અંગ્રેજીમાં કહે છે ને **'Thank You God'** એવો આ ગુરુનો અને ભગવાનનો આભાર માનવાનો છે. આ માત્ર વિદ્યાભ્યાસ અને ધર્મસાધના પૂરતી જ વાત નથી, પરંતુ લૌકિક યાને સાંસારિક કાર્યસિદ્ધિઓ અંગે પણ આ સમજવાનું છે; અર્થાત્ ત્યાં પણ

કાર્ય સાધવા પહેલાં પ્રભુકૃપાની પ્રાર્થના કરવાની કે પ્રભુ ! તમારી કૃપાથી (તમારા પ્રભાવે) મારે ઈષ્ટફલસિદ્ધિ હો, ઈષ્ટ કાર્ય સિદ્ધ થાઓ, "અને લૌકિક સાંસારિક કાર્ય સિદ્ધ થયા પછી પણ પ્રભુનો આભાર માનવાનો કે પ્રભુ ! તમારો આભાર માનું છું કે મારે આ ઈષ્ટ કાર્ય સિદ્ધ થયું !"

એટલે સમજી રાખો કે શું સાંસારિક કે શું ધાર્મિક. બધે આપણે **વાતવાતમાં પ્રભુની કૃપાની યાચના અને પ્રભુના આભારનો સ્વીકાર કરીએ એ ઉન્નતિનું અદ્ભુત ઉચ્ચ સ્થાન છે.**

મહાપુરુષોના સ્તોત્રો-સ્તવનો જોઈએ તો એમાં દેખાય છે કે અરિહંત પ્રભુને ઘણી ઘણી પ્રાર્થના કરાઈ હોય છે. અહીં પૂછવાનું મન થાય,-

અરિહંતકરુણા અને અરિહંત-પુરસ્કરણ પર કેમ ભાર અપાય છે ? :-

પ્રશ્ન : દાનાદિ ધર્મકૃત્યો તારણહાર છે, તેથી એના પર ભાર મૂકાય એ બરાબર છે, પરંતુ (૧) અરિહંત પ્રભુનો અચિંત્ય પ્રભાવ, અને (૨) અનુપમ

કરુણા માનવી, (૩) વાતવાતમાં એમને આગળ કરવા. (૪) એમને અસાધારણ કારણ માનવા, (૫) ઇષ્ટસિદ્ધિની પ્રાર્થના-સ્તુતિ કરવી (૬) ઇષ્ટસિદ્ધિ થવા પર એમનો આભાર માનવો... વગેરે પર કેમ આટલો બધો ભાર આપો છો ?

ઉત્તર : અરિહંતદેવ પર અને એમની કરુણા પર ભાર આપવાનું કારણ આ, કે દાનાદિ ધર્મ-કૃત્યો સારા થઈ શકે એમાં અરિહંત પ્રભુ અસાધારણ કારણ છે. ધર્મપ્રવૃત્તિમાં આપણો ઉદ્યમ કારણ ખરો, પરંતુ તે બીજા નંબરે કારણ; ત્યારે પહેલા નંબરે અરિહંતદેવ અને એમનો અચિંત્ય પ્રભાવ કારણ છે. કેમ કે

(૧) વાતવાતમાં અરિહંતદેવને આગળ કરવાથી આત્મામાં ઉચ્ચ કોટિની શુભ પરિણતિ ઊભી થાય છે. આ આત્મપરિણતિ સાથેની ધર્મપ્રવૃત્તિનું મૂલ્ય અદ્‌ભુત હોય છે.

એટલા માટે તો સૌભાગ્યાદિ લૌકિક યાને સાંસારિક બાબતના આશયથી પણ જિનોક્ત રોહિણી આદિ તપ કરવાનું 'પંચાશક,' 'બત્રીસ બત્રીશી' વગેરે જૈનશાસ્ત્રોમાં વિધાન છે, અને એવા લૌકિક આશયવાળા તપ આદિ ધર્મને પણ સદ્‌અનુષ્ઠાનનો રાગ કરાવનારા કહ્યા છે.

પ્રશ્ન : સાંસારિક આશયથી ધર્મ કરાય ?

ઉત્તર : એ કરાય, એનાં કારણો છે,-

(૧) આ મનનો આશય મનની આશંસા, અર્થાત્ મનને સાંસારિક ફળની અપેક્ષા, એ બાધ્ય ફલાપેક્ષ છે; અર્થાત્ પાછળથી બાધિત થઈ. જનારી અને નીકળી જનારી અપેક્ષા (આશય) છે. એટલે એવી આશંસા-અપેક્ષા મટી જઈ મોક્ષની આશંસા ઊભી થાય છે.

(૨) એ સદ્‌અનુષ્ઠાનનો રાગ કરાવનાર છે.

(૩) એમાં જિનેશ્વર ભગવાને જ કહેલા તપ આદિ ધર્મનો આગ્રહ રખાય છે.

(૪) એમ પણ જીવ ધર્મમાં આવતો થયો, એટલે સદ્‌ગુરુઓનો સત્સંગ અને શ્રવણ પામશે, ને એમાં એમની પ્રજ્ઞાપના યાને સમજાવટથી આશય મલિન મટી, પવિત્ર થવાને અવકાશ છે. એવા જીવને પ્રજ્ઞાપના-સાધ્ય કહેવાય.

જો લૌકિક આશયથી ધર્મ કરવાનો નિષેધ જ હોય, તો એવા જીવો ધર્મના નિમિત્તે સદ્‌ગુરુ પાસે આવશે જ ક્યાંથી ? એ જો નહિ, તો સુધરશે ક્યાંથી ?

સારાંશ વીતરાગ સર્વજ્ઞ ભગવાનને બધી વાતમાં આગળ કરવાનું બહુ ઊંચું મહત્ત્વ છે. તે માત્ર ધર્મ સાધનામાં જ નહિ; પરંતુ વ્યાપારિક લૌકિક કાર્યોમાં પણ વીતરાગ કેવા હોય એની ઓળખ ન પણ હોય છતાં 'નમો અરિહંતાણ' એવા નામ સહિત નમસ્કાર-મંત્રની રટણાં કરે, તોય જીવની ઉન્નતિ થાય છે. સુદર્શન શેઠના

જીવે પૂર્વ ભવે 'નમો અરિહંતાણ'ની રટણા રાખેલી...યાવત્ નદીમાં ઝંપલાવતા લાકડાના ખૂંટાથી પેટ ફાટી પડી મોત આવતાં પણ એ જ રટણાં રાખી ! તો મરીને એ સુદર્શન શેઠ થયા ! સત્ત્વના લીધે બ્રહ્મચર્યની અને અહિંસાની પરીક્ષામાં પાસ-ઉત્તીર્ણ થયા ! શૂળિનું સિંહાસન થયું ! અને એજ ભવમાં દીક્ષા લઈ મોક્ષ પામ્યા !

બાકી વીતરાગની ઓળખ હોય, ને વીતરાગને આગળ કરાય, તો મનમાં વીતરાગનો પ્રકાશ ઝળહળે છે; ને એથી વીતરાગતાની નિકટ જવાય છે. અહીં આપણે સેવાનું ફળ માગ્યું એમાં ફળ તરીકે વીતરાગતાની નિકટતા જોઈએ છે. એ શી રીતે થાય એના એક ઉપાયમાં આ વિચાર્યું કે વાતવાતમાં પ્રભુને આગળ કરો, એ શી રીતે થાય ? તો કે વીતરાગના ક્ષમાદિ ગુણોને કાયોત્સર્ગાદિ સાધનાઓના સ્વાનુભવથી થાય. પૂછો.

પ્રશ્ન : વીતરાગ દેવાધિદેવના **ગુણો અને સાધનાઓનો સ્વાનુભવ શી રીતે થાય ?**

એ માટે પ્રભુના તે ગુણો દા.ત. ક્ષમા આદિ, અને તે તે સાધના. દા.ત. કાયોત્સર્ગ, અહિંસા, આદિની સાધના, એ કેવાં કેવાં સંયોગમાં પ્રભુએ કેવી કેવી અદ્‌ભુત કરી ! એ વિચારી લઈ, પછી આપણે આપણી જાત માટે એવા પ્રસંગની કલ્પના કરવાની, અને એમાં આપણે મન દૃઢ કરી એવી ક્ષમા સમતા અહિંસા રાખી રહ્યા છીએ એ ચિંતવવાનું. યથાશક્તિ એવા કાયોત્સર્ગમાં રહેવાનું, દા.ત. મહાવીર ભગવાનને કાનમાં ગોવાળે ખીલા ઠોક્યા, ત્યાં પ્રભુએ અહંકાર ન બતાવ્યો, કે 'મેરુને ડોલાવી નાખવાની બાળપણમાં મારી તાકાત હતી, તો અત્યારે તો પુખ્તવયે તારા ખીલા ચલાવી લઉં?' ના, આવું અહંકાર ન રાખ્યું. તેમ ભગવાને અનાર્ય દેશમાં ખોટા ગુનેગાર ઠરાવી ફાંસીએ ચડાવવા લઈ જાય છે. પણ ભગવાન ત્યાં પણ પોતે કશો ગુસ્સો કે અભિમાન દાખવતા નથી, અરે! પોતાનો ગુનો નથી એમ પણ લેશમાત્ર પણ બોલતા નથી. એ તો પાર્શ્વનાથ ભગવાનની સાધ્વીજી જે પરિવ્રાજિકા થયેલી, તેણે આવીને ફાંસી ચઢાવનારાઓને ભગવાન ગુનેગાર નથી એમ કહીને છોડાવ્યા તો છૂટ્યા, પણ ભગવાને જાતનો કશો બચાવ ન કર્યો. આપણે કલ્પનાથી આપણી જાત પર આવા આવા પ્રસંગ લાવી એમાં ચિંતનથી સ્થિર કાયોત્સર્ગ-ધ્યાનમાં રહેવાનું; ક્ષમા-સમતા-નમ્રતાથી કલ્પના રાખવાની, એ પ્રભુના ગુણોનો યત્કિંચિત્ સ્વાનુભવ કર્યો કહેવાય.

પ્રભુના ગુણો અને પ્રભુની સાધનાઓનો આપણે કલ્પનાથી સ્વાનુભવ કરીએ, એથી પણ વીતરાગની નિકટ અવાય છે.

દા.ત. પ્રભુના માથે સંગમ દેવતાએ ૫૦૦૦ મણનું ભયંકર કાળચક્ર ઝીંક્યું !

એથી અલબત્ત પ્રભુ જમીનમાં ઢીંચણ સુધી ખૂંચી ગયા; છતાં પ્રભુએ ત્યાં આ ઝીંકનાર પર લેશ પણ ગુસ્સો ન કર્યો, કે 'આ માણસ ખરાબ' એટલો પણ દ્વેષનો વિચાર ન કર્યો. અરે ! 'આ કાળચક્ર અને એનો પ્રહાર ખરાબ !' એનો આઘાત ખરાબ ! એની વેદના ભારે !' એટલોય વિચાર દ્વેષ-અરુચિ ન કર્યા. પ્રભુએ એવો સમતા-સમાધિભાવ રાખ્યો. હવે આપણે આપણી જાત માટે આ કલ્પના કરવાની કે 'આપણાં પર કોઈએ પથ્થર ઝીંક્યો, ને ત્યાં આપણે લેશ પણ ગુસ્સો નથી કરતા.' એવી કલ્પના કરવાની આપણે સામાને ક્ષમા આપીએ છીએ. એનું ભાવિ ભલું ઇચ્છિએ છીએ એવી મનમાં કલ્પના લાવવાની. એ પથ્થર પ્રહારને કે પથરાને પણ ખરાબ નથી લેખતા, પણ ઊલટું, 'એ બધા સારાં, કેમ કે કર્મ ખપાવવામાં સહાયક એમ લેખીએ છીએ. એવી મનમાં કલ્પના લાવવાની, આ લાવીએ અને પ્રભુના ક્ષમાગુણનો યત્કિંચિત્ સ્વાનુભવ કર્યો ગણાય.

એમ અનાડી માણસોએ પ્રભુનાં અપમાન કર્યાં, છતાં પ્રભુએ ત્યાં પોતાના અગાધ બળ-શક્તિનું અભિમાન ન કર્યું, એવું આપણી જાતમાં કલ્પવાનું કે જાણે કોઈ આપણું ભારે અપમાન કરે છે, અને આપણે ત્યાં મનમાં લેશ પણ અભિમાન અહંકાર નથી લાવતા, કિન્તુ કર્મ-ક્ષયાર્થે અને ગુણ-સંસ્કરણ અર્થે આપણે એ શાંતિથી સહી લઈએ છીએ;' એમ કલ્પવાનું. આ માત્ર કલ્પનામાં નહિ રાખવાનું, કિન્તુ વાસ્તવમાં નાના ઉપદ્રવમાં આપણે નમ્રતા-નિરહંકારિતા રાખવાની. ત્યારે આ નિરહંકાર ગુણનો સ્વાનુભવ કર્યો ગણાય.

એવી રીતે પ્રભુએ ૪-૬ મહિનાના ઉપવાસ કરીને શેષકાળમાં વિહાર પણ કર્યા, અને બાકી કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા તેમજ ચોમાસામાં એક જ સ્થાને ચારેય મહિના કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા. તો આપણે પણ કલ્પના કરવાની કે આપણે એ રીતે ધ્યાનમાં રહ્યા છીએ. હા, આ માત્ર કલ્પનામાં નથી રાખી મૂકવાનું, પરંતુ વાસ્તવમાં ૪૦ લોગસ્સ, ૧૦૦ લોગસ્સ, ૩૦૦ લોગસ્સનું ધ્યાન કાયોત્સર્ગમાં રહીને કરવાનું, ત્યારે આપણે કાંઈક સ્વાનુભવ કર્યો ગણાય.

આમ જે પ્રભુએ ઉત્કૃષ્ટરૂપે અહિંસા-સંયમ-તપ આદિની સાધનાઓ કરી, ઉત્કૃષ્ટરૂપે ગુણો કેળવ્યા, તેના અલ્પ અંશરૂપે આપણે આપણી જાતમાં ગુણ અને સાધનાના સ્વાનુભવ કરવાના છે. તે ઉચ્ચ કોટિના ગુણો અને સાધનાઓની આપણી જાતમાં કલ્પના કરીને સ્વાનુભવ થાય; તેમજ વાસ્તવમાં અલ્પાંશે એ ગુણો કેળવીને અને અલ્પાંશે સાધનાઓ આચરીને સ્વાનુભવ થાય.

આમ, વીતરાગના ગુણો અને સાધનાઓના સ્વાનુભવથી આપણે વીતરાગની વીતરાગતાની નિકટ જવાય છે.

સારાંશ, વીતરાગ પ્રભુની નિકટ થવા માટે બે વાત થઈ-

(૧) શું સાંસારિક કે ધાર્મિક, બધે જ વાતવાતમાં વીતરાગ પ્રભુને આગળ કરવાના; (i) એમનું સ્મરણ કરીને, (ii) એમની દયા યાચીને, જેમ કે 'હોઉ મમતુહપ્પભાવઓ... ઈઠ્ઠફલસિદ્ધિ' 'પ્રભુ ! તમારા પ્રભાવથી તમારી દયાથી મારે ઇષ્ટકાર્ય સિદ્ધિ હો' એમ પ્રભુને પ્રાર્થના કરીને પ્રભુને આગળ કરાય. તેમજ પ્રભુની દયાથી ઈષ્ટ સિદ્ધ થાય ત્યાં પ્રભુનો આભાર માનવારૂપે પ્રભુને આગળ કરાય; વળી (iii) દરેક ધર્મસાધનામાં 'મારા પ્રભુની આ કરવાની આજ્ઞા છે માટે કરું.' એવું મનમાં લાવીએ તો એ પ્રભુને આગળ કર્યા ગણાય. એથી આપણે વીતરાગ પ્રભુની નિકટ થવાય. આ એક વાત.

(૨) બીજી વાત : વીતરાગ પ્રભુના ગુણો-સાધનાઓ સુકૃતોના સ્વાનુભવ કરતા રહેવાથી વીતરાગની નિકટ થતા જવાય.

(૩) ત્રીજો ઉપાય : આ છે વીતરાગ પ્રભુની આજ્ઞાના શાસ્ત્રોનું શ્રદ્ધા અને મમતાથી ખૂબ ખૂબ શ્રવણ-વાંચન-પરિશીલન કરાય. એ કરવાથી પણ વીતરાગની નિકટ થવાય.

વીતરાગની સેવાના ફળરૂપે આ બધું મળવાનું છે. ત્યારે અહીં સવાલ થાય કે 'કવિ ઉપા. યશોવિજયજી મહારાજે સ્તવનોમાં ફળરૂપે, ક્યાં આ બધું બતાવ્યું છે ?' એનો જવાબ એ છે કે કવિના પૂર્વના નવ ભગવાનનાં સ્તવનો તપાસો તો એમાં આ વસ્તુની ઝાંખી જોવા મળશે. ઉપસંહારથી આપણે જોઈએ તો -

(૧) પહેલા ઋષભદેવ પ્રભુના સ્તવનમાં 'પ્રભુ તમે સઘળા ગુણ અંગી કર્યા-અપનાવી લીધા' એમ કહ્યા પછી સુખનો પોષ અર્થાત્ ગુણોના સુખનો પોષ માગ્યો.

(૨) બીજા પ્રભુના સ્તવનમાં કહ્યું મારું મન પ્રભુમાં રમતું થઈ ગયું છે તેથી બીજા પર પ્રેમ નથી થતો.

(૩) ત્રીજા ભગવાનના સ્તવનમાં પ્રભુની ભાવ કરુણા માગી.

(૪) ચોથા સ્તવનમાં પ્રભુ સંબંધ કાયમ રાખે, પ્રભુ છેહ ન, દે એ માંગ્યું.

(૫) પાંચમામાં 'પોતાનો પ્રેમ પ્રભુ ગુણગાનમાં ઊછળી પડ્યા વિના ગુપ્ત રહેતો નથી,' એમ કહ્યું.

(૬) છઠ્ઠા ભગવાનના સ્તવનમાં સાત રાજલોક દૂર બેઠેલા પ્રભુ સાથે સાચી પ્રીતિ ભક્તિ માટે ભગવત્ રસ માગ્યો, એમાં પોતાની પ્રીત અને પ્રભુના રીઝ માગી, સાથે પ્રભુને વિશ્રામ-સ્થાન બનાવી પ્રભુનો આશરો માગ્યો, અને એના પર ઠામઠામ સુખ માંગ્યું.

(૭) સાતમામાં પ્રભુના અતિશયો પર ઓવારી જવાનું, અને

(૮) આઠમા પ્રભુના સ્તવનમાં પ્રભુના ગુણોમાં ગોઠવાનું માગ્યું.

(૯) નવમા પ્રભુના સ્તવનમાં ઉખાણું મૂક્યું કે 'તમે મોટા છતાં તમને નાના મનમાં હું સમાવી શકું, ને હું નાનો છતાં મને તમે તમારા મનમાં ન સમાવી શકો તો પછી આપણા બેમાં વડાઈ કોની ?' એમ ઉખાણું મૂકી મોટા પ્રભુને નાના મનમાં સમાવી શકાય છે, પ્રભુના જ્ઞાનતેજ અને વાણીતેજથી જ, એ સમાધાન મૂકી પ્રભુનાં તેજની વડાઈ, અર્થાત્ પ્રભુની જ વડાઈ બતાવી, ને પ્રભુના તેજની વાંછા રાખી.

આ બધું જોતાં હવે ૧૦ (દસમા) પ્રભુના સ્તવનમાં સેવાનું ફળ માગે છે, એ શું હોય એ સમજી શકાય છે. પહેલા પ્રભુના સ્તવનમાં પ્રભુના ગુણોના સુખના ઘોષમાં પ્રભુના ગુણોના સ્વાનુભવની ઝંખના બતાવી બીજા સ્તવનમાં પ્રભુ પ્રત્યે માલતી પુષ્પ પર ભમરાના પ્રેમની જેમ અનહદ પ્રેમ દર્શાવી વીતરાગ પ્રભુની નિકટતા સૂચવી. પછી ત્રીજા પ્રભુના સ્તવનમાં પ્રભુની ભાવ કરુણા યાચીને અરિહંતપ્રભુના અચિંત્ય પ્રભાવ પર ભારે ઈતબાર યાને ભારે શ્રદ્ધા દર્શાવીને વાતવાતમાં વીતરાગ પ્રભુને આગળ કરવાનું સૂચવ્યું.

ચોથા ભગવાનના સ્તવનમાં 'કલિયુગે દુલ્લહો તુજ દરિસણ લહ્યું આશા ફળી' કહીને 'પ્રભુનું દર્શન એટલે કે પ્રભુનું શાસન પ્રભુની આજ્ઞા મળી અને મારી આશા ફળી,' એમ કહીને જિનાજ્ઞા-જિનવચન જ આરાધ્ય છે, એ સૂચવ્યું. એથી વીતરાગ પ્રભુની નિકટ થવાય.

'સેવાના આ ફળની મને ઝંખના છે, એ પ્રભુ ! આપ જાણો છો કેમ કે આપ અંતર્યામી છો, તેથી સવિ લહો, મારા મનની જે વાત હો' અર્થાત્ આપ મારું બધું જાણો જ છો તો મારી પાસે શું કહેવરાવો ? તેમજ સેવાફળ આપવામાં વિલંબ શા માટે કરો ?' આ વસ્તુ ૫ મી ગાથામાં બતાવી,-

"જાણો તો તાણો કિશ્યું સેવાફળ દીજે દેવ હો;
વાચક જશ કહે ઢીલની, ન ગમે મુજને ટેવ હો."

ભાવાર્થ : આપ જાણો જ છો તો શા માટે આપ વાતને તાણો છો ? અર્થાત્ મને સેવાનું ફળ આપવાની વાતને કેમ લંબાવો છો ? ફળ આપવામાં ઢીલ કેમ કરો છો ? ઢીલ કર્યા વિના મને સેવાનું ફળ તરતમાં જ આપી દો. પ્રભુ ! મારી આપને અરજ છે કે આ સેવાફળ આપવામાં ઢીલ યાને વિલંબ કરવાની આપની રીતિભાતિ મને ગમતી નથી.

આમ કહીને કવિ પ્રભુને પોતાની સેવાફળ માટેની ઉત્કટ આશંસા પર ભાર મૂકી રહ્યા છે. પૂછો,-

પ્રશ્ન : પ્રભુ આગળ પોતાની ઉત્કટ આશંસા પર ભાર મૂકવાથી શો લાભ ?

ઉત્તર : લાભ એ, કે એથી પ્રભુના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા જોરદાર બને છે. એ શ્રદ્ધા જેટલી જોરદાર, એટલો પોતાના અંતરાય કર્મનો ક્ષય જોરદાર, અને તેથી સેવાફળની સિદ્ધિ અધિક શીઘ્ર બને.

અહીં કવિ કહે છે કે ગમે તે કારણે આપ વિલંબ કરીને આપો છો એ મને નથી ગમતું. મારે તો ઝટપટ જોઈએ છે. કવિની પોતાની ભક્તિ પર કેટલો આત્મવિશ્વાસ હશે અને ઈચ્છિત મેળવવાની કેટલી બધી લગની અને તાલાવેલી હશે કે ઝટપટ આપવાનું કહે છે, અને ભગવાનની આગળ બાળ ભાવે કહે છે કે મને ફળ મળવામાં વિલંબ ગમતો નથી.

પ્રશ્ન : ભગવાનને આ રીતે ઓળંભો દેવાય ?

ઉત્તર : બીજી રીતે આ વિચારીએ તો એમ સમજવાનું છે કે,

ભગવાન તો આપવા તૈયાર છે, પણ આપણે પોતે જ લેવામાં ઢીલ કરીએ છીએ. આ અમારી કુટેવને પ્રભુ ટાળો, આમ આપણી જાત પ્રત્યે ઓળંભો સમજવાનો છે.

પ્રશ્ન :- તો ઈચ્છિત માગીને જો એ ઝટ મળે છે તો લેવામાં આપણે ઢીલ કેમ કરીએ છીએ ?

ઉત્તર :- આપણને હજુ જગતની ચીજ યાને માનપાનાદિ ગમે છે. કેમ કે જાણે ભગવાનની ક્ષમા, સમતા, નિરીહતા, વીતરાગતાદિ ગુણોની પ્રસાદી આપણને પોષાતી નથી ! તેથી આપણે એ લેવામાં ઢીલ કરીએ છીએ, આપણને હજુ ક્રોધ અભિમાન આદિ ગમે છે તેથી એને હજી છોડતા નથી. સમજી રાખો,

જ્યાં સુધી ક્રોધ અભિમાન વગેરે ગમશે, ત્યાં સુધી ભગવાનની ક્ષમા નમ્રતા વીતરાગતાદિ ગમવાના જ નથી.

એ તો આપણા ક્રોધ અભિમાન આદિ આપણને ખૂંચે ખટકે, એ કષાયો કરવામાં આપણી જાત નમાલી ને નપાવટ લાગે; તો જ ભગવાનની ક્ષમા સમતા નમ્રતા વગેરે બધું લેવાનું આપણને મન થાય. એ માટે આપણે પ્રભુને વિનંતિ કરવાની કે મારા ક્રોધાદિ દૂર કરી આપો; અરે ! એ દૂર ન થાય ત્યાં સુધી પણ એ કષાયો કરનારી મારી જાત મને નમાલી અને નપાવટ લાગો.

(ઈતિ શ્રી શીતલ જિન સ્તવન વિવેચના)

શ્રી શ્રેયાંસ જિન સ્તવન-૧૧

"તુમે બહુ મૈત્રી રે સાહિબા, મારે તો મન એક;
તુમ બિન બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક"...
શ્રી શ્રેયાંસ કૃપા કરો...૧
"મન રાખો તુમે સવિ તણાં, પણ કિહાં એક મળી જાઓ,
લલચાવી લખ લોકને, સાથી સહજ ન થાઓ... શ્રી શ્રેયાંસ"...૨
રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ,
ચિત્ત તુમ્હારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. શ્રી શ્રેયાંસ... ૩
એવા શું ચિત્ત મેળવ્યું, કેળવ્યું પહેલા ન કાંઈ,
સેવક નિપટ અબૂઝ છે, નિર્વહેશો તુમે સાંઈ...૪
નિરાગી શું રે કિમ મિલે ? પણ મળવાનો એકાંત,
વાચક યશ કહે મુજ મિલ્યો, ભક્તિએ કામણ તંત... શ્રી શ્રેયાંસ...૫

શ્રી શ્રેયાસ જિન સ્તવન-વિવેચના-૧૧

"તુમે બહુ મૈત્રી રે સાહિબા, મારે તો મન એક;
તુમ બિન બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક"...
શ્રી શ્રેયાંસ કૃપા કરો...૧

ભાવાર્થ : હે પ્રભુ ! આપ બહુ મિત્રો (ભક્તો)ના પરિવારવાળા છો. પરંતુ મારે માટે તો આપ (સ્વામી) એક જ છો. આપના વિના બીજો કોઈ દેવ સ્વામી તરીકે મને ગમતો નથી, અને આ મારી અચળ ટેક છે (કે જીવનભર મારે સ્વામી તો તમે જ).

વિવેચન : અગિયારમાં તીર્થંકર ભગવાન જગતને માટે શ્રેય-કલ્યાણરૂપ છે માટે એમને શ્રેયાંસનાથ કહેવાય છે. હવે કવિ કહે છે,

હે શ્રેયાંસ જિન સાહેબા ! આપ બહુ મિત્રવાળા છો, એટલે કે આપ બહુ ભક્તોવાળા છો. તાત્પર્ય, આપના ભક્ત-સેવક ઘણા છે, પરંતુ મારે તો આપ એક જ સ્વામી છો. આપ એક જ આરાધ્ય છો. આપ જ સેવ્ય છો, આપ જ તરણતારણ

શરણભૂત છો, એટલે મને આપના સિવાય બીજો કોઈ દેવ-સ્વામી તરીકે પસંદ નથી, એટલે મને બીજો સેવ્ય લાગતો નથી. જો કે જીવ સંસારમાં બેઠો છે એટલે દુનિયાના માણસોને સેવ્ય બનાવી એની સેવા કરવી પડે છે; જેમકે, પત્ની પતિને સેવ્ય બનાવી જિંદગીભર એની સેવા કરે છે, રાજપુરુષ રાજાને સેવ્ય કરે છે, નોકર શેઠને સેવ્ય બનાવે છે,... પણ જીવે આ સંસારી જીવોને સેવ્ય બનાવીને સરવાળે પામવાનું શું ? ધક્કા જ ધક્કા ! દુન્યવી સેવ્યોની સેવામાં પોતાના મહાકિંમતી મન-વચન-કાયાના યોગ એમાં ખરચી નાખી, બદલામાં જીવ પુણ્ય કેટલું પામે ? મીંડું ! યોગો વેડફાઈ જાય છે. Instead of making the most out of the least. Here is produced zero out of the most ! બિંદુમાંથી સિંધુ બનાવવાને બદલે અહીં તો સિંધુ જેટલી યોગશક્તિમાંથી શૂન્યનું સર્જન થાય છે.

આ જ મન-વચન-કાયાના યોગો અરિહંતદેવ અથવા ગુરુ-સાધુ પુરુષોની સેવામાં લગાવ્યા હોય તો એથી ઢગલો પુણ્યની કમાણી થાય. 'યોગોને લગાવવા' એટલે શું ? આ જ વિચાર-વાણી-વર્તાવ અરિહંત ભગવાન અંગે કરવા, અને સાધુ ગુરુ અંગે કરવા, તો; નકરો પુણ્યનો સમૂહ કમાવવાનો મળે ! કાર્ય એકસરખું હોય, છતાં કમાણીમાં આટલો મોટો ફરક કે એક જગ્યાએ પુણ્ય-સમૂહ કમાવાય, ને બીજે ઠેકાણે પાપ-સમૂહ ભેગો થાય. દા.ત., એક બાજુ ભગવાનની જળ પૂજામાં ભગવાનને સ્નાન કરાવે, ને બીજી બાજુ પોતાના વહાલા બાળકોને સ્નાન કરાવે. બંને ક્રિયાના ફળમાં કેટલું મોટું અંતર ? ભગવાનની જળ-પૂજાથી ઢગલા પુણ્ય કમાવાય ! ત્યારે બાળકોના સ્નાનમાં પાપ-કમાઈ થાય. પ્રભુને ફળ નૈવેદ્ય ચડાવે, બીજી બાજુ મોહાંધ કુટુંબને ફળ નૈવેદ્ય ધરે, બંનેના ફળમાં કેટલો બધો ફરક !

એક બાજુ સાધુની સેવા કરવાનો ગુરુનો ઑર્ડર હોય ને એ કામ કરે, બીજી બાજુ સાળાની સેવા કરવાનો ઘરવાળાનો ઑર્ડર હોય ને કામ કરે; માણસ બંને કાર્ય કરે તો કરે, પણ એક કામમાં પુણ્યનો ઢગલો મળે ! જ્યારે સંસારી મોહાંધ સગાએ ચીંધેલા સાંસારિક કામમાં મન-વચન-કાયાની શક્તિ લગાડી, તો શું મળ્યું ? પાપનાં પોટલાં ! એથી ભવિષ્યમાં દુઃખનો ઢગલો પામવાનું થાય ! મોહાંધોનાં કાર્ય કરવામાં પાપ-ક્ષય ન થાય, ભાવીમાં સદ્‌બુદ્ધિ આપે એવા શુભ અનુબંધ ઊભા ન થાય. જ્યારે,

ભગવાનની કે ગુરુની નિષ્કામભાવે અને અભિમાન રાખ્યા વિના સેવા કરે, તો તેથી શુભ પુણ્યાઈ-(પુણ્યકર્મો), અને શુભ અનુબંધો ઊભા થાય છે.

શુભ પુણ્યકર્મ ભાવીમાં સુખ આપે;

શુભ અનુબંધો ભાવીમાં સદ્‌બુદ્ધિઓ આપે.

વધુમાં ભૂતકાળના અશુભ અનુબંધો તૂટે છે; તેથી એટલી ભાવી દુર્બુદ્ધિ અટકે.

ત્યારે હવે કહો,

ગુરુને માથે શા માટે ધર્યા છે ?

ગુરુ આપણી સગવડ સાચવે માટે નહિ, કિન્તુ ગુરુની સેવામાં આપણા મન-વચન-કાયા લગાડી એને સફળ કરી શકાય એ માટે ગુરુ કર્યા. અખૂટ પુણ્યબંધ અને શુભાનુબંધો કમાઈ આપે એવી સેવા કરવા માટે ગુરુ કર્યા.

અલબત અહીં દેવ-ગુરુની સેવા તો કરવાની, પણ સાથે સાથે સ્વાર્થવૃત્તિ કે અભિમાન-અહંકાર રાખ્યા વિના કરવાની. દા.ત. દુન્યવી કામોમાં પણ આ જ જરૂરી છે કે સેવા જો સ્વાર્થવૃત્તિ રાખ્યા વિના થાય તો તે કિંમતી ગણાય. બાપનો એક છોકરો પિતાની નિઃસ્વાર્થભાવે સેવા કરે તો પિતા એ સેવાને માલવાળી ગણે છે; અને અવસરે એ છોકરાને પિતા ન્યાલ કરી દે છે. ત્યારે બીજો છોકરો પિતા પાસેથી પૈસા કઢાવવા માટે જ સેવા કરતો હશે, તો પિતાને મન એની સેવાની કિંમત નહિ હોય. એમ પિતાની સેવામાં અહંકાર રાખતો હશે, તો પિતાને એની કિંમત નહિ રહે.

અમેરિકન બહેનનો દાખલો :

અમેરિકામાં એક બહેનને મનમાં ઓછું આવતું હતું કે, 'મારા પતિની સવારથી સાંજ સુધી સેવા કરું છું, છતાં પતિ મને સારી રીતે બોલાવતા નથી, ને બીજી બહેનો સાથે હોંશે હોંશે વાતો કરે છે.' તે બહેન મનોવૈજ્ઞાનિક ડૉક્ટર પાસે ગઈ, અને આ ફરિયાદ નોંધાવી કે "પતિની હું બહુ જ સેવા કરું છું છતાં એ મારી સાથે સારી રીતે બોલતા નથી; તો મારે શું કરવું ?"

વાત સાચી હતી. સવારથી રાત સુધી પતિની બધી સેવા બજાવતી હતી, તો પછી કેમ પતિનો પ્રેમ નહિ ? માણસને પોતાને કેટલીકવાર ખબર નથી હોતી કે હું બીજું સારું કરતો હોવા છતાં ક્યાં ભૂલું છું ? એટલે તો જીવનમાં સમજાવનાર મળ્યા વિના આંધળીયા જ ચાલતા હોય છે, તેથી જ શાસ્ત્રકારોએ સાધક માટે ગુરુની અતિ આવશ્યકતા બતાવી; જે શિષ્યની ભૂલ બતાવી તેને સુધારવાની તક આપે છે,

પેલો ડૉક્ટર હોશિયાર હતો. તેણે એ બહેનના રોગનું નિદાન શોધવા માટે બહેનને અનેક સવાલ કર્યા. 'તમે સવારે ક્યારે ઊઠો છો ?', 'પતિ ક્યારે ઊઠે છે ?' પહેલાં કે પછી ? પતિની સેવાનાં કામ પતિ કહે ત્યારે કરો છો ? કે પતિના વગર કહ્યે કરો છો ?, પતિને બહાર જતા શું કહો છો ?, પતિ બહારથી આવે ત્યારે શું પૂછો છો ? એની સુખશાંતિ પૂછો ? કે તમારાં કામ કરી આવ્યા કે નહિ એ પૂછો છો ?'...આવા આવા અનેક સવાલ કર્યા; અને એના ઉત્તર મેળવ્યા પછી

રોગ કયો છે, તે તેમણે પકડી પાડ્યો.

મનોવૈજ્ઞાનિક ડૉક્ટરે પકડેલ રોગ :

આ બહેન હકીકતમાં પતિની સેવા સારામાં સારી બજાવતી હતી, પરંતુ અવસરે પતિને અભિમાનથી સંભળાવી દેતી હતી, કે તમે આવી ભૂલ કરો છો, તે આ તો હું છું તો તમારું નભે છે. મારી જગ્યાએ બીજી હોત, તો તમને ખબર પડી જાત કે તમારું કેમ નભે છે ?' આમ અવસરે પતિને એવા અભિમાનના બોલ બોલતી, તેથી જ એને પતિનો પ્રેમ નહિ મળતો. સેવામાં અભિમાન એ સેવાની કિંમત ઘટાડી નાખે છે.

ડૉક્ટરે ઈલાજ બતાવ્યો, કે હવેથી તમારે તમારા પતિની ભૂલને છાવરવાની; અને કહેવાનું કે "આમાં તમારો કોઈ દોષ નથી. આવા સંજોગોમાં મારે ઘણી ભૂલો થઈ છે." ને તમારી ભૂલ થાય તે વખતે પતિ કાંઈ બોલે તો કહેવાનું કે, "આ તો તમે છો તો મને નભાવો છો. તમારી જગ્યાએ બીજો પતિ મળ્યો હોત, તો તો ક્યારની મને તગેડી મૂકત."

બસ, બહેન સમજી ગયા કે 'પોતાના સંસારના ઊંચા-નીચા પ્રસંગમાં પોતે જે ગુસ્સો-અભિમાન કરી પતિ પર ચડી બેસતી હતી, તેથી જ પતિ નારાજ રહેતો હતો,' તેથી હવે એણે ઘરે જઈ ગુસ્સો અભિમાન છોડ્યા, ને ડૉક્ટરે બતાવેલા નમ્ર વચનો, અભિમાન વગરના વચનો અને વર્તન આદર્યા. એની એવી જાદુઈ અસર થઈ, કે પતિ બહેનના અભિમાન રહિત બોલ ને વર્તન પર ખુશ થઈ ગયો ! બાઈને સાચા દિલથી ચાહવા લાગ્યો. મહિના પછીથી એ બાઈ ડૉક્ટરને અભિનંદન આપવા ગઈ, ને કહે છે, "ડૉક્ટરસાહેબ ! તમને અભિનંદન ! તમારી સલાહ મુજબ ચાલવાથી હવે હું પતિને એટલી બધી ગમું છું કે મારા પતિ કામ સિવાય બહુ બહાર જતા નથી, ને મારી સાથે વાતો કરે છે, અને ઘેર જ બેસી રહે છે !"

વાત આ છે કે,

આપણે દેવ-ગુરુની સેવા કરવાની, તે અહંકાર અભિમાન વિના કરવાની.

તેની જાદુઈ અસર થાય છે. અહીં કવિ પોતાની ટેક જાહેર કરે છે કે, 'મારે મન આપ એક જ સ્વામી છો. એટલે આ મારી ટેક છે કે હવે બીજી ગમે તેટલી લાલચ આપનાર દેવી-દેવતાઓ મળે, તો પણ એ મારા સ્વામી નહિ; એ મને ગમવાના નહિ જ. પણ આપશ્રી જ મારા સ્વામી, તે આપશ્રી જ મને ગમતા રહેવાના. મારા મનમંદિરમાં આપનું જ સ્થાન છે, ને રહેવાનું, બીજાનું નહીં.'

અહીં કવિને વીતરાગની વીતરાગતાનું જે આકર્ષણ છે અને વીતરાગના ટંકશાળી વચનોનું તથા ત્રિકાલાબાધિત સિદ્ધાન્તોનું જે આકર્ષણ છે, તેથી એમ કહે

છે કે - મારે આપની જ સેવાની ટેક છે. બીજા મને દીઠા પણ ગમતા નથી ! વળી ભગવાનનો (૧) સર્વકાળ-વ્યાપી અહિંસાનો સિદ્ધાન્ત, અને (૨) ભગવાનનો સર્વ જીવને કલ્યાણદાયી માર્ગ આદિ જોઈને કવિને ભગવાન પર જે સ્નેહ લાગ્યો છે. તેથી જ 'મોટી ટેક' એટલે કે 'અચલ અટલ ટેક' હોવાનું કહે છે,

"તુમ બિન બીજો રે નવિ ગમે...શ્રી શ્રેયાંસ ! કૃપા કરો"

મને આપના સિવાય બીજો સ્વામી ગમતો નથી; માટે હે કલ્યાણ કરનારા પ્રભુ ! આપ મારા પર કૃપા કરો ! આમાં જે કહ્યું -

'શ્રી શ્રેયાંસનાથ કૃપા કરો,'-'જીવમાત્રનું શ્રેય-કલ્યાણ કરનારા હે શ્રેયાંસનાથ પ્રભુ ! આપ મારા પર કૃપા કરો. એથી સૂચવ્યું કે પ્રભુ ! આપ મારી ઉપેક્ષા ન કરો.' અહીં પ્રશ્ન થાય,

પ્રશ્ન : કલ્યાણ તો પોતાના પુરુષાર્થથી જ થવાનું ને ? એમાં પ્રભુકૃપા વિના ક્યાં અટક્યું?

ઉત્તર : ભગવાનની કૃપા વગર કશું કાર્ય સીઝતું નથી. આપણી ઉન્નતિ, આપણું ક્ષેમ-કુશળ, આપણા સદ્‌વિચાર... આ બધું થવામાં પ્રધાન કારણ અરિહંત પ્રભુ અને એમની અચિન્ત્ય કૃપા છે. તેનાથી સર્વે કાર્ય સીઝે છે. અલબત આપણું મોક્ષ થવામાં સ્વભાવ, કર્મ, પુરુષાર્થ, કાળ, નિયતિ એ પાંચ વસ્તુ જ કારણભૂત છે જ, પરંતુ એ સાધારણ કારણ છે. આ બધા ઉપરાંત અરિહંત ભગવાન એ અસાધારણ કારણ છે; કેમ કે એ પ્રભુના અચિન્ત્ય પ્રભાવે પાંચે કારણ સારા અનુકૂળ થઈ જાય છે. અરિહંત ભગવાનનું આપણે શરણ અને આલંબન કરીએ તો તેમના પ્રભાવથી સ્વભાવ, કાળ, પુરુષાર્થ, આદિ સહેજે સહેજ આપણને અનુકૂળ થઈ જાય છે.

સ્વભાવમાં ભવ્યત્વ આવે, એટલે કે મોક્ષમાં જવાની લાયકાત આવે. પણ મોક્ષમાં જવા માટે જેવું છે તેવું ભવ્યત્વ કામ નથી કરતું, કિન્તુ એ પાકે ત્યારે જ કામ થાય છે. એમાં ભવ્યત્વ ઝડપથી થતું કામ અરિહંતના પ્રભાવથી થાય છે અને એ ભવ્યત્વ પાકે ત્યારે મોક્ષકાર્ય સીઝે, સિદ્ધ થાય. એટલે અરિહંતનો પ્રભાવ આમ ભવ્યત્વને અસર કરી જાય છે. અર્થાત્,

અરિહંતને ભજો એટલે ભવ્યત્વ જલદી પાકે.

તેમ અરિહંતની કૃપા પુરુષાર્થ પર પણ અસર કરે છે; અરિહંતની કૃપાના બળે જ પુરુષાર્થ જોમવાળો પણ થાય છે. જોમવાળો પુરુષાર્થ એટલે કે શુભભાવોલ્લાસથી છલકાતો અને વીર્યોલ્લાસથી ધબકતો પુરુષાર્થ અનુભવાય છે. કે જિનભક્તિનો આવો પુરુષાર્થ શ્રી સિદ્ધગિરિ પર થાય છે. એ મહાતીર્થ પર પ્રભુજીનું

આલંબન જ એવું જોરદાર છે, એ જ પ્રભાવ-કૃપા આ કરી આપે છે, માટે આપણે અરિહંતની કૃપા માગીએ છીએ.

પ્રશ્ન : ન માગીએ તો ભગવાનની કૃપા ન મળે ?

ઉત્તર : ના, કૃપા ન માગીએ તો ન મળે; કારણ કે કૃપા ન માગવામાં આપણું અભિમાન વ્યક્ત થાય છે. અભિમાન હોય ત્યાં કૃપા ન ઊતરે. વળી, પ્રાર્થનામાં આપણે આશંકા ઊભી કરીએ છીએ; અને તે જરૂરી છે. એટલા માટે તો 'જય વીયરાય' સૂત્રમાં આપણે પ્રાર્થના કરીએ ત્યાં આશંસા ઊભી કરીએ છીએ કે હે પ્રભુ ! આપ ભવનિર્વેદ મને આપો. એટલે કે મારે ભવનિર્વેદ જોઈએ. તેમ માર્ગાનુસારીતા જોઈએ છે.

'મારે જોઈએ છે' એવો તીવ્ર અભિલાષ એ સુકૃતનો અંકુર છે.

સુકૃતના અંકુરના બીજ કોણ ? તો કે સત્-પ્રશંસા આદિ. આ હોય તો ધર્મની પ્રાપ્તિ થાય જ. 'બીજ' એટલે સત્પ્રશંસા-આકર્ષણ આદિ. સમ્યક્ પ્રશંસાએ ધર્મ-પ્રાપ્તિ માટેનું મૂળ કારણ છે. એને ધર્મનું બીજ કહેવાય. પછી 'મને આ ધર્મ મળો' એવી એની તીવ્ર આશંસા-અભિલાષા થાય એ બીજમાંથી અંકુર ફુટ્યો ગણાય.

ધર્મના મોટા-મોટા સમારોહ શા માટે ? આટલા જ માટે કે એ જોઈને જોનારને ધર્મ પર અહોભાવ થાય કે, 'અહો ! અહો ! આ કેવો સુંદર ધર્મ !' આ અહોભાવ, આ ધર્મનું આકર્ષણ પ્રશંસા એજ ધર્મનું બીજ છે. એ અહોભાવ જેને થયો એનામાં પછી ધર્મની ચાહના-અભિલાષા થવાની કે, 'મને આ ધર્મ ક્યારે મળે !' એ બીજમાંથી અંકુર ઉગ્યો. પછી ધર્મ સમજવા ધર્મનું શ્રવણ કરશે, પ્રવૃત્તિઓ કરશે... એ બધું અંકુર ઉપર નાળ પત્ર પુષ્પ (મહોર) વગેરે કહેવાય. એમાંથી છેવટે ધર્મ સિદ્ધ થાય એ પાક આવ્યો ગણાય.

વાત આ છે અરિહંતના પ્રભાવે આ બધું સિદ્ધ થાય; માટે પ્રભુ પાસે કૃપાની માગણી કરવાની છે. કવિ એ કરે છે 'શ્રી શ્રેયાંસનાથ ! કૃપા કરો.'

પણ અરિહંત પ્રભુ પર કેવીક શ્રદ્ધા જમાવી હશે કે કવિ કહે છે 'મારે આ મોટી ટેક છે કે અરિહંત પ્રભુ વિના બીજાને ગમતા કરું નહિ.' આ આપણને સીતાજીના જીવનમાં જોવા મળે છે, તમને એમ થશે કે,-

સીતાને મન એક રામ ? કે એક અરિહંત ?

પ્રશ્ન : 'સીતાને મંન એક રામ' એ રીતની સીતાજીને રામ પર તો સ્વામી તરીકેની ભારે શ્રદ્ધા હતી. રામ તો ભારે ગમતા હતા, પછી અરિહંત પર એવી શ્રદ્ધા ક્યાં રહી કે અરિહંત વિના બીજા કોઈ ગમે જ નહિ ?

ઉત્તર : અલબત એમને રામ પર શ્રદ્ધા હતી, પરંતુ તે તો સાંસારિક જીવન

હોવાથી 'એક ગૃહસ્થપણાના શીલ-સદાચારમય જીવનની રીતે એમનાથી બીજા કોઈ પુરુષને હૈયે કે માથે ધરાય નહિ.' એ હિસાબે એમને મન સ્વામી તરીકે એક રામ હતા, પરંતુ ગૃહસ્થ-જીવનમાં પણ ભવોભવના ઉદ્ધારક અને મોક્ષના દાતા તરીકે તો બીજા કોઈ દેવી-દેવતા પર શ્રદ્ધા નહિ, કિન્તુ અરિહંત ભગવાન પર જ અનન્ય શ્રદ્ધા હતી. એટલે જ રામની સાથે બાર વરસ વનવાસમાં રહેતાં, અરિહંતનાં ચિંતન ભરપૂર રાખેલાં; કેમ કે વનમાં કોઈ ઘરવાસના કામ તો રાખ્યા નહોતા, તો પછી આખો દિવસ શું કરતા હશે ? આ જ કે પોતે નાની ઉંમરમાં અરિહંત પ્રભુનાં જીવન વિષે અને જૈનધર્મનાં તત્ત્વ વિષે ભણેલા; એટલે એનું સ્મરણ-ચિંતન-મનન-મંથન કરતા રહેતા હોય.

એમ તીર્થંકર ભગવાનોના પૂર્વભવ અને ચરમ ભવના પ્રસંગો-સાધનાઓ-સદ્‌ગુણો પર ચિંતન કરતા હોય; એટલું જ નહિ પણ વિશેષ તો એ, કે પોતાનાં જીવનનાં અનુભવના પ્રસંગોને તેમજ બીજા જીવોના નજર સામે આવતા પ્રસંગોને અરિહંત પ્રભુનાં તત્ત્વની દૃષ્ટિએ મૂલવતા હોય. એટલે કહેવાય કે અરિહંત સિવાય બીજા કોઈ દેવી-દેવતા પર શ્રદ્ધા જ નહિ, બીજા કોઈ ગમે જ નહિ, એટલે બીજાનું કશું ચિંતવવાનું જ નહિ. એટલે જ આપણને એમના જીવનમાં એવા એવા અનેક પ્રસંગ જોવા મળે છે કે,-

'અરિહંત જ ગમે':- એવા સીતાજીના જીવન પ્રસંગો

(૧) સીતાજીના લગ્નના સ્વયંવરમાં જ્યારે એમના પિતા જનક રાજાએ દેવાધિષ્ઠિત ધનુષ્ય મૂકી જાહેર કર્યું કે, 'આ ધનુષ્યને ઉઠાવીને વાળે અને એના પર પણછ ચડાવી બાણથી એનો ટંકાર કરે, એને સીતા વરમાળા આરોપશે,' ત્યારે સીતાજીને ગભરામણ ન થઈ કે, "હાય ! કદાચ કોઈ ધનુષ્ય ઉઠાવીને વાળનાર ન જ મળ્યો, તો શું મારે જિંદગીભર કુંવારા રહેવાનું ? અથવા કોઈ ગમે તેવો ભીલ જેવો માણસ આ ધનુષ્યને વાળી પણછ ચઢાવી ટંકાર કરે, તો શું મારે એને પરણવાનું ? શારીરિક બળના જોરે ધનુષ્ય ઉઠાવીને ગાંઠવાનું તો કર્યું, પરંતુ એનામાં બીજા એવા સારા ગુણો કે હોશિયારી નહિ હોય તો મારે એ કેવોક ધણી કરી જિંદગી કેવીક જીવવાની ?" આ કશી ગભરામણ થઈ નહિ, કેમ કે સીતાજીને અરિહંત ભગવાન એટલા બધા ગમતા હતા કે એમનાં તત્ત્વ સિદ્ધાન્તો પર એવી સચોટ શ્રદ્ધા હતી કે આ કશી ગભરામણ જ નહિ. આ બધુ શું છે ? ભગવાન અરિહંત દેવનાં જ જીવન મનમાં મમરાવવા, એમનાં જ તત્ત્વ ચિંતવવા, અવસરે-અવસરે એમની જ હૂંફ લેવી, સાધના ઉત્તમ કોટિની થાય એ માટે અરિહંતનું જ અને એમની જ પ્રખર સાધનાઓનું આલંબન લેવું, મનમાં બધું અરિહંતનું જ

લાવવું પણ બીજા કોઈ દેવી-દેવતા કે મિથ્યાદર્શનને નહિ લાવવું. એનો અર્થ જ આ છે, કે એમને અરિહંતદેવ સિવાય બીજા કોઈ ગમતા જ નહિ.

માત્ર વનવાસમાં જ નહિ, કિન્તુ સીતાજી રાવણને ત્યાં અશોકવાટિકામાં કેદ પુરાયા ત્યારે પણ જુઓ, સીતાજીએ અરિહંત દેવને જ કેવા ગમતા કરેલા કે પોતાની શીલની રક્ષા અર્થે અરિહંત પ્રભુએ ફરમાવેલી શીલની નવવાડ એવી સાચવેલી કે અશોકવાટિકામાં પગ મૂકાતાં જ એમણે રાવણને પડકાર કરેલો કે,

"જોજે રાવણ ! મારી બેઠકની આસપાસ ૩॥ હાથની સીમામાં તું આવતો નહિ; નહિંતર તને સીતા નહિ મળે, સીતાનું મડદું મળશે; પછી ભલે મડદાને ગીધડાની જેમ તારે ચૂંથવું હોય તો તું જાણે."

રાવણને આ પડકાર કર્યો તે રામ પરની શ્રદ્ધાથી નહિ, કિન્તુ અરિહંત પ્રભુની શ્રદ્ધાથી કરેલો. અરિહંતે ફરમાવેલી શીલમર્યાદાનાં પાલન કરેલા, એ આલંબન હતું. બાકી બીજા દેવો તો પોતે પણ પરસ્ત્રીમાં મુંઝાણા હતા; એમનું શું આલંબન લેવાય ?

અરિહંત દેવના શીલમાર્ગની આ શ્રદ્ધાના બળ પર સીતાજી જુઓ આગળ શું કરે છે. હનુમાનજી સીતાજીને અશોકવાટિકામાંથી પોતાની ખાંધ પર બેસાડી લઈ જવાની માંગણી કરે છે. ત્યાં સીતાજીએ કહી દીધું કે,

"તું ભલે રામચંદ્રજીને ધર્મપિતા સમજી મને ધર્મમાતા સમજે; છતાં વ્યવહારથી તું મારા માટે પરપુરુષ છે, તેથી તારી ખાંધ પર મારાથી બેસાય નહિ."

ત્યાં હનુમાન કહે, "તમે જો અહીં જ પૂરાયા રહેશો તો દુષ્ટ રાવણ તમને ક્યારેય હેરાન કરશે ! માટે અહીંથી પધારો સ્વામી પાસે."

ત્યાં સીતાજી કહે છે, "જો હનુમાન ! શીલ સાચવવા માટે હું ગમે તેવા શારીરિક કષ્ટ આવે એને વિસાતમાં ગણતી નથી; અને જે ક્ષણે મારા શીલ પર આફત આવતી દેખાશે, ત્યારે મારી પ્રાણ ત્યાગની પણ તૈયારી છે. બાકી અરિહંત દેવના પ્રતાપે મને કશી ચિંતા નથી."

'અરિહંતદેવ સિવાય બીજા કોઈ સીતાજીને ગમતા નહિ.' એ આ શ્રદ્ધા અને આ ઉદ્‌ગાર બતાવી આપે છે.

એવું જ્યારે રામચંદ્રજી એમની હકાલપટી કરાવે છે ત્યારે સીતાજીને વનમાં છોડી દેવા ગયેલ સેનાપતિને સીતાજીએ જે બોલ કહેલા એ પણ બતાવી આપે છે. કે, એમને અરિહંત જ ગમતા. (૧) પહેલું તો પોતે જે પતિ રામચંદ્રજીને અનન્ય પતિવ્રતાથી સ્વીકારેલા અને સાચવેલાં છે, એજ પતિ જ્યારે એમનો જંગલમાં એકલા-અટુલા ત્યાગ કરાવે છે, એ વખતે દિલમાં એકમાત્ર અરિહંત દેવની શ્રદ્ધા

અને શરણના આધારે જીવતા રહી શકે છે. પરંતુ આપઘાતનો વિચાર નથી કરતા; અને (૨) બીજું એ કે પોતાના દિલમાં અરિહંત દેવના વચન પરની અનન્ય અથાગ શ્રદ્ધાથી એ ત્યાં રડી રહેલા સેનાપતિને કહે છે, 'જો મારા પ્રભુએ જે તત્ત્વ આપેલાં છે એની રૂએ હું તને કહું છું કે,

(૧) આમાં તારે રડવાની જરૂર નથી, કેમકે આમાં તારો વાંક નથી. તું સ્વામીનો સેવક છે એટલે તારે સ્વામીની આજ્ઞા પાળવી જોઈએ. જેનું લૂણ ખાય એને નમકહલાલ રહેવું જોઈએ.

(૨) વળી આમાં સ્વામીનો પણ વાંક નથી, કેમકે એમને ઈક્ષ્વાકુ વંશના રાજાઓની કીર્તિને અખંડિત રાખવા લોકવાયકા સામું જોવું પડે. તેથી પરપુરુષ રાવણને ત્યાં રહી આવેલી પત્નીને એમનાથી ઘરમાં કેમ રાખી શકાય.

(૩) વળી આવું બોલવામાં લોકોનો પણ વાંક નથી; કેમકે એમાં અરિહંત ભગવાનના સિદ્ધાન્ત મુજબ મારાં પોતાના જ પૂર્વના ઉપાર્જેલાં અપયશ-નામકર્મનો જ વાંક છે ને,

(૪) અસલમાં તો મારા અરિહંતદેવે મનુષ્ય-જન્મમાં આઠ વરસની ઉંમરે ચારિત્ર લેવાનું કહેલું, તે મેં ન લીધું અને વાસનાવશ સંસારમાં પડી એટલે આ દિવસ જોવાના આવ્યા; તેથી વાંક મારી વાસનાનો છે.

સીતાજીને અરિહંત દેવ કેટલા બધા ગમતા હશે કે એ પ્રભુના શાસન મુજબ ભારે કટોકટીમાં પણ અદ્‌ભુત સૌમ્યતા અને સ્વસ્થતા રાખે છે. રામને પરણીને હજી હમણાં અયોધ્યામાં આવ્યા છે, ને રામચંદ્રજીને રાજ્યની ગાદી મળવાનું પણ નક્કી થઈ ગયું છે, ત્યારે વચમાં નવો ફણગો ફૂટ્યો. કૈકેયી લગ્ન સમયે મળેલા વરદાન મુજબ દશરથ પાસેથી પોતાના પુત્ર ભરત માટે અયોધ્યાની રાજ્યગાદી માગી લે છે'.તો રાજા દશરથ એ મંજૂર કરે છે; પરંતુ ભરત રાજ્યગાદી લેવા ના પાડે છે, ત્યારે રામચંદ્રજી જુએ છે કે, 'મારા અહીં રહ્યે ભરત રાજ્ય નહિ લે,' એટલે પોતે પિતા પાસે વનવાસ માગી લઈ વન તરફ જવા તૈયારી કરે છે ! એમાં રામ સીતાજીની સલાહ ય લેતા નથી. ઊલટું એ સીતાજીને માતા કૌશલ્યાની સેવામાં રહેવાનું કહે છે.

માથે અરિહંતના અનુશાસનમાં ખોટા હકદાવા નહિ :

અહીં સીતાજીની કસોટી છે. પરંતુ પોતે મનગમતા અરિહંત દેવને માથે ધરેલા છે, એટલે એમના શાસનની રૂએ પોતાની ઉપર પતિનું વર્ચસ્વ હોવાનું મન પર લાવે છે; ને તેથી પોતે કશો ખોટો હકદાવો કરતા નથી કે, "તમો વનવાસ માગી લેતાં મને કેમ પૂછો નહિ ?" ના, ઊલટું એમ વિચારે છે કે, "પતિ

વનવાસ માટે વનમાં રહેવા જતા હોય, ત્યાં (૧) મારાથી મહેલવાસની સગવડો કેમ ભોગવાય ? વળી (૨) અહીં મહેલવાસમાં પતિ વિના મારા શીલની રક્ષા કોણ કરશે ?" આવું વિચારી પોતે સ્વયં વનવાસમાં સાથે જવા તૈયાર થાય છે !

પ્રભુ પરના પ્રેમ ખાતર પ્રભુનું અનુશાસન માથે ધરીને અહીં કશો હક નથી કરવો. આ કોની અક્કલે કામ કરે છે ? કહો, પોતાને ખૂબ જ ગમતા અને પરમ આરાધ્ય માનેલા અરિહંત દેવની શાસનની અક્કલે પતિના વનવાસ પાછળ પોતે વનવાસનો નિર્ણય લે છે ! નહિતર સંસાર-વ્યવહારની રૂએ તો જ્યાં પતિ પોતે જ આદેશ કરે છે કે, 'સાસુની સેવામાં રહો,' તેમજ જ્યાં સાસુ પણ કહે છે કે, 'તારા સુકોમળ શરીરે વનવાસ ભોગવવાનું કામ નહિ, તું અહીં જ મારી સાથે રહેજે', ત્યાં પછી પતિ અને સાસુના આદેશ મુજબ સીતાજી મહેલમાં જ રહેત અને વનમા ન જાત, તો કોઈ એમને ખોટું કર્યાનું કહેત નહિ.

અરિહંત દેવનું શાસન હૈયામાં રમે છે, એટલે અરિહંત દેવના શાસનની રૂએ કષ્ટમય પણ પતિની નિશ્રા અને વનમાં રખડવાનું નક્કી કરી લે છે.

અરિહંતનું શાસન કહે છે, 'નાનડિયાએ નિશ્રિત જીવન જીવવું. એટલે કે વડીલને આશ્રિત-પરાધિન બન્યા રહી જીવન જીવવું.' અર્થાત્ પુત્રે માતાપિતાને આધીન રહી, પત્નીએ પતિને આધીન રહી, શિષ્યે ગુરુને આધીન રહી જીવન જીવવું. આ 'આધીન રહેવું' એટલે માથે વડીલનો ભાર રાખવો; એક અપેક્ષાએ એમ કહેવાય કે પોતે જ મન પર વડીલની ગુલામી સ્વેચ્છાએ સ્વીકારવી. બધું વડીલને પૂછી પૂછીને કરવાનું; વ્યવહારમાં વડીલને આગળ કરવાના; વડીલની સેવા-ભક્તિ કરવાની. પૂછો,

પ્રશ્ન : વડીલની આટલી બધી ગુલામી કેમ સેવવી ?

ઉત્તર : એનું કારણ એ છે કે આપણો જીવ અનાદિ કાળથી ઉચ્છૃંખલ અને આપમતિવાળો છે, ને તેથી જ જીવ સંસારમાં રઝળપાટ કરતો રહ્યો છે. **એ ઉચ્છૃંખલતા અને આપમતિના મહારોગને મિટાવવા માટે નિશ્રિત જીવન એ ઔષધ છે, ને એ પોતાના કલ્યાણ માટે થાય છે.**

જુઓ, વિદ્યાભ્યાસમાં વિદ્યાર્થી જો શિક્ષક-ગુરુને આધીન રહે, તો જ સારી વિદ્યા પામે છે. પરંતુ એના બદલે જો વિદ્યાગુરુની સામે સ્વચ્છંદતા અને ટૂંકી આપમતિ રાખી, આડાઅવળા પ્રશ્નો કરે, તો વિદ્યા શાનો પામે ? એમ વિદ્યાની જેમ જીવન-ઘડતર પામવા માટે પણ જો વડીલની નિશ્રા, જો વડીલની આધીનતા આપણા મન પર ન આવે, તો સારું ઘડતર ક્યાંથી મળે ? આજની કેળવણી આ કાંઈ જ શીખવતી નથી, તેથી નવી પ્રજાના હાલબેહાલ જુઓ છો. નિશ્રિત જીવનના,

નવી પ્રજાને, પાઠ ભણાવાતા નથી, એ શીખવાતું નથી કે, 'તમે હિતૈષી વડીલને આધીનતાનું જીવન જીવો.' સીતાજીના મન પર અરિહંત દેવના આ નિશ્રિત જીવનના આદેશનો ભાર હતો, અનુશાસનનો ભાર હતો, એમને ભગવાન બહુ ગમતા તેથી એમનું અનુશાસન બહુ ગમતું; તેથી રામની સાથે સાથે વનમાં ચાલ્યા. અરિહંત દેવ અને એમનું અનુશાસન ગમ્યા પર એની આધીનતા સ્વીકારી. ભગવાનને આપણે વિનંતી કરીએ છીએ કે, 'તુમ વિણ બીજો રે નવિ ગમે,' એ શા હિસાબે કહીએ છીએ ? પ્રભુનું આપણા પર અનુશાસન આપણને ગમે છે ? આપણને મંજૂર છે ? આપણને પ્રભુ ગમે છે ? ના,

પ્રભુ આપણે નિશ્રિત રહીને, આધીન રહીને, જીવન જીવીએ તો જ આપણને પ્રભુ થવાનું મળે.

પ્રભુ આપણને ગમ્યા આનું નામ કે એમનું અનુશાસન આપણને ગમે,

સીતાજીને આ ગમતું હતું, તેથી વિના સંકોચ પતિ સાથે વનમાં ચાલી નીકળ્યા ! એટલું જ નહિ પણ વનમાં ૧૨-૧૨ વર્ષ વીતાવ્યા છતાં પતિને એક દિવસ ફરિયાદ નથી કરી કે 'લો, મને પરણીને અમને તમે આ વનવાસ દેખાડ્યો !' ના, લેશ પણ ફરિયાદ નહિ.

અરે ! ફરિયાદની વાત તો શી ? કિંતુ મનમાં પણ ક્યારેય ઓછું લાવ્યા નથી કે, 'એક મહાન રાજાને ત્યાં જન્મ પામી સર્વોત્તમ પતિ મળવા પર કેવા કેવા સુખના કેટકેટલા કોડ કરેલા, તે બધા કડડભૂસ ? હાય ! આ મારે કેવા દિવસ જોવાના આવ્યા !' આવી કોઈ મનમાં અફસોસી ય નહિ, આ એક અનેરું આશ્ચર્ય છે, ચમત્કાર છે.

શાના આધારે સીતાજીને આ અફસોસી ય નહિ ? :

કહો, સીતાજીને અરિહંત દેવ એટલા બધા ગમતા હતા કે આવી પરિસ્થિતિમાં સીતાજી મન વાળી લેતા હશે કે, 'મારા અરિહંત ભગવાને કહ્યું છે કે 'સવ્વં પુવ્વકયાણં કમ્માણં પાવએ, ફલ વિવાગં' અર્થાત્ જીવને સારું કે નરસું જે કાંઈ અહીં પ્રાપ્ત થાય છે તે બધું પૂર્વે પોતે કરેલા કર્મના ફળ-વિપાકરૂપે છે. એટલે પૂર્વના કર્મના ઉદય વિના તો અહીં કશું બનતું નથી, કર્મથી જ બને છે. બાકી અહીંના નિમિત્ત પર રાજી-નારાજ થવાની જરૂર નહિ. આફતમાં પૂર્વ કર્મના દેવાં ચુકવાય છે. મારાં ભગવાને પણ કર્મના દેવાં શાહજોગ ચુકવેલાં છે, તો હું પણ ભગવાનનાં પગલે પગલે એ કેમ ન ચૂકવું ?'

આમ સીતાજીએ અરિહંત પ્રભુ પરના પ્રેમથી વનવાસમાં કષ્ટ સહર્ષ વેઠ્યા હોય અને વનમાં મનને જરાય ઓછું ન લાવ્યા હોય, એમાં શું આશ્ચર્ય ? 'મારા

અરિહંત ભગવાનને મારા કરતાં અનંત શક્તિ છતાં, અને મારા કષ્ટ-દુઃખ કરતાં એમને કેઈ ભારે ઉપસર્ગ પરીસહોનાં કષ્ટ-દુઃખ-યાતનાઓ છતાં એ સહર્ષ વધાવી છે, ને સહી છે, તો મારે અલ્પ દુઃખમાં શા રોદણાં ? કે મનને શું ઓછું લાવવું ? આમ કરી સીતાજી કશી અફસોસી મન પર ન લાવ્યા હોય, એમાં નવાઈ નથી. કદાચ પૂછશો,

પ્રશ્ન : અહીં સીતાજીએ માત્ર રામ ગમતા કરેલા માટે જ એમની સાથોસાથ વનવાસનાં કષ્ટ ઉપાડવામાં મનમાં ઓછું ન લાવ્યા હોય, એમ બને ને ? એમાં અરિહંત ગમતા કરવાની ક્યાં જરૂર પડી ?

ઉત્તર : જરૂર આ રીતે પડી કે જ્યાં રાવણ એમને ઉઠાવી ગયો ત્યાં રાવણની કેદમાં એકલા અટૂલા પુરાવું પડ્યું એમાં સાથે રામ તો હતા નહિ, એટલે મનને ઓછું આવ્યું હોત ને ? કે, 'હાય, ભલે મહેલવાસ વગેરે બધું ગયું, પણ આ તો છેલ્લે સ્વામી પણ ગયા ? હાય ! રામને પરણ્યા પછી આ મારે કેવાં દુઃખ કે મને સૌથી પ્યારા રામ પણ ગયા ?' પરંતુ ત્યાં રાવણની કેદમાં પણ એ મનને ઓછું લાવી લાવી દુઃખી થયા નથી. એનું શું કારણ ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૬,અંક-૩૮/૩૯,તા.૨૫-૬-૧૯૮૮

સીતાજીએ વાતવાતમાં અરિહંત દેવને ગમતા કરેલા એટલેસ્તો એમને જ્યારે હવે (૧) વનવાસ, (૨) રાવણ દ્વારા અપહરણ, પછી (૩) રામ દ્વારા વનમાં હકાલપટ્ટી, પછી (૪) અગ્નિનું દિવ્ય, વગેરે આફતો ટળ્યા પછી હવે ઠરીઠામ બેસવાનો અવસર આવ્યો, ત્યારે એમને અરિહંત જ ગમતા હતા એટલે હવે સમગ્ર સંસાર છોડી અરિહંતના ચરણે જીવન સોંપી દીધું ! અરિહંતના ચારિત્ર-માર્ગે પ્રયાણ આરંભી દીધું ! કેવા સંયોગમાં ચારિત્ર ? જ્યારે ૩૦૦ હાથની અગ્નિમય ખાઈ મટીને એકાએક સરિયામ પાણીનું સરોવર બની ગયું છે; એમાં ય પાછી દેવપ્રકોપથી સમુદ્રની જેમ ચારેબાજુ ભરતીઓ ચડેલી, લોક પોકાર ઊઠ્યો, 'હે જગદંબા ! બચાવો, હે જગદંબા ! બચાવો'ની ચીસો પડી રહી છે, પરંતુ માત્ર સીતાજીએ બે હાથ જ પાણી પર અડાડતાં ભરતી સંકેલાઈ ગઈ છે, ચારે કોર 'જય હો જય હો મહાસતી સીતા મૈયાનો'ના પ્રશંસાનાદ ગાજી રહ્યા છે. લોકોના એવા અતિશય ઊંચા માન-સન્માનના પ્રસંગે અને રામ વગેરે કુટુંબીઓ તરફથી નગરમાં પધારવા ભારે પ્રેમ બહુમાન ભર્યા આમંત્રણના પ્રસંગે સંસાર-ત્યાગ અને ચારિત્ર ગ્રહણ !!! કેમ ? હવે અરિહંત જ ગમતા રાખવા છે માટે. તેથી તો ચારિત્ર પછી જિનભક્તિ

સાથે અહિંસા-સંયમ-તપની જોરદાર આરાધનામાં લાગી ગયા. અહીં આમ આ અરિહંત ગમતા કરેલા એણે સીતાજીનો પછીના ભવે બારમા દેવલોકના ઇંદ્રપણામાં ૨૨ સાગરોપમના આયુષ્યમાં અસંખ્ય જિનેશ્વર ભગવંતનો જન્માભિષેકમાં પહેલો અભિષેક કરવાનો સ્થાયી હક-અધિકાર આપી દીધો !

વાત આ છે, સીતાજીએ રામચંદ્રજી સાથેના સંસારમાં અનેકવાર કષ્ટ ઉપાડ્યાં અને સંસારી જીવન છોડી ચારિત્ર-જીવનમાં ય કષ્ટ ઉપાડ્યાં, તે અરિહંતને વહાલા કર્યાથી પ્રભુએ ઉપાડેલાં કષ્ટ નજર સામે રાખ્યા હોય એટલે કષ્ટમાં પણ કચવાટ નહિ.

એમ, ભગવાને આટઆટલાં કષ્ટ ઉપાડ્યાં તો પછી આપણે જો પ્રભુને વહાલા કરવા હોય તો આપણે શું સુંવાળા જ રહેવાનું ને કચવાટ જ કર્યા કરવાના ? ધર્મના કશા કષ્ટ ઉપાડવાના નહિ ? ધર્મનાં કષ્ટ ઉપાડીએ, ઉપાડવાની તૈયારી અને હોંશ હોય, તો જ પ્રભુને વહાલા કરી શકાય, પછી હકથી કહી શકીએ કે, 'પ્રભુ ! તમે જ મને વહાલા છો.' પતિ ખાતર અનેકાનેક કષ્ટ ઉપાડનારી પત્ની કહી શકે છે કે, 'મને પતિ જ વહાલા છે. પતિ સિવાય બીજો કોઈ ગમતો નથી, એ ટેક રાખી શકે છે કે, 'જીવનભર મારે મન પતિ જ મને વહાલા રહેવાના' એમ પ્રભુની ખાતર ત્યાગ કરવાના ને કષ્ટ ઉપાડવાના રાખ્યા હોય, તો આપણે દાવો રાખી શકીએ કે 'મને પ્રભુ જ વહાલા છે,' અને ટેક રાખી શકીએ કે 'મને જીવનભર પ્રભુ જ ગમો, પ્રભુ જ વહાલા લાગો.'

કવિની આ એક જ ટેક છે કે, "તુમ વિણ બીજો રે નવિ ગમે," અર્થાત્ 'મારે અરિહંત જ એક સ્નેહી, એક આધાર, એક શરણ્ય' તેથી અન્ય જગ્યાએ કહ્યું છે કે, 'બીજો મનમંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત.' ભક્તને મન એક અરિહંત હોય, તો જ કાર્યની સિદ્ધિ થાય. આફત-કષ્ટમાં કદાચ નિકાચિત કર્મના લીધે આફત ન ટળે તો પણ (૧) અરિહંતની હૂંફથી કષ્ટ કષ્ટ ન લાગે, અને (૨) અરિહંતની કૃપાથી શૂળીનું વિઘન સોયથી ટળે. જેમ મહાસતીઓને મનમાં એક પતિની જ હૂંફ હોવાથી વન-ભ્રમણનાં દુઃખ દુઃખ નથી લાગ્યા; મનને ઓછું નથી આવ્યું; તેમ સમકિતીને અશુભોદયે કષ્ટ કે બીજું આવે તો પણ એને અરિહંતની હૂંફથી કષ્ટ, કષ્ટ ન લાગે.

સીતાજીને રાવણ ઉઠાવી ગયો ત્યારે દુઃખ લાગ્યું તે રામના વિયોગનું, એમ સમકિતીને દુન્યવી આફતમાં આમ તો દુઃખ ન લાગે પરંતુ ક્યારેક દુઃખ લાગે તો તે પોતે અરિહંતને ભૂલી જાય એનું દુઃખ લાગે; દિલમાં અરિહંતનો વિયોગ થયો એનું એને દુઃખ લાગે.

પ્રશ્ન : સમકિતીને દિલમાંથી અરિહંતનો વિયોગ શાનો થાય ?

ઉત્તર : સમકિતીને જ્યારે પોતાના ભાવ બગડે, લેશ્યા બગડે, પોતાની આંતર પરિણતિ બગડે ત્યારે એને એમ લાગે કે 'આ અરિહંતને હું ભૂલ્યો માટે આ ભાવ બગડ્યા.' અરિહંતને ભૂલ્યો એટલે ? મનમાંથી અરિહંત નીકળી ગયા, મનમાં અરિહંતનો વિયોગ થયો. માટે સદા આ ભાવના રહે કે, "મારે કદી અરિહંતનો વિયોગ ન થાઓ. મનમાં અરિહંતનો સદા સંયોગ બન્યો રહી મારે લેશ્યા-પરિણતિ-ભાવ ન બગડો."

સીતાજીની લેશ્યા-પરિણતિ કેવીક સોહામણી ! કે રામે એમને જંગલમાં હટાવ્યા, તો મૂકવા જનાર સેનાપતિને કહે છે, "તારો દોષ નથી, લોકોનો દોષ નથી, સ્વામીનો દોષ નથી; દોષ મારા અપયશનામ કર્મનો છે, મારી સંસાર-વાસનાનો દોષ છે. લોકોનો વાંક એટલા માટે નથી કે હમણાં મારા અપયશ નામકર્મનો ઉદય થયો છે. એ અપયશ નામકર્મ જ એવું છે કે લોકોને મોઢે ગુણવાનનો અપયશ ગવરાવે. તેમ સ્વામીનો દોષ એટલા માટે નથી કે તે મોટા ઈક્ષ્વાકુ વંશના રાજા, એટલે એમને ઈક્ષ્વાકુ-વંશની પ્રતિષ્ઠા સાચવવાની છે. ઈક્ષ્વાકુ વંશમાં કોઈ રાજા એવા નથી થયા કે જેમણે પારકે ઘેર રહી આવેલી સ્ત્રીને ઘરમાં ઘાલી હોય. તેમ તારો પણ દોષ નથી, કેમકે તારે અન્નદાતા માલિકની આજ્ઞા બજાવવી પડે. દોષ મારા પૂર્વકર્મનો અને અહીંની સંસારવાસનાનો છે, જો મેં ઘર જ ન માંડ્યું હોત, ને સાધ્વી બની ગઈ હોત, તો આ જંગલમાં મૂકાવા-કરવાનું કશું જોવા વખત ન આવત."

પ્રશ્ન : તો શું ચારિત્રમાં જંગલમાં રહેવાનું ન આવે ?

ઉત્તર : - આવે, પણ તે ચારિત્ર-જીવનની ચર્યા રૂપે આવે. આ રીતે અપમાનિત થઈને દંડ-સજારૂપે ન આવે.

સીતાજી પહેલાં રામ સાથે ૧૨ વર્ષ જંગલમાં રહ્યા છે. હવે પાછું જંગલમાં તરછોડાવાનો અવસર આવે છે ! છતાં એમના મનની પરિણતિ ને એમની લેશ્યા કેટલી બધી સુંદર ! કેટલી બધી પવિત્ર ! એટલું બધું વીતવા છતાં રામના પ્રત્યે સીતાજીનું મન એવું ને એવું જ માનવાળું છે. એટલે કે **'પતિ એટલે પતિ જ, તેનાં માન-સન્માન-ગૌરવ ભૂલવાના નહિ.'**

સીતાજીના કેટલા ગુણ ગાઈએ ? એમનો પોતાનો કોઈ દોષ વાંક-ગુનો નહિ છતાં,

પતિ રામચંદ્રજીએ એમને જંગલમાં કાઢી મૂક્યા, તો પણ સીતાજીએ પોતાના દિલમાંથી રામચંદ્રજીને કાઢી ન મૂક્યા. 'પતિ તે પતિ જ.'

એટલે તો જંગલમાં એકલા અટૂલા તરછોડાયા પછી ધર્મનો ભાઈ રાજા પૂછે

છે, 'બેન ! તું કોણ છે ? અહીં ક્યાંથી...' વગેરે તો પણ સીતાજી પતિ વિશે કશું જ કહેતા નથી, માત્ર એટલું જ કહે છે,- **'મારા ભાગ્યના વાંકે અહીં આવી ચડી છું. વિશેષ મને પૂછશો નહિ,'** કેમ વારું ? પતિ તે પતિ જ. એના માન-બહુમાન-ગૌરવ ભૂલવાના નહિ. એટલું જ નહિ, પણ પછી તો એ રાજાએ આશ્રય આપ્યા પછી સીતાજી ગર્ભિણી હતા ને એમને લવણ-અંકુશ (લવ-કુશ) એ પુત્ર-જોડલું અર્થાત્ બે પુત્ર રત્નો જન્મે છે, ને એ પુત્રો ૧૬ વરસના થાય છે, ત્યાં સુધી એમને પણ ખબર નથી પડવા દેતા ! કે, 'તમારા પિતાજીએ મારી કેવી દશા કરી હતી.' સીતાજીનું કેટલું ઉમદા દિલ !

પતિ તે પતિ; એને નાનમ અપાય નહિ, એનું ગૌરવ હણાય નહિ !

અરે ! એ તો પુત્રો બહારથી જાણી લાવીને જ્યારે પૂછે છે, 'મા ! અમારા પિતાજીએ તને કાઢી મૂકેલી, એ તેં તો અમને કદી કહ્યું નહિ ? તે એ પિતાજી શું એમ સમજે છે કે, "સીતા બિચારીનો કોઈ બેલી નથી માટે એને હટાવો જંગલમાં !' પરંતુ હવે અમે સીતાજીના રખેવાળ તૈયાર થઈ ગયા છીએ, એ હવે અમે એમને યુદ્ધમાં હરાવી બતાવી આપીશું. બસ, યુદ્ધમાં વિજય મળે એ માટે મા ! અમારા માંથે હાથ મૂકીને અમને આશીર્વાદ આપ."

ત્યાં સીતાજીના દિલમાં પતિ માટે ગૌરવ-માન-સન્માન ભુલાયું નહોતું. એજ પૂર્વનું ગૌરવ ઊભું હતું ! તેથી છોકરાઓને કહે છે, "ગાંડાઓ ! પિતાજી સામે લડવા જવાય ? અને તેમાં હું આશીર્વાદ આપું ? ઘર ભૂલ્યા તમે. તમારે પિતાજીના દર્શને જવું હોય, પગે પડવા જવું હોય, તો લાવો તમને આશીર્વાદ આપું."

આપણને અરિહંત જ ગમે એવો સાચો ભાવ આપણા દિલમાં રાખવા માટે સીતાજીના આ ભવ્ય પ્રસંગો મન પર રાખવા જેવા છે.

સીતાજી તો ભારેખર પ્રસંગોમાં પણ પતિ રામને અને રામના ગૌરવને ભૂલ્યા નથી; ત્યારે આપણે કેવા સામાન્ય સામાન્ય-પ્રસંગોમાં પણ અરિહંતને ભૂલીએ છીએ ? અરિહંતના સિદ્ધાન્તોને ભૂલીએ છીએ ? અરે ! જરૂર પડ્યે સંવત્સરી પ્રસંગે પણ પ્રભુનું ગૌરવ ભૂલતાં આંચકો નહિ ! કોઈ આપણને જેની સાથે આપણે અંટસ છે એના માટે કહે, "ભાઈ ! એને ખમાવી લો." પ્રભુનો આદેશ છે કે, "ખમો ને ખમાવો," તો શું કહીએ ? "બેસો, જોયો પ્રભુનો આદેશ," અથવા "અમને ખબર છે. આવાને ખમાવવાનું ?" આવું જ કાંઈક ને ? આમાં પ્રભુનું હૈયે ગૌરવ સાચવ્યું ? સીતાજીના પ્રસંગ યાદ કરો.

જેમ સીતાને મન એક રામ, ને એમણે રામને જેવા ગમતા રાખ્યા, આપણા મનને એક અરિહંત હોય, આપણે અરિહંતને આવા ગમતા કરવા જોઈએ કે, 'તુમ

વિણ બીજો રે નવિ ગમે.'

'અરિહંત ગમે' એટલે અરિહંતના શાસ્ત્રના આદેશ ગમે. પૂર્વના મહાપુરુષોએ અરિહંતની આજ્ઞા પાછળ અનશન ઝુકાવ્યા છે. એકવાર મહાવીર ભગવાન સાથે વિહાર કરતાં સાધુઓ તરસ્યા થયા. રસ્તામાં તળાવ આવ્યું. મહાવીર ભગવાને કેવળજ્ઞાનથી જોયું કે તળાવનું પાણી અચિત્ત થયેલું છે, છતાં એ પીવા આજ્ઞા ન આપી. તો તરસ્યા સાધુઓ વિચારે છે, કે 'મોત આવે એ પહેલાં અનશનની આરાધના સાધી લેવી !' તો ભગવાનની પાસે રજા માગી લઈ અનશન ઝુકાવ્યાં ! આ રીતનો અરિહંત અને અરિહંતનાં વચન પરનો અવિહડ, અમાપ રાગ જોઈએ, જોખી-માપી ન શકાય તેવો રાગ જોઈએ. અહીં એક પ્રશ્ન છે,

પ્રશ્ન : જો સીતાને મન એક રામ છે, તો પછી દિવ્ય કર્યા પછી સીતાજીને રામચંદ્રજી ઘરે ચાલવા કહે છે છતાં સીતાજી કેમ ઘરે ચાલતા નથી ?

ઉત્તર : સીતાજીની ઇચ્છા હતી કે કલંક ઊતરી જાય પછી ચારિત્ર લેવું, કારણ કે માથે કલંક હોય ને ચારિત્ર લે તો લોકમાં ધર્મ નિંદાય. હવે કલંક ઊતરી ગયું છે. લોકો વડે સન્માન પામ્યા છે. હવે સંસાર ત્યાગ કરવો છે. ને અરિહંતની આજ્ઞા સર્વેસર્વા માથે ચડાવવી છે. સંસારમાં હતા ત્યાં સુધી પતિની આજ્ઞા માથે ચડાવી. હવે ચારિત્રજીવનમાં અરિહંતની આજ્ઞા માથે ચડાવવાની.

ગાયકવાડી હદ પૂરી થઈ, ને બ્રિટિશ હદ શરૂ થઈ

ગાયકવાડી હદમાં ગાયકવાડ સરકારની આજ્ઞા; બ્રિટિશ હદમાં બ્રિટિશ સરકારની આજ્ઞા. એમ સાંસારિક જીવનમાં પતિની આજ્ઞા, ચારિત્ર-જીવનમાં એ હદ પૂરી થઈ અને અરિહંતની આજ્ઞા પાળવાની હદ આવી, એટલે હવે સીતાજીએ માથે હકુમત બદલી. સંસારી જીવનમાં રામની હકૂમત; ચારિત્ર જીવનમાં અરિહંતની હકૂમત તેથી અહીં રામચંદ્રની આજ્ઞા ન માની; કેમ કે પતિ સાથેના બંધનની સરહદ પૂરી થઈ, ને અરિહંત સાથેના બંધનની સરહદ શરૂ થઈ. સીતાજીએ હવે સર્વ-વિરતિ સ્વીકારનો નિર્ણય લીધો છે, તેથી માયાના બંધનોની તાબેદારી પૂરી થઈ. અહીં પ્રશ્ન થાય,

પ્રશ્ન : સીતાજીને, સંસારમાં હતા ત્યારે પણ, માથે રામની આજ્ઞાની જેમ અરિહંતની આજ્ઞા તો હતી જ, તો પછી ત્યાં એકલી રામની આજ્ઞાની હદ ક્યાં રહી ?

ઉત્તર : ત્યાં અરિહંતની આજ્ઞા પાળવાની હદ મર્યાદિત હતી. એટલે જ એમાં પતિની આજ્ઞા બરાબર પાળવાનો માથે ભાર હતો. અલબત એમાં અરિહંતની આજ્ઞા-વિરુદ્ધ પતિની આજ્ઞા હોય તો તે નહિ પાળવાની. બાકી તે સિવાય પતિની આજ્ઞાને આધીન રહેવાનું; તે મુખ્યપણે. તેથી ત્યાં કહેવાય કે સંસારમાં પતિની

આજ્ઞાની સરહદ, ને ચારિત્રમાં અરિહંતની આજ્ઞાની હદ, અહીં સુધી 'તુમ બીજો રે નવિ ગમે,' એની લંબાણથી વિચારણા થઈ, પછી કવિ કહે છે, "એ મુજ મોટી રે ટેક, શ્રી શ્રેયાંસ ! કૃપા કરો." હવે આગળ બીજી ગાથા કહે છે,

"મન રાખો તુમે સવિ તણાં, પણ કિહાં એક મળી જાઓ,
લલચાવી લખ લોકને, સાથી સહજ ન થાઓ... શ્રી શ્રેયાંસ"...૨

ભાવાર્થ : હે પ્રભુ ! આપ સર્વ જનના મન રાખો છો, પણ કોઈ એકને પણ ક્યાં મળો છો ? લાખો લોકોને આપ લલચાવો છો, પણ સહજ સ્વભાવથી કોઈની સાથે રહેનારા થતા નથી.

વિવેચન : પ્રભુ ! આપ બધાના મન રાખો છો. આપને યાદ કરે, વિનંતિ કરે, એ બધાની ઇચ્છાને આપ માન આપો છો, કિન્તુ કોઈને તિરસ્કારતા નથી. પ્રભુની આ મહાનતા છે.

ભગવાન ઋષભદેવના વંશનું નામ પાડવા માટે આવતો ઈન્દ્ર શેરડીનો સાંઠો લઈને આવ્યો. બાળ ઋષભ પિતા નાભિરાજાના ખોળામાં બેઠા હતા, ઇંદ્રે એમની સામે શેરડી ધરી પૂછ્યું, 'આ ખાશો ?' તો પ્રભુએ તેને લેવા માટે હાથ લંબાવ્યો. તો અહીં પ્રશ્ન થાય, શું પ્રભુને શેરડી ખાવાનો રાગ થયો ? ના, ત્યાં તો નાનાનું કે ભક્તનું પ્રભુએ મન રાખ્યું. **મોટા પુરુષો નાનડિયાનું મન સાચવનારા મન વધારનારા હોય છે.** પ્રભુ મોટા પુરુષ છે. નેમિકુમારને કૃષ્ણ કહે, 'ચાલો આપણે બળની પરીક્ષા કરીએ.' તો ત્યાં પણ આ જ હિસાબે નેમિપ્રભુએ તે વાત સ્વીકારી. અહીં કાંઈ પ્રભુને કૌતુકનું કે પરીક્ષાનું મન નથી, પણ ઉદારતા છે કે સામાની પ્રાર્થનાનો ભંગ નહીં કરવો.

મહાવીર ભગવાન નાના હતા તો ય મહાવૈરાગી છે, છતાં સમાન વયના છોકરાઓ સાથે ભગવાન રમવા જાય છે. પોતે તો જનમથી મહાવૈરાગી છે, ને તત્ત્વવેત્તા છે, તો રમવાનું કેમ ? કહો, **મિત્રોના અનુરોધથી, મિત્રોનું મન રાખવા માટે.** પ્રભુ મહાન છે, મહાન પુરુષો નાનડિયાનું મન વધારનારા હોય.

પ્રભુ બધાનાં મન રાખે છે, કેવી રીતે ? ભક્તજનોને પ્રતિમાનાં દર્શન વખતે તેમ લાગે કે, 'આવા ત્રિલોકનાથ અને ઇંદ્રોના પણ પૂજ્ય એવા મોટા પણ પ્રભુ અમારા જેવા સાવ લઘુને ય અમારું મન રાખવા પોતાનું દર્શન આપે છે. પ્રભુ આપની પાસે ચાહે ભણેલો આવે કે અભણ, ચાહે શ્રીમંત આવે કે ગરીબ, આપ બધાને દર્શન આપી બધાનાં મન રાખો છો.'

'પણ કિંહા એક મળી જાઓ'

રોજ સવારે મંદિરે જઈ પ્રભુનું દર્શન કરતી વખતે આ ભાવ મનમાં લાવવાનો

'હે પ્રભુ ! આપની કેટલી બધી મહાનતા અને કેટલો બધો ઉપકાર કે આપ મારા જેવા રાંકને દર્શન આપો છો, મને આપનું દર્શન મળે છે એ મારા પર આપની કેટલી બધી કૃપા ! એટલું જ નહિ, કિન્તુ આપ પણ મને કરુણાદૃષ્ટિથી નીરખી રહ્યા છો.' આમ વિચારી આપણે એ જોવાનું કે **પ્રભુની નજર** આપણા પર પડે.

પ્રશ્ન : "પણ કિંહા એક 'મળી' જાઓ" એમાં 'મળવું' એટલે શું ?

ઉત્તર : મળવું એટલે પ્રભુનું આંતરદર્શન કરવાનું. પ્રભુનું બાહ્યદર્શન સારી રીતે થાય, તો પછી આંતરદર્શન થઈ શકે.

પ્રભુનું બાહ્યદર્શન એટલે પ્રભુની પ્રતિમાને દિલમાં બરાબર ધારીને યાદ કરવી. જેમ શિલ્પશાસ્ત્રના હિસાબે ભગવાનના ભાલ કરતા નાસિકા સવાઈ ઊંચી હોય છે. બાહ્યદર્શનમાં આપણે ભગવાનને જોવા સાથે આપણને ભગવાનની આજુબાજુનું નજરે ચડે છે એમાં આપણને ભગવાનનું સૂક્ષ્મતાથી અને સચોટ દર્શન નથી થતું. તેથી આંખ મીંચીને આંતરદર્શનની ટેવ પાડવી. એ માટે પહેલાં પ્રભુને ધારી ધારીને જોવાના. આંખનું મટકું નહીં મારવાનું, ભલે થોડીવાર માટે આંખ બળે પણ ખરી ! પછી આંખ બંધ કરી પ્રભુના અંગોપાંગ કેવા કેવા જોયાં, તેની યાદ કરવાની. એમાં કેટલું ય યાદ નહિ આવે, એટલે આંખ ખોલીને ફરીથી જોઈ લેવાનું. પછી ફરીથી આંખ મીંચી પ્રભુનું આંતરદર્શન કરવાનું. એમ વારંવાર કરવાથી પ્રભુની સાથે મિલન થાય. પ્રભુનું મુખ લાડવા જેવું ગોળ કે લંબગોળ ? લલાટ કેટલું લાંબું પહોળું ? નાસિકા કેવી અણિયારી કે ગોળ ? આંખ કેટલી લાંબી-પહોળી ? કીકી કેવી મધ્યમાં ? હોઠ કેટલા લાંબા, નાસિકાની પહોળાઈ કરતાં સમાન ? યા લાંબા ? કે ટૂંકા ? હડપચી કેવી ગોળ યા ચપટી ? કાન કેવા મોટા યા નાના ? પ્રભુના ગળાથી નાભિ સુધીની ઉભણી કેટલી ઊંચી ? પલાંઠી કેટલી લાંબી ? હાથ સીધા કે સહેજ ત્રાંસા ? હથેલી કેવીક ? આંગળા કેવાક ?.....વગેરે વગેરે લક્ષમાં લેવાનું, લક્ષમાં આવ્યાથી, પછી આંખ મીંચી જોઈએ તો પ્રતિમા બરાબર યાદ આવશે.

પ્રભુનું આ રીતે દર્શન કર્યું હોય, તો એવા ઉપદ્રવ-ઉપસર્ગના પ્રસંગે આંખ બંધ કરીને પ્રભુનું ધ્યાન થાય. દેરાસરમાં રમકડાં બહુ આવે છે. (રૂપાળી) સ્ત્રીઓ, વળી ઉદ્‌ભટ વેશ પહેરેલી, તેનાં દર્શનથી બચવા માટેનો આ આંતરદર્શન એ ખાસ ઉપાય છે. આવું દર્શન કર્યા પછી એ પ્રભુની આંખ હોઠ વગેરેમાં વીતરાગતા શાંતતા-પ્રશાંતતા, જગત પ્રત્યે ઉદાસીનતા, એમને કશું ઈષ્ટ-અનિષ્ટ નહિ એવી નિર્વિકારતા વગેરેનાં દર્શન કરવાના.

પ્રભુની પ્રતિમાનું શય્યંભવ બ્રાહ્મણે કેવું આંતરદર્શન કર્યું હશે કે... આ

દર્શન પછી ત્યાં ઊભા ન રહેતાં, સીધા પ્રભવસ્વામી પાસે પહોંચ્યા. એમની પાસેથી બહિરાત્મા-પરમાત્માનું સ્વરૂપ જાણીને સંસારના સર્વ સંગનો ત્યાગ કરીને સાધુ બની, ૧૪ પૂર્વના પારગામી બન્યા.

આંતરદર્શનના પ્રભાવે જ **અનાર્ય દેશના આર્દ્રકુમાર** ત્યાંથી અહીં આર્ય દેશમાં ભાગી આવ્યા અને સીધું ચારિત્ર લેવા તૈયાર થયા, દેવીએ ના પાડી, "હમણા વાર છે તમારે ભોગાવલિ કર્મ બાકી છે, તે ભોગવી પછી ચારિત્ર લેજો" એમ દેવીએ કહેવા છતાં ન માન્યા અને ચારિત્ર લઈ લીધું; તથા કર્મોને તોડી નાખવા કઠોર તપ અને કઠોર ચારિત્ર પાલન કરવા લાગ્યા.

બ્રાહ્મણ પુરોહિત હરિભદ્રને જૈન સાધ્વી અને જૈન માર્ગ પ્રત્યે સહેજ આકર્ષણ થયા પછી વીતરાગની મૂર્તિ જોવા મળી, તો જોઈને નાચ્યા. એમનાં મોંમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા, 'અહો ! અહો ! કેવી સુંદર વીતરાગતાભરી મૂર્તિ ! મૂર્તિ પર કોઈ સ્ત્રી, શસ્ત્ર, નૃત્યાદિ, ક્રીડા વગેરે રાગ-દ્વેષનું કશું ચિહ્ન જ નહિ, મૂર્તિ સ્પષ્ટ-પણે દેવની વીતરાગતા જ કહી રહી છે.' આ શાના પર ઉદ્‌ગાર ? કહો મૂર્તિનાં બાહ્યદર્શન પછી આંતર-દર્શનમાં ઊતર્યા. એનો અર્થ 'પણ કિહાં એક મળી જાઓ.' અર્થાત્ પરંતુ પ્રભુ ક્યાંક એકાદ જણને મળી જાઓ છો' હરિભદ્ર બ્રાહ્મણને એવા મળી ગયા અર્થાત્ એવા સ્વરૂપનાં દર્શન થઈ મનને જચી ગયા, મનને ગમી ગયા ને મળી ગયા કે પછી પ્રભુ દિલથી છૂટ્યા જ નહિ !

આવું કાંઈ બધાને દર્શન થતું નથી; શય્યંભવ, આર્દ્રકુમાર, હરિભદ્ર વગેરે કોઈક એકાદને જ થાય છે જેમાં પ્રભુ એમને મળી ગયા હોય. તેથી અહીં કહ્યું, 'પણ કિહાં એક મળી જાઓ' પ્રભુ! મન તો તમે દર્શન આપી ઘણા બધાના રાખો, **'પણ કિહાં એક મળી જાઓ'** પરંતુ મળો છો કોઈકને.

અથવા બીજો અર્થ

'કિહાં' એટલે 'ક્યાં ?' એ શબ્દ પ્રશ્ન સૂચવે છે. એટલે કે પ્રભુ ! તમે બધાને દર્શન આપી બધાના મન રાખો છો. પણ ક્યાં કોઈ એકને અંતરથી મળો છો ?

વીતરાગ પ્રભુ અંતરથી મળે તો તો જીવનયાત્રામાં વાણી વિચાર વર્તાવ વીતરાગના સામે જોઈ જોઈ ચાલે; અને એ તો કેટલા ઉચ્ચ કોટિના વાણી-વિચાર-વર્તાવ હોય ? આવું કેટલાને ?

અસ્તુ, દર્શન આપીને પ્રભુ ! તમે કોઈકને જ મળતા હો, યા કોઈને ય ન મળતા હો, પરંતુ

'લલચાવી લખ લોકને સાથી સહજ ન થાઓ.'

"હે શ્રેયાંસનાથ પ્રભુ ! લાખો લોકોને તમે લલચાવો છો કે, "આવો દર્શન

કરો હું તમારી સાથે થઈશ" પરંતુ સહજ સ્વભાવથી કોઈના સાથી નથી થતા." કવિ આ એટલા માટે કહે છે કે પ્રભુ જો જીવનયાત્રામાં આપણા સાથી થાય તો પૂર્વે કહ્યું તેમ વીતરાગ પ્રભુની આપણા દરેકે દરેક વાણી-વિચાર-વર્તાવ પર છાયા પડે, અને તેથી તત્ત્વવેત્તાને છાજતા વાણી-વિચાર-વર્તાવ ચાલે.

આને વિશેષ રીતે વિચારતા પહેલાં આપણે જરાક પાછા જઈએ.

'મન રાખો તુમે સવિતણો'...નો બીજો અર્થ :

એને બીજી રીતે જોઈએ તો કવિ કહે છે, 'પ્રભુ ! સવિ એટલે કે અનેક લોકોનું તમારામાં મન આવે છે, ને તમે એમના મનને તમારે કબ્જે રાખો છો, પરંતુ તમે ક્યાં કોઈ એકને મળો છો ? એટલે કે દર્શન ક્યાં આપો છો ? ચાલુ ભાષામાં કહેવાય છે 'ફલાણા ભાઈ મને મળ્યા હતા' એટલે ? ભાઈના દર્શન થયા હતા. એમ પ્રભુને કહેવાય કે 'ભક્તોનાં મનને તમે દર્શન ક્યાં આપો છો ?' મન પ્રભુમાં તો ગયું, પરંતુ મનને જો પરમાત્માનું દર્શન થાય, તો તો એ ભવ્ય દર્શનથી મન સઘળા દુઃખ ભૂલી જાય. અરે !

મન નાશવંત કાયાને ભૂલીને અવિનાશી આત્મામાં લીન થઈ જાય !

જુઓ, **નાગકેતુ.**

જનમતાં અઠ્ઠમનો તપ કરનાર મહાન શ્રાવક નાગકેતુ એકવાર પરમાત્માની પુષ્પપૂજા કરતા હતા, ને કરંડિયામાંથી એકેક પુષ્પ લઈ પિછવાઈ કે આગળમાં ગોઠવતા હતા. એમણે પ્રભુમાં મન રાખ્યું હતું, પરંતુ હવે જુઓ કે એમના મનને પ્રભુદર્શન યાને પરમાત્મદર્શન કેવુંક કાયાને ભૂલીને થાય છે ! પરમાત્મા એમને કેવા મળી જાય છે !

મનથી ભગવાનમાં લીન બનેલા નાગકેતુને પુષ્પના કરંડિયામાંથી છૂપાયેલો સાપ કરડ્યો. સાપનું વિષ ચડવા લાગ્યું, તો મન પ્રભુમાં રાખ્યું હતું, પ્રભુના કબ્જે હતું, એમાં પ્રભુ મળી ગયા, અર્થાત્ પરમાત્મ-દર્શન કરવા લાગ્યા, દર્શન ઓર વધાર્યું,... યાવત્ વીતરાગ પરમાત્મા સાથે અભેદ દર્શન થતાં વીતરાગ બન્યા ! કેવળજ્ઞાન પામ્યા !

પ્રભુ મિલનનો યાને પ્રભુના આંતર દર્શનનો પાવર આપણામાં આવે, તો આપણે પ્રભુને મળ્યા, અને પ્રભુ આપણને મળ્યા કહેવાય. નહીં તો ભગવાન મળ્યા, તેમનું દર્શન મળ્યું, પણ ખાલી ઉપર ઉપરથી દર્શન. ખરું આ સમજો કે,

ભગવાનને 'મળવું' એટલે ? માત્ર દેખવું નહિ, કિન્તુ જગતને ભૂલીને ભગવાન તરફ મન અને આંખ જોડવા. જગત ન ભુલાય તો ભગવાન કહેવાના મળ્યા, પરંતુ વાસ્તવમાં મળ્યા ન કહેવાય. માટે કહ્યું કે,

લલચાવી લખ લોકને, સાથી સહજ ન થાઓ. પ્રભુ આપ દર્શન બધાને આપો છો, તેથી પ્રભુ મળ્યાનું આશ્વાસન બધાને મળે છે, પરંતુ પ્રભુ ! જે સહેજે સહેલાઈથી બને એવું છે એ આપ લોકોના કેમ સાથી થતા નથી ? આમાં આપને કશો ખર્ચ નથી લાગતો કે કશી મહેનત નથી લાગતી; સાથી થવાનું આપને સહજ-સહેલું કામ છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૬,અંક-૪૩/૪૪,તા.૩૦-૭-૧૯૮૮

ભગવાન ત્રણ ભુવનના નાયક છે. આવા ભગવાન મળવા પર આપણું મન પ્રભુ તરફ લલચાય છે, કે આવા ઉત્તમ પરમાત્મા આપણા સાથી થશે; પણ પ્રભુ આપણા સાથી બનતા નથી, પૂછો કારણ,

પ્રશ્ન : પ્રભુ આપણા સાથી નથી એમ કેમ કહેવાય ?

ઉત્તર : જીવન-યાત્રામાં પ્રભુ જો સાથી હોય, તો તો આપણા વિચાર-વાણી-વર્તાવ વીતરાગની છાયાવાળા હોય.

અલબત આમાં દોષ હોય તો આપણો છે, આપણને દર્શન કરતા આવડતું નથી. ભગવાનનાં દર્શન કરવા, એટલે 'પ્રભુ આપણને પ્રેમ અને કરુણાથી જુએ છે,' તેવું દર્શન કરવું.

આપણે ભગવાનને તો જોઈએ છીએ, પણ ભગવાન આપણને જુએ... તે રીતે ભગવાનનું દર્શન કરવાનું છે.

એવું જો દર્શન કરીએ કે પ્રભુ પોતાની ચક્ષુમાંથી આપણી ઉપર પ્રેમ અને કરુણા છોડી રહ્યા છે, તો પ્રભુના એ પ્રેમ અને કરુણાને સાર્થક કરવાનું આપણને મન થાય. કમઠના લાકડાનો સાપ ધરણેન્દ્ર કેમ બની ગયો ? પાર્શ્વકુમારે દર્શન આપ્યું, તો સાપે દર્શન કર્યા, એટલે ભગવાનની આંખમાંથી વરસતો પ્રેમ અને વરસતી કરુણાવાળી પ્રભુની નજર સાપે જોઈ. એવી દયા અને પ્રેમ ભરેલી પ્રભુની નજર જોનાર સાપે એને સાર્થક કરી.

સાપ પ્રભુનો સાથ લઈ કમઠ પર દ્વેષ ભૂલ્યો, ને બળતી કાયાનો રાગ ભૂલ્યો. બળવા પર હાયવોય ભૂલ્યો અને દિલદર્દભર્યા સ્વરે સંભળાતા નવકારમંત્રના શ્રવણે એણે ભારે આશ્વાસન મેળવ્યું. ત્યાં મોત આવ્યું તો ધરણેન્દ્ર થયો.

સુગ્રીવજીવ બળદે પ્રભુને સાથી બનાવ્યા :

રાવણના વખતમાં વાલીનો નાનો ભાઈ સુગ્રીવ હતો તે પૂર્વ ભવમાં બળદ હતો. અંતિમ સમયે રસ્તાની બાજુમાં પડ્યો ડચકાં લેતો હતો. રસ્તા પરથી હજારો

લોકો પસાર થતા હતા, પણ કોઈને આ ડચકાં ખાતા ભૂખ્યા, તરસ્યા બળદની પડી ન હતી. કિન્તુ એક શ્રાવક ઘોડા પર એ રસ્તેથી નીકળ્યો, ને તેણે બળદની સામે જોયું. ઘોડા પરથી ઝટ નીચે ઊતરી ડચકાં ખાતા બળદ પાસે બેસીને એને ગદ્‌ગદ સ્વરે નવકારમંત્ર સંભળાવ્યા. એથી બળદને આશ્વાસન મળ્યું. એમાં બળદનું મોત થયું તો મરીને એજ નગરના રાજાનો પુત્ર થયો. શી રીતે સીધો રાજાનો વારસદાર? કહો, 'નમો અરિહંતાણં' સાંભળતાં નામનિક્ષેપે અરિહંતમાં મન રાખ્યું. સાથે મરણની વેદના ભૂલી અરિહંત નામને સાથી બનાવ્યું, એનું આ ઈનામ મળ્યું.

વેદના ભૂલે તો જ વીતરાગને સાથી બનાવાય. નાશવંત કાયા પરથી ઊઠાવી મનને અવિનાશી પરમાત્મામાં જોડવું જોઈએ.

રાજકુમાર ૧૬/૧૮ વર્ષનો થયો. ને ફરતા ફરતા આ જ જગાએ આવ્યો ને એને ઊહાપોહ થયો એમાં બળદનો પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. પોતાને બળદના અવતારે કોઈકે નવકારમંત્ર સંભળાવ્યો હતો તે ઉપકારી યાદ આવ્યો. હવે તે ઉપકારીના આવા જંગી ઉપકારનો બદલો શી રીતે વાળવો ? પહેલું તો એ ઉપકારી શ્રાવક શોધવો જ શી રીતે ?

પૂર્વભવના ઉપકારીને શોધવાની ટેક્નિક :

તો એ શોધવા માટે રાજકુમારે ત્યાં જ મોટું જિનમંદિર બનાવ્યું, અને જે રીતે બળદ તરીકે પડ્યો હતો, ને કોઈ શ્રાવક ઘોડા પરથી ઊતરી જે રીતે નવકાર મંત્ર સંભળાવી રહ્યો છે, તે મુજબનું મોટું ચિત્ર મંદિરમાં દીવાલ પર બનાવરાવ્યું, ને ત્યાં માણસ બેસાડ્યો જેથી આ ચિત્ર વિશે કોઈ બોલી ઊઠે, આ તો મારું જ ચિત્ર છે તો એને રાજકુમાર પાસે લઈ આવે.

ઉપકારના બદલામાં

પેલો શ્રાવક એકવાર ચૈત્ય-પરિપાટી કરવા નીકળ્યો હશે ને તેણે આ ચિત્ર જોયું. તેને તે વાત યાદ આવી કે 'મરતા એક બળદને મેં નવકાર મંત્ર સંભળાવી આશ્વાસન આપ્યું હતું.' તે બોલી ઊઠ્યો કે 'અહો ! આ તો મારું જ ચિત્ર ! પહેરેગીરે એને કહ્યું તમને રાજકુમાર સાહેબ યાદ કરે છે, એમ કહી એને કુમાર પાસે લઈ આવ્યો. રાજકુમારને ઉપકારી શ્રાવક મળી આવ્યાનો આનંદ થયો. રાજકુમાર શ્રાવકના પગમાં પડી ગયો. "ભાઈ સાહેબ ! તમારા પ્રતાપે અહીં રાજકુમાર પદ પામ્યો. જૈનધર્મ ને નવકાર-મંત્ર પામ્યો છું. લો આ રાજ્ય તમે લઈ લો, મારા પર ઉપકાર કરો. **અલબત મનુષ્યભવ પમાડવાના તમારા ઉપકારનો બદલો વળી શકે એમ નથી."**

ઉપકારના બદલામાં રાજ્ય આપે છે, પણ પેલો મહાન શ્રાવક કહે છે, 'મેં

કશો ઉપકાર કર્યો નથી. મેં તો એક શ્રાવક તરીકે મારું કર્તવ્ય બજાવ્યું છે કે મરતાને નવકાર આપવો. એનો કશો બદલો લેવાનો હોય નહિ. વળી ભરચક મહારંભ-મહાપરિગ્રહ અને ઉગ્ર કષાયો ભરેલું રાજ્ય મારે જોઈએ પણ નહિ. કિન્તુ આપ મારા શ્રાવક બનો એવી મારી વિનંતિ છે. જેમ મરતા બળદને નવકારમંત્ર દ્વારા તામ નિક્ષેપે અરિહંત સાથી થયા, ને કમઠના લાકડામાં બળતા સાપને એ જ પ્રમાણે તેમજ વધારામાં ભગવાન પાર્શ્વકુમારનાં દર્શન દ્વારા પ્રભુ સાથી થયા, તો તે બધાનું ઉત્થાન થયું ! એમ આપણે ભગવાન પાસે આ માગીએ છીએ 'પ્રભુ ! અમારા દિલમાં આપ અમારા સાથી થાઓ.'

આ માટે મંદિરમાં આપણે પ્રભુનાં દર્શન કરતાં પ્રભુની આવી દૃષ્ટિ આપણા પર પડતી જોવાની છે કે જાણે પ્રભુ આપણને આંખના ઇશારાથી આશ્વાસન આપી રહ્યા છે કે, 'જા, હું તારો સાથી થઈશ.'

મુંબઈ ચોપાટીના ટ્રસ્ટી સુધાકરભાઈના પિતાજી મણિભાઈ વકીલ દેરાસરમાં દર્શને આવે ત્યારે એકેક ભગવાનની દૃષ્ટિને આ રીતે ધારી ધારીને જોતા કે ભગવાનની પોતાના પર નજર પડે છે ને ? આ રીતે ભગવાનની કરુણામય દૃષ્ટિની ઝંખના આપણે કરવાની છે, અને આશ્વાસન મેળવવાનું છે કે, 'પ્રભુ આપણા સાથી બનવા કબૂલે છે.'

આ કલ્પનાની વાત છે, પરંતુ સચોટ કામ કરે છે. માટે તો કહ્યું, 'ઘેર બેઠા પણ એ ગિરિ ગાવે રે, જ્ઞાન વિમલ સુખ પાવે રે' અર્થાત્ ઘરે બેઠા કલ્પના કરે કે, 'આ સામે જ ગિરિરાજ છે,' અને એના ગુણગાન કરે એવા કરે, એવા કરે, કે કલ્પનાથી એમાં એકતાન થઈ જાય, "એમાં એકતાન" એટલે કે એના પર સિદ્ધ બનેલા અનંતા પરમાત્માની સાથે એકતાન થઈ જાય. આ એકતાન શી રીતે થવાનું ? તો કે કલ્પનાથી અને એનું ફળ વીતરાગતા અને જ્ઞાનવિમળ અર્થાત્ કેવળજ્ઞાન તથા વિમળસુખ અર્થાત્ મોક્ષ આવીને ઊભું રહે. ગુણસાગરને શું થયેલું ? ચોરીમાં આઠ કન્યાના પાણિગ્રહણ વખતે કલ્પનામાં જ ચડેલા કે જાણે લગ્ન પતી ગયા અને હવે હું સદ્ગુરુ પાસે સંયમ લઉં છું. સંયમ લઈને જાણે શાસ્ત્રાભ્યાસ કરું છું... તપ કરું છું... યાવત્ સમત્વ યોગમાં ચડું છું... એમ ભાવનામાં ચડતાં કેવળજ્ઞાન પામ્યા ! કલ્પના શું કામ કરે ? અજબ ગજબનું ! પ્રસન્નચંદ્ર રાજર્ષિએ નરસી કલ્પનામાં ઠેઠ સાતમી નરક સુધીનાં કર્મ બાંધ્યા ! પણ પછી એમણે જ સારી કલ્પના, સારી ભાવના ચલાવી તો પરાકાષ્ઠાએ કેવળજ્ઞાન પામ્યા !

રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ,
ચિત્ત તુમ્હારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. શ્રી શ્રેયાંસ... ૩

ભાવાર્થ : હે પ્રભુ ! આપ રાગથી ભરેલા ભક્તજનોના હૃદયમાં રહો છો ખરા, છતાં આપ ત્રિકાલ (સદાય) ને માટે વૈરાગ્યવાળા છો ! ખરેખર ! આપના હૃદયરૂપી સમુદ્રનો કોઈ તાગ પામવાને સમર્થ નથી.

વિવેચન : હે પ્રભુ ! ભક્તોના મન આપની ઉપર રાગવાળા છે. તે બધા ભક્તોના રાગ ભરેલા મનમાં આપ વસો છો. છતાં પણ આશ્ચર્ય છે કે આપ ત્રણે કાળ- ભૂત ભવિષ્ય અને વર્તમાન- એ બધી અવસ્થામાં આપ વૈરાગી છો. ભક્તના રાગભર્યા દિલમાં રહો છો અને છતાં જરા પણ લોપાતા નથી, ભક્ત પર લેશમાત્ર રાગ કરતા નથી આપ આવા મહાવૈરાગી છો. ભક્તો એ સદાયને માટે આપને પોતાનાં દિલમાં રાખ્યા છે, છતાં આપ લેશ પણ લેપાતા નથી એ આપનો મહાવૈરાગ્ય સૂચવે છે.

રાગ ભરે જન મન રહો - પ્રભુ કેવળજ્ઞાનથી જુએ છે કે ભક્તલોકો પ્રભુને રાગથી ખૂબ યાદ કરે છે. લોકોના દિલમાં પ્રભુ ભક્તિરાગથી વસેલા છે. સમકિત-દૃષ્ટિ અસંખ્ય ઇંદ્રો-દેવો અને વર્તમાનમાં ૨૦ અબજ મુનિઓ અને અબજો શ્રાવક-શ્રાવિકાના દિલમાં ભક્તિરાગથી પ્રભુ રહેલા છે. છતાં આશ્ચર્ય એ છે કે પ્રભુ વીતરાગ બન્યા રહે છે, વિરક્ત છે; તેથી પ્રભુના દિલમાં ભક્ત [illegible] રાગ નથી, ત્રિહુંકાળ યાને સદાકાળ પ્રભુને વૈરાગ્ય છે. ગૌતમસ્વામી વીર પ્રભુને 'વીર-વીર' જપે છે, છતાં પ્રભુને ગૌતમ માટે 'આ મારો ગૌતમ-મારો ગૌતમ'- એમ થતું નથી. પ્રભુ ! આપનું નામ રટતો રટતો કોઈ આપના શરણે આવે, છતાં એમાં આપ 'નરો વા કુંજરો વા'ની જેમ ઉદાસીન રહો છો. એમાં વળી, આપ ભક્તવત્સલ તો છો જ. ભક્ત પર વાત્સલ્યવાળું અને આમ જગત પ્રત્યે ઉદાસીન આ આપનું ચિત્ત કેવુંક ગહન છે ! એનો તાગ મોટાં યોગીજનને પણ મળતો નથી.

પણ તિહું કાલ વૈરાગ્ય: રાગભર્યા ભક્તના ચિત્તમાં રહેલા છતાં આપને ત્રણેકાલ જવલંત વૈરાગ્ય રહે છે. આ કેટલું આશ્ચર્ય કહેવાય ?

પ્રશ્ન : ત્રિકાળ વૈરાગ્ય શી રીતે ? ભૂતકાળ તો વીતી ગયો, એમાં, અત્યારે વૈરાગ્ય શી રીતે?

ઉત્તર : (૧) એની એક ઘટના આ રીતે, કે ત્રણેય કાળના ભક્તો પર રાગ નહિ એમાં, ભૂતકાળના ભક્ત એટલે ભૂતકાળમાં જે અરિહંતના રાગી થયા એમણે 'નમો જિણાણં'- 'નમો અરિહંતાણં'થી નમસ્કાર કરતાં એ ભવિષ્યના પર અર્થાત્ વર્તમાનના અરિહંત પર પણ બહુમાન-રાગવાળા બનેલા. એ ભક્તો પર

પણ પ્રભુ ! આપને રાગ નહિ, એમ ભૂતકાળ અંગે પણ આપને વૈરાગ્ય. અથવા

(૨) ભૂતકાળમાં વૈરાગી એટલે કે પ્રભુએ પોતે સંસારકાળમાં ભૂતકાળની જે વસ્તુના રાગ કરેલા, તેને પણ હવે વર્તમાનમાં હેય ગણી વૈરાગ્યના વિષય બતાવ્યા છે. એ દૃષ્ટિએ ભૂતકાળ પર પણ વૈરાગી,

આમ ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણે કાળમાં પ્રભુ ! આપ ભક્તો પર વિરક્ત છો. જ્યારે, ભક્તો આપને પોતાના રાગભર્યા ચિત્તમાં રાખે છે. આ કેટલું આશ્ચર્ય છે ! પ્રીત અરસપરસ હોય, છતાં અહીં **એકલા ભક્તમાં પ્રીત છે, ને ભગવાનમાં પ્રીત નહિ !**

ભગવાનનો ભક્ત પર કેમ રાગ નહિ ?

પ્રશ્ન : ભગવાને શું જોયું હશે કે એમને રાગી ભક્ત પર રાગ નહીં ?

ઉત્તર : (૧) પ્રભુ જોતા હોય કે ભક્તને અત્યારે રાગ છે, પરંતુ પછી કાં કસોટી આવતાં રાગ ભૂલી જશે, યા કસોટી પાર કરી વીતરાગ થશે ત્યાં રાગરહિત થશે. બંને સ્થિતિમાં ભક્તમાં રાગ ટકવાનો નથી, એટલે આવા અસ્થિર નાશવંત રાગની સામે રાગ શો કરવો ?

(૨) વળી પ્રભુ જડ અને ચેતન પરના અનંતા પલટાતા પર્યાયો જોતા હોય, ત્યાં એકાદા પર્યાય પર શું કામ કરે ? પ્રભુ જુએ છે કે આ બધો રાગ પણ બદલાતો છે. રાગનું કારણ ફરશે તો કાર્ય ફરવાનું છે, પછી કામચલાઉ એક પર્યાય પર સ્થિર થઈ જઈ રાગ કરવામાં કશું ડહાપણ નથી.

(૩) વળી પ્રભુ એમ પણ જોતા હોય કે, 'હું ભક્ત પર રાગ કરીશ તો ભક્ત આગળ નહીં વધે,' માટે ભક્તના નાશવંત રાગ પર રાગ નહીં કરવા દ્વારા પ્રભુ ભક્તના રાગને આગળ વધવા દઈ, વીતરાગ પર સ્થિર રાગ બનવા દે છે. જેમકે,

રાજીમતી પર રાગ નહીં કરીને નેમિનાથ પ્રભુએ રાજીમતીના રાગને સ્થિર રાગ બનાવ્યો ! એટલે પ્રભુને કેવળજ્ઞાન થતાં રાજીમતી એમની પાસે દીક્ષા લઈ વીતરાગ પરના શુદ્ધ રાગથી કર્મ ખપાવી મોક્ષ પામ્યા, અને ત્યાં મોક્ષમાં રાજીમતી ભગવાનના, ને ભગવાન રાજીમતીના, અનંત પર્યાયો જોયા જ કરે છે. 'એક રસે બેહું પ્રીત થઈ, તો કીર્તિ ક્રોડ ગવાણી.' કવિ જ્ઞાનવિમળસૂરિ કહે છે, **'એમ એકાંગી પ્રીત જે નર કરશે, તે ભવસાગર તરશે.'**

ભક્તો આપના પર રાગ કરે છે. રાગથી ભક્તો આપને મનમાં રાખે છે, છતાં આપ ત્રિકાલ રાગ નથી કરતાં એ કેમ બની શકે ? દુનિયામાં તો દેખાય છે કે રાગ અન્યોન્ય થાય છે. આપનું આ વિરક્તપણું આશ્ચર્યજનક છે, કેમકે આમ ત્રિકાલ વિરાગી છતાં રાગી ભક્તોને આપની પાસે રાખો છો. ગૌતમસ્વામીએ વીર

ભગવાન પરના રાગથી ૩૦-૩૦ વરસ સુધી ભગવાનની સાથે જ રહેવાનું રાખ્યું. ગણધર પુંડરીકસ્વામી ઋષભદેવ ભગવાન સાથે એક લાખ પૂર્વ વર્ષો રહ્યા. સાધુઓ-સાધ્વીઓ પ્રભુ પાસે કેટલુંય રહ્યા. શ્રાવક શ્રાવિકાઓ અવારનવાર પ્રભુનાં પડખાં સેવતા રહ્યા, આટલું છતાં એ ગૌતમ ગણધર એ પુંડરીક ગણધર પર પ્રભુને જરાય રાગ ન રહ્યો, ગૌતમ પ્રભુ પર રાગ કરી કરીને તૂટી મર્યા ને ગોશાળો દ્વેષ કરી કરી બરબાદ થયો છતાં પ્રભુનો ગોશાળા પર દ્વેષ નહિ તેમ ગૌતમ પર રાગ નહિ. કેવું અછેરું ! આ તે કેવુંક આપનું ચિત્ત !

આવા આપના ચિત્ત-સમુદ્રનો કોઈ પાર પામી શકે તેમ નથી. પણ છતાં ભક્તો પ્રભુ પર રાગ કર્યે જ જાય છે ! પરંતુ મારા જેવા પામરને આ મુશ્કેલ છે કે વિરાગી પ્રભુ પર રાગ કર્યે જાઉં. મારે તો સામેથી રાગની અપેક્ષા રહે છે. ભગવાન પાસેથી રાગનો રીસપોન્સ જવાબ મળતો નથી. તેથી મારા જેવા ભક્તજન અકળાય છે અને તે અકળામણમાં બોલે છે કે,-

એવા શું ચિત્ત મેળવ્યું, કેળવ્યું પહેલા ન કાંઈ,
સેવક નિપટ અબૂઝ છે, નિર્વહેશો તુમે સાંઈ...૪

ભાવાર્થ : આવા વૈરાગી-વીતરાગી પ્રભુ સાથે મેં ચિત્ત તો મેળવ્યું, પ્રીત તો કરી, પરંતુ પહેલેથી ચિત્તને તૈયાર ન કર્યું, કેળવ્યું નહીં (કે પ્રભુ તો રાગ કરવાના નથી એટલે મારે એક તરફનો જ રાગ કરવાનો રહેશે. એટલે હવે મુંઝવણ છે કે રાગ કેમ નભાવવો ?) છતાં આ સેવક તદ્દન (સર્વથા) અબૂઝ છે, ભોળિયો અભણ છે, માટે હે પ્રભુ ! આપ દયા કરી એને નભાવી લેશો.

વિવેચન : પ્રભુ પર ભક્તે રાગ કર્યો તે સમજીને કરેલો, કે આપણે પ્રભુ પર રાગ કરીએ, તો પ્રભુ આપણને આપણા કરીને રાખશે. પણ પ્રભુ વીતરાગ છે. મહાવૈરાગી છે. એટલે કોઈ પણ ભક્તને પોતાના કરી રાખતા નથી. આ વાતની જો મને પહેલેથી જ ખબર હોત તો આવા નિરાગી પ્રભુની સાથે ચિત્ત કેમ મેળવવું એ શીખી લેત, સમજીને આગળ ચાલત કે, 'પ્રભુ પર સ્નેહ કરવો છે ? તો એકપક્ષી-એકતરફી કરવાનો છે.' પહેલેથી મેં મારા મનને આ રીતે કેળવ્યું નહીં કે, "પ્રભુ મારા પર ભલે રાગ ન રાખે, તો ય મારે તો પ્રભુ પર રાગ રાખવાનો જ છે." પહેલેથી આ રીતે મનને કેળવ્યું હોત, તો હવે જે અકળામણ થાય છે કે, 'હું પ્રભુ પ્રભુ કરું ને પ્રભુ મારા સામું પણ ન જુએ ? હસીને બોલે પણ નહીં ?' જો પહેલેથી જ વિચાર્યું હોત તો આ પરિસ્થિતિ ન આવત. છતાં હવે અબૂઝ સેવકે વિચાર્યા વગર આપના પરના સ્નેહમાં ઝુકાવ્યું છે તો આપ તેના સ્નેહનો નિભાવ કરજો. માટે કહ્યું

"સેવક નિપટ અબૂઝ છે, નિર્વહશો તુમે સાંઈ !"

અર્થાત્ હું કંટાળી જઈ આપના પરનો સ્નેહ છોડી ન દઉં, એવું કરજો. કવિ પ્રભુને 'મારા સ્નેહનો નિભાવ કરજો' એમ કેમ કહે છે ? એટલા જ માટે કે કવિને લાગે છે કે ઉભય પાક્ષિક સ્નેહ કરવાને ટેવાયેલું મારું મન વીતરાગ પ્રભુ તરફથી સ્નેહ મળવાનું ન દેખાતાં, રખે ! વીતરાગ પ્રભુ પરનો રાગ ગુમાવી ન દે ?

પ્રશ્ન : તો કવિ શું માંડવાળ ન કરે કે વીતરાગ તો સ્નેહ નથી કરતા, તો ભલે મારે વીતરાગ પરથી રાગ જતો રહે ?

ઉત્તર : ના, વીતરાગ પર રાગ કર્યા વિના ચાલે એમ નથી; કેમ કે,

દુનિયાના સ્વાર્થી સરાગી માણસો પરથી રાગ હટાવવા, આ પ્રબળ ઉપાય છે કે વીતરાગ પર રાગ કરવો.

વીતરાગ પર રાગથી દુન્યવી રાગ કેમ મીટે ?

પ્રશ્ન : વીતરાગ ભગવાન પર રાગ કરવાથી સરાગી દેવદેવીના કે દુન્યવી જડ ચેતનના રાગ કેમ મીટે ?

ઉત્તર : એનું કારણ, (૧) પહેલું એ તપાસવા જેવું છે, કે વીતરાગ ભગવાન પર રાગ શા માટે થાય ? અને કેવી રીતે થાય ? વીતરાગ ભગવાન પર રાગ એટલા માટે કરવાનો કે એમણે આપણને આત્માની ઓળખ અને ધર્મનો પ્રકાશ આપ્યો છે. એનાથી આપણે અનંતાકાળથી ચાલી આવેલી અનંતા ભવોની પરંપરાને પિછાણી લઈ હવે એનો અંત લાવી શકીએ છીએ. (૨) બીજી વાત એ છે, કે આપણું ચિત્ત બહાર વિષયોમાં કેમ ભટક્યા કરે છે ? દા.ત. ઉંમરમાં આવી ગયેલા યુવાનને જો પરણવા કન્યા નથી મળતી અને વાસનાનો તીવ્ર ઉદય છે, તો એ શું કરશે ? બધા કાંઈ એવા સદાચાર અને પરસ્ત્રી-ત્યાગની મક્કમતાવાળા નથી હોતા; એટલે પરસ્ત્રીઓમાં ભટક્યા કરવાનો મોટો સંભવ. એટલા માટે તો શિષ્ટ પુરુષોનો આ વ્યવહાર છે કે ઉંમરમાં આવેલા જો ચારિત્ર લેવાના વીર્યોલ્લાસ-ભાવોલ્લાસવાળા નથી, તો એમને પ્રામાણિક લગ્નિવિધિથી સમાન કુળ શીલવાળા અને ભિન્ન ગોત્રવાળા સાથે જોડી દો. કેમ આ શિષ્ટ વ્યવહાર ? કહો, એટલા જ માટે કે પુખ્ત વયવાળા સદાચાર સાચવે, અને દુરાચારમાં ન ઘસડાઈ જાય. બસ, એ પ્રમાણે જો આપણું ચિત્ત વીતરાગ સાથે ગોઠી જવા દઈએ, તો એ બીજા ત્રીજા દેવીદેવતામાં તો ઘસડાય જ નહિ, ને વધારામાં સાંસારિક વિષયોમાં પણ એ તેવા અંધ આસક્ત બને નહિ. વીતરાગ ભગવાનની સાચી ઓળખપૂર્વક વીતરાગની માયા લાગી જાય, તો એનો આ પ્રભાવ છે કે મિથ્યા દેવી દેવતા તરફ જરાય આકર્ષાય નહિ, ને અંધ વિષયાસક્તિ મટી જાય.

દુનિયાના પદાર્થો જીવને કેમ અંધ બનાવી તાણે છે ? કહો, વીતરાગની સાથેના સ્નેહમાં ખામી છે માટે.

આ બધી આંધળી આસક્તિ-આકર્ષણો હટાવવી હોય, તો વીતરાગ પર દૃઢ ભારે રાગ-સ્નેહ-બહુમાન ઊભા કરો. પછી ત્યાં મનને થશે કે, 'મારા વીતરાગ ભગવાનની ખાતર મારે એવા બંધ જડ રાગ નહિ કરવાના. દા.ત. જિનપૂજા કરતાં હતા, ને શરીરે સામાન્ય ખણજ આવી, તો ભગવાન ખાતર તે ખણવાની નહીં, પણ સહન કરવાની. કાઉસ્સગ્ગ કરતાં પગે મચ્છર ચોંટ્યો, તો વિચારવાનું કે 'કાંઈ વાંધો નહીં. કાટ કાટ મચ્છર ! કાટ, તું કાંટે એમ મારા કર્મ કટે.' ભગવાન પરના સ્નેહના વિચારે સાધનામાં સ્થિર રહેવાય. માટે જ પેલા શેઠની વાત આવે છે ને ? કે,

રાતના શેઠ **સામાયિકમાં** હતા, ને સ્વાધ્યાય લગાવ્યો હતો, ને ઘરમાં ચોર પેઠા. ચોર તાળા ખખડાવે છે, ને ખોલવા પ્રયત્ન કરે છે. શેઠ વીતરાગ ભગવાન પર રાગવાળા, તે વિચારે છે, 'મારા ભગવાનનું કહેલું સામાયિક એની પ્રતિજ્ઞા ન ભાંગે માટે આંખ બંધ કરું જેથી ધ્યાન બીજે ન જાય; એમ કરી આંખ મીંચી, અને તાળા તોડવાનો અવાજ ન આવે તે માટે મોટેથી નવકારમંત્રનું ઉચ્ચારણ ચલાવ્યું. નવકાર મોટેથી બોલવા લાગ્યા, 'મારા પ્રભુનું સામાયિક ન ભાંગો' કેટલો બધો પ્રભુપ્રેમ ! પછી તો નવકારમંત્ર સાંભળતાં ચોરો 'આ ક્યાંક સાંભળ્યું છે ? ક્યાં સાંભળ્યું ? ક્યાં સાંભળ્યું ?'... એમ વિચારમાં ચડ્યા; જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વના જનમ-જનમમાં પાળેલું સાધુપણું યાદ આવ્યું. પણ ત્યાં સંયમપાલનમાં વિરાધના કરી હતી એ યાદ આવ્યું. પસ્તાવો થયો 'હાય ! વિરાધનાથી અત્યારે ચોર બન્યા ! વીતરાગ ભગવાન પરનો પ્રેમ ભૂલ્યા, તો અધમ વિરાધનામાં પડ્યા !'

ચોર વિચારમાં ચડ્યા કે 'સાધુપણામાં તો એક સળી પણ પૂછ્યા વગર લેવાની નહીં, ને અહીં મોટી ચોરીઓમાં ફસાયા ?' ચોરીના ગોઝારા પાપમાં કોની ખાતર જોડાયા ? કાયાને પૈસા જોઈએ માટે શું આ કાયા ખાતર પાપ ? ઇન્દ્રિયો ખાતર પાપ ? અહંત્વ ખાતર પાપ ?" આમ વિચારમાં અહંત્વ તૂટ્યું, જગતની આસક્તિ છૂટી ગઈ કે, 'ક્યાં હું સત્ ચિદાનંદ અરૂપી આત્મા ? ને ક્યાં આ જડ કાયા-માયા ખાતર નપાવટ ધંધા ?... બસ, આમ આસક્તિમાત્ર છૂટી જતાં ચોરો અનાસક્ત યોગમાં ચડી શુક્લ ધ્યાનમાં લીન બન્યા ! આગળ વધતાં કેવળજ્ઞાન પામ્યા ! ત્યારે હજુ શાહુકાર શેઠનું તો સામાયિક ચાલે છે. શુદ્ધ સાધના કરવી હોય તો ભગવાન પરના રાગથી જગતનું ભૂલીને એ સાધના કરવી જોઈએ. પ્રભુ સાથે આવી એકાંગી પ્રીત આપણે કરવાની છે.

આવી એકાંગી એક પક્ષીય પ્રીત કેમ કરવી, એ સવાલ છે; કવિ કહે છે

'પ્રભુ ! એક પક્ષીય પ્રીતનું ચિત્ત મેં કેળવ્યું નથી, પરંતુ આ તમારો સેવક અત્યંત અબૂઝ છે, એમ સમજીને મને સેવક તરીકે નભાવી લેશો.'

નિરાગી શું રે કિમ મિલે ? પણ મળવાનો એકાંત,
વાચક યશ કહે મુજ મિલ્યો, ભક્તિએ કામણ તંત. શ્રી શ્રેયાંસ પ

ભાવાર્થ : (લોકો કદાચ કહે, 'રાગી એવા અમારે) નિરાગી યાને વીતરાગ ભગવાનની સાથે શી રીતે મેળ મળી શકે ?' પણ કવિ વાચક યશ કહે છે કે, 'મને તો ભક્તિના કામણના તંત્ર-પ્રયોગ વડે પ્રભુ સાથે એકાંતમાં મળવાનો મોકો મળી ગયો છે.'

વિવેચન : રાગ વિનાના પ્રભુ સાથે રાગી એવા આપણાથી જોડાયેલા કેમ રહી શકાય ? તાત્પર્ય, રાગી એવા આપણે વૈરાગી પ્રભુને શી રીતે મળી શકીએ ? પણ મને પ્રભુ સાથે મળવાનો એકાંત અવસર મળી ગયો છે. કેવી રીતે ? તો કે 'ભક્તે કામણ તંત;' તંત એટલે તંત્રશાસ્ત્ર; મેં ભક્તિરૂપી કામણનાં શાસ્ત્રનો ઉપયોગ રાખ્યો છે, ને આ કામણનું શાસ્ત્ર એવું છે કે એનાથી અવશ્ય આપ મને મળશો.

ભક્તિ એ મોટું કામણ છે. ભક્તિ દ્વારા વિનયરત્ને યુગપ્રધાન એવા પણ કાલિકસૂરિ મહારાજને ય આકર્ષી લીધેલા.

'વીતરાગ પર ભક્તિભાવ,' એટલે વીતરાગ પ્રભુ પર અટલ વિશ્વાસ કે, 'ભગવાન પર મારી ભક્તિ છે તો વિઘ્નો-આફત-અંતરાયો નષ્ટ થઈ જવાના પછી મને ચિંતા શાની ?' એટલે ભગવાન પર વિશ્વાસ રાખી આપણે નિશ્ચિંત બનવાનું છે. શ્રીપાળ આ વિશ્વાસે જ નિશ્ચિંત હતા. તો વહાણના ઝરુખે બેઠેલા એ ધવલના પ્રપંચથી ઝરુખો નીચે નમી જતાં પડ્યા સમુદ્રમાં ! તો પણ શ્રીપાળને શી ચિંતા છે, જેની પાસે સિદ્ધચક્ર છે ? શ્રીપાળે પોતાનો બધો કેસ સિદ્ધચક્ર ભગવાનને સોંપી દીધેલો; પછી એ નિશ્ચિંત હોય એમાં શી નવાઈ ? જેમ કે મોટા સારા ઑફિસરની હૂંફના કારણે ક્લાર્ક કશી ચિંતા કરતો નથી. સારી ઇસ્પિતાલમાં દરદી દાખલ થઈ કોઈ સારા ડૉક્ટરને પોતાનો કેસ સોંપી નિશ્ચિંત બની જાય છે, તેમ પ્રભુને આપણે આપણો કેસ સોંપીને નિશ્ચિંત થઈ જવાનું છે. 'પ્રભુ પરની ભક્તિના પ્રતાપે બધું સારું જ થવાનું છે,' એવો પ્રબળ વિશ્વાસ ઊભો કરો; અને એ માટે પ્રભુ પર ભક્તિભાવ ખૂબ વધારો. એ આ સ્તવનનો સાર છે.

પ્રભુ ભલે નિરાગી; પરંતુ પ્રભુ પર પ્રીતિ-ભક્તિ કેળવવા આપણે સ્વતંત્ર છીએ; આપણે જેટલી ભક્તિ કરવી હોય એટલી કરી શકીએ. અને

એ પ્રીતિ-ભક્તિ એ વીતરાગ પ્રભુને આપણા દિલમાં બાંધવા માટેની સાંકળ છે; યા દિલને વીતરાગ પ્રભુમાં બાંધી દેવા માટેની સાંકળ પ્રભુ પર પ્રીતિ-ભક્તિ છે.

પ્રભુ સાથે આપણે બંધાઈએ, એ વીતરાગ પ્રભુને મળવા બરાબર છે. પ્રીતિ-ભક્તિ વિનાનું બધું નકામું, બધું લુખ્ખું. એ વિના કોઈ કહે, "હું પ્રભુનું એકાન્તમાં ધ્યાન કરું છું, પ્રભુને દિલમાં સ્થાપું છું," તો એ ખાલી મન-મનામણું છે. એમ કાંઈ ઊછળતી પ્રીતિ-ભક્તિ વિના પ્રભુ આપણા દિલમાં સંગીન સ્થાન પામે નહિ. આપણને પ્રભુનું મિલન નથી, એટલે તો આપણને તુચ્છ તુચ્છ દુન્યવી બાબતો અંગે રોદણાં રોતાં આવડે છે. મહાસતીઓનાં જીવન જુઓ, એમને કેવી કેવી ગંભીર આફતો આવી ? છતાં એ રોદણાં રોતી નથી બેઠી. કેમ વારુ ? દિલમાં વીતરાગ પ્રભુ પર પ્રીતિ-ભક્તિથી પ્રભુ સાથે મિલન કરેલું હતું; પછી દિલને ધરપત કે 'મને પ્રભુ મળ્યા છે, મારા અંતરમાં પ્રભુ વસ્યા છે; મારે જડની ખામીના શા રોદણાં ?'

(ઈતિ શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન વિવેચના)

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૯,અંક-૨૧,તા.૨-૨-૧૯૯૧

શ્રી વાસુપૂજય જિન સ્તવન-૧૨

સાહિબા તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું;
સાહેબા વાસુપૂજય જિણંદા, મોહના વાસુપૂજય જિણંદા;
અમે પણ તુમશું કામણ કરશું ભક્તે ગ્રહી મન-ઘરમાં ઘરશું. સા.૧
મનઘરમાં ઘરિયા, આઘર શોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા.
મન-ચૈકુંઠ અંકુઠિત ભક્તે, યોગી ભાગે અનુભવ યુક્તે. સાહેબા...૨
"ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર,
જો વિશુદ્ધ મન-ઘર તુમે આવ્યા, પ્રભુ તો એ નવનિધિઋદ્ધિ પાયા. 3
'સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાંહી પેઠા.'
'અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું.' ૪.
'ધ્યાતા-ધ્યેય-ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે'
ખીર-નીર પરે તુમશું મિલશું,વાચક યશ કહે હેજે હળશું, ...૫

શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન-વિવેચના-૧૨

સાહિબા તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું;
સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા;
અમે પણ તુમશું કામણ કરશું ભક્તે ગ્રહી મન-ઘરમાં ઘરશું. સા. ૧

વિવેચન : મહાન ઉપકારી મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સાહેબે સ્તવન ચોવીસી યાને ૨૪ ભગવાનનાં સ્તવનો બનાવ્યા છે. ૧૧ મા ભગવાનનાં સ્તવનમાં છેલ્લે કહ્યું કે, 'નિરાગીશું રે કિમ મિલે ?' વીતરાગ સાથે મિલાન કેમ થાય ? પણ કવિ કહે છે, 'મારે મિલન થઈ ગયું !' કેવી રીતે ? તો કે, 'ભક્તે કામણ તંત' તંત એટલે તંત્ર યાને શાસ્ત્ર, ભક્તિનાં તંત્રથી શાસ્ત્રથી મિલન થયું. એ શાસ્ત્રો કામણ કરે છે, માટે એવા કામણ શાસ્ત્રથી એ ભક્તિનું કામણ કરવાનાં શાસ્ત્રના આધારે ભગવાનનું મિલન થયું. આપણે તો મિલાન કર્યું, પણ ભગવાને કાંઈ કર્યું કે નહિ ? એનો જવાબ ૧૨મા ભગવાન વાસુપૂજ્ય સ્વામીના સ્વતનમાં કહે છે -

"સ્વામિ ! તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું."

ભગવન્ ! અમે તો કામણ કરતાં કરીએ, પણ હે સ્વામી ! તમે જ પ્રથમ કામણ એવું કર્યું કે કામણ કરીને અમારું **મન ચોરી લીધું. મન આપ લઈ ગયા, એટલે અમે મન વિનાના સૂનમૂન થઈ ગયા.** એટલે બીજા બધા વિષયોમાં-કામમાં યાવત્ ખાનપાનમાં બધે અમે મન વગરના થઈ ગયા, કારણ કે મારા મનનો આપે કબ્જો કર્યો. મારા મન પર આપનો જાદુ ચાલે છે, મન આપની પાછળ ઘેલું; મનને આપનું ઘેલું લાગ્યું છે. જેમકે પ્રિય-પ્રિયાને પરસ્પરનું ઘેલું લાગે છે.

ભગવાનની સાથે પ્રીતિ કરવી એટલે ?

"બીજા બધાં કામો હજી મન વગરનાં થાય, પણ પ્રભુની સ્મૃતિ-સ્તુતિ-ભક્તિ મનપૂર્વક થવાં જોઈએ."

માટે જ કહ્યું છે 'જિહાં રામ, તિહાં નહિ કામ' જે મનમાં રામ છે ત્યાં કામ નથી રહી શકતો. એટલે જેનું મન રામમાં છે, તેનું મન કામવાસનામાં નથી. 'મન રામ છે,' એટલે કે રામે કામણ કર્યું છે કે મન એમનામાં જઈ બેઠું. 'ભગવાને કામણ કર્યું' એમ કવિનું કહ્યું કહીએ છીએ, તો સવાલ એ છે કે શું પ્રભુનું ખરેખર એ કામણ આપણે સ્વીકાર્યું છે ખરું ? એ સ્વીકાર્યું ત્યારે કહેવાય કે જગતની ચીજો આપણું મન ચોરી લે એના બદલે, હવે ભગવાન આપણું મન ચોરી લેતા હોય. નહિતર 'સ્વામી ! તમે અમારા પર કામણ કર્યું' એવા શબ્દનાં તો માત્ર ફૂલ વેર્યા કહેવાય.

કવિ કહે છે કે, "એમ ને એમ એમ નથી કહેતા, અમે અમારા અનુભવથી

કહીએ છીએ કે "ભગવાન મળ્યા પછી આ મન બીજે ક્યાંય જતું નથી. નાના બાળકને ગમે તેટલું કોઈ લોભાવે તો પણ, તે પોતાની મા પાસે જ જવાનું; એમ અમારું મન તમારી પાસે જ આવે છે." અહીં એક પ્રશ્ન થાય,

ભગવાનનું કામણ શું ?

પ્રશ્ન : ભગવાને એવું શું કામણ કર્યું હશે ? દુનિયામાં કામણ કોને કહેવાય ? વનસ્પતિ-જડીબુટ્ટીનાં કામણ કહેવાય છે, પણ એની કોઈ કિંમત નથી. મોટું કામણ તો વિનય અને સેવાનું છે. તો શું ભગવાને આપણા પર આવું કાંઈક કામણ કર્યું છે ? સેવાનું કામણ છે, ૨૪ કલાક સેવામાં ઊભો રહી જાય. પણ તે તો સેવા કરનાર જો નોકર હોય, તો એનું શેઠ પર કામણ થાય. અહીં તો કામણ કરનાર ભગવાન સ્વામી છે, તો પ્રશ્ન છે કે ભગવાને આપણા પર શું કામણ કર્યું ? એ થોડી જ આપણી સેવા કરવા આવે છે ? શિષ્ય ગુરુની સેવા કરે, શેઠાણી શેઠનો વિનય કરે. દીકરો બાપનો વિનય કરે, સેવા કરે, આ કામણ છે, તો જ એ એમની નજરમાં ઠરે છે. એના પર એમની રહેમ નજર પડે છે જે એને પોતાની પાસેનો દલ્લો આપે છે **તો ભગવાને શું કામણ કર્યું ?**

ખરેખર આપણા દિલમાં સંવેદન થવું જોઈએ કે 'ભગવાને કામણ એ કર્યું કે પોતાનું જીવન, પોતાના સ્વરૂપ અને ઉપકાર ભગવાને આપણને એવા બતાવ્યા કે ઘડીભર આપણને થાય કે, 'આવું ક્યાં જોવા મળે ? કે મળશે ?'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૯,અંક-૨૪,તા.૨-૩-૧૯૯૧

ભગવાનનો કાઉસ્સગ્ગ કેવો ? આપણા પર ઉપકાર ૧ લાખ 'પૂર્વ' :

ઋષભદેવ ભગવાન એક હજાર વર્ષ સુધી કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા ! કેવોક કાઉસ્સગ્ગ ? કાયાને ઊભી જ રાખી. ત્રીજા પ્રહરમાં આહાર નિહાર કરી લીધા પછી કાઉસ્સગ્ગમાં ઊભા રહે; તો ક્યાં સુધી ? આજે બપોરના ૩॥ થી આખી રાત અને આવતી કાલના બીજા પ્રહરના અંત એટલે કે બપોરના ૧૨॥ સુધી ! ભગવાને આપણને કેવું ભવ્ય જીવન બતાવ્યું ? એકલો કાયાનો ઉત્સર્ગ (ત્યાગ) એટલું જ નહીં, પણ વાણીનો પણ ઉત્સર્ગ યાને ત્યાગ ! કોઈની ય સાથે એક શબ્દનો વાત-વીસામો નહિ. આપણે એક પ્રતિક્રમણ કરીએ ત્યાં પ્રતિક્રમણ પૂર્ણ થતાં જ વાતો ચાલુ ! વળી ભગવાને મનનો ઉત્સર્ગ પણ કેવો કર્યો ? મનમાં એકલો તત્ત્વનો જ વિચાર, સાધનાનો જ વિચાર, બીજો કોઈ જ વિચાર નહીં ! કોઈ ઉપસર્ગ કરવા આવે કે ગાળ આપે તો પણ મનમાં 'આ ખરાબ છે' એવો ય કોઈ વિચાર સરખો ય નહીં.

કેવળજ્ઞાન થયા પછી ઋષભદેવ ભગવાન એક લાખ પૂર્વ વર્ષ સુધી પૃથ્વી પર વિચરતા રહ્યા! એક 'પૂર્વ'માં ૭૦,૫૬૦ અબજ વર્ષ જાય. એવા ૧ લાખ 'પૂર્વ' સુધી પ્રભુ પગે ચાલીને વિચર્યા ! દેવતાઓ સેવામાં હાજર હતા, ભગવાનને પાલખીમાં ઉંચકી જવા તૈયાર ! છતાં ભગવાન દેવતાની પાલખીમાં ન બેઠા. ભગવાને આવા અનન્ય આલંબન આપવાના ઉપકાર આપણા પર કર્યા છે !

કામણ કરે એવું ભગવાનનું જીવન છે. એવી સાધના અને એવું પરમાત્મ-સ્વરૂપ બતાવ્યું. મહાવીર દેવે અરિહંતનું સ્વરૂપ કેવું બતાવ્યું ? આપણી દૃષ્ટિમાં દેખાય કે 'આ ગોશાળો હરામી, અને ગૌતમ સારા;' પણ ભગવાનની દૃષ્ટિમાં ગોશાળો અને ગૌતમ બેમાંથી કોઈ ખરાબ નહીં કે કોઈ સારા નહીં. ભગવાનની દૃષ્ટિ 'તુલ્ય મનોવૃત્તિવાળી' હતી. ભગવાનને ગૌતમ પ્રત્યે કોઈ આકર્ષણ નહીં અને ગોશાળા પ્રત્યે કોઈ તિરસ્કાર નહોતો. એમાં ભગવાને વીતરાગતાનું-નિર્વિકારતાનું સ્વરૂપ એવું બતાવ્યું ! એમ પોતાના જીવનનું અને સાધનાનું ઉચ્ચ સ્વરૂપ આપણને બતાવી ઉપકાર એવો કર્યો કે કહો આવું કામણ આપણા પર ભગવાને કર્યું !

ભગવાને જગત પર મોટા ત્રણ ઉપકાર કર્યો.

(૧) તત્ત્વનો પ્રકાશ આપ્યો : અનેકાંત ગર્ભિત જીવાદિ નવતત્ત્વો બતાવ્યા !

(૨) સન્માર્ગ આપ્યો : દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિશુદ્ધ મોક્ષ માર્ગ બતાવ્યો !

(૩) સ્વજીવનનું ને સ્વપ્રભાવનું આલંબન આપ્યું.

સુદર્શન શેઠને શૂળીનું સિંહાસન થયેલું, કેમ ? પૂર્વ ભવમાં 'નમો અરિહંતાણં'ના આલંબનથી સંસાર બીજા જ ભવમાં પતાવી નાખ્યો. પૂર્વ ભવમાં એ ઢોરાચારું નોકર ઢોર ચરાવવા જતો, ત્યાં 'નમો અરિહંતાણં' નું જ રટણ રાખેલું. નવકારનું માત્ર પ્રથમ પદ સારી રીતે ઘૂંટેલું ! છેલ્લે નદીમાં જંપો માર્યો, પેટમાં કાષ્ઠનો વૃક્ષનો ખૂંટો ખુંપી ગયો, પણ ત્યાં ય 'નમો અરિહંતાણં' જેના પ્રભાવે એ જ શેઠને ત્યાં એ પુત્ર સુદર્શન તરીકે થયો ! બ્રહ્મચર્ય ને અહિંસાની પરીક્ષામાં પાસ થયા, બંને વ્રતનું પાલન કરતાં, એ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા !

બ્રહ્મદત્ત ચક્રવર્તિએ કુરુમતિના તીવ્ર પ્રેમનો પાઠ ઘૂંટેલો હતો, તેથી અંધ થયો તો ય 'હે કુરુમતિ! તું ક્યાં છે ? એમ રટતો હતો, તો મરતી વખતે પણ એના એ જ પાઠમાં મર્યો, અને સાતમી નરકમાં ઉત્પન્ન થયો ! ત્યાં પણ 'હે કુરુમતિ' કરતો ફાંફાં મારે છે. ત્યાંના નારકી જીવો એના મોં પર પત્થરો મારીને કહે છે, "લે આ તારી કુરુમતિ", જે ઘૂંટ્યું હોય તે જ છેલ્લે આવે. જીવનભર જિનમૂર્તિ પૂજી હોય, તો અંતે એ યાદ આવે.

અરિહંત ભગવાને મૂર્તિનું આ આલંબન આપ્યું છે. આ ભગવાનનું કામણ

જેમ ફોટાવાળો કહે, "તમારું મોં હસતું રાખો. બાકી અમે સંભાળી લઈશું" તેમ કર્મસત્તા જાણે કહે છે 'તમે ભગવાનનું નામ લો, ભગવાનનું આલંબન કરો, બાકી અમે સંભાળી લઈશું.' આ ભગવાનનું કામણ છે. ભગવાને પોતાના જીવનમાં ઉત્કૃષ્ટ ત્યાગ-તપ સ્વયં આચરીને પછી ત્યાગ તપનું કેવું કામણ બતાવ્યું ! સોળમાં સત્તરમાં, અઢારમાં ભગવાન ચક્રવર્તી હતા, છતાં બધુ છોડીને ત્યાગ-તપ સંયમના માર્ગે નીકળી ગયા.

ભગવાન તમે એવું કામણ કર્યું છે, કે જેથી જગતની બીજી કોઈ ચીજ અમને ખેંચતી નથી.

પ્રભુએ આપણા પર એવું કામણ કર્યું, એવું આપણું ચિત્ત ચોરી લીધું, હવે ચિત્ત ચોરાઈ ગયા પછી, બીજા ત્રીજા વિચાર કરવાનું સાધન જતું રહ્યું. એટલા એવા અસત્ વિચારોથી બચવાનું મળ્યું. અહીં ભક્ત કવિનો પ્રભુમાં કેવોક ઝુકાવ છે, તે વિચારવા જેવું છે. કવિએ પોતાની આત્મ સ્થિતિ કેવી બનાવી હશે કે તેમનું ચિત્ત પ્રભુમાં જ લીન થયેલું છે ? અહીં સવાલ થાય,

પ્રશ્ન : મન પ્રભુમાં જ લીન બનાવ્યું છે, તો શું શાસ્ત્ર-સ્વાધ્યાય-પડિલેહણ આદિ આવશ્યક ક્રિયાઓ અને જીવન જરૂરી ખાનપાનાદિ નહીં કરતા હોય ?

ઉત્તર : શાસ્ત્ર-સ્વાધ્યાય અને પડિલેહણાદિ આવશ્યકો જરૂર કરતા હોય, પણ એમાં તો ભગવાનની આજ્ઞા છે તેથી તેમાં ભગવદ્ના જ વિચાર છે. અથવા આ ક્રિયા જિનાજ્ઞાનુસારી થાય છે, તેથી તેમાં ભગવાનનું અનુસંધાન સાથે જ છે અને ખાનપાનાદિની ક્રિયા પણ ભગવાનની આજ્ઞા મુજબનાં સૂત્રાપોરિસી અર્થપોરિસીના સ્વાધ્યાય બાદ ૪૨ દોષથી રહિત ગોચરી ગવેષણા આદિ જિનાજ્ઞાથી વણાયેલી છે, એટલે તે પણ ભગવાનની આજ્ઞાનું અનુસંધાન જ છે.

અથવા ખાનપાનાદિ એ શરીરને આપવામાં આવેલા વીસામા સમાન છે. ખાન-પાન આપી શરીર પાસેથી વિશેષ કામ લેવું છે, તે જિનાજ્ઞા મુજબ આપી દીધું એમાં પણ મન પ્રભુમાં જ લીન ગણાય. પ્રયાણ કરતા હોઈએ. ત્યાં રાતના મુકામ કરી વીસામો લેવાય છે, છતાં 'પ્રયાણ ચાલુ જ છે' તેમ કહેવાય છે.

આ રીતે આપણું મન ભગવાનમાં લીન થયું એ ભગવાન દ્વારા આપણું ચિત્ત ચોરાઈ ગયું ગણો, છતાં અન્ય જ્ઞાન-ક્રિયા પણ ભગવાનના વચનાનુસાર છે. તેથી તેમાં પણ મન તો ભગવાનમાં જ છે તેમ કહેવાય.

ટુંકમાં, ભગવાનની આજ્ઞાનું અનુસંધાન બે રીતે,

(૧) ભગવાનની આજ્ઞા છે માટે કરવું તે આજ્ઞાનુસારી.

(૨) આજ્ઞા મુજબનું કરવાનું માટે વિધિ-અનુસારી.

માટે જ કહ્યું છે કે **"शास्त्रे पुरस्कृते तस्मिन् वीतरागः पुरस्कृतः"**

જેણે પોતાની જ્ઞાન-ક્રિયાદિની પ્રવૃત્તિને શાસ્ત્રે કહ્યા મુજબની કરી તેણે વાસ્તવિકમાં ભગવાનને જ આગળ કર્યા છે. એટલે ભગવાનનું વચન જે 'શાસ્ત્ર' છે તેનું સ્મરણ-ચિંતન તે ભગવાનનું જ સ્મરણ ચિંતન છે. કહ્યું પણ છે કે,

'अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र ईति' મન શાસ્ત્રવચનમાં છે તે પરમાર્થથી ભગવાનમાં જ છે.

એટલે પછી ખાનપાન પણ ભગવાનની આજ્ઞા મુજબનાં થવાનાં, અને તેમાંથી પણ રસ યાને હોંશ ઊડી જવાના; કેમકે મન ભગવાનમાં છે. વળી ભગવાનની આજ્ઞા જ કહે છે કે ખાનપાન એ બધા પુદ્ગલના ખેલ છે, માટે ભક્ત વૈરાગી હોઈ તેનાં ખાનપાન માલ વગરનાં હોય; જે રસ ખાતર કરવા જેવા નહિ.

કવિ કહે છે કે, આપે મારા પર કામણ કરીને મારું મન ચોરી લીધું વશ કરી લીધું. તો સાહેબ ! હું પણ કાંઈ જેવો તેવો નથી, હું પણ આપનો જ ભક્ત છું ને ? હું પણ આપના ઉપર કામણ કરીશ. કોઈ પૂછે,

ભગવાને તો કામણકર્યું. તું શું કરીશ ?

"અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ સહિત મન ઘરમાં ધરશું." ૧.

મોટેરા નાના પર દલ્લો આપવાનું કામણ કરે, એમ ભગવાને આરાધના માટે આલંબનાદિનો દલ્લો આપ્યો એ કામણ કર્યું. એટલે અમારું મન પ્રભુ તમારા દ્વારા ચોરાઈ ગયું; તો અમે પણ તમારા પર કામણ કરશું અને અમે પણ ભગવાનને ભક્તિપૂર્વક અમારા મન ઘરમાં પધરાવી દઈશું. અહીં કવિ વિશેષતા બતાવે છે, અમે તમારા કરતાં મોટું કામણ કરશું. શું કરીશ ? પ્રભુ ! તમે તો ફક્ત મારું મન જ ચોરી લીધું પણ અમે તો આખા ને આખા આપને અમારા મનઘરમાં ધરી લઈશું.

ત્યારે સવાલ થાય કે, 'સ્વામીએ મન તો પહેલાં ચોરી લીધું છે, પછી આપણી પોતાની પાસે મન જ ક્યાં રહ્યું કે એમાં પ્રભુને પધરાવાય ? તો કવિએ આમ કેમ કહ્યું ? એનો જવાબ એ છે કે,

(૧) 'चित्त चोर्युं'નું પ્રથમ સમાધાન :

ભલે આપણું મન ભગવાન ચોરી ગયા, પરંતુ જ્યારે પ્રભુને આખાને ભક્તિથી ઉઠાવીને મનઘરમાં બેસાડીશું, ત્યારે ભગવાનની સાથે આપણું મન પણ પાછું આવી જશે. પ્રભુ ! આપણું મન ચોરી ગયા એટલે મનની સાથે મનના ધર્મ ભગવાનમાં ગયા; પરંતુ આપણે ભક્તિના બળ વડે ભગવાનને લઈ આવ્યા, તેથી તે મન પાછું આપણામાં આવી ગયું. સાથે સાથે ભગવાનના બધા જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણો પણ આપણામાં આવ્યા.

'ચિત્ત ચોર્યું'નું બીજું સમાધાન :

ભગવાને ચિત્તનું અમારું ચોરી લીધું, એટલે આ 'ચોરી' જેમ માલની ચોરી થાય છે એમ નહીં પણ ભગવાને અમારું મન 'ચોરી' એટલે 'હરી' લીધું, આકર્ષી લીધું. અત્યાર સુધી અમારું મન જગતને જોવા જતું હતું, પણ હવે એ તમારા તરફ આકર્ષાયું એટલે હવે માત્ર તમને જ જુએ છે, બીજાને જોવાની ઇચ્છા જ રાખતું નથી. પ્રભુ મારા મનનો વળાંક તમે ફેરવી લીધો. ખેર, હું તમારો સેવક છું, હું પણ કાચો નથી. તમે તો માત્ર મારા મનને તમારા તરફ આકર્ષી લીધું, પણ હું તો તમને આખા ને આખા મારા મનઘરમાં બેસાડી દઈશ...'

"ભક્તિ સહિત મનઘરમાં ધરશું"

પ્રશ્ન : અહીં ભક્તિ સહિત કેમ કહ્યું ? ભક્તિ વગર પધરાવીએ તો એ સ્થિર થઈ ન બેસે, જેમ કોઈ મહેમાનને ઘરે બોલાવ્યા હોય પછી ઘરના કોઈ એની સામે પણ ન જુએ, કે ચા-પાણી પણ ન આપે, તો એ મહેમાન ઘરમાં વધારે વખત ન બેસે. બેઠા ન બેઠા ને ઊઠીને જતા રહે. તેમ ભગવાનને પણ મનમાં ભક્તિપૂર્વક પધરાવીએ તો મનમાં રહે, નહિતર મનમાં બીજાનો પ્રવેશ થઈ જાય. ભક્તિ-સહિત પધરાવવા હોય, તો પહેલાં મનમાં ભક્તિ ઊભી કરવી પડે.

તો એ ભક્તિ શું છે ?

ભક્તિ છે મમતા સાથેના પ્રેમ સાથેનો બહુમાન ગૌરવભર્યો ઉછાળો.

મોટા શ્રીમંત જમાઈ ૮/૧૦ વર્ષે ઘરે આવે, તો સાસુ-સસરો (૧) આખા ગામમાં કહી વળે છે કે અમારા જમાઈ આવ્યા છે. વળી (૨) ૨૪ કલાક સેવામાં ઊભા રહે છે, એમ (૩) ભગવાન સાથે જે પ્રેમ-બહુમાનનો ભાવ ઝગમગે છે, 'મારા તો એ ભગવાન' એ ભગવાન પ્રત્યે ભક્તિ છે.'

આ ભક્તિ ચંદનબાળામાં હતી.

'મારા પ્રભુ !' ચંદનબાળાના મનમાં જેમ હતા, એ રીતે જુઓ. ચંદનાના માથે આપદાઓ કેટલી વરસેલી ? રાજકુમારી હતી, પણ પિતાનું રાજ્ય ગયું ! સિપાઈ દાસીની જેમ પકડી લઈ ગયો ! ઊભા બજારે વેચાઈ ! શ્રાવક શેઠ ખરીદી ગયા, પણ કેવી રીતે રહેવું પડ્યું ? શેઠાણી મૂળા આ બાળા સામે આંખ કાઢીને ઊભી રહેનારી ! એક વાર શેઠ દુકાને ગયા બાદ મૂળાએ ચંદનાના માથે મુંડન કરાવી હાથપગમાં બેડી પહેરાવી નીચે ભોંયરામાં પૂરી દીધી ! ને પોતે પિયર જતી રહી. ૩ દિવસે શેઠને પત્તો લાગ્યો. ચંદનાને જોઈને શેઠ રડી પડ્યા ! 'હાય, હાય, આ શું કર્યું તારી માએ ? પણ ચંદનાનાં દિલમાં તો 'કેવાક મારા પ્રભુ ! કેવાક મારા મહાવીર પ્રભુ ! એ મારા દિલમાં છે એટલે મારી પાસે કરોડોનો ખજાનો છે.

મહાવીર પ્રભુથી હું મારી જાતને ઉત્કૃષ્ટ સૌભાગ્યશાળી સમજું છું. મારા ભગવાન મારે પરમ નિધાન સમાન છે,' આ શુભ ભાવના હતી.

શેઠ રડતાં રડતાં કહે છે કે, 'પણ આ તારા વાળ તારી દુષ્ટા માએ કપાવી નાખ્યા ? પગમાં બેડી નાખી ? તને ભૂખે મારી ?'

ત્યારે ચંદના કહે છે કે બાપુ ! એ બધું સારું કર્યું માએ. મારા ભગવાનને સળંગ યાદ કરવા માએ બધી સગવડ કરી આપી. ખાવા જો આપ્યું હોત, તો એ ખાવા બેસવામાં એટલો સમય ભગવાન ભૂલી જવાત...

ચંદનાનું કેવુંક બહુમાન, કેવોક પ્રેમ, ભગવાન ઉપર ! ઉછળતી પ્રીતિ-પ્રેમ-મમતા સાથેનું બહુમાન ભગવાન ઉપર. શેઠ સમજે છે કે 'બધુ સુખ ગયું.' જ્યારે ચંદના સમજે છે કે 'બહુ સારું થયું, મહા સુખ આવ્યું !'

ચંદનાને મહાવીર ભગવાન ૩૬ હજાર સાધ્વીમાં વડેરી બનાવી તે શું એમ જ ! ચંદનબાળાએ એવા મનઘરમાં ભક્તિ સહિત ભગવાનને ધર્યા છે કે એને એની આગળ દુનિયા કાંઈ વિસાતમાં નથી. ત્યારે તો ચંદનબાળાએ ભગવાનને વહોરાવ્યું ત્યાં આકાશમાંથી ૧૨॥ કોડ સોનૈયા વરસ્યા, રાજા એ લેવા આવ્યો, પણ સૌધર્મ ઇંદ્રે ત્યાં હાજર થઈ જાહેર કર્યું કે, 'આ ચંદનાની માલિકીના છે' છતાં ચંદનબાળાએ તરત એ ધનાશેઠની માલિકીમાં સોંપી દીધા ! કેમ વારુ ? કહો, **'એટલા જ માટે કે દિલમાં જે ભગવાનને ધર્યા હતા એની આગળ આ અઢળક ધન પણ કશી વિસાતમાં લાગતું નહોતું.'** તો હૈયામાં અણમોલ રત્ન જેવા ભગવાનને ધર્યા પછી કિંમત વિનાના માટીના ધનને શું વસાવવું ?

પ્રભુને કવિ કહે છે, 'મારી પાસે ભક્તિનું કામણ છે, એ ભક્તિથી તમારે અમારા મનઘરમાં ખેંચાઈ જ આવવું પડશે' પૂર્વે ભક્તો ભગવાનની એવી અનન્ય ભક્તિ કરનારા થઈ ગયા; જેમકે નાગકેતુ ભગવાનની પૂજા કરતા હતા. પુષ્પના કરંડિયામાં નાગ છુપાયો હશે એમાંથી ફૂલ લેવા જતાં નાગે ડંખ માર્યો, પણ નાગકેતુ ભગવાનની ભક્તિમાં એવા ઓતપ્રોત હતા કે એમણે ડંખ-પીડાને વિસારી ભગવાનને જ પોતાના મનમાં ખેંચી લીધા, તે ચડ્યા વિરાગમાંથી વિરતિમાં અને ત્યાંથી ક્રમશઃ વીતરાગતામાં. એ વીતરાગ બની ગયા. એમણે મનઘરમાં પ્રભુને કેવાક વસાવ્યા હશે ?

ભક્તના મનમાં ભગવાન પરાયા થઈને રહે તો મેળ ન જામે, એકમેક બનીને રહે તો મેળ જામે. એટલે નાગકેતુ ત્યાં ભગવાન સાથે એકમેકતા યાને અભેદ-સંબંધ કરીને એકમેક થઈ ગયા.

વીતરાગ સાથે એવી એકમેકતા વીતરાગ બનાવે.

મનઘરમાં ઘરિયા, આઘર શોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા.
મન-ચેકુંઠ અંકુઠિત ભક્તે, યોગી ભાગે અનુભવ યુક્તે સાહેબા...૨

ભાવાર્થ : 'પ્રભુ ! અમે તમને અમારા સુશોભિત મનઘરમાં ધર્યા છે, પછી તમને ત્યાંથી ખસવાનું મન જ નહીં થાય ! કેમ ? અમારા મનઘરની શોભા જ એવી છે, ઘરની શોભા જોઈને તમે હંમેશા ત્યાં જ સ્થિર થઈ જશો.'

વિવેચન : તો ઘરની શોભા શું છે ? મોટા પુરુષોને ઘરે લાવવા હોય તો ઘરની ઉંચી સજાવટ કરવી જોઈએ છે.

મનઘરની સજાવટ-શોભા-ડેકોરેશનમાં શું શું ?

તે શોભા છે મૈત્રી આદિ ચાર ભાવના, અને પાંચમી વૈરાગ્ય-ભાવના. આ હોય ત્યાં ભગવાન સ્થિર રહે છે. મૈત્र્યાદિ ભાવનાને સીધો સંબંધ અરિહંત સાથે છે.

મૈત્રી એટલે સર્વજીવો પ્રત્યે સ્નેહ-પરિણામ.

જે મનમાં એ હોય તેવા મન ઘરમાં ભગવાન સ્થિર થાય. ત્યાં પહેલાં તો ભાવમલનો નાશ અર્થાત્ અત્યંત ચિકણાં જે કર્મ છે તેનો નાશ થવો જોઈએ.

એક મહાત્મા હતા. એકવાર એ અનુપયોગથી સહેજ ભાષા સમિતિ ચૂક્યા. કોઈની જોડે કાંઈ અપ્રિય કે કષાયનું બોલાઈ ગયું હશે, અને ચોંક્યા ! 'અરર ! મારાથી આવો શબ્દ બોલાઈ ગયો ? આવો મારો અનુપયોગ ? મારે તો હજી પાશેરામાં પહેલી પૂણી છે. આમાં તો જનમ- જનમની કમાણીનો નાશ થઈ જાય. તો શું કરવું ? ત્યાં જ અભિગ્રહ કરી દીધો કે 'જિંદગી સુધી મૌન'. બોલવામાં ઘણા દુર્ગુણો પોષાય છે. અપ્રિય અહિતનું બોલો તો તે ખોટું છે. મહાત્માએ જિંદગીભરનું મૌન પાળ્યું ! વિહાર કરતાં રસ્તો ભૂલી ગયા, તો પણ કોઈને માર્ગ પૂછવા ય બોલવાનું નહીં ! તો શું કરે ? ઊંડાણમાં ઊતરો તો ખબર પડે કે આ એક નિયમથી ક્યાં ક્યાં કેવું સહ્યું હશે ?

ન બોલવામાં કેટલા લાભ છે ? **મેતારજે મૌન** રાખ્યું તો ઓનીએ માથા પર વાઘર બાંધીને તડકે ઊભા રાખ્યા, હજી માસક્ષમણનું પારણું કર્યું નથી. કેવું સહવાનું આવ્યું ? નસો ખેંચાઈ ગઈ ! ભયંકર મરણાન્ત પીડા આવી ! પરંતુ એમાં નીતરતા સમતા ભાવથી શુક્લ-ધ્યાન લગાવી કેવળજ્ઞાન પામ્યા ! અને ત્યાં જ સર્વે કર્મ-ક્ષયે મોક્ષે પધાર્યા ! પેલા મહાત્માએ બોલવામાં એકવાર ગલતી થવા પર જીવનભરનું મૌન રાખ્યું. એવો મૌનનો અભિગ્રહ લીધો, તો પરભવે અતિસુલભ બોધી બની ગયા. પરભવમાં બ્રાહ્મણી બન્યા છે. એનો એક છોકરો નટખટ છે ઘરમાં તપ્યાને લઈને બેઠો છે. આ વિકટ પ્રસંગ બન્યો, એના પર બ્રાહ્મણી વિચારે છે કે "શું આ

સંસાર આવો ? પાળી પોષીને છોકરાને મોટો કર્યો અને અત્યારે દુષ્કાળ જેવા સમયે એ અનાડી વેશ્યા જેવી સ્ત્રીને ઘરની અંદરમાં લઈને બેઠો છે ? અને દાન માટે ચોખા લેવા જવા મને અંદરમાં પેસવા મિજાજથી મનાઈ કરે છે ? પણ એમાં એનો શો દોષ ? આખો સંસાર જ આવો છે !...' એ વિચાર કરતાં કરતાં એને પૂર્વ જન્મ યાદ આવી ગયો. પૂર્વનું મહાન સંયમ પાલન યાદ આવી ગયું. તે હવે પોતાના પતિ બ્રાહ્મણને સંસારના અસાર સ્વરૂપનો ખૂબ અસરકારક ઉપદેશ આપે છે, ને પોતે ચારિત્ર લે છે. મહાવીર ભગવાનને ગૌતમસ્વામી પૂછે છે, 'પ્રભુ ! આ એકદમ કેવી રીતે ધર્મ પામી ગઈ ?' ત્યારે ભગવાને કહ્યું કે, (૧) 'પૂર્વ જન્મમાં આ સાધુને એકવાર બોલવામાં કાંઈ સ્ખલના થઈ તો એમણે જીવનભરનું મૌન કરી લીધેલું. મૌન જીંદગીભરનું; (૨) સાથે એકેંદ્રિય જીવોની જબ્બર દયા તથા (૩) કડક બ્રહ્મચર્ય પાલન રાખ્યું, જેના કારણે એ સુલભબોધિ બની !'

પહેલા ભાવમલ સહજમળનો નાશ થવો જરૂરી છે, એ થાય ત્યારે ચરમાવર્તમાં આવે. ત્યાં એના ત્રણ લક્ષણ ઊભા થાય.

दुःखितेषु दयात्यन्तं अद्वेषो गुणवत्सु च ।
औचित्याऽऽसेवनं चैव सर्वत्रैवाऽविशेषतः ॥ -યોગદૃષ્ટિ ગાથા-૩૨

દુઃખિત જીવો પર અત્યંત દયા, ગુણવાન ઉપર અદ્વેષ અને વિશેષથી સર્વત્ર ઔચિત્યનું પાલન, ચરમાવર્તકાળમાં જ આ ત્રણ ગુણ આવે. જીવ અચરમાવર્તમાં હોય ત્યાં સુધી એનામાં દુઃખી જીવો પર વાસ્તવિક દયા ન આવે. એ છેલ્લા પુદ્ગલ પરાવર્ત-કાળમાં જ આવે; કેમકે ત્યાં ભાવમલ 'સહજમળ'નો નોંધપાત્ર ક્ષય થઈ ગયો હોય. તો શું અચરમાવર્તમાં દયાની વાત નહીં ? જ્ઞાનીઓ કહે છે કે 'ત્યાં તો અનંતા ચારિત્ર લીધા હોય છતાં દયા નહિ ? હા, ચારિત્ર લીધાં, દયા પાળી, પણ એ દયા વેચાણિયા દયા જેવી હતી. આ જ લાલસા કે, 'દયા પાળું એટલે દેવલોકનાં સુખ મળે.' ચરમાવર્તમાં આવે ત્યારે જ વાસ્તવિક દયા ગુણ આવે છે. અચરમાવર્ત કાળમાં ગુણવાન દેખ્યા નહોતા જતા, ગુણવાન પર ઈર્ષ્યા રહેતી, જ્યારે છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં આવે ત્યારે જીવનો ગુણ-ગુણવાન ઉપરનો દ્વેષ ઈર્ષ્યા મટે. ત્રીજું લક્ષણ ઔચિત્ય ગુણને શાસ્ત્રકારોએ ઘણું મહત્ત્વ આપ્યું છે. ધર્મની નાની શરૂઆત કરે તેમાં આ ઔચિત્ય જોઈએ. એનાથી આગળ વધી જીવ અપુનર્બંધક બને ત્યારે ય એનામાં ૩ ગુણ આવે છે.

पावं न तिव्वं भावा कुणइ, न बहु मन्नइ भवं घोरं ।
उचित ठिइं च सेवइ सव्वत्थवि अपुणबंधगो त्ति ॥ -યોગશતક ગાથા-૧૩

સમકિત પામ્યા પૂર્વે જીવન અપુનર્બંધક બને છે. એના માટે ૩ ગુણ જોવા પડે,

(૧) તીવ્રભાવે પાપ ન કરે - સંસારમાં બેઠો છે, પાપ કરવું પડે છે પણ પરિણામ કોમળ હોય, પાપનો બળાપો હોય, બળાપો એટલે પાપ કરવામાં કઠોર તીવ્રભાવ ન હોય, નિર્ધ્વંસભાવ ન હોય. શ્રાવિકાને થાય, 'હાય ! સવાર પડ્યે આ પાપ ચૂલો સળગાવવાનો ? કેટલા અસંખ્ય જીવોની હિંસા ? આ હું ચૂલો નથી સળગાવતી પણ મારું પુણ્ય સળગાવી રહી છું', એમ એને લાગે.

(૨) ઘોર સંસાર પર બહુમાન ન હોય, સંસાર ઘોર છે. ભયાનક છે, પછી ભલે એ દેવલોકના વિમાન બતાવે, પણ છે તો એ વિમાન દુશ્મનનાં ઘરના. દુશ્મનના ઘરે જમવા જવાનું થાય, સારામાં સારી વસ્તુ બનાવી હોય, પણ ખાય કઈ રીતે ? મનને આ વિચાર આવે, 'આ ચીજ દુશ્મનનાં ઘરની છે, માણસ ખોટો છે' એમ આ સંસાર દેવલોકનાં સુખ દેખાડે, પણ મનને લાગે કે દુશ્મન કર્મ અને સંસારના ઘરના છે, માટે આ ય સુખ ખોટા ! અને

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૯,અંક-૨૫,તા.૯-૩-૧૯૯૧

(૩) ઔચિત્ય (ઉચિત સ્થિતિ)નું પાલન કરે.

આ ત્રણ હોય એ મનઘરની સજાવટ છે. એવા મનઘરમાં ભગવાન સ્થિર રહી શકે.

વળી સમકીતનાં ૬૭ ગુણ એ મનઘરની સજાવટ છે.

ભગવાન જોઈ જ રહે કે આ મનઘરમાં ખાસ કરીને ૩ લિંગ, ૫ ભૂષણ, ૫ લક્ષણ છે. આ જોઈને ભગવાનને એમ કહેવું પડે કે, 'સજાવટ સરસ છે.' કવિએ કેવી તૈયારીથી પ્રભુને કહે છે કે, 'એકવાર પ્રભુ ! મારા મનઘરમાં પધારો, પછી', **'દેખત નિત્ય રહેશો થિર થોભા'** મનઘરની સજાવટ જોતાં તેમાં જ સ્તંભિત થઈ જઈ હંમેશા સ્થિર થઈ રહેશો. પહેલી સજાવટ મનઘરમાં મૈત્રી આદિ ૪ ભાવો અને વૈરાગ્ય ભાવની કહી. ત્યાં પ્રશ્ન થાય,

પ્રશ્ન : મૈત્રી આદિ ચાર ભાવોને પ્રથમ જરૂરી કેમ કહ્યા ?

ઉત્તર : શાસ્ત્રો કહે છે કે, તમે ભગવાનનું કહેલું બધું કરો, ઉપવાસ કરો, માસક્ષમણ આદિ બધું કરો, પણ જો આ બધા ધર્મ મૈત્રી કરુણા આદિ ભાવયુક્ત હોય તો જ તે ધર્મ છે. ધન્ના મુનિ, રાજકુમારમાંથી મુનિ બન્યા પછી, આગળની બધી સુખશીલતા ને વિષયવિલાસ ભૂલી ગયા. ત્યાગ અને તપમાં ચડી ગયા ! એમાં એકવાર અંતરાય આવ્યો. સવારથી એવી ભૂખ લાગે કે શરીરથી કશું કરવાની હામ નહિ, ને ચક્કર આવે, આંખે અંધારા આવે. ગુરુ પાસે ગયા, વાત કરી. ગુરુ

કહે 'ચિંતા ન કર. કોઈક એવાં કર્મનો ઉદય હોય તો આમ થાય. આપણું ચારિત્રજીવન એ સ્ટોર છે. એક માલ (તપ)નો વેપાર બંધ પડ્યો, તો ભક્તિ-વૈયાવચ્ચ-સ્વાધ્યાય આદિના વેપારમાં જોર લગાવવાનું, કષાય-નિગ્રહમાં જોર લગાવવાનું. કોઈ ગમે તેવું અણગમતું કહે ત્યાં ક્ષમાનો વેપાર ચલાવવાનો; હાથ જોડીને કહેવાનું ,'ભાઈ, તમારી વાત સાચી, અનંતા કર્મોથી દબાયો છું એટલે ભૂલોથી ભરેલો છું.' આમ ક્ષમા રાખો, સમતા રાખો. આવા અનેક વેપાર શક્ય છે, નિરાશ શું કામ થાય ?

ક્ષમા ગૃહસ્થમાં ય કેવીક હોય છે, એનો એક પ્રસંગ જુઓ.

રંગરેજ છીપી-ની ક્ષમા :

રાજા હતો. કોઈએ વાત કરી, 'તમારા ગામમાં એક છીપી બાઈ છે, એની સમતા ગજબની છે'.

રાજા કહે, 'અરે દિવાનજી ! શું આ વાત સાચી છે ?'

'હા, મહારાજા !'

રાજા કહે, 'બની ન શકે. ચાલો એની સમતાની પરીક્ષા કરવા'. રાજા દિવાન ઘોડે ચડીને એ બાજુ ગયા. દિવાને દૂરથી છીપી શ્રાવિકાનું ઘર બતાડ્યું. બાઈ ગરીબ હતી, બહાર રંગભરેલું કૂંડું પડેલું હતું. એમાં કપડા બોળીને કપડાને રંગવાનું કામ કરતી હતી. રાજા પરીક્ષા ખાતર ઘોડો દોડાવીને ત્યાં ગયો, ને દોડાવતાં ઘોડાનો પગ કૂંડાની કિનારી પર પડ્યો, કૂંડું ઉંધું વળી ગયું. રંગ બધો ઢળી ગયો.

આ જોતાં જ બાઈ ઘોડા પાસે જઈ ઘોડાનો પગ પંપાળતાં કહે, 'અરે બચ્ચા ! તને વાગ્યું ?' બાઈના સમતા અને અબોલ પ્રાણી પર મમતાના દયાના શબ્દો સાંભળીને રાજા ઘોડા પરથી ઝટ નીચે ઊતરી ગયો, ભૂલની માફી માગી અને કહે, 'બાઈ ! ધન્ય છે તને ! તને જેવી સાંભળી હતી તેવી જ ક્ષમાશીલ જોઈ !' બાઈના હૈયામાં ક્ષમા સાથે કેવોક કરુણારસ ભર્યો હશે ? રાજા પર ક્ષમા સાથે એ ઘોડા પર કરુણા બહાર ઊછળી આવે છે કે 'બિચારા અબોલ પ્રાણીને વાગ્યું ? લાવ એને પંપાળું.'

ધર્મબિંદુ શાસ્ત્ર કહે છે, 'ધર્માનુજ્ઞાન જો મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત હોય તો એ ધર્મ'

કૂરગડુ મહાત્માને ગુરુ મહારાજે આશ્વાસન આપ્યું કે, 'સ્ટોરમાં એક માલના ભાવ બેસી જાય, તો બીજા માલનો વેપાર વધારીએ, એમ તમારે તપના ભાવ હાલ મંદા છે, તો ક્ષમાદિ ધર્મ ઉપર જોર લગાવો.' પછી એ રોજ એકાસણાં કરે છે. એમાં એકવાર સંવત્સરી જેવા મહા પર્વદિવસે કૂર વહોરી લાવ્યા. 'કૂર' એટલે ભાત જેવું. ભૂખ છે એટલે પેટમાં ખાડો પડ્યો, ઘરમાં ખાડો પડ્યો હોય તો એ શેનાથી પૂરાય ? તિજોરીમાંથી દાગીનાં લાવીને એનાથી ન પૂરાય, પણ ધૂળ-ઢેફાથી

પૂરાય. એ હિસાબે આ મહાત્મા પેટનો ખાડો માલ-પાણીથી કે વિગઈભર્યા આહારથી નહોતા પૂરતા. મુનિને ભૂખ એવી લાગતી કે ઘડો ભરીને કૂર યાને ભાત લઈ આવતા એટલે મુનિનું નામ કૂરગડુ પડી ગયેલ.

વહોરીને આવ્યા બાદ તપસ્વી મુનિઓએ નિમંત્રણ આપવા ગયા કે, 'મહાત્મન્ ! આમાંથી લાભ આપો.'

માસખમણી ચાર તપસ્વી મુનિઓ તપસ્યા કરતા હતા, પણ મૈત્ર્યાદિ ભાવમાં પ્રમોદ ભાવની ખામી હતી, એટલે એમને ઈર્ષ્યા આવી, 'આજે પર્વતિથિના દિવસે હોજરું ભરવાનું ? અને પાછો લાભ આપો કહે છે ? લે લાભ આપું' આમ કહીને ચારે મુનિઓ કૂરગડુ મુનિના પાત્રમાંના કૂર પર થૂંક્યા !

આ મહાત્મા અંદરના ઓરડામાં બેસીને વાપરતાં આનંદ માને છે કે, 'બસ, હવે મારા તપનાં અંતરાય ન રહે. કેમ ? આવા તપસ્વી મહાત્માઓનાં મુખામૃત મળ્યાં ! અત્યાર સુધી ભાત લુક્ખો ખાતો હતો આજે ચોપડીને મળ્યો. હવે આ મુખામૃત પેટમાં જાય એટલે અંતરાય તૂટ્યા વગર ન રહે !...' એમ ભાવના સાથે વાપરતાં-વાપરતાં અનાસક્ત ભાવમાં ચડ્યા, શુક્લધ્યાનમાં આગળ વધતાં કેવળજ્ઞાન પામી ગયા ! દેવતા ઉપરથી આવ્યા. બહારનાં હોલમાં તપસ્વી મુનિઓને પૂછે છે કે, 'પેલા કૂરગડુ મહાત્મા ક્યાં છે ?' કેમ પૂછવું પડ્યું ? શું દેવતાને આટલે મકાન સુધી આવવાની ખબર પડે, તો મુનિ ક્યાં બેઠા છે, એની ખબર ન પડે ? ખબર તો પડે, પરંતુ તપસ્વી મુનિઓની તાસીર જોવી છે કે કેવીક છે; અને એમાં જો મુનિઓ ઈર્ષ્યા દેખાડે, તો પછીથી દેવોની ભક્તિ રમઝટ અને મુનિઓનું કેવળજ્ઞાન જાણી તપસ્વીઓ લજવાય અને પોતાના ઘમંડ આદિ માટે ભારે આઘાતસાથે પશ્ચાત્તાપ અનુભવે. એટલા માટે દેવતાએ પૂછ્યું 'કૂરગડુ મહાત્મા ક્યાં છે ? ત્યાં જ તપસ્વી મુનિ ઈર્ષ્યાથી તડુક્યા, 'જાઓ પેલા ઓરડામાં હોજરું ભરતો હશે' બોલો, તપસ્વીઓને કેટલો બધો દ્વેષ અને ઈર્ષ્યા ?

સર્વજ્ઞ ભગવાન આવા માસક્ષમણાદિ તપ ઉપર ચોકડી મૂકે છે. ધર્મની સાથે દિલમાં મૈત્ર્યાદિ ભાવ રાખ, તો જ એ ધર્મ. દેવતા અંદર ગયા, ને ગીત વાજિંત્રનાદ સાથે જય જયારવ કરી મૂકે છે, 'જય હો ! જય હો ! કેવળજ્ઞાની કૂરગડુ મહર્ષિનો જય હો...' દેવો નાચી રહ્યા છે, સુવર્ણ કમળ ઉપર કૂરગડુ કેવલી મહર્ષિને બેસાડી દીધા છે. ચારે તપસ્વીઓ અવાજ સાંભળી તરત અંદર આવીને જુએ છે, તો મુખ ઊતરી ગયા. લજવાઈ ગયા.

માટે પાયાનો ગુણ છે, 'બીજાનું સહન કરતાં શીખો. અસૂયા-અસહિષ્ણુતા ન કરો. પ્રમોદભાવ રાખો. મનઘરમાં ભગવાનને ધરવા છે તો મનમાં આ લાવો;

મૈત્રીભાવ, કરુણાભાવ, પ્રમોદભાવ અને ઉપેક્ષાભાવ. એમ અનિત્યતાદિની ૧૨ ભાવનાઓ, ક્ષમાદિ ૧૦ પ્રકારનો ધર્મ... વગેરે લાવો.'

અષ્ટાપદ પર રાવણની ભક્તિ જોઈ ધરણેન્દ્ર કહે છે, 'રાવણ ! તમારી ભક્તિ જોઈ હું ખુશ થઈ ગયો છું તમે ભક્તિના બદલામાં માગો તે આપું.'

રાવણ કહે, 'મારે કાંઈ જોઈતું નથી, ત્યારે'

ધરણેન્દ્ર કહે છે કે 'કાંઈક તો માગો. તમે માનવો જંજાળવાળા છતાં ભક્તિમાં આટલી લયલીનતા રાખી શકો છો ! ત્યારે અમારે દેવોને કશી જંજાળ નહીં છતાં અમે આટલી લયલીનતા લાવી શકતા નથી. તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું માટે જરૂર કંઈક માગો.'

ત્યારે રાવણ કહે, 'અરિહંતનો સેવક અરિહંતની ભક્તિ જોઈને પ્રસન્ન થાય એ એના માટે ઉચિત છે, અને અરિહંતનો સેવક પોતે કરેલી ભક્તિના બદલામાં કશું સાંસારિક ઈચ્છે નહિ, એ એના માટે યોગ્ય છે. તાત્પર્ય, તમે ભક્તિ જોઈ પ્રસન્ન થાઓ એમાં તમારી શોભા છે, ને ભક્તિના બદલામાં હું કાંઈ ન માગું એમાં મારી શોભા છે.'

પ્રશ્ન : રાવણ દિગ્વિજય કરવા નીકળ્યો હતો, મોટા મોટા વિદ્યાધર રાજાઓને વશ કરવાના હતા. તો શું આ એને જોઈતું નહોતું ? ધરણેન્દ્રને એ જરાક ઈશારો કરે એટલામાં તો ધરણેન્દ્ર એક એક માંધાતા વિદ્યાધર રાજાઓને કાનપટ્ટી ઝાલીને લાવીને રાવણના પગમાં પાડી દે, તો રાવણે કેમ કહ્યું કે મારે કશું જોઈતું નથી.

ઉત્તર : કારણ એ હતું કે, રાવણને પરમાત્મા ભક્તિનું વેચાણ કરવું નહોતું. ધર્મનું લૌકિક ફળથી વેચાણ કરી દેવામાં પછી પારલૌકિક મહાન ફળ રદ થઈ જાય.

રાવણના મનઘરમાં પ્રભુને પધરાવવા માટે મનમાં ભારોભાર નિસ્પૃહા નિરાશંસ ભાવની શોભા છે. ભક્તિના બદલમાં દુન્યવી પદાર્થની લેશ માત્ર આશંસા નહિ. એટલે જ ધરણેન્દ્ર જ્યારે બહુ આગ્રહ કરે છે ત્યારે રાવણ કહે છે કે, 'ભક્તિના બદલામાં મારે જે જોઈએ છે તે તમે આપી શકો એમ નથી અને તમે જે આપી શકો છો તે મારે ભક્તિના બદલામાં જોઈતું નથી. ભક્તિના બદલામાં જે અનંતસુખનું ધામ એવો મોક્ષ મળે, એને છોડીને શું અલ્પમૂલ્યક ચીજ માટે ભક્તિ વેચી નાખું ?'

'આમ પ્રભુ ! મારા મનઘરમાં મૈત્રી-પ્રમોદ આદિ ભાવો અને વૈરાગ્ય-ક્ષમાદિ ગુણોની સજાવટ આપ જોશો એટલે આપ અહીં જ સ્થિર થઈ જશો, આપને જવાનું મન જ નહીં થાય. વાત સાચી છે, જ્યાં સર્વજીવસ્નેહ, પરગુણ-

પ્રમોદ, વૈરાગ્ય વગેરે ભાવો હોય, ત્યાં જિન-વીતરાગનું સ્મરણ સહેજે ચાલે, એટલે પ્રભુ ત્યાં સ્થિર થયા ગણાય.'

"મન વૈકુંઠ અંકુઠિત ભગતે."

પ્રશ્ન : પ્રભુને મનમાં સ્થાપિત તો કર્યા, પરંતુ પ્રભુ તો ઈતરોની માન્યતાના હિસાબે વૈકુંઠમાં રહે. તો અહીં મનમાં શી રીતે આવે ?

ઉત્તર : આના ઉત્તરમાં કવિ અહીં કહે છે, 'મન વૈકુંઠ અંકુઠિત ભગતે'.

અર્થાત્ અસ્ખલિત ભક્તિથી મન વૈકુંઠ જેવું બની ગયું છે. મન વૈકુંઠ જેવું કેમ બની ગયું છે ? એટલા માટે કે એ શોભાથી કચરા સાફ તેથી આત્માનંદ ભરચક ઊભો થયો. એજ મન વૈકુંઠ જેવું છે. ઈતરો માને છે કે, ભગવાન વૈકુંઠમાં રહે છે, વળી અંકુઠિત ભક્તિથી મન વૈકુંઠ જેવું છે, કારણ કે, ભક્તિનો આનંદ અસ્ખલિત ચાલે છે. સ્વર્ગમાં પણ દેવોને અસ્ખલિત આનંદ હોય છે, અખંડ શાતાનો ઉદય છે.

પ્રશ્ન : અસ્ખલિત ભક્તિથી મન વૈકુંઠ કેવી રીતે ?

ઉત્તર : અસ્ખલિત પ્રભુભક્તિ અસ્ખલિત આનંદ આપે છે; અને દેવતાઓને સ્વર્ગમાં અસ્ખલિત આનંદ હોય છે. તેથી અહીં અસ્ખલિત ભક્તિ-આનંદથી મન સ્વર્ગ-વૈકુંઠ જેવું બની ગયું ગણાય. સ્વર્ગમાં લગભગ એકલો શાતાનો ઉદય હોય છે, જેમ નારકીને લગભગ સતત અશાતાનો ઉદય હોય છે. પણ અહીં પ્રશ્ન થાય,

પ્રશ્ન : આત્માની સિલિકમાં તો શાતા વેદનીય કર્મ અને અશાતા વેદનીય કર્મ બંનેના નિષેક (ઉદય માટેના ક્રમિક રચનાબદ્ધ કર્મદલિક) રચાઈ ગયા હોય છે અને તે બંને પરાવર્તમાન ઉદયવાળા હોવાથી હમણાં શાતાનો ઉદય તો પછી અશાતાનો ઉદય, વળી એની પછી શાતાનો ઉદય... એમ ચાલ્યા કરે છે. તો દેવતાઓને એકલી શાતાનો ઉદય શી રીતે ?

ઉત્તર : અલબત આત્મા સિલિકમાં પડેલા શાતાઅશાતા વેદનીયના દળિયા ક્રમશઃ ઉદયમાં આવે છે, પરંતુ પૂર્વ-પૂર્વ ક્ષણે સ્તિબુક સંક્રમથી અશાતાનાં દળિયાં શાતા વેદનીયમાં સંક્રમિત થઈને પછી બીજા સમયે શાતા વેદનીય રૂપે જ વિપાક દેખાડે છે; માટે કહેવાય છે કે દેવોને સતત શાતા વેદનીયનો ઉદય હોય છે. તેથી દેવતાઓને નિર્ભેળ શાતા, નિર્ભેળ આનંદ સતત અસ્ખલિતપણે ચાલતો હોય છે, સતત એની ધારા ચાલે છે. હવે ભગવાનનો પરમ ભક્ત હોય એને ભક્તિનો આનંદ પણ સતત અસ્ખલિત ધારાએ ચાલે છે. એથી અહીંયાં પ્રભુભક્તિને વૈકુંઠની ઉપમા આપી છે. બાહ્ય સામગ્રી ઓછી વધતી હોય છતાં અંતે તો આંતરિક સુખ-સંવેદનનું મહત્ત્વ છે. સંપત્તિ તો ઘણી હોય, પણ અંતરમાં દિલ કોઈ સંતાપથી જલતું હોય, તો બાહ્ય સામગ્રીની કેટલી મહત્તા રહી ? એટલે ખરું મહત્ત્વ તો

અંતરના સુખ-સંવેદનનું છે.

પ્રશ્ન : અકુંઠિત અસ્ખલિત સતત ભક્તિની ધારાથી મનને અસ્ખલિત સુખની ધારા શી રીતે ? કેમકે સાંસારિક જંજાળો એમાં આડે આવતી હોય ને ?

ઉત્તર : યોગી પુરુષો પોતાના તેવા સતત આંતરિક આનંદના અનુભવના આધારે એને સ્વર્ગ સમાન કહેતા હોય છે. પૂછો,

પ્રશ્ન : યોગી પુરુષોએ તો સંસારની બધી જંજાળ છોડેલી હોય છે, એટલે એ યોગના અખંડ આનંદને અનુભવી શકે. પરંતુ સંસારી જીવોને સંસારની અનેક પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિની વિટંબણાઓ વચ્ચે એવા અખંડ ભક્તિનો આનંદ શી રીતે અનુભવાય ?

ઉત્તર : એ સમજે છે કે, 'જગતનાં જીવનમાં મારે શુભ-અશુભ કર્મ પ્રવાહની વચ્ચેથી પસાર થવાનું છે; પરંતુ મારી સાધનાથી અંતે સર્વોચ્ચ સ્થાન પર નિશ્ચિત બેસવાનું છે તો વચગાળાની અશુભજનિત વિટંબણાઓ કશી લેખામાં નથી રહેતી. લેખામાં છે ભાવી નિશ્ચિત ઉચ્ચ સ્થાન પ્રાપ્તિ-એનો આનંદ અખંડ ચાલે છે.'

અહીં અરિહંત તત્ત્વનો અદ્‌ભૂત પ્રભાવ આગળ આવે છે. જેના દિલમાં 'મારે તો પ્રાણ-ત્રાણ અને શરણ એક માત્ર અરિહંત,' એવું સચોટ બેસી ગયું છે અને એની સતત રટણા ચાલુ છે, એની આગળ જંજાળો નહિવત્ બની જાય છે, અકિંચિત્કર બની જાય છે, એને શ્રદ્ધા છે કે 'ભગવાનના પ્રતાપે કાં એ સાવ નષ્ટપ્રાય થવાની અથવા ઓછેથી પતવાનું, બાકી ભગવાન પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને અથાગ પ્રીતિની એ તાકાત છે કે, કર્મોની વિટંબણાઓને 'કુછ નહિ' લેખાવે છે...જ્યાં મન પર જીવનભર માટે એક માત્ર અરિહંતને જ જીવનના સાર રૂપ અને જીવન આધાર તરીકે ધરી લીધા, 'જીવનનો સાર જ અરિહંત', 'જીવનના આધાર જ અરિહંત' એમ મનમાં નિશ્ચિત કરી લીધું, પછી જગતના ગમે તેવા પ્રલોભનો આવે કે ગમે તેવી આપદાઓ આવે, તો પણ એને એ વિસાતમાં નથી લાગતા. એને તો 'પ્રભુ તું હી તું હી' એજ નાદ ચાલે છે. તુંહી તુંહી એટલે શું ? 'તું જ મારો આધાર' 'તું જ મારે શરણ,' 'મારે માતા પણ તું અને પિતા પણ તું,' 'તું મારે સર્વસ્વ છે' 'તું મળ્યા પછી દુનિયાની કોઈ વાતની મારે કમીના નથી' આમ હૈયામાં અરિહંત સર્વે સર્વા તરીકે બેઠા હોય, ત્યાં વિટંબણા વિટંબણા જ શાની લાગે ? તેથી જ પોતાના મનઘરમાં જવલંત વૈરાગ્ય ભાવ અને અરિહંતના અનંત પ્રભાવ પર શ્રદ્ધા છવાયેલી હોય છે. એટલે જો સંપત્તિ આવી તો માને કે, 'મારા અરિહંત પ્રભુનો કેટલો બધો પ્રભાવ !' અને કદાચ વિપત્તિ આવી તો મનને એમ થાય કે, 'પૂર્વ ભવમાં મેં અરિહંત ભક્તિમાં કમીના રાખી હશે તેથી આ

આફત આવી. માટે અહીં હવે મારા પ્રભુની ભક્તિની કમીના હટાવું, ભક્તિની પૂર્તિ કરું. તાત્પર્ય, મનનો ઝોક અરિહંત તરફ વળે છે. આમાં અરિહંત ભક્તિનો એટલો બધો સતત આનંદ રહે છે કે, ત્યાં અસ્ખલિત અકુંઠિત ભક્તિ અનુભવી શકાય છે. એજ હિસાબે પોતાનું મન વૈકુંઠ જેવું લાગે છે. આ યોગીઓની અનુભવ વાણી છે. અરિહંતનો આપણા પર અનંત ઉપકાર છે માટે **'સારું બધું અરિહંતના પલ્લામાં નંખાય. એ અરિહંતની અંકુઠિત ભક્તિ છે.'**

આ અરિહંત વીતરાગ છે, વિષયરાગથી રહિત છે. આપણે વિષય-વિમુખ બનીએ. વિષયમાં સચિંત, સભય, ઉદ્વિગ્ન બનીએ તો જ વીતરાગ અરિહંત સાથે મેળ ખાય. અરિહંતની ભક્તિ કરવી હોય તો અંશે પણ વિષયોના ત્યાગમાં આવવું જોઈએ. વિષય-પોષક કષાયો અને મોહમાયાની નિવૃત્તિમાં આવવું જોઈએ, ભલે અંશે, તો જ પછી અરિહંત-ભક્તિ અને એનો આનંદ અનુભવી શકીએ. નિવૃત્તિનો ને ત્યાગનો આનંદ અસ્ખલિત ચાલે છે; જ્યારે સંગ્રહનો ને ભોગનો આનંદ મર્યાદિત કાળનો હોય છે, એટલે એ અસ્ખલિત ન ચાલે. પેંડા ખાવા બેઠા ક્યાં સુધી આનંદ ? ૧-૨ કે ચાર ખાધા ત્યાં સુધી. પછી એનો આનંદ પૂરો... જ્યારે ત્યાગનો આનંદ અંત વગરનો છે - ત્યારે ભોગનો આનંદ અંતવાળો છે. સતત ચાલતો નથી એટલે ભોગીને વાસ્તવિક આનંદ નહીં.

એક માણસ બાર વાગે સ્નેહીના ઘરે જઈ ચડ્યો. સ્નેહી લાગણીવાળો હશે તરત શીરો બનાવી જમવા બેસાડ્યો. ગરમાગરમ શીરો જોઈ આનંદ-આનંદ મોંમાં પાણી છૂટ્યા. વિચારે છે કે, "આ કેવોક વિવેકી ગૃહસ્થ ! જરા વારમાં માવા જેવો સરસ શીરો બનાવી દીધો" પછી જમતાં જમતાં સામે રસોડાના અંદર બાજુના બારણામાં નજર ગઈ તો ત્યાં બીજા કોઈ માણસો શિખંડ પૂરી જમતા જોયા. હવે ખલાસ ! આના મનમાં થાય છે કે, "પેલાના જમવામાં શિખંડ પૂરી ? અને મને આ પોટીસ ?" પહેલાં શીરાને જે માવા જેવો માની આનંદ માનતો હતો, હવે એને બદલે એ પોટીસ જેવો લાગી દુઃખ લાગે છે એટલે કહો, 'ભોગના આનંદ ક્ષણિક, ક્ષણમાં ઊડે અને એ દુઃખદાયી હોય છે, એકનાં કરતાં ચડિયાતી બીજી ચીજ જોઈ, એટલે પહેલાંનો આનંદ લુપ્ત. માટે જ ભોગનો આનંદ ઊડી જનારો, ત્યારે ત્યાગનો આનંદ ચિરસ્થાયી છે. માટે જ ત્યાગી-યોગીનો આનંદ અવર્ણનીય હોય છે...'

ઈરાનનો બાદશાહ અને સંન્યાસી :

ઈરાનનો બાદશાહ હિન્દુસ્તાન આવ્યો હતો. સવારી રસ્તા પરથી જઈ રહી હતી. એક જોગી (સંન્યાસી) રસ્તામાં બેઠેલો. બાદશાહના સિપાઇઓ સંન્યાસીને કહે, 'तुम रास्ते से हट जाओ । हमारे बादशाह की सवारी आ रही है ।'

સંન્યાસી કહે, 'અરે જા રે । તેરા બાદશાહ કૌન ? મૈં બડા બાદશાહ હૂં । ક્યા છોટે બાદશાહ કે આને પર બડા બાદશાહ રાસ્તે પર સે હટ જાતા હૈ ?'

આ વાતચીત ગરબડ સાંભળીને બાદશાહ આવ્યો. તે સંન્યાસીને પૂછે છે, 'બાબાજી ! આપ બડે બાદશાહ કૈસે ? બાદશાહ કી બાદશાહી મેં મેરે પાસ વૈભવ-ખજાના હૈ, લશ્કર હૈ, અંતેઉર હૈ, ઔર તુમ્હારે પાસ તો યહ કુછ નહીં હૈ !'

સંન્યાસીએ કહ્યું, "અરે ! દેખા તેરા વૈભવ ! તૂને લશ્કર ક્યોં રખા હૈ ! તુઝે દુશ્મનો કા ભય હૈ ! હમકો કિસીકા ભય નહીં હૈ, ફિર લશ્કર ક્યા રખે ? તુ ખજાના રખતા હૈ, ક્યોંકી તુઝે ડર હૈ કી ખાનેકા કમ હો જાય તો ? હમેં ખાને પીને કો મિલેગા યા નહીં ઇસકા ભી કોઈ ભય નહીં હૈ તો ખજાના ક્યું રખે ? તૂને રાનિયાં (અંતેઉર) ક્યોં રખી હૈ ? તેરે મેં વાસનાકા ઝહર ભરા હૈ, રાનિયાં ન હો તો રાનિયો કે સાથ મીઠી મીઠી બાત કૈસે કરે ? ઇસ ભયને રાનિયાં રખી કિન્તુ હમકો ઐસી કોઈ વાસના હી નહી હૈ તો ભય ભી નહી હૈ ફિર રાનિયાં ક્યોં રખે ? તું બાદશાહ યાની દુનિયા કા શહેનશાહ કહલાતા હુઆ ભી કિતને ભયોં સે ઘિરા હુઆ હૈ ? વહાં બાદશાહી કૈસી ? હમેં કોઈ ભય નહીં તો સચ્ચી બાદશાહી હી હમારે પાસ હૈ ।"

બાદશાહ તો આ સાંભળીને ઠંડો જ પડી ગયો. સમજી ગયો, ક્ષમા માંગી નમસ્કાર કરી ચાલ્યો આગળ.

દુઃખ, ભય, વાસના એ આત્માની નીચી કક્ષા છે. એ ન હોય એ ઉચ્ચ કક્ષા છે. ભગવાન સૌથી મોટા છે; કેમકે એમને લેશ માત્ર દુઃખ-ભય-વાસના નથી.

અનંતકાળથી ભોગ-વાસનાથી ઘેરાયેલો આત્મા ભોગ માટે વિષય-પ્રવૃત્તિથી સુખ માને છે પણ પછી ભોગ નષ્ટ થતાં પોક મૂકીને રડે છે. કરોડપતિ પાસે પૈસા-ટકા-મહેલ-દુકાન-પેઢી બધું હોય, છતાં જો બે વરસનો પરણેતર ને પેઢી ચલાવનાર જુવાનજોધ દીકરો પાછો માતાપિતાને વિનયી હોય, એ જો એકાએક મરે તો બીજી સુખ સામગ્રી સલામત છતાં માબાપ ને પત્ની પોક મૂકી રડે છે કે, 'હાય ! હાય ! મારું બધું લુંટાઈ ગયું !'

'અરે ? બધું શું લુંટાઈ ગયું ? બધું તો અકબંધ છે.'

હાજી, પણ એને શું કરવાનું ? ભોગવનાર ચાલ્યો ગયો. ભોગના આનંદ અને પાપપ્રવૃત્તિના આનંદ બધા નાશવંત છે, કાચના ભાજન જેવાં; જરાકમાં નંદાતા વાર નહિ ને ત્યાગનો, ભક્તિનો આનંદ ઉચ્ચ કોટિનો છે, અવિનાશી છે એટલે 'મન વૈકુંઠ અકુંઠિત ભગતે' - **માયાજાળથી, વિમુક્ત પરમાત્માને સમર્પિત મનનો આનંદ અપરંપાર.**

'સ્વામી ! તમે કાંઈ કામણ કીધું' આ સ્તવનમાં ઉપાધ્યાયજી મહારાજ કહે છે, 'પ્રભુ ! તમે અમારા પર કામણ કરી અમારું ચિત્તડું ચોરી લીધું. 'ચોરી લીધું' એટલે 'ઉપાડી લીધું' નહિ, કેમકે પછી તરત કહે છે 'અમે પણ તમારા પર કામણ કરી અમારા મનઘરમાં તમને બેસાડી દેશું' ત્યાં સવાલ થાય કે અલ્યા ! તારું મન તો અમે ઉપાડી લીધું છે, તારી પાસે મન છે જ ક્યાં ? માટે અહીં 'ચોરી લીધું'નો અર્થ 'આકર્ષી લીધું', સંસાર સન્મુખ હતું તે મનને તમારા સન્મુખ કરી દીધું. તમે તો આટલું જ કર્યું પણ અમારું કામણ તમને આખાને આખા અમારા મનઘરમાં બેસાડી દઈશું. પણ તે એવી ભક્તિ સહિત મનઘરમાં ધરશું કે,

'મનઘરમાં ધરિયા, ઘર શોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા.'

અર્થાત્ અમારા મનઘરમાં ધારણ કરાયેલા તમે અમારા મનઘરની શોભા દેખતાં હંમેશા સ્થિર થોભી જઈને દેખતાં રહેશો.

પ્રશ્ન : એ મનઘરમાં શી શી શોભા છે ?

ઉત્તર : વિવેક, નિરાશંસ, ભક્તિ, સર્વજીવ વાત્સલ્ય, ક્ષમા-કરુણા, પ્રમોદ વગેરે શોભા ભરી પડી છે. આમાં 'વિવેક' એટલે દુઃખનાં સાચાં કારણની સમજણ અંગે જ્ઞાતા અધ્યયનમાં તેતલીપુત્ર મંત્રીનો સુંદર અધિકાર બતાવ્યો છે.

મંત્રી તેતલીપુત્ર : એણે શ્રીમંત સોનીની રૂપાળી કન્યા પોટ્ટિલાને માગીને એની સાથે લગ્ન કર્યા. પોટ્ટિલા પરણીને સાસરે આવી. હોંશિયારી સારી, એટલે બંનેનું ખૂબ પ્રેમથી જીવન ચાલે છે. એમાં એકવાર રાજ્યકાજમાં કામ વધારે રહેવાથી મંત્રી એમાં અટવાયો રહે છે. એટલે પત્ની સાથે બેસી વાતો કરવાનો સમય મળતો નથી, તેથી પોટ્ટિલાના મનને થાય છે કે, "હાય ! હાય ! મારું બધું લુંટાઈ ગયું, પતિ હવે પહેલાંની જેમ મને બોલાવતાં નથી ચલાવતા નથી, પણ હવે ધણીને વશ કરવા કાંઈક કરું" એમ કરી પોટ્ટિલા બાવા-જોગી-જોગણ સાધે છે; પણ એમાં કાંઈ વળ્યું નહિ. એ નિરાશ-હતાશ છે. એમાં એકવાર સાધ્વીજી ઘરે વહોરવા પધાર્યા, તેમને વહોરાવીને વાત કરે છે કે,

'મહારાજ ! હું બહુ દુઃખી છું !'

'કેમ, શું દુઃખ છે ?'

પોટ્ટિલા કહે છે, 'મહારાજ સાહેબ ! મારા ધણી પહેલાં મને બોલાવતા-ચલાવતા, હવે નથી બોલાવતા.'

'ઓહો ! એટલામાં શું દુઃખ ? તારે હવેલી-વૈભવ-નોકર ચાકર બધું છે, એમાં ધણી ન બોલાવે એનું દુઃખ શું ?'

'વાહ રે ! મહારાજ સાહેબ ! એમ કેમ બોલો ? અમે બાઈ માણસ, તે

અમારે ધણીનું સુખ તો પહેલાં જોઈએ. એ જો ન હોય, જો ધણી પ્રેમથી બોલાવે-ચલાવે નહિ, તો પછી બંગલા ને બગીચાને શું કરવાનાં ? ધણી ન બોલાવે એ જ મારે માટે મોટું દુઃખ છે.'

સાધ્વીજી કહે, 'ભાગ્યવતી, તું ભૂલી પડી. તને ધણી પ્રેમથી નથી બોલાવતા એથી તું દુઃખી નથી.'

પોટ્ટિલા કહે, 'ના,ના, મહારાજ ! સાચું કહું છું. મારે બીજું કશું દુઃખ નથી. ધણી પહેલાં મને સારી રીતે બોલાવતા-ચલાવતા ત્યારે કશું દુઃખ નહોતું, હવે એ નથી બોલાવતા એથી જ હું દુઃખી છું.'

સાધ્વીજી કહે, 'તું એથી દુઃખી નહિ, પણ તું તારી કામવાસનાથી દુઃખી છે. તારે કામવાસના છે તેથી જ તને લાગે છે કે ધણી પ્રેમથી બોલાવે-ચલાવે તો આનંદ. હમણાં જો તને કામવાસના ન હોય, તો ધણી તને પ્રેમથી બોલાવે-ચલાવે એવી તને કશી અપેક્ષા જ ન રહે. પણ સમજી રાખ કે માત્ર અહીં જ નહીં, પૂર્વના અનંતાકાળમાં પણ જીવ કામવાસનાથી જ દુઃખી થતો રહ્યો છે અને પાપ તથા પાપાસક્ત માણસોની ગુલામી વહોરતો રહ્યો છે. જો કામવાસના જ નથી, તો સામા મને સારી રીતે બોલાવે એવી મનને કશી અપેક્ષા જ ન હોય. શાંતિમય જીવન-વ્યવહાર સામાના બોલાવવા-ચલાવવા પર આધારિત જ નથી, એ તો સ્વ-સ્વના કર્તવ્ય બજાવવા પર આધારિત છે, માટે અમે તને કહીએ છીએ કે કામવાસનાથી અનંતાકાળથી બળતી આવી છું, ને અહીં પણ એનાથી જ બળી રહી છું. હવે એ અહીં પણ એ ચાલુ રાખીશ તો ભાવી અનંતકાળ પણ 'વાસના ને બળવાનું' ઊભું રહેશે. ત્યારે જો અહીં તું કામવાસનાને બાળી મૂકે તો ધણી ભલે ને ન બોલાવે, તારે કશું દુઃખ નહિ માટે

(૧) વાસના પડતી મૂક. (૨) મોહ-મૂઢ પ્રવૃત્તિ બંધ કરી દે.

(૩) વિષયોમાં સુખ માનવાનું રહેવા દે. (૪) ભગવાન શ્રી જિનેશ્વર દેવની ભક્તિ, સાધુ સેવા અને શાસ્ત્ર સ્વાધ્યાયાદિમાં લાગી જા.

તું અહીં પણ મહાસુખ પામીશ અને પરલોક પણ તારો ઉજ્જ્વળ બની જશે. અમારા સામે જો, અમે કામવાસનાને બાળી મૂકી છે, તો કોઈ પતિ-પુરુષ અમને બોલાવે-ચલાવે એવી કશી અપેક્ષા જ અમને નથી. અરે ! અમારે તારા જેવી પુરુષની કોઈ ગુલામી જ નથી, તો જ ભવ્ય તપ-સ્વાધ્યાય-ધ્યાન આદિ સ્વતંત્રપણે મનમાન્યા કરી શકીએ છીએ અને એક માત્ર પરમપુરુષ પરમાત્માની ગુલામીથી જીવનને ધન્ય બનાવીએ છીએ.

પોટ્ટિલાનું પરિવર્તન : સાધ્વીજીની વાત એને ગળે ઊતરી ગઈ, એટલે એ કહે છે, "મહારાજ સાહેબ, આપની વાત તદ્દન સાચી છે. તો હવે મારે એવી કામવાસના ન ખપે. મારે શું કરવું, તે બતાવો."

સાધ્વીજીએ એને સમ્યક્ત્વ અને શ્રાવિકાનો ધર્મ સમજાવ્યો. સમ્યક્ત્વ સહિત વ્રતો આપ્યા. પછી તો એનો વર્તાવ અને વ્યવહાર તદ્દન ફરી ગયા, એટલી બધી એ વાસનામુક્ત શાંત સ્વભાવની થઈ ગઈ. શ્રાવિકાપણાના સુંદર આચારોનું પાલન ઉપરાંત, ઘરે દાસ દાસી હતા એટલે સમય પણ ઘણો મળે. એમાં, ધર્મનાં પુસ્તકોનું વાંચન-જાપ-ધ્યાન વગેરે કરવા લાગી. અવારનવાર સાધ્વીજીનો પરિચય પણ કરવા લાગી. આવું એનું ગુણસંપન્ન ધાર્મિક જીવન જોઈ મંત્રીનો પ્રેમ પહેલાં કરતાં ઓર વધી ગયો, બાઈને પહેલાં ભોગમાં આનંદ હતો હવે ત્યાગનો આનંદ છે. જીવનમાં ધર્મ વધી ગયો.

જતે દિવસે મંત્રીને પોટ્ટિલા કહે, "હવે મારે સંસાર ત્યાગ કરી સંયમ માર્ગ લેવો છે, મને રજા આપો."

ત્યારે મંત્રી કહે, "આવી ધર્માત્મા બાઈ તું ઘરમાંથી જાય, પછી મારો કોણ બેલી ? મને આ સંસારમાંથી કોણ બહાર કાઢે ? માટે એક શરતે રજા આપું. તું એવી ધર્માત્મા છે કે ચારિત્ર લીધા પછી મરીને તું દેવ થઈશ. તો દેવ થઈને તારે મને પ્રતિબોધ કરવા આવવાનું વચન આપ."

પોટ્ટિલાએ વચન આપ્યું અને બહુ મોટા ઠાઠથી એણે દીક્ષા લીધી. ચારિત્ર પાળીને એ દેવ થાય છે, ને મંત્રીને પ્રતિબોધ કરવા આવે છે.

મૂળ જોવાનું આ છે કે સાધ્વીજીએ સુઝાડી દીધું કે, **"તું, ધણી બોલાવતો નથી માટે દુઃખી નથી, પણ વાસના છે માટે દુઃખી છે."**

તમે પણ વિષયવાસના કાઢી નાખો એટલે ભગવાન પર સારી ભક્તિ આવે અને ભગવાનની ભક્તિ આવી જાય એટલે વારે વારે મનમાં વીતરાગને લઈને બેસવાનું થાય. ને એમાં સ્વર્ગીય આનંદનો અનુભવ થાય. વાસનાથી નિવૃત્ત થયેલું મન એકદમ પ્રફુલ્લિત ને ફોરું રહે છે. ભોગનો આનંદ બાહ્ય વસ્તુની અપેક્ષા રાખનાર છે. અપેક્ષિત બાહ્ય વસ્તુ ન મળે ત્યાં સુધી આનંદ ન આવે, ત્યારે ત્યાગનો આનંદ નિરપેક્ષ છે. કોઈ વસ્તુની અપેક્ષાવાળો જ નહિ, ભગવાનની ભક્તિથી નિરપેક્ષ આનંદ મળે છે આ ભક્તિ સતત ચાલે એટલે મન વૈકુંઠ જેવું બને છે, સ્વર્ગીય આનંદનું ધામ.

'મન વૈકુંઠ અંકુઠિત ભગતે, યોગી ભાખે અનુભવ જુગતે.'

યોગીજનો આ અનુભવથી કહે છે, એટલા માટે ધનપાલ કવિએ ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું કે, 'પ્રભુ ! તારી ભક્તિ કરતાં હું મોક્ષ પામીશ એ નક્કી છે પણ એમાં મને એક વાતનું દુઃખ છે કે **પછી તારી ભક્તિ હું નહીં કરી શકું.' પૂ. મહોપાધ્યાય યશોવિજય મ.** કહે છે કે, **'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી'** મોક્ષ કરતાં પણ તારી ભક્તિ મારા મનમાં અધિક વસી; કેમકે તું એવાં ગુણગણનો ભંડાર છે કે, તને છોડવાનું મન જ થતું નથી, વારે વારે તને જ લઈને બેસવાનું મન થાય છે. આ અનુભવથી કહે છે. પોતે ભગવાનની ભક્તિને દિલમાં ઉભરાવી દે છે.

જગત કોઈ ચીજ નથી; દેવનાં વિમાન હો, કે કોઈ અપ્સરા હો, આ બધામાં જીવને રાંક બનવું પડે છે, વલખાં મારવા પડે છે. જ્યારે ભગવાનની ભક્તિમાં જીવ તદ્રુપ બની જગત પ્રત્યે બેપરવા બને છે કે 'હું શા માટે જગત તરફ જોઉં ?' કોઈને રૂપરૂપના અંબાર સમી સુશીલ સેવાભાવી પત્ની મળી હોય તો એને કેવો આનંદ થાય ? પછી એને કોઈની પરવા ન હોય. એમ આ કવિ કહે છે કે, 'મને ગુણગણના ભંડાર સમા ભગવાન મળી ગયા એટલે મારે કોઈના બાપની પરવા નથી' ત્યારે તો સુલસાની વાત છે ને કે અંબડે બ્રહ્મા-વિષ્ણુ-શંકર ને તીર્થંકરના રૂપ બનાવ્યા પણ સુલસા જોવા ન ગઈ. બાઈઓ બોલાવવા આવી તો કહે 'મારે ભગવાનનું જોવાનું ઘણું છે બીજું જોવાનો ટાઈમ જ નથી.' આ ભક્તિ, વિષયોનાં આનંદ વિનાની, ને વાસનાને કચડીને ઊભી થયેલી હતી. આવી ભક્તિ હોય તો તમે ન્યાલ થઈ જાઓ.

પુણિયો શ્રાવક પહેલાં કહે છે પુનમચંદ શેઠ હતા. લાખો રૂપિયા હતા. પણ સ્વેચ્છાથી ગરીબ થઈ ગયો. કેમ ? મહારાજે વ્યાખ્યાનમાં કહ્યું, રખડતા મને ધર્મ કરીએ તો છાર પર લીંપણા જેવું છે. "કર ઉપર તો માલા ફીરતિ જીવ ફરે વન માંહી" એનાં જેવું થાય. વ્યાખ્યાન પૂર્ણ થયા પછી મહારાજ પાસે ગયો. કહે, 'મહારાજ તો અત્યાર સુધીનો મારો ધર્મ શું છાર પર લીંપણ જેવો જ થયો ? તો હવે મને બતાવો, ધર્મ કેવી રીતે કરવાનો ? ત્યારે મહારાજ કહે કે, તપાસ કર કે ચિત્ત ક્યાં રખડે છે ! આવડી મોટી હવેલી, દુકાન-વેપાર વગેરે મોટો રસાલો રાખ્યો છે એટલે ચિત્ત એમાં જ જાય ને ?' 'તો શું કરું ?' 'સ્થિર ચિત્તે ધર્મ કરવો હોય તો આ હવેલી વગેરે બધું કાઢી નાખ !' ઘરે આવ્યો. પત્નીને વાત કરી કે તમારે હીરામાણેકની બંગડીઓ જોઈએ છે ? કે સ્થિર ચિત્તનો **ધર્મ ? સ્થિર ચિત્તનાં ધર્મથી ભવોભવ સુધરશે, હીરામાણેકની બંગડીથી એક ભવ પણ નહિ સુધરે.**

પત્નીને વાત ગળે ઉતરી એટલે બધું કાઢી નાખ્યું. માત્ર ૧૨॥ દોકડા રાખ્યા. એમાંથી કાપુસ લાવી પુણિયો બનાવી વેપારીને આપે એટલે ૨૫ દોકડા મળે. એમાં ૧૨॥ દોકડાના નફામાંથી ઘર ચલાવવાનું. આમાં સ્થિર મનથી સામાયિકો કરવાનો અનુભવ કર્યો. હવે મન જાય ક્યાં ? હવેલી જ રાખી નથી ને ? મસ્તીથી સામાયિક થાય છે, ત્યારે તો પુણિયાનું સામાયિક ભગવાને વખાણ્યું. પુણિયો શ્રાવક ભગવાનનું મુખે ચડી ગયો.

મન વિષયોમાંથી ખેંચીને ભગવાનની ભક્તિમાં જોડી દો, તો પછી સંસારમાં બહુ રખડવાનું રહેતું નથી. માત્ર ભગવાનની ભક્તિને અંકુઠિત ધારાવાહી બનાવવાની છે. ભક્તિભાવનો પ્રવાહ અસ્ખલિત હોય તો આપણું મન સ્વર્ગ છે. પ્રભુની પૂજા-ભક્તિમાં પ્રવાહમાં શરીર પર ખણજ આવે તો પણ સહન કરવાની, ખણવાનું નહિ. આ માટેનું સત્ત્વ કેળવવાનું. ખણજ ખણવાથી આંગળા શરીરના મેલથી મેલા થાય, તે ફરીથી પૂજામાં ભગવાનને અડાડતાં આશાતના થાય. માટે સહન કરનારા બનવાનું તો જ દિલમાં અખંડ-અંકુઠિત ભક્તિ ચાલે.

તેમ પૂજા-ભક્તિની ધારામાં બીજા વિષય-વિકારોને ય દૂર રાખવાના... યાવત્ મોટી ઈન્દ્રાણી ઊતરી આવે તો ય નજર સરખી પણ નહીં નાખવાની. આ હતી પ્રભુ-ભક્તિ **દેવપાલમાં**. ચક્રેશ્વરી દેવી આવી તો દેવપાલ આંખ ઊંચી કરી સામું પણ જોતો નથી ! તેને સામું જોવાની ફુરસદ નથી. દેવી કહે છે, "દેવપાલ ! દેવપાલ ! હું તારા આ આદિનાથ ભગવાનની અધિષ્ઠાત્રી દેવી છું. તારી ભક્તિ પર ખુશ થઈ છું. ભક્તિના બદલામાં માગ માગ, તારે શું જોઈએ છે ?" દેવપાલને મન ભગવાનની ભક્તિ મહાનિધાન છે. ભક્તિની આગળ બીજી કોઈ વસ્તુની તેને પડી નથી. આવું મન વૈકુંઠ-સ્વર્ગ સમાન છે. સ્વર્ગનો જે આનંદ છે તે આનંદ આ પ્રકારની ભક્તિમાં છે. ભગવાન પર ભક્તિ એટલે ભગવાનના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા કે મારાં બધાં કાર્યો આ ભક્તિ પાર પાડનાર છે, તેથી મારે કશી ચિંતા નથી.

શાસ્ત્રમાં **ભાગ્યને** માનનાર અને **પુરુષાર્થને** માનનારની વાત આવે છે. રાજાએ બંનેને પોતાના મહેલમાં પૂર્યા. તો હવે ખાવું શું ? કારણ, ભૂખનું દુઃખ મોટું, ભાગ્યવાળો તો મહેલમાં આરામથી સૂઈ ગયો. પુરુષાર્થવાળો ચાર માળનો વિશાળ મહેલ ફેંદી વળ્યો. ક્યાંકથી મિઠાઈનો ટોપલો મળી આવ્યો. પેલાને કહે, 'લે, ખા !' પછી કહે, 'જો, આ મેં પુરુષાર્થ કર્યો તો મિઠાઈ મળી' તો ભાગ્યવાળો કહે 'મારું ભાગ્ય હતું, તો તું મારા માટે મિઠાઈ લઈ આવ્યો' આ રીતે ભગવાન પર શ્રદ્ધા છે, વિશ્વાસ છે, તો સ્વર્ગના જેવો આનંદ છે. આ યોગીઓની અનુભવ-વાણી છે. યોગી-પુરુષો અનુભવથી અને યુક્તિથી કહે છે કે 'મન વૈકુંઠ છે.

મનઘરની જે શોભા છે તે ખરેખરી જો આવી જાય, તો મન સ્વર્ગ જેવું છે. મૈત્ર્યાદિ ગુણો-ક્ષમાદિ ગુણો... વગેરે આત્માની સહજ પરિણતિરૂપે આવી જાય, તો પછી મન વૈકુંઠ જેવું-મસ્ત બની જાય. 'અકુંઠિત' એટલા માટે કે આ ક્ષયોપશમ ભાવના ધર્મો છે, ને તે ચંચળ છે, તેથી એમને સાચવવા તકેદારી જોઈએ. નહિતર એ સરકી જઈને ક્રોધ-અમૈત્રી વગેરે ભાવ જાગતા થઈ જાય.

ક્ષમા શું છે ? ક્રોધ કર્મનો ક્ષયોપશમ એવા બીજાં બીજાં કર્મોનાં ક્ષયોપશમ ચાલે. ક્રોધાદિ કર્મ જે ઉદયમાં આવ્યા તેને સ્તિબુક-સંક્રમથી બીજામાં સંક્રમાવી દીધા, એટલે એનો ક્ષયોપશમ થયો; ક્ષમા આવી. એટલે કરવાનું આ - જે ક્રોધાદિ કર્મ હજી ઉદયમાં નથી આવ્યો તેનો શુભ ભાવનાથી નિરોધ કરતા રહેવાનું અને જે ઉદયમાં છે તેનું ફળ નહિ બેસવા દેવાનું, અર્થાત્ દા.ત., અંતરમાં ક્રોધ સળવળ્યો છે, પરંતુ એને બહારમાં 'આંખ ઉંચી, શબ્દ કડવો, મોં ચડેલું, હાથથી તમાચ...' વગેરેથી પ્રગટ નહિ થવા દેવાનો, આનું નામ ક્રોધને નિષ્ફળ કર્યો કહેવાય. અંતરમાં કર્મવશ ઊઠ્યો, પણ એને બહારમાં ન આવવા દીધો. આ સાવધાની છે. એમાં આત્માનો ક્ષમાના શુભ અધ્યવસાયનો પાવર છે. હવે આ શુભ અધ્યવસાય ચાલુ છે તેને કારણે પેલા ક્રોધાદિ કર્મોને નબળા કરીને બીજામાં સંક્રમાવી દે છે એટલે એ હવે પોતાનું ફળ, મનનો ઉગ્ર ભાવ, એ નથી પ્રગટવા દેતા, જો શુભ ભાવના, શુભ અધ્યવસાય મંદ પડે તો પેલા કર્મ પાછા ઉદયમાં આવી જાય અને ક્ષમાદિ ગુણ જતો રહે, ક્ષયોપશમ એ ક્ષાયોપશમિક ગુણ છે.

પ્રશ્ન : ક્ષાયોપશમિક ભાવના ગુણોને અકુંઠિત રાખવાના એમ તમે કહો છો ?

ઉત્તર : કારણ એ છે કે, **ભગવાને જે ગુણો પોતાના કર્યા છે, ને તે ગુણોની આપણને આજ્ઞા કરી છે, એને આપણા કરીએ અર્થાત્ એ જ કર્તવ્ય માનીએ એ જ ભગવાનની ખરી ભક્તિ છે.** દીકરો બાપનો ભગત ક્યારે ? રાતે બાપની પગચંપી કરે, પરંતુ દિવસે બાપે કોઈ આજ્ઞા કરી, તો તેને ઠુકરાવે તો એ બાપનો ભગત નહિ. એ ક્યારેય પણ બાપ જે કહે તેને તહત્તિ કહે, તો જ એ બાપનો ભગત કહેવાય. ભગવાનની ભક્તિ આ છે કે પ્રભુએ જે ગુણોને પોતાના જીવનમાં આવકાર્યા, જે સુકૃત-સાધના-સત્કાર્ય સહન કરવાનું રાખ્યું, એ સુકૃત-સાધના વગેરે બધું જેને ભગવાને આવકાર્યું, તેને જ આપણે આવકારવા યોગ્ય માનીએ, તો આપણે પ્રભુના ભગત.

હવે આ જે ગુણો છે એ ક્ષયોપશમ ભાવના છે તે અકુંઠિત-ધારાબદ્ધ ક્યારે થાય ? એ ક્ષયોપશમ ભાવના ગુણોને ક્ષાયિક ભાવના બનાવવા માટે બધું શુભ ચિંતન ચાલે. એટલે તો,

'નરભવ નગર સોહામણું વણઝારા રે,
પામીને કરજે વ્યાપાર, અહો મોરા નાયક કરે.'

એમાં છેલ્લે કહ્યું કે, એ ક્ષયોપશમ ભાવના ગુણોને ક્ષાયિક ભાવના બનાવવા યત્ન કર. અમે એ કરવા યત્ન કરીએ છીએ. માટે અંકુઠિત-ભક્તિ કહી યોગી પુરુષો આ યુક્તિથી કહે છે. પહેલાં નવકારશી નહોતા કરી શકતા હવે તપનો મન મારીને પણ અભ્યાસ અનુભવ કરતાં કરતાં નવકારશીથી ઉપવાસ કરતા થઈ ગયા. આ અનુભવથી યોગી કહે છે. એટલે અંકુઠિત-ભક્તિ હોય તો મન વૈકુંઠ જેવું બની જાય છે, અને જો એ ત્યાગ-તપ વગેરે ગુણો નથી તો શું છે ? 'બસ, ખાઉં ખાઉં ને પીઉં પીઉં' થાય. સુખને માટે સ્વર્ગ કેમ પ્રસિદ્ધ છે ? સ્વર્ગમાં નિશ્ચિંત સુખ છે. જ્યારે મનુષ્યનાં સુખ નિશ્ચિંત નથી. ચિંતાથી ભર્યા ભર્યા છે. એટલા માટે જો આ ત્યાગ-તપ-સમ્યક્ત્વાદિનાં ગુણો નથી તો બધા કષાયો ભરેલા છે, અનેક જાતનાં અપકૃત્યો ભરેલા છે. ત્યાં આગળ છતે પૈસે દુઃખી છે, કેમકે ચિંતા હાયવોય સંતાપ છે.

અમદાવાદમાં એક શેઠ મિલ-માલિક હતા, એમના માટે કહેવાતું કે, મિલમાં જાય, અંદર રોન મારવા ફરવા નીકળે અને છત્રી ભાંગીને ન લાવે તો એ શેઠ નહીં. 'નોકરે બરાબર કામ કરવું જ જોઈએ'... જીવ જંજાળ કર્યા જ કરે. એ મોટા કરોડપતિ હોય તો પણ શું કરવાનું ? સુખ ક્યાં છે ? નિશ્ચિંતતામાં. એ દુનિયામાં ન મળે, એ તો આત્માનાં ગુણોમાં મળે. કેમકે ગુણોમાં બધે વૈરાગ્ય તો ભરેલો જ છે. 'કોઈનું ખમી ખાઉં' એ વૈરાગ્ય છે, આ વૈરાગ્યનાં પાયા પરનાં ગુણો જીવને નિશ્ચિંત રાખે છે. આમ યોગીઓ યુક્તિથી કહે છે માટે સુખ જોઈએ છે તો ભગવાન પર ભક્તિ લાવ. ભગવાને જે ગુણો આવકાર્યા તે ગુણોને તમે લાવો. તો ભગવાન પર ભક્તિ આવે. એટલે જે મોટા ગૌતમસ્વામી વગેરે મહાત્માઓ ભગવાનની સામે ને સામે જોતા હતા. એટલા જ માટે કે ભગવાનમાં સુકૃતો ને સદ્‌ગુણોનો મોટો દરિયો દેખાતો હતો. ભગવાન સામે જુએ તો એ ગુણોની પ્રેરણા મળતી 'યોગી ભાખે અનુભવ યુક્તે...' માટે જ યોગીઓ એના અનુભવથી કહે છે કે, 'મન વૈકુંઠ અંકુઠિત ભગતે' પ્રભુની ધારાબદ્ધ ભક્તિમાં સ્વર્ગનો આનંદ છે. તેમ ભક્તિમાં ત્યાગનો આનંદ છે એટલે ભક્ત જગતનાં પદાર્થોને ભૂલીને ભગવાનની ભક્તિમાં મસ્ત બને છે. જગતનાં પદાર્થોને વહાલા કરે તેને પ્રભુભક્તિમાં આનંદ ન આવે. ત્યાગનો આનંદ સ્વર્ગનાં આનંદને ટપી જાય તેવો છે. પણ મોટી વાત તો એ છે કે, જ્યાં સુધી ચિત્તમાં રાગ આદિના સંકલેશ છે, ચિકણા પરિણામ છે, ત્યાં સુધી એ આનંદ કે આ ગુણો નહીં આવે. એટલે કહ્યું કે,

"ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર,

જો વિશુદ્ધ મન-ઘર તુમે આવ્યા, પ્રભુ તો એ નવનિધિઋદ્ધિ પાયા...૩

ભાવાર્થ : રાગાદિના સંક્લેશથી ચિત્ત વાસિત છે, ત્યાં સુધી સંસાર છે. ખરો સંસાર તો આ જ છે કે મન સંકલેશયુક્ત હોય, સંક્લેશ કાઢી નાખો તો અહીં મોક્ષ છે. એટલે તો કહ્યું કે, "કષાયમુક્તિ કિલ મુક્તિરેવ।" રાગાદિ કષાયથી મુક્ત થઈ જાઓ તો ખરેખર અહીં જ મુક્તિ છે. બાકી તો કષાય મૂક્યા વિના સિદ્ધશિલા પર અનંતીવાર જઈ આવ્યા, સૂક્ષ્મરૂપે ચૌદ રાજલોકમાં ફરી આવ્યા. એ ખરી મુક્તિ નથી. ક્લેશને મૂકી દો તો મુક્તિ.

વિવેચન : ક્લેશ કોને કહે છે ? પાતંજલ યોગદર્શનમાં કહ્યું છે કે, **'રાગદ્વેષાભિનિવેશાઃ ક્લેશાઃ।'** રાગદ્વેષ અને અભિનિવેશ (અહંત્વાદિ) એ ચિત્તનાં ક્લેશ છે. જ્યાં સુધી મન આ ક્લેશથી વાસિત છે, ભાવિત છે, રંગાયેલું છે, ત્યાં સુધી સંસાર છે. માયા ને લોભ, એ બે કષાયોનો રાગમાં સમાવેશ થાય છે. જ્યારે ક્રોધ અને માનનો સમાવેશ દ્વેષમાં થાય છે, અનુકૂળ વિષયોની પ્રાપ્તિથી પ્રસન્નતા થવી તે રાગ છે અને પ્રતિકૂળ વિષયોની પ્રાપ્તિમાં અણગમો થવો તે દ્વેષ છે. તેમ અહંત્વથી જૂઠી હઠ-પકડ, તે અભિનિવેશ કહેવાય. જીવ જ્યારે આ ત્રણે ક્લેશથી મુક્ત થાય ત્યારે મોક્ષમાં જાય છે ને અનંતસુખનો માલિક બને છે. રાગ, દ્વેષ અને અભિનિવેશ દ્વારા જીવ કર્મ બાંધે છે કેમકે એવા ક્લેશવાળા મનથી જ આપણો આત્મા જીવ-હિંસાદિ પાપો સેવે છે અને અઢળક કર્મ બાંધી સંસાર ભ્રમણ કરે છે. મોટા મગરમચ્છની આંખની પાંપણમાં રહેતો તંદુલિયો મચ્છ સંજ્ઞી પંચેન્દ્રિય છે, શરીરે માત્ર ચોખા જેવડો, પણ ખાવાના રાગમાં ચિત્તને ભયંકર સંક્લેશ, હિંસા સંબંધી ભયંકર રૌદ્રધ્યાન ચિંતવી સાતમી નરકે જાય છે, કહ્યું છે કે, 'મનમાં પાપે રે મચ્છ તંદુલિયો, જુઓ મરી સાતમી જાય,' આ મચ્છ તંદુલિયો પોતાનાં માત્ર અંતર્મુહૂર્તનાં આયુષ્યમાં એક પણ માછલી ખાતો નથી, છતાં તીવ્રરાગનો સંક્લેશ તેને સાતમી નરકનાં પાપ બંધાવે છે.

માટે તો જ્ઞાનીઓએ શાસ્ત્રોમાં પચ્ચક્ખાણ મૂક્યાં, ત્યાગના નિયમ મૂક્યા, જેથી ખાવાના રાગાદિ સંક્લેશ ઓછા થાય. પચ્ચક્ખાણનો નિયમ ખાવાના રાગ પર અંકુશ લાવે છે. નહિ તો નિરંકુશ રાગ તંદુલિયા મચ્છના જેવા સંક્લિષ્ટ ભાવ કરાવે. **આંબાની સીઝનમાં** વર્ષો વર્ષ આંબા હોંશે હોંશે ખાઓ છો તો વિચારવાનું છે કે, કેટલા સંક્લેશનાં પાપ બંધાતા હશે ? હજુ મીઠાઈ સારી કે એની એજ ૪-૫ દિવસ ખાતાં એનાથી કંટાળી જવાય, ને એ રીતે પણ છૂટાય. પરંતુ આંબા તો ઠેઠ આર્દ્રા સુધી ખાવા છતાં કંટાળો નહિ ! અરે ઘણાને તો આર્દ્રા પછી રોટલી ગળે ન ઊતરે ! આ બધા રાગના સંક્લેશ તીવ્ર પાપ બંધાવનારા છે.

મમ્મણની પાસે રતનનો બળદિયો હતો. એ હોય તો પણ શું, ને ન હોય તો પણ શું ? ખાલી દેખવા અને મમત્વ કરવા સિવાય બીજો કાંઈ ઉપયોગ તો હતો જ નહિ. છતાં એના પરના તીવ્ર રાગથી મન વાસિત હતું. એવા મને એને મોટો સંસાર કરી આપ્યો. પહેલાં તો સાતમી નરકનો ૩૩૦ કોડા કોડી પલ્યોપમનો સંસાર કરી આપ્યો.

તેમ દ્વેષથી વાસિત મન બ્રહ્મદત્ત ચક્રવર્તીનું... બ્રાહ્મણની સાથે અંટસ પડ્યો. એ બ્રાહ્મણે એક નિશાનબાજ ભરવાડને સાધ્યો અને મકાનમાં ભીંત પાછળ ઊભો રાખી એને કહ્યું કે, અમુક સમયે અહીંથી રાજાની સવારી પસાર થશે તે વખતે તારે આ ઉપરના જાળિયામાંથી કાંકરી ફેંકી એમની આંખ ફોડી નાખવાની, સવારી આવી. એટલે ઇશારો કર્યો. બે કાંકરી એવી રીતે ઉપરાપર મારી કે એક એક કરીને બંને આંખ ફોડી નાખી. સિપાઈઓ આવ્યા. ભરવાડને પકડ્યો. એ કહે, 'ભાઈસાબ ! મને તો આ બ્રાહ્મણે કહ્યું હતું.' એ બ્રાહ્મણને પકડ્યો. બ્રહ્મદત્તને એટલો બધો દ્વેષ ચડ્યો કે મંત્રીને કહ્યું, 'આ માળી બ્રાહ્મણની આખી જાત જ એવી છે. મારી આંખ ફોડી નાખી ! દુનિયાના બધા બ્રાહ્મણોની આંખો ફોડીને અહીં લાવો.' મંત્રી ડાહ્યો હતો. 'માત્ર એક બ્રાહ્મણના વાંકે બધા બ્રાહ્મણોને શા માટે અંધ બનાવવા ? રાજાને ક્યાં દેખાવાનું છે ? એમ ત્યાં તો 'હાજી' ભણી બહાર નીકળી ગયા અને માણસ પાસે ગુંદાના ગરલ સાથેનાં ઠળિયાં એક થાળમાં મંગાવીને રાજાને આપ્યા. રાજા બે હાથે ઠળિયાને દાંત કચકચાવી ચોળે છે, ને બોલે છે, 'અલ્યા બામણાઓ ! લેતા જાઓ. આ મારી આંખો ફોડી હતી ને ? લો, આ ચાખો એનું ફળ !' આવા દ્વેષના સંક્લેશથી બ્રહ્મદત્ત સાતમી નરકે ગયો. આ દ્વેષનો સંક્લેશ.

'રાગ' એટલે આસક્તિ-મૂર્ચ્છા-મમતા-આકર્ષણ, 'દ્વેષ' એટલે નફરત, અરુચિ... વગેરે, 'અભિનિવેશ' એટલે અહંભાવ-હઠાગ્રહ-દુરાગ્રહ વગેરે. આ રાગ, દ્વેષ અને અભિનિવેશ એ સંસાર છે. એ મનને અસ્વસ્થ કરી દે છે, એમાં એને સીધું કાંઈ સૂઝે જ નહિ. રાગનો સંકલેશ એટલે તીવ્ર રાગ, એના કારણે ચક્રવર્તીની પટ્ટરાણી છઠ્ઠી નરક સુધી જઈ શકે છે.

શ્રેણિક અને કૃષ્ણ ક્ષાયિક સમકિતી, પણ અંતે દ્વેષના સંક્લેશથી નરકમાં જઈ પટકાયા. આમ તો બંને મોત નજીક આવ્યું ત્યારે સગાનાં ચારિત્રની અનુમોદના કરતા હતા. કૃષ્ણ વિચારતા હતા 'ધન્ય છે યાદવકુળના દીપક નેમિજિનેશ્વરને જેમણે સંસારમાં બ્રહ્મચારી રહી ચારિત્ર લીધું, અને તીર્થંકર બન્યા ! ધન્ય છે શાંબ -પ્રદ્યુમ્ન કુમારોને, તથા પદ્માવતી-રુકમણી વગેરે રાણીઓને કે જેમણે ચારિત્ર લીધાં, ને હું જ અભાગિયો તે અવિરતિમાં સબડતો પડી રહ્યો !' આમ અનુમોદના કરે

છે. પણ મરવાની જ્યાં અંતિમ ઘડી આવી ત્યાં દ્વેષનો સંક્લેશ ઊઠ્યો, 'પણ પેલો દ્વૈપાયન ! હરામખોર ! આખી દ્વારિકાને બાળી મૂકી? હે હરામખોર દ્વૈપાયન ! તું ક્યાં ગયો ? અલ્યા, આમ આવ આમ...' દ્વેષે ભાન ભૂલાવ્યું. ઊંચી આરાધનાની ઊંચી શુભ લેશ્યામાંથી નીચે કૃષ્ણ લેશ્યામાં લાવીને મૂક્યા ને ૩ જી નરકમાં મોકલી દીધા. એમ શ્રેણિક મહારાજા અનુમોદના કરતા હતા કે, 'ધન્ય છે એ મેઘકુમારને, અભયકુમારને, નંદીષેણકુમારને તથા કાલી-મહાકાલી વગેરે રાણીઓને ધન્ય છે જેમણે ભગવાન પાસે ચારિત્ર લીધું ! અને હું અભાગિયો એમ ને એમ રહ્યો.' અનુમોદના કરતાં કરતાં અંત સમય આવ્યો ત્યાં જ 'પણ પેલો કોણિક ! હરામખોર ! ક્યાં ગયો એ ? એની માના પેટમાં આવ્યો ત્યારનાં એણે તેની માને મારા આંતરડા ખાવાની ઇચ્છા કરાવી હતી ! એની માએ તો એને ઉકરડે નખાવી દીધો હતો, પણ મેં એને દયાથી બચાવ્યો; ઉછેર્યો, એનું આ પરિણામ ? આમ સાવ, નાલાયક ! આમ આવ, તું ક્યાં છે ?' દ્વેષના કારણે કૃષ્ણ લેશ્યામાં તણાયા, પહેલી નરકમાં ચાલ્યા ગયા !

'અભિનિવેશ-વાસિત મન સંસાર' - એમ અભિનિવેશ એ પણ ક્લેશ છે. અભિનિવેશમાં મિથ્યાત્વનો દુરાગ્રહ આવે. એમાં જમાલિ મર્યો. આમ તો એ મહાવૈરાગી હતો. પાંચસો રાજકુમારોની સાથે વૈરાગ્યથી દીક્ષા લીધેલી પણ અભિનિવેશમાં પડ્યો; સાધુને કહે, 'મને દેખાય છે કે હજી સંથારો થયો નથી તે તમે કહો છો થયો ?' ત્યારે સાધુઓએ કહ્યું કે, 'ભગવાને કહ્યું છે કે કાર્ય કરાતું હોય, થતું હોય ત્યારે થયું કહેવાય.'

ના, 'થઈ ગયા પછી જ થયું કહેવાય. ભગવાન ભૂલ્યા મારું કહેવું સાચું' - આ અભિનિવેશના કારણે જમાલિએ ૧૫ ભવનો સંસાર વધારી દીધો. અભિનિવેશને કારણે 'કેવાક અનંતજ્ઞાની આ કહે છે' એ વિચારવાનું ભેજું હોતું નથી. જે મનથી આવા રાગ દ્વેષને અભિનિવેશનાં તોફાન સૂઝે, એ કુદરતનો એવો મોટો ગુનો છે કે કુદરત ફરીથી મન જ મળવા ન દે. મન મેળવવાની નાલાયકી થાય તો સંમૂર્ચ્છિમનાં અવતાર મળે.

'હું અને મને' આ ભાવ તે અભિનિવેશ છે. કૂલવાલક મુનિ હતા તપના ભારે આરાધક ! જેની આરાધનાનાં પ્રતાપે પૂરવાળી નદીએ પોતાનો કિનારો ફેરવી નાખેલો. કિનારો એટલે કૂલ, કૂલને વાળી દેનાર તે કૂલવાલક. એણે બૌદ્ધોનો આશ્રમ તણાતો બચાવી લીધેલો. પણ એની પહેલાં ગુરુએ ઠપકો આપેલો. 'મને ગુરુ ઠપકો આપે ?' કૂલવાલક મુનિ આ અભિનિવેશમાં ગુરુને ભૂલ્યા, સાધુને ભૂલ્યા, સાધુઓ અને ગુરુનો સંગ છોડી બૌદ્ધનાં મઠમાં રહ્યા. પાછો ત્યાં પણ અભિનિવેશ આવ્યો.

'હું જંગલમાં એકલો રહી શકું છું' જંગલમાં રહ્યા. વૈશાલીનો કિલ્લો તેમાં રહેલાં મુનિસુવ્રત સ્વામીનાં સ્તૂપને કારણે અજેય હતો તે સ્તૂપને તોડાવા માટે કોણિકે વેશ્યાને બનાવટી શ્રાવિકા બનાવી ફૂલવાલક પાસે મોકલી. અભિનિવેશ-દુરાગ્રહથી જંગલમાં મુનિ એકલા રહેલા. એમાં વળી સ્ત્રીનો સંગ ! વેશ્યાથી મુનિ ભ્રષ્ટ થઈ ગયા. અભિનિવેશનાં કારણે સંયમથી પછડાયા. આખી વૈશાલીનો નાશ કરવા મુનિસુવ્રત સ્તૂપ આ પાપાત્મા ફૂલવાલકે તોડાવ્યો અને નરકનાં પાપો ઉપાર્જિત કર્યા.

આ રાગાદિ ક્લેશથી વાસિત મન એ સંસાર. સાધુ થયા, પણ મન જો આમાં ને આમાં રહે તો સંસાર જ છે. એટલે કવિ કહે છે, માર્ગનાં ઊંચા આરાધક થવું હોય તો આ રાગ-દ્વેષ અહંને બાજુ પર રાખીને ચાલો. તો જ તમારો આત્મા ભવપાર છે. **'ક્લેશ રહિત મન તે ભવપાર'**- લાખ સોનૈયાનો ઢગલો પડ્યો હોય તો પણ તેનાં પર નજર પણ ન જાય. કદાચ નજર ગઈ તો પણ 'કુછ નહીં' લાગે ! તો રાગથી બચી શકે. એમ દ્વેષને અહંત્વથી બચે તો મોક્ષ પાસે જ છે. માટે તો કવિ કહે છે કે

"જો વિશુદ્ધ મન ઘર તુમે આયા, તો પ્રભુ ! અમે નવનિધિ ઋદ્ધિ પાયા."૩.

પ્રભુ તમે અમારા વિશુદ્ધ મનઘરમાં આવો તો અમે તો નવનિધિ ને ઋદ્ધિ પામી ગયા. યોગી આ જ કહે છે કે, તમે જે કાંઈ પણ ત્યાગ-તપ કરો તે રાગ-દ્વેષથી મુક્ત થઈને કરો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૯,અંક-૨૮,તા.૬-૪-૧૯૯૧

આપણું બગાડનાર બીજું કોઈ નથી. આપણું બગાડનાર તો આપણાં કર્મો છે. સીતાજીને કોઈએ કહ્યું હોત કે, 'આ તમારા ધણીએ તમારું બગાડ્યું. તમને જંગલમાં મોકલી દીધા;' ત્યારે સીતાજી કહેતા 'મારું મારા ધણીએ નથી બગાડ્યું, પણ મારા કર્મે મારું બગાડ્યું છે. કર્મસત્તા જીવને હેરાન કરવા માટે કોઈકને સળી કરે છે.'

જગતનાં જીવો એ કર્મનાં રમકડાં છે. એ કર્મ જીવને રમાડવો હોય તેમ રમાડે છે અને પછાડવો હોય તેમ પછાડે છે. રામ કાંઈ જગતનાં જીવોમાંથી થોડા બાદ છે ? તો સીતાજીના અપયશકર્મે રામને રમાડ્યા અને સીતાજીને પછાડ્યા - 'રામનો દોષ નહિ, મારાં કર્મનો દોષ', આ હતી સીતાજીની તત્ત્વ-પ્રજ્ઞા... 'મારું મારા કર્મો બગાડે છે.' મનને ક્લેશ રહિત બનાવવાનું છે. ત્યારે આપણા મનને થાય કે 'એ જે ઊંચા વૈરાગ્ય-ક્ષમાદિના ભાવો ભગવાનમાં હતા, તે અમારામાં

ક્યારે આવે ?' પરંતુ 'ભાઈ ! એ ગજસુકુમાર અને ખંધકસૂરિના શિષ્યો જે ક્ષમા-ઉપશમના ઊંચા ભાવો લાવ્યા હતા તે અમારામાં શે આવે ?' આમ નિરાશ થવાનું નહીં, કેમકે આ રાગ-દ્વેષ-અહંત્વ તો અનાદિના છે, તો તેને થોડા થોડા રોજ ખોખરા કરતા જઈશું, દબાવતા જઈશું તો એક દિવસ એવો આવશે કે એ સાવ દબાઈ જઈ આપણે વીતરાગ બની જઈશું. ગજસુકુમાર, ખંધકસૂરિનાં શિષ્યો વગેરેએ સો ટકાનો સમતાભાવ રાખેલો, તો આપણે બે ટકાનો તો સમતા ભાવ રાખવા યત્ન કરીએ ને ? એ માટે આપણે આપણા વિશુદ્ધ મનમાં પ્રભુને વસાવવાના છે.

પ્રશ્ન : વિશુદ્ધ મન કોને કહેવું ?

ઉત્તર : નિખાલસ મન, માયા રહિત મન વિશુદ્ધ મન છે.

મહાપુરુષો માટે કહેવાયું કે ભવે મોક્ષે ચ નિસ્પૃહઃ (સમદૃષ્ટિઃ) સંસાર અને મોક્ષ ઉપર નિસ્પૃહી સમદૃષ્ટિવાળા હતા. કેમ ? તો કે રાગ ને દ્વેષ કાઢી નાખ્યા હતા. વીતરાગ બને એટલે રાગને દ્વેષ બંને જાય. તો વીતરાગ કહ્યા, વીતદ્વેષ કેમ નહીં ? કેમકે રાગ જોદ્ધો છે અને રાગ છેક ૧૦ મે ગુણઠાણાનાં અંતે જાય છે માટે. આવા વીતરાગ બનેલાને મોક્ષ પર રાગ ખરો ? ના. તો સંસાર પર દ્વેષ ખરો ? ના. રાગ દ્વેષ કરવા જેવી કોઈ ચીજ એમનામાં નથી. મોક્ષમાં રાગ-દ્વેષ-શોક-હરખ, રતિ-અરતિ, કોઈ નથી. અહીં જ બધું કાઢી નાંખ્યું. આ રાગ નીકળી જતાં સહજમાં મોક્ષની પ્રાપ્તિ થઈ જાય છે. ઋષભદેવ ભગવાન પાસે ૯૮ પુત્રો ભરતની સામે લડવાની મંજૂરી લેવા આવેલા હતા. ભગવાને આ ૯૮ પુત્રોને કહ્યું લડવું છે ? તો અંદરમાં જે મોહમાયા, ક્લેશ વગેરે ભર્યા છે તેની સાથે લડી લો. ભરત સાથે શું લડવા નીકળ્યા છો ? રસ્તામાં ચાલતા કોઈની કોણી વાગી તો તેની સાથે લડવા ઊભો થાય, 'જોતા નથી ? તે આમ ચાલો છો ?' જેમ તેમ બોલે. પરંતુ જો બાજુમાંથી કોઈ મિલિટરી બંદૂકનો કુંદો લગાડીને ગઈ, તો એની સામે કાંઈ નહીં બોલે ! કેમ એમ ? મિલિટરી જોરાવર હતો માટે.

એક માણસ સવારે ફરવા નીકળ્યો. ઉપરથી ઈંટ પડી એની બાજુમાં; ને ધૂંવાપૂંઆ થઈ ગયો. 'કોણ છે હરામખોર ? ઉપર જઈને ઈંટ મારું.' હાથમાં ઈંટ લઈને ગુસ્સાભેર ગયો. જોયું તો પહેલવાન અગાશીમાં દંડ પીલી રહ્યો છે તેને જોઈને જ થથરી ગયો. પેલા પહેલવાને જોસથી બૂમ પાડી. 'એ ય !' કેમ આ ઈંટ લઈને આવ્યો છે ? આને હવે શું ગુસ્સાભેર કહેવાની જીગર છે કે, "ભાન નથી ? ઉપરથી ઈંટ ફેંકો છો ? આ તમારા બાપને વાગ્યુ હોત તો ?" ના, સમજે છે કે 'જો આવું બોલ્યો, તો ઈંટ તો ન વાગી પરંતુ એની ડબલ કાયાના પંજાની જોરદાર લપડાક વાગી સમજો,' તેથી નરમ ઘેંસ થઈને કહે છે, "આ તો તમારી ઈંટ નીચે

પડી ગઈ હતી તે આપવા આવ્યો છું."

"લડવાની બહાદૂરી પણ નબળા ઉપર થાય છે, સબળા ઉપર નહિ."

૯૮ પુત્રોને ભગવાન શ્રીઋષભદેવે આ સમજાવ્યું કે, "લડવાની બહાદૂરી નબળા ભરત સામે નહીં, પણ તમારા પ્રબળ આંતરશત્રુ સામે દેખાડી દો." ત્યાંજ દેખાડી દીધી, ચારિત્ર લઈ લીધું, રાગાદિ સામે જંગ માંડ્યો અને ભરતના આવતાં પહેલાં જ વીતરાગ બની ગયા.

ભરત આવીને ક્ષમા માગે છે 'ભાઈ ! મારે તમારું રાજ્ય નથી જોઈતું, સુખેથી તમે તમારું રાજ્ય ભોગવો.' છતાં પેલા બોલતા નથી, એટલે ભરત કહે, 'માફી માંગું છું, મારા પર રીસ ન કરો.' ત્યારે ભગવાન કહે છે, 'ભરત ! કેવળજ્ઞાનીની આશાતના ન કર.'

ભગવાનની આજ્ઞા છે કે, 'ક્લેશ રહિત બનવાનું.' તે બનવા માટે અરિહંતને આપણા દિલમાં પધરાવવાનાં. એટલે તેમની આરાધના-સાધનાને યાદ કરીને આપણે પણ આવો પાવર લેવાનો. **ગુણસાગરને** માબાપના આગ્રહને વશ થઈ પરણવા બેસવું પડ્યું. માબાપને ક્યાં ખબર છે કે, આ લગ્ન કરવા બેઠો છે કે ભગતની ભાવના ભાવે છે ? ગુણસાગરે ચોરીમાં બેઠા બેઠા રાગના ફુરચા ઉડાડ્યા ને ત્યાં જ કેવળજ્ઞાન પામી ગયા.

સગરચક્રીના ૬૦ હજાર પુત્રો અષ્ટાપદની યાત્રા કરવા ગયા હતા. યાત્રા કરીને અષ્ટાપદ તીર્થની રક્ષા કરવા માટે ફરતી ખાઈ ખોદી તો ખરી, પરંતુ નીચે દેવતાનાં ભવનમાં રજ પડવા લાગી. દેવ આવ્યા ને ગુસ્સે ભરાયા, કહે 'તમે આવી રમત ન કરો, અમારા ભવન મેલા થાય છે' સમજાવીને ગયા. ૬૦ હજારને તીર્થરક્ષા નક્કર કરવી છે તો દેવતાના ગયા પછી મોટી નહેર ખોદીને ગંગા નદીને અહીં લઈ આવ્યા. અને ત્યાં જ દેવ ધસમસતા આવ્યા ને એક જ ધડાકે ફું - કરીને જ્વાલા પ્રસરાવી એક સાથે ૬૦ હજારને બાળી નાખ્યા. પણ દેવતાને ન કહ્યું 'તારું શું જતું હતું ? અમે તો તીર્થરક્ષા કાજે આ બધું કર્યું છે - આવું કાંઈ ન બોલ્યા, કેમકે તીર્થભક્તિમાં શરીર પર રાગ ને ઉપસર્ગ પર દ્વેષને દબાવી દીધા હતા.

પ્રશ્ન : રાગ દ્વેષને કાઢવા કઈ રીતે ?

ઉત્તર : રાગ દ્વેષને જેમણે કાઢી નાખ્યા છે તેમને નજર સામે ને નજર સામે રાખો.'

મનમાં લાવો કે 'આપણા ભાગ્યની અવધિ નથી એવા ભગવાન મહાવીર આપણને મળ્યા છે, જે અનેક પ્રકારની પ્રેરણાનું સંગ્રહ સ્થાન છે. માટે એમની જીવનસરણી જોયા કરું.

મનને ગુસ્સો આવી જાય છે ? તો ભગવાન મહાવીરને જુઓ. મહાવીર

ભગવાનની પાછળ ભયંકર પામી સંગમ દેવતા પડ્યો હતો. પણ ભગવાને લેશ પણ ગુસ્સો ન કર્યો. ગોવાળિયો અભિમાન કરતો આવ્યો હતો, 'મારા બળદને ના સાચવ્યા ?' અને મારવા દોડ્યો. પણ ભગવાને એમ ન બતાવ્યું કે, 'તું મને ઓળખે છે ? હું નાનો હતો ને મેરું ડોલાવ્યો હતો ! આવું કાંઈ અભિમાન ન કર્યું.'

આ રાગ-દ્વેષ, અભિનિવેશ કાઢવા હોય તો એ માટે આપણી પાસે મહાવીર ભગવાન એ જબરજસ્ત આલંબન છે.

બાહુબલિને અભિનિવેશ આવી ગયો. 'એમ ને એમ ભગવાન પાસે ન જાઉં !' કેવળજ્ઞાન લઈને જઈશે.' ૧૨ મહિના સુધી ન તો અન્નનો કોળિયો લીધો, કે ન તો ચાંગળું પાણી પીધું. ૧૨ મહિના પછી ઋષભદેવ ભગવાને બ્રાહ્મી સુંદરીને ત્યાં બાહુબલિ પાસે મોકલ્યા. બંને બહેનો બોલી. **"વીરા મોરા ! ગજ થકી ઊતરો, ગજ ચડ્યે કેવલ ન હોય રે"**, અને તે વખતે બાહુબલિ ચોંક્યા ! 'ઓહો ! ખુદ મારે કેવળજ્ઞાન જોઈએ છે, તે માટે મારે ક્રોધ-માનાદિ કષાય કાઢી વીતરાગ બનવું જોઈએ, ને શું હું અભિમાન કરું છું, ધિક્કાર છે મને ? જા રે જા, જીવ ! હું મહાન મોક્ષનો અર્થી અને આટલી ક્ષુદ્ર બાબતમાં ભૂલો પડી ગયો ? છોડ છોડ અહંકાર ! બસ, પછી તો તરત જ્યાં ભારે નમ્રતા અને નિરહંકાર આવી ગયા. હવે નાના ભાઈઓને નમસ્કાર કરવા પગ ઉપાડ્યો કે બધા કષાય તૂટ્યા અને ત્યાં જ કેવળજ્ઞાન પામ્યા ! દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, દેવદુંદુભિ વગાડી, બેનો સ્તબ્ધ થઈ ગઈ.''

અહીં બાહુબલિજીને કુદરત જાણે કહેતી હશે કે 'તમારે કેવળજ્ઞાન જોઈએ છે ? તો કેવળજ્ઞાની નાના ભાઈઓને નમસ્કાર કરો.' તે હવે નમસ્કાર કરવાનો દૃઢ નિર્ધાર કર્યો. ત્યાં કેવળજ્ઞાન આવ્યું. એટલે તો જ્ઞાનીઓ કહે છે કે તમારે જે ગુણ જોઈએ તે ગુણને નમસ્કાર કરો. સિદ્ધચક્રના સ્તવનમાં **"તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાગરમાં સેતુ"** એમ આવે છે ને ? કેમ નમીએ ? તપને નમવાથી તપની શક્તિ આવે, તપનો ઉત્સાહ આવે, જીવનમાં જે સાધના લાવવી હોય તેને નમન કરો.

નમનથી દ્વેષ-અભિમાન-અભિનિવેશ દ્વેષનો ક્લેશ દૂર થાય તો ઠેઠ શાશ્વત કાળના કેવળજ્ઞાન સુધી પહોંચી શકાય છે. ભલે તત્કાળ પૂરતી થોડીક વાર આફત આવી જાય.

'ક્લેશ રહિત મન તે ભવ પાર.'

ઝાંઝરિયા મુનિને ઘાતક રાજા પર જરાય દ્વેષ અભિનિવેશ ન આવ્યો. સંક્લેશ રહિત બન્યા, તો એ કેવળજ્ઞાન પામી ગયા.

પાલક પાપીએ નિર્દોષ ૫૦૦ મુનિને ઘાણીમાં પીલવા લીધા, પરંતુ મુનિઓમાં

ક્લેશ રહિતતા સંક્લેશ રહિતતા આવી ગઈ.

પીલાતા ૫૦૦ સાધુઓએ પાલક પીલનારો ન માન્યો, પણ (F. R. C. S.) સર્જન ડૉક્ટર માનેલો, 'આ તો અમારા કર્મોનું ઓપરેશન કરી રહ્યો છે ?' મુનિઓ ક્લેશ રહિત વિચારણામાં ચડ્યા, 'કે ભલું થજો મુનિસુવ્રત ભગવાનનું કે જેમણે દ્વેષ ન કરવાનું અમને શીખવ્યું.' ઘાણીમાં પીલાતા પીલાતા વિશુદ્ધ ભાવવાળા થયા ને કેવળજ્ઞાન પામી ગયા.

"મન વૈકુંઠ અંકુઠિત ભગતે" એમ યોગીઓ અનુભવથી કહે છે. ભગવાન પર અખંડ ભક્તિ એ સ્વર્ગ. સ્વર્ગમાં અસંક્લિષ્ટ દેવતા જ સુખી હોય છે, સંક્લેશવાળા નહિ. એમાં અર્થ આ કે, વીતરાગ ભગવાન પર દિલમાં જો ભક્તિ છે તો ત્યાં ક્લેશ સંક્લેશ નથી 'માટે સ્વર્ગનું સુખ છે. સૂયગડાંગ સૂત્રમાં યોગી-પુરુષ સુધર્માસ્વામીએ જંબુસ્વામીને 'બુજ્ઝિજ્જંતિ તિઉટ્ટિજ્જા' હે જંબુ ! તારી જાતને તું સમજદાર માનતો હો તો આ રાગ દ્વેષનાં બંધનો તોડ. એ રાગ-દ્વેષ ક્લેશ છે. ક્લેશ છે ત્યાં સંસાર છે. ગણધર ભગવાનની (યોગીની) આ અનુભવ-વાણી છે. યોગીઓનો અનુભવ આ, કે પોતે વીતરાગ પરની અથાગ ભક્તિથી મનમાં સ્વર્ગીય સુખ અનુભવે છે. માટે કહે છે અંકુઠિત ભક્તિથી આપણું મન એ વૈકુંઠ છે. જીવનમાં ગમે તેટલાં ધન-માલ મળ્યા હોય, છતાં જીવોને શાંતિ નથી. કેમકે, એ ધન-માલ ઉપર મનને એવા રાગ-દ્વેષ અને અહંત્વ થાય છે. એ કેઇ પ્રકારની ચિંતાઓ સંતાપ અને દુઃખનાં અનુભવો કરાવે છે ત્યારે અમારે યોગીઓને જીવનમાં જો એ ધન-માલ વગેરેનો કોઈ જ સંપર્ક નથી તો અમારે એ નિમિત્તે કોઈ જ રાગ-દ્વેષ-અહંત્વ અને ચિંતા સંતાપ વગેરે કરવાનાં રહેતા નથી. અને તેથી મન મસ્ત રહે છે.

ક્લેશવાસિત મન સંસાર - સંસાર શું ? ક્લેશથી વાસિત મન એજ સંસાર. આ ક્લેશનો ત્યાગ અરિહંત ભગવાનના આલંબને કરવાનો છે. મહાપુરુષો થોડા કાળમાં સાધી ગયા. કારણ એમણે અરિહંત ભગવાનનાં આલંબને અભિમાન આદિ ક્લેશ કાઢી નાખ્યા. મારા ભગવાનને જો રાગ દ્વેષ અહંકાર દુશ્મન તો મારે પણ દુશ્મન, એ જો.

મહાવીર ભગવાનને કોઈ હંફાવી શક્યું નહીં કારણ મન વિશુદ્ધ હતું. એટલે પ્રભુ ! તમે મારા મનઘરમાં આવ્યા તો હું માનું કે અમે નવનિધિ ઋદ્ધિ પામ્યા. એ સમૃદ્ધિ કેવી ? રાગ દ્વેષ વિનાનાં મનમાં અરિહંત વસે એનાં કરતાં નીચી. દુનિયાની સંપત્તિ ગમે તેટલી મળી હોય, એ સંપત્તિ જેનામાં ક્લેશ હોય, રાગ-દ્વેષાદિ અભિનિવેશ હોય, એને ઓછી જ લાગે; અને જેણે રાગ-દ્વેષ અભિનિવેશાદિ ક્લેશ કાઢી નાખ્યા છે તેની પાસે કાંઈ ન હોય તો પણ તેને અખૂટ ખજાનો લાગે,

ભર્યો ભંડાર દેખાય.

એટલા માટે જીવન કર્તવ્ય એ છે કે આપણે આપણા જીવનમાંથી ક્લેશને જેટલા બને તેટલા હઠાવવાનાં છે. મોટા મહા મુનિઓ યાને પૂર્વ પુરુષો આ કરતા હતા. પાર્શ્વનાથ ભગવાન પૂર્વના ૬૬ા ભવમાં રાજા હતા, રાજ્ય છોડી ચારિત્ર લીધું. જંગલમાં કાઉસગ્ગમાં ઊભા છે ને કમઠનાં જીવ ભીલે બાણ માર્યું. મુનિએ કાયા પરનો રાગ તોડેલો, બાણ વાગ્યું. બાણ છતીમાં ભોંકાયું. તો પણ મુનિ વિહ્વલ ન થયા. મુનિએ લેશ પણ ગુસ્સો ન કર્યો. તો ચક્રવર્તીનું પુણ્ય ઉપાર્જ્યું તે પણ એવાં પુણ્યાનુબંધી પુણ્યની સમૃદ્ધિ કે એ પુણ્યનાં ઉદયે ચક્રવર્તીપણું ભોગવીને તીર્થંકર નામ કર્મ બાંધ્યું.

'ક્લેશ રહિત મન તે ભવ પાર.'

વિશુદ્ધ મન છે તે મન ભવનો પાર પામેલું કહેવાય. જો પ્રભુ ! આપ અમારા વિશુદ્ધ મનઘરમાં આવ્યા તો અમારે નવનિધિ અને આઠ ઋદ્ધિ આવી મનઘરની બાહ્ય શોભા થઈ પણ આંતરિક શોભા બાકી છે. આંતરિક શોભા છે ત્રણ શુદ્ધિની. એટલે રાગ-દ્વેષ અને અભિનિવેશ જાય તેની. પણ એમાં પ્રભુ આપની સહાયતાની જરૂર છે. મોટા ઈન્દ્રભૂતિ ગૌતમ પણ ભગવાનનાં સહારે અને આલંબને આગળ વધ્યા છે. ઈન્દ્રભૂતિ બ્રાહ્મણે યજ્ઞ-યાગની ક્રિયા છોડી, સંસારનો રાગ છોડ્યો, પ્રભુચરણે બેસી ગયા. કેમ ? ભગવાનની નિર્ભેળ ભક્તિ કરવી છે તો સંસારનો રાગ નહિ કરવાનો, રાગ કાઢવાનો છે માટે.

તેમ ઈન્દ્રભૂતિમાં દ્વેષ કેટલો હતો ? પોતાની જાતને જ સર્વજ્ઞ માનતા હતા, એટલે ? 'બીજો કોઈ સર્વજ્ઞ નથી, હું જ સર્વજ્ઞ છું, એટલે ? ભગવાન પણ સર્વજ્ઞ નહિ !' એવું માનતા હતા. પણ ભગવાને સંશય ફેડી આપ્યો તો ભગવાન પ્રત્યેનો દ્વેષ છોડીને ભગવાનનાં શરણે બેસી ગયા. ત્યાં પોતાનું ૪૪૦૦ શિષ્યોનું વડેરાપણું, ૧૪ વિદ્યાનું પારંગતપણું,... એકેમાં અભિમાન ન કર્યું.

તેમ ભગવાને સંશય ફેડી આપ્યો, તે ઈન્દ્રભૂતિએ પોતાનો અભિનિવેશ છોડી દીધો. જગતમાં સર્વજ્ઞ આને જ કહેવાય. બીજા ખોટા ! ઈન્દ્રભૂતિ વિચારે છે કે, જગતમાં આવા સર્વજ્ઞ મળ્યા પછી જગતની એવી જડ કે ચેતન કોઈ ચીજ નથી કે જેને વળગીને બેસી રહેવાય. બસ, આ સર્વજ્ઞને જ વળગીને બેસી રહો. હે પ્રભુ ! આપ જેમ ઈન્દ્રભૂતિનાં વિશુદ્ધ મનઘરમાં આવ્યા તો આપે તેમના રાગાદિ સઘળા ક્લેશ તોડ્યા, તેમ અમારા મનઘરમાં પણ પધારો. અને અમારા ક્લેશ તોડી નાખો અમારે મનઘર આપ પધારો એટલે અમે નવનિધિ-ઋદ્ધિ પામ્યા.

'જો વિશુદ્ધ મનઘર તુમે આવ્યા, પ્રભુ ! તો અમે નવનિધિ ઋદ્ધિ પાયા.'૩

અર્થાત્ 'પ્રભુ જો અમારા શુદ્ધ અર્થાત્ ક્લેશરહિત મનઘરમાં તમે આવ્યા, તો સમજો કે અમે નવનિધાનની ઋદ્ધિ પામ્યા.'

પ્રશ્ન : કવિ ઉપરમાં કહી આવ્યા કે 'ક્લેશરહિત મન તે ભવપાર' એ ક્લેશ મટી ગયા તો તો માનો ભવપાર યાને મોક્ષ પામી ગયા, તો પછી નવનિધાન પામવાનું કેમ કહે છે ? મોક્ષ આગળ એની શી વિસાત છે ? મોક્ષ પામવામાં તો બધું પામી ગયા.

ઉત્તર : જીવ સંસારી છે ત્યાં સુધી અલબત પ્રભુભક્તિ અને પ્રભુ પર અથાગ પ્રેમ તથા શ્રદ્ધાના બળે નવનિધાન તો શું, મોટી દેવતાઇ સમૃદ્ધિને પણ વિસાતમાં લેખતો નથી. માટે તો કહ્યું,

'સુરનરસુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક',

અર્થાત્ સમકિતી જીવ પ્રશમ લક્ષણના હિસાબે દેવ-મનુષ્યના બહુ ઊંચા સુખને પણ દુઃખરુપે લેખવે છે, અને માત્ર શિવસુખ-મોક્ષસુખને જ ઇચ્છે છે, અલબત આંતરિક હૃદયની કામના એકમાત્ર મોક્ષસુખની છે, પરંતુ સંસારમાં જ્યાં સુધી બેઠો છે ત્યાં સુધી એને એક યા બીજી વસ્તુની સગવડ અનુકૂળતા જોઈએ છે. બીજી બાજુ પુણ્ય કાંઈ એટલું બધું પ્રબળ નથી કે કાંઈક ઈચ્છયું ને તરત એ હાજર થાય, તરત એ બની જાય, એટલે એમ પ્રતિકૂળ તરત ટળી જાય, એવું પુણ્ય નથી એટલે ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના નિવારણ અંગે ચિંતા રહ્યા કરે છે. તો શું જિંદગી આવી ચિંતામાં જ પસાર કરવી ? ના, પ્રભુના ભક્ત બન્યા પછી આવી ચિંતા સંતાપ કરવાના હોય નહિ. કેમ કે મનમાં પ્રભુને વસાવ્યા છે એટલે નિરાંત વાળી છે કે હવે મારે કશી ચિંતા કરવાની હોય નહિ.

જેમ ચક્રવર્તી પાસે નવનિધાન હોય છે તો એને ચિંતા કરવાની રહેતી નથી કે 'અનાજ ખૂટી જશે તો ? વસ્ત્ર અલંકાર ખૂટવા આવશે તો ?... ના, નવનિધાન ચીજવસ્તુના પાતાળકૂવા સમજો, ગમે તેટલું એમાંથી કાઢો, એમાં ખૂટે જ નહિ, એ તો અખૂટ ભંડાર ! એટલે ચક્રવર્તી મોટું ૯૬ ક્રોડનું પાયદળ રાખે, ૮૪-૮૪ લાખનું હયદળ, ગજદળ, રથદળ રાખે, એમ રાણીઓનો પરિવાર ૧ લાખ ૯૨ હજારનો, એના હજારો છૈયાં-છોકરાં, નોકર-ચાકર, દાસ-દાસી, આવા મોટા રસાલાને નભાવવા અનાજ-વસ્ત્ર ચીજવસ્તુ કેટલી બધી જોઈએ ? પરંતુ ચક્રવર્તીને એ મળવા સાચવવાની કશી ચિંતા જ નહિ, કેમ કે એની પાસે જબરદસ્ત નવનિધાનની ઋદ્ધિ-સમૃદ્ધિ છે, એ બધું આપી દે છે, બધી ચિંતા મિટાવી દે છે. ચક્રવર્તીપણાનું પુણ્ય એટલે મામૂલી સમજતા નહિ, એ અચિંત્ય પુણ્ય છે.

એમ કવિ કહે છે અહીં જો અમે પ્રભુને મનઘરમાં બરાબર વસાવ્યા છે, તો નવનિધાનસમા છે, એ અમારી બધી ચિંતા મિટાવી દે છે. તો પૂછો, -

પ્રશ્ન : પણ જીવન જીવતાં તાંબાની તોલડી તેર વાના માગે, એ બધું ભક્તને શું ધાર્યું મળી જ જાય છે ? ના; તો એ ન મળે ત્યાં સુધી ચિંતા તો રહે જ ને ?

ઉત્તર : ના, ભક્તના દિલમાં વીતરાગ પ્રભુ વસ્યા છે એ ક્યાં હિસાબ મંડાવે છે કે આટલું જોઈએ છે પણ જો નથી મળ્યું, તો **મારી યોગ્યતા મને મળ્યા જેટલી જ છે,** એટલે બધું બરાબર છે, એના કરતા જો અધિક આંચકવા જઈશ, તો કુદરત વળી બીજું જ કાંક તોફાન ઊભું કરશે એટલા માટે પ્રભુની દયાથી મળ્યું તે બરાબર છે; ને નથી મળ્યું તે ય બરાબર છે. કશી ખોટ માનવાની જરૂર જ નથી.

બીજી વાત એ છે કે મનને એમ લાગવું જોઈએ કે,

પ્રભુ મળ્યા છે એ લાખો-કરોડો મળ્યા બરાબર છે, અને દુન્યવી ગમે તેવી ઊંચી વસ્તુ મળી એ મામૂલી કિંમતની છે.

પ્રભુ જો કોહિનૂર હીરા જેવા છે તો દુન્યવી સંપત્તિ કાચના ટુકડા સમાન છે.

કોહિનૂર હીરો મળી ગયા પછી કાચના ટુકડા બે ઓછા મળ્યા કે વાંકાચૂકા મળ્યા, તો એ કઇ મોટી ખોટ કહેવાય ? 'મારે તો પ્રભુ મળ્યા છે તો બધું જ મળી ગયું છે, નવનિધાન અને બીજી બધીય ઋદ્ધિ-સમૃદ્ધિ મળી ગઈ છે.' આમ, કવિ કહે છે મનમાં પ્રભુ વસ્યાથી, સંક્લેશના અભાવે, મારે તો અહીં જ મોક્ષ છે, મોટી સંપત્તિ પણ અહીં જ મળી ગઈ છે.

'સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાંહી પેઠા.'૪

વિવેચન : પણ ભગવન્ ! એક અફસોસી છે. આવા સારા આપ છતાં આપ સાત-રાજલોક દૂર મોક્ષમાં જઈને અળગા બેઠા છો. અહીં પડોશમાં બેસી ગયા હોત તો તો તમારી પાસે આવી તમને જોઈને હું મારા ગુણોનું દળદર કાઢી નાખત. કેમકે મજબૂત ઓથ વિના અનંતકાળનાં પેંધેલા રાગ-દ્વેષ અને અભિમાન-અહંત્વનાં કચરા કાઢવા એ કઠણ કામ છે, એ ભગવાનની હૂંફથી દૂર થાત. પણ હવે મારે તમારું પડખું ક્યાંથી સેવવું ? હું કમનસીબ છું કે આપ મારાથી સાત રાજ અળગા જઈને બેઠા છો. છતાં એક આશ્વાસન છે કે,

ભલે આપ અળગા જઈને બેઠા પણ ભક્તિનાં કામણથી અમારા મનમાં ખેંચાઈ આવ્યા છો. ભગવાન ભક્તિથી મનના ઘરમાં પેઠા એટલે મન પ્રભુમય થઈ જાય. પ્રભુમય થાય એટલે કેવુક થાય ? તો કે પ્રભુ સાધના કરે છે એમાં તો ભગવાન ઉપર કષ્ટો વરસે છે. તો આપણો આત્મા પણ એવા કષ્ટનું સંવેદન કરે, પ્રભુ તમને કષ્ટ, તો મને પણ કષ્ટ, મહાવીર ભગવાન ઉપર ગોશાળાએ તેજોલેશ્યા

મૂકી. ભગવાન બળી તો ન ગયા પણ એ તેજોલેશ્યાની ગરમી એવી લાગી કે ભગવાનને અતિસાર લોહીનાં ઝાડા થયા. લોહી ઝરી જવાથી ભગવાન જરા ફિક્કા દેખાવા લાગ્યા. ૬-૬ મહિના સુધી આ ચાલ્યું ! ત્યારે દેવતાઓ વાતો કરવા લાગ્યા કે, 'ભાઈઓ ! આ શું પણ ? આમ ને આમ ચાલશે તો ભગવાન વહેલા ચાલ્યા જશે ! ત્યારે સિંહ નામનાં મુનિએ આ સાંભળ્યું, તો ભગવાન એમના મનમાં ભક્તિથી એવા પેસી ગયા હતા કે એ ભગવાનનાં દુઃખે દુઃખી થયા, જેમ મા માંદી પડે તો છોકરું ય માંદુ પડે કે, મારી માને કેટલું દુઃખ ? એમ સિંહ અણગારને પણ થયું, મારા ભગવાનને આવું દુઃખ ? અને મારા પ્રભુ વહેલા ચાલ્યા જશે ? જંગલમાં એકલા રડવા બેસી ગયા, 'પ્રભુ ! આપ જીવતા રહો, આપ સાજા-માજા રહો અને આપનું દુઃખ મને આપી દો.'

પ્રેમ-ભક્તિ એ પરદુઃખ સંવેદન માગે છે. જેના પર પ્રેમ હોય, ભક્તિ હોય તેનાં કષ્ટ-તકલીફનો આપણને અનુભવ થવો જોઈએ. સિંહ અણગારને આવું સંવેદન થયું કે, 'મારા ભગવાનને આ દુઃખ ?' જંગલમાં રડે છે ત્યારે ભગવાન તો કેવળજ્ઞાનથી બધું જાણે છે. એમણે બે સાધુને કહ્યું કે 'જાઓ પેલા સિંહ અણગારને અહીં બોલાવી લાવો.' સાધુઓ ગયા અને ભગવાન પાસે લઈ આવ્યા. ભગવાને કહ્યું, 'સિંહ અણગાર ! તમે ચિંતા ન કરશો કે હું ચાલ્યો જઈશ. તીર્થંકરનું આયુષ્ય નિરુપક્રમ અને અનપવર્તનીય હોય છે. અનપવર્તનીય એટલે કાળસ્થિતિ ઓછી ન થાય એવું. આપણું આયુષ્ય સોપક્રમી અને અપવર્તનીય છે. ક્યાંક ધક્કો લાગે તો સોના બદલે સાઠમા વર્ષમાં એ એક સાથે બધું ભોગવાઈ ખલાસ થઈ જાય. જીવની પૂર્વાવસ્થામાં બહુ મિઠાઈ ખાવાથી, હોજરી મંદ પડી જાય છે. હોજરીને ભૂખી રાખો તો અંદરથી અગ્નિ સારી ઊઘડે. વધુ ખાવાથી હોજરી મંદ થાય છે. પૂર્વાવસ્થામાં હોજરીને તોડી નાખો તો ઉત્તરાવસ્થામાં શું થાય ? ખોરાક પચે નહીં એક ધક્કો લાગે તો ખેલ ખલાસ. સોપક્રમ આયુષ્ય તૂટે.'

આપણા વિદ્વાન મહાત્મા મુનિશ્રી મોક્ષરત્નવિજયજી વિહારમાં સડકની ડાબી બાજુને અંદરનાં ભાગમાં ચાલતા હતા, ને પાછળથી ટ્રકે આવીને ધક્કો લગાડી દીધો. આયુષ્ય ને ઉપક્રમ લાગી ગયો ખલાસ થઈ ગયા. જમણી બાજુ ચાલવાથી સામેથી આવતી ગાડી આપણે જોઈ શકીએ છીએ, જ્યારે ડાબી બાજુ ચાલવામાં આવે તો પાછળની ગાડી જોઈ શકાતી નથી. એટલે ચાલવામાં બહુ ઉપયોગ રાખવાનો છે. જમણી બાજુ જ ચાલવું.

પેલા સિંહ અણગાર પ્રભુને કહે છે, 'પણ પ્રભુ ! આપનું શરીર લેવાઈ ગયું છે તો કાંઈ દવા ઉપચાર કરવા માટે મારા પર દયા કરો.' ભગવાને કહ્યું, 'સારું

જા, રેવતી શ્રાવિકાને ત્યાં જા. એણે કોળાપાક બનાવ્યો છે. પણ એનાં ઘર માટે જે બિજોરાપાક બનાવ્યો છે તે લાવજે. સિંહ અણગાર તો ખુશ થઈ ગયા. રેવતી શ્રાવિકા ભગવાનની ભક્તા હતી. 'મારા પ્રભુ ફિક્કા પડતા જાય છે માટે લાવ કોળાપાક બનાવું કે જેથી મારા પ્રભુને શાતા મળે.' એ આશયથી કોળાપાક બનાવેલો.

સિંહ અણગાર રેવતી શ્રાવિકાને ત્યાં ગયા. ધર્મલાભ કહ્યો, 'પધારો સાહેબ શાનો ખપ છે ?'

મુનિ કહે, 'ત્રિભુવનતારક મહાવીર ભગવાનને માટે આવ્યો છું. ભગવાનને ગરમીનું દર્દ થયું છે, તો એમના માટે પાક જોઈએ છે. એટલે રેવતી તો ખુશ ખુશ થઈ ગઈ. અને ઘરમાં જે કોળાપાક બનાવ્યો હતો તે લઈ આવી. ત્યારે સિંહ મુનિ કહે 'આ નહીં, કેમ કે આ તો તમે ભગવાનને માટે બનાવ્યો છે.' રેવતી કહે, 'આપને કેવી રીતે ખબર પડી ?' ત્યારે મુનિ કહે 'મને ભગવાને કહ્યું છે માટે તમારા પોતાના માટે જે બિજોરાપાક બનાવ્યો છે તે આપો.' રેવતી તો એવી ખુશ થઈ ગઈ કે બોલી, 'ધન્ય ભાગ્ય મારા !'

ભગવાનની ભક્તિનો ઉછાળો કેવો ? એવી ભક્તિ વખતે લાગી કે 'મારે માટે દુનિયા કોઈ ચીજ નથી. જે કાંઈ કરું તે ભગવાન માટે. જે કોઈ આશા રાખું તે ભગવાન માટે, જે કોઈ મારી વ્યથા હોય એ ભગવાનને કહું. એજ મારી દુનિયા,' ભક્તિ અંદરમાં કેવીક ઓળઘોળ થઈ ગયેલી ?

ભક્તિ–ભજવું–આશરો લેવો :

જેમ ૧૦ માઈલ જંગલમાં ચાલતાં ક્યાંય ઝાડ પાન ન મળે, તે જીવ ગરમીથી આકુળ વ્યાકુળ થઈ જાય, અને ત્યારબાદ કોક જગ્યાએ વડલો જોવામાં આવે ને ઠંડોગાર વાતાવરણ મળે, તો તે જોતાં તે વખતે લાગે કે, 'આ વડલો જ મારે સર્વે સર્વા, મીઠા હિમ જેવો !' બીજો કાંઈ વિચાર જ તે વખતે ન આવે. એ શું કહેવાય ? વડલાને જ ભજ્યા કહેવાય. ભક્તિ એટલે ભજવું, એટલે કે આશરો લેવો, એમ ભગવાનને ભજ્યા એટલે જે ગણો તે બધું ભગવાન લાગે. 'મારી દુનિયા જ ભગવાન' પણ પાંચ ડિગ્રી તાવ હોય તો ? 'કાંઈ નહીં મારી પાસે મારા ભગવાન છે ને ? ભગવાન જો દિલમાં છે, તો ભક્તને કોઈ દુઃખ નથી ? ના. ભગવાન હવે હૈયામાં-મનઘરમાં આવી ગયા એટલે હવે એ દુઃખ નથી, આત્મારામજી મહારાજ કહે છે,

"જિમ તિમ કરી વિમલાચલ ભેટ્યો, માનું સંસારનો અંત થયો રે."

આત્મારામજી મહારાજ પંજાબથી સિદ્ધગિરિ પર આવ્યા. હૈયામાં એવો આનંદ ઉભરાયો કે શત્રુંજય ગિરિરાજને જોતાં જ બોલ્યા,

"અબ તો પાર ભયે હમ સાધો ! શ્રી સિદ્ધાચલ દરસ કરી રે" હે પ્રભુ ! હવે તો હું ભવ પાર પામી ગયો. જેમ તેમ કરીને મેં સિદ્ધગિરિ ભેટ્યો, આદીશ્વર પ્રભુનાં દર્શન મેળવ્યાં, હવે તો મારે સંસારનો અંત થયા વગર રહેશે નહીં, હવે દુઃખ રહેશે નહિ." ભક્તિથી ભગવાનને દિલમાં વસાવ્યા, એટલે ભગવાન જ સર્વે સર્વા થઈ ગયા.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૯,અંક-૨૯,તા.૧૩-૪-૧૯૯૧

ભગવાનને સર્વે સર્વા બનાવી દો તો બધું દુઃખ દૂર.

એ હતું રેવતીનાં દિલમાં. 'મારા ભગવાનની ભક્તિ કરવા ઔષધ તરીકે મારો બિજોરાપાક કામ લાગ્યો !' આ હાહાહા! એ વખતે એવો ભાવ ઉછળ્યો કે દિવ્ય પ્રગટ્યાં, પુષ્પવૃષ્ટિ થઈ, આકાશમાં દુંદુભિ વાગી અને રેવતી શ્રાવિકાએ તીર્થંકર નામકર્મ બાંધ્યું ! શાના પર ? 'પણ ભગતે અમ મનમાં પેઠા,' એના પર.

ભગવાન રોજ ગોચરી જતા, તો શું રોજ પંચ દિવ્ય પ્રગટે ? ના, જ્યારે વિશિષ્ટ તપ-અભિગ્રહાદિનો પ્રસંગ હોય, યા તો વહોરાવનારનાં વિશિષ્ટ ભાવોલ્લાસ હોય ત્યારે પંચ દિવ્ય પ્રગટે. રેવતીનાં ભાવોલ્લાસ એટલા બધા વધી ગયા કે પંચ દિવ્ય પ્રગટ્યા. પણ ભગવાન વોહરવા ક્યાં પધાર્યા હતા ? ભલે ભગવાન નહોતા પધાર્યા પણ ભગવાનને માટે મુનિ વહોરવા પધાર્યા હતા. એટલે ભગવાનની ભક્તિનો ઉછાળો રેવતીમાં હતો. એટલે,

ભક્તિ એ લોહચુંબક છે. ભલે ભગવાન સાત રાજ જઈને અળગા વસ્યા પણ આ ભક્તિનાં લોહચુંબકથી અમે ભગવાનને નજીક ખેંચશું. તેથી દ્રવ્યથી ભલે ભગવાન સાત રાજ દૂર હોય, પણ ભાવથી તો આપ મારા મનમાં વસી ગયા છો.

પ્રશ્ન : તો ભગવાન આપણાથી દ્રવ્યથી દૂર ને ભાવથી નજીક સારા ? કે દ્રવ્યથી નજીક પણ ભાવથી દૂર હોય એ સારા ?

ઉત્તર : ભગવાન જો આપણા દિલમાં હોય તો દૂર પણ નજીક છે અને દિલમાં જો ન હોય તો નજીક છતાં પણ દૂર છે. ભક્તિથી ભગવાનને અંતરમાં બેસાડ્યા એટલે હવે ભાવથી અંતર રહ્યું નથી કહ્યું છે કે,

એક નિકટ પણ વેગળા, જેહને ન ગમે તેહ રે,
અળગા તો પણ હુંકડા, જેશું અધિક સ્નેહ રે.
પણ એક વાત ખૂંચે છે !

'અળગાનો વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું.' ૪.

હું 'મારા પ્રભુ' 'મારા પ્રભુ' કરીને ફરું છું. પણ મારા પ્રભુ તો દૂર છે ! એટલે ભાણા પર બેઠા હોઈએ છતાં પીરસાય નહીં. જમવાનું તૈયાર છે છતાં ભાણામાં કાંઈ આવે નહીં, તો તે 'ભાણા ખડખડ'નું દુઃખ કહેવાય. મીઠાઈઓ બનાવી છે, પણ ભાણામાં આવતી નથી, તો ખાલી ભાણું ખડખડાવ્યા કરવાનું ? એમ ભગવાનને મળું મળું થાય છે, પણ ભગવાન તો સાત રાજ અળગા જઈને બેસી ગયા છે. તો એ દુઃખ દૂર શી રીતે જાય ? ભગવાન નીચે આવતા નથી કેમ કે ભગવાન તો કૃતકૃત્ય થઈ ગયા છે. એક પણ કામ હવે તેમને બાકી નથી. તારવાનું કામ હતું ને ? એ પણ કરી લીધું. નિગોદમાંથી બહાર કાઢ્યા તો હવે ભગવાનનું મિલન શી રીતે થાય ? અંતરમાં જો ભગવાનનો સાક્ષાત્કાર થઈ જાય તો એ મિલન થવાથી ભાણા ખડખડનું દુઃખ જાય, કેવી રીતે સાક્ષાત્કાર થાય ? જેમ અદ્વૈતવાદીને પરમ બ્રહ્મ શુદ્ધાત્માનો 'તત્ત્વમસિ' વાક્યથી બોધ થાય છે, સાક્ષાત્કાર થાય છે, એમ આપણને 'તુંહી તુંહી; મથવાથી થાય. તત્ત્વમસિ એટલે શું ? 'તત્ત્વમ્ અસિ' નહીં, કિન્તુ 'તત્ ત્વમ્ અસિ' અર્થાત્ તે શુદ્ધ આત્મા તું જ છે. ભેદથી જુઓ તો અલગ જ રહે. પરમાત્મા તે તું જ છે આ અભેદપણે જુએ તે પરમાત્મ સ્વરૂપ બને; પછી તર્યા વગર ન રહે. માટે કહ્યું, છેલ્લી ગાથામાં,

'ધ્યાતા-ધ્યેય-ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે'

વિવેચન : અર્થાત્ ધ્યાતા, ધ્યેય અને ધ્યાન ગુણના ઐક્યથી અમે પરમાત્મા અને અમારી વચ્ચેના ભેદનો છેદ કરી નાખશું, નાશ કરી દેશું, એટલે અભેદ ઊભો થઈ જશે.

ભગવાન વિશુદ્ધ મનમાં આવે શી રીતે ? ભગવાન સાથેનો ભેદ મટી જાય તો, 'પ્રભુ તમે જુદા ને અમે જુદા છીએ. તમારે સંયમની કઠોર સાધના જોઈએ, અમારે કાયાની સુખશીલતા જોઈએ', ભગવાનને મનઘરમાં લાવવા હોય તો આ ભેદ દૂર કરવો જોઈએ.

ભેદ શી રીતે દૂર થાય ? ભગવાનને મનમાં વસાવીએ છીએ ખરા પણ મનમાં સાક્ષાત્કાર થતો નથી. સાક્ષાત્કાર થયો એમ શી રીતે કહેવાય ? બે વાત છે,

(૧) પ્રભુને જે ન ગમ્યું તે આપણને ન ગમે અને

(૨) પ્રભુએ જે વધાવ્યું તેને આપણે પણ વાજબી માનીએ.

પ્રભુને શું ન ગમ્યું ? કાયાની સુંવાળાશ ન ગમી. ઋષભદેવ ભગવાન હજાર વર્ષનાં છદ્મસ્થ કાળમાં ઊભા ને ઊભા જ રહ્યા, કેમ ? 'ગુફામાં જઈને ધ્યાન કરવા બેસી જાઉં તો ઠીક છે કે બીજા પાપ છૂટી જાય, પણ દેહ-મમતા દેહાધ્યાસનું પાપ ન છૂટે, કાયાની મમતા ઊભી રહે, ગુફામાં બેસીને ધ્યાન કરે તો એકાગ્રતા

વધે ને ? ના, એમાં તો કાયાની સુંવાળાશ ગમે, તો એમાં આત્માનું એટલું મહત્ત્વ ન લાગ્યું.'

ભગવાન સદા કાયોત્સર્ગ ધ્યાને એટલા માટે રહ્યા કે, જીવને અનાદિથી ગાઢ સંબંધ કાયા સાથે છે. એટલે જ્યાં સુધી આ કાયાની સુંવાળાશ ન મૂકાય, ત્યાં સુધી આત્માનું ભલું ન થાય. ભગવાન એટલા વહાલા ન લાગે. ભગવાનને આ કાયાની સુંવાળાશ ન ગમી એટલે આપણને પણ ન ગમવી જોઈએ. ભગવાને જે વધાવ્યું તે આપણને પણ વાજબી લાગવું જોઈએ; પછી ભલે આજે એવા કાયા પરના જુલ્મને ન વધાવી શકીએ, પણ એ જુલ્મ વાજબી લાગવાથી એક દિવસ એને વધાવવાનું થાય.

મહાવીર ભગવાનને કાનમાં ખીલા ઠોકવા માટે ગોવાળ આવ્યો, તો ભગવાને એને ધક્કો ન માર્યો પણ એને વધાવ્યો. સંગમે છ-છ મહિના સુધી ગોચરી લેવા ન દીધી તો ભગવાન કંટાળ્યા નહિ. પેલાએ ભગવાનની અવહેલના, મશ્કરી કરાવી, ભગવાને બધું વધાવ્યું, પણ ભાગાભાગ ન કરી. પેલો સંગમ છોકરાઓ રમતા હોય ને એમને ધોલધપાટ મારીને જતો રહે. છોકરાઓ રડતા રડતા ઘરે જાય અમને માર્યા, કોણે માર્યા ? બાવાએ, એટલે લોકો ભગવાન ઊભા હોય ત્યાં આવે ને પૂછે, 'આમણે ?' હા, અને આવેલા માણસો ભગવાનને લાકડીએ મારે, ભગવાને ખોટું સહેવાનું પણ વધાવ્યું. એ આપણને વાજબી લાગવું જોઈએ. એવો પ્રશ્ન ન કરાય કે 'આવું ખોટું કેમ સહન થાય ?' એટલે તો એનો અર્થ એ કે 'ખોટું સહન ન કરવું. ભગવાને સહન કર્યું તે ગેરવાજબી.'

મેરુ ડોલાવવાની શક્તિવાળા ભગવાને ખોટું ઘણું સહન કર્યું. આપણને તે વાજબી લાગવું જોઈએ. ભગવાનની જેમ આવું કાંઈક સહન કરીએ તો ભગવાનનો સાક્ષાત્કાર થાય.

ભગવાન સાથેનો ભેદ હટે. આ ભેદ હટાવવા માટે ધ્યાન કરનાર વ્યક્તિ તે ધ્યાતા ધ્યાતા ગણાય, જેનું ધ્યાન કરવામાં આવે તે ધ્યેય કહેવાય. અરિહંત અને વીતરાગને આગળ કરીને કરવામાં આવતી ક્રિયા તે ધ્યાન. આ ત્રણેનો ભેદ નીકળી જવો જોઈએ. 'હું એ હું છું, સામે મારા ભગવાન છે', આમાં સામે ભગવાનને આપણે જુદા રાખીએ છીએ. 'હું ને તે એ જુદા', એમ ગણીએ છીએ. આ ભેદ છે. 'હું ને આવા વીતરાગ' આ ભેદ રાખીને આપણે ધ્યાન કરીએ છીએ. 'હું સરાગી છું, ભગવાન વીતરાગ છે,' આ ભેદને કાઢવો હોય તો 'આવા વીતરાગ' એમ નહીં, પણ 'હું માંતે જે વીતરાગ' જેમ દૂધમાં પાણી પેસી જાય તો દૂધનાં ગુણ પાણીને મળે છે, દૂધ ગળ્યું તો પાણી પણ ગળ્યું લાગે, દૂધ સફેદ તો પાણી

પણ સકેત. એમ વીતરાગને આપણામાં ભેળવીએ તો વીતરાગના ગુણો આપણામાં આવે. ઘરેથી દેરાસર જઈએ, દેરાસરની અંદર પેઠા એટલે બહારની દુનિયા બંધ થઈ જાય. દેરાસરની અંદરનું બીજું બધુ જોવાનું બંધ થાય, મૂર્તિ જોતાં મુખ પર અને પછી માત્ર પ્રભુની આંખની કીકી જોવાની. એટલે ચક્ષુ જોતાં બધી નજર સંકોચવાની. કીકી એ બહારનું રૂપ છે, અંદરનું રૂપ વીતરાગતા-શાંતતા છે. એટલે અંદરનું રૂપ જોતા તરત આપણું મન વીતરાગતા ઉપર બેસી જાય.

કેટલાક એમ કહે છે કે, 'ભગવાન તો નિરંજન નિરાકાર છે પછી મૂર્તિની શી જરૂર ?' કિન્તુ એનો ઉત્તર છે; નિરંજન નિરાકારને જોવા માટે પણ સાકારની જરૂર છે. સાકારમાંથી નિરાકારમાં જવાય છે. એમ ને એમ નિરાકારમાં ન જવાય. સુગંધ નિરાકાર છે. કોઈને સુગંધ જોઈતી હોય તો એને સાકાર ફૂલ આપો કે અત્તરનું સુગંધી પૂમડું આપો તો એને સુગંધ મળે. પણ એકલી સુગંધ ન આપી શકાય, કેમકે સુગંધ એ તો નિરાકાર ગુણ છે. એટલે ભગવાનની સાથે સંલગ્ન થવા માટે સાકારની જરૂર છે. સાકારમાંથી નિરાકારમાં પહોંચી શકાય છે.

ભગવાન પર શ્રદ્ધા ભક્તિ આ, કે ભગવાનને જે ન ગમ્યું તે આપણને ન ગમે; અને ભગવાને જે વધાવ્યું તે આપણને વાજબી લાગે. આપણે વધાવવાની તૈયારી હોય, ભગવાન મળ્યાની ખૂબી (વિશેષતા) આ છે. આ એક જ ભગવાન એવાં છે કે, આવું વધાવી લે છે. નહીંતર ગોશાળો જ્યારે ભગવાન પર તેજોલેશ્યા મૂકવા આવ્યો તે વખતે ભગવાનની પાસે દેવતાઓનો ઘણો કાફલો હતો છતાં પણ ભગવાને એક ઇશારો ન કર્યો કે, 'પેલા હરામીને અટકાવો' ભગવાનને તેજોલેશ્યા વધાવી લેવી હતી જેથી અંદરના કર્મ-કચરાનો નિકાલ થઈ જાય.

૯૮ પુત્રોની ભગવદ્‌ભક્તિ :

પ્રભુને ન ગમ્યું તે આપણને ન ગમે. જેમ કે પતિને ન ગમે તે સુશીલ વફાદાર પત્નીને નથી ગમતું. એટલા માટે તો ઋષભદેવ ભગવાન પાસે ભરતની સામે ફરિયાદ લઈને ગયેલા ૯૮ પુત્રોએ ભગવાનની દેશનાથી જોયું કે ભગવાનને રાજપાટ, ખજાના, પરિવાર અમે રાખીએ તે પસંદ નથી, તેથી પોતે પણ એને ન ગમતા કરી એનો ત્યાગ કરીને ચારિત્ર લઈ લીધું. ને પછી પણ અંદરખાનેથી સૂક્ષ્મરાગ પણ કાઢી નાંખ્યો. તો ૯૮ મુનિ વીતરાગ કેવળજ્ઞાની થઈ ગયા. શું કર્યું આ ? પ્રભુને ન ગમ્યું તે પોતે પણ ન-ગમતું કર્યું કરીને પ્રભુનો અંતરમાં સાક્ષાત્કાર કર્યો. જે લોકોને પ્રભુને ન ગમતું ગમે, એ લોકો પ્રભુનો અંતરમાં સાક્ષાત્કાર કરવા વ્યર્થ મથે છે. એ મગફળીનાં ફોતરા ખાંડે છે, મગફળી નહિ, ફુસકી ફૂટે છે ડાંગર નહિ, એમ સાક્ષાત્કાર થાય નહિ.

પ્રભુનો આંતર સાક્ષાત્કાર કરવા પ્રભુએ વધાવ્યું તે વાજબી લાગવું જોઈએ; પ્રભુએ વિના વાંકે અનાડીથી કરાતા ઉપદ્રવો વધાવ્યા. 'ખોટું સહન કરાય ?' હા, પાલક પાપીએ ૫૦૦ મુનિઓને પીલ્યા તે મુનિઓએ એને ગેરવાજબી ન માન્યું તો જ કર્મ ખપાવી મોક્ષે ગયા.

પ્રભુનો આંતર સાક્ષાત્કાર કરવા માટે પ્રભુ સાથેનો ભેદ મોળો પાડવો જોઈએ. ભેદ લાવનાર છે જૂઠ, અહંત્વ, અહં અને મમ. રાગાદિ વગેરે આને તોડવા માટે આ કરવાનું,

પ્રભુની સાક્ષાત્કાર કરવા ૪ ઉપાય

(૧) 'હું' કોઈ ચીજ નથી. અહંને તોડીએ તો ભગવાન દિલમાં આવે. જે છે તે બધું મારા ભગવાન છે. આપણું વ્યક્તિત્વ ભૂલી જવાય. ભગવાનને ગાળો દેતો ગોશાળો આવ્યો તો તરત જ સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ નામના બે મુનિએ ગોશાળાને પડકાર્યો કે, 'ધર્માચાર્યને ગાળો દે છે ?' તો પોતાના વ્યક્તિત્વને રાખ્યું જ ન હતું, ગોશાળાએ તેજોલેશ્યા મૂકી, ને બંનેને બાળી મૂક્યા. એ બંને ૧૨મા દેવલોકમાં ગયા. કેવાક શુભ અધ્યવસાય હશે ? તેજોલેશ્યાથી બળવાનું આવ્યું તો પણ હાયવોય નહિ ! શા માટે આવું કર્યું ? ભગવાનની ભક્તિથી કર્યું. મારી ભક્તિ સફળ થઈ ગઈ, લેખે લાગી ગઈ. આવી ભક્તિનાં ચોક્ખા ચટ શુભ અધ્યવસાય કે 'મારા અરિહંત' એવો શુભ અધ્યવસાય હતો શાંતતાનો - વીતરાગની ભક્તિનો ભાવ કર્યો ત્યારે ૧૨ મો દેવલોક મળ્યો.

જેમકે ગૌતમ મહારાજને પ્રભુની આગળ આવો જ ખ્યાલ રહેતો. તેથી તો આનંદ શ્રાવકે, ગૌતમ મહારાજને એક રાજલોક જેટલું જોઈ શકવાનું અવધિજ્ઞાન થયાનું કહ્યું અને ગૌતમ સ્વામીએ ના પાડી કે ગૃહસ્થને આટલું બધું અવધિજ્ઞાન થાય નહિ. ત્યારે આનંદ કહે, 'મને થયું છે એ હકીકત છે, તમે પ્રભુને પૂછી જુઓ.' અહીં ગૌતમ મહારાજ પોતે બનાવેલી દ્વાદશાંગી અને ૧૪ પૂર્વોમાં આ જોઈ શકત, પણ ગૌતમ સ્વામી, 'પોતે પ્રભુ આગળ કોઈ ચીજ નથી' એમ માનનારા હતા. તેથી પ્રભુની પાસે પૂછવા ગયા. અંતરમાં પ્રભુને લાવવા હોય તો આપણું અહંત્વ ભૂલવું જોઈએ.

(૨) પ્રભુનો આપણા અંતરમાં સાક્ષાત્કાર કરવા માટે બીજું આ કરવાનું કે આપણને હરહંમેશ લાગ્યા કરે કે 'અહીં મારું કશું નથી. સમ્રાટ શ્રેણિક પુત્ર કોણિકથી જેલમાં પુરાયા, તો ત્યાં એમના મનને ઓછું ન આવ્યું કે,' 'અરેરે ! હું મોટો મગધદેશનો માલિક, ને મારી આ દુર્દશા ?' મનને કેમ ઓછું ન આવ્યું ? કહો, એમણે મહાવીર દેવને એવું સમર્પણ કરેલું કે હૈયામાં આ રમતું કે, 'જગતમાનું

મારું કશું નથી, મારા તો ભગવાન છે.' તો એ જેલમાં પણ મસ્તીથી રહેતા. તો જ એ અંતરમાં પ્રભુનો કાંઈક સાક્ષાત્કાર કરી શકતા.

(૩) ત્રીજો ઉપાય એ છે કે, આપણને અરિહંત મળ્યા તો એમ લાગ્યા કરવું જોઈએ કે, "મારે કશું દુઃખ નથી." 'નવકારનો ગણનારો દુઃખી ન હોય.' એનો ભાવ આ જ છે કે, નવકાર અને પંચપરમેષ્ઠીને પોતાની સમૃદ્ધિ માની સમજે છે કે, "એમાં બાહ્ય દુઃખો એ કોઈ દુઃખ જ નથી." એમ અરિહંત પ્રભુ મળ્યા પછી અરિહંત તો આપણા પ્રાણ, આપણું સર્વસ્વ એ મળ્યા પછી દુઃખનું શું ? સીતાજી રામચંદ્રની સાથે વનવાસ ભોગવવા ગયેલા. ત્યાં એમને પતિમાં એટલી બધી હૂંફ હતી કે એમને વનવાસમાં મહેલવાસ અને એની બધી રાજાશાહી સગવડો ચાલી ગઈ, કેઈ પ્રકારનાં કષ્ટ આવતા, છતાંએ મનમાં કશું જ માનતા નહોતા. એટલે તો ત્યાં એમનાં મનને ક્યારેય ઓછું ન આવ્યું કે, 'અરેરે ! બાપનાં ઘરેથી શું સમજીને સાસરે આવેલી ? ને આ કેવાક દુઃખનાં દહાડા જોવાના આવ્યા ?' પતિમાં એમને પૂરી હૂંફ હતી. એમ આપણને પ્રભુ મળ્યાથી પછી કશું દુઃખ ન લાગે. પ્રભુમાં આપણને બધી હૂંફ હોય, મનને થાય કે મારે શું દુઃખ છે ? એ રીતે જો પ્રભુ અંતરમાં વસાવીએ તો જ પછી પ્રભુનો સાક્ષાત્કાર થાય.

(૪) સાક્ષાત્કાર માટે ચોથી વસ્તુ આ છે કે પ્રભુ મળ્યાથી આપણને કશી વાતની ન્યૂનતા ન લાગે. દેવપાલ એક ઢોરાં ચારનારો નોકર હતો પણ એને જંગલમાં ભગવાનની પ્રતિમા મળ્યા પછી એનું મન એવું ભરાઈ ગયું, ધરાઈ ગયું, કે ચક્રેશ્વરી દેવી એની ઉચ્ચ ભક્તિ દેખી આવીને કહે છે, 'દેવપાલ ! હું તારી ભક્તિથી ખૂબ તુષ્ટમાન થઈ છું. તું ભક્તિના બદલામાં તને ગમે તે માગી લે.' ત્યારે દેવપાલે કહ્યું, 'ભક્તિનાં બદલામાં મને ભક્તિ જ આપી દે. બાકી મારે કશું જોઈતું નથી.' ગરીબ નોકર હતો છતાં કેમ એણે કશું ન માંગ્યું ? કહો, પ્રભુ મળ્યા પછી એને કશી વાતની ન્યૂનતા જ નહોતી લાગતી, ન્યૂનતા લાગે તો એ માગે ને ? દેવીએ ઘણો તાવ્યો, કહે છે કે, 'કોઈ રાજ્ય, ખજાના, રાણીઓ બંગલા માગી લે ને ?' તો એ કહે છે, મારી ભક્તિ એરાવણ હાથી જેવી છે, ને તું આપે એ બધું ગધેડા તુલ્ય છે. મારો એરાવણ હાથી વેચીને ગધેડો ખરીદવાની મૂર્ખાઈ હું ન કરું.' મતલબ એને એ વસ્તુની કશી ન્યૂનતા જ નહોતી લાગી.

આત્મામાં પ્રભુનો સાક્ષાત્કાર કરી પ્રભુ સાથે અભેદ સાધવો હોય તો એ ચાર ગુણ જોઈએ. એટલે ભેદ-છેદ કરવો હોય તો અહંને મૂકો, મારું કાંઈ નથી. પ્રભુનું છે એ મારું છે. પ્રભુનું શું છે ? સ્વસ્થતા. અપરાધી પર ભારોભાર કરુણા એ મારી ચીજ છે. કાયા મારી ચીજ નથી, હું કોઈ ચીજ નથી, મારું કશું નથી.

મારે કોઈ દુઃખ નથી. ભગવાન મળ્યા પછી કશું દુઃખ ન હોય. મારે કશી ન્યૂનતા નથી. વીતરાગ થવા માટે ન્યૂનતાનાં રોદણાં કરે તો વીતરાગ ન થવાય. મરુદેવા માતા વીતરાગ શી રીતે થયા ? 'હું ઋષભ ઋષભ કરું છું, ઋષભ એમ ને એમ બેઠો છે.' એની સાથે જ મનમાં આવી ગયું કે 'ઋષભે કેમ ઘર છોડ્યું ?' મને મારો ઋષભ ઋષભ થાય છે પણ ઋષભને 'મારી મા' કેમ નથી થતું ? કારણ કે જગતમાં મમત્વ કરવા લાયક કોઈ જ નથી. બધા અન્ય છે, પર છે. એકલો આત્મા જ મારો છે. બાકી બધું અન્ય છે. એટલે માનની ન્યૂનતા ને દુઃખ મૂકી દીધું તો મરુદેવા માતા ભગવાનની હરોળમાં બેસી ગયા, વીતરાગ બની ગયા, ભગવાન સાથેનો ભેદ ટળી ગયો, અભેદ થઈ ગયા.

'હું' ને 'મારા'નાં ખાતાં બદલીને ભગવાનનાં નામે કરી નખાય તો ભેદ ટળે. બાપ દીકરાનાં નામે ખાતું કરી નાખે તો બધું દીકરાનાં નામે ચડે. એમ આપણે પણ ભગવાનનાં ખાતે બધું કરી નાખીએ, તો પછી બધું ભગવાનનાં ખાતામાં જ જમા થાય. આપણને કાંઈ નહીં થાય.

તમે ભગવાનને બધું સમર્પિત કરી દો, તમે નિશ્ચિત થઈ ગયા. તો બધા રાગ-દ્વેષ જતાં રહેશે. **આપણું પોતાનું રાખ્યું છે માટે રાગ-દ્વેષ છે.** પોતાનું કાઢી નાખો તો વીતરાગતાની ઝાંખી થશે. વીતરાગની સાથેનો ભેદ મટીને વીતરાગ બનાય. પછી

ખીર-નીર પરે તુમશું મિલશું, વાચક યશ કહે હેજે ઢળશું...૫

એટલે આપની સાથે ક્ષીર અને નીરની જેમ મળી જઈશ. વીતરાગથી દૂર નહીં, પણ હું અભિન્ન બની જઈશ.

ધ્યાતા, ધ્યેય અને ધ્યાન આ ત્રણનું ઐક્ય થાય તો આપણો વીતરાગ સાથેનો જે ભેદ છે તે નાશ પામે.

ધ્યાન બે પ્રકારે છે, (૧) સંભેદ પ્રણિધાન અને (૨) અભેદ પ્રણિધાન. (૧) સંભેદ પ્રણિધાનમાં 'પ્રણિધાન' એટલે ધ્યાન. સંભેદ એટલે જેનું ધ્યાન કરીએ છીએ તેનાથી આપણે જુદા છીએ તેમ માનીને ધ્યાન થાય છે. આમાં માનસિક રીતે ભગવાનને સામે લાવીને તેમનું ધ્યાન કરવું તે. એટલે આપણે કોઈ તીર્થમાં કરેલા દર્શનમાં ભગવાનની પ્રતિમા આપણી સામે લાવવાની અને વીતરાગની આંખમાં આંખ મિલાવી ધ્યાનપૂર્વક ભગવાનની આંખમાં વીતરાગતા જોવાની. અહીં હું અને ભગવાન એમ બે છીએ, એટલે ભેદ છે. તેમ ભગવાનની અનેક મુદ્રાઓ અનેક વિશેષતા છે તે યાદ કરવી, જેમકે "ભગવાન મહાવીરદેવ શાસનની સ્થાપના કરે છે" એ દૃશ્ય જોયા કરવું. તેનું ધ્યાન કરવું. આ પ્રકારનાં ધ્યાનને સંભેદ પ્રણિધાન

કહેવાય છે.

(૨) **'અભેદ પ્રણિધાન'** = આપણે અને વીતરાગનો અભેદ થવો, વીતરાગ જુદા નહિ, 'હું જ વીતરાગ છું' તેવો ભાવ લાવવાનો. આપણી મુદ્રા ધ્યાનમાં આપણે વીતરાગ છીએ તેવી જોવાની. હે પ્રભુ ! આ રીતે હું મારી અને આપની વચ્ચેના ભેદનો છેદ કરીશ. પછી દૂધમાં જેમ પાણી ભળી જાય તે રીતે પ્રભુ ! હું આપનામાં ભળી જઈશ. જેમ રાજિમતીમાં નેમ ભળી ગયા, ને નેમમાં રાજિમતી ભળી ગયા, તેમ હું આપનામાં એકમેક થઈ જઈશ.

'એમ એકાંગી જે નર કરશે, તે ભવસાગર તરશે'

પુંડરીક રાજાએ પતિત ભાઈ કંડરીકને રાજ્ય સોંપી સંસારનો ત્યાગ કરી દીધો. પોતાનાં મનથી જ ગુરુ ધારી લીધા હતા અને ગુરુ પાસે જઈને ગુરુમાં એવા ભળી ગયા કે બે દિવસની સાધનામાં અનુત્તર વિમાનમાં પહોંચ્યા ! અંશે પણ વીતરાગનાં ગુણ આપણા કરી લઈએ તો ભેદ ઓછો થાય. પછી ભગવાન સાથે આપણો ક્ષીર-નીરની જેમ એકીભાવ બની જાય. એટલે કહ્યું કે, 'ક્ષીર નીર પરે તુમશું મિલશું' - દૂધમાં પાણી ભળે એટલે પાણીનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ રહેતું નથી. તેની સ્વતંત્ર ખાસિયત રહેતી નથી. પાણી પોતાનો રંગ ગુમાવે છે, શીતળતા મૂકી દે છે યાવત્ પોતાનું નામ પણ મૂકી દીધું. તેમ હું પરમાત્મા સાથે ભળીને મારું સ્વરૂપ 'સંસારી જીવન' મૂકી દઈશ. આપની સાથે મળી હું પરમાત્મા બનીશ. તમારો ને મારો સંબંધ પાણી ને દૂધ જેવો થશે પછી એક જ અવાજ મારો નીકળશે, 'તમારો અવાજ એ જ મારો બનશે.'

વાચક યશ કહે હેજે હળશું... ૫.

વાચક યશોવિજયજી મહારાજ કહે છે કે ભગવાનની સાથે સંબંધ થયા પછી પહેલાં તો આપણે કષ્ટ ઉઠાવીએ. આમ કરતાં-કરતાં ભગવાન ! તમારી સાથે અમે પ્રેમથી એવા હળી જઈશું કે તમારી ને મારી કોઈ જુદાઈ નહીં રહે.

જેમ પાણી એકલું હોય તો એની કિંમત કાંઈ નથી હોતી, પણ દૂધની સાથે ભળે છે તો એ કિંમતી બને છે. તેમ હું પણ અત્યાર સુધી ક્ષુદ્ર ભાવો હાસ્ય, અરતિ આદિને ઠેબે ચડતો હતો, કિંમત વગરનો હતો, હવે ભગવાન સાથે ભળીને દમવાળો બનીશ અને આ રીતે હું આપની સાથે સ્નેહથી ભળી જઈશ.

(ઈતિ શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન વિવેચના)

શ્રી વિમલનાથ જિન સ્તવન-૧૩

સેવો ભવિયા વિમલ જિનેશ્વર, દુલ્લહા સજજન સંગાજી...
એહવા પ્રભુનું દરિશન લહેવું, તે આળસમાં ગંગાજી - ૧
'અવસર પામી આળસ કરશે તે મૂરખમાં પહેલોજી'
ભૂખ્યાને જિમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી - ૨
'ભવ અનંતમાં દરિશન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી,'
વિકટ ગ્રંથિ જે પોળપોળિયો, કર્મ વિવર ઉઘાડેજી - ૩
તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલા લોકે આંજે જી;
લોયણ ગુરુ પરમાન્ન દીએ તવ, ભ્રમણા એ સવિ ભાંજે જી-૪
"ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે – વાત કરું મન ખોલીજી,
સરલ તણે જે હીયડે આવે, તેહ જણાવે બોલીજી"- ૫
શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચકજશ કહે સાચું જી
'કોડી કપટ જો કોઈ દિખાવે તોહિ પ્રભુ વિણ નવિ અન્ય રાચુંજી.' ૬

શ્રી વિમલનાથ સ્તવન-વિવેચના-૧૩

સેવો ભવિયા વિમલ જિનેશ્વર, દુલ્લહા સજજન સંગાજી...
એહવા પ્રભુનું દરિશન લહેવું, તે આળસમાં ગંગાજી - ૧

વિવેચન : વિમલ જિનેશ્વર પોતે વિમળ છે અને બીજાને વિમલ કરે છે. બીજાને વિમલ કરે છે એવો અર્થ ક્યાંથી લાવ્યા ? જેમ શ્રી વિમલનાથ ભગવાનના ચૈત્યવંદનમાં કવિએ કહ્યું, **"વિમલ વિમલ પોતે થયા સેવક વિમલ કરેહ"** વિમલ એ નામ ધાતુરૂપ થયો. વિમલયતિ ઈતિ વિમલઃ જેમ રમતે અસૌ રમણઃ । વિમલ એવા વિમલ જિનેશ્વરને હે ભવ્ય લોકો તમે સેવો. ભવિયા = ભવિક લોકો. તો ભવિક લોકોને કેમ લીધા ? જે ભવિક નથી, એને ભગવાન ઉપર દ્વેષ હોય છે. એને તારવાની મહેનત એળે જાય છે માટે ભવિક કહ્યું. એટલે જેમને નિર્મળ જ્ઞાનાદિ વર્તે છે અને જેઓ કર્મમળથી રહિત થઈ વિમલ થયા છે. તેમ જેમનાં નામથી, જેમના ગુણગાનથી ધ્યાનથી ભવ્ય જીવો વિમલ થાય છે તેવાં વિમલ

જિનને સેવો, સેવો કેમ કહ્યું ? ભેટો કેમ ન કહ્યું ? ભેટો કહેવાથી હીરો ઘોઘે જઈ આવ્યો એવું થાય.

હીરાનાં માબાપ રાત્રે વાત કરતાં હતા કે કાલે હીરાને ઘોઘે મોકલવો છે. હીરાએ આ સાંભળ્યું પણ આગળ પાછળનું કાંઈ ન સાંભળ્યું વહેલી સવારે હીરો ઊઠીને ઘોઘે ગયો. સવારે માબાપે બધે શોધ કરી પણ હીરો ક્યાંય દેખાય નહીં. ક્યાં ગયો ? ક્યાં ગયો ? એમ થયું અને ૩/૪ કલાક પછી હીરો પાછો આવ્યો. માબાપે પૂછ્યું, 'ક્યાં ગયો હતો ?' કહે, 'ઘોઘે' 'ત્યાં શું કરી આવ્યો ?' 'ડેલીએ હાથ દઈને પાછો આવ્યો. કાલે તમે વાત કરતાં હતા ને કે હીરાને ઘોઘે મોકલવો છે તો હું ત્યાં જઈ આવ્યો.' એમ એકલા ભેટવાથી કાંઈ ન વળે. સેવો એટલે મોટો દરિયો છે. સેવન=ઉપાસના આરાધના, સાધના.

વિમલ જિનને સેવો એટલે એમની ઉપાસના કરો. એ ઉપાસના ત્રણ પ્રકારે થાય.

जिनेषु कुशलं चित्तं, तन्नमस्कार एव च ।
प्रणामादि संशुद्धं योगबीजमनुत्तमम् ॥

જિનેશ્વર ભગવાન સંબંધી કુશળ ચિંતન, શુભ ચિંતન ત્રણ પ્રકારે થાય છે. (૧) માનસિક (૨) વાચિક અને (૩) કાયિક.

ચિંતન કેવું હોય ? લૌકિક આશંસા વિનાનું. ત્યારે એ કુશળ કહેવાય. લૌકિક આશંસા ન હોય પણ ખેદ-કંટાળો હોય તો પણ એ ચિંતન કુશળ ન કહેવાય. કહેવાય છે કે, 'રોતો જાય તો મૂઆનાં સમાચાર લાવે' એનાં જેવું થાય. એમ ભગવાનની સેવા, ઉપાસના, ચિંતન એ રોતા રોતા નહીં કરવાની. ખેદ, ઉદ્વેગ વગેરે ટાળીને કરવાનું થાય તો એ ચિંતન કુશળ થાય.

(૧) માનસિક ચિંતન : પ્રથમ ભગવાનનું સ્મરણ આવે, નયણા મનથી ભગવાનનું સ્મરણ કરવાનું. ઊઠતાં જ નમો અરિહંતાણં. નયણા = નજલાઃ જલ વિનાના કોઠે ભગવાનનું સ્મરણ કરવાનું, એમ ચિંતન કરવાનું. ભગવાનનાં નામનું કુશળ ચિંતન એટલે જેમણે પોતાનો વૈભવી એવો પણ સંસાર, રાજ્યપાટનો ત્યાગ કરી ચારિત્ર લીધું ને ઠેઠ વીતરાગ થયા. તેમ ભગવાનની રાગદ્વેષરહિત આકૃતિનું ચિંતન કરવાનું કે ભગવાનની કેવી સુંદર મુદ્રા, ક્રૂર નથી, આંખમાં કોઈ જાતનો વિકાર નથી, હાથમાં કોઈ શસ્ત્ર નથી કે બાજુમાં કામનું અંગ સ્ત્રી નથી.

એમ ભગવાનનાં ગુણોનું સ્મરણ-ભગવાનનાં ગુણો કેટલા ? અરિહંતના ૧૨ ગુણો તેમજ ૩૪ અતિશય, વાણીનાં ૩૫ ગુણ, વળી ૧૮ દોષથી રહિત, ઉદાસીનતા, ક્ષમા, નમ્રતા, ઉદારતા, સહનશીલતા વગેરે ગુણો હિસાબ વિનાનાં છે. એમ

ભગવાનનાં ઉપકાર યાદ આવે. **ભગવાનનાં ઉપકાર ત્રણ પ્રકારનાં, (૧)** એ તત્ત્વ પ્રકાશનું દાન કરે છે **(૨)** મોક્ષ સુધીનો માર્ગ બતાવે છે એટલે માર્ગનું દાન કરે છે અને **(૩)** આલંબન દાન, ભગવાન આલંબન આપે છે. કોઈ પણ સાધના કરો સામે ભગવાનને રાખો. સાધના જોરદાર થશે. **સંવત ૧૯૯૨માં** ગોડીજીમાં ચોમાસું હતા. ત્યાં મુનિ અમૃતવિજયજી નામના એક સાધુ હતા, તેઓ કહે કે 'જ્યારે હું કાઉસ્સગ્ગ કરું છું ત્યારે હું મારી જાતને મહાવીર સમજું છું. ભગવાન મહાવીર ઉપર ગોશાળાએ કાળચક્ર મૂક્યું પણ ભગવાન ત્યાંથી જરા પણ ખસ્યા નહીં તેમ અહીં કાઉસ્સગ્ગ કરતાં મારા માથે જો ઉપરની શિલીંગ તૂટી પડે તો પણ હું ન ખસું. કેમકે એ વખતે હું મારી જાતને 'મહાવીર' માનું છું.'

તેમ માનસિક ઉપાસનામાં સકલાર્હત્ સૂત્રને લઈને ભગવાનનું કુશળ ચિંતન કરવાનું, એક એક ગાથાનાં ભાવો ક્રમશઃ યાદ કરતાં જવાના. ભગવાન કેવાં છે? વિશ્વકમલાકર ભાસ્કરમ્-સૂર્યથી જેમ કમળ ખીલે છે તેમ ભગવાનથી ભવ્ય જીવો રૂપી કમળ ખીલે છે. તેવું મનથી-કલ્પનાથી દૃશ્ય ચિંતવવાનું.

એમ કુશળ ચિંતન એટલે ભગવાનની આજ્ઞાને યાદ કરવાની. ભગવાન અને ભગવાનની આજ્ઞાની આરાધના પૂર્વ પુરુષોએ કેવી કરી તે યાદ કરવાનું. જેમ કે **નાગકેતુ** ભગવાનની પુષ્પપૂજા કરતાં હતા ને તે વખતે સાપ કરડ્યો. સાપનું ઝેર ચડ્યું પણ એ પોતાની જાતને ભૂલી ગયા અને વીતરાગની પૂજામાં વિશેષ લીન થયા. યાદ એ રાખવાનું છે કે નાગકેતુ મોટા શ્રીમંત હતા; છતાં ભગવાનની પુષ્પપૂજા, આજુબાજુમાં ફૂલોથી સજાવટ વગેરે સ્વયં જાતે કરતા હતા. નોકર પાસે કરાવતા નહોતા. 'ભગવાન અનંતગુણનાં ભંડાર છે. મારા માલિક છે એને નોકરનાં ભરોસે ન છોડાય એમ કરું તો ઉત્તમમાં ઉત્તમ પ્રકારે સન્માન ન થાય.' એ વિચારે નાગકેતુ ભગવાનની પીછવાઈ આદિ સ્વયં રચતા હતા. આમ આ માનસિક ઉપાસના થઈ.

(૨) વાચિક ઉપાસના : ભગવાનનાં સ્તુતિ ગુણગાન વચનથી કરવા. ભગવાનનાં નામની રટણા કરવી. 'અરિહંત', 'અરિહંત' કરવામાં હાથવેંતમાં કમાવાનું છે. દેરાસર જઈએ તો રટતા રટતા જઈએ કે **'મારે જાવું છે જિનજીને ભેટવા'** જેટલી વાર રટો એટલી વાર ઉપવાસનું ફળ મળે. કેમ કે શાસ્ત્રે સિક્કો મારી આપ્યો છે કે,

'દેરે જાવા મન કરે ચોથ તણું ફળ પાવે.' એમ રટતા રટતા જાય કે 'હું તો જાવું રે જિનજીને ભેટવા રે.' એ જેટલી વાર રટો એટલી વાર ઉપવાસનો લાભ મળે. એમ સ્તોત્રો-સ્તવનો. બીજાની આગળ ભગવાનનાં ગુણગાન કરીએ. 'શું

મારા અરિહંત છે ?' ભગવાનને જે જે ઉપસર્ગ કરવા આપ્યા પછી ચંડકોશિયો હોય કે શૂલપાણિ યક્ષ હોય, બધાને ભગવાને તાર્યા.

ભગવાનની અને ભગવાનનાં તત્ત્વની ચર્ચા કરીએ, વાદ કરીએ તે પણ વાચિક ઉપાસના છે. **પૂ. જગચ્ચંદ્રસૂરિ મ.** હતા. જેમના પછી આ તપાગચ્છ કહેવાયો. પહેલો વડગચ્છ હતો. ૧૨/૧૨ વર્ષ સુધી આયંબિલ કર્યાં. ચિત્તોડનાં મહારાજે તેમને **તપાનું** બિરુદ આપ્યું. દીગંબરો સાથે ૩૩ વાર વાદ કરીને તેમને જીતીને વિજય મેળવ્યો. આ જે વાદ કર્યા એ પણ અરિહંતની વાચિક ઉપાસના થઈ.

સાગરજી મહારાજના ગુરુ **ઝવેરસાગરજી મ.** હતા. તેઓ જ્યાં જાય ત્યાં બોર્ડ લખાવી મૂકે જૈનદર્શન સર્વ દર્શનોમાં શ્રેષ્ઠ છે અને જેને વાદ કરવો હોય તે અહીં આવી જાય.

મલ્લવાદી હતા જબરજસ્ત વાદી. જૈનશાસનમાં નય પ્રમાણસપ્તભંગી પ્રકારો છે. તો સાત નયનાં એમણે ૭૦૦ નય બતાવ્યા. દ્વાદશાર નયચક્ર રચ્યો. બધાને ગુલાંટ ખવડાવી દીધી. સરસ્વતીની સાધના કરતાં હતા. સરસ્વતી આવ્યા ને પૂછયું, **'કે વલ્લા ?'** 'શું વહાલું છે ?' તરત કહ્યું, 'વલ્લા વલ્લા !' 'વાલ વહાલાં છે' છ મહિના પછી સરસ્વતી દેવી ફરી આવ્યા ને પૂછયું; **'કેન સહ ?** કોની સાથે ?' તરત મલ્લવાદીજીએ કહ્યું, 'ગુડેન સહ ! ગોળની સાથે' અને સરસ્વતી દેવીએ માથે હાથ ફેરવ્યો. સરસ્વતીનાં લાડીલા બની ગયા અને સુંદર ગ્રંથોની રચના કરી.

તેમ ભગવાનની વાચિક ઉપાસના – પ્રભુની ગદ્ય પ્રાર્થના કરવાની ભગવાનનાં સ્તવનનાં ભાવ ગદ્યમાં બોલતાં જવાના. જેમ કે, ઋષભદેવ ભગવાનના સ્તવનમાં "હે મરુદેવી માતાના નંદ ! તારી મૂરતિ જોઈને મારું મન લોભાયું છે. આપ કરુણાના સાગર છો ને કરુણાનાં ઘર છો. આપની કાયા કંચનવર્ણી છે, ઋષભનું લંછન છે અને આપની ઊંચાઈ ૫૦૦ ધનુષની છે, આપે સમોસરણમાં કેવી સુંદર દેશના વહાવી એ વાણીની મિઠાશ એવી હતી કે કાલસૌકરિક કસાઈ જેવો પણ ડોલવા લાગતો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪૧,અંક-૧૭,તા.૩૦-૧-૧૯૯૩

અને આપની આ વાણી સાંભળીને તો રંભા ને ઉર્વશી ઊભી થઈને નાચવા લાગી ગઈ અને નાચતાં નાચતાં બોલવા લાગી, 'તું જ બ્રહ્મા ને તું જ વિધાતા, તું જ જગતનો તારણહાર છે, આ જગતમાં તારા જેવો બીજો કોઈ દેવ નથી. તું જ ભ્રાતા છે ને તું જ ત્રાતા છે. સુર-નર અને કિન્નરો તારી સેવા કરે છે, હે

સિદ્ધાચલનાં રાજા ! આપ મારા ભવનાં ફંદને કાપો.'

એમ **સીમંધરસ્વામી** ભ.નાં સ્તવનમાં-તારી મૂરતિ જોઈને મારું મન મોહ્યું છે. કેમ ? તમને જોયા ત્યારથી દુર્મતિ ચાલી ગઈ, દિન રાતની ખબર પણ પડતી નથી. તમારા ગુણની સાંકળે મારું મન બાંધી દીધું છે એમ ૧/૧ કડીને જોઈન્ટ કરતા ગદ્યસ્તુતિ થાય એ વાચિક ઉપાસના થઈ.

પંન્યાસ ચરણવિજયજી ગણિવર મ.સા. હતા. પાંચ કડીનું સ્તવન હોય તો બે કડી નવી બનાવીને જોઈન્ટ કરીને બોલે.

આચાર્ય શ્રી **વિજય હેમચંદ્રસૂરિજી** જ્યારે મુમુક્ષુ તરીકે હતા ત્યારે મેં એને કહેલું કે, 'નિયમ કરે, ૦ । કલાક ભગવાનની ગદ્ય પ્રાર્થના કરવી.'

'એટલું બધું કેમ આવડે ?'

'આપણી ભાષામાં જે રીતે આવડે તે રીતે બોલવાનું.' એક વાર ગોડીજી દેરાસરમાં (મુંબઈ-પાયધુની) ૧૨ વાગે બપોરે પૂજા કરવા ગયા. બપોરે દેરાસરમાં ખાસ કોઈ હતું નહીં, એટલે ઉપરનાં માળે ભગવાનની આગળ ઊભા રહીને ગદ્યમાં સ્તુતિ કરવા લાગ્યા. નરકમાં દુઃખોની સ્થિતિનું ભગવાન આગળ વર્ણન બોલતાં બોલતાં આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. આ ગદ્યસ્તુતિ કરતાં કરતાં સારા વક્તા બની ગયા. દીક્ષાનાં અનેક જગ્યાએ મેળાવડા થયા ત્યાં બધે છટાદાર ભાષણો કરી આવ્યા.

તેમ દેવપાલ-ઢોરા ચરાવનાર છતાં એણે જે રીતે બધું ભૂલીને અરિહંતનું સ્મરણ ગદ્ય પ્રાર્થનામાં કર્યું; તે રીતે અરિહંતનું સ્મરણ કરવાનું.

ઈતરોમાં ઈશ્વર નામ સ્મરણ માટે પ્રહ્લાદ પ્રખ્યાત છે.

બાળ પ્રહ્લાદ વિષ્ણુનાં ભક્ત એવાં કે આખો દિવસ 'વિષ્ણુ-વિષ્ણુ' કર્યા કરે. આ બંધ કરાવવા માટે તેનાં પિતાએ હિરણ્યકશ્યપે એને લાફો માર્યો. તો રોતાં રોતાં પણ એણે વિષ્ણુ ભગવાનનું નામ રટણ કર્યા કર્યા. તેને વિષ્ણુની લગન એવી કે છોકરાઓને પેંડા આપીને 'વિષ્ણુ ભગવાન'નું નામ બોલાવે. પિતાએ મારી નાંખવા માટે પહાડ પરથી નીચે ફેંક્યો પણ દેવતાએ બચાવ્યો. નામ રટણ તો વિષ્ણનું ચાલું જ છે. પિતાએ ગરમ પાણીની કડાઈમાં નાંખ્યો તો તે પાણી પણ ઠંડું બની ગયું. થાંભલા સાથે બાંધ્યો, ને પિતા માર મારે છે. ત્યારે ભીંત પરનાં નરસિંહનાં ચિત્રમાંથી સિંહ પ્રગટ થયો ને પિતાને ખાઈ ગયો. ભગવાનનો એ પરમ ભક્ત એવાં એવાં પ્રતિકૂળ સંજોગોમાં પણ ભગવાનનું નામસ્મરણ છોડતો નથી.

આપણે અરિહંત પ્રભુનું આવું નામસ્મરણ વાચિક ઉપાસના દ્વારા કરવાનું છે. **કાશીમાં એક પંડિત.** તર્કશાસ્ત્રો માટે તો લિવિંગ લાઈબ્રેરી જેવા. ઘણાં દર્શન-

શાસ્ત્રોનું અગાધ જ્ઞાન. છતાં પ્રભુના ભક્ત એવા કે પાછલીવયે 'ૐ નમઃ શિવાય' - 'ૐ નમઃ શિવાય' રટ્યા કરે. કોઈ પ્રશ્ન પૂછવા આવે તો જવાબ આપી દે ને પાછા 'ૐ નમઃ શિવાય' ચાલુ થઈ જાય. આવા મોટા ધુરંધર પંડિતો પણ પ્રભુ નામસ્મરણમાં આવા લયલીન બની જાય છે તો પછી આપણે તો અરિહંતમાં કેવાં લીન બનવું જોઈએ.

આમ અનેક રીતે ભગવાનની વાચિક ઉપાસના થઈ શકે.

(૩) કાયિક ઉપાસના : કાયા દ્વારા ઉપાસનામાં તો મોટો સમુંદર આવે. (૧) પ્રણામ, (૨) પૂજા - બધા પ્રકારની પૂજા, દ્રવ્યથી અને ભાવથી પૂજા આવે. ખમાસમણ દેતા મુદ્રા બરાબર સાચવે. ગૃહસ્થ હોય તે જિનમંદિર બનાવે, ભગવાનની મૂર્તિ ભરાવે, તીર્થયાત્રા વગેરે આ બધી કાયિક ઉપાસના છે.

સંપ્રતિ રાજાએ સવા ક્રોડ નવા જિનબિંબ ભરાવ્યા અને સવા લાખ નવા જિનચૈત્ય બંધાવ્યા. એમણે સમજી લીધું કે મોહ માયા તો મારનાર છે. આ અરિહંત ભક્તિ તારનાર છે. **દેવપાલને** જંગલમાં ભગવાન મળ્યા હતા. તો જંગલમાંથી ફૂલ લાવીને નિત્ય તેની પૂજા કરતો હતો અને પૂજા પણ કેવી ? સાત દિવસ વરસાદની હેલી થઈ. નદીમાં પૂર આવ્યું, ભગવાન પાસે ન જઈ શક્યો, તો સાતેય દિવસ ચોવિહારા ઉપવાસ કર્યા, હેલી બંધ રહીને પૂર ઉતર્યા. ભગવાન પાસે પહોંચ્યા તો ભગવાન સામે રડે છે. પોતાની જાતને કમનસીબ માને છે કે મારા સાત સાત દિવસ પ્રભુની પૂજા વિના વાંઝિયા ગયા. આ મોહમાયામય જગતમાં એક માત્ર અરિહંત ઉપાસ્ય છે બાકી બધી ચીજ તે સનેપાતનાં ચાળા છે. આત્માને ભારે પડી જનારા દુર્ગતિમાં રખડાવનારા છે.

આમ ત્રિવિધ ઉપાસનાથી ભગવાનને સેવવાના.

સેવો ભવિયા = ઝટપટ સેવી લો. વાયદાનો વેપાર નહીં તરત જ ભગવાનની સેવા ઉપાસના કરો ! કેમ એમ કહો છો ? કારણ - "દુલ્લહા સજ્જન સંગાજી" સજ્જન પુરુષોનો સંગ દુર્લભ છે સજ્જન એટલે કલ્યાણમિત્ર. જે હિતના શત્રુ હોય તેને દુર્જન કહેવાય. સજ્જન બહુ થોડા હોય છે. એટલે સજ્જન મળવા દુર્લભ છે. કારણ કે બહુધા જે કોઈ સલાહ આપનારા મળે છે તે સંસારનાં કીડા હોય છે એટલે કલ્યાણને બદલે મોટે ભાગે અહિતની સલાહ આપનારા હોય છે એટલે જે કલ્યાણનું સ્થાન હોય તેને સજ્જન કહેવાય. ભગવાન એ કલ્યાણનું સ્થાન છે. તેમની પાસેથી કલ્યાણ મળે છે. માટે સેવવાના તેમને જ. સજ્જનનો સંગ ભારે પુણ્યોદય હોય તો મળે છે.

જે અકલ્યાણનું ભાજન હોય ત્યાંથી સલાહ પણ ઊંધી મળે. જેમ

મમ્મણશેઠને પૂર્વભવમાં પાડોશી મળ્યો તે અકલ્યાણનાં ભાજનરૂપ હતો. એટલે એણે સલાહ પણ એવી આપી કે, 'સિંહ કેસરીયો લાડુ મુનિને વહોરાવી દીધો ? ભલા માણસ ! વહોરાવવાના લાડુ તો બીજા ઘણા, આ તો લાડુ ખાવા જેવો હતો. જા, લઈ આવ પાછો ! પાડોશીએ મતિ ફેરવી નાંખી તો પાછો માંગવા ગયો. સાધુ વહોરેલું પાછું ન આપે. લાડુ લેવા ગયો પણ પાછો મળ્યો નહીં એટલે માથું કુટ્યું કે, મેં લાડુ વહોરાવી ક્યાં દીધો !'

"મુનિવરને મોદક પડિલાભી, પછી કીધી ઘણી નિંદના રે."

કરેલાં સુકૃતને મમ્મણશેઠનાં જીવે જે ગુમાવી નાંખ્યા એનાં મૂળમાં અકલ્યાણ મિત્ર હતો. તો **નાગકેતુનાં** પૂર્વજન્મમાં સજ્જન એવો શ્રાવક મિત્ર મળ્યો હતો. નાગકેતુએ એનાં મિત્રને કહ્યું કે, મારી સાવકી માં મને બહુ હેરાન કરે છે. ત્યારે મિત્રે કહ્યું, 'તને તારી માતા પીડા આપે છે તેમાં દોષ માતાનો નથી પણ તારા પૂર્વકર્મનો છે. તે પૂર્વભવે તપ નથી કર્યો માટે તારે આ અપમાન-તિરસ્કાર સહવા પડે છે. માટે તપ કર.' 'તો શું તપ કરું ?' 'અઠ્ઠમ કર.' આમ સજ્જન મિત્રની સલાહ પર નાગકેતુ એકાવતારી બની ગયા.

ઋષભદેવ ભગવાન જ્યારે મહાબલ રાજાનાં ભવમાં હતા ત્યારે બધા મંત્રીઓ દુર્જન મળ્યા હતા. એક **મહામંત્રી સુબુદ્ધિ** એ સજ્જન હતા. એ અવાર-નવાર મહારાજાને સારી સલાહ આપે, એકવાર એ બહાર ગયા હતા, ત્યાં જ્ઞાની મુનિ મળી ગયા. એમને મહારાજાનું આયુષ્ય કેટલું બાકી છે તે પૂછી આવ્યા. રાજા પાસે આવીને કહે, - 'મહારાજા, હવે તો આ બધુ છોડો. ધર્મ ક્યારે કરશો ?' ત્યારે મહાબલ રાજા કહે, 'કરશું. શી ઉતાવળ છે ?' ત્યારે સુબુદ્ધિ મંત્રી કહે, 'મહારાજ, આજે જ જ્ઞાની મુનિરાજને હું પૂછીને આવ્યો છું, આપનું આયુષ્ય માત્ર એક મહિનો બાકી છે. ૩૧માં દિવસે આપ આ દુનિયામાં નહીં હો !' 'હેં ! હવે શું કરવું !' 'ગુરુ પાસે સંયમ લો.' અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. દીક્ષા લીધી. ૨૨ દિવસ બાકી રહ્યા હતા તો અનસન કરી લીધું, સદ્ગતિ પામ્યા.

પ્રદેશી રાજા નાસ્તિક હતો પણ આસ્તિક એવા કેશી ગણધરનાં સંગે આસ્તિક શિરોમણી બની ગયો. પત્નીએ પારણે ઝેર આપ્યું તો પણ એનો વાંક ન કાઢ્યો.

પૃથ્વીચંદ્ર-જંબૂકુમાર બંનેને ૮/૮ સ્ત્રીઓ હતી, તો એ સ્ત્રીઓનાં કલ્યાણમિત્ર બની ગયા. **સમરાદિત્યની** સ્ત્રીઓ દૂર દેશથી એમનાં ગુણ સાંભળીને એમને વરી હતી. સખીઓ પાનનું બીડુ લઈને આવી. એટલે કુમારે પૂછ્યું, 'તમારી સખીને મારા પર પ્રેમ છે ?' ત્યારે આ સખીઓ કહે, - 'એ શું બોલ્યા ! મારી સખીઓએ આપને તો હમણાં જોયા છે પણ આપના ગુણો સાંભળીને તો દૂરથી અહીં આવી

છે. તો તમારી સખીને પૂછો કે, તેઓ મને દુર્ગતિમાં ડૂબાડવા ઇચ્છે છે કે સદ્‌ગતિમાં લઈ જવા? સખીઓ કહે, 'એવું કામ અમારી સખી ન કરે કે આપ દુર્ગતિમાં જાઓ.' ત્યારે કુમાર કહે, 'તો ઊભા થઈ જાઓ, સાચા પ્રેમી થવું હોય તો બ્રહ્મચર્ય લઈ લો અને તરત જ પત્નીઓએ નિયમ કર્યો. આવા સજ્જનનો સંગ મળવો દુર્લભ છે.

મરિચિ સંયમનાં કષ્ટથી થાકેલા હતા. પડ્યા જરૂર હતા પણ સજ્જનનાં સંગમાં હતા. તેથી પ્રરૂપણા તો એવી જ કરતાં કે 'હું પતિત છું' સજ્જનનાં સંગમાં પણ મરિચિ કલ્યાણનું સ્થાન બનેલા. તેથી જ કોઈપણ તેમની પાસે દીક્ષા લેવા આવે તો ભગવાન પાસે મોકલતા.

જગતમાં બધાનાં સંગ સુલભ છે પણ સજ્જનનો સંગ દુર્લભ છે, ભાગ્ય હોય તો જ પ્રાપ્ત થાય. **યુગબાહુને** અંત સમયે આત્મહિત સાધી આપનાર કલ્યાણમિત્ર સમાન **મદનરેખા** મળી તો ક્રોધનાં સ્થાને ક્ષમા આવી ને એ પાંચમો દેવલોક પામ્યા.

જંબૂકુમાર પૂર્વભવમાં શિવકુમાર હતા તેમને સજ્જન એવા શ્રાવક મિત્રનો યોગ મળેલો; તેથી તેણે તેનાં છઠ્ઠ અને તેનાં ઉપર આયંબિલના તપનું સમર્થન કરેલું.

શય્યંભવ બ્રાહ્મણ મિથ્યા યજ્ઞ-યાગ કરાવનારા હતા પણ સાધુનો સંગ મળ્યો તો જૈનશાસનનાં પ્રભાવક આચાર્ય બન્યા.

કુમારપાલને ગુરુનો દુર્લભ સંગ પ્રાપ્ત થયો તો સાધર્મિક ભક્તિ અને અમારિ = અહિંસાનાં એવાં કાર્યો કરાવ્યા કે ગણધર બનવાનું પુણ્ય પ્રાપ્ત થયું.

માટે કવિ કહે છે કે સજ્જનનો સંગ મુશ્કેલીએ મળે છે, માટે તમે વિમલનાથ પ્રભુ જેવા પરમ સજ્જન મળ્યા છે તો એમને સેવી લો.

કવિને પ્રભુ કેવા કલ્યાણનું ભાજન લાગ્યા હશે કે અન્ય સ્તવનમાં પણ ગાયું કે,

'સુગુણ સનેહી રે કદીય ન વિસરે,'

'ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજ્જન હેજે હળ્યાજી.'

પ્રભુ આપણા સાચા અને શ્રેષ્ઠ સજ્જન સ્નેહી છે. કેમ કે આપણે જો એમને ન છોડીએ તો એ આપણને તરછોડતા નથી. અને એમની સાથે આપણા અંતરમાં ગોષ્ઠિ કરવાથી ગજબની સ્ફૂર્તિ-શાંતિ-આશ્વાસન, અને સુખ-સંવેદન મળે છે. જે પરલોક માટે મહાહિતકારી બને છે. **શાલિભદ્ર મુનિએ** પ્રભુને પોતાનાં સ્વજન કરી કેવીક આંતરગોષ્ઠિ કરી હશે, એ વિચારવા જેવું છે. શાલિભદ્રજી સંયમ જીવનમાં મહાત્યાગ-તપસ્યાદિ કષ્ટ વેઠીને તેમજ કાયા સુકાવી નાખીને પણ મહાઆનંદમાં શી રીતે ઝીલતા રહેલાં? કહો, પોતે સ્વજન તરીકે અપનાવેલા મહાવીર ભગવાનની

સાથે અંતરમાં અનેરી ગોષ્ઠિ કરતાં રહેલા.

એહવા પ્રભુનું દરિશન લહેવું, તે આળસમાં ગંગાજી—

આવા ઉપકારી અને ગુણગુણનાં ભંડાર સમા વિમલનાથ ભગવાનનું આપણને દર્શન મળ્યું છે જેમણે મોટા અપરાધી એવા ચંડકૌશિક અને ગોશાળા જેવાને પણ તાર્યા ! તો જો આપણે તે દર્શન સ્વીકારીએ, તો આપણે ન્યાલ થઈ ગયા સમજો.

દર્શન ત્રણ પ્રકારે છે.

(૧) પ્રત્યક્ષ દર્શન-દેરાસર જઈને જે દર્શન કરીએ તે.

(૨) જૈનદર્શન-જિનમત-નવતત્ત્વ-સ્યાદ્વાદ વગેરે આવે, અને

(૩) સમ્યગ્‌દર્શન.

આ દર્શન લેવું એટલે 'આળસમાં ગંગાજી.' આળસમાં એટલે ઘેર બેઠા સામે ચાલી આવીને ગંગા મળી છે. ભગવાનને શોધવા જવું પડ્યું નથી જૈનકુળમાં જ જન્મ મળી ગયો છે. પાવનકારી ગંગા તમને સામે ચાલીને મળી છે. તીર્થ કરવા જવું પડે એમ નથી. સામે જ તીરથ મળી ગયું. ઇતરોમાં ૬૮ તીરથ માને છે. એમાં ૬૮માં તીર્થ તરીકે ગંગાને માને છે. 'ગંગા પવિત્ર કરે છે,' એમ માને છે. ૬૮ તીરથમાં ગંગામાં ન જાય તો ન ચાલે. તેમ આપણને બધું મળે ને અરિહંત ન મળે તો ન ચાલે. ઇતરો ગંગાને એવી પવિત્ર માને છે કે અંત સમય આવે ત્યારે ગંગામાં ગળાડૂબ પાણીમાં બેસી જાય, ને ગંગાનું ધ્યાન કરે. એ રીતે જ ગંગામાં સમાધિ લે અને મોત આવી જાય. તેમ સજ્જન એવા વીતરાગની સેવા એટલે એમના સ્વરૂપમાં લીન થવું એ મહાગંગા સ્નાન છે. આત્માને પવિત્ર કરનારું છે. ભગવાનનાં ધ્યાનમાં લીન થવું એટલે કે, ભગવાન શત્રુ-મિત્ર પર કેવાક સમચિત્તવાળા હતા તે વિચારવાનું. વીતરાગ ન હતા ત્યારે પણ પ્રભુ કમઠ અને ધરણેન્દ્ર ઉપર, ઈન્દ્ર અને સંગમ ઉપર સમચિત્તવાળા હતા.

આ વિશ્વમાં આવા અરિહંત મળવા મુશ્કેલ. આવા વીતરાગનાં દર્શનમાં સર્વ દર્શન આવી જાય. બધાં દર્શન સમાઈ જાય. જેમ સમુદ્રમાં બધી નદીઓ સમાઈ જાય, પણ એકે નદી સમુદ્ર ન ગણાય. બધા દર્શન જૈનદર્શનમાં સમાઈ ગયા છે, આવી ગંગા ઘેર બેઠા આવી છે તો એમાં ડૂબકી માર, પાવન થઈ જઈશ. આવા પ્રભુ આપણને મળ્યા છે એટલે એમનું દર્શન લઈ લેવું. દર્શન લેવુ એટલે કરુણા લેવી, તે તેમનું સમ્યગ્‌દર્શન લેવું. હવે ભગવાન મળ્યા છે તો અંતરથી મળવાનું એટલે કે પૌદ્‌ગલિક વાતોને ગૌણ કરી આધ્યાત્મિક હિતની વાતને આગળ કરે. આ બધું જૈનશાસન, જૈન ધર્મ, દેવ-ગુરુ-તીર્થો સંઘ-શાસ્ત્રો આદિ મળ્યું તે આળસુને જાણે ગંગા આવીને મળી છે. હવે આપણે આળસ કરીએ તો...

'અવસર પામી આળસ કરશે તે મૂરખમાં પહેલોજી'

ભૂખ્યાને જિમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી - ૨

ભાવાર્થ : આ અવસર આવી ગયો છે. અવસર પામી એટલે ઘણી દુર્લભ ને કિંમતી વસ્તુ મળી હોય એ વખતે જો કોઈ એ લેવામાં આળસ કરે તો એ મૂરખ ગણાય.(ભૂખ્યાને જેમ કોઈ ઘેબર આપે છતાં પણ તે હાથ ન લંબાવે તે ઘેલો છે.)

વિવેચન : જેમ કે,

"જિમ કોઈક નર જાન લઈને, આવ્યો કન્યા રાગે,

સરસ આહાર નિદ્રા ભર પોઢ્યો, કરડ્યો વિષયા નાગે."

મોટા કરોડપતિની કન્યાને પરણવા માટે કોઈ યુવાન જાન લઈને આવ્યો. સસરાએ સારી આગતા સ્વાગતા કરીને સુંદર ભવનમાં ઉતારો આપ્યો. સારામાં સારા ઉત્તમ કોટિનાં માલપાણી જમાડ્યા પછી આરામ કરવા માટે સારા ખંડમાં બેસાડ્યા અને કહ્યું કે આ રૂમની નીચેથી બગીચામાં જવાય છે પણ ત્યાં જશો નહીં, કેમ કે ત્યાં ક્યારેક નાગ નીકળે છે. માનવને "ના કહે એટલે એ વસ્તુની વધારે ઇંતેજારી થાય છે." એટલે આ યુવાનને પણ ત્યાં જવાનું મન થયું. હાથમાં બાંબુ લીધો. રૂમની સાંકળ ખોલીને બગીચામાં ગયો. ઠંડી હવા આવવા લાગી. ચંપા-મોગરા-ગુલાબનાં ફૂલોની સુવાસ આવતી હતી. માલપાણી ખાધા હતા આળસ ચડી. જરા હવા ખાવા ત્યાં એક જગ્યાએ ખાટલો હતો તેના પર બેઠો. બેઠા બેઠા ઝોકું આવી ગયું. એમાં પેલો કાળો નાગ નીકળ્યો, ને તેને બચકું ભરી લીધું, ઝેર ચડ્યું, ખલાસ થઈ ગયો. એમ આપણને અવસર મળ્યો છે. મનુષ્યભવમાં આવ્યા, શિવસુંદરી પરણવાની છે, પણ મનને એમ થાય છે કે 'થાય છે; શી ઉતાવળ છે ? એને પંચવિષયોરૂપી નાગ કરડે છે, ચેતના નષ્ટ થાય છે અને શિવસુંદરીની સાથે લગ્ન કરતાં રહી જાય છે.'

પહેલા માણસ લંકામાં સોનું લેવા જતો. ત્યાં સોનું સસ્તું મળતું. માણસ ત્યાં સોનું લેવા ગયો. અને ત્યાં જઈને ઘઉં-બાજરીનાં ગાડા ભરીને લાવ્યો. તો લોકો એને શું કહે ? મૂર્ખ કે બીજું કાંઈ ? તેમ આ મનુષ્યજન્મમાં આવ્યા. સંયમ મળ્યું હવે અહીં આવીને આરાધના કરવારૂપે સોના-ચાંદીના ગાડા ભરવાના કે પ્રમાદરૂપ ઘઉં-બાજરીનાં ? આ અવસર કહેવાય. ઉત્તમ મનુષ્યજન્મનો અવસર છે. પરમાત્માનું શાસન મળ્યું છે તેમાં આળસ કરશે એટલે દુન્યવી ચીજવસ્તુનું મૂલ્યાંકન કરશે તે મૂરખમાં પહેલો ગણાશે.

દર્શન કરવા જાય ને બેઠા બેઠા ખમાસમણ દે. આ બેઠા બેઠા ખમાસમણ આપ્યા એટલે શું કર્યું ? જે બહુમાન ભગવાનનું હતું તે બહુમાન ગુમાવ્યું. એટલે

કાયાનું બહુમાન વધાર્યું; તેથી કાયકષ્ટ દ્વારા નિર્જરાની તક હતી તે ગુમાવી ને કુટિલ કાયાની કિંમત વધારી. એટલે આવા અવસરમાં આળસ કરે એટલે જડ પદાર્થની કિંમત વધારે આંકે તે મૂરખમાં પહેલો આગેવાન કહેવાય. પોતાની જાતે જ પોતાના આત્માને ગૌણ બનાવી પોતાની કાયાને મુખ્ય રાખી.

આળસુ એટલે જગતનાં પદાર્થને ઊંચી કિંમતનાં આંકે અને ભગવાનને ઓછી કિંમતનાં આંકે, જીવ જગતનાં વહાલા-વાલેસરીને આગળ કરીને અરિહંતની કિંમત ઓછી કરે છે. અવસર પામીને આળસ ન કરાય. કારણ કે વીતરાગની ભક્તિનાં ફળના લેખા નથી. પહેલા આત્મ ધર્મોની દરિદ્રતા હતી હવે વીતરાગ મળ્યા તેમની ઉપાસના મળી એટલે ભગવાનનાં સદ્‌ગુણો અને સુકૃતોને આપણા કરવાની તક મળી.

વીતરાગની સેવાનો આપણને અપૂર્વ અવસર છે. વીતરાગની સેવા મૂકી અન્ય દેવી-દેવતાની સેવામાં પડે તો ઊંધા વેતરણ થાય. મોક્ષ દૂર થાય. સુસંસ્કારને બદલે કુસંસ્કાર પડે. અરિહંતની સેવા ઉપાસના કરવાથી અશુભ અનુબંધો તૂટે ને એથી ભવની પરંપરા તૂટે. અશુભ અનુબંધોનું દળદર જાય. જેમ ચક્રવર્તીનો હાથ પકડીએ તો દળદર ફીટે, તેમ અરિહંતનો હાથ પકડતાં અશુભ અનુબંધ તૂટે છે. આવા અરિહંત મળ્યા છતાં આળસ કરે તે મૂરખમાં પહેલો છે. મૂરખમાં આગેવાન છે.

પ્રશ્ન : તેને મૂરખમાં પહેલો - મૂરખનો આગેવાન કેમ કહ્યો ?

ઉત્તર : જેના હાથમાં ચિંતામણિરત્ન હોય અને ભીખ માંગતો ફરે તે મૂરખ જ કહેવાય. અરિહંત ભગવાન મળ્યા ન હોય ને અન્ય દેવદેવીમાં અને મિથ્યા માન્યતામાં ભટકે તે હજી સમજી શકાય છે, પણ આવા વીતરાગદેવ મળ્યા પછી પણ મિથ્યા માન્યતામાં ભટકતો રહે, આરાધના ન કરે તો મૂરખનો આગેવાન જ કહેવાય.

ભરત રાજા આ ભાવના કરતા હતા કે,

सुच्चा ते जीवलोए जिणवयणं जे नरा न याणंति ।
सुच्चाणवि ते सुच्चा, ते नाऊणंवि न वि करंति ॥

એ જીવો શોચ્ય (શોક કરવા યોગ્ય) દયાપાત્ર છે જે જિનવચનને જાણતા નથી. અને તેથી પણ દયાપાત્ર જીવો તો તે છે જે જિનાજ્ઞા જાણવા છતાં તેને પાળતા નથી. આવો જિનાજ્ઞા પાળવાનો અપૂર્વ અવસર અહીં પ્રાપ્ત થયો છે. અનંતા જન્મ ભટકીને આવ્યા હવે આવા પ્રભુની સેવામાં આળસ કરનાર મૂર્ખનો આગેવાન છે.

દાતાએ તો જોરદાર ભંડાર ખુલ્લા મૂકી દીધા છે. ત્યારે રમકડાં જોવા બેસી ગયો. પેલા જીવરામ પટેલની જેમ વાણિયા સાથે શરત કરી બધો માલ તારો લૂંટી

લઉં પછી બીજા દિવસે સવારથી હું મારા આખા કુટુંબ સાથે તારી નોકરી જીવનભર કરીશ. વાણિયાએ શરત મંજૂર રાખી. તેણે તો પોતાની હવેલીમાં બધું ગોઠવી દીધું અને પેલા પટેલ બીજે દિવસે આવ્યા. શરત હતી સૂર્યાસ્ત સુધીમાં બધું લઈ જવાનું. પહેલા માળે જાતજાતનાં રમકડાં વગેરે ગોઠવેલા હતા. પેલા પટેલે તો જિંદગીમાં આવાં રમકડાં જોયા ય નહોતા. તે જોવામાં મશગૂલ બની ગયો. બે ત્રણ કલાક થઈ ગયા ત્યારે બીજે માળથી સહેલાણીઓ નીચે આવીને કહે 'પટેલ હજી તો ઉપર ઘણું જોવાનું છે ઉપર આવો અને પટેલને ઉપર લઈ ગયા, ત્યાં જાતજાતનાં પાણીથી પટેલને સ્નાન કરાવ્યું. ગુલાબજળના, ને હીનાના અત્તરનાં પાણી વગેરેના ફુવારા છૂટે.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪૧,અંક-૧૮,તા.૬-૨-૧૯૯૩

પટેલને તો બાપ જન્મારે આવું કાંઈ જોવા મળ્યું નહોતું, કે આવું સ્નાન કરવા મળ્યું નહોતું, બહુ રાજી થઈ થઈને સ્નાન કર્યું. નવા વસ્ત્રો પહેરાવ્યા અને ભોજન કરવા બેસાડ્યા. જાતજાતની મીઠાઈ-મિષ્ઠાન્ન ને ફરસાણ હતા. ડીશમાં એકેક વાનગી ચાખવા દેખાડે છે, ને એના આસ્વાદમાં પટેલને ત્યાં ૨/૩ કલાક થઈ ગયા. પછી ત્યાં વળી ગણિકાઓના નાચ-મુજરા ચાલતા હતા. પટેલ તો એ જોવામાં ભારે મશગૂલ થઈ ગયા, પેલા વાણિયાનાં માણસોએ આવીને ૨/૩ વાર કહ્યું, 'પટેલ સાહેબ ! માલ મિલકત લેવાનાં છે તે લઈ લો.' પટેલ કહે 'એ તો હું આ હમણાં લઈ લઉં છું' મશરૂની ગાદીમાં બેઠા નિંદ આવી ગઈ. આમ ને આમ સાંજ પડી ગઈ. સૂર્યાસ્ત થઈ ગયો. વાણિયો આવ્યો. પટેલને કહે, 'પટેલ ! હવે બહુ લૂંટ્યો. નીચે પધારો. સૂર્યાસ્ત થઈ ગયો. બધું ઝવેરાત ચોથામાળે તિજોરીઓમાં સોના રૂપાનાં વાસણો... બધું બતાવ્યું. પટેલ આ બધુ લેવાનું તમારે રહી ગયું, હવે કાલથી સહકુટુંબ અહીં ગુલામી માટે આવી જજો. પટેલે રમકડાં-ખાનપાન-ગીતપાન-વાજિંત્રની કિંમત કરી તો જે માલ લૂંટવાનો હતો તે રહી ગયો; તેમ આરાધના કરતાં કરતાં જડ પદાર્થની કિંમત ન આંકશો, નહીંતર પટેલ જેવી દશા થશે. માટે પ્રભુસેવામાં આળસ કરશો નહીં.'

'ભૂખ્યાને જિમ ઘેબર દેતાં' હાથ ન માંડે ઘેલોજી...૨

ભૂખ્યા માણસને રોટલાનાં ફાંફાં હતા ને કોઈએ સામે ચાલીને ઘેબર આપ્યા છતાં પણ તે ખાવા માટે હાથ ન લંબાવે, ને થાય છે, મળી રહેશે એમ કરે તો ઘેલો-ગાંડો કહેવાય. તેમ આપણો આત્મા પૂર્વભવમાં શાસનની આરાધના કરીને આવેલો, આરાધના કરતાં કરતાં મોત આવ્યું હશે, હવે આરાધના વગર દૂબળો

થયેલો આપણો આત્મા એને સારી તપ અને સંયમની આરાધના કરાવનારા વીતરાગ મળ્યા છે. સામાન્ય સજ્જન માણસ જ્યાં દુર્લભ હતા એનાં બદલે પરમ સજ્જન એવા વીતરાગ મળ્યા છતાં તેમને સેવે નહીં તે મૂર્ખ નહીં તો બીજું શું ?

'ભવ અનંતમાં દરિશન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી,'
વિકટ ગ્રંથિ જે પોળપોળિયો, કર્મ વિવર ઉઘાડેજી - ૩

ભાવાર્થ : અનંતા ભવ કર્યા તેમાં ન તો વીતરાગનું દર્શન મળ્યું કે ન તો સમ્યગ્‌દર્શન મળ્યું ! અનંતા ભવ ભમ્યા પછી આ દર્શન મળ્યુ છે.

અહીં દર્શનનાં બે અર્થ થાય છે (૧) જૈનદર્શન દીઠું અને (૨) સમ્યગ્‌દર્શન દીઠું.

જૈનદર્શન દીઠું તેની શી વડાઈ છે ?

(૧) સંપૂર્ણ અને સાચું જીવવિજ્ઞાન મળ્યું. તેથી સંપૂર્ણ અહિંસા મળી. જૈનદર્શન મળ્યું ન હોત તો જીવોની ઓળખાણ ન થાત, તો પછી જીવોની દયા શી રીતે કરત ? તેમ

(૨) જૈનદર્શન દીઠું એટલે જૈનદર્શનનો વિરતિમાર્ગ દીઠો. અન્ય દર્શનવાળા માત્ર એટલું જ કહે છે કે, 'કરે તે ભરે' જૈનદર્શન કહે છે 'વરે તે ભરે' પાપની સાથે જોડાણ રાખો તો પાપ ન કરો છતાં પાપ લાગે. માટે પાપ સાથેના કનેક્‌શન કટ કરવા માટે પચ્ચકખાણનો અનેરો લાભ બતાવનાર જૈનદર્શન છે.

(૩) દર્શન દીઠું એટલે જૈનદર્શનનો અજોડ સ્યાદ્વાદ સિદ્ધાંત મળ્યો.

વળી (૪) શત્રુંજયાદિ તીર્થો દીઠા.

જૈનદર્શન દીઠું એટલે (૫) ધન્નાજી-શાલિભદ્રજી-મેઘકુમાર-ધન્ના અણગાર જેવા મહાપુરુષોના દર્શન મળ્યા. જીવનચરિત્ર મળ્યા.

(૬) જૈનદર્શન દીઠું એટલે મહાન દેવાધિદેવ અને ત્યાગી ગુરુ મળ્યા.

દરિસણ દીઠું એટલે (૭) ૧૪ ગુણસ્થાનક અને તેમાં શી રીતે આત્માની ઉન્નતિ થાય છે ? તે ક્રમ જોવા મળ્યો; અન્ય દર્શનમાં ગુણસ્થાનકની ગંધ પણ નથી.

(૮) આ જૈનદર્શન પરની ફિલોસોફી વાંચ્યા પછી બર્નાર્ડ શૉ આના પર ઓવારી ગયા હતા. તેણે એકવાર દેવીદાસ ગાંધી આગળ જાહેર કર્યું હતું કે, મર્યા પછી હું જૈનકુળમાં જન્મ લેવા માંગુ છું કારણ કે ત્યાં ઈશ્વર બનવાનો ઈજારો કોઈ એક વ્યક્તિને નહીં, પણ જીવમાત્રને છે. તો મને પણ ઈશ્વર બનવાનું મળે.

આવો જ દાખલો કલકત્તાના વકીલ હરિસત્ય ભટ્ટાચાર્યનો છે. તે જૈનધર્મનાં તત્ત્વથી એવાં પ્રભાવિત થયેલા કે બંગાળી ભાષામાં જૈનદર્શનનાં સ્યાદ્વાદ આદિ અનુપમ સિદ્ધાંતો પર લેખ લખેલા.

(૯) તેમ 'દર્શન દીઠું' એટલે સમ્યગ્‌દર્શન દીઠું. સમ્યગ્‌દર્શનમાં જિનવાણી મળે છે. એટલે મોટા દેવતાઈ સુખને પણ દુઃખ કરીને જોવાની દૃષ્ટિ મળે છે,

દેવતાઈ સુખ માલ વગરના-પાવર વગરનાં છે તે પાવર આપનારું સમ્યગ્‌દર્શન છે.

આ સમ્યગ્‌દર્શનની ખુમારી હતી અર્હન્નક શ્રાવકમાં. દેવતા આવીને એની પરીક્ષા કરી એમાં ઉત્તીર્ણ થતાં કહે છે "ઇંદ્રે તમારા સમકિતની દૃઢતાના ગુણ ગાયા, મેં પારખું કર્યું તો પાસ થઈ ગયા, મને માફ કરજો, પરંતુ માંગો, માંગો, માંગો તે આપું." ત્યારે અર્હન્નક કહે છે, 'સમ્યગ્‌દર્શન મળ્યા પછી હવે બીજું કાંઈ મેળવવા જેવું બાકી રહેતું નથી. તે મળ્યું એટલે મોક્ષ મળ્યો સમજો.'

(૧૦) તેમ સમ્યગ્‌દર્શન મળ્યું એટલે સંસારને નરકાગાર અને કારાગાર જેવો જોવા મળ્યો.

પ્રશ્ન : સંસાર કારાગાર અને નરકાગાર કેમ ?

ઉત્તર : સંસારમાં પાપની બેડીઓ છે માટે કારાગાર, અને દુઃખથી ભરેલો છે માટે નરકાગાર છે. એવો જોવા મળ્યો તેથી સંસાર પરની ચાહના ચાલી ગઈ. તેથી તીવ્ર ભાવે પાપો કરવાનું અટકી ગયું.

(૧૧) તેમ સમ્યગ્‌દર્શન દીઠું એટલે તેનાં દૃ૭ વ્યવહાર દીઠા એટલે જીવન પાવન કરવાની ચાવીઓ મળી.

આવું વીતરાગનું દર્શન અનંતભવમાં અત્યારે પામ્યા છીએ. અનંતા ભવો મિથ્યા દૃષ્ટિવાળા મળ્યા હતા, પુદ્‌ગલાનંદી મળ્યા હતા, બહિર્મુખ મળ્યા હતા, પરંતુ પ્રભુનું દર્શન નહોતું મળ્યું. દર્શન તો પહેલાં પણ મળેલા પણ મેં અંતરથી દર્શન કરેલા નહિ ! યથાપ્રવૃત્તિકરણ તો અનંતીવાર થયા, પણ જ્યારે પ્રભુની કૃપા થઈ ને નિબિડ રાગ-દ્વેષની ગાંઠનો ગ્રંથિનો ભેદ થયો ત્યારે દર્શન દીઠું. આ દર્શન દીઠું એટલે સમ્યગ્‌દર્શન દીઠું. તે એવું છે કે,

(૧) આપણા અનંતા ભવો ઘટાડી આપે (૨) વૈમાનિક ગતિ અપાવે (૩) પહેલાં બધી કરણી એકડા વગરનાં મીંડા જેવી હતી તે હવે મીંડાની આગળ એકડો મૂકાવે એવી થઈ.

વીતરાગનું આ દર્શન કેવું ? **અભયકુમારે આર્દ્રકુમારને** અનાર્ય દેશમાં ભગવાનની મૂર્તિ મોકલી દર્શન કરાવ્યાં, ને એ દર્શનથી આર્દ્રકુમારને પૂર્વભવ યાદ આવી ગયો તો અનાર્ય દેશમાંથી ભાગી આર્ય દેશમાં આવી મુનિ બની ગયા.

શય્યંભવ બ્રાહ્મણ યજ્ઞ કરાવતાં હતા. મુનિઓએ આવીને કહ્યું, 'અહો કષ્ટં અહો કષ્ટં ! તત્ત્વં ન જ્ઞાયતે પરં' ખેદની વાત છે કે તત્ત્વને જાણતા નથી ને આ ખોટો આડંબર કરો છો. સાચી વસ્તુની ગતાગમ નથી'- આ સાંભળીને એ યજ્ઞ કરાવનાર ગોર પાસે ગયા અને પૂછયું 'બોલો તત્ત્વ શું ?' તલવાર તાણી. 'સાચું બોલો' અને ગોરે કહ્યું 'આ યજ્ઞના સ્તંભ નીચે જૈનોના ૧૬માં 'શાંતિનાથ ભગવાનની

મૂર્તિ છે, એ તત્ત્વ છે.' યજ્ઞનો સ્તંભ હલાવીને નીચેથી ભગવાનની મૂર્તિ બહાર કાઢી. ભગવાનની મૂર્તિના પ્રત્યક્ષ દર્શનથી રાજી થઈ ગયા. સાધુ મહારાજ પાસે ગયા. હાથ જોડીને કહે 'આમાં શું તત્ત્વ છે બતાવો ! અને આચાર્ય મહારાજે બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મારૂપ ત્રણ તત્ત્વો બતાવ્યા. બહિરાત્મામાંથી અંતરાત્મામાં આવો તો પરમાત્મા બનાય અને માત્ર ૮ વર્ષમાં ૧૪ પૂર્વધર બની ગયા ! આ છે દર્શન.'

અનંતા ભવે આ દર્શન મળ્યું છે, તો શું પૂર્વે આ દર્શન નહીં મળ્યું હોય ? ચારિત્ર નહીં લીધું હોય ? લીધું હશે પણ લાલચુપણે. શાનું લાલચુપણું ? આવું, 'સાધુ થઉં, આચાર્ય બનું, તો લોકો મને માન આપશે' આવા તુચ્છ સન્માન સરભરા ચાટવાનું મન, આ બધું લાલચુપણું. આમાં સમ્યગ્‌દર્શન ન મળ્યું. આપણને જૈનદર્શન મળ્યું એટલે કેવાક દેવ - કેવાક ગુરુ - કેવાક શાસ્ત્રો મળ્યા ! દશવૈકાલિકથી માંડીને ૧૪મું પૂર્વ બિંદુસાર સુધી જિનાગમ મળ્યા. શુદ્ધ એનો રાગ, કશી માન સન્માન વગેરેની ઘાલમેલ નહિ.

હરિભદ્ર પુરોહિતને જૈનદર્શન મળ્યું, પછી આગમોના જ્ઞાતા બન્યા ત્યારે એમને લાગ્યું, **'હા અણાહા કહં હુંતા જઈ ન હુંતો જિણાગમો !'**

'જગતમાં જૈનદર્શન ન હોત, તો અનાથ એવા અમારું શું થાત ? જિનાગમ વિના જગત અનાથ છે,'

ભવ અનંતમાં દરિશન દીઠું. વિશ્વમાં જોવાનું, જાણવાનું, સહવાનું ઘણું મળ્યું, પણ એક પ્રભુ નહોતા મળ્યા. હવે પ્રભુએ આ દર્શન કરાવ્યું.

'પ્રભુ એહવા દેખાડેજી.'

પ્રશ્ન : દર્શન તો આપણે જાતે કર્યું છે પ્રભુએ ક્યાં કરાવ્યું છે ?

ઉત્તર : (૧) મૂળ પ્રભુએ શીખવ્યું માટે દર્શન આવડ્યા.

(૨) દર્શન-જાપ-પૂજા-સ્તુતિ-ધ્યાનમાં અરિહંત પ્રભુનું આલંબન દર્શનાદિ અરિહંતવિષયક હોય તો જ સફળ થાય.

(૩) પ્રભુજીનાં જીવન પરથી પ્રેરણા મળે માટે દર્શન પ્રભુએ કરાવ્યું કહેવાય.

(૪) જેમ હૃદયમાં પેઠેલ શત્રુ શૂરાતન ચઢાવે છે તેમ હૃદયમાં પેઠેલા પ્રભુ સમર્પણ-વૈરાગ્ય-સમકિત વગેરે અપાવે છે.

દર્શન વીતરાગનું કરીએ તો જ લાભ મળે બીજા દેવી-દેવતાનાં દર્શન કરો તો લાભ કાંઈ નહીં; વીતરાગનું દર્શન કરો તો લાભ. બધામાં પ્રધાનતા અરિહંતની છે. એટલા માટે કહેવાય છે કે ભગવાને દર્શન કરાવ્યું. દર્શનમાં ભગવાનનું આલંબન હોય તો જ દર્શન થાય, દર્શન કરીએ એમાં પણ વીતરાગને યાદ કરીએ. અરિહંત

સમોસરણમાં બિરાજમાન છે. ભગવાન વિહાર કરતા પધાર્યા છે. દેવોએ બનાવેલ રત્નનાં સિંહાસન પર ભગવાન બેઠા છે એની શોભા ઘણી સુંદર છે, ત્યાં ૧૨ પર્ષદા ભરાઈ છે, એમાં એક પર્ષદામાં હું બેઠો છું. ભગવાન દેશના વહાવી રહ્યા છે. આવું દર્શન કરતાં મનમાં લાવીએ તો દર્શન થાય. એમ ભગવાન અનંત કરુણાનાં નિધાન છે. ભગવાન કરુણાનિધાન ન હોત તો દર્શન ન મળત. માટે ભગવાન સૌનાં ઉપર કરુણાવાળા છે, જો ભગવાનની કરુણાદૃષ્ટિ આપણા પર ન પડી હોત તો હજુ પણ રખડતા હોત.

વીતરાગનું દર્શન અનંતભવોમાં મળ્યું તો હતું, પણ આપણે કર્યું નહોતું. જીવે યથાપ્રવૃત્તકરણ એટલે શુભભાવના, અનંત પુદ્‌ગલ પરાવર્તમાંથી જીવ જ્યારે ચરમ પુદ્‌ગલ પરાવર્તમાં આવે છે ત્યારે આવા શુભભાવ જાગે છે. આ અપૂર્વકરણ આવે ક્યારે ? જીવ મિથ્યાત્વ મોહનીયની કર્મ સ્થિતિના અંતઃકોટાકોટિમાં પ્રવેશે ત્યારે. આ અપૂર્વકરણ આવે અરિહંતની કૃપાથી, પ્રભાવથી, અરિહંતનાં સામર્થ્યથી.

તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલા લોકે આંજે જી;
લોયણ ગુરુ પરમાવ્ન દીએ તવ, ભ્રમણા એ સવિ ભાંજે જી-૪

વિવેચન : (૧) શુદ્ધ શ્રદ્ધારૂપ – તત્ત્વપ્રીતિકર પાણી પાય છે. અત્યાર સુધી આ જીવને અતત્ત્વ ઉપર પ્રીતિ હતી તેનો દાહ-તરસ ન છીપાવે.

(૨) વિમળાલોકથી આંખમાં અંજન

અનંતકાળથી ભીખ માંગતો આ ભિખારી જીવ જે પાંચ ઈન્દ્રિયોનાં વિષયોની ભીખ માંગીને ભમતો હતો. પાંચ ઈન્દ્રિયરૂપ વિષયોનાં ચપ્પણીયામાં બધુ રાખતો હતો. જેમાં થોડુ થોડું રાખે ને નવું પણ એમાં જ માંગીને ભેગું કરે. એનાથી એને અનેક પ્રકારનાં સંસારનાં શારીરિક રોગો થયા હતા. અહીં શાસનનાં રજવાડામાં પ્રવેશ મળતા બધું સફેદ સફેદ જોયું અને એને થયું, અરે ! આ બધા કોણ ? અત્યાર સુધી મેં આવા જોયા નહોતા તેથી એને ગભરામણ થઈ કે 'હું અહીં ક્યાં ચડી આવ્યો ?' એની ગભરામણ જોઈને ધર્મબોધકરે કહ્યું 'આંખ ખોલ' તો પણ આ જીવ આંખ ખોલતો નથી, એટલે ધર્મબોધકરને દયા આવીને નાક દબાવી મોં ખોલાવીને તત્ત્વપ્રીતિકર પાણી પાયું. અત્યાર સુધી અતત્ત્વ ઉપર પ્રીતિ હતી હવે તત્ત્વની પ્રીતિનું પાણી પાતા ઠંડક થઈ છતાં મોઢું ખોલતો નથી. ગુરુએ એને આક્ષેપણી અને વિક્ષેપણી કથા કરી જેમ પેલા વણિક શેઠને ગુરુ મહારાજે આવતો કર્યો.

કોઈએ કહ્યું 'ગુરુદેવ ! આ શેઠને હાથમાં લેવા જેવો છે. દેરે-ઉપાશ્રયે આવતા નથી.' ગુરુ કહે 'સારું'

એકવાર ગુરુ મહારાજ બહારથી આવતા રસ્તામાં વણિક શેઠનો ભેટો થઈ ગયો. ઊભા રહ્યા,

'કેમ શેઠ દેખાતા નથી ?' શેઠ કહે, "જુઓને મહારાજ, કેટલી ઉપાધિ છે ? ટાઈમ ક્યાં મળે છે ?" ગુરુ મ. કહે, 'ઠીક, એમ કરો એકવાર ઉપાશ્રયમાં આવીને દર્શન કરી જવા.' 'સારું' શેઠ ગયા મનથી નક્કી કર્યું, 'વ્યાખ્યાન ચાલતું હોય ત્યારે જ જવું; એટલે વાંધો નહીં.'

એકવાર વ્યાખ્યાન વખતે ગુરુ મહારાજની નજર પડી ગઈ કે 'શેઠ આવતા લાગે છે' એટલે એને ખેંચવા માટે ચાર પ્રકારના પુરુષાર્થની વાત કરી, "હા, જુઓ જીવનમાં અર્થ-કામ-ધર્મને મોક્ષ એમ ચાર પ્રકારના પુરુષાર્થ છે." અને અર્થ પુરુષાર્થ દ્વારા શેઠનું આકર્ષણ કર્યું. પછી કામ પુરુષાર્થની વાત કરી. ત્યાંથી ખેંચતાં ગુરુ મહારાજ બોલ્યા કે 'આ અર્થ અને કામની પાછળ પડ્યા છો, પણ એ પણ ધર્મ કરશો તો મળશે, નહીંતર બાવાજીની ઘંટડી વગાડવી પડશે, ધર્મ નહીં કરો તો કાંઈ નહીં મળે.' એટલે આને થયું, 'હા, વાત તો સાચી છે' આ શું કર્યું ? નાક દાબીને મોં ખોલાવ્યું. તત્ત્વનું આકર્ષણ કરાવ્યું એટલે એને કાંઈક ઠંડક થઈ. ઠરીને બેઠો. ધર્મબોધકાર ઓફિસર જુએ છે, 'હજી આંખ ખોલતો નથી એને ગભરામણ છે કે ક્યાંક શરમમાં પડી ન જવાય, એટલે આંખ ખોલતો નથી. એટલે ધર્મબોધકર ગુરુએ વિમલાલોકથી આંખમાં અંજન કર્યું, એટલે એના મનને થયું, 'આવી તો ઠંડક ક્યારે પણ થઈ નથી.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪૧,અંક-૧૯,તા.૧૩-૨-૧૯૯૩

લોયણ ગુરુ પરમાન્ન દીએ તવ, ભ્રમણા એ સવિ ભાંજે જી –

વિમલાલોક આંજ્યું, એટલે શું કર્યું ? એને પરમાન્ન તરફ દૃષ્ટિ નખાવી, તેથી તેને તત્ત્વાતત્ત્વનો બોધ થયો. હવે ધીરેથી જીવે આંખ ખોલી. એટલે ગુરુએ માણસ પાસે પરમાન્ન (ખીર) મંગાવી અને જીવને કહ્યું

(૩) પરમાન્ન દીએ –

'લે ભાઈ, આ પરમાન્ન ખા.' આ જીવ એ લેતાં ગભરાય છે.

એને એમ થાય છે કે 'ક્યાંક મારું આ ચપ્પણિયું લઈ લેશે તો ?' એટલે કહે છે કે 'લઉં તો ખરો, પણ મારા આ ચપ્પણિયામાં આપવું હોય તો આપો.' ત્યારે ધર્મબોધકર કહે છે કે, પણ આમાં તો એંઠવાડ પડ્યો છે ! આ કાઢી નાખ.' 'ના, આ તો ન છોડાય. આ રાખી મૂકું ને ? તો મારે એ અવસરે કામ આવે. તમારે

આપવું હોય તો આનાં ભેગું આપો.' એટલે કે 'વિષયોનો એંઠવાડ ઊભો રાખીને તમારે ધર્મ આપવો હોય તો આમાં આપો.' એટલે ગુરુને થયું 'એમ તો એમ સહી' એમ કરીને ય દેશ વિરતિ ધર્મ આપ્યો એટલે ધીમે ધીમે આ પરમાન્ન ખાતાં ખાતાં એટલે કે શ્રાવકનાં વ્રતોનું પાલન કરતાં કરતાં સારો અનુભવ થવા લાગ્યો, - 'આ તો બહુ સારું છે.' સ્વસ્થતાનો અનુભવ થયો. પાલન જોરદાર કરવા લાગ્યો એટલે સામેથી ગુરુ,-'ધર્મબોધકર' ને કહે, તો હવે આ શકોરાનો એંઠવાડ ઢોળી નાખું ? ગુરુ કહે 'સમજીને ઢોળજે, પાછું ફરીથી એ લેવાનું મન ન કરીશ. પછી એમ ન થાય કે મેં આ ક્યાં ઢોળી નાખ્યું ?' હવે તો એને વિશ્વાસ બેસી ગયો એટલે 'સર્વ વિરતિ' ગ્રહણ કરી.

ઉપમિતિ ભવપ્રપંચા કથામાં - પ્રથમ પ્રસ્તાવમાં તેનાં કર્તા પૂજ્ય **સિદ્ધર્ષિ ગણિ** મહારાજે એક **ભિખારીનું દૃષ્ટાંત** મૂક્યું છે. તે દૃષ્ટાંતનો સાર **કવિશેખર શ્રી મહોપાધ્યાય યશોવિજયજી** મહારાજે અહીં **સ્તવનમાં** મૂક્યો છે તે **ભિખારીનું દૃષ્ટાંત સંક્ષિપ્તમાં** આ મુજબ છે.

ભિખારીનું દૃષ્ટાંત,— જેને કોઈ સગાંસંબંધી નથી તેવો એક **જીવ-ભિખારી** અનાદિકાળથી ભટકતો **વિષયોની ભીખ** માગે છે. તેને સરખી ભીખ મળતી નથી. ટૂચક ટૂચક મળે છે. તે ય ગાળો ખાઈ ખાઈને યા ચાટુ કરી કરીને મહામહેનતે મળે છે. એ ભીખનું એંઠું જુઠું ખાવા પર તેની ભૂખ ઓર વધી જાય છે. વધારામાં તેને પેટનાં શૂળ વગેરે રોગો થાય છે. છતાં પણ આ ભિખારીને તે કદન્નને જ પોતાનું સર્વસ્વ માને છે તેનાં પર તેને અત્યંત રાગ છે, સારાપણાની બુદ્ધિ રહે છે, તેથી તેને તે પ્રાણનાં સાટે પણ સાચવે છે.

તે ભિખારી ફરતો ફરતો **સર્વજ્ઞ શાસનનાં રજવાડા** પાસે આવે છે. ત્યાં તેને **કર્મવિવર** નામનો **દ્વારપાળ** રસ્તો કરી આપે છે. આ કર્મવિવર દ્વારપાળ એવો ચતુર છે કે મહેલનાં સાતમે માળે બેઠેલા **'સુસ્થિત' મહારાજાની** જેનાં પર નજર પડે તેને જ **એ રજવાડામાં** પેસવાની રજા આપે છે, પેસવા દે છે.

જેનાં પર **સુસ્થિત મહારાજની** નજર પડે છે તે ભાગ્યશાળી બને છે તેમ માની સુસ્થિત મહારાજનાં રસોડા મંત્રી **'ધર્મબોધકર'** ઉપરથી નીચે આવી આ ભિખારીને **'પરમાન્ન'** આપવા માટે લઈ જાય છે. પણ **'કદન્નલંપટ ભિખારી'** પરમાન્નખીર માટે **આનાકાની** કરે છે એટલે પરાણે તેને **'તત્ત્વપ્રીતિકર'** નામનું પાણી પાયું અને તેની આંખમાં **'વિમલાલોક'** નામનું અંજન આંજ્યું. આ બંનેને કારણે તેને ઠંડક વળી, અને આંખમાં તેજ આવ્યું. પહેલાં જે આંખ બંધ હતી તે હવે ખૂલી. પછી તેને 'ધર્મબોધકર' પર વિશ્વાસ બેઠો. તેણે પરમાન્ન લીધું. ખાધું.

પરમાન્ન ખાવા મંડ્યો, આથી તેના બધા રોગ શાંત થઈ ગયા. પહેલાં તે **નિષ્પુણ્યક** કહેવાતો હતો, હવે તે **સપુણ્યક** કહેવાયો.

બધા રોગો જવાથી ભિખારી સ્વસ્થ થયો. પરમ આરોગ્યનું સુખ તેને પ્રાપ્ત થયું. **દૃષ્ટાંતનો ઉપનય — ભિખારી એ સંસારી જીવ** છે. અનાદિકાળથી **આયુષ્યનાં** પાત્રમાં **વિષયોની ભીખ** માગે છે. તેને નરકાદિગતિમાં વિષયોની ભીખ મળતી નથી અને ભીખ ખાવાથી માનેલું સુખ તેને મળતું નથી. **દેવાદિગતિમાં ભિક્ષા** એટલે **વિષયોપભોગ** મળે છે, પણ તેથી તેની **વિષયોની ભૂખ ખૂબ** જ વધી જાય છે. એક ગતિમાંથી બીજી ગતિમાં ભ્રમણ કરતો ને વિષયોમાં લંપટ જીવ - **વિષયોનાં કારણે દુર્ગતિમાં પીડાય છે** છતાં પણ આ **કદન્ન** એવા **વિષયોની લાલસા** તે છોડતો નથી. આ વિષયોને જ સર્વસ્વ માને છે. એમાં તેના અમુક કર્મનો હ્રાસ થતા એ જીવ અંતઃ કોટાકોટિ કર્મની સ્થિતિમાં પ્રવેશ કરે છે ત્યાં **વિકટ ગ્રંથિ** એવી જે પોળ — તેનો **પોળિયો — દ્વારપાળ** જેનું નામ છે **'કર્મવિવર'** તે તેને **જૈનશાસનનાં રજવાડામાં** પ્રવેશ આપે છે. તેથી જ **'ધર્મબોધકર'** નામનાં **આચાર્ય** - ગુરુ આ જીવને બોલાવીને કહે છે કે 'ચાલ તને **પરમાન્ન** આપું.' એટલે આ ભિખારી જીવ વિચારમાં પડ્યો કે, 'કોઈ મને બોલાવીને આપતું નથી ને **આ પુરુષ બોલાવીને** આપે છે, તો નક્કી મારું આ **ભિક્ષાપાત્ર પડાવી લેશે.**'

પણ આ ઉપકારી ગુરુએ તેને (i) **શુદ્ધ શ્રદ્ધારૂપ તત્ત્વ-પ્રીતિકર પાણી** પાયું. એટલે સમ્યગ્દર્શન કરાવ્યું. (ii) તેની આંખમાં **'વિમલાલોક' અંજન** આંજયું. તેથી સમ્યગ્જ્ઞાન આવ્યું. હિતાહિત જોવાની દૃષ્ટિ આવી. પછી (iii) **પરમાન્ન** આવ્યું એટલે દેશવિરતિ અને પછી **સર્વ કદન્ન-ત્યાગના** ભાવ જાગ્યા ત્યારે સર્વવિરતિ ચારિત્ર આપ્યું. એ જીવ પૂર્વે **નિષ્પુણ્યક** હતો તે હવે **સપુણ્યક બન્યો.**

આ દૃષ્ટાંત અને તેનો ઉપનય સવિસ્તર ઉપમિતિ ભવપ્રપંચ કથામાં વર્ણવ્યો છે. જ્યાં સુધી આપણા આ **જીવે ગ્રંથિભેદ કરી જૈનશાસનમાં પ્રવેશ નહોતો કર્યો** ત્યાં સુધી **તેને આપમતિ** અને **મિથ્યામતની કલ્પના** બેઠી હતી. પણ ધર્મબોધ ગુરુ મળ્યા. જોકે આ 'મારું પાત્ર ઝૂટવી લેશે' એવી જીવને તેમનાં પ્રત્યે અસત્ કલ્પના છે, અવિશ્વાસ છે. છતાં પણ ગુરુએ માથું પકડી યાને પેલાની અનિચ્છા છતાં આક્ષેપણી આદિ કથાથી તત્ત્વપ્રીતિકર પાણી પાયું. તત્ત્વ તરફ આકર્ષણ કર્યું તો કલેજે કાંઈક ઠંડક વળી. એટલે તત્ત્વ પર શ્રદ્ધા થઈ. પણ આ ભિખારીની આંખ બંધ છે, તેના મનમાં ભય છે કે 'આમની નજર પડી જાય તો આ કદન્ન શરમનાં માર્યા છોડવું પડશે.' એટલે શરમમાં આવીને છોડવું ન પડે તે માટે સામે જ ન જોવું, માટે આંખ બંધ કરી છે. ગુરુએ 'વિમલાલોક' અંજન આંજ્યુ. તે સમ્યગ્જ્ઞાન

આપ્યું. તેથી તેનામાં વિવેક પ્રગટ્યો. વળી આ જીવને વિષયોની ગુલામી છે તો કદન્ન એટલે સ્ત્રી પુત્રાદિ પરિવાર-ધન-વિષયો તે જ પરમાર્થથી ખ્યારા લાગે છે. પણ ગુરુએ પરમાન્ન આપ્યું ને તેનો રસ મોળો પડાવ્યો.

આમ તો સરળતાથી આ જીવ આ કદન્નરૂપ સ્ત્રી, પુત્ર, પરિવાર, ધન, માલ ઉપરની લંપટતા છોડે તેમ નથી. એ તો ગુરુએ જબરદસ્તી કરી, તો પહેલાં દેશવિરતિમાં આવ્યો, એટલે કદન્ન ઊભું રાખ્યું ને સાથે થોડો થોડો ધર્મ પણ આચરવા લાગ્યો, એ રીતે તેને ધર્મથી વિકાર-અસંતોષ-લોભાદિ રોગો મોળા પડ્યા. તેમ કરતાં કરતાં જીવને વિરતિમાં આનંદ વધવાથી પછી સર્વવિરતિ માર્ગે ચડ્યો. એટલે પહેલાં જે કદન્નમાં સુખનાં ભ્રમથી લંપટતા હતી તે ભ્રમ ભાંગ્યો.

જેમ પેલા ભિખારીને કદન્ન એંઠવાડ સુખકર લાગતા હતા, તેમ જીવને પણ 'શબ્દાદિ વિષયોથી સુખ, સારા કપડાં, સારા ભોજન વગેરેથી સુખ' એવો જે ભ્રમ હતો તે હવે ભાંગી ગયો. કારણ, તત્ત્વનું આકર્ષણ થયું એટલે આ બધામાં કાંઈ તત્ત્વ ન દેખાયું. આ બધામાં કાંઈ મળવાનું નથી, ઊલટું જીવની ભૂખ વધવાની છે. જેમ દરિયામાં માણસ પડ્યો. પાણીની તરસ લાગી છે, તો દરિયાનું પાણી પીએ તો તરસ છીપે ? કે વધે ? તરસ વધે. તેમ વિષયોની ભૂખ વિષયો ભોગવવાથી ઘટે નહીં, વધે. એટલે વિષયોમાં જે સુખની બુદ્ધિ હતી તેનો ભ્રમ હવે ભાંગી ગયો.

પેલા ભિખારીને 'ધર્મબોધકર' ગુરુ સારા મળ્યા છે એ બોલાવે છે, માત્ર એને લાગે છે કે 'મને બોલાવે છે, એટલે મારું ઠીકરું લઈ લેશે' જીવને જેમ થાય કે સાધુ મહારાજ બોલાવે છે એટલે પૈસા કઢાવવાં હશે માટે બોલાવે છે એમ ભ્રમ હતો તેથી દેવ ગુરુ ધર્મથી દૂર રહે છે; કેમ કે એમ માને છે કે 'તેમની પાસે જઈએ તો પૈસાનો ત્યાગ કરાવે, શરીરને તપ કરાવી સુકાવી નખાવે. વ્રતનિયમમાં બાંધી દે. આ બધા ભ્રમ માટે દેવ ગુરુ ધર્મથી દૂર રહેવામાં આનંદ હતો.'

વળી સારાને નરસા તરીકે જુએ; સજ્જનને દુર્જન તરીકે જુએ; પોતાનાં શકોરામાં એંઠવાડ પડ્યો છે, એને સાત્ત્વિક અન્ન માને; 'આ છે તો જ હું જીવી શકું છું.' એમ સંસારમાં રહેલાં જીવોને એમ થાય છે કે 'વિષયોનો ત્યાગ કરું તો હું દુઃખી દુઃખી થઈ જાઉં.'

એમ ભિખારીને કદન્નમાં આનંદ છે. આમાં સુખ છે એમ એને લાગે છે, જ્યારે જીવ વિષયોમાં સુખ ને આનંદ જુએ છે. ભિખારીને ઠીકરાના માલમાં સુખની કલ્પના એટલે સુધી છે કે જો કોઈ ઠીકરું ઝૂંટવી લે તો જાણે હાર્ટફેઈલ થઈ જાય તેમ જીવને અર્થ પૈસો કોઈ ઝૂંટવી લે તો એવું થાય છે. એટલે અર્થને એ ૧૧મો પ્રાણ ગણે છે.

વિષયોથી જીવ માને છે કે 'હું બળવાન છું, શક્તિમાન છું.' ત્યારે વાસ્તવમાં વિષયોને લીધે જ જીવ દૂબળો પડે છે. એટલે તો શબ્દાદિ વિષયોને સારા માને એમાં બ્રહ્મચર્ય વ્રતનો ભંગ બતાવ્યો છે. કેમ કે જ્ઞાનીઓ કહે છે કે શબ્દાદિમાં જીવને આકર્ષણ ક્યારે થાય ? એ નિઃસત્ત્વ બને ત્યારે. એટલે દુનિયાનાં વિષયોને સારા કહેવા જશો તો તમારું સત્ત્વ હણાશે. એ સત્ત્વ હણાતું હણાતું નિઃસત્ત્વ બનાવી દે છે, પછી સ્હેજ નિમિત્ત મળ્યું કે તરત નિઃસત્ત્વ બને છે. **સિંહગુફાવાસી મુનિ** કોશાને ત્યાં જવા તૈયાર થયા ત્યાં સુધી તો સત્ત્વ હતું પણ જેવી કોશાને જોઈ કે નિઃસત્ત્વ બની ગયા. ગરીબડા બનીને ભોગ વગેરેની યાચના કરવા લાગ્યા.

ધર્મબોધકર ગુરુ ભિખારીને બોલાવે છે પરમાન્ન લેવા માટે; પણ ભિખારીને ભ્રમ છે કે 'મારું લઈ લેશે તો ?'- એમ જીવને ગુરુ બોલાવે તો એમ થાય કે પૈસા ખાલી કરાવશે તો ? ઘરવાળી ખીસા ખાલી કરાવે તે સારું લાગે છે, પણ ગુરુ બોલાવે તો લાગે કે ગુરુ ઠપકો આપશે તો ? ગુરુ આપણી હાજરી લેશે તો ? હિતૈષી કોણ ? ગુરુ કે મિત્ર ? હિતૈષી પર શંકા છે. આ દ્રમકને પણ આ કલ્પના છે કે 'મારું કદન્ન પડાવી લે તો ?' એમ જ્યારે ખરેખર દુઃખ આપનારા કુટુંબ-પરિવાર-ધન-માલ-મિલકત વગેરે જે તત્ત્વો દુર્ગતિમાં લઈ જનારા છે તે પરમ હિતૈષી લાગે છે અને આત્માની ચિંતા કરનાર ધર્મબોધકર ગુરુને અવિશ્વાસથી - શંકાથી જુએ છે.

એક વિષયની લગન કેટલાં એંઠવાડ ભેગા કરાવે ? ભિખારી કદન્નમાં જ ટેવાયો હતો એટલે એને લાગતું કે 'હું નિરોગી થઉં છું, વાસ્તવમાં અર્જીણ થતું હતું અને અજીર્ણનાં હિસાબે ખોટી ભૂખ લાગવાથી અકરાંતિયાની જેમ ખાય છે. આ નિરોગીતાનો ભ્રમ જગતમાં વિષયોની ગુલામી કરાવે છે, એનાંથી મને તુષ્ટિ પુષ્ટિ મળે છે એમ માને છે. પણ એને આ ખબર નથી કે આ તો સોજા ચડે છે, લોહીનું પાણી થાય છે. વિષયોની જાત એવી છે કે એ આવો જ ભ્રમ કરાવે કે 'મને તુષ્ટિ પુષ્ટિ મળી છે.'

વિષયોનો ભ્રમ છે એટલે સાધર્મિકને જોઈને એમ લાગે કે આ માંગવા આવશે. પેસાનાં કારણે સાધર્મિક પ્રત્યે સદ્‌બુદ્ધિ થવા ન દે. કુટુંબ માટે એમ માને કે આ મારું પોષક છે, મને સહાયક છે, મને સુખ આપનાર છે જ્યારે 'સાધર્મિક મને સુકૃત કરાવનાર છે' એમ ન લાગે ! આ તો મને લૂંટનારા છે એમ લાગે છે. આ ભ્રમ કેવો છે ?

'સુકૃત કર્યું તેટલું પરલોકની બેંકમાં જમા થયું' આ ન લાગે, ધર્મની વાત આવે ત્યારે ખર્ચાઈ ગયા લાગે. પણ બંગલો બંધાવે વગેરેમાં ૨ લાખ ખર્ચાયા તો પણ ઈન્વેસ્ટમેન્ટ લાગે. એસ્ટેટ ઊભી થઈ લાગે. આ બધા વાંધા ભ્રમના તત્ત્વપ્રીતિકર પાણી અને 'સમ્યગ્‌જ્ઞાનનું અંજન નથી એટલે ઊંધા જ વેતરણ માંડે છે.'

ઠીકરું મળે તો પણ 'મને રાજ્ય મળ્યું !' એમ લાગે. કારણ એનાં ઉપર જ ક્રોધ-લોભ-અભિમાન વગેરે થાય છે. લંપટમાણસને વેશ્યામાં સુખ લાગે છે જે નરકની ખાણ છે. સિંહગુફાવાસીએ કોશાનું સુખ મેળવવા કેટલું કર્યું ! વરસતા વરસાદમાં નેપાળ ગયા રત્નકંબલ લાવવા માટે. ચોરી-જૂઠ-પ્રપંચ વગેરે બધું કર્યું. આ બધું વિષયો કરાવનાર છે, વિષયો પોક મુકાવનારા છે, જવાનાં સ્વભાવવાળા છે અને જશે ત્યારે દુઃખી દુઃખી કરનારા છે. વળી તેના ભોગવટા વખતે સંક્લેશ તથા પાપ કરાવે છે અને પરલોકમાં ભયંકર વિપાક બતાવનારા છે. વિષયો જીવને ગુલામી કરાવનારા છે. અજંપો, ચિંતા, સંતાપાદિ કરાવનાર તેમજ ભય જન્માવનાર છે. જીવને બીજાનું ચાટુ કરાવનાર પણ આ વિષયો જ છે. જેમ કૂતરાને પહેલાં લાકડી મારી, તો એ ભાગ્યો, પણ પછી રોટલી દેખાડી તો પૂંછડી પટપટાવતો આવ્યો, પગ ચાટવા લાગ્યો, લાકડીનો માર ભૂલી ગયો. વિષયો આવી ગુલામી કરાવે છે અને જીવ એમાં જ આનંદ માને છે !

બજારમાં જા, પૈસા કમાય, એમાં માને છે કે 'મારી મૂડી વધી;' પણ 'પુણ્યનું બેલેન્સ ઓછું થાય છે' એ નથી દેખાતું.

પેલા બ્રહ્મદત્ત ચક્રીને છ ખંડનું રાજ્ય મળ્યું. ભાઈ મહારાજ સમજાવે છે કે 'જો ભાઈ ! ગયા ભવમાં ચારિત્ર પાળ્યું હતું માટે આ બધુ મળ્યુ છે' ત્યારે આ ચક્રવર્તી કહે, 'અરે મહારાજ ! તમને ખબર નથી. તમે અહીં આવો, હું રાજ્ય આપું, રાજકુમારીઓ પરણાવું.' સાધુ મહારાજને રાજ્યમાં અધઃપતન દેખાતું હતું જ્યારે ચક્રવર્તીને તેમાં આનંદ-ઉત્થાન લાગતું હતું. આ ભ્રમ છે. પરંતુ 'તત્ત્વપ્રીતિ-વિમલાલોક-પરમાન્ન' ધર્મબોધકરે એ ત્રણ તત્ત્વો આપ્યા; તેથી ભ્રમ ભાંગ્યો, હવે ભ્રમ ભાંગ્યો એટલે ધર્મબોધકર ગુરુ અને પરમાત્મા સાથે મન ખોલીને વાત કરે છે.

"ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે – વાત કરું મન ખોલીજી,
સરલ તણે જે હીયડે આવે, તેહ જણાવે બોલીજી" - ૫

વિવેચન : તત્ત્વપ્રીતિકર પાણી વગેરેથી ભ્રમ ભાંગ્યો એટલે હવે વિષયોનાં સગાંને જે હિતૈષી માનતો હતો, તે હવે એને વૈરી લાગે છે. જેમ માખીનો વાઘ માખીને પકડીને એનું બધું નૂર ચૂસીને ફોતરા જેવી કરીને નાંખી દે છે. તેમ આ દુનિયાનાં સગાંવહાલાનાં સકંજામાં આવ્યા, એટલે એ પુણ્યનાં નૂર ચૂસી લેનારા છે. માટે એ હિતૈષી નહીં, વૈરી લાગે છે, જ્યારે ગુરુ આપણને પુણ્યનો માલ અપાવનારા છે માટે હિતૈષી લાગે છે. ભ્રમ ભાંગ્યો એટલે વિષયના ત્યાગમાં દુઃખ માનતો હતો તે હવે વિષયના ત્યાગમાં સુખ માને છે, વિષયભોગમાં ગુલામી માને છે, ખાવામાં ૧/૨ દ્રવ્યથી ચાલે છે. બીજાને ૧૨ દ્રવ્ય ઓછા પડે છે, તો બે દ્રવ્યથી ચાલનાર

સ્વતંત્ર છે ૧૨ ઓછા પડે તે ગુલામ છે. એમ વિષયોમાં પહેલાં બળવાનપણું લાગતું હતું હવે મુડદાલપણું લાગે છે. વિષયભોગોને પહેલાં અકરાંતિયાની જેમ ભોગવતો હતો હવે વિષયભોગોને છોડે છે. વિષયભોગોમાં પહેલાં નિરોગીતા લાગતી હતી હવે રોગ લાગે છે.

શાસ્ત્રાદિ વાંચતા ડાફોળિયાં મારવાનું મન થતું હતું, એ હવે તત્ત્વની શ્રદ્ધાથી દૂર થયું, ભ્રમ ભાંગતા મનુષ્ય જન્મનો કાળ થોડો છે. કામ ઘણું છે, અનંતા જન્મની વાસનાને તોડી નાખવાની છે. અનંત જન્મોનાં પાપોનો નાશ કરવાનો છે આ સાવધાની આવી. રોગ કાઢવો છે માટે ગમે તેટલી આતુરતા હોય તો પણ હવે સામે ન જોઉં. પણ કોઈ આવીને ઠપકો આપે કે અમારી સામે પણ જોતા નથી તો ? શા માટે જોવું જોઈએ. પૂ. યશોદેવસૂરિ મ. ખંભાતમાં હતાં. મેં કહ્યું, સાહેબ ! આપને કાંઈ ખબર પડી ? શાની ? આ મકાનમાં ધમાધમ થઈ છે એની ! હું શું કામ ખબર રાખું ? જેને જરૂર હશે તે મારી પાસે આવશે. દુનિયાની વહી વાંચવા હું શા માટે સમય બગાડું ? અલખ-નિરંજન હતા.

રોગ ગયો એટલે ડાફોળીયા ગયા. હું ભલો ને મારા શાસ્ત્રસ્વાધ્યાય ભલા. **એક આચાર્ય મ.** હતા. ત્યાં એક બાળમુનિ એક બાજુ બેઠા હતા. મેં જોયુ, આચાર્ય મહારાજ પાસે ગાથા લઈને પોતાના આસને ભીંત તરફ મોં કરીને બેસી ગયા, ક્યાંય જોવાની કે સાંભળવાની આતુરતા નહી. કાન ધરવાની આંખ ઊંચી કરવાની વાત નહી. પછી ગોચરી બેઠા. હું કાંઈક તેમને આપવા લાગ્યો. એટલે તેમણે આચાર્ય મહારાજ તરફ જોયુ, તેમણે કહ્યું લઈ લે. એટલે લીધું, ઉંમર નાની પણ નવું નવું જોવાની કોઈ આતુરતા નહીં, આ તત્ત્વપ્રીતિની આતુરતા આવે ત્યારે આ બધા ભ્રમ ભાંગે.

સિંહગુફાવાસી મુનિનો ભ્રમ ભાંગ્યો. કેવી રીતે ? કોશાએ સવાલાખ સોનૈયાની રત્નકાંબલ ખાળમાં નાંખી. ત્યારે મુનિ કહે, 'અરે ! પણ આ તું શું કરે ? કેટલી મહેનતે હું આ રત્નકંબલ લાગ્યો ! ને તું આમ એને ખાળમાં નાખે છે ? ત્યારે કોશા કહે, ગુરુ મહારાજે આટલી મહેનત કરીને ચારિત્ર આપ્યું ને તમે આ ખાળ જેવા શરીરમાં એને નાંખવા આવ્યા છો ? અને ત્યાં ચમક્યા. ભ્રમ ભાંગ્યો. પાછા જાગ્યા. વિષયમાં જે અંધ થયા હતા તે દેખતા થયા. એટલે તો કહ્યું કે, વિષયોમાં આંધળા રાગ હોય તેને ભગવાન સાથે મેળ ન જામે. આનંદઘનજી મહારાજે કહ્યું કે,

"નારી નાગણ કા જસ નહિ પરિચય, સો સાહિબ કા પ્યારા."

જીવ વિષયોમાં ભટકી રહ્યો છે એટલે બહારમાં ફરી રહ્યો છે. આશ્ચર્ય છે કે ભગવાનની સાથે પણ આ વિષયો અણબનાવ કરાવે છે !

ભગવાનની સામે જોવાનો અવસર મળ્યો હોય ત્યારે પણ એના બદલે આજુબાજુ જોવાનું કરાવે છે ! બહારમાં ભટકતું મન પ્રભુમાં ન હોય. જેમ, હરિલાલ બજારમાં ફરતો હોય તો ઘરમાં ન મળે; તેમ આ આતમરામ વિષયોમાં ફરતા હોય તો એને ભગવાન સાથે પ્રીત જામવા ન દે.

એટલે આ ભ્રમ ભાંગ્યો એટલે દેવ-ગુરુ ઉપકારી લાગ્યા. જંબૂકુમાર-થાવચ્ચાકુમાર વગેરેને એક ક્ષણમાં રંગ લાગી ગયો. કેમ ? કારણ અબજોની સંપત્તિ હતી પણ આ સંપત્તિમાં ભારોભાર દુઃખનાં ડુંગરા દેખવા લાગ્યા. એમાં અમૃતના નહીં, પણ ઝેરનાં કુંડા જોયા.

એટલે હવે ધર્મબોધકર ગુરુને પરમ ઉપકારી માનવા લાગે છે, પોતાની દુર્દશા આ વિષયોની લાલસા હતી, ને ગુરુ છોડાવવા પ્રયત્ન કરતાં હતા તેમના પર અવિશ્વાસ કર્યો હતો. તે હવે 'ભ્રમ ભાંગ્યો તવ પ્રભુ શું પ્રેમે વાત કરું મન ખોલીજી.' 'ભ્રમ રાખી ગુરુ પર વિશ્વાસ ન ધર્યો,' આ ભૂલ કરી હતી; તેમ આ જીવ ગુરુને કહે છે.

હવે પ્રભુ સાથે પ્રેમ થયો એટલે પ્રભુ આગળ દિલ ખોલીને વાત કરું છું.

દિલ ખોલીને પ્રભુ સાથે વાત શું કરવાની ?

આપણી બધી ખરાબીઓની વાત કરવાની છે. 'લોકો મને સારો સારો કહે છે, પણ તમારી આગળ ભગવાન ! હું જેવો છું તેવી મારે ઓળખ કરાવવી છે. જેમ **રોહીણિયાએ** ઓળખ કરાવી. મરતા બાપે મને કહ્યું કે 'જોજે હોં ! મારા કરતાં સવાયો થજે; પણ પેલા વર્ધમાનનું વચન ન સાંભળીશ.' એટલે જે દિશામાં પ્રભુ ! આપ હો તેનાથી વિરુદ્ધ દિશામાં જાઉં. પણ એકવાર સમવસરણની નીચેથી દોડતો જતો હતો. આપનાં વચન ન સંભળાઈ જાય માટે બે કાનમાં આંગળી ખોસી હતી. પાછળ સિપાઈઓ પડ્યા હતા. મારા પગમાં કાંટો વાગ્યો. ત્યાં એક આંગળી બહાર કાઢતાં પ્રભુ ! આપનાં ૩ વચન સંભળાઈ ગયા. તરત ભાગ્યો, પણ પકડાઈ ગયો. મને રાજસભામાં લાવ્યા. રાજાને કહે 'રાજન્ ! આ રોહીણિયો ચોર' ત્યારે મેં કહ્યું, 'હું રોહીણિયો નથી. હું તો બાજુનાં ગામમાં રહું છું ને કેરીનો ધંધો કરું છું.' રાજાએ એ ગામમાં તપાસ કરાવી તો વાત સાચી નીકળી. અભયકુમાર કહે, 'ગુનો સાબિત કર્યા વગર ન્યાયી રાજ્યમાં સજા ન કરાય. એને છોડી મૂકવો જોઈએ.'

એટલે અભયકુમાર મને કહે 'જુઓ, તમને નકામા હેરાન કર્યા, તમને છોડી મૂકવામાં આવે છે. તમે અમારી સાથે ભોજન કરો' ભોજન કરાવ્યું. ઉપર દહીંમાં

ચંદ્રહાસ દારૂ પાયો. આરામ કરાવ્યો, બેભાન થયો. ઉપરનાં માળમાં ઈન્દ્રપુરી જેવું વાતાવરણ ઊભુ કરેલું. વાજિંત્રો વાગવા લાગ્યા. 'જય જય નંદા ! જય જય ભદ્રા !' સ્વાગતના અવાજ સાંભળ્યા. જાગ્યો, ચારે બાજુ જોયું. આ શું ? આ તો દેવદેવીઓ લાગે છે. તો શું હું મરી ગયો ? ત્યાં દેવીઓ બોલી. 'સ્વામિનાથ ! જરા અમારું નૃત્ય તો જુઓ... પણ તમે પૂર્વભવમાં શું શું કરેલું ? એ તો કહો !' ત્યાં રોહીણિયાને ભગવાનનાં પરાણે સંભળાઈ ગયેલા ૩ વચન યાદ આવ્યા (૧) 'દેવતા જમીનને અડીને ઊભા ન રહે' (૨) 'આંખ મચકાવે નહીં' (૩) 'ફૂલની માળા કરમાય નહીં.' જ્યારે અહીં તો આ બધું છે. પગ જમીનને અડે છે, આંખ પટપટ થાય છે, ને ફૂલની માળા કરમાયેલી લાગે છે. જરૂર આ અભયકુમારની કરેલી બનાવટ લાગે છે. એટલે બાજી ફેરવીને વાત કરે છે કે 'પૂર્વભવની અંદર મેં દાનશાળા બંધાવેલ, તપસ્યા ઘણી કરી હતી.' 'બીજું કાંઈ કર્યું હતું ?' ના, એ સિવાય કાંઈ નહીં અને અભયને થયું આ ચોર લાગતો નથી છોડી મૂક્યો.

મારા મનને થયું, 'ભગવાનનાં ૩ વચન સાંભળ્યા ન હોત તો આજે કૂતરાને મોતે મરવું પડત. ભગવાનનાં માત્ર ૩ વચને જીવતદાન આપ્યું, તો ૩ હજાર વચન સાંભળતાં તો ન્યાલ થઈ જવાય.' દોડ્યો ભગવાન પાસે, ભ્રમ ભાંગી ગયો. હૃદય ખોલીને વાત કરી. "પ્રભુ ! હું જ નામી ચોર રોહીણિયો છું. આપના વચને મને બચાવ્યો. હવે પ્રભુ મને શરણ આપો."

'સરલતણે જે હિયડે આવે, તેહ જણાવે બોલીજી' (૫)

પ્રભુ ! તમારી આગળ સીધો સાદો સરળ થઈને આવ્યો છું. કોઈ વક્રતા નથી, વક્રતાથી સાચી ઓળખ થતી નથી. સરળ એટલે 'ભગવાન હું તમારો ભલો ભોળો ભગત છું. કાંઈ આવડતું નથી. હું સજ્જન નથી. મહાદુર્જન છું. જે બોલું તે સાંભળી લેજો. જે કહું છું તે સાચું જ કહું છું. કેમ કે હવે ભ્રમ ભાંગી ગયો છે. હવે અંતરંગ સદ્ અન્ન પર વિશ્વાસ છે. અત્યાર સુધી એંઠવાડ કદન્ન ખાવાથી રોગો થયા હતા, હવે આ એંઠવાડ છોડ્યા. વિષયોનાં એંઠવાડથી આત્માનાં રોગો થતા હતા; બહારનું એંઠું-જૂઠું ખાવાથી શરીર પર ફોડા વગેરે થતા હતા; કિન્તુ આ બાહ્ય રોગો કેન્સર વગેરેથી મરીને જીવ નરકમાં જ જાય એવો કાયદો નહીં. પણ,- કામ ક્રોધાદિ તથા લોભ, દ્રોહ, ઈર્ષ્યા વગેરે આભ્યંતર રોગોથી મરીને નરકમાં જ જાય. એટલે હવે પૂર્વનાં ભ્રમ દૂર થવાથી એ રોગો ઓછા થયા, એટલે પ્રભુ હવે સરળપણે કહું છું કે, મને આપ હવે શરણું આપો. પ્રભુ ! આપ જ મારા તારણહાર છો. મહાઅપરાધીને પણ આપે તાર્યા છે, તો મને પણ તારો, અર્જુનમાલીને ચંડકોશિયા જેવાને આપણે શરણું આપ્યું તો મને પણ પ્રભુ ! શરણું આપો.'

જેમ પેલો દ્રમક પહેલાં તો આ ધર્મગુરુ 'ધર્મબોધકર'ને ગલત અભિપ્રાયથી જોતો હતો, પણ જ્યારે ધર્મબોધકરે પરાણે પણ પરમાન્ન આપ્યું તો એના સેવનથી તેના રોગો ઓછા થયા. ત્યારે કવિ વાત કરે છે કે, 'આપ જ મારા પરમતારક છો. તમારા સિવાય બીજા કોઈ મને તારનારા નથી. આપ મારા પરમમિત્ર છો, પણ મેં પાપીએ પરમમિત્ર એવા આપને વૈરી માનેલા ! તો હવે મને માફ કરો.'

તેમ ભ્રમ ભાંગ્યો ત્યારે પ્રભુ સાથે વાત કરવાની કે, 'આપ જ તારણહાર છો, પ્રાર્થનીય પણ આપ છો, અને વિશ્વસનીય પણ આપ જ છો, માર્ગદાતા પણ આપ;' હું કદન્ન પર વિશ્વાસ રાખનારો કુમતિમાં તણાયેલો અને આપના પર અવિશ્વાસ કરનારો હતો, પણ આપે કૃપા કરી મને તત્ત્વપ્રીતિકર પાણી પાઈને, વિમલાલોક આંજીને તથા ચારિત્રરૂપ પરમાન્ન આપીને મારા પર અપરંપાર ઉપકાર કર્યો, મને ક્ષુદ્ર ભિખારીમાંથી સજ્જન માણસ બનાવ્યો.'

સાચી વાત છે કે આપણે સરળ નથી બન્યા, તેથી જ હજી પણ ભગવાન પર એવો ભાવ નથી. માટે તો દિલ ખોલીને વાત કરતા નથી. આપણને હજુ પૈસા વહાલા લાગે છે, પણ પરમાત્મા એવા વહાલા નહીં; ઘરની તિજોરી નોકરને ન સોંપાય, કેમ ? તિજોરી એ કિંમતી છે, તેનો રાગ ભર્યો છે. પણ ભગવાન નોકરને સોંપાય ? પૂજારીને તમે ભગવાન સોંપ્યા. પછી તે ભગવાન પર ગમે તેમ વાળાકૂંચીના ઘસાઘસ કરી પ્રક્ષાલ કરે. ગમે તેમ રાખે, એ તમારે નભે છે. ઘરમાં એકનો એક નાનો બાબો હોય તો તેને કેવી રીતે જાતે નવડાવો ? ને ભગવાનને કેવી રીતે ન્હવણ થાય ? એ માટે નોકરને સોંપી દો ? મૂળ વાત આ છે કે જ્યાં સુધી વિષયોને વહાલા કર્યા છે ત્યાં સુધી ભગવાન વેઠ લાગવાના, અકારા લાગવાના.

વિષયોને અકારા કરો તો ભગવાન વહાલા લાગે.

એમ તો પેલા જીવ-ભિખારીએ ચારિત્ર ધર્મ સીધે સીધો લીધો નથી. કદન્નનાં પ્રેમમાં ધર્મબોધકર ગુરુની વાણી પણ કાન પર ધરી નથી. પણ ધર્મબોધકરે ઉપાશ્રયે પરાણે આવતો કર્યો તેની અર્થ કામની કથાથી ધર્મકથા પર લઈ ગયા અને ધર્મ એ મોક્ષ અને સ્વર્ગ પણ આપનાર છે તેમ આકર્ષણ કરાવ્યું. પછી જીવ દેશવિરતિ ધર્મમાં લાગ્યો. તેનો સ્વાદ ગમ્યો તો સર્વવિરતિ ચારિત્ર પામ્યો. એટલે એંઠા માલ પરનો રાગ સર્વથા છોડ્યો. શાસ્ત્રમાં એક અન્ય ભિખારીનું દૃષ્ટાંત આવે છે.

ભિખારીને નિયમ : એક ધાન્ય, એક શાક, એક વિગઈ :–

ભિખારીનાં શરીરે ફોડા ને બીજા રોગો થયેલા. તેમ ખસને ખુજલીથી પણ ભારે પીડાતો હતો, સાધુ મળ્યા. સાધુને કહે 'સાહેબ ! મરી રહ્યો છું. આ ત્રાસ સહન થતો નથી. કાંઈક બતાવો.' તો સાધુએ ત્યાગ ધર્મ બતાવ્યો. રોજના માટે

એક ધાન્ય. એક શાક અને એક વિગઈનો નિયમ કર્યો. નિયમના પ્રભાવે ફોડા સુકાવા લાગ્યા, ખસ-ખુજલી ઓછી થઈ. મિંયા મસાલા પર એમ રોગો એંઠવાડ પર કૂદતા હતા. તે મળવાનાં બંધ થયા તો રોગ ઘટ્યા અને ત્યાગથી પુણ્ય વધ્યું તો સારી ભિક્ષા મળવા લાગી.

કોઈ જૈન શેઠે નોકરી અપાવી. ત્યાં સ્થિતિ સારી થઈ. હવે તો એક નહિ, પણ અનેક અન્ન મળે છે; પણ લીધેલો નિયમ ન છોડ્યો. શેઠ સારી રીતે ભોજનનો થાળ જમવા આપે પણ 'એક ધાન્ય'... આ મળતો માલ સાધુ-સાધ્વીને વહોરાવે જેથી લખખૂટ પુણ્ય કમાયો. ત્યાંથી મૃત્યુ પામીને ઉદાર જૈનકુળમાં શેઠને ત્યાં જન્મ થયો. જે ગામમાં બાળકનો જન્મ થયો તે ગામ વિશે નિમિત્તિયાએ રાજાને કહેલ કે 'બાર વર્ષનો દુકાળ પડશે.' અષાઢ સુદ ૯ના દિવસે વીજળી થશે પણ વરસાદ નહીં વરસે.' આમ કહેલું પણ વરસાદ મૂશળધાર વરસ્યો. આમ કેમ થયું ? નિમિત્તશાસ્ત્ર ખોટું થાય નહિ. ને આમ કેમ ? શું નિમિત્તશાસ્ત્ર ખોટું ? ત્યાં કેવલી ભગવંત પધાર્યા. ત્યારે રાજાએ પૂછયું. તો જ્ઞાનીએ જવાબ આપ્યો કે અમુક શેઠને ત્યાં પુત્રનો જન્મ થયો છે, તેનાં અતિ પ્રબળ પુણ્યે આ દુકાળ ફેડાઈ ગયો !

આ ભિખારી આટલી ઉન્નતિ પામ્યો. શેનાં પ્રતાપે ! નિયમના.

અહીં પણ આ જીવ-ભિખારી પહેલાં તો રોગને રોગ નહીં પણ સુખ માનતો હતો. અજીર્ણની ભૂખ લાગે તો સાચી ભૂખ લાગી છે તેમ માનતો. શરીરે સોજા ચડ્યા તો 'શરીર, જાડું થયું' એમ માનતો હતો પણ હવે ધર્મબોધકર ગુરુનો ઉપકાર માને છે કે પરમાન્ન વડે રોગથી મુક્ત થયો ને તેથી ખરેખર સુખ પામ્યો.

શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચકજશ કહે સાચું જી;
'કોડી કપટ જો કોઈ દિખાવે તોહિ પ્રભુ વિણ નવિ અન્ય રાચુંજી.' ૬

વિવેચન : એટલે કવિ શેખર વાચકવર્ય પૂ. યશોવિજયજી મ. કહે છે કે,

હવે ભગવાનનાં તત્ત્વો જાણ્યા. ભગવાનનાં તત્ત્વો કહે છે કે 'સ્ત્રી-માલ-મિલકત એ બધું જગતનાં એંઠવાડ સમાન છે, રોગ વધારનાર છે.' પ્રભુ ! આપે આ બધું બતાવ્યું છે; વળી હે પ્રભુ ! આપની કૃપાથી જ મને કર્મવિવર દરવાને જૈનશાસનના રજવાડામાં પ્રવેશ આપ્યો છે. આપની કૃપાથી જ ધર્મબોધકર ગુરુએ મને સમ્યગ્‌દર્શન, જ્ઞાન અને ચારિત્ર આપ્યા છે. હવે કોઈ કરોડો કૌતુક દેખાડે, કામણ કરે તો પણ આપની સેવા-આજ્ઞા હું છોડનાર નથી. હવે મારે આપના સિવાય અન્ય દેવ-દેવી ખપતા નથી આ મારો દૃઢ નિર્ધાર છે.

કવિ સમન્તભદ્રે પણ ભગવાનની આ સ્તુતિ કરી કે 'ભગવાન ! અમે તમને

કુમ વળગ્યા છીએ ? તમારામાં ચમત્કારો કે દુન્યવી આશ્ચર્યકારક ઘટના છે માટે નહીં, પણ તમારું જીવન-કવન વીતરાગતામય છે, આપની વાણી નયગર્ભિત છે. યથાર્થ વાણી આપની છે, માટે જ આપને ભજીએ છીએ. ૧૪૪૪ શાસ્ત્રોના રચયિતા આચાર્ય ભગવાન પૂ. હરિભદ્રસૂરિજી મહારાજે પણ પ્રભુને એ જ કહ્યું કે, 'તમે કાંઈ અમારા કાકા, મામા થતા નથી કે અમે તમને ભજીએ; પણ આપનું વચન યુક્તિયુક્ત છે, તેથી અમે તમારું શરણું લીધું છે. માટે આપ પણ મને શરણ આપો.'

'સેવો ભવિયા ! વિમલ જિણેસર !' આ તો બીજાને કહેવું હોય ત્યારે 'સેવો ભવિયા' બોલીએ, પણ જાત માટે તો 'સેવું ભવિયા !' એમ બોલીશ. હું સેવું છું તે જગતની સાક્ષીએ સેવું છું. શા માટે જગતની સાક્ષીએ ? માથે ભાર રહે માટે કે 'મારે ભગવાનને આવી રીતે સેવવા છે. વ્રત-મહાવ્રત લેતી વખતે પણ પંચની સાક્ષીએ લે છે એટલે પાળવાની સાવધાની રહે છે. ભગવાનને હું સેવું છું એટલે ભગવાનનો હું સેવક છું. સેવક કોને કહેવાય ? ભગવાનનો શેઠ ન બને તેને. આજે તમે શેઠ બન્યા માટે ભગવાન તમે પૂજારીને સોંપ્યા, કિંમતી તિજોરી જેમ નોકરને ન સોંપાય તેમ મહાકિંમતી એવા ભગવાન પૂજારીને સોંપાય ?' ન સોંપાય. કવિ કહે છે કે 'હવે ગમે તેટલી કોઈ લાલચ આપે, કોઈ કપટ કરે, તો પણ હવે હું વીતરાગ સિવાય અન્યને નહીં ભજું. જગતનાં મિથ્યા દેવદેવીઓથી હવે હું થાકી ગયો છું. હવે તો તારા ચરણોમાં ઠરવું છે એટલે હવે મેં તમારું શરણ લીધું છે.'

(ઈતિ શ્રી વિમલનાથ જિન સ્તવન)

શ્રી અનંતનાથ જિન સ્તવન-૧૪

શ્રી અનંતનાથ જિનશું કરો, સાહેલડિયા,
ચોળમજિઠનો રંગ, ગુણવેલડિયા,
સાચો રંગ તે ધર્મનો, સાહેલડિયા,
બીજો રંગ પતંગ, ગુણવેલડિયા...૧
સોનું તે વિણસે નહિ, સાહેલડિયા,
ઘાટઘડામણ જાય રે, ગુણવેલડિયા-૨
ત્રાંબુ જે રસ વીંધિયું, સાહેલ, તે હોવે જાયુ હેમ, ગુણવેલ,
ફરી ત્રાંબુ તે નવિ હુએ, સાહેલડિયા,
એવો જગગુરુ પ્રેમ, ગુણવેલડિયા...૩

ઉત્તમ ગુણ અનુરાગથી, સાહેલડિયાં,
લહીએ ઉત્તમ ઠામ રે, ગુણવેલડિયાં;
ઉત્તમ નિજ મહિમા વધે, સાહે. દીપે ઉત્તમ ધામ રે, ગુણ.
ઉદકબિંદુ સાયર ભળ્યો, સાહેલ;
જિમ હોય અખય અભંગ રે, ગુણવેલ...૪
વાચક જસ કહે પ્રભુ ગુણે, સાહેલ.
તિમ મુજ પ્રેમ પ્રસંગ રે, ગુણ. ૫

શ્રી અનંતનાથ સ્તવન-વિવેચના-૧૪

શ્રી અનંતનાથજિન શું કરો, સાહેલડિયા,
ચોળમજિઠનો રંગ, ગુણવેલડિયા,
સાચો રંગ તે ધર્મનો, સાહેલડિયા,
બીજો રંગ પતંગ, ગુણવેલડિયા...૧

ભાવાર્થ : ચૌદમાં શ્રી અનંતનાથ ભગવાનની સાથે કે સાહેલિયો ચોળમજીઠનો પાકો રંગ જમાવો, (પણ એ જો જોકે) પ્રભુ સાથે આવો રંગ તે ધર્મનો હોવો જોઈએ, બાકી ધર્મ સિવાયનો બીજો બધો રંગ પતંગ જેવો કાચો છે તે ઊડી જતાં વાર નહિ લાગે.

વિવેચના : કવિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ તેરમાં શ્રી વિમલનાથ પ્રભુના સ્તવનમાં એ કહી આવ્યા કે, પ્રભુ જેવા મળેલા અતિદુર્લભ વીતરાગ સજ્જનનો સંગ સાધી લો, અને એમની સેવા ઉપાસના કરી લો, એમાં છેવટે એ કહ્યું કે, માટે તો વિષયોમાં સુખનો ભ્રમ ભાંગી જવાથી મને વીતરાગ પ્રભુમાં જ સુખહેતુતા દેખાવાથી હવેથી "પ્રભુ બિન અન્ય નવિ રાચું જી" હું પ્રભુ સિવાય બીજા કોઈમાં રાચીશ નહીં, હું તો વીતરાગ તીર્થંકર ભગવાનમાં જ ઠરવાનો.

પ્રભુમાં ઠરવાનો આ અનુભવ કેવી રીતે મેળવવો ? એ માટે ચૌદમાં શ્રી અનંતનાથ પ્રભુના સ્તવનમાં કહે છે કે, હે સ્નેહીઓ અને સાહેલિયો ! તમે શ્રી અનંતનાથ ભગવાનની સાથે પ્રેમનો ચોળમજીઠિયો રંગ જમાવો, તે ધર્મનો, ધર્મની દૃષ્ટિના પ્રેમનો રંગ જમાવજો; કેમ કે ધર્મનો રંગ એ સાચો રંગ છે. સ્થિર સ્થાયી ટકે એવો રંગ છે, બાકી ધર્મ સિવાય બીજા રંગ પતંગિયા રંગ છે. જરાકમાં ઊડી જાય એવા.

પતંગિયા રંગ એટલે : (૧) પતંગિયું યાને ફુદું. ઝાઝું ટકે નહીં, કેમ કે એની પાંખો એટલી બધી નાજુક હોય છે કે ક્યાંક ને ક્યાંક ભીનાશને જો એ પાંખ અડી ગઈ તો ખલાસ થઈ જાય, યા જમીન પર બેઠું હોય ને કોઈકના સહેજ પગ નીચે કે પૈડા નીચે આવી જાય તો ય ખલાસ થાય. માણસના સહેજ હાથમાં લાગતાં ય ખલાસ થઈ જાય, એમાં પતંગિયું અલ્પકાળ માટે રંગ બતાવે, પણ ટૂંકા સમયમાં એ બિચારું હતપ્રહત ! માટે પતંગિયો રંગ ઝાઝો નહિ ટકનારો.

(૨) પતંગ છોકરા ઉત્તરાયણમાં ચગાવે છે તે પણ ક્ષણજીવી છે, કેમ કે પતંગને ચગાવ્યા પછી એના દોર પર બીજાનો દોર પડે, એટલી જ વાર, પતંગ કપાઈ જાય છે એમ અહીં બીજા ત્રીજાનો રંગ પણ કપાઈ જતા વાર નહિ.

ત્યારે ધર્મનો રંગ ટકવાવાળો છે, કેમ કે ધર્મ શાશ્વત છે. આપણી સંયોગ પરિસ્થિતિ ગમે તેટલા ફરે પરંતુ ધર્મ ફરવાના નથી, ધર્મ પહેલાં ગરીબી હતી અને ધર્મનો રંગ હતો, પણ પછી શ્રીમંતાઈ આવી તો શું ધર્મનો રંગ ફરી જાય ? ના, ઊલટું વધી જાય. મનને એમ થાય કે મારા પૂર્વભવના કરેલાં ધર્મનો કેવો પ્રતાપ કે એણે મને અહીં શ્રીમંતાઈ લાવી આપી !

પ્રશ્ન : પણ આજે કેટલુંક એવું દેખાય છે કે પાસે બે પૈસા થયા પછી ધર્મનો રંગ ઊતરી જાય છે, ત્યાં ધર્મનો રંગ ક્યાં ટક્યો ?

ઉત્તર : ત્યાં જોવું પડે કે પહેલાં ધર્મનો રંગ કેવોક હતો અને શા માટે હતો કે પૈસા મળ્યા એટલે ધર્મનો રંગ ઊડી ગયો ?

ગરીબીમાં પૈસા નહોતા એટલે બહારની પ્રવૃત્તિ અને રોકાણો ઓછા હતાં, તેથી ધર્મનો રંગ સારો હતો, પછી પૈસા આવ્યા એટલે બાહ્યની પ્રવૃત્તિઓ અને રોકાણો વધી ગયા, તેથી ધર્મનો રંગ મોળો પડી ગયો, આમાં પણ ધર્મના રંગ કરતાં બાહ્યની પ્રત્યે રંગ નથી ગયો, પછી એ વધતાં ધર્મરંગ મોળો પડી જાય, એમાં નવાઈ નથી, તેથી અહીં કહ્યું, 'સાચો રંગ તે ધર્મનો' અર્થાત્ અસલી રંગ ધર્મનો જોઈએ.

અહીં રંગ એટલે શું ? એવો પ્રશ્ન થાય તો રંગ એટલે રસ, ઉત્સાહ, પ્રેમોલ્લાસ, હૈયું, તન્મયતા... વગેરે લઈ શકાય, પ્રભુજીમાં ચોળમજીઠનો રંગ જમાવો એટલે કે દૃઢ તન્મયતા જમાવો, પ્રેમોલ્લાસ જમાવો એમ કહ્યું, પરંતુ હવે કહે છે એ તો 'સાચો રંગ ધર્મનો' અર્થાત્ તમે પ્રભુ પ્રેમ કરો તો ધર્મના ઘરનો કરજો, મોહના ઘરનો નહિ.

કેટલાક કહે છે કે "આપણને શંખેશ્વરદાદા પર શ્રદ્ધા બહુ, દર પૂનમે યા દર બેસતે મહિને કે દર વદ દશમે આપણે દાદાની યાત્રા કરવાની" પણ પછી પૂછી જુઓ 'કેમ ભાઈ ! આટલી બધી શ્રદ્ધા ?'

તો કહેશે કે 'ઓહો ! શું પૂછો છો ! દાદાને ભજવા માંડ્યા ત્યારથી લક્ષ્મીદેવીની મહેર ઊતરી છે પછી શ્રદ્ધા ન થાય ?'

આ પ્રભુ પર પ્રેમ શાના ઘરનો ? કહેવું પડે કે પૈસાના મોહના ઘરનો.

એ સાચો પ્રેમરંગ નથી, એ બહુ ટકે નહિ, જ્યાં નસીબની યારી ફરી, વેપારમાં લાભને બદલે નુકસાન દેખાવા માંડ્યું, ત્યાં દાદા પર પેલો પ્રેમનો હળદરિયો રંગ ઊડી જતાં વાર નહિ ! માટે કવિએ અહીં ધર્મનો રંગ યાને ધર્મ પરનો રંગ એને જમાવવા કહ્યું 'જે રંગ કદી ઊડી ન જાય.'

અહીં ધર્મનો રંગ કહ્યું તે બે પ્રકારે :—

(i) પ્રભુનો ધર્મ પરનો પ્રેમરંગ

(ii) આપણા દિલમાં રહેલા પ્રભુના ધર્મનો પ્રેમરંગ

પ્રભુનો ધર્મ પરનો પ્રેમરંગ જોવા એ જોવાનું કે પ્રભુમાં કેવા કેવા પ્રકારના ધર્મ હતા કે એ ધ્યાનમાં લેતાં આપણું હૈયું એમના પર ઓવારી જાય. દા.ત.

પ્રભુમાં વિવિધ ધર્મ :

(૧) વૈરાગ્યધર્મ : પ્રભુમાં પહેલો તો વૈરાગ્યધર્મ ગજબનો હોય છે. કલિકાલસર્વજ્ઞ કહે છે —

"यदा मरुन् नरेन्द्रश्री, त्वया नाथोपभुज्यते,
यत्र तत्र रतिर्नाम विरक्तत्वं तदापि ते."

હે નાથ ! જ્યારે તમે દેવરાજ કે નરરાજનું ઐશ્વર્ય ભોગવતાં હો છો, ત્યારે પણ તમને સહેજ આનંદ તો જ્યાં ત્યાં નામનો હોય છે પરંતુ એ ઐશ્વર્યના ભોગવટા વખતે પણ તમારામાં વૈરાગ્ય ધબકતો હોય છે.

પ્રશ્ન : એટલા મોટા દેવતાઈ ઐશ્વર્યમાં વૈરાગ્ય ?

ઉત્તર : હા, કેમ કે પ્રભુને આત્માની દૃષ્ટિએ એ બધો આત્માનો સ્વભાવ નહિ પણ વિભાવ યાને કર્મજનિત ભૂત-વળગાડ જેવો લાગે છે, યા કર્મરોગથી સનેપાતના ચાળા જેવો દેખાય છે. ભલેને તે દિવ્ય સમૃદ્ધિ હોય કે આ જગતની ચક્રવર્તીની સમૃદ્ધિ મળી હોય. આ પ્રભુના જવલંત સમ્યગ્‌દર્શનનો-તત્ત્વદર્શનનો પ્રભાવ છે કે પ્રભુ એ સમૃદ્ધિને કર્મજનિત માને છે.

એટલે તો પ્રભુએ જ્યારે છેલ્લા ભવમાં માતાના ઉદરમાં આવીને રહેવું પડે છે ત્યારે ત્યાં તો ઘોર અંધારું અને બધે ગંદવાડ છે. ખાવાનું પણ કેવું ? માતાએ ખાધેલાની બનેલી રસી ચાટવાની, ત્યાંય પ્રભુને કશી સૂગ નહીં, ઉદ્વેગ કંટાળો નહિ ! એ પ્રતાપ વૈરાગ્યનો ! સમ્યગ્‌દર્શનનો-તત્ત્વદર્શનનો !

તેથી આપણને પ્રભુના આ વૈરાગ્યધર્મ પર ઓવારી જવાનું મન થાય. પ્રભુ

પર આપણો પ્રેમ પ્રભુના આ જવલંત વૈરાગ્યના કારણે રહે.

(૨) કરુણાધર્મ : પ્રભુનો બીજો ધર્મ કરુણાનો, એ પણ જવલંત કેવો કે જીવને ગર્ભમાં રહેવું પડે તે જકડાઈને, એ જકડામણમાં શરીર કંપ્યા કરે તો જ જીવને કાંઈક રાહત લાગે, રાજાએ એવી સજાથી કોઈક ખંધા ચોરને દોરડેથી પૂરેપૂરો ટાઈટ લપેટી પછી કુટ્યો હોય તો એને વેદના ભારી, એકેન્દ્રિય જીવોને બીજા જીવો કરતાં ભયંકર પીડા કેમ ? આજ કારણે કે એકેન્દ્રિય જીવોને સ્થાવર નામકર્મના ઉદયથી ભારે જકડામણને જરાય કંપી ન શકે તેથી વેદના ભારે થઈ શકે, અનંત-ગુણ ! એટલા જ માટે એકેન્દ્રિય જીવોને દુઃખ અનંતગણું કહ્યું, આનું કારણ આ કે સ્થાવર નામકર્મના ઉદયને લીધે એ કંપન કરી શકતા નથી, એમનું શરીર એવું જડ કે કંપી જ ન શકે.

હવે મહાવીર પ્રભુને ગર્ભમાં રહ્યા રહ્યા લાગ્યું કે હું કંપ્યા કરું છું એમાં માતાને કષ્ટ થાય છે, તેથી એકવાર માતા પરની અનુકંપા ભક્તિથી માતાને કષ્ટ ન પડે એ માટે કંપવાનું બંધ કરી સ્થિર થઈ જાઉં એમ કરીને સ્થિર થઈ ગયા. 'ભલે મને વેદના ગમે તેટલી વધે' એ ભાવ રાખ્યો, અહીં તો ગર્ભમાં અત્યંત સુકોમળ શરીર એટલે આ સ્થિર થવું કઠણ છે, એમાં કષ્ટ વેઠવું પડે છતાં પ્રભુએ વેઠ્યું. પરંતુ માતાને એ ઊલટું પડ્યું ! માતાને કષ્ટ ઓછુ થવાને બદલે માતાના મનને કષ્ટ વધી પડ્યું ! માતાને લાગ્યું કે 'આ અંદરનો ગર્ભ કંપતો સળવળતો હોય એવું લાગતું નથી, તેથી ગર્ભ ગળી ગયો લાગે છે, મરી ગયો લાગે છે ! હાય ! આ શું થયું ! એથી માતા ત્રિશલા પારાવાર શોકમાં પડ્યા, એ તો અંદરમાં રહેલા પ્રભુએ અવધિજ્ઞાનથી માતાનું આ કષ્ટ (દુઃખ) જાણી કંપવાનું શરૂ કર્યું, ત્યારે માતાને રાહત થઈ, અલબત્ત આ કરુણા માતા પરની અથાગ શક્તિના ઘરની હતી, 'બિચારીને કેટલું દુઃખ.' એમ માતાની દયાપાત્રતા વિચારવાની ન હોય, પ્રભુ પર અથાગ ભક્તિ ઊભરાવવાની હતી, આ તો પ્રભુની સામાન્ય કરુણા, પરંતુ પ્રભુમાં વિશેષ કરુણા તો પ્રભુને છ મહિના સુધી ભયંકર ઉપદ્રવો કરનાર સંગમ દેવતા જ્યારે હારી થાકીને જાય છે ત્યારે પ્રભુએ હાશ કરવાની તો વાત નહિ પણ પ્રભુની આંખમાં કરુણાના બે આંસુ આવી ગયાનું આપણને જાણવા મળે છે. ત્યારે દેખાય છે કેવીક કરુણા ! અરેરે ! આ બિચારો દયાપાત્ર જીવ મારું નિમિત્ત પામી કેવીક ઘોર નરકાદિની ભયંકર પીડા આપનારા કર્મ બાંધી ગયો, પોતાને ત્રાસ થયો એ હિસાબમાં નહિ પણ પ્રભુને એવા અપરાધીની દયા આવે છે. પ્રભુના આ કરુણાધર્મ પર ઓવારી જઈ આપણને પ્રભુ પર પ્રેમનો ભારે રંગ જામે.

(૩) મૈત્રી વાત્સલ્ય ધર્મ :

પ્રભુનો મૈત્રીભાવનો વાત્સલ્યધર્મ અજબ-ગજબનો ! મહાવીર પ્રભુના કાનમાં ગોવાળિયાને ખીલા ઠોકવા હતા, અહીં પ્રશ્ન થાય -

પ્રશ્ન : ગોવાળિયો એકલે હાથે ખીલા કેવી રીતે ઠોકી શક્યો ? કેમ કે એક હાથે ખીલો પકડી બીજા હાથે પથ્થર જેવું પકડીને ખીલા પર ઠોકવા જાય ત્યારે આવા આયાસથી તો પ્રભુનું માથું હાલી જાય, એટલે ખીલો કાનની અંદર ઘૂસી શકે કેવી રીતે ? હા, બીજી બાજુ બીજો કોઈ માણસ માથાને સજ્જડ પકડી રાખનારો હોય તો ખીલો અંદર ઘૂસી જાય, પણ અહીં તો બીજો પકડી રાખનાર નથી, યા ભીંતનું ઓઠું્ય નથી, કે એના પર માથું સજ્જડ ચોટેલું દબાવી રખાય, તો પછી સવાલ આ છે કે ત્યારે પ્રભુના કાનમાં ખીલો ઘૂસ્યો કેવી રીતે ?

ઉત્તર : ખીલો ઘૂસ્યો છે એ હકીકત છે એટલે માનવું પડે કે ગોવાળિયા પર ખીલો ઘૂસાડવામાં પ્રભુએ સહાયતા કરી, પ્રભુને ગોવાળિયા પર કેવુંક હેત-વાત્સલ્ય ઊભરાયું ! લે ભઈલા ! તારે મારા કાનમાં ખીલો ઘૂસાડવો છે ને ? લે, આ હું મારું માથું ભીંતની જેમ સજ્જડ સ્થિર કરી રાખું છું, ઠોકેલા ખીલાના આઘાતથી એક તલ જેટલું પણ ન હાલે એવું સજ્જડ સ્થિર જોઈ લે ભઈલા ! હવે ચલાવ તારું કામ, આમ પ્રભુએ પોતાના માથાને ભીંત કે થાંભલા જેવું સજ્જડ સ્થિર કરી રાખ્યું, એટલે ગોવાળિયો પ્રભુના બંને કાનમાં સહેલાઈથી ખીલા ઠેઠ ઊંડાણમાં ઘૂસાડી શક્યો.

હવે વિચારો ! પ્રભુનો આ મૈત્રી વાત્સલ્યધર્મ કેવોક ? અજબ-ગજબનો, બસ પ્રભુના એ ધર્મ પર આપણે ઓવારી જઈએ. માટે પ્રભુને પ્રભુના ધર્મ પર આપણો પ્રેમનો રંગ ચોળમજીઠ જેવો લાગી જાય.

(૪) અંતરાત્મભાવનો ધર્મ : તીર્થંકર ભગવાનમાં અંતરાત્મભાવનો ધર્મ પણ કેટલો બધો ઉચ્ચકોટિનો ! કે પ્રભુ સંયમ લઈ સાધના કરવા નીકળી પડ્યા ત્યારે એમણે માત્ર પોતાના 'સવ્વં સાવજ્જં જોગં પચ્ચકખામિ' એ પચ્ચકખાણના પાલનનો જ વિચાર રાખ્યો અને લગભગ ધ્યાનમાં રહ્યાં, કાંઈ આડુંઅવળું ડાફોળિયું નહિ કે બીજો કશો વિચાર યા પ્રશ્ન નહિ.

જીરણશેઠ ૪-૪ મહિના સુધી વિનંતી કરી ગયા છે. હવે પ્રભુ ચોમાસી પારણે ગોચરી નીકળ્યા, જીરણશેઠ ઘરે રાહ જોતાં ભાવના ભાવિ રહ્યા છે કે, 'વાહ ! આજ તો પ્રભુ પારણા માટે પધારશે. અમે સામા જઈને પ્રભુને વિનંતી

કરીને ઘરે તેડી લાવશું, પ્રભુને ખૂબ ભાવથી વહોરાવી પાવન થઈશું, પછી પ્રભુને વોળાવવા જઈશું,'... આમાં ભાવનામાં આગળ વધતાં વધતાં ઉપર ઉપરના દેવલોકનું પુણ્ય બાંધી રહ્યા છે એટલામાં ગગનમાં ગરજેલી દેવદુંદુભિનો નાદ સાંભળ્યો ત્યાં 'પ્રભુનું પારણું થઈ ગયું,' જાણી જીરણશેઠની ભાવના વધતી અટકી ગઈ અને ૧૨માં દેવલોકનું આયુષ્ય નિકાચિત કર્યું. ભાવના એટલી બધી વધતી ચાલી હતી કે જો દેવદુંદુભિ થોડી મોડી વાગી હોત તો એટલામાં તો એ ભાવનામાં આગળ વધતાં શુક્લધ્યાન અને ક્ષપકશ્રેણિ પર ચડી કેવળજ્ઞાન પામી જાત ! ત્યારે અહીં હવે પ્રશ્ન એ થાય છે કે -

પ્રશ્ન : તો પછી ભગવાને ભિક્ષા વહોરવામાં એટલો વિલંબ કેમ ન કર્યો ? અવધિજ્ઞાનથી ભગવાન એટલું ન જાણી શકે એવું નહોતું, આ જ મહાવીર ભગવાન ચંડકૌશિક સાપના રહેઠાણના રસ્તે આવતાં હતા ને ગોવાળોએ રોક્યા કે "બાપજી ! આ રસ્તો ભલે ટૂંકો (Short cut) છે કિન્તુ આ રસ્તે મહાભયંકર સાપ રહે છે, તો આ રસ્તે મત જાઓ, ફરીને જરા લાંબા રસ્તે જાઓ." તો ત્યાં લાગે છે કે પ્રભુએ અવધિજ્ઞાનથી જોયું કે 'આ સાપ કોણ છે ?' એમાં દેખાયું કે "આ તો પૂર્વનો મહાન તપસ્વી સંયમી સાધુ, પણ કષાયથી ભૂલો પડેલો છે." એટલે વિચાર્યું કે, 'લાવ, ભૂલા પડેલાને માર્ગે લાવવાનું કરી જોઉં' ને એ વિચારીને પ્રભુ ત્યાં જ ચંડકૌશિકના સ્થાન પાસે ચાલી આવ્યા, હવે પ્રશ્ન આ છે કે જેમ અહીં સાપનું જોયું તેમ જીરણશેઠના સંબંધમાં વિચારી શકત ને ? કે હું વહોરવાનું જરા મોડું કરું તો આ ભાગ્યવાન જીરણશેઠ કેવળજ્ઞાન પામી જાય તેવું છે. પછીથી આ જ ભવે જીરણશેઠનો મોક્ષ થાય એવું છે. જેમ ચંડકૌશિયાનું કલ્યાણ વિચાર્યું એમ કેમ અહીં જીરણશેઠનું ન વિચાર્યું ?

ઉત્તર : અહીં જ ભગવાનનો અંતરાત્મભાવનો અંતર્મુખતાનો ધર્મ આગળ આવે છે, – ભગવાન સદા અંતરાત્મભાવમાં સદા લીન રહેતા હતા, તેથી જ જીરણશેઠનો વિચાર ન કર્યો કે આ બિચારો ૪-૪ મહિના સુધી ગોચરીની વિનંતી કરતો રહ્યો હતો અને હવે આજે પારણાની રાહ જોતો ઉચ્ચભાવમાં ચડી રહ્યો છે તો હું પારણું જરાક મોડું વહોરું, તો આ કેવળજ્ઞાન પામી જાય એવું છે માત્ર આટલું જ જોયું નથી એમ નહિ, કિન્તુ જીરણશેઠ ૪-૪ મહિના રોજ વિનંતી કરતા હતા તે પણ પ્રભુ જોતા નહોતા, કેમ કે તત્ત્વચિંતનમાં જ તન્મય રહેતા, એટલે મન એમાં જ એવું ચોંટેલું રહેતું કે બીજા કોઈ વિચાર માટે નવરું જ નહોતું.

જ્યાં પ્રભુના સળંગ ૪-૪ મહિનાના ઉપવાસો સુધી જીરણશેઠની રોજની વિનંતી પર પ્રભુએ એક દિવસ પણ મન લગાવ્યું નથી; ત્યાં હવે પારણાના દિવસે

જીરણશેઠનો વિચાર કરે જ શી રીતે?

પ્રશ્ન : તો પછી પ્રભુ વિહારમાં પણ પોતાના સંયમનો જ વિચાર રાખતા હોય, પ્રભુનું મન એમાં જ લાગેલું હોય, તો ત્યાં ચંડકૌશિકના વિચારમાં મન શી રીતે લગાવ્યું ?

ઉત્તર : ત્યાં તો ગોવાળીઓ વિચારનું નિમિત્ત આપ્યું, પ્રભુને રોકતાં કહ્યું 'પ્રભુ ! આ ટૂંકા રસ્તે ન જશો, ત્યાં ભયંકર ભોરિંગ રહે છે.' અહીં આ નિમિત્તથી એક ભૂલા પડેલા જીવની કરુણા કરવાના હેતુથી પ્રભુએ અવધિજ્ઞાનમાં જોયું હશે કે 'આ ભોરિંગ કોણ છે ?' ને એમાં એક તપસ્વી સંયમી સાધુને ક્રોધ-કષાયથી ભૂલો પડેલો ને ક્રમશઃ અહીં ભોરિંગ થયેલો દેખ્યો, તેથી પ્રભુ દયા નિમિત્તે સર્પના સ્થાન પાસે આવ્યા, આમ ગોવાળોએ નિમિત્ત આપ્યું, તેથી પ્રભુને ચંડકૌશિકનો વિચાર આવ્યો.

ત્યારે પ્રભુ અભિનવશેઠને ત્યાં પારણે વહોરવા પધાર્યા અને વહોર્યું એમાં કોઈ એવું નિમિત્ત નથી મળ્યું કે, જેના લીધે પ્રભુને જીરણશેઠનો વિચાર કરવાની તક ઊભી થાય, પ્રભુની અંતરાત્મભાવમાં ને અંતર્મુખદશામાં લીનતા એવી, કે આજુબાજુનું ને બીજા-ત્રીજાનું વિચારવાને અવકાશ જ નથી, મન નવરું જ નથી.

પ્રભુના આ અંતરાત્મભાવના-અંતર્મુખતાના ધર્મ પર આપણું મન ઓવારી જાય, એથી પ્રભુ પર આપણો પ્રેમનો-ચોળમજીઠનો રંગ લાગી જાય, ને એ પ્રભુના ધર્મ પરના આપણા સાચા પ્રેમરંગે બન્યું કહેવાય.

'શ્રી અનંતજિનશું કરો ચોળમજીઠનો રંગ' એમાં ધ્યાન રાખવાનું છે કે - એ પ્રભુ પર પ્રેમરંગ, પ્રભુના સાચા ધર્મના રંગના હિસાબે લગાવવાનો છે-"ઓહો ! મારા પ્રભુ આવા આવા ઉત્કૃષ્ટ ધર્મવાળા ! તો તો મારે પ્રેમ બીજે શા લગાવવાના હતા ! પ્રેમ લગાઉ તો આવા આવા ઉત્કૃષ્ટ ધર્મવાળા પ્રભુ પર !"

પ્રભુના એવા ઉત્કૃષ્ટ અને અનુપમ ધર્મમાં વૈરાગ્યધર્મ, કરુણાધર્મ, વાત્સલ્યધર્મ અને અંતરાત્મભાવ-અંતર્મુખતાનો ધર્મ વિચાર્યો, હવે પ્રભુના સંયમધર્મને વિચારીએ.

(૫) સંયમધર્મનો રંગ :

સંયમધર્મ એટલે — 'સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, તિવિહં તિવેહેણં' અર્થાત્ મન-વચન-કાયાથી કરું નહિ, કરાવું નહિ ને અનુમોદું નહિ, એ રીતે સમસ્ત પાપવ્યાપારોના (પાપપ્રવૃત્તિના) ત્યાગનો નિયમ, પચ્ચક્ખાણ, પ્રતિજ્ઞા, પ્રભુને એની સાવધાની એટલી બધી કે એક ક્ષણ પણ સૂક્ષ્મ પણ માનસિક વિચાર જ નહિ કે 'આજે ઠંડી વધુ પડી...' કેમ કે એટલો પણ વિચાર એ વધુ ઠંડી પ્રત્યે દ્વેષ-પાપનો વિચાર છે.

એમ ભયંકર ઉપસર્ગમાં પણ 'આ કોણ મને ઉપદ્રવ કરે છે?' એનોય વિચાર નહિ, 'આ ઉપસર્ગનું કષ્ટ ભારે ! હાય ! એ ક્યાં સુધી ચાલશે !' વગેરે પણ વિચાર નહિ, કેમ કે એ દ્વેષ-અરતિના ઘરનો પાપવિચાર છે. આમ આવા તો કેઈ પાપવિચાર છે જેમાં આપણને કશું પાપરૂપે લાગતું નથી ! એવા કોઈપણ પાપવિચાર આવે નહિ, તેથી કોઈ રાગાદિ વિકાર નહિ, પ્રભુ એવા નિર્વિકલ્પ ને નિર્વિકાર હતા.

એક રાતમાં દુષ્ટ સંગમદેવતાના ૨૦ ભયંકર ઉપસર્ગ તો એવા થયા કે એમાંય એક ક્ષણ પણ 'આ કષ્ટ ખરાબ' એવો ય અસંયમનો-દેહમમતાનો વિચાર પણ નહિ, એટલા બધા પ્રભુ સંયમનિષ્ઠ હતા ! ભગવાનનો સંયમધર્મ કેટલો બધો અદ્‌ભુત કે રાતભર એવા સ્થળમાં ભગવાનને તદ્દન વસ્ત્રરહિત આખા શરીર પર ઢગલો મચ્છરો કાટે તો પણ લેશમાત્ર ખેદ નહિ ! હવેથી મચ્છર વિનાનું સ્થાન પસંદ કરવાનો વિચાર પણ નહિ, પ્રભુના સંયમધર્મમાં ક્રોધ પર સંયમ, માન પર સંયમ વગેરેય ધર્મ લેવાના, અર્થાત્ ક્ષમા, નિરહંકાર વગેરે પણ લેવાના છે, દા.ત. વિચારવાનું કે, ઓ પ્રભુ ! તમારી ક્ષમા કેટલી ગજબ ! સંગમદેવતાએ મોટું ૫૦૦૦ મણના ભારવાળું લોખંડી કાળચક્ર ઊંચેથી આપના માથે દેવતાઈ બળથી પછાડ્યું, ત્યારે ધરણી ધ્રૂજતી હતી, પરંતુ પ્રભુ ! આપ અડોલ હતા, આપની ક્ષમાથી અડીખમ હતા, ભલે એ ચક્રના જોસથી જમીન ફાટીને પ્રભુ ! આપ જમીનમાં ઢીંચણ સુધી ખૂંચી ગયા ! છતાં આપે ચક્ર પર કે ચક્ર મૂકનાર પર લેશમાત્ર પણ ગુસ્સો નથી કર્યો. આપની સામે અમે કેવા પામર ગરીબડા અને રોતડ કે કોઈકની જરાક કોણી વાગે તો ખળભળી ઊઠીએ છીએ !

એમ પ્રભુને ઈન્દ્રોનાં સન્માન મળે છે ! છતાં પ્રભુને અંતરમાં લેશ પણ એનો અહંકાર નથી કે સન્માનની આસક્તિ નથી. પ્રભુમાં એવા ઉચ્ચ કોટિના નિરહંકાર અને અનાસક્તિના ધર્મ છે. પ્રભુના ક્ષમાદિ ધર્મને સંયમધર્મના રંગના હિસાબે પ્રભુ પર આપણો પ્રેમરંગ જામે, એ કાયમી ટકે એવું કરવાનું.

કવિ કહે છે, 'સાચો રંગ તે ધર્મનો' પ્રભુના આવા ઉત્કૃષ્ટ સંયમ-ક્ષમાદિધર્મના હિસાબે શ્રી અનંતનાથ સ્વામી પર દૃઢ પ્રેમરંગ કરો.

(૯) પ્રભુનો કાયોત્સર્ગધર્મ : શ્રી તીર્થંકરદેવના કાયોત્સર્ગધર્મનું તો પૂછવું જ શું ? એટલો બધો ગજબનો ધર્મ ! કે એમાં ગોચરી-આહાર-નિહાર સિવાયના બધા સમય કાયોત્સર્ગ મુદ્રાએ રહી ધ્યાનમાં તત્ત્વચિંતન કરવાનું, ને એમાંય મૌનપણે તત્ત્વચિંતન, એમાંય ઉપવાસ એટલે ગોચરી જવાનું નહિ, આહાર કરવાનો નહિ મહાવીર ભગવાન કમમાં કમ છઠ્ઠ-છઠ્ઠ તપ કરતા હતા. પારણું ત્રીજે દિવસે મધ્યાહ્ને

કર્યા પછી ધ્યાનમાં ઊભા ને બાકીનો એ દિવસ રાત, ને પછી પૂરા બે દિવસ-રાત ઉપવાસ, ને ઉપરથી ત્રીજા દિવસે અડધો દિવસ, આ બધો સમય કાયોત્સર્ગમાં ! પછી પારણે ગોચરી જવાનું. વિચારો, કાયોત્સર્ગનો સમય કેટલો ? આ છઠ્ઠ તો ઓછામાં ઓછો સમય; પણ ૧૫ દિના, મહિનાના,૧॥-૨॥ માસના અને ૬ માસના ઉપવાસ, એમાં કાયોત્સર્ગ કેટલો બધો લાંબો ! એમાં પલાંઠી માંડી જમીન પર બેસવાની પણ વાત નહિ, તો સુવાની તો વાતેય ક્યાં ? થાક ન લાગે ? લાગે ત્યારે જમીન પર ગોદોહિકા આસને ઊભડક પગે થોડું બેસી પાછા ઊભા થઈ જવાનું !

કાયોત્સર્ગમાં અનાડી માણસના ઉપદ્રવો આવે, પણ ત્યાંથી ખસવાનું નહિ ! ભાગવાનું નહિ !

પ્રભુને ભારે કર્મ ખપાવવા હતા તે બે વાર ૬-૬ મહિના અનાર્ય દેશમાં વિચર્યા ! તે આ જ પદ્ધતિએ. ગોચરીમાં વિહારમાં ફરે ત્યાંય ઉપદ્રવો ! અને શેષ સમય કાયોત્સર્ગમાં ઊભા રહે, ત્યાં પણ ઉપદ્રવો ! છતાં કાયોત્સર્ગ છોડવાનો નહિ !

વિચારજો, ભગવાનનો કાયોત્સર્ગધર્મ કેવોક ઉગ્ર ! પ્રભુ પર આપણે ચોળમજીઠનો પ્રેમરંગ, શ્રદ્ધારંગ લગાવીએ તે પ્રભુના આવા આવા ઉત્કૃષ્ટ ધર્મના હિસાબ મનમાં લાવીને.

એથી શું આપણને પૈસા મળે ? દુનિયામાં માન મળે ? ના, એ કશું જ જોઈતું નથી. પ્રભુનો ધર્મ એટલો બધો ઉત્કૃષ્ટ છે કે સહજ છે કે પ્રભુ પર આપણું હૈયું ઓવારી ગયેલું રહે. 'વાહ, મારા વહાલા પ્રભુ ! શી ગજબની તમારી ધર્મસાધના ! નાથ ! મારામાં કાંઈક આવું આવો; તો હું પણ આપના વીતરાગતાના માર્ગે સંચરું !'

આ આપણો ધર્મરંગ સાચો, ને તે કાયમ ટકી રહે એવો. બાકી બીજા લાલચના ધર્મરંગ કાચા, પતંગિયા રંગ ! હળદરિયા રંગ !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪૧,અંક-૨૨,તા.૬-૩-૧૯૯૩

બીજી રીતે ધર્મરંગ : આ તો પ્રભુના ધર્મના હિસાબે વિચારણા કરી કે એ ધર્મરંગ જોઈ આપણામાં પ્રભુ પ્રત્યે પ્રેમનો રંગ આવે, તે ચોળમજીઠનો રંગ જોઈએ; માટે પ્રભુ પર ચોળમજીઠનો પ્રેમરંગ જમાવવાનો. પૂછો,-

પ્રશ્ન : આમાં તો આપણે ધર્મનો રંગ એટલે કે, ધર્મ પર રંગ જમાવવાનો છે. એમાં પ્રભુ પર પ્રેમનો રંગ શાથી આવે ?

ઉત્તર : પ્રભુ પર પ્રેમનો રંગ એટલા માટે જામે કે મનને થાય કે, 'અહો ?

મારા દયાળુ પ્રભુએ આવો સુંદર ધર્મ બતાવ્યો છે, એ પ્રભુની કેટલી દયા ! તો જ હું ધર્મ સાધી શકું છું.' એમ કરીને પ્રભુ પર પ્રેમનો રંગ જામે. એવી રીતે મનને થાય, 'મારા પ્રભુએ તો કેટલા બધા ઊંચા તપ-ધ્યાન-ક્ષમા વગેરેના ધર્મ સાધ્યા છે ! તો એમના આલંબને અર્થાત્ 'એમને નજર સામે રાખીને જ નાના-નાના ધર્મ હું સારી રીતે સાધી શકું છું.' એમ કરી પ્રભુ પર પ્રેમરંગ જામે, અને આપણે ધર્મ આરાધીએ.

પ્રશ્ન : એમ તો અભવી-દુર્ભવી જેવા ઉત્કૃષ્ટ ચારિત્રધર્મ આરાધી નવ ગ્રૈવેયક-દેવલોક સુધી જાય છે, તો શું એમને પણ સાચો ધર્મરંગ ?

ઉત્તર : ના, એમને જે ધર્મરંગ દેખાય છે તે દુન્યવી ઉચ્ચ કોટિના સુખની લાલસાથી છે, એટલે એમના અહિંસા-સંયમ-તપધર્મના મૂળમાં વિષયરાગ પડ્યો છે. 'ધર્મ જ બહુ સરસ છે માટે ધર્મ કરું.' એમ નહિ, કિન્તુ 'ધર્મથી દુન્યવી વિષયસુખ મળે છે માટે ધર્મ કરું,'- એમ એમની લેશ્યા હોય છે.

ધર્મ કરતાં આપણે આ વિચારવાનું છે કે, 'મારા પ્રભુએ કેટલી બધી દયા કરી કે મારા હિત માટે આ ધર્મ બતાવ્યો ! બસ, ધર્મ મારા અરિહંત પ્રભુએ ફરમાવ્યો છે માટે ધર્મ કરવાનો. આમ 'જિનની આજ્ઞા છે માટે ધર્મ કરું' એમ કરી ધર્મ પર પણ પ્રેમરંગ જામે અને જિન પર પણ પ્રેમરંગ જામે.

ધર્મરંગ આવો દુન્યવી સુખ-માનપાનની લાલચ વિનાનો હોય, તે કાયમ ટકે, પણ એ જો દુન્યવી સુખ-માનપાનની લાલચવાળો હોય, તો કદાચ એ ન મળતાં કે ઓછું મળતાં એ રંગ ઊડી જાય. અથવા એ સુખ-માનપાન મળી ગયા પછી, 'ગરજ સરી વૈદ્ય વેરી'ની જેમ ધર્મરંગ ઊડી જાય એવો સંભવ છે.

માટે આ આવ્યું કે ભગવાન પર પ્રેમ શા માટે ? ભગવાન, ભગવાનનો ધર્મ સંપત્તિ આપે, લાડવા-પાણી આપે, માટે ભગવાન કે ભગવાનના ધર્મ પર પ્રેમ નહિ; કેમકે એ બધું તો રાગ કરાવી સંસાર વધારી આપનારું છે કિન્તુ ભગવાન સમતા-સમાધિ આપે છે, રાગદ્વેષ-મોહનો નિગ્રહ આપે છે, માટે ભગવાન પર પ્રેમ, ભગવાન પર પ્રેમ કરો છો ને ? આ માટે કરો, પ્રભુ સમતા-સમાધિ-વૈરાગ્ય આપે છે માટે.

અથવા કહો, ભગવાનમાં વૈરાગ્ય, કરુણા, ક્ષમા, નિરહંકાર, નિસ્પૃહા આદિ બધા ધર્મ ઉચ્ચ કોટિના છે. કહો, ભગવાન ધર્મમૂર્તિ છે, ધર્મનિધિ છે, જેમાંથી મને તે તે ધર્મની પ્રેરણા મળે છે માટે ધર્મના રંગથી ભગવાન પર પ્રેમ.

પ્રભુ પરનો પ્રેમરંગ આ ધર્મરંગના હિસાબે થયો ને એ કાયમી ટકે તેથી હવે કહે છે, –

"ધર્મરંગ જીરણ નહિ, દેહ તે જીરણ હોય."

દેહ જીર્ણ થાય પણ ધર્મરંગ જીરણ ન થાય, શરીરને ઘડપણ આવે, પણ ધર્મરંગને ઘડપણ ન આવે. શરીર નાશવંત છે, પરંતુ ધર્મ શાશ્વત છે. શરીરને ગમે તેટલા માલ-મસાલા-સાલમપાક ખવડાવો, ગમે તેટલા પફ-પાવડર-ક્રિમ લગાડો, પરંતુ શરીર નબળું પડે છે, ફિક્કું પડે છે. અંતે મરે છે, ત્યારે ધર્મનો રંગ વધારો તો એ ધર્મ પુષ્ટ થાય છે, એવો કે અહીં વધતો વધતો ઠેઠ કેવળજ્ઞાને પહોંચાડે ! અથવા એટલું ન બને તો પરલોકમાં તો સાથે ચાલે જ. જુઓ, –

(૧) મહાવીર ભગવાને પર જેમ જેમ કષ્ટ આવતા ગયા તેમ તેમ એમણે શરીર સુખાકારિકતા પર ન જોયું; કેમ કે અંતે તો શરીર નાશવંત છે, પણ પ્રભુએ તિતિક્ષા (સહિષ્ણુતા-સહનવૃત્તિ) ધર્મ ખૂબ જ ખૂબ વધાર્યો. અનાડી લોકોએ પ્રભુને રંજાડવામાં, કષ્ટ આપવામાં બાકી ન રાખ્યું, પ્રભુને વધુ ને વધુ કષ્ટ આપતા ગયા; પણ એમાં પ્રભુનું શું બગડ્યું ? કશું જ નહિ, પ્રભુનો તિતિક્ષાધર્મ-સહિષ્ણુતાધર્મ-ક્ષમાધર્મ વધતો ચાલ્યો. આત્માના કષાયો દૂબળા પડતા ચાલ્યા, તે યાવત્ સાડા બાર વર્ષ અને પંદર દિવસના અંતે પ્રભુ તદ્દન કષાયરહિત થઈ ગયા ! વીતરાગ સર્વજ્ઞ બની ગયા !

કદાચ આપણાથી અહીં એટલી સ્થિતિએ ન પહોંચાયું તો પણ,

(૨) અહીંનો ધર્મરંગ પરલોકમાં સાથે ચાલે ને ત્યાં ધર્મરંગ વધી જાય, જેમ નાગકેતુને. નાગકેતુને જાણો છો ને ? કોણ ? જનમતાં જાતિસ્મરણથી ઉત્કટ ધર્મરંગથી અઠ્ઠમ કરનાર ! પછી ધરણેન્દ્રના આદેશથી રાજાની રાજાશાહી સંભાળ પર મોટો થતાં એ ઈંદ્રિયવિજેતા બનનાર અને પછી ધર્મતેજથી દેવને મહાત કરનાર !

પ્રશ્ન : નાગકેતુમાં જનમતાં એટલો બધો ધર્મરંગ શી રીતે આવ્યો ?

ઉત્તર : નાગકેતુ પૂર્વભવમાં પટેલપુત્ર, તે સાવકી માતા એને ત્રાસ આપતી હતી. ત્યારે શ્રાવકમિત્રની સલાહથી સાવકી માતા પરનો દ્વેષ છોડી દીધો અને દ્વેષ પોતાના અશુભ કર્મ પર ઊભો કરી અશુભ કર્મને હટાવવા અઠ્ઠમ તપના પ્રારંભપૂર્વક બીજા તપ કરવાની ઝંખના ઊભી કરી, જો જો એ જન્મે જૈન નથી, પણ જૈન મિત્રની સોનેરી સલાહ એણે પોતાના ગળે ઉતારી દીધી.

જુઓ, હજી તપ કરવા પામ્યો નથી, પણ તપની માત્ર ઝંખના ઊભી કરી છે; પરંતુ સાચી ઝંખનાનો પ્રભાવ અહીં જ કેવો પડ્યો કે એકવાર ગરમીની ઋતુમાં ખેતરમાં આવેલી ઝુંપડીમાં એ ઊંઘી ગયો છે. ત્યાં આવેલી સાવકી માતાએ દ્વેષથી લાગ જોઈ ઝુંપડી ચારે બાજુથી સળગાવી ! અહીં પટેલપુત્રને ચારેબાજુની આગથી જીવતા સળગી મરવાનું આવ્યું, પરંતુ ત્યાં એ ભયંકર પીડાને ભૂલી એને ચિંતા થઈ

કે, 'હાય ! મારે અઠ્ઠમ કરવાનો રહી ગયો ?'

જુઓ, નાગકેતુને પૂર્વભવમાં ધર્મનો રંગ કેવોક લાગ્યો હશે ત્યારે જીવતા સળગી મરવાની ભયંકર વેદના વખતે 'હાય ! બળ્યો ? મર્યો ! હાય કેટલી બધી વેદના ?' એ કશું મનમાં નથી આવતું, પરંતુ 'મારે અઠ્ઠમ કરવાનો રહી ગયો,' એ ચિંતા થાય છે ! તો સહિષ્ણુતાનો રંગ કેવો ? નહીંતર આવા કોઈના વાંકે જીવતા બળી મરવાના અવસરે તો એવું રૌદ્રધ્યાન આવે, કે જે જીવને નરકમાં જ લઈ જાય. એના બદલે પટેલપુત્રને જીવતા સળગી જવાના જન્મ પછી સીધો ચરમશરીરી નાગકેતુનો જન્મ મળે છે ! એ શાના પ્રતાપે ? શરીરની મમતાને બદલે ધર્મના રંગનો પ્રતાપ ! તો એ ધર્મ મમતાએ એને કુળ પણ કેવુંક અદ્‌ભુત સુંદર આપ્યું !

"ધર્મરંગ જીરણ નહિ, દેહ તે જીરણ હોય."

ધર્મનો રંગ જીરણ તો ન થાય બલકે વધતો ચાલે, એ અહીં નાગકેતુમાં દેખાય છે. જનમતાં જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વભવ નજર સામે આવી ગયો, એમાં જોયું 'અઠ્ઠમ વાયદે મૂકેલો માટે કરવાનો ગુમાવેલો, તો હવે વાયદાનો વેપાર નહિ. હાજરનો સોદો કરવા દે,' કરીને અઠ્ઠમ લગાવ્યો. પૂર્વે અંતકાળે અઠ્ઠમની ભાવનામાં જે ધર્મનો રંગ હતો તે અહીં વધી જતાં ધર્મમાં સક્રિયતા આવી ગઈ. વળી પૂર્વભવે સાવકી માતાના પ્રપંચમાં જીવતા બળી મરવાનું આવ્યું. તો બળીને મરવાની પીડા, એ સ્પર્શનેન્દ્રિયને છે, એને મરતી વખતે ન ગણકારતાં અર્થાત્ સ્પર્શનેન્દ્રિયને જીતી લઈ અઠ્ઠમ ધર્મની ચિંતા રાખી, એનો રંગ કેવો વધ્યો કે નાગકેતુના ભવમાં એ સ્પર્શનેન્દ્રિયના વિજયથી મહાન ઈન્દ્રિય વિજેતા બન્યા.

ધર્મનો રંગ વધે એટલે માણસમાં ધર્મનું તેજ વધે છે, જેવી રીતે બળદેવમુનિ એવા મૈત્રી કરુણાની આભાવાળા હતા કે એમની પાસે આવનાર મોર, સિંહ, વાઘ, સર્પ, બકરી વગેરે જાતિવેર ભૂલી જાય.

તેજ એટલે કે જેમ સૂર્યની આસપાસ જેનું વર્તુળ હોય છે એમ ધર્મના રંગવાળા ધર્માત્માની આસપાસ પ્રભાવક ધર્મના તેજનું એવું વર્તુળ જામી જાય છે કે એમાં પ્રવેશ કરનાર અધર્મી આત્માનો અધર્મ નિસ્તેજ બની જાય !

નાગકેતુના જીવનમાં ધર્મના તેજથી આવું બને છે.

રાજાના અન્યાયથી એક બિન ગુનેગારને ફાંસીની સજા મળેલી, એ મરીને દેવતા થયો, તે એણે તત્કાળ આખા નગરને દાટી દેવા ઉપર આકાશમાંથી મોટી શિલા નીચે નીચે ઉતારવા માંડી એ સંકેલી લેવા રાજા તથા જનતાની પ્રાર્થના માનવા કેમેય તૈયાર નહિ ! ત્યારે નાગકેતુએ આમાં મંદિરનાશ અને સંઘનાશ જોઈ પોતે મંદિરના શિખર પર ચડી શિલા અટકાવવા આંગળી ઊંચી કરી. અહીં નાગકેતુનું

ધર્મનું તેજ એવું ઝળક્યું કે એ ધર્મના તેજના સીમાડામાં આવતા જ દેવતા ડઘાઈ ગયો ! નિસ્તેજ હતપ્રહત થઈ ગયો, શિલા પાછી સંહરી લીધી, અને પોતે નાગકેતુના પગમાં પડી જઈ ક્ષમા માગે છે.

ધર્મતેજ શાથી આવ્યું ? :— નાગકેતુમાં આ ધર્મનું તેજ ક્યાંથી આવ્યું ? એના સાચા ધર્મના રંગનો પ્રભાવ છે. એ ધર્મરંગ શાશ્વત રહી શકે છે ત્યારે દેહ શાશ્વત નથી રહી શકતો, એને ગમે તેટલા રસાયણ-વસાણા ખવડાવો તોય એ નાશવંત બન્યો રહે છે.

સોનું તે વિણસે નહિ, સાહેલડિયા, ઘાટઘડામણ જાય રે, ગુણવેલડિયા-૨

ઘાટઘડામણ થાય :—

ધર્મનો રંગ એ સાચા સોના જેવો છે. સોનાનો દાગીનો બને. દા.ત. સોનાની લગડીમાંથી કડું બનાવ્યું, પણ પછી મન ફરવાથી કડામાંથી કંઠી બનાવી, તો એમાં સોનું તો જે લગડીમાં હતું તે કંઠીમાં આવ્યું જ, પછી જે કંઠીમાં આવ્યું તે જ સોનું કાયમ રહે છે. માત્ર પૂર્વનો કડાનો ઘાટ બનાવ્યો એમાં જે ઘડામણ લાગ્યું હતું તે પછી કંઠી બનાવતાં રદ ગયું, ને નવું કંઠીનું ઘડામણ લાગ્યું એટલું જ. સોનામાં કશો ફેરફાર નહિ. એ બધી અવસ્થામાં તદવસ્થ શુદ્ધ સોનુ જ રહે છે.

એમ સાચો ધર્મરંગ નવા જનમમાં દેહ બદલાતાં અર્થાત્ જૂનો દેહ જતાં ને નવો આવતાં, ચાલુ રહે છે. ઘાટઘડામણની જગ્યાએ જૂના દેહની પ્રવૃત્તિઓ રદ થાય છે, ને નવા દેહમાં નવી પ્રવૃત્તિઓ કરવી પડે છે. બાકી ધર્મરંગ જૂનો દેહ જીર્ણ થયો તેથી જીર્ણ નથી થતો. કહે છે ને 'માણસ ઘરડો થાય, પણ તૃષ્ણા ઘરડી (જીર્ણ) નથી થતી ! ઊલટું' ઘરડાને ઝાઝેરી માયા કહેવાય છે. માયા એટલે મમતા, તૃષ્ણા, ઘડપણે એ તૃષ્ણા યુવતી જેવી બળવાન ઊભી રહે છે. બસ, ધર્મરંગ આવો બળવાન થઈ વધતો રહે છે. લલિત-વિસ્તરામાં ભગવાનના 'ધર્મનાયક' વિશેષણ પદની વ્યાખ્યામાં આ કહ્યું છે કે 'ભગવાન ધર્મનાયક કેમ છે ? તો કે એમણે ક્ષાયિક ધર્મ સિદ્ધ કર્યો છે.' 'ક્ષાયિક' એટલે કર્મક્ષયજનિત. માટે શાશ્વત રહે એવો. આ કેવી રીતે બન્યો ? તો કે ભગવાન સ્વયંબુદ્ધ બન્યા છે માટે. 'સ્વયંબુદ્ધ' એટલે કોઈની પ્રેરણાથી નહિ, કોઈના ઉપદેશથી નહિ, પણ આપમેળે બોધ પામેલા. તેથી એમના ચારિત્ર-ધર્મપાલનમાં ન કોઈ સોબતી-સહાયક, કે ન વસ્ત્ર-પાત્ર સહાયક, સ્વયં આત્મબળ ઉપર ધર્મને સાધનારા, દુનિયાના કોઈ ફિરસ્તામાં નહિ એવો ત્યાગ, એવો તપ, એવા ઉપસર્ગ-પરિષહ સહન, પ્રભુનો ધર્મરંગ અતુલ, માટે જ એ ધર્મના સારથી બન્યા છે. 'સારથી' અશ્વનું પાલન-પ્રવર્તન-દમન કરે એમ પ્રભુ પોતે ધર્મ-સાધકનું પાલન-પ્રવર્તન-દમન કરે છે. પ્રભુ પોતે ધર્મમૂર્તિ છે તેથી ભક્તને

ધર્મપ્રેરક બને છે.

આમાં મૂળ કારણ તરીકે ભક્તના દિલમાં રહેલ પ્રભુપ્રેમ છે. પ્રભુ છે એ પ્રેમ કેવો અવિનાશી છે, તે હવે બતાવે છે.

ત્રાંબુ જે રસ વીંધિયું, સાહેલ તે હોવે જાયું હેમ, ગુણવેલ,
ફરી ત્રાંબુ તે નવિ હુએ, સાહેલડિયા, એવો જગગુરુ પ્રેમ, ગુણવેલડિયા. ૩

ભાવાર્થ : અર્થાત્ સુવર્ણસિદ્ધિરસથી જે તાંબુ વિંધાય છે, તે 'જાત્ય હેમ' અર્થાત્ અસલી સોનુ બની જાય છે પછી તે ફરીથી તાંબુ નથી બનતું (સોનુ બની ગયું તે કાયમ સોનુ જ રહે છે.) એવો જગદ્‌ગુરુ તીર્થંકર ઉપર આપણો પ્રેમ કાયમ બનવો જોઈએ.

વિવેચન : પૂર્વગાથામાં કહ્યું પ્રભુ પર આપણો પ્રેમરંગ ધર્મના ઘરનો હોય તેથી એ કદી જીર્ણ ન થાય, પ્રશ્ન થાય –

પ્રશ્ન : જગતની વચ્ચે રહેવું છે એટલે કોઈકવાર દેવતાઈ જેવા સુખસાધન મળે, તો ત્યાં પછી ધર્મરંગ પ્રભુપ્રેમનો રંગ મોળો કેમ ન પડે ?

ઉત્તર : એટલા માટે ન પડે કે જો ધર્મ અને પ્રભુ પ્રત્યેનો પ્રેમ આપણા આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપી જાય એવો ઊભો કરાય. અહીં કવિ દૃષ્ટાન્તથી બતાવે છે.

જે તાંબાને સુવર્ણસિદ્ધિરસે વીંધી નાખ્યું હોય, અર્થાત્ ગરમ તપાવેલા તાંબાના પતરા પર સુવર્ણ-સિદ્ધિરસનું એક બિંદુ નાખવામાં આવે, તો તે તાંબાને વીંધી નાખે છે અર્થાત્ તાંબા પર પ્રસરી જઈને તાંબાને જાત્ય સોનુ સાચું સોનુ અર્થાત્ સો ટચનું સોનુ બનાવી દે છે. પછી એ સોનુ બન્યું તે બન્યું, હવે કદી તાંબુ ન થાય; કેમ કે સુવર્ણરસ બિંદુના અતિસૂક્ષ્મ કણ કણ તાંબાના અણુ અણુમાં વ્યાપી ગયા, ને એને સુવર્ણના અણુ અણુ બનાવી દીધા. એ પ્રમાણે આપણા આત્મામાં ધર્મનો રંગ અને પ્રભુ પ્રત્યેનો પ્રેમ જો આત્માના પ્રદેશે પ્રદેશેમાં વ્યાપી જાય તો એ કાયમી થઈ જાય છે.

'જગતના પ્રલોભક સંયોગોની સામે આ કેમ બને ?' એવી શંકા નહિ કરવી, કેમ કે ભૌતિક પ્રેમમાં તો આ અનુભવ છે કે પ્રલોભક સંયોગ આવતા વર્ષોનો પ્રેમ ઉડી જાય છે. ૨૦-૨૦ વરસ સુધી માતા-પિતાએ દીકરાને બહુ વહાલથી ઉછેર્યો એટલે દીકરાને એમના પર અથાગ પ્રેમ હોય છે પરંતુ દીકરો જો પૂર્વજન્મના તેવા સંસ્કારોથી અતિકામાન્ધ છે, તો લગ્ન પછી પ્રલોભક પત્નીનો પ્રેમ એને એવો સ્વાત્માના પ્રદેશે પ્રદેશમાં વ્યાપી જાય છે કે હવે એને માતા-પિતાનો પ્રેમ ઉડી જાય છે એ પત્ની સિવાય એને બીજુ કશું દેખાતું નથી. ૨૦-૨૦ વરસના વહાલા કરેલા માતા-પિતાનેય હવે ગણકારતો નથી. પત્નીમાં જ પોતાનું બધું સુખ અને સર્વસ્વ

જુએ છે. પરંતુ એવું પ્રભુ પરના પ્રેમમાં નહિ કેમ કે જે કારણોએ પ્રભુપ્રેમ થયો છે એની ઉપરવટ થનાર દુનિયાની કોઈ ચીજ નથી.

પ્રભુ પર આત્મ પ્રદેશે પ્રદેશે પ્રેમ કેમ થાય ? :–

(૧) જો આપણને પ્રભુ પર આત્મહિતની દૃષ્ટિએ

(૨) પરલોકહિતની દૃષ્ટિએ

(૩) પ્રભુશરણ વિના અનંતોકાળ સંસારમાં ભટક્યા. તે હવે પૂર્વવત્ ભટકવાનું બંધ થશે એ દૃષ્ટિએ

(૪) પ્રભુમાં આપણને ઈષ્ટ વૈરાગ્ય-મૈત્રી-કરુણા-ક્ષમા વગેરે અનુપમ ઉત્કૃષ્ટ ગુણો છે વગેરે વગેરે દૃષ્ટિએ પ્રભુ પર પ્રેમ થઈ જાય, તો તે આપણા આત્માના પ્રદેશે પ્રદેશમાં વ્યાપી જાય એ સુસંભવિત છે. એમ,

(૫) ગૌતમસ્વામી, ચંદનબાળા, શાલિભદ્ર, અભયકુમાર વગેરે જેવા બહુ ઉચ્ચ આત્માઓએ પ્રભુ પર અવિહડ અપ્રતિમ પ્રેમ કર્યો તો આપણે પ્રભુ પર એવો પ્રેમ કરવામાં શા બીજા વિચાર કરવાના હોય ?

(૬) આપણને જીવનમાં શાંતિ-સમાધિ-વૈરાગ્ય-ક્ષમા વગેરે આપનાર એક માત્ર વીતરાગ પ્રભુનું આલંબન છે. તેથી પણ પ્રભુ પર અવિચલ પ્રેમ થાય, આપણા આત્માના પ્રદેશે પ્રદેશે પ્રેમ વ્યાપી જાય. 'એવો જગગુરુ પ્રેમ' આવી રીતે જે જગતગુરુ તીર્થંકર ભગવાન પર પ્રેમ થાય તે કાયમી પ્રેમ થઈ જાય, વાત એ છે કે પ્રભુ પર પ્રેમ ભક્તિભાવ અથાગ જાગવો જોઈએ, મનને એમ થઈ જાય. કે 'જો જગત પર પ્રેમ કરવાનો બાજુએ રાખી પ્રભુ પર પ્રેમભક્તિભાવ થાય તો એ જીવન છે. ને એ ન હોય, તો મૃત્યુ છે. તો પ્રભુ પર એ ભક્તિભાવ ને અવિહડ પ્રેમ ઊભો કરી આપે.'

દેવપાલનો અવિચળ પ્રભુપ્રેમ :– પેલા ઢોરચારુ દેવપાલને જંગલમાં ભગવાન મળી ગયા તો એને એમ થઈ ગયું કે 'ઓહો ?' મારા શેઠ તો ભાગ્યશાળી કે એમને ભગવાન મળી ગયા છે, પરંતુ હું અભાગિયો, પણ હવે મને આ ભગવાન મળ્યા ? વાહ પ્રભુ ! તેને એટલો બધો ભક્તિભાવ ઉછળ્યો કે ત્યાં એ સંકલ્પ કરે છે કે 'પ્રભુ ! રોજ તમારા દર્શન-પૂજન વિના મોમાં પાણીનું ટીપું ન નાખું.' શું આ ? પ્રભુ પર અવિહડ પ્રેમ.

સુશીલ કન્યાને ગુણિયલ અને પ્રેમાળ પતિ મળ્યો હોય તો એના પર એટલો બધો પ્રેમ બંધાઈ જાય છે કે પતિના જમ્યા વિના જમે નહિ, સૂતા વિના સૂવે નહિ, પતિના સુખે સુખી ને દુઃખે દુઃખી. પોતાના આદર્શ રુચિ વગેરે ભૂલી જઈને પતિના આદર્શ, પતિની રુચિઓ, પતિની અનુકૂળતાઓ વગેરે બધુ અપનાવી લે છે. ત્યારે તો

'પતિ છે એ જ હું છું.'

પતિને ગમે તે મને ગમે, એમને ન ગમે તે મને ના ગમે.

પતિ જ મારા પ્રાણ, પતિ જ મારું જીવન, બસ પ્રભુ પર આ ભાવો ઊભા કરીએ તો જગદ્‌ગુરુ પ્રભુ પર આપણને અવિચળ પ્રદેશે પ્રદેશે વ્યાપ્ત પ્રેમ ઊભો થઈ જાય, માટે અહીં દૃષ્ટાંત ખરેખરું આપ્યું કે સુવર્ણસિદ્ધિરસથી વીંધ્યું તાંબુ અણુ અણુમાં સુવર્ણમયતા પામી જાય છે.

આપણે પ્રભુ પાસેથી આવો પ્રેમ માંગીએ છીએ ખરા પણ પહેલા આપણે પ્રભુ પર એવો પ્રેમ ધરીએ છીએ ખરા ? તોજ આપણે એ માંગવાને અધિકારી છીએ, પાર્શ્વપ્રભુના સ્તવનમાં મોહન વિજય કવિ કહે છે :—

"જેહવી તુમશું માહરી માયા, તેહવી તુમે પણ ધરજો,
મોહન કહે કવિ રૂપ વિબુધનો, પ્રત્યક્ષ કરુણા કરજો."

કવિએ આમાં પહેલી વાત પ્રભુ પ્રત્યે પોતાના પ્રેમની કહી, પછી માગ્યું કે 'પ્રભુ ! તમે પણ મારા પર એવો પ્રેમ ધરજો ને; એ માટે આ ગરીબ સેવક પર પ્રત્યક્ષ કરુણા એટલે કે સાક્ષાત્ કરુણા કરજો વાયદાની નહિ, પણ હાજરની કરુણા કરજો. મારે તો તમારી તત્કાલ કરુણા જોઈએ છે.' પ્રભુ પાસે કરુણા માગવાનો આપણને હક્ક ક્યારે ? પહેલા આપણે આપણા હૃદયમાં મોહમાયાની મમતા મૂકી પ્રભુની માયા મમતા વસાવીએ, મોહમાયાને કહી દઈએ, 'તું હવે મારે સર્વેસર્વા નહીં. મારા પ્રભુ મારે સર્વેસર્વા.' 'મોહમાયા' એટલે સાંસારિક સ્વાર્થી સગા સ્નેહી અને એમની સાંકળરૂપ જડની લીલા.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪૧,અંક-૨૩,તા.૧૩-૩-૧૯૯૩

શ્રીમંત શેઠિયાને છોકરો નાનો હતો ને પત્ની મરી ગઈ, એને તો કન્યા આપનારા ઘણા, એટલે એ કરાર દેખાડે છે, 'જો તારે આ મારા દીકરાને તારો જ દીકરો ગણવો હોય, તારે 'મારા પહેલા ખોળાનો આ દીકરો' ગણવો હોય, આ જ તારે સર્વસ્વ, પછી બીજા નંબરે તારો દીકરો, એવું હૈયે વસાવવું હોય, તો જ તારે ને મારે સંબંધ રહેશે, એમાં જો ફરક દેખાયો તો તને તારા બાપને ત્યાં રવાના કરીશ," ને જે કન્યા એ કરાર પર સહી કરી એને પરણે છે, એ પછીથી એ શોક્યના દીકરાને કેવો સાચવે ? સગી મા સાચવે એના કરતા પણ વધારે ! હૈયાને એ કહી દે છે કે તારે હવે આ શોક્યનો દીકરો એ જ તારો પહેલા નંબરના દીકરા તરીકે સાચવવાનો છે. આ દીકરો આ જ તારું સર્વસ્વ. એમ અહીં આપણે

મોહમાયાની માયા બીજા નંબરે ઉતારી આપણા હૈયામાં પ્રભુની માયા પહેલા નંબરે વસાવવાની છે.

પ્રશ્ન : ત્યારે અહીં સવાલ થાય કે 'મોહમાયાથી તો જીવન ચલાવવું હોય છે ને એને વિસારી પ્રભુ પર એવી અનન્ય માયા શી રીતે જામે ? પ્રભુ થોડા જ હાંલ્લીમાં ખીચડી પકાવી આપે છે ? કે તિજોરીમાં રૂપિયા ભરી આપે છે ? આનો ઉત્તર કરતાં કવિ ઉપાય બતાવે છે,–

ઉત્તમ ગુણ અનુરાગથી, સાહેલડિયાં, લહીએ ઉત્તમ ઠામ રે, ગુણ.
ઉત્તમ નિજ મહિમા વધે, સાહે દીપે ઉત્તમ ધામ રે, ગુણ.

ભાવાર્થ : અર્થાત્ ઉત્તમ પુરુષોના ગુણોના અનુરાગથી આપણને ઉત્તમ ગુણસ્થાનક મળે છે અને એમાં આપણા આત્માનું મહત્ત્વ વધે છે, તેથી ગુણોના ધામભૂત થઈ આપણો આત્મા ગુણોથી દૈદીપ્યમાન બને છે.

વિવેચન : ઉપરની ગાથામાં કહ્યું, પારદ રસ વીંધ્યુ તાંબુ સોનું થઈ ગયા પછી કદી ન પલટે, તેમ જગદ્‌ગુરુ પરમાત્મા પર આપણો ધર્મરંગ-વીંધ્યો પ્રેમ પછી કદી ન પલટે. અર્થાત્ પરમાત્મા પરનો રાગ મટીને ભૌતિક સમૃદ્ધિ-સન્માન પરનો ન થઈ જાય, જો વિષયરંગથી પ્રભુ પર પ્રેમ કર્યો હોત તો તે પ્રેમ સ્વાર્થ સરી ગયા પછી રદ થવાની શક્યતા હતી. અથવા જીવન પૂરું થતાં સમાધિ રદ થઈ જવાની શક્યતા હતી, પરંતુ ધર્મરંગના ઘરનો નિઃસ્વાર્થ પ્રભુપ્રેમ હોવાથી એ ચિરઃસ્થાયી, જીવનવ્યાપી અને પરલોકાનુયાયી બન્યો રહે છે. તો પ્રશ્ન થાય,

પ્રશ્ન : આવો ધર્મરંગના ઘરનો પ્રભુપ્રેમ શી રીતે બને ?

ઉત્તર : સર્વોત્તમ પ્રભુના ગુણો અથવા પ્રભુના સર્વોત્તમ ગુણો પરના અનુરાગથી ધર્મરંગ સ્થિર બની જાય અને એના યોગે પ્રભુ પરનો પ્રેમ પણ સ્થિર બની જાય છે, એનું કારણ એ છે કે ઉત્તમગુણોના અનુરાગથી જીવને ધર્મરંગ વધતા એ ઊંચા ગુણસ્થાનક પર ચડે છે. દા.ત. નવકારમંત્ર યાદ કરતાં આપણને પંચપરમેષ્ઠીના ગુણોની અનુમોદના થાય છે. એ પંચપરમેષ્ઠીના ગુણો ઉપરના અનુરાગ-પ્રેમ-બહુમાનને લીધે આ થાય છે એ થવાથી પરમેષ્ઠીને નમસ્કાર રૂપ ધર્મનો રંગ વધે છે, મનને એમ થાય કે, "અહોહો ! આ અરિહંત સિદ્ધ વગેરે પંચપરમેષ્ઠી કેવા કેવા ઉત્તમગુણોના ભંડાર ! એ મને મળ્યા ! મારા ભાગ્યની અવધિ નથી. આ પામવાનું કેવું મારું સૌભાગ્ય ! લાવ, એમને હું ઝૂકી ઝૂકીને વંદના-નમસ્કાર કરું ! લળી લળીને એમના પાયે લાગું !" એમ કહીને એમને નમસ્કાર હૃદયના ઉછળતા ભાવથી થાય એ નમસ્કાર ધર્મનો રંગ વધ્યો ગણાય; અને એથી 'લહીએ ઉત્તમ ઠામ' અર્થાત્ જીવને સમ્યગ્‌દર્શનનું ઉત્તમ ચોથું ગુણસ્થાનક

પ્રાપ્ત થાય; ને પૂર્વે પ્રાપ્ત થયુ હોય તો સમ્યગ્દર્શન નિર્મળ થાય ને એમાં સમકિતના ચોથા ગુણસ્થાનકમાં પણ નીચેથી ઊંચી ઊંચી કક્ષા ઊભી થાય.

એક ધ્યાન રાખવાનું છે, કે ઉત્તમગુણ-અનુરાગથી માત્ર નમસ્કાર ધર્મનો જ રંગ વધે એમ નહિ કિન્તુ બીજા પણ અનેક ધર્મના રંગ વધે છે. સામાન્યથી પ્રભુના તપધર્મના પ્રેમથી આપણને તપધર્મનો રંગ વધે, પ્રભુના ક્ષમા ગુણના પ્રેમથી ક્ષમા ધર્મનો રંગ વધે, એમના મૈત્રી ગુણના અનુરાગથી આપણામાં મૈત્રી ધર્મનો રંગ વધે, મૂળ વાત એ છે, કે ભગવાન ગમે છે ? હા ! ભગવાન દુનિયાનું બધું સારું સારું આપે છે માટે ગમે છે ?

ભગવાન ગમે છે; કેમ ગમે છે ?

ભગવાનમાં ઉત્કૃષ્ટ ક્ષમા હતી. ઉત્કૃષ્ટ સહિષ્ણુતા હતી માટે પ્રભુ ગમે છે. શું સમજ્યા ? ગોવાળિયાએ કાનમાં ખીલા ઠોક્યા ને મહાવીર પ્રભુએ સહી લીધું, તેમજ સંગમે ઘોર ઉપસર્ગો કર્યા તે ભગવાને સહી લીધા પણ એનો સામનો કે જાતનો બચાવ ન કર્યો માટે ભગવાન આપણને ગમ્યા. આ જો હોય તો આપણને ભગવાનના ક્ષમા-સમતા-સહિષ્ણુતા વગેરે ગુણ પર અનુરાગ થયો ગણાય, કિન્તુ અહીં જો ક્ષમાદિ ગમે છે, તો એટલી સાવધાની રહેવી જોઈએ કે પછી આપણને મમતા આદિ કે સંકલેશ, રગડા-ઝઘડા આદિ ન ગમવા જોઈએ, કદાચ સાંસારિક જીવનમાં આપણને એટલી સહિષ્ણુતા ન હોય અને ઝઘડો કરવો પડે તો પણ મનથી એ ગમવો ના જોઈએ, મન કહે 'કરવી તો ક્ષમા જ જોઈએ, ઝઘડો નહિ' પ્રભુના ક્ષમાદિ ગુણ પર જો સાચો અનુરાગ છે, બહુમાન છે, તો શું આટલું પણ ન આવે ? કે ઝઘડો કરવા લાયક નથી, એ તો ક્ષમા જ કરવા લાયક' એવું મનને હાડોહાડ ઠસી ગયું હોય !

બસ હેયમાં જ્ઞાનબુદ્ધિ ને ઉપાદેયમાં આદરબુદ્ધિ આવી ત્યાં સમ્યગ્દર્શન હોય, ને એ ગુણસ્થાનકમાં સ્થાન મળ્યું ગણાય.

ભગવાન સ્વર્ગના સુખ આપે છે એટલા માટે ભગવાન પર પ્રેમ નહિ, પણ ભગવાન ઉત્કૃષ્ટ કોટિના ક્ષમાદિ ધર્મોની મૂર્તિ છે માટે ભગવાન પર પ્રેમ કરવાનો છે. કેમ કે ભગવાન પોતે જેવા ગુણ સંપન્ન છે તેવા બીજાને ગુણ સંપન્ન કરનારા છે. માટે "નમુત્થુણં"માં કહ્યું છે, "જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં..." અર્થાત્ ભગવાન પોતે જિન બનેલા છે અને જિન બનાવનાર છે એમ અજ્ઞાન-સાગરને તરેલા છે અને જીવોને અજ્ઞાન-સાગરથી તારનારા છે. એમ ભગવાન બુદ્ધ યાને કેવળજ્ઞાની બનેલા છે અને જીવોને મુક્ત બનાવનારા છે. એટલે જ 'નમુત્થુણં'ની આ ૪ પદની સંપદાને પ્રોતાના ફળ જેવું

બીજામાં ફળનું કર્તૃત્વ તરીકે 'નિજફલ-પરફલ કર્તૃત્વ' નામ આપ્યું છે. એ પહેલા ભગવાનને 'અભયદયાણં...' વગેરે કહ્યા, અર્થાત્ પ્રભુ 'અભય' (ચિત્તસ્વાસ્થ્ય) આપનારા, 'ચક્ષુ' (ધર્મ આકર્ષણ) આપનારા, 'માર્ગ' (ચિત્તની અવક્રતા) આપનારા, 'શરણ' (ધર્મતત્ત્વની જિજ્ઞાસા) આપનારા, 'બોધિ' (શ્રુત-ધર્મ) આપનારા, ને 'ધર્મ' (ચારિત્ર-ધર્મ) આપનારા વગેરે પ્રભુ છે તેથી ભગવાન ગમે છે.

આ બધું શી રીતે બને છે ? તો કે ભગવાનના ગુણો ઉપરના આપણા અથાગ અનુરાગ-પ્રેમ-બહુમાનથી બને છે એટલા માટે કહ્યું છે, "ઉત્તમના ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ..." આ હિસાબે ભગવાન પરના અનુરાગે આપણને નિશ્ચિંત બનાવી દીધા કે, 'તમે ધર્મના જોરદાર રાગથી જગદ્‌ગુરુ ઉપર એવા ઓવારી જાઓ. અર્થાત્ પ્રભુ પર અને પ્રભુના ગુણો પર એવો પ્રેમ જોરદાર જમાવી દો કે પછી એ ધર્મરંગમાં અને પ્રભુપ્રેમમાં કશો ફેરફાર ક્યારેય ન થાય. પછી તમારો મોક્ષ નિશ્ચિંત. 'સીતાને મન એક રામ, તેમ મારે મન એક અરિહંત...' એવું હૈયે પાકો નિર્ધાર થઈ જાય, "સામે મિત્ર કે શત્રુ આવો યા સુખ કે દુઃખ આવો તો ય મારી નજર જગદ્‌ગુરુની ઉપર જ હોય કે, 'મારા પ્રભુએ આમાં શું કરેલું ?' આવું મન બનાવવું જોઈએ.

ભગવાનનો અનાસક્ત ગુણ કેવો, કે પહેલાં ઉપદ્રવ કરનાર ગોશાલો પાસે રહેતો હતો તો પણ એના પર દ્વેષ-અરુચિ નહિ, તેમજ કેવળજ્ઞાન પછીથી મહા આજ્ઞાંકિત અને સર્વેસર્વા સમર્પિત ગૌતમ મહારાજ પાસે ને પાસે રહેતા હતા છતાં એમના પર લેશમાત્ર મમતા રાગ-પ્રીતિ નહિ. શત્રુ-મિત્ર પ્રત્યે એકસરખો અનાસક્ત ભાવ. આવાં ગુણવાળાં ફિરસ્તાં દુનિયામાં ક્યાં જોવા મળે ? એટલા જ માટે કવિએ કહ્યું,

"સાયર માન તે સાયર સરિખો, તિમ તુ પિણ તું જેહવો."

સમુદ્ર કેવો ? એની ઉપમા ન મળે, તેથી કહેવાય કે 'સમુદ્ર સમુદ્ર જેવો' એમ અરિહંત ભગવાન કેવા ? તો એ જ કહેવું પડે કે 'એમની ઉપમા ન મળે, 'અરિહંત અરિહંત જેવા.' આવા પ્રભુ આપણને મળ્યા છે ! એના અહોભાવમાં પ્રભુનો અનાસક્ત ભાવનો ગુણ આપણને ગમે, એટલે પ્રભુ ગમે.

'ઉત્તમ ગુણ અનુરાગથી લહીએ ઉત્તમ કામ.'

ઉત્તમ પુણ્ય તીર્થંકરદેવના ગુણો પરના અનુરાગથી સદ્‌ગતિ તો મળે જ છે, ઉપરાંત ઉત્તમ ગુણસ્થાનક મળે છે; કેમ કે એમાં અર્હત્-પ્રેમ વધી જવાથી સમ્યક્ત્વ પ્રાપ્તિ થાય છે ને અધિક નિર્મળ બને છે. આ ગુણાનુરાગમાં ખાસ ધ્યાન રાખવા જેવી બાબત આ છે કે પ્રભુના ગુણ ગમ્યાં એટલે એના પ્રતિપક્ષી દોષ ન ગમવા જોઈએ તો જ ગુણાનુરાગ સાચો. દા.ત.

શ્રીકૃષ્ણ અને અર્જુન : શ્રી ઋષભદેવ અને ૯૮ પુત્રો :–

પ્રભુનો ગુણ છે 'દુશ્મનને પણ પ્યાર આપવો' તો ત્યાં દુશ્મનને દ્વેષ તિરસ્કાર આપવો એ દોષ છે એ આપણને ન ગમવો જોઈએ. તેથી મિથ્યાત્વીને એમ જાણવા મળે કે 'એમણે દુશ્મનનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો' તો ત્યાં આપણું દિલ ન ઠરે. જેમ કે, "ગીતામાં શ્રીકૃષ્ણે લડાઈથી વિરાગી બનતા અર્જુનને 'ના સ્મ ક્લૈબ્યં ગમઃ પાર્થ !'... **'હે અર્જુન કાયર ન બન, કર્તવ્ય બજાવ** વગેરે ઉપદેશ આપી યુદ્ધ માટે સજજ કર્યો ને ખૂનખાર યુદ્ધ થયું. લોહીની નદીઓ વહી." તો આ સાંભળીને આપણને એવું થવું જોઈએ કે ભક્તને આવો ઉપદેશ દેવાનું કામ અને ભક્તને હાથે માનવસંહાર કરાવવાનું કામ વીતરાગ ભગવાનનું નહિ. ગૃહસ્થો એમનું ફોડી લે એ જુદી વસ્તુ, બાકી ભગવાનને તો ભવ્ય જીવોને રાગ-દ્વેષ મૂકવાનો જ ઉપદેશ કરાય. જેમ કે જુઓ,- ઋષભદેવ ભગવાન ભરત ચક્રવર્તીની અન્યાયની ઘા નાખતાં આવેલા ૯૮ પુત્રોને અન્યાયી ભરત સામે લડવાનો ઉપદેશ ન આપ્યો કિન્તુ ભરતને દુશ્મન ન દેખતાં અંતરમાં અનંત અનંત કાળથી ભરાઈ બેઠેલા તૃષ્ણા-રાગ-દ્વેષ-કામ-ક્રોધ વગેરે ખરેખરા દુશ્મનોને ઓળખી લેવા અને એ આંતરદુશ્મનોનો જ કચ્ચરઘાણ કાઢવા ઉપદેશ આપ્યો, તો એ ૯૮ પુત્રોએ ત્યાં જ સંસાર ત્યજી સાધુ બની ગયા. તો આનું પરિણામ કેવું કેવું સુંદર આવ્યું કે ૯૮ તો કેળવજ્ઞાન પામી તરી ગયા પણ દુશ્મન માનેલા ભરતને ય પાર વિનાનો પસ્તાવો થયો અને ક્ષમા માગતો દોડતો આવ્યો. તેથી ખૂનની નદીઓ વહેવાની અટકી ગઈ. તાત્પર્ય, 'દુશ્મનને પ્યાર' એ ભગવાનનો ગુણ જો આપણને ગમે છે, તો 'દુશ્મન પર દ્વેષ' આપણને ન ગમવો જોઈએ, આપણને બુરો લાગવો જોઈએ.

આપણને પ્રભુ કેમ ગમે છે ?

એમ, ભગવાનનો ગુણ અંતર્મુખતા-આંતરભાવ, એ જો આપણને ગમે છે, તો બહિર્મુખતા-બાહ્યભાવ આપણને ગમે ? ન ગમવો જોઈએ, આપણે શું કરીએ છીએ સંસાર કે અંતર્મુખતા ? એ વાત પછી પણ આપણને ગમવું શું જોઈએ ? એ પહેલું વિચારવા જેવું છે. પછી આપણને બહિર્ભાવની પ્રવૃત્તિઓ ઘણી બધી કરતા હોઈએ તો પણ અંદરમાં એમ થાય કે 'આ બધું ખોટું છે. ખરું તો આંતરભાવમાં રમવા જેવું છે અને એ આંતરભાવથી બહુ પ્રવૃત્તિઓ કરવા જેવી છે.' તો ય આપણને પ્રભુના ગુણ ગમ્યા ને પ્રભુ ગમ્યા, એમ કહી શકાય.

પ્રભુના ગુણ ગમ્યાં તો જ પ્રભુ ગમ્યા કહેવાય.

મહાવીર ભગવાને તપ બહુ કર્યા, પૂર્વભવે નંદનરાજર્ષિ તરીકે, એ કાળે આયુષ્ય મોટા, તેથી એક લાખ વરસ સુધી માસખમણને પારણે માસખમણ એમ

૧૧,૮૦,૬૪૫ માસખમણો કર્યાં. તેમજ છેલ્લા ભવે સાડા બાર વરસના છદ્મસ્થ ચારિત્ર્યકાળમાં સાડા અગિયાર વર્ષ જેટલા ઉપવાસ કર્યા. પ્રભુનો આ ભગીરથ તપગુણ જો ગમે છે તો ખાવું ખોટું લાગવું ન જોઈએ. તપ છોડીને ખાતાં પીતાં રહેવું અને બૂરું લાગવું ન જોઈએ. મનને એમ થાય કે મારા ભગવાને કૂડી કાયાને જંગી તપથી કૂટી, તો શું હું મહિનાના ત્રીસે દિવસ યા વરસના ત્રણસો સાઠે દિવસ ખાતો પીતો બેસી રહું ! ધિક્કાર છે મારા મનખાને ! શરમ છે મારા આ મહાવીર ભગવાનની શ્રદ્ધાવાળા જૈનકુળના અવતારને !

ગુણના સાચા અનુરાગ-પ્રેમથી લહીએ ઉત્તમ ઠામ એટલે કે ઉપરનું ગુણસ્થાન પામીએ એટલું જ નહીં, કિન્તુ

'ઉત્તમ નિજ મહિમા વધે'

અર્થાત્ આપણા પોતાના આત્માનો મહિમા વધે, પ્રભાવ વધે, આપણામાં ગુણ પછી આવો ગુણસ્થાનક પછી વધો પરંતુ ગુણાનુરાગ સાચો પ્રેમ તો પહેલો આવવો જ જોઈએ, તો જ અવગુણો-દોષ ઉપર દ્વેષ હૈયામાં ઝળકતો રહેશે. ઉપરના ગુણસ્થાનકની પ્રાપ્તિ થશે અને આપણા આત્માનો મહિમા પ્રભાવ વધશે. મહાવીર ભગવાને નાલાયક ઉપર પણ ક્ષમા રાખી, ભગવાનનો એ ક્ષમા ગુણ જો આપણને ગમે છે તો ક્રોધ અવગુણ ન જ ગમવો જોઈએ પછી જ્યાં ને ત્યાં જરાક મનનું ધાર્યું ન થતા આપણે ગુસ્સામાં આવતા હોઈએ તો એ આપણે મનમાં ખટકે. એમ થયા કરે કે હું મહા ક્ષમાશીલ મહાવીર પ્રભુનો સંતાન ને હું સામાન્ય બાબતે ય ગુસ્સો લાવું છું ? મારા પ્રભુએ ભયંકર ઉપદ્રવોમાં ય ગુસ્સો ન કર્યો તો મારાથી નજીવી બાબતે તો ગુસ્સો કેમ જ કરાય ? પ્રભુએ ક્ષમા કરુણા કેવીક રાખી કે એનાથી પ્રભુના ગુણસ્થાનક વધ્યા અને એનો પ્રભાવ એવો વધી ગયો કે પ્રભુની આસપાસમાં ક્ષમા કરુણાનું વાતાવરણ બની ગયું. સમવસરણમાં એના પ્રભાવે સિંહ ને હરણીયું સાથે બેસતા, મોર-સાપ સાથે બેસતા. ઊંચા ગુણસ્થાનકની પ્રાપ્તિથી માત્ર પ્રભુને જ આ પોતાના આત્માનો પ્રભાવ વધે એમ નહિ કિન્તુ બીજાને પણ વધે. બળદેવમુનિ દિલમાં આ જબરદસ્ત ક્ષમા-કરુણા રાખી જંગલમાં રહેતા તો એની અસર જંગલી પશુઓ પર પણ પડતી અને મુનિપુંગવના સીમાડામાં સિંહ-વાઘ વગેરે ક્રૂર પ્રાણીઓ પણ ક્રૂરતા ભૂલી જઈ કોમળતાવાળા બની ગયા.

'કુવલયમાળા' ચરિત્રમાં આવે છે કુવલયચંદ્ર કુમારને એકવાર જંગલમાં મૂકાઈ જવાનો પ્રસંગ આવે છે, પછી એ આગળ વધે છે ત્યાં જોયું તો જન્મવૈરી પશુઓ સાથે સાથે ચાલતા હતા. એને લાગ્યું કે નજીકમાં ક્ષમા કરુણાના ભંડાર હોવા જોઈએ અને આગળ વધ્યો ત્યાં એક ઝાડ નીચે એક મહર્ષિ અને એમની સામે એક

દેવતા અને સિંહ બેઠેલા હતા. એ કુવલયકુમારને પ્રતિબોધ કરવા જ ત્યાં આવ્યા હતા. વાત આ છે કે ગુણસ્થાનક વધવાથી આત્માનો પ્રભાવ વધે છે. એથી શું થાય ? તો કવિ કહે છે –

'દીપે ઉત્તમ ધામ'

અર્થાત્ ગુણના ધામભૂત આત્મા દૈદીપ્યમાન બને છે. કેવો સુંદર ક્રમ બતાવ્યો ? પ્રભુના ઉત્તમ ગુણોના અનુરાગથી ઉત્તમ ગુણસ્થાનક પ્રાપ્ત થાય. ગુણઠાણાની પગથાળીએ ઉપર ચડાય કેમ કે ગુણો પર પ્રેમ ધર્યો. એમાં પ્રભુનાં ઉજ્જવળ સમ્યગદર્શન તથા અપરિગ્રહ અને અનારંભ ગુણ પર પણ અથાગ પ્રેમ આવ્યો, એટલે મિથ્યાત્વ તથા પરિગ્રહ અને આરંભ સમારંભ અર્થાત્ ધનના ઢગલા અને બંગલા બગીચા પર તીવ્ર અરુચિ ઊભી થઈ, તેથી સહેજે અવિરતી સમ્યગ્દૃષ્ટિનાં ચોથા ગુણસ્થાનક પર ચડી જાય. એ ચડે એટલે એ જ પ્રભુ પરના વધતા ગુણાનુરાગથી પોતાના આત્માનો પ્રભાવ વધી જાય અને એ વધે એટલે આત્મઘર દૈદીપ્યમાન થઈ જાય. જેમ નાગકેતુને જિનેન્દ્રદેવના ગુણાનુરાગથી અને એમના શાસન પર અપાર ભક્તિથી આત્મપ્રભાવ વધી ગયો તો આત્મા એટલો બધો દૈદીપ્યમાન થઈ ગયો કે એથી મિથ્યાદૃષ્ટિ દેવ મહાત થઈ ગયો, અંજાઈ જઈને સ્વયં નિસ્તેજ થઈ ગયો, એમ પુષ્પપૂજા કરતાં કરતાં સર્પદંશ થયો તો પ્રભુના ગુણસ્મરણ-ગુણાનુરાગથી ગુણસ્થાનકની શ્રેણી લાગી; ને આત્માનો પ્રભાવ એટલો બધો વધી ગયો કે આત્મધન કેવળજ્ઞાનથી દૈદીપ્યમાન થઈ ગયું.

ઉન્નતિનો મૂળ પાયો ગુણાનુરાગ.

પ્રભુના ગુણોનો અનુરાગ સાચો ક્યારે થાય ? આપણને પ્રભુ આગળ આપની લઘુતા દેખાય. દેખાય એટલું જ નહિ લઘુતાનો ઈકરાર કરાય; "પ્રભુ ! તું ગુણનો દરિયો, હું અવગુણનો ભરીયો તું વીતરાગી, હું સરાગી, તું સકળ કર્મથી મુક્ત. હું અનંત કર્મથી કચડાયેલો" આવા લઘુતાના ઈકરાર પછી પ્રભુ પર જે અનુરાગ જામે એ પ્રભુના અનુગ્રહને ખેંચી લાવે. પ્રભુના અનુરાગ અને અનુગ્રહની વ્યાપ્તિ છે. અર્થાત્ પ્રભુ પર સાચો અનુરાગ થાય તો પ્રભુનો આપણને અનુગ્રહ મળે, કૃપા મળે. એ કૃપાથી આપણું ગુણસ્થાનક વધે. કેમ કે

પ્રભુની કૃપા વિના આપણું એકેય સારું કામ સીઝતું નથી; અને પ્રભુ પરના આપણા ગુણાનુરાગ વિના પ્રભુની કૃપા આપણને મળતી નથી, એટલે ગુણાનુરાગ થયો કે કૃપા આવી મળી જ સમજો. પછીથી તો

(૧) આપણા ગુણસ્થાનકમાં પ્રગતિ થતી રહે;

(૨) આપણા આત્માનો પ્રભાવ વધે,

(૩) આપણું આત્મધામ દૈદીપ્યમાન તેજસ્વી બને.

ગુણાનુરાગની આટલી બધી તાકાત એટલા માટે છે કે પ્રભુ પર ગુણાનુરાગ થયા પછી ભૌતિક ઋદ્ધિ સિદ્ધિ પ્રતિષ્ઠા અને સંપત્તિ-સત્તા-સન્માન કશાનું મૂલ્ય કે આકર્ષણ આપણા મન પર રહેતું નથી. મન દુન્યવી પદાર્થને માલ વિનાના ગણે એટલે મન પર એનાં બંધન ઢીલા થાય, તેથી મનની એ તરફની પરાધીનતા નબળી પડી જાય, અને પ્રભુના ગુણ પર મનનું આકર્ષણ સતેજ થાય. પછી તો મનને એ ગુણો જ ગમે, બીજું ન ગમે, એટલે આત્માની અભ્યન્તર સંપત્તિ ખૂલતી જાય એમાં નવાઈ નથી.

બ્રાહ્મણ ઇંદ્રભૂતિ ગૌતમને વીરપ્રભુથી હૃદયના ગુપ્ત સંશય પ્રગટ કરાયો, એટલા પરથી પ્રભુના એ ગુણ પર ગૌતમ એવા આકર્ષાયા કે પ્રભુ પાસેથી સંશયનું સમાધાન મળતા પ્રભુનું શરણ સ્વીકારી પ્રભુને એવા સમર્પિત થઈ ગયા કે પ્રભુ નિર્વાણ પામતાં એ ગૌતમસ્વામી સર્વજ્ઞતા સ્વરૂપ પરાકાષ્ઠાની પ્રભુતા પામ્યા.

પ્રશ્ન : ગુણાનુરાગમાં એવો શો ચમત્કાર છે કે આટલી બધી ઊંચી કક્ષાએ એ ચડાવી શકે ?

ઉત્તર : ચમત્કાર આ છે કે પહેલાં તો એ વિચારો કે ગુણાનુરાગ ક્યારે આવે છે ? દિલમાંથી ઈર્ષ્યા નીકળી જાય ત્યારે સાચો ગુણાનુરાગ આવે છે. ગુણવાન માણસ ગમે તેટલા મોટા હોય, પરંતુ જો એમના પર ઈર્ષ્યા હશે તો એમના ગુણો પર પ્રેમ નહીં થાય. એવું બને છે કે દા.ત. છગનભાઈને મગનભાઈ પર ઈર્ષ્યા છે, હવે કોઈએ આવીને છગનભાઈને કહ્યું, 'જુઓ જુઓ પેલા મગનભાઈએ રૂા. પંદર હજાર ખર્ચીને સુંદર ઓચ્છવ કર્યો,' ત્યારે ઈર્ષ્યાળુ છગનભાઈ તાડૂકી ઊઠશે 'જોયો જોયો એનો ઓચ્છવ ! એ ઓચ્છવ શું કરે ? બાપનું બુધવારું કરે ? પૈસા કોઈકના તફડાવ્યા કે તફડાવવા હશે એટલે ઓચ્છવનો દેખાવ કર્યો' અથવા 'જુઓ છો ને એનો છોકરો મોટો ઢાંઢ થઈ ગયો છે, કોઈ કન્યા દેતું નથી, તે બહાર દેખાડ કરવો હશે કે મારી પાસે પૈસા છે, એટલે ઓચ્છવ કરીને દેખાડ કર્યો; બીજું શું ?'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪૧,અંક-૨૪,તા.૨૦-૩-૧૯૯૩

કહો, હૈયે આવી ઈર્ષ્યા ભરી હોય એ છગનભાઈને ક્યાંથી મગનભાઈના પ્રભુભક્તિગુણ યા ઉદારતાગુણ પર પ્રેમ થાય ?

દરિયાવ દિલ —

માટે ગુણાનુરાગ લાવવો હોય તો ઈર્ષ્યા હટાવવી જોઈએ. ઈર્ષ્યા ક્યારે

હટે ? દિલ દરિયા જેવું બનાવી એમાં સૌને પ્રેમથી વસાવ્યા હોય તો ઈર્ષ્યા ત્યાં સ્થાન નહીં પામે અને ગુણાનુરાગ સહેજે સ્થાન પામશે. આમાં દરિયાવદિલ એ ચમત્કાર છે. જાદુ છે. આ દરિયાવદિલ જીવને ઊંચી કક્ષાએ લઈ જાય એમાં નવાઈ નથી.

હવે દરિયાવદિલની આ તાકાત સમજવા લાંબું વિવેચન જોઈએ. અત્યારે અહીં સમય નથી, પરંતુ જુદી જુદી દૃષ્ટિએ 'દરિયાવદિલને' વિચારીએ તો ઘણા ઘણા લાભ જાણવા મળશે.

પહેલું તો દરિયાવ દિલવાળાને ગમે તેવા સંયોગોમાં પોતાને શાંતિ-સમાધિ રહેશે. દા.ત. પોતાની કોઈ નિંદા કરે છે, તો એને દરિયાવદિલમાં સમાવી લઈ વિચારશે કે 'હોય, જગતમાં અનેક પ્રકારના જીવો હોય છે અને જેમ મને તેમ દરેકને પોતાની દૃષ્ટિએ જોવાનો હક્ક છે.' આવું વિચારે એટલે પોતાના મનને અશાંતિ-ઉકળાટ ન થાય.

દરિયાવ દિલના વડીલની છત્રછાયામાં નાનડિયાઓને લાગે છે કે આ તો અમને દેવના દૂત જેવા વડીલ મળ્યા છે, અમારી ભૂલોને પોતે ગળી ખાય છે અને સામેથી કહે છે, 'આમાં કાંઈ નથી, આવી તો મેં અનેકવાર ભૂલો કરી નાખેલી. વસ્તુ બગડે તેથી પોતાના ચિત્તને બગાડશો નહિ. ચિત્ત બગાડવામાં આપણને કષાય આર્તધ્યાન, અશુભ કર્મબંધ, ભવિષ્ય માટે ખરાબ સંસ્કારનો વારસો વગેરે ઘણાં નુકસાન છે, એની આગળ વસ્તુ બગડવાનું નુકસાન તો મામૂલી છે. બગડેલી વસ્તુ હજી સુધારી શકાય, પરંતુ બગડેલું ચિત્ત સુધારવું બહુ મુશ્કેલ છે કેમ કે ચિત્ત બગાડવા ઉપર પાછું અભિમાન નડે છે કે 'હું તો બરાબર વિચારું છું, મારે શું સુધારવાનું હોય ?' દરિયાવ દિલવાળાને આ પંચાતી નહિ.

દરિયાવ દિલવાળાને પેટ ઠંડી માટલી, પૈસા ગુમાવ્યા તો ય કાંઈ નહિ, ને પૈસા કમાયા તો ય કાંઈ નહિ, સમજે છે કે સંસાર સાગરના જીવનમાં ભરતી-ઓટ આવ્યા કરે. બાકી પૈસા આવ્યા-ગયા તે તો તિજોરીના. મારે તો શુભ-અશુભ કર્મ વેઠી લેવાના.

એમ દરિયાવ દિલવાળાને દુર્જનનો યોગ થાય તો ય સમજે છે કે 'મારું પુણ્ય એટલું ઊંચું ક્યાં છે કે બધું સારું જ મળે ? પુણ્યના નાણાં પ્રમાણે માલ મળે.' એમ સમજીને એને પોતાના દરિયા જેવા દિલમાં સમાવી લે છે. **પશ્ચિમના ચિંતક સોક્રેટિસને** ભાર્યા કર્કશા મળી હતી. છતાં એના દરિયાવ દિલમાં ઉકળાટ નહોતો. એકવાર સ્ત્રીએ ગુસ્સામાં બહુ આગ જેવા બોલની જવાળાઓ કાઢી. ત્યારે સોક્રેટિસે ઠંડે કલેજે સાંભળી લઈ પાણીનો લોટો એના માથે ઢોળ્યો ! પેલી કહે, 'આ શું કરો છો ?' ત્યારે સોક્રેટિસ કહે 'કાંઈ નહીં આ તો જરાક આગ બહુ ન ફેલાઈ જાય

એટલા માટે એને ઠંડી પાડું છું.' એકવાર પત્નીના બહુ ઉકળાટ પછી સોક્રેટિસ બહાર જવા નીકળ્યો ત્યારે પેલીએ મેડી ઉપરથી નીચે એના માથા પર એંઠવાડિયા પાણીનું કૂંડું ઢોળ્યું. બીજાઓ સોક્રેટિસને પૂછે 'આ શું?' ત્યારે આ ફિલસૂફ ઠંડે કલેજે કહે છે 'કાંઈ નહીં, આ તો બહુ તાપના ઉકળાટ પછીનો વરસાદ છે.'

દરિયાવ દિલવાળાને બધે બધી જાતનાં સમાધાન મળે. અસ્તુ.

કવિ કહે છે, આપણા પ્રભુ પરના ગુણાનુરાગથી આપણા આત્માનું ઓજસ વધે છે. આત્મા દેદીપ્યમાન બને છે. એટલું જ નહિ, આપણે અક્ષય-અભંગ બનીએ છીએ. એ કેવી રીતે ? તો કહે છે,–

ઉદકબિંદુ સાયર ભળ્યો, સાહેલ. જિમ હોય અખય અભંગ રે, ગુણ.
વાચક જસ કહે પ્રભુ ગુણે સાહેલ. તિમ મુજ પ્રેમ પ્રસંગ રે, ગુણ. ૫

ભાવાર્થ : અર્થાત્ પાણીનું ટીપું જો સમુદ્રમાં ભળી જાય, તો જેવી રીતે એ અક્ષય અભંગ બની જાય છે, એમ **વાચક યશોવિજય** મહારાજ કહે છે, મારે પ્રભુના ગુણો ઉપર અનુરાગનો અવસર બની આવ્યો છે (તેથી હું પણ અક્ષય અભંગ બની જઈશ).

વિવેચન : કવિ અહીં પ્રારંભે કહી આવ્યા છે કે 'શ્રી અનંત જિનશું કરો ચોળમજીઠનો રંગ' અર્થાત્ 'અનંતનાથ જિનેશ્વર દેવ સાથે ચોળમજીઠિયો પ્રેમરંગ જમાવો; હવે અહીં અંતે કહે છે કે એ પ્રેમરંગ અક્ષય-અભંગ બનાવજો, શી રીતે ? તો કહે છે જેમ પાણીનું ટીપું જો સમુદ્રમાં ભળી જાય, તો હવે એ ક્યારે નાશ પામશે ? જ્યારે સમુદ્ર નાશ પામશે ત્યારે; કેમ કે પાણીનો સ્વભાવ છે કે એના અણુ અણુ બીજા યોગ્ય દ્રવ્ય સાથે ભળી જાય. મોટા ચોકખા પાણીના તપેલામાં રંગીન પાણીનું એક ટીપું નાખવામાં આવે તો તે સમગ્ર તપેલામાં પ્રસરી જાય છે એમ મોટા સમુદ્રમાં પડેલું એક જલબિન્દુ આખા સમુદ્રમાં પ્રસરી જાય એમાં નવાઈ નથી. હવે એ બિંદુ ક્યારે નષ્ટ થવાનું ? કહો, સમુદ્ર નષ્ટ થાય ત્યારે-સમુદ્ર તો અવિનાશી છે તો એની સાથે બિંદુ પણ એવું જ અવિનાશી-અક્ષય-અભંગ બની ગયું.'

બસ, એ જ રીતે, કવિ વાચક યશોવિજયજી મહારાજ કહે છે, પ્રભુના ગુણોમાં મારો પ્રેમ સંબંધ પણ એવો જ અક્ષય-અભંગ બની ગયો છે, પૂછો –

પ્રશ્ન : અહીં પ્રભુના ગુણો અક્ષય-અભંગ છે, એમાં આપણો પ્રેમ શી રીતે અક્ષય બને ?

ઉત્તર : પ્રેમ એટલે કોઈ જુદી વસ્તુ નથી, પ્રેમ આત્માનો ગુણ છે. જો આપણો આત્મા પ્રભુમાં સમર્પિત થઈ જાય છે, તો એના ગુણો પણ ને એનો પ્રેમ પણ પ્રભુમાં સમર્પિત થઈ જાય છે સહજ છે.

વાત એ છે કે પ્રભુ પર આપણને પ્રેમ છે, પ્રભુ આપણને ગમે છે તો શાથી ? એટલા જ માટે કે મોક્ષ ક્ષમા-સમતા વિના મળતો નથી, અને ક્ષમા-સમતાના ભંડારનું આલંબન જોઈએ, ને તેવી ક્ષમા-સમતાના ઉપદેશક જોઈએ અને તેવું આલંબન ને તેવા ઉપદેશક પ્રભુ છે, માટે પ્રભુ આપણને ગમે છે. પ્રભુ પર આપણો નિઃસ્વાર્થ પ્રેમ છે. એટલે આ આવ્યું કે -

પ્રભુ આપણને કેમ ગમે છે ?

સંગમ દેવતા ત્રાસ-જુલ્મની ઝડીઓ વરસાવી જાય, કમઠ દેવ બનીને મૂશળધાર વરસાદ, વીજળીના કડાકા સાથે વરસી જાય, છતાં પ્રભુ સમતાભાવથી એ સહન કરી લે છે માટે પ્રભુ આપણને ગમે છે.

એવું, ધરણેન્દ્ર અને સૌધર્મેન્દ્ર દોડતા આવી ભક્તિ-સન્માનનો વરસાદ વરસાવી જાય છતાં મારા પ્રભુને હરખ-રાજીપો નથી એવા સમતાભાવમાં ઝીલે છે માટે પ્રભુ મને ગમે છે. ત્રાસ-સન્માન બંને સ્થિતિમાં પ્રભુ નિરાસક્ત-અનાસકત છે માટે મને પ્રભુ પર પ્રેમ ઉભરાય છે.

પ્રશ્ન : પણ પ્રભુમાં અનંત ગુણ છે, ત્યારે તમારો પ્રેમ ક્યાં અનંત છે ? તો પછી શી રીતે પ્રેમ પ્રભુના અનંત ગુણોને પહોંચી વળવાનો હતો ?

ઉત્તર : જેમ જળનું એક બિંદુ અમાપ સાગરમાં ભળી જાય છે તેમ બિંદુતુલ્ય મારો પ્રેમ પણ પ્રભુના સાગરતુલ્ય અનંત ગુણોમાં ભળી જઈ અક્ષય બને છે. બિંદુ સાગરમાં ભળે ત્યારે એને માત્ર એનું અલગ વ્યક્તિત્વ ગુમાવવું પડે એટલું જ, બાકી એનું અસ્તિત્વ સમુદ્રની હારોહાર કાયમ રહે છે; એવી રીતે પ્રભુના ગુણોમાં ભળી જતાં આપણે માત્ર આપણું અહંત્વ ગુમાવવું પડે એટલું જ, બાકી સત્-ચિદ્-આનંદ સ્વરૂપનું અસ્તિત્વ પ્રભુની હારોહાર કાયમ રહે છે.

'વાચકજશ કહે પ્રભુ ગુણે, તિમ મુજ પ્રેમ પ્રસંગ'—

આને એક રીતે જોયું કે પ્રભુના ગુણ-સમુદ્રમાં મારું એક પ્રેમ-બિંદુ પણ (ગુણાનુરાગનું બિંદુ પણ) ભળીને અક્ષય-અભંગ થઈ જશે, ગુણાનુરાગ ખુદ ગુણસમુદ્ર બની જશે;

એમ બીજી રીતે જોઈએ તો શાસ્ત્ર કહે છે 'તમારે જે ગુણ, જે ધર્મ-સુકૃત જોઈતું હોય, આત્મક્ષેત્રે તેના બીજનું વાવેતર કરો, તો કાળાન્તરે એના પર ક્રમશઃ એ ગુણનો-સુકૃતનો પાક ઉતરશે. મહાવીર ભગવાનની ક્ષમા લાવવી છે ? તો એ ક્ષમાના બીજનું વાવેતર કરો.'

બીજ કોણ છે ? **'બીજં સત્પ્રશંસાદિ.'**

કોઈપણ ગુણ કે સુકૃતની સમ્યક્ પ્રશંસા એ તે ગુણ કે સુકૃતના પાક માટે બીજ છે. 'સમ્યક્ પ્રશંસા' એટલે કોઈ દુન્યવી લાલચ વિના એ ગુણ-સુકૃતનું આકર્ષણ,

એના પર પ્રેમ, અહોભાવ, ગુણાનુવાદ. દા.ત. સામનો કરવાની અમાપ શક્તિ છતાં જો કોઈ દુર્જનનો એક અપશબ્દ પણ આવે તો તે હસતા સહી લે છે ! તો આપણને એના માટે માન ઉપજે છે, તો મહાવીર ભગવાનને તો સામનો કરવાની અથાગ શક્તિ છતાં કાનમાં ગોવાળિયાના ખીલા ઠોકાવાનું સહર્ષ સહી લીધું. ત્યાં આપણને 'અહો ! અહો ! કેવી અદ્‌ભુત ક્ષમા ! કેવો અદ્‌ભુત સમતાભાવ !' એમ ક્ષમા-સમતા પર અહોભાવ થાય; એ ક્ષમાના ગુણાનુવાદ કરીએ, એનું નામ 'સત્પ્રશંસા'.

'પ્રશંસાદિમાં' 'આદિ' પરથી પ્રેમ-આકર્ષણ-ગુણાનુવાદ... આ બધું લેવાનું. એ સુકૃતનું બીજ છે. પછી એની 'ચિંતા' થાય, અર્થાત એની એટલે કે એ ક્ષમાદિ સુકૃતની તીવ્ર અભિલાષા થાય, એ 'અંકુર' છે. એના પર 'એ ક્ષમાદિ કેવી રીતે આવે ?' વગેરેનું 'શાસ્ત્ર-શ્રવણ' થાય, એ પછી ક્ષમાદિનો અભ્યાસ પાડવામાં આવે, ભલે તોતડી-બોબડી પણ ક્ષમા-સમતા આદિની પ્રવૃત્તિ થાય, યાને એનો લૂલો-લંગડો અમલ કરાય... એ બધું બીજના અંકુર ઉપર નાળ, પત્ર, પુષ્પ વગેરે ઊગવા બરાબર છે, આમ કરતાં કરતાં ભવોના અભ્યાસ પછી જીવનમાં સહજ ક્ષમા-સમતા સિદ્ધ થાય, એ પાક છે.

નાગકેતુને પ્રભુના વીતરાગતા ગુણ પર અહોભાવ જાગ્યો. પછી પ્રવૃત્તિમાં ઇંદ્રિયોના વિષયોનો રાગ છોડવા વિષયો પર સંયમન કરતા ચાલ્યા, તો એકવાર પ્રભુની પુષ્પ-પૂજા કરતાં કરતાં વીતરાગ બની ગયા.

વાચક યશોવિજયજી મહારાજ કહે છે 'મારે પ્રભુના ગુણો પર આવો પ્રેમપ્રસંગ બન્યો છે, એવો અહોભાવ જાગ્યો છે...' એ ગુણોના બીજાધાન સ્વરૂપ છે, એની તીવ્ર અભિલાષા, શાસ્ત્ર-શ્રવણ અને પ્રવૃત્તિ દ્વારા પરાકાષ્ઠાએ ગુણસિદ્ધિસ્વરૂપ પાકને નિપજાવશે.

(ઈતિ શ્રી અનંતનાથ ભગવાન સ્તવન વિવેચના)

શ્રી ધર્મનાથ જિન સ્તવન-૧૫

થાશું પ્રેમ બન્યો છે રાજ, નિરવહેશો તો લેખે.
મેં રાગી થેં છો નિરાગી, અણ જુગતે હોય હાંસી,
એક પખો જે નેહ નિરવહેવો, તેમાં કી શાબાશી...૧
નીરાગી સેવે કાંઈ હોવે, દજા મનમાં નવિ આણુ,
ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું...૨
ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે,
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે...૩
વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશીના તેજ સંબંધે,
અણ સંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે...૪
દેવ અનેરા તુમથી છોટા, થે જગમેં અધિકેરા,
જસ કહે ધરમ જિનેસર થાશું, દિલ માન્યા હૈ મેરા...૫

શ્રી ધર્મનાથ જિન સ્તવન-વિવેચના-૧૫

થાશું પ્રેમ બન્યો છે રાજ, નિરવહેશો તો લેખે.
મેં રાગી થેં છો નિરાગી, અણ જુગતે હોય હાંસી,
એક પખો જે નેહ નિરવહેવો, તેમાં કી શાબાશી...૧

અર્થાત્ હે દેવાધિદેવ ! તમારી ઉપર મારો પ્રેમ ઊભો થયો છે, હવે એને નભાવશો, ટકાવશો તો મારો પ્રેમ કર્યો લેખે છે.

વિવેચન : કવિ પૂર્વના ૧૪માં અનંતનાથ ભગવાનના સ્તવનમાં અંતે એ કહી આવ્યા કે જેવી રીતે સમુદ્રમાં પડેલું જળબિંદુ એમાં ભળી જઈને અક્ષય-અભંગ થાય છે, એવી રીતે પ્રભુના ગુણોમાં ભળેલો મારો પ્રેમ અક્ષય-અભંગ થઈ જવાનો. ભલે પ્રેમ બિંદુ જેટલો છે, પરંતુ પ્રેમની પાછળ પાગલ છું તેથી પ્રભુની પાછળ દોડું છું તો એ કેમ અક્ષય-અભંગ નહીં થાય ?

"પ્રભુ ગુણ પ્રેમે, ભવ દુઃખ શમે."

પરંતુ આમાં હે પ્રભુ ! મારે તમારી સહાયતાની જરૂર છે. તમારા પર પ્રેમ તો ઊભો થઈ ગયો, કિન્તુ આ મારા પ્રેમને નભાવવાનું-ટકાવવાનું કામ તમારું છે. તમે એને નભાવશો તો મારો પ્રેમ કર્યો લેખે છે, તો જ મારા સમસ્ત દુઃખો શમી

જવાના.

પ્રશ્ન : પ્રભુના પ્રેમથી દુઃખ શમે ? કે પ્રભુના ગુણના પ્રેમથી દુઃખ શમે ?

ઉત્તર : પ્રભુના ગુણનો પ્રેમ પ્રભુ પર પ્રેમ ઊભો કરે છે, ગુણનો અનુરાગ છે તો ગુણી પર અનુરાગ થવો સહજ છે. સીતાજીને રામના ગુણો ગમતા હતા, તો રામ પણ ગમતા હતા. માણસને કેરીનો રસ ગમે છે, તો કેરી પણ ગમે જ છે. એમ આપણને એ પ્રભુની વીતરાગતા બહુ ગમે છે, તો વીતરાગ પ્રભુ પણ બહુ ગમે. આમ પ્રભુ પર અત્યન્ત પ્રેમ થાય તો પ્રભુ પર પ્રેમ થયા પછી એને ટકાવવો જોઈએ, તો આગળ જતાં એ પ્રેમ ક્ષાયિક યાને અવિનાશી પ્રેમ બની જાય; એટલે આત્મા પણ ભગવાનની જેમ અવિનાશી બની જાય, કાયમને માટે સિદ્ધ-બુદ્ધ-મુક્ત બની જાય.

અવિનાશી ભગવાન પર પ્રેમ આત્માને અવિનાશી કરે છે.

ભગવાનનો સ્વભાવ એવો છે કે ભક્તને પણ એવા બનાવે છે. પોતે જેમ જિન-તીર્ણ-બુદ્ધ-મુક્ત બન્યા છે એમ ભક્તને પણ જિન-તીર્ણ વગેરે બનાવનારા છે. માટે 'નમુત્થુણં'માં ભગવાનની સ્તુતિ કરતાં જિણાણં-જાવયાણં, તિન્નાણં-તારયાણં... વગેરે કહ્યું છે.

માનવ જીવન જીવવાની મજા આ છે કે આપણે અનાદિના વિપરીત જ્ઞાનને મિટાવી સમ્યગ્જ્ઞાન પામીએ, અને ભગવાન દ્વારા આપણે પણ જિન-તીર્ણ-બુદ્ધ-મુક્ત યાને રાગ-દ્વેષને જીતનારા, અને અજ્ઞાનને તરી જનારા કેવળજ્ઞાની અને મુક્ત બનીએ. પાણી વલોવવાથી માખણ ન નીકળે. દહીં વલોવવાથી માખણ નીકળે. એમ, જેમ તેમ જીવન જીવવાથી અર્થાત્ વિષય-કષાય-મિથ્યાત્વાદિનું જીવન જીવવાથી માખણતુલ્ય સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર અને સમત્વભાવ ન મળે, તો એ ન મળે ત્યાં સુધી ભવભ્રમણના મહાદુઃખનો અંત પણ ક્યાંથી આવે ?

સમત્વ ભાવ ઉપર 'કેસરી ચોર' નું દૃષ્ટાંત :

એક સમત્વભાવ કેવો ચમત્કાર સર્જે છે એના પર શાસ્ત્રમાં **કેસરી ચોર**નું એક દૃષ્ટાન્ત આવે છે. મૂળ તો એ શ્રાવક શેઠનો દીકરો, પણ કુસંગતથી વ્યસની થઈ ગયેલો, તેથી બાપ એને વારંવાર શિખામણ આપતો; પણ એ સુધરતો નહોતો; એટલે બાપે ખાનગીમાં રાજાને કહ્યું, 'આપ આને કાંઈક શિખામણ આપો, તો એ સુધરે'. રાજાએ કેશરીને બોલાવી કહ્યું "તું કેટલો બધો પુણ્યશાળી છે કે તને ઉત્તમ જૈનકુળમાં જન્મ મળ્યો છે. તું હોશિયાર પણ છે અને આગળ પર તારા કુળની કીર્તિ વધારે એવો છે. ફક્ત, લોકમાં જરાક તારા માટે કહેવાય છે કે આ વ્યસની થઈ ગયો છે. તે તું સુધારી લે, વ્યસન છોડી દે, તો બહુ સુખી થઈ જાય...!"

આ સાંભળીને કેસરી અભિમાની હોવાથી શાનો સ્વીકારી લે ? એ તો રાજાની સામે જેમ તેમ બોલવા લાગ્યો, 'તમે મોટા રાજા થયા એટલે બીજા પર ખોટા આરોપ મૂકવાનો તમને અધિકાર મળી ગયો ?' રાજાએ જોયું કે 'આ નાલાયક છે, ઘરે રહીને પણ એના બાપને નુકસાન કરશે,' એમ વિચારી એને કહે છે, "નાલાયક ! સુધરવાને બદલે મારી સામું બોલે છે ? નીકળી જા મારા નગરમાંથી બહાર, ખબરદાર જો પાછો આવ્યો તો ?" સિપાહીને બોલાવી કેસરીને દેશનિકાલની સજા કરી નગર બહાર હાંકી કાઢવા કહી દીધું.

સિપાહી કેસરીને જંગલમાં મૂકી આવ્યો, કેસરી આગળ આગળ જતાં એક જોગીને ઉપર આકાશમાંથી જંગલમાં નીચે ઊતરતો જુએ છે. તેથી એક ઝાડની ઓથે છૂપાઈને જુએ છે કે જોગી શું કરે છે ? જોગી નીચે એક સરોવર આગળ ઊતરી, પગમાંથી પવનપાવડી બહાર મૂકી સરોવરમાં સ્નાન કરવા પેઠો. કેસરીએ લાગ જોઈ જ્યાં પેલાએ પાણીમાં ડૂબકી મારી કે દોડીને પવનપાવડી પગમાં પહેરી શહેરની બીજી બાજુ જવા સંકલ્પ કર્યો કે ઉડ્યો આકાશમાં ! પેલો જોગી બહાર મોઢું કાઢતાં આ જુએ છે પણ હવે શું કરે ?

કેસરી પછી તો એવી રીતે ચોરીઓ કરે છે કે પકડાય જ નહીં, કેમકે રાતના ઉપરથી સીધો અગાસીમાં ઉતરી મકાનની અંદર જઈ ચોરી કરી લઈ પાછો અગાસીમાંથી ઉપર ઊડી જાય છે ! સિપાઈઓ નીચે ને નીચે ફાંફાં માર્યા કરે, પણ એ ક્યાંથી પકડાય ? એની લાંબી કથા છે...

એને પકડી લાવવાનું બીડું ઝડપનાર વેશ્યા, ફોજદાર, દીવાન, રાજા... બધાને કેશરી બનાવી જાય છે. છેવટે રાજા બીજીવાર જંગલમાં અંદર જઈ મંદિરમાં દેવીને સોના-રૂપાના ઘરેણાં ચડાવેલા જોઈ પૂજારીને પૂછતાં રાજાને ખબર પડી કે 'કોઈ માણસ અહીં આવી ચડાવી જાય છે' તેથી શંકા પડતાં રાજા ત્યાં અંદર બારણાંની પાછળ છુપાઈ જાય છે, કેસરી ત્યાં બહાર પવનપાવડી કાઢી અંદર જઈ જેવો દેવી પાસે પ્રાર્થના કરવા જાય છે કે તરત જ રાજા એને પકડવા બહાર નીકળે છે, એટલામાં તો પેલો ભાગી એક પાવડી ઉઠાવી રાજાના મોઢાં સામે ફેંકે છે, અને પોતે ભાગે છે.

રાજાને લલાટમાં લાગવાથી બેસી જાય છે, પછી સહેજ કળ વળી ત્યારે ઊઠીને બહાર નીકળી એ અને એના ઈશારાથી ઝાડીમાં છૂપાઈ બેઠેલા સિપાઈઓ ચોરની પાછળ દોડે છે, ચોર બહુ આગળ નીકળી ગયો છે. પરંતુ એને પાછળથી માણસો દોડવાનો અવાજ આવે છે. એટલે એ ખૂબ ઝડપથી દોડે છે. ત્યાં આગળ એક મહાત્માને ધ્યાનમાં ઊભેલાં જોઈ વિચારે છે કે 'હવે મારે બચવાનો બીજો

ઉપાય નથી, મને બચાવે તો આ મહાત્મા બચાવે; નહીંતર તો છેવટે 'હું પકડાઈ જવાનો; અને રાજા મને ભયંકર સજા ફટકારશે.'' એમ વિચારી મહાત્માને પગે પડી કેસરી વિનંતી કરે છે, ''પ્રભુ ! મહાભયમાં છું, મને બચાવો.''

એ વખતે મહાત્મા એને કહે છે, 'સામાયિકના સમત્વ ભાવમાં હોય એને કશો ભય નથી.'

કેસરી પોતે પૂર્વ ભવે સામાયિક-ચારિત્રનો જબરદસ્ત આરાધક હતો. પણ એમાં જરાક વિરાધનાની ભૂલ કરેલી, તેથી અહીં આ સ્થિતિમાં આવેલો. તેમજ અહીં બાપને ઘેર અવાર-નવાર-ધર્મનો પરિચય સાંભળેલો, તેથી... હવે અહીં મહાત્માને જોઈ અને એમની સામાયિક-સમત્વભાવના વચન સાંભળી, એ પર ઊંડો ઉહાપોહ કરતાં એને પૂર્વ જન્મનાં સામાયિકનું સ્મરણ થઈ આવ્યું, એટલે ત્યાં જ જીવનભરનું સામાયિક સ્વીકારી લઈ, કાઉસ્સગ્ગ ધ્યાનમાં એ ઊભો રહી ગયો અને સમત્વભાવની ભાવના પર ચડ્યો, 'મારે શત્રુ કોણ ? અને મિત્ર કોણ ?' 'એગોઽહં નત્થિ મે કોઈ' 'મારો આત્મા એકલો જ છે, ને મારું કોઈ જ નથી, મારું કશું જ નથી,' 'આ શરીર પણ મારું નથી, એને કોઈ ફૂલહાર કરે કે માર મારે, મારે કશી લેવા દેવા નથી; મારે હાર-માર બધું જ સમાન છે. ખરું તો **'એગો મે સાસઓ અપ્પા નાણ-દંસણ સંજુઓ,'** મારે તો જ્ઞાન-દર્શનથી યુક્ત એક શાશ્વત આત્મા જ મારો છે... બાકી બધા મારે મન બાહ્યભાવો તરીકે સમાન છે, ચાહે શત્રુ હો કે મિત્ર હો...' એમ કેસરી સમત્વની ભાવનામાં ચડતાં ત્યાં જ વીતરાગ બની કેવળજ્ઞાન પામી ગયો !

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' **વર્ષ-૪૧,અંક-૨૫,તા.૨૭-૩-૧૯૯૩**

હવે જુઓ અહીં કેવી મજા થઈ, કે એક બાજુ રાજા દૂરથી જ એને ઊભેલો જોઈ, એ સિપાઈઓને 'પકડો પકડો ચોરને,' એમ કહી દોડાવે છે ! ત્યારે બીજી બાજુ આકાશમાંથી દેવતાઓ કેવળજ્ઞાનની ઉજવણી કરવા ઝનનન ઝનનનના અવાજ કરતા વાજિંત્રો અને જયનાદ સાથે નીચે ઊતરી રહ્યા છે ! આ જોતાં રાજા અને સિપાઈઓ થંભી જાય છે ! હવે કોની મજાલ છે કે દેવતાઓની સામે દોડીને કેશરીને પકડી શકે ?

દેવતાઓએ નીચે ઊતરી 'જય હો, જય હો, કેવળજ્ઞાની કેસરી મહર્ષિનો જય હો,' એમ કહી એમને સાધુવેશ આપ્યો, અને કેવળજ્ઞાનીને સોનાના કમળ પર બેસાડી એ વંદના કરે છે, અને વિનંતી કરે છે, 'પ્રભુ ! દેશના આપો.'

દેવતાઓ દેશના સાંભળવા કેવળજ્ઞાનીની સામે ગોઠવાઈ ગયા, ત્યારે ચમત્કાર પામેલો રાજા અને સિપાઈઓ પણ દેવોની પાછળ ગોઠવાઈ ગયા. અરે ! પેલા મહાત્મા મુનિ પણ ત્યાં બેસી ગયા અને કેવળજ્ઞાની કેશરી મહર્ષિએ પોતાનો અહેવાલ કહેવા સાથે સામાયિકના સમત્વભાવ ઉપર દેશના લલકારી... ! ચોર કેવળજ્ઞાની બને અને ધર્મદેશના આપે એના પર બીજાઓ ધર્મ પામે એનું પૂછવું જ શું ?

વાત આ હતી કે સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર સાથે સમત્વભાવ આવી જાય તો ભવભ્રમણના દુઃખ મટી જાય. એ માટે સમત્વભાવના રાજા અરિહંત ભગવાનનું આલંબન પકડવું જોઈએ. તેથી કવિ અહીં કહે છે,-

'થાશું પ્રેમ-બન્યો છે રાજ, નિરવહેશો તો લેખે.'

પ્રભુ ! મારે તમારા પર પ્રેમ લાગ્યો છે, કેમ કે તમે સમત્વના ધણી, ને સમત્વના દાતાર છો. એટલે તમને વળગવાથી, તમારું આલંબન લેવાથી, મારે પણ સમત્વ સિદ્ધ થશે. અને એ સિદ્ધ થવાથી મારા ભવનાં દુઃખ ભાગી જશે, એવો મને વિશ્વાસ છે. એ યુક્તિયુક્ત વાત છે કે -

વીતરાગ ભગવાનનું પ્રેમપૂર્વક આલંબન કરાય તો આ અનંતકાળથી ચાલ્યાં આવતાં 'જન્મો-જીવો-મરો...' 'જન્મો-જીવો-મરો'નાં મહાદુઃખ મીટે.

કેમકે, ભગવાન પોતે એનો અંત લાવનારા બન્યા છે, અને અનંત અવ્યાબાધ સુખના સ્વામી થયા છે. એવા વીતરાગ ભગવાનને આપણે ભાવથી નમવું-ભજવું જોઈએ, 'ભાવથી એટલે કે એમની આજ્ઞા (જિનાજ્ઞા) જ તારણહાર છે' માટે એ જ સેવવા યોગ્ય છે.' એવી દઢ શ્રદ્ધાથી અને જિનાજ્ઞાના શક્ય સેવનપૂર્વક તેમજ હૈયે મૈત્રી-કરુણા-પ્રમોદ-માધ્યસ્થ્યના પવિત્ર ભાવ રાખવા પૂર્વક. નહીંતર એક બાજુ ભગવાનને ભજીએ-પૂજીએ અને બીજી બાજુ એમની આજ્ઞા (જિનાજ્ઞા)ની વિરાધના કરીએ, અથવા મૈત્રી આદિ પવિત્ર ભાવને બદલે હૈયે વૈર-વિરોધ આદિ મલિન ભાવો રાખીએ તો એમાં ભગવાનને સાચાં ભજ્યા-પૂજ્યા ન ગણાય. એથી કાંઈ ભગવાનની કૃપા ન મળે. ને **વીતરાગ ભગવાનની કૃપા વિના કાંઈ સીઝે નહીં.**

કવિ કહે છે, **'તુજ કરુણાની લહેરે રે મુજ કારજ સરે'** ભગવાન પર આપણો પ્રેમ અને આપણા પર ભગવાનની કરુણા આવી જાય તો કામ બની જાય.

હવે અહીં મુસીબત એ છે કે આપણે તો રાગી છીએ એટલે ભગવાન પર રાગ યાને પ્રેમ કરી શકીએ; પરંતુ ભગવાન પોતે તો વીતરાગ છે એટલે એ રાગ વિનાના હોઈ આપણા પર કરુણા ક્યાંથી કરવાના ? કરુણા-દયા એ પણ પ્રશસ્ત કોટિનો રાગ છે. વીતરાગને એ હોય નહીં. આમ, જેમ મિંયા-મહાદેવનો મેળ ન ખાય, એમ રાગી-વીતરાગનો મેળ શી રીતે મળે ? કવિ એ જ કહે છે-

મેં રાગી થેં છો નિરાગી, અણજુગતે હોય હાંસી;
એક પખો જે નેહ નિરવહેવો, તેમાં કી શાબાશી... થાશું...૧.

અર્થ : પ્રભુ ! હું રાગી છું ને તમે રાગરહિત વીતરાગ છો. (આપણાં બેના આવા) અજુગતાં સંબંધમાં તો મશ્કરી થાય છે. (પછી મારે જે) એક પાક્ષિક સ્નેહ નભાવવો પડે છે. આપનો સ્નેહ નથી પામી શકતો એમાં મારી શી બડાઈ છે ? (અથવા આપ સ્નેહ નથી કરતા છતાં હું તમારા પર સ્નેહ કરું છું એટલી મારી શાબાશી છે.)

વિવેચન : ભગવાન આપણા પર પ્રેમ-રાગ નથી કરતા કેમકે પોતે વીતરાગ છે અને આપણે રાગી હોઈ ભગવાન પર પ્રેમ કરીએ છીએ, એ અજુગતો સંબંધ થાય છે. વહેવારમાં કહેવાય છે કે, "કોઈ વેંત નમે તો કોઈ હાથ નમે" પણ અહીં તો પ્રભુ રાગ કરતા જ નથી તો અમારે શી રીતે રાગ કરવો ? આમાં હાંસી થાય છે; જેમકે મિત્ર-મિત્રમાં એકને બિલકુલ પ્રેમ જ ન હોય અને બીજો એને બહુ પ્રેમથી વળગવા જાય તો પાછો પડે છે અને લોક એની સામે હસે છે કે, 'લ્યો મોટા ઉપાડે વળગવા ગયા હતા, તે પાછા પડ્યા !' એમ પ્રભુ ! લોક મારી હાંસી કરે છે માટે મારા પર પ્રભુ કરુણા કરો.

આટલી મારી વિનંતી છતાં જો પ્રભુ ! આપ કરુણા નથી કરતા, પ્રેમ નથી દર્શાવતા, તો પછી મારો રાગ એક પાક્ષિક બનશે. એવો એક પાક્ષિક રાગ મારે ટકાવવો **'તેમાં કી શાબાશી' 'તે માંકી શાબાશી'** ના બે અર્થ,

(૧) તેમાં કી (શી) શાબાશી ?

(૨) તે માંકી (મારી) શાબાશી.

(૧) તેમાં શી શાબાશી છે ? અર્થાત્ પ્રભુ હું તમારા પર પ્રેમ કરું છું પરંતુ જો મારા પર તમારા પ્રેમને નથી ખેંચી શકતો, તો પછી એ સ્થિતિમાં મારી અને મારા પ્રેમની શી બડાઈ રહી ? એનાથી કયું મારું મુક્તિનું કાર્ય સીઝવાનું હતું ?

કવિ અહીં પોતાના પ્રભુ-પ્રેમ પર નિરાંત વાળીને નથી બેસતા કે, "ચાલો હું ભગવાન પર પ્રેમ-ભક્તિ રાખીને ભગવદ્ભજન કરું છું એટલે, 'ભગવાનની કૃપા મારા પર ઊતરી કે નહીં' એ કાંઈ મારે જોવાની જરૂર નથી. ભગવાનની કૃપા કરુણા વિના પણ મારા ભગવત્-પ્રેમથી મારો ઉદ્ધાર થઈ જશે." કવિ એમ કાંઈ માંડવાળ નથી કરતા, એ તો સમજે છે કે 'ભગવાન મારા પર કરુણા કરે એ તો મારે ખાસ જોઈએ છે.' એટલે તો સંભવનાથ ભગવાનના સ્તવનમાં એમણે કહ્યું,

"કાળ-લબ્ધિ' મુજ મત ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે.'

'કાળ-લબ્ધિ' યાને 'આત્માના ઉદ્ધાર માટે આ કાળમાં મળવી શક્ય શાસ્ત્રો અને રત્નત્રયીનાં અનુષ્ઠાનાદિની સામગ્રી.' એ તને જે મળી છે એનાથી તારું કામ સીઝી જશે, એવું હે પ્રભુ ! તમે ગણશો નહીં, તમે એવું માનશો નહીં; કેમકે એ

બધા તો સાધારણ કારણો છે, પરંતુ એ બધાં ઉપરાંત જે અસાધારણ કારણની જરૂર છે, તે છે તમારી ભાવકરુણા... એના વિના બધાય સાધારણ કારણ નિષ્ક્રિય થઈને પડ્યાં રહે; કાર્યસિદ્ધિ ન કરી શકે. કાર્યસિદ્ધિ થાય તો તે અરિહંતની ભાવકરુણાથી જ થાય. માટે હે નાથ ! હું તમારી પાસે ભાવકરુણાની યાચના કરું છું. મારા પર ભાવકરુણાની મહેર વરસાવો.

અહીં 'ભાવ-કરુણા એટલે શું ?' એ પ્રશ્ન થવો સહજ છે. ઉત્તર એ છે કે :-

"અરિહંત પ્રભુની ભાવકરુણા એટલે અરિહંત ભગવાનનો અચિન્ત્ય પ્રભાવ."

આ અચિન્ત્ય પ્રભાવ શું છે ? એ આગળની ગાથામાં સમજાશે. 'તેમાં કી શાબાશી ?' એ વિચાર્યું. એમાં અહંત્વ બાજુએ મૂકવાની વાત આવી. અને પ્રભુની કરુણાની અગત્યતા બતાવી. હવે-

(૨) **"તે માંકી શાબાશી" નો વિચાર કરીએ.**

આનો અર્થ એ છે કે 'પ્રભુ ! હું તો રાગી છું અને તમે નિરાગી છો, વીતરાગ છો. એટલે રાગ એક પક્ષે કરવાનો રહ્યો, એટલે કે રાગ મારે કરવાનો રહ્યો, ને તમે તો રાગ (પ્રેમ) કરવાના નથી; તો પછી આ મારો તમારા પર રાગ ટકે ખરો ? સામો જરાય પ્રેમ ન દેખાડે તો એના પર આપણો પ્રેમ કેવી રીતે ટકે ? બચ્ચું માતા પર પ્રેમ કરે છે, કેમકે માતાનો પોતાના પર પ્રેમ દેખે છે. જો માતાનો જરા પણ પ્રેમ ન દેખે તો ક્યાં સુધી બચ્ચું પ્રેમ કરશે ? એમ, પ્રભુ જો આપનો ભક્તપર રાગ-પ્રેમ ન હોય તો ભક્ત તમારા પર રાગ-પ્રેમ ક્યાં સુધી ટકાવી શકે ? છતાં જો ભક્ત પ્રેમ ટકાવે તો એ એની શાબાશી ગણાય.

મહાવીર ભગવાનને ગૌતમ પર રાગ નહોતો, છતાં ગૌતમસ્વામીએ પ્રભુ પર અખંડ રાગ રાખેલો. એટલે તો ગુરુ-ભક્તિ માટે દૃષ્ટાન્ત ગૌતમ મહારાજનું અપાય છે કે ગુરુની ભક્તિ કેવી કરો ? તો કે જેવી ગૌતમ મહારાજે કરી તેવી. આમાં ગૌતમ મહારાજની વડાઈ ગણાય.

પતિ પવનંજયનો ૨૨-૨૨ વર્ષ સુધી પત્ની અંજનાસુંદરી પર રાગ નહોતો છતાં અંજનાસુંદરીએ ૨૨-૨૨ વર્ષ સુધી પવનંજય પર રાગ અખંડ રાખ્યો હતો. એ અંજનાની વડાઈ ગણાય.

રામચંદ્રજીએ સીતાજી પરનો રાગ છોડી એમને જંગલમાં ધકેલ્યા ! છતાં સીતાજીએ રામચંદ્રજી પર રાગ ન તોડ્યો. એટલે દીકરા લવણ-અંકુશ જ્યારે કહે છે "મા ! અમારા બાપુજી ને કાકા શું સમજે છે ? 'સીતાનો કોઈ રખેવાળ-બેલી નથી માટે એમને જંગલમાં ધકેલી શકાય છે એમ ?' અમે હવે રખેવાળ તૈયાર થઈ ગયા છીએ; જઈએ છીએ એમની સાથે લડીને બતાવી આપવા; તું અમને આશીર્વાદ આપ;" ત્યારે સીતાજી કહે છે "ગાંડાઓ ! તમારા બાપુ સાથે લડવા જવું છે એમાં હું આશીર્વાદ આપું ? એમના દર્શન કરવા અને પગે પડવા જવું હોય તો જાઓ,

મારા તમને આશીર્વાદ છે." પતિ પર રાગ વિના આવું બોલાય ?

તાત્પર્ય, આ બધાએ એક પાક્ષિક સ્નેહ જાળવ્યો હતો, એ એમની વડાઈ હતી, તો કવિ પ્રભુને કહે છે, 'પ્રભુ ! ભલે આપ રાગ ન કરો, હું તો એક પાક્ષિક રાગ ધરવાનો, એ માંકી (મારી) શાબાશી છે.'

કવિને પ્રભુ પર કેવો નિઃસ્વાર્થ પ્રેમ થઈ ગયો હશે ? કેવો બિનશરતી સ્નેહ થઈ ગયો હશે કે આમ કહેતા હશે ? પ્રભુ પરના પોતાના પ્રેમનો કશો બદલો ન મળો, પણ પોતાને પ્રભુ પર પ્રેમ કરવો છે, ને એને અખંડ નભાવવો છે.

માણસને જીવનમાં જ્યારે બીજી-ત્રીજી એષણાઓ મરી જાય ત્યારે દેવાધિદેવ અને ગુરુ પર આવો નિઃસ્વાર્થ પ્રેમ જાગે છે. જીવનમાં આ જ કરવા જેવું છે, **'સ્વાર્થ ગૌણ, પરાર્થ (પરોપકાર) મુખ્ય.'**

કુદરતનો હિસાબ જોઈએ તો પણ આ જ દેખાય છે કે આપણી આંખો પોતાનું મોં નથી જોઈ શકતી, છતાં બીજાઓનાં મોં ખુશખુશાલ જોઈ શકે છે. એ સૂચવે છે કે **પોતાનું મોં એટલે પોતાનો સ્વાર્થ જોવાની દરકાર ન રાખો, બીજાનાં મોં એટલે કે બીજાનાં હિતને, બીજાના કાર્યને ધ્યાનમાં લો.** આપણે જાનવર નથી, માનવ છીએ, જાનવર માત્ર પોતાનો સ્વાર્થ જુએ, માનવ ઊંચી કક્ષા પર છે, એ બીજાનું ભલું જુએ. માટે તો અહિંસા અને કરુણા પાયાનો ધર્મ છે એમાં પણ ઊંચા સ્તરના આર્ય માનવીની આ વિશેષતા છે કે પોતાની કરુણાથી સામાએ બદલામાં પોતાને કઈ લાભ કરાવ્યો કે નહીં એ ન જુએ. એ તો માને કે મારું કામ એક જ, કે આ નાશવંત જિંદગીમાં મારાથી બીજાનું ભલું જેટલું થાય એટલું કરી જવું. મારે બદલામાં કશું જોઈતું નથી. ઊંચી કક્ષાના આર્ય માનવે આ જ જીવનમંત્ર બનાવ્યો હોય.

એવું જ અહીં કવિ કહે છે 'હું જાણું છું ભગવાન મારા પર રાગ પ્રેમ નથી કરતાં, પરંતુ ભક્ત તરીકે 'એક પખો જે નેહ'... મારી વડાઈ આ છે કે મારે ભગવાન પર પ્રેમ કરવાનો અને એ પ્રેમને ટકાવવાનો-વધારતા જવાનો.' **'એક પખો જે નેહ નિરવહેવો, તે માંકી શાબાશી.'**

ભક્ત હૃદય કદી નિરાશા અનુભવે નહીં, તે એક જ વિશ્વાસ પર કે, "મારે આદર્શ પરમાત્મા ભક્તિ કરવા મળ્યા છે, માટે મારે કશી ન્યૂનતા નથી, હું શા માટે નિરાશ થાઉં ? મારે તો ભક્તિ એ જ જીવન છે, એ જ હું જીવી રહ્યો છું. ભક્તિ ન હોય એ મૃત્યુ છે."

એમ ભક્ત હૃદય કદી બદલાની અપેક્ષા રાખે નહીં, પછી 'ભગવાને મારી ભક્તિના બદલામાં મારા પર દયા કરી કે નહીં ?' એ શું કામ જોવા બેસે ? એને તો એકમાત્ર ભક્તિની કામના છે, એના કોઈ ફળની કામના નહીં; કેમકે એ સમજે છે કે 'ભગવાને મને ઠેઠ નિગોદમાંથી કાઢી આટલે ઊંચે માનવભવના થાળે લાવી

મૂક્યો, ઉપરાંત મોક્ષપ્રાપક જિનશાસન આપી દીધું; એટલે કે ભગવાને તો મારું ઘણું કર્યું, હવે મારી વારી છે કે ભગવાનનું હું કરું. ભગવાને તો મને ઘણું ઘણું આપ્યું છે, હવે મારી વારી છે કે ભગવાનની ભક્તિમાં મારા મન-વચન-કાયાના યોગો સોંપું.'

આવી નિષ્કામ જિનભક્તિ એ ભક્તનું લક્ષણ છે, અને એ જિનભક્તિ અચિંત્ય કાર્ય સિદ્ધ કરી આપે છે.

આચાર્ય શ્રી માનતુંગસૂરિજી મહારાજને રાજાએ પરીક્ષાર્થે હાથે-પગે ને આખા શરીરે ૪૪ બેડીઓથી જકડી ઓરડામાં બેસાડ્યા. આચાર્ય મહારાજે અર્હદ્-ભક્તિના બળે એમાંથી મુક્ત થઈ બહાર આવવાનું હતું, તો એમણે શું કર્યું ? 'ભક્તામર સ્તોત્ર' ગાઈ એ તદ્દન બંધન-મુક્ત બન્યા, ને બહાર ચાલી આવ્યા. એ સ્તોત્ર રચવામાં શ્લોકે શ્લોકે ભગવાનના ગુણ ગાયા, પણ એમાં ક્યાંય 'પ્રભુ મારાં આ બેડીના બંધન કાપજો,' એવી પ્રાર્થના ન કરી, કેમ ન કરી ? કહો-

સાધના વખતે સાધનાનો જ વિચાર રાખો, ફળનો વિચાર ન કરો, નહિતર સાધના લૂલી થઈ જશે.

અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજને કેવળજ્ઞાની બનેલા એમના જ પ્રતિબોધિત અને સાધ્વી થયેલ પુષ્પચૂલા મહર્ષિણીએ, 'ગંગા પાર કરતાં કેવળજ્ઞાન પામશો,' એમ કહેલું તેથી તરત જ ચાલ્યા ગંગા પાર કરવા, પરંતુ નાવડામાં બેઠા પછી જ્યાં વૈરી દેવતાનો ઉપદ્રવ આવ્યો, અને ડોલમૂડોલ થયેલ નાવડાના પ્રવાસીઓએ એમને ઊંચકીને વિરાટ ગંગામાં ફેંક્યા, ત્યાં આચાર્ય ભગવંતે મોક્ષનો વિચાર ન કર્યો કે "સાધ્વીજીએ મને તો અહીં કેવળજ્ઞાન પામવાનું કહેલું, અને હાય ! અહીં તો આ ઉપદ્રવ આવ્યો !" એમ ન વિચાર્યું એ તો પોતાની સંયમ-સાધનાનો જ વિચાર રાખી એને વધુ તેજસ્વી બનાવવાની આ રીતે ભાવના કરે છે.-

"અરે ! મારે તો સંયમ છે, ત્રિવિધે ત્રિવિધે સમસ્ત જીવોને અભયદાન છે, ને આ શું આવ્યું ? નાવડાના લોકો બિચારા મારા શરીરનું જ નિમિત્ત પામી મને ઉછાળવાનું પાપ કરી રહ્યાં છે ! એમ આ ભાલો ભોંકનારો બિચારો પણ મારાં શરીરનું જ નિમિત્ત પામી નરકનાં પાપ બાંધી રહ્યો છે ! તેમ નીચે નદીના પાણીમાં અસંખ્ય અપ્કાય જીવો અને બીજા ત્રસ જીવો બિચારા મારા લોહીથી જ મરણાન્ત કષ્ટ વેઠી રહ્યા છે ! ક્યાં મારું સંયમ ? અને ક્યાં આ જીવવિરાધના ?" આમ સાધનાની જ વિચારણામાં અંતે કેવળજ્ઞાન અને મોક્ષ પામી જાય છે.

તમારી સાધનાને બળવાન-જોરદાર કરો, સિદ્ધિ તો સહજ ભાવે આવવાની જ છે.

ગુરુની સેવા કરતી વખતે જો એ જોયા કરે કે 'ગુરુ આનાથી મારા પર રાજી થયા કે નહીં ?' તો એ સેવા જોરદાર નહીં બને, એ તો સેવા એટલે સેવા

જ કરવાની, સારામાં સારી સેવા કરવાની. 'ગુરુ બીજા પર નહીં, પણ મારા પર વધારે રાજી થાય' એવું કશું જોવાનું નહીં, તો જ જોરદાર સેવા થાય.

અહીં કવિએ પણ આ જ રાખ્યું છે કે પ્રભુ મારા પર ભલે રાગ ન કરે, મારે તો પ્રભુ પર રાગ રાખવાનો જ છે; ને એમાં જ મારી વડાઈ યાને સમયજ્ઞતા છે.

'તેમાં કી શાબાશી' અને 'તે માંકી શાબાશી' આ બન્ને પ્રકારમાં સારાંશ.-

'પહેલામાં પ્રભુની મહેર લઈને જંપીશ' એ આશય છે અને બીજામાં, 'મારે તો, પ્રભુ રાગ ન કરે તો પણ, પ્રભુ પર નિઃસ્વાર્થ રાગ કરવાનો છે.'

નિરાગી સેવ્યે કાંઇ હોવે ? ઇમ મનમાં નવિ આણું;
ફલે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુજ ભક્તિ પ્રમાણું...થાશું...૨.

અર્થાત્ 'રાગ વિનાનાને સેવવાથી શું કાંઈ મળતું હશે ?' એવું હું મનમાં લાવતો નથી. કેમકે જેમ અચેતન (જડ) ચિંતામણિ આરાધ્યાથી ફળે છે તેમ તારી પણ ભક્તિ-આરાધના (જરૂર) ફળે એમ હું પ્રમાણ સિદ્ધ માનું છું.

વિવેચન : પૂર્વ ગાથામાં એમ કહ્યું કે, 'હું તો પ્રભુ પર રાગ કરું છું, પરંતુ પ્રભુ વીતરાગ હોઈ મારા પર રાગ કરતા નથી,' તો સવાલ થાય કે 'પછી એવા રાગ વિનાનાને સેવવાથી શું વળે ? શું એવા નિરાગીને સેવવા-આરાધવાથી કંઈ ફળ મળતું હશે ?' અર્થાત્ નિરાગીની સેવા-આરાધના તો નિષ્ફળ જ જાય ને ? જેમને આપણા પર રાગ નહિ, પ્રેમ નહિ, સ્નેહ નહિ, એ શું કામ આપણા તરફ ખેંચાય ? શું કામ બીજાને મૂકી આપણું વાંછિત સિદ્ધ કરી આપે ? અને જો આપણું એમનાથી કશું ભલું ન થતું હોય તો આપણે એમના પર રાગ-પ્રેમ કરવો નકામો ઠરે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪૧,અંક-૨૬,તા.૩-૪-૧૯૯૩

વહેવારમાં પણ દેખાય છે કે ગાયને દોહનાર ક્યારેય એની લાત પણ ખમી લે છે. પણ ક્યારે ? જો એ ગાય દૂઝણી છે. અર્થાત્ દૂધ આપનારી છે. સારાંશ, 'વીતરાગ તો કૃતકૃત્ય થઈ ગયા, વીતરાગ આપણું કશું કરે નહીં, આપણને સેવા-ફળ આપે નહિ. માટે વીતરાગ પર પ્રેમ અને વીતરાગની સેવા નિષ્ફળ છે; માટે એ સેવવા યોગ્ય નથી,' આવી કુમાન્યતા ધરનારા આજે વીતરાગ પારસનાથને મૂકી સરાગી ભૈરવ-પદ્માવતી દેવીની આરાધના કરવા લાગે છે, આદીશ્વર દાદાને બદલે ચક્રેશ્વરી દેવીની આરાધના કરવા બેસી જાય છે.

ત્યારે તમે કહોને કે, વીતરાગને મૂકી દેવી-દેવતાને આરાધે એ શું ખોટું કરે છે ? જેની પાસેથી ધન-માલ વગેરેનાં સુખ મળે એને જ ભજે ને ?

વીતરાગ ભગવાનને મૂકી સરાગી દેવી-દેવતાને આરાધે એ આટલી ભૂલો કરી રહ્યાં છે.

(૧) ઊંચા આર્ય મનુષ્ય જન્મમાં તો મોક્ષ અને મોક્ષનાં સાધન જે મેળવવા યોગ્ય છે, એના બદલે ધનમાલ કે જે જનમ પૂરો થતાં ઊડી જવાના છે, એને મેળવવા યોગ્ય માનવા એ જ મોટી ભૂલ કરી રહ્યા છે. ધનમાલ મેળવવા યોગ્ય છે એમ માનવાનો ભ્રમ સમકિતને મલિન કરી રહ્યો છે.

(૨) સરાગી દેવી-દેવતા અને ધનમાલને સારભૂત માની, અનંત અનંત કાળના એવા કુસંસ્કારોને દૃઢ કરી રહ્યા છે.

(૩) સરાગી દેવી-દેવતાને આગળ કરી, વીતરાગ પરમાત્માનું અવમૂલ્યાંકન કરી રહ્યા છે.

(૪) ભવાંતરમાં પણ વીતરાગ દેવાધિદેવને પ્રાપ્ત કરવાની લાયકાત ગુમાવી રહ્યા છે.

(૫) અહીં પણ પોતાના આશ્રિતોને અને બીજાઓને ખોટો ધડો આપી, એમને પણ સંસારના રાહે (ચડાવવાનું) ચડવાનું નિમિત્ત આપી રહ્યા છે.

વીતરાગ ભગવાનને ભજવાનું મૂકી સરાગી દેવી-દેવતાને વળગવામાં જો આટ-આટલાં ખોટાં કરવાનું થતું હોય, તો શા માટે એમને પડતા મૂકી વીતરાગ ભગવાનને જ વળગ્યાં ન રહેવું ? તો પૂછો-

પ્રશ્ન : સંસારમાં રહ્યા ત્યાં સુધી અમારે ધનમાલની જરૂર તો પડતી હોય અને વીતરાગ દેવ એ આપણને ધનમાલ આપતા ન હોય ને દેવી-દેવતા આપતા હોય, તો દેવી-દેવતાને વળગવું જ પડે ને ?

ઉત્તર : વીતરાગ આપણું કશું કરે નહિ એમ માનવું એ જ મોટી ભ્રમણા છે. એટલા માટે કવિ કહે છે કે,-

ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુજ ભક્તિ પ્રમાણું.

અર્થાત્ ચિંતામણિ અચેતન છે, જીવ નહીં જડ છે, ને એને એના આરાધક ઉપર રાગ નથી હોતો, છતાં એની આરાધના કરનારને એ ફળે છે, ઈચ્છિત આપે છે, તો પછી વીતરાગ ભગવાન તો પરમ ચેતન છે, તો એ એમની ભક્તિ કરનારને ફળે, ઈચ્છિત આપે, એમાં ક્યાં વાંધો આવે છે ? અહીં કદાચ એમ શંકા થાય કે,-

પ્રશ્ન : વીતરાગની ભક્તિ કરવાથી સારું ફળ મળે એમાં તો ફળ વીતરાગની ભક્તિએ આપ્યું ! વીતરાગે ક્યાં આપ્યું ?

ઉત્તર : તો આવું કહેવું એ અજ્ઞાનદશા છે; જેમકે ચિંતામણિરત્નની આરાધનાથી ઈચ્છિત ફળ મળ્યું 'એ ફળ તો આરાધનાએ આપ્યું, ચિંતામણિએ નહિ' એવું માનવું એ અજ્ઞાનદશા છે. ચિંતામણિ ચિંતિત આપે છે, એવો જ શિષ્ટ વ્યવહાર છે, ને એ યુક્તિયુક્ત પણ છે 'આરાધના તો બીજા કોઈ રત્નની કરો ને ? ચિંતિત-વાંછિત ફળ નહીં મળે; જ્યારે ચિંતામણિ રત્નની આરાધના કરો તો ચિંતિત

ફળ મળશે' એ સૂચવે છે કે મહત્ત્વ આરાધનાનું નહીં, કિન્તુ ચિંતામણિ રત્નનું છે. 'આરાધેલાં બીજાં રત્ન ફળે નહીં પણ આરાધેલું ચિંતામણિ રત્ન જ ફળે' એ આરાધનાની નહીં પણ ચિંતામણિ રત્નની મહત્તા સૂચવે છે. માટે લોકમાં પણ જેની પાસે ચિંતામણિ રત્ન છે એ ભાગ્યશાળી મનાય છે.

ભાગ્યશાળીપણું શાના ઉપર ? પાસે ચિંતામણિ રત્ન હોવા પર નહિ કે એની આરાધના હોવા પર. એટલે ચિંતામણિની આરાધના કરી અને ઇચ્છિત ફળ મળ્યું એ ફળ આરાધેલાં ચિંતામણિ રત્ને જ આપ્યું કહેવાય.

બસ, એવી જ રીતે બીજા દેવી-દેવતાની નહીં પણ વીતરાગ ભગવાનની જ ભક્તિ આરાધના કરો તો અચિન્ત્ય ફળ મળે ત્યાં પણ એ ફળ આરાધેલા વીતરાગ ભગવાને જ આપ્યું કહેવાય.

પ્રશ્ન : કિન્તુ વીતરાગ ભગવાન કશું કરતા તો દેખાતાં નથી, પછી એ ફળદાતાર શી રીતે ?

ઉત્તર : એમ તો ચિંતામણિ રત્ન પણ કશું કરતું દેખાતું નથી, તો પછી એ ફળદાતાર શી રીતે ? કહેવું પડે કે, ચિંતામણિ રત્નનો સ્વભાવ છે કે એ ઇચ્છિત ફળ આપે. જગતમાં વસ્તુ-વસ્તુના તેવા તેવા સ્વભાવ હોય છે. દા.ત. અગ્નિનો સ્વભાવ બાળવાનો, પાણીનો સ્વભાવ ઠારવાનો; સ્વભાવમાં પ્રશ્ન ન કરાય કે 'અગ્નિનો સ્વભાવ એવો કેમ ?' એવું એ બાળવાનું કામ કરે છે. એ બાળતો દેખાય છે, માટે માનવું પડે કે એનો બાળવાનો સ્વભાવ છે. પાણી ઠારવાનું કામ કરે છે માટે પાણીનો ઠારવાનો સ્વભાવ માનવો જ પડે છે. એમ ચિંતામણિ રત્ન ઇચ્છિત આપે છે માટે કહેવાય કે, ચિંતામણિ રત્નનો એવો સ્વભાવ છે કે એ ઇચ્છિત ફળ આપે. ત્યાં ચિંતામણિમાં ફળ આપવાની શી ક્રિયા થાય છે, એ જોવા ન બેસાય. બીજા રત્ન નહીં અને ચિંતામણિ જ ઇચ્છિત આપે છે માટે ચિંતામણિ રત્નનો ઇચ્છિત દાનનો સ્વભાવ જ માનવો પડે.

એવી રીતે વીતરાગ અરિહંત દેવમાં એવો સ્વભાવ છે કે એ અચિંન્ત્ય ફળ-દાન કરે. સ્વભાવમાં પ્રશ્ન ન કરાય કે 'એ ક્યાં કાંઈ ક્રિયા કરે છે ?' અથવા 'એવો જ સ્વભાવ કેમ ?' આવા પ્રશ્ન ન કરાય. બસ, ફળ પરથી કારણભૂત સ્વભાવનું અનુમાન થાય; અગ્નિથી વસ્તુ બળે છે, વસ્તુ બળવાનું ફળ દેખાય છે, માટે મનાય કે અગ્નિનો સ્વભાવ બાળવાનો.

એમ વીતરાગ અરિહંત દેવને ભજવાથી અચિંન્ત્ય ફળ મળતું દેખાય છે, માટે માનવું જ પડે કે વીતરાગ અરિહંત દેવમાં ભક્તિ દ્વારા અચિંન્ત્ય ફળ દેવાનો સ્વભાવ છે. એમનો એવો સ્વભાવ જ છે કે એમને વિધિપૂર્વક આરાધો તો એ અચિંન્ત્ય ફળ આપે જ, ચિંતામણિ તો ચિંતિત જ ફળ આપે, ત્યારે વીતરાગ અરિહંતદેવ ચિન્તાતીકાન્ત અચિંન્ત્ય ફળ દેનારા છે.

'અચિન્ત્ય' એટલે જેની કલ્પના આપણને ન આવે એવાં. દા.ત. વીતરાગ અરિહંત ભગવાન મોક્ષ આપે છે, એ મોક્ષમાં અનંત સુખ કેવાં ? એની આપણે કલ્પના કરી શકતા નથી. અરે ! વીતરાગ સ્વર્ગના ય કેવાં સુખ આપે છે, એની પણ આપણે કલ્પના કરી શકતા નથી. એમ વીતરાગનું ધ્યાન કરીએ તો આપણાં આત્મામાં કેવી કેવી કર્મ-નિર્જરા થતી આવે, કેવાં કેવાં પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જાતા જાય, એની પણ આપણે કલ્પના નથી કરી શકતા. એવાં અચિંન્ત્ય ફળને આપનાર વીતરાગ ભગવાન છે. એ જ શી રીતે આપે છે ? કહો, એ આપવાનો એમનો સ્વભાવ છે.

ચિંતામણિમાં આ સ્વભાવ, આ સામર્થ્ય, આ શક્તિ નહીં એ તો માત્ર આ ભવની જ સમૃદ્ધિઓ આપી શકે, પરલોકની નહીં. એટલે વીતરાગ અરિહંતદેવ ચિંતામણિ કરતાં લાખો કરોડો અબજો અરે ! અનંતગુણા ઊંચા છે. આપણે ફક્ત એમને શ્રદ્ધા અને પ્રેમથી આરાધવા જોઈએ.

શ્રદ્ધા મોટી ચીજ છે. "ભગવાન તો વીતરાગ છે, મોક્ષમાં જઈ બેઠા છે, એ આપણું ભલું શી રીતે કરી શકે ?" એવી અશ્રદ્ધા ન કરાય, શંકા ન કરાય, અશ્રદ્ધા-શંકા એ તો ઝેરનો કણિયો છે. ઝેરનો કણિયો મોટા તપેલા ભરેલા દૂધપાકને ય બગાડી નાખે. એમ થોડી પણ શંકા એ શ્રદ્ધાને બગાડી નાંખે છે, માટે કશી શંકા રાખ્યા વિના એવી દૃઢ શ્રદ્ધા રાખવી જોઈએ કે 'અરિહંત ભગવાનનો સ્વભાવ જ એવો છે કે એ આરાધાયા થકા અચિંન્ત્ય સિદ્ધિ કરી આપે; માત્ર હૃદયથી એમની તેવી જોરદાર ભક્તિ કરવી જોઈએ.'

માત્ર ધારેલા જ કાર્ય નહિ, કિંતુ નહિ ધારેલા યાને ધારણા બહારના પણ કાર્યો થવામાંય અરિહંત ભગવાન અસાધારણ કારણ છે.

પ્રશ્ન : જિનશાસનમાં તો કાર્યમાત્રની પ્રત્યે આ પાંચ કારણ કહ્યાં છે, - ભવિતવ્યતા, કાળ, સ્વભાવ, કર્મ અને પુરુષાર્થ આત્માનો મોક્ષ થાય તો આ પાંચ કારણથી થાય; આમાં કારણ તરીકે અરિહંત ક્યાં આવ્યા ?

ઉત્તર : એ પાંચ કારણ સાધારણ કારણ છે, ત્યારે અરિહંત એ કાર્ય પ્રત્યે અસાધારણ કારણ છે. માટે ભગવાનના સ્તવનમાં કહ્યું -

'મુખ્ય હેતુ તું મોક્ષનો, ભવિતવ્યતાદિ તુજ દાસો રે.'

અર્થાત્ હે પ્રભુ ! મોક્ષ માટે તું અસાધારણ કારણ છે, અને ભવિતવ્યતા વગેરે પાંચ કારણ તો તારા દાસ છે, તારા પ્રભાવ પ્રમાણે કામ કરનારા સાધારણ કારણ છે, 'સાધારણ' એટલે કાર્ય માત્રમાં જરૂરી કારણ છે; પરંતુ પ્રભુ તું એમના પર વર્ચસ્વ ધરાવનાર, માટે તું અસાધારણ કારણ છે. એટલે જેણે અરિહંતને અનુકૂળ કરી લીધા, એને એ બધા કારણ અનુકૂળ થઈ જાય છે.

શ્રીપાળકુમારે પ્રવાસમાં એક માત્ર નવપદ (સિદ્ધચક્ર) ને આધાર રાખ્યા

હતા, તો જ્યાં ગયા ત્યાં એમને સુખમાં ભવિતવ્યતાદિ કારણો અનુકૂળ થઈ આવતા. ધવલશેઠે જહાજમાં વગર ખીલાના અટકણે રાખેલા ઝરુખા પર શ્રીપાલને ચડાવ્યા, તો ઝરુખો નીચો લચી પડતાં શ્રીપાલ નીચે પડ્યાં દરિયામાં ! પરંતુ એ જ વખતે શ્રીપાલ પાસે 'નમો નમો નવપયાણં' તૈયાર હતું, તો એના પ્રભાવે ત્યાં નીચે એક મોટા મગરમચ્છની પીઠ તરાપાની જેમ જ ગોઠવાઈ ગઈ, ને શ્રીપાલ એના પર આરામથી બેસી ગયા, પછી મગરમચ્છ થાણા બંદરના કિનારા નજીક પહોંચ્યો ત્યાં શ્રીપાલ કિનારે ઊતરી ગયો ! કેમકે, નવપદનો અચિંન્ત્ય પ્રભાવ ! - ત્યાં એમના નવપદના ધ્યાનથી ઉદીર્ણ કર્મના ઉદયે એક થાણાના રાજાની રાજકુંવરીને એમની વેરે વરાવવા માટે રાહ જોવાઈ રહી હતી. શ્રીપાલનો પુરુષાર્થ કેટલો ? માત્ર મગરમચ્છ ઉપર બેસી જવાનો, ને કિનારે ઊતરી જવાનો, તે એમને મગરમચ્છની બીક ન લાગી, કે 'આ ઊલટો થઈ જશે તો ?' શું કામ લાગે ? પોતાની પાસે હૈયામાં નવપદની શ્રદ્ધાનું પ્રચંડ બળ છે, કે 'મારા દિલમાં નવપદ છે ત્યાં સુધી મારું કશું ન બગડે' માટે તો કાળ પણ અનુકૂળ થઈ ગયો. પોતે કિનારે ઊતરી જરાક ઝાડ નીચે વિસામો કરે છે, એ જ કાળમાં એમને માનભેર તેડી જવા માટે સિપાઈ ઘોડા સાથે ત્યાં ખડો છે ! બધું નવપદ અરિહંતના અચિંન્ત્ય પ્રભાવે અનુકૂળ ! આટલું બધું પ્રબળ અસાધારણ કારણ નવપદ છે, અરિહંત છે. કેમ જાણે નવપદમાં મુખ્ય અરિહંતે આખી મશીનરી ગોઠવી દીધી કે થાણાનો રાજા પોતાની કુંવરી વરાવવા તમારી રાહ જુએ છે. માટે ધવલના પ્રપંચથી તમે પડો દરિયામાં, ને મગરમચ્છ તમને થાણાબંદરે લઈ આવે, ત્યાં તમે આરામ કરો, ને સિપાઈ તમને લઈ જાય, ને રાજકુંવરી પરણાવે ! આ નવપદમાં મુખ્ય અરિહંત ભગવાનનું પદ છે. એટલે એમાં આઠે પદ સમાઈ જાય છે. તેથી અરિહંત યાદ કરો. એમાં નવપદ આવી ગયા સમજો. જેટલો નવપદનો પ્રભાવ એટલો અરિહંતપદનો પ્રભાવ, માટે તો જેમ -

'એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો' કહેવાય છે. એમ કહેવાય છે - 'અરિહંત - નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો' શું ?

એકલા અરિહંતદેવને નમસ્કાર એ પણ સર્વ પાપોનો નાશક છે.

એ શી રીતે કામ કરે છે ? એ કાંઈ પૂછશો નહિ, અરિહંતનો સ્વભાવ જ છે કે એમને ક્ષણવાર પણ ધ્યાનમાં લાવ્યા એટલે અચિંન્ત્ય સિદ્ધિ કરી આપે, માટે સ્તુતિકાર આ સ્તુતિ કરે છે,-

"જિનેન્દ્ર ! પૂજિતો ભક્ત્યા, સંસ્તુતઃ પ્રસ્તુતોઽથવા;
ધ્યાતસ્ત્વં યૈઃ ક્ષણં વાપિ, સિદ્ધિસ્તેષાં મહોદયા."

હે અરિહંતદેવ ! તમે જેમના વડે ભક્તિથી પૂજાયા, તેમને મોટી ઉન્નતિ લાવનારી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, જેમના વડે તમે સારી રીતે સ્તવાયા, અથવા

પરિચય કરાયા, એમને ક્ષણવારમાં મોટી સિદ્ધિ થઈ જાય છે. જેમના વડે પ્રભુ ! તમે પ્રસ્તુત કરાયા, પુરસ્કૃત કરાયા અર્થાત્ કાર્યમાત્રમાં આગળ કરાયા, 'બધું કરવું તે પહેલાં અરિહંતને યાદ કરીને કરવું,' એવી ઘાટીવાળા બન્યા, એમને ક્ષણવારમાં મોટા ઉદયવાળી સિદ્ધિ થાય છે. અથવા પ્રભુ ! જેમના વડે તમે ક્ષણવાર પણ ધ્યાનમાં લવાયા, તેમને મોટા ઉદયવાળી સિદ્ધિ થાય છે; અર્થાત્ તમે એમને મોટી સિદ્ધિ કરી આપો છો.

'ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુજ ભક્તિ પ્રમાણું.'

જેમ ચિંતામણિનો સ્વભાવ કે એ આરાધાયો થકો ચિંતિતને સાધી આપે, તેમ અરિહંતનો સ્વભાવ કે ભક્તિ કરાયા થકા એ અચિંન્ત્ય સિદ્ધિ કરી આપે.

નમિ-વિનમિને પ્રભુ ફળ્યા :

નમિ-વિનમિને રાજા ઋષભદેવે પુત્ર જેવા માનેલા. એ પરદેશથી આવ્યા ત્યારે જોયું કે 'ભગવાને રાજ્યના સો ભાગ કરી સો દીકરાઓને વહેંચી આપેલા, પણ પોતાનો ભાગ રાખેલો નહિ,' ત્યાં ભરત કહે છે કે 'મારા ભાગમાંથી હું તમને રાજ્ય આપું.' તો આ કહે છે 'ના અમારે તારું ન જોઈએ, અમારે તો ભગવાનનું આપેલું જોઈએ, તેથી અમે તો જવાના ભગવાન પાસે.'

ભગવાન ચારિત્ર લઈ પૃથ્વી ઉપર વિચરતા હતા, તે નમિ-વિનમિ શોધતાં પહોંચ્યા ભગવાન પાસે, અને ભાગ માગે છે. ભગવાનને તો મૌન છે, તે શાના કાંઈ બોલે ? ત્યારે આ નમિ-વિનમિ બે બોડી-ગાર્ડની જેમ ભગવાનની સાથે ને સાથે વિચરે છે, ને ભગવાન કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહે ત્યાં ભગવાનની પાસે માગણી કરી રખેવાળી કરે છે. 'અરિહંતની તમે ભક્તિ કરો, અરિહંત અચિંન્ત્ય સિદ્ધિ કરી આપે છે.' - એવું અહીં નમિ-વિનમિને બન્યું ! એકવાર ધરણેન્દ્ર પ્રભુને વંદન કરવા આવે છે, અને નમિ-વિનમિને પ્રભુનો 'સર્વત્યાગ' ધર્મ સમજાવી ૪૮,૦૦૦ વિદ્યાઓ આપી જઈ વૈતાઢ્ય પર્વત પર ઉત્તર-દક્ષિણ શ્રેણિના વિદ્યાધર સમ્રાટ રાજા બનાવી જાય છે.

ઋષભદેવ ભગવાને સીધું સીધું સો દીકરાને કેટલું આપ્યું ? ને ભગવાનના અચિંન્ત્ય પ્રભાવે નમિ-વિનમિને અહીં કેટલું મળ્યું ? વૈતાઢ્યના રાજ્ય ઉપરાંત વિદ્યાધરની ૪૮૦૦૦ વિદ્યાઓ ! એમાં આકાશગામિની વિદ્યા, રૂપપરાવર્તની વિદ્યા વગેરે કેઈ વિદ્યાઓ આવે ! શાના પ્રભાવે મળ્યું ? કહો, અરિહંતના અચિંન્ત્ય પ્રભાવે. તમારે માત્ર આ અરિહંતદેવની ઉપાસનામાં લાગવાનું, અરિહંત ચિંતામણિ-રત્નની જેમ ફળે છે.

નમિ-વિનમિ આ ઉપાસનામાં લાગ્યા હતા, શાના માટે ? મોક્ષ માટે ? ના, રાજ્યભાગ માટે. શું મોક્ષ સિવાય સંસારની વસ્તુ માટે ભગવાનની ઉપાસનામાં લગાય ?

જુઓ, અહીં નમિ-વિનમિ રાજ્યભાગ માટે જ ભગવાનની ઉપાસનામાં લાગ્યા છે એ હકીકત છે, અને એથી એમનો સંસાર નથી વધી ગયો, એ જ ભવમાં એ મોક્ષે જાય છે.

આ હકીકતનો અપલાપ કરીને જે કહેતા હોય કે 'સંસારના કાર્ય માટે ધર્મ જ ન થાય બીજું બધું થાય,' એમને પૂછજો કે 'સંસારના કાર્ય માટે જો ધર્મ ન થઈ શકે, તો શું પાપ થઈ શકે ?'

'સાંસારિક કાર્ય માટે શું પાપ કરવાની છુટ ?'

'શું એવું છે કે સાંસારિક કાર્ય માટે શ્રાવક અરિહંતને ભજે, ધર્મ કરે તો ભયંકર પાપ બાંધી દુર્ગતિઓમાં વધુ રખડતો થઈ જાય ? ને ષટ્કાય જીવ સંહારમય પાપમય વેપારો કરે તો દુર્ગતિઓમાં એટલો રખડતો ન થાય ?'

ઊંધા વેતરણ કરશો નહિ, નહિતર શાસ્ત્ર-અપલાપનું ભયંકર પાપ બાંધશો.

'શ્રાદ્ધવિધિ' શાસ્ત્રમાં કહ્યું છે, "શ્રાવકને જો મોટો ક્રય-વિક્રય કરવો હોય તો એ પહેલાં મંગળરૂપે નવકારસ્મરણ કરે, અરિહંતભક્તિ કરે...વગેરે" આમાં નવકારસ્મરણાદિ ધર્મ શા માટે કરવાનો કહ્યો ? અરિહંતભક્તિ શા માટે કરવાની કહી ? સુલસાશ્રાવિકાએ પુત્રપ્રાપ્તિ માટે અરિહંતભક્તિ વધારેલી, એ શું એથી ભવમાં ભટકતી થઈ ગઈ ?

હિસાબ એક જ કે, **ધર્મારાધના કરવાની તે મોક્ષ માટે કરવાની; પરંતુ સાંસારિક કાર્ય આજીવિકા આદિ માટે જરૂર પડી તો શું કરવાનું ? ધર્મ કરવાનો, પાપ નહિ; અરિહંત-દેવને ભજવાના, અન્ય દેવી-દેવતાને કે અન્યાય-અનીતિને નહિ.**

અહીં એવો પ્રશ્ન થાય છે કે શું વસ્તુના સ્વભાવમાત્રથી કાર્ય થતા હશે ? એના ઉત્તરમાં કહે છે :-

ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ-ગુણ-પ્રેમ સ્વભાવે... થાશું...૩.

અર્થ : જેમ ચંદન (સ્વભાવથી) શીતલતા ઉત્પન્ન કરે છે, જેમ અગ્નિ (સ્વભાવથી) ઠંડી દૂર કરી દે છે, તે પ્રમાણે (સેવકના દિલમાં રહેલો) પ્રભુના ગુણનો પ્રેમ-અનુરાગ સ્વભાવે સેવકનાં દુઃખ દૂર કરે છે.

વિવેચન : પૂર્વ ગાથામાં ચિંતામણિ-રત્નના દૃષ્ટાંતથી એ બતાવ્યું કે જેમ ચિંતામણિ આરાધવા દ્વારા ચિંતિત આપે છે, તેમ વીતરાગ અરિહંત પ્રભુ આરાધવા દ્વારા અચિંન્ત્ય સિદ્ધિ આપે છે. 'અચિંન્ત્ય' એટલે આપણી કલ્પનામાં ન આવે એવી. માટે જ વીતરાગ જે આપી શકે છે તે આપવાની તાકાત બીજા કોઈ દેવી-દેવતામાં નથી. અલબત્ત એ પ્રભુ આપણી ભક્તિ દ્વારા જ ઠેઠ મોક્ષ સુધીની અચિંન્ત્ય સિદ્ધિમાં કારણભૂત બને છે, તેથી ભક્તિ જરૂરી છે. માટે તો ભગવદ્-

ભક્તિને મોક્ષનું બીજ કહ્યું છે, અને આ જ જૈનશાસ્ત્રોનો નિચોડ છે.

કહ્યું છે,

सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् ।
भक्तिर्भगवती बीजं परमानन्दसम्पदाम् ॥

મોટા શ્રુતસાગર યાને જૈનશાસ્ત્ર-સમૂહરૂપી મહાસાગરના અવગાહનથી મને આ સારરૂપે મળ્યું છે કે વીતરાગ ભગવાનની ભક્તિ એ મોક્ષનાં અનંત સુખરૂપી સંપત્તિનું બીજ છે, મુખ્ય કારણ છે.

એટલે જ ભગવાનની ભાવથી ત્રિકરણ યોગે ભક્તિ કરનાર ક્રમશઃ અનંતસુખ અનંત આનંદના ધામભૂત મોક્ષ સુધી પહોંચી જાય છે; એટલે કે આ ભગવાન તો એવા છે કે ભક્તને પોતાના સમાન ફળવાળા બનાવે છે. માટે કહ્યું 'જિણાણં-જાવયાણં... મુત્તાણંમોઅગાણં' પોતે જિન બનેલા અને ભક્તને જિન બનાવનાર... પોતે અનંત સુખના ધામભૂત મોક્ષને પામેલા અને ભક્તને મોક્ષ પમાડનારા છે. 'નમુત્થુણં' સૂત્રની આ સંપદા (પદ-સમૂહ)ને 'નિજફલ સમ પરફલ કર્તૃત્વ' નામની સંપદા કહે છે. અર્થાત્ અરિહંતપ્રભુ કેવા ? તો કે "બીજામાં પોતે પ્રાપ્ત કરેલ ઉત્કૃષ્ટ ફળનાં સમાન ફળના ઉત્પાદક." દુનિયામાં આવા કોઈ ફિરસ્તા ન મળે કે જે ભક્તને પોતાની સમાન બનાવી દે. મૂળ પાયામાં બીજા કોઈ એવા ઉત્કૃષ્ટ ગુણોના સ્વામી જ નથી કે જે ભક્તને વીતરાગ સર્વજ્ઞ બનાવી શકે. એ તો પોતાના સમાન વીતરાગ સર્વજ્ઞ બનાવનાર ભગવાન એક જ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર (અરિહંત) ભગવાન.

આવા અનન્ય દાતાર ભગવાન માટે કહેવું કે 'ભગવાન તો વીતરાગ છે, હવે એમને કશું કરવાપણું રહેતું નથી, એટલે આપણું ભલું આપણે જ પુરુષાર્થથી કરવું પડે, ભગવાન કાંઈ આપણું ભલું કરે નહિ' - આવું કહેવું એ સરાસર અજ્ઞાનતાનું કથન છે.

અરિહંત ભગવાન જેવું જગતનું ભલું કરનાર બીજો કોઈ નથી.

પ્રશ્ન : પણ ભગવાન પોતે તો હવે કૃતકૃત્ય અર્થાત્ સમાપ્ત-કર્તવ્ય થયા છે, એ શી રીતે બીજાનું ભલું કરે ?

ઉત્તર : અહીં ભલું કરવું તે કોઈ પોતે ક્રિયા કરીને નથી કરવાનું, પરંતુ અરિહંત ભગવાનના પરમાત્મદ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે એ એમને આરાધનારનું અચિંન્ત્ય ભલું કરે.

જેમકે ચંદનનો સ્વભાવ જ એવો કે એને ઘસીને વાપરનારમાં ઠંડક ઠંડક ઊભી કરી દે. અગ્નિનો સ્વભાવ જ એવો કે એને વિધિપૂર્વક સેવનારમાં અર્થાત્ એનું તાપણું કરનારમાં શરદી મિટાવી દઈ ગરમી ગરમી ઊભી કરી દે. અહીં આવા પ્રશ્ન ન કરાય કે 'બીજા કાષ્ઠમાં આ ઠંડક કરવાનો સ્વભાવ નહીં ને ચંદનના કાષ્ઠમાં જ

આ સ્વભાવ કેમ ?' સ્વભાવ અંગે પ્રશ્ન ન હોય કે 'આનો જ આવો સ્વભાવ કેમ ?' કારણ કે બીજા કાષ્ઠનું આ ઠંડક કરવાનું કાર્ય નથી દેખાતું ને ચંદન કાષ્ઠનું દેખાય છે એ જ બતાવે છે કે ચંદનનો જ એવો સ્વભાવ છે.

ખાઈએ તો ભૂખ મટે એવું કેમ ? પાણી પીએ તો તરસ મીટે એવું કેમ ? ત્યાં એમ જ કહેવાય કે આહારગ્રહણનો સ્વભાવ જ એવો છે કે એ ભૂખ મિટાવે, જલગ્રહણનો સ્વભાવ જ એવો છે કે એ તૃષા શમાવે. એમ, પ્રભુનો સ્વભાવ જ એવો છે કે એમના ગુણોનો પ્રેમ થાય તો સર્વ દુઃખ શમે. એ ગુણપ્રેમ દ્વારા પ્રભુથી દુઃખ શમ્યા ગણાય. ચિંતામણિ કરતાં પ્રભુમાં આ વિશેષતા છે કે પ્રભુ પરમ વિશુદ્ધ પરમાત્મપદ પામ્યા છે. અને સર્વોચ્ચ સકલ ગુણના નિધિ છે; જડ ચિંતામણિ એવું નહિ; તેથી એ આલોક-પરલોકના સર્વદુઃખ ન મિટાવી શકે.

માટે જ વિવેકી માણસનું આ ડહાપણ (સજ્ઞાનદશા) છે કે શ્રદ્ધા બીજે ત્રીજે નહિ પરંતુ અરિહંત પ્રભુના અચિંન્ત્ય સ્વભાવમાં જ શ્રદ્ધા રાખો, એમના ગુણોનો જ એકમાત્ર પ્રેમ રાખો. આ શ્રદ્ધાવાસિત પ્રેમ દ્વારા અચિંન્ત્ય સિદ્ધિઓ થાય. કોઈક કહે છે,

પ્રશ્ન : એમ તો આપણને મોક્ષ પ્રભુ શું આપે ? આપણે જ આપણો મોક્ષ ઊભો કરી લેવાનો છે.

ઉત્તર : આ અભિમાન ખોટું છે. પ્રભુના સહારે જ આપણે મોક્ષ પામી શકીએ.

મોક્ષ શી ચીજ છે ?

આપણામાં પ્રચ્છન્ન ગુપ્તપણે રહેલા અનંતજ્ઞાનાદિ ગુણોનું પ્રગટીકરણ એ જ મોક્ષ.

આ કાર્ય આપણે અરિહંત પ્રભુના આલંબને જ કરી શકીએ. 'પ્રભુએ પ્રખર પુરુષાર્થથી પોતાનું અનંતજ્ઞાનાદિમય પરમાત્મપણું પ્રગટ કર્યું છે,'- એ પ્રભુ આપણી નજર સામે હોય તો આપણે સહી (સાચા) રસ્તે અને ઉલ્લાસથી એ પ્રગટ કરી શકીએ. માટે આ આલંબનરૂપે આપણા ઉપર અરિહંત પરમાત્માનો સર્વોત્તમ ઉપકાર છે.

પ્રભુ પર સોદાબાજીનો પ્રેમ નહિ :

એક વાત છે કે પ્રભુ સાથે પ્રેમ કરીએ કે પ્રભુનું આલંબન લઈએ, એમાં સોદાબાજી ન જોઈએ કે, - 'પ્રભુ ! હું તમારી આટલી ભક્તિ કરું અને તમારે મને આટલું આપી દેવાનું.' કેમકે આ સોદાબાજીમાં ખરેખર પ્રેમ પ્રભુ ઉપરનો નહિ, પરંતુ જે આપણે ઈષ્ટ ધન-માલ જોઈએ છે એના પરનો પ્રેમ ગણાય. આ સોદાબાજી ન હોય તો આપણે એ પણ જોવા ન બેસીએ કે 'આપણે તો પ્રભુ પર પ્રેમ કર્યો, પરંતુ પ્રભુ આપણા ઉપર ક્યાં પ્રેમ કરે છે ?'

સતી પતિ પર કેમ પ્રેમ કરે ? :

સુશીલ સતી સ્ત્રીઓ પતિવ્રતા ધર્મ કેવો બજાવે છે ? સોદાબાજીના પ્રેમનો

નહિ કે 'હું તો પતિ ઉપર પ્રેમ કરું છું, પરંતુ પતિ મારા ઉપર એવો પ્રેમ ક્યાં દેખાડે છે ?' ના, એ તો એક જ જુએ છે કે, "મારા શીલની રક્ષાર્થે માતાપિતાએ એક પતિ સ્થાપી આપ્યો; બસ, મારે એમની જ પ્રેમપૂર્વક નિઃસ્વાર્થભાવે સેવા કરવાની. જગતમાં એમને જ દેખું એટલે બીજા ગમે તેવા રૂપાળા પણ પુરુષ પર મારી દૃષ્ટિ ય ન જાય."

ખરું જોતાં પ્રેમના દેખાડ કરતા પ્રેમનું કાર્ય મહાન છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪૧,અંક-૨૭,તા.૧૦-૪-૧૯૯૩

જેમ દુકાનમાં ચાર નોકર બોનસ અને પગારવધારો માગ માગ કરતા હોય અને એક નોકર ન માગતો હોય, એને શેઠ પૂછે કે 'તું કેમ નથી માગતો ?' ત્યારે એ કહે છે, 'શેઠ મારી લાયકાત કરતાં તમે મને ઘણું આપો છો, એટલે માગવાનું રહેતું નથી.' ત્યાં શેઠ કદાચ આના ઉપર બીજાઓના જેવો પ્રેમનો દેખાડ નહિ કરે, કિન્તુ અવસર આવે ત્યારે આની વગર કહ્યે, વગર માગ્યે ભીડ ભાંગે છે. એ સૂચવે છે કે શેઠના દિલમાં આની મોટી લાયકાત વસી ગયેલી છે. બસ, ભગવાન આપણને પ્રેમ ન દેખાડે, પરંતુ આપણી એમના ઉપરની પ્રેમ-ભક્તિથી આપણી કાર્યસિદ્ધિ કરી દે, એ જ ભગવાનનો આપણા ઉપર પ્રેમ છે, અર્થાત્ ભગવાનના જ્ઞાનમાં આપણી મોટી લાયકાત વસેલી હોય એ જ ભગવાનનો આપણા પર પ્રેમ છે, ભગવાનની દયા છે.

અર્જુનમાળી-રોહિણિયા પર વીરપ્રભુનો પ્રેમ શો ?

અર્જુનમાળી જેવા રોજના છ પુરુષ અને એક સ્ત્રીની હત્યા કરનાર મહા હત્યારાને મહાવીર પ્રભુએ પોતાના જ્ઞાનમાં યોગ્ય દેખ્યો, તેથી એવાને પણ ચારિત્ર આપ્યું, અને એનો ઉદ્ધાર કર્યો. વીતરાગ પ્રભુએ અર્જુનમાળી ઉપર ક્યાં રાગ કર્યો ? કશું જ નહિ. પ્રભુના જ્ઞાનમાં એની યોગ્યતા ભાસી એ જ પ્રભુનો એના ઉપર પ્રેમ.

એવું **રોહિણિયા**ને બન્યું. હતો ત્યારે એ અઠંગ ચોર હતો. પરંતુ અભયકુમારે એને પકડ્યા પછી એની પાસે ગુનો કબૂલ કરાવવા માટે પેંતરો રચ્યો. પહેલાં તો એને 'જુઓ મથુરભાઈ શેઠ ! આ તો અમારા રાજકારભારના હિસાબે શંકા પડે એને તપાસ માટે પકડવા એટલે તમને પકડેલા ખરા; પરંતુ તમે કહો છો કે હું રોહિણિયો નહીં પણ મથુરભાઈ છું, એ હિસાબે તમને છોડી દઈએ છીએ. પરંતુ બહારમાં જરા તમારી ઈજ્જત હલકાઈ થઈ, એના વારણ માટે તમે પધારો મારે ત્યાં અને જમીને જાઓ,' એમ કરી રોહિણિયાને ઘરે લઈ જઈ સારી રીતે જમાડ્યો. પરંતુ ભોજન ઉપર ચંદ્રહાસ દારૂવાળું દહીં ખવડાવ્યું. તે ચોરને બહુ ભાવી ગયું,

એટલે ડબલત્રબલ ઠોક્યું. 'હવે તમે તડકામાં ક્યાં જશો ? અહીં જ થોડો આરામ કરીને પછી જાઓ.' એમ કરીને એને સુવાડ્યો. એમાં દારૂનું જોરદાર ઘેન ચડ્યું એટલે એને ત્યાંથી ઉચકાવી પહેલેથી જ તૈયાર કરેલ દેવવિમાન જેવા ઉપરના ઓરડામાં પલંગ પર ફૂલની શય્યામાં સુવાડ્યો અને ત્યાં દેવદેવીઓના વેશવાળા યુવાન યુવતીઓ ગાય છે, નાચે છે, મધુરા વાજિંત્ર બજાવે છે. ચાર પાંચ કલાકે જ્યાં એ જાગ્યો ત્યાં જ કૃત્રિમ દેવીઓ કહે છે કે, 'જય જય નંદા, જય જય ભદ્દા... હે સ્વામિનાથ ! તમે હવે દેવલોકમાં ઉપન્યા છો. અમને એ બતાવો કે પૂર્વ જન્મમાં તમે શું શું કરેલું ?'

રોહિણિયાને પ્રભુના ત્રણ વચન ફળ્યાં :

રોહિણિયો ક્ષણભર તો તરતમાં દારૂનું ઘેન ઉતર્યાથી ભૂલો પડી ગયો, એને લાગ્યું કે, 'નક્કી હું મરીને દેવલોકમાં આવ્યો છું. તો હવે અહીં ક્યાં અભયકુમાર પકડવા આવવાનો છે, માટે મારી ચોરીની ચાલાકીઓ કહી દઉં.' એમ વિચારમાં હતો અને દેવીઓ કહે, 'કહોને સ્વામિનાથ ! વિચારમાં શું છો ?' ત્યાં એને પૂર્વે મહાવીર ભગવાનના ત્રણ વચન પરાણે સંભળાઈ ગયેલા તે યાદ આવ્યા, - '(૧) દેવતાની આંખ પલકારા ન લે; (૨) દેવતા જમીનને અડીને ન ઊભા રહે; અને (૩) દેવતાના ગળાની પુષ્પમાળા કરમાય નહીં.' ત્યારે અહીં તો જોયું તો કૃત્રિમ દેવીઓની આંખો મચક મચક પલકારા લે છે, એ જમીનને ચોંટીને ઊભી છે, અને એના ગળામાં માળા ૭-૮ કલાક થયાથી કરમાઈ ગયેલી છે. એટલે આ જોતાં એના મનને ખાત્રી થઈ ગઈ કે 'મારી પાસે ચોરીઓ કબૂલ કરાવવા અભયકુમારનો આ પેંતરો છે, પરંતુ ભલું થજો ભગવાનના ત્રણ વચનનું કે અહીં કબુલાત કરતા અટકી ગયો.' પછી તો કહે છે કે "પૂર્વજન્મમાં મેં મોટા દાન દીધેલા, તપસ્યાઓ કરેલી, જીવોને બચાવેલા, મારે મોઢે બહુ મારું સારું બોલવું યોગ્ય નહિ. આટલામાં સમજી જાઓ. બાકી દેવલોક એમ ને એમ થોડો મળે છે ?" ખાનગીમાં માણસોએ અભયકુમારને આ હકીકત કહેતાં અભયકુમારે એને છોડી દીધો.

રોહિણિયો વિચારે છે - "જો ભગવાનનાં ત્રણ વચન મને જીવિતદાન આપી શકે છે તો જીવનભર ભગવાનના વચનની ઉપાસના મને અમરપણું યાને જન્મમરણનો અંત કેમ ન આપી શકે ?" - એ વિચારથી એ સીધો પહોંચ્યો મહાવીર પ્રભુ પાસે અને શરણ માગ્યું, એટલે પ્રભુએ એને ચારિત્ર-દીક્ષા આપી.

અહીં પણ શું વીતરાગ ભગવાનને રોહિણિયા પર પ્રેમ-રાગ થઈ ગયો ? ના, ભગવાને પોતાના જ્ઞાનમાં રોહિણિયાની યોગ્યતા જોઈ, એ જ પ્રભુનો એના પર પ્રેમ-રાગ-કૃપા થઈ.

કવિ અહીં કહે છે કે, જેમ ચંદન અને અગ્નિનો સ્વભાવ કે એક ઠંડક અને બીજો ગરમી આપે; એટલે ચંદનથી ગરમીનું દુઃખ જાય, અગ્નિથી ઠંડીનું દુઃખ

જાય; એ એના સ્વભાવથી થાય; એમ પ્રભુના ગુણો પર અનુરાગ થઈ જાય તો પ્રભુ સેવકનાં દુઃખ મિટાવી દે એમાં વડાઈ ગુણની છે, એટલે કે ગુણવાળા પ્રભુની વડાઈ છે.

અહીં દુઃખ ત્રણ જાતનાં સમજવાના છે. -

(૧) આધિભૌતિક, (૨) આધિદૈવિક, અને (૩) આધ્યાત્મિક.

(૧) આધિભૌતિક દુઃખ એટલે કે મનુષ્ય કે તિર્યંચ તરફથી જે અપમાન, ગાળ, મારપીટ વગેરે આવે તે, અથવા જડવસ્તુથી દુઃખ આવે તે. દા.ત. અંધારામાં ભીંત કે થાંભલા સાથે માથું અફળાયું, યા કોઈએ પત્થર ફેંક્યો અને આપણને વાગ્યું. અથવા બીજાં ભૂખ-તરસ વગેરેનાં દુઃખ, એ બધાં આધિભૌતિક દુઃખ.

(૨) આધિદૈવિક એટલે દેવતાએ ઉપદ્રવ કરવાથી આપણને દુઃખ આવ્યું તે.

(૩) આધ્યાત્મિક એટલે કે માનસિક એવી કલ્પનાથી દુઃખ લાગે તે.

દા.ત. મનને કલ્પના થઈ કે, 'મોંઘવારી વધી જશે તો કેટલી બધી મુશ્કેલી થશે ?'

આમ દુઃખી થાય તે આધ્યાત્મિક દુઃખ. એમ ઈર્ષ્યા, ચિંતા આદિ આધ્યાત્મિક દુઃખ છે. અથવા દુઃખ ત્રણ પ્રકારે (૧) માનસિક, (૨) વાચિક, (૩) કાયિક.

(૧) માનસિક-આગલા દિવસે મીઠાઈ બનાવી, પણ બીજે દિવસે અતિનિકટના સગાનું મૃત્યુ થયું, ને મીઠાઈ ખાવાની રહી ગઈ ત્યા મનને ખેદ થાય એ માનસિક દુઃખ.

(૨) વાચિક દુઃખમાં બીજાના ટોણાં-મેણાં-તિરસ્કારનાં વચન સાંભળવા પડે તે.

(૩) કાયિક દુઃખમાં રોગ-પરાધીનતા, માર વગેરે કેટલાય પ્રકારના કાયાને દુઃખ આવે તે.

પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે, સેવકના દુઃખ શમાવે...

હવે એ જોઈએ કે, 'પ્રભુગુણ પ્રેમ સ્વભાવે' આ દુઃખો કેવી રીતે મટે ? પ્રભુ પર પ્રેમ છે એટલે પ્રભુના ગુણો પર પ્રેમ છે કેમકે પ્રભુ ગુણોની મૂર્તિ છે. ગુણો પર પ્રેમ એટલે પ્રભુના સર્વોચ્ચ કરુણા-સત્ત્વ-સહનશીલતા, ઔદાર્ય, ગાંભિર્ય-ક્ષમા-નિરહંકાર-નિસ્પૃહતા વગેરે વગેરે ગુણો ઉપર પ્રબળ અનુરાગ. ભક્તને પ્રભુના આ ગુણો ઉપર અનુરાગ એટલા માટે છે, કે ભક્તને એ જ ગમે છે, દોષો નથી ગમતા, અને પોતાને પણ પોતાના આત્મામાં એ ગુણો લાવવાની અભિલાષા છે. આમ હોવાથી દા.ત. આધિદૈવિક યાને દેવોના ઉપસર્ગ-ગ્રહ-પીડા કોઈ આવ્યા તો ત્યાં પ્રભુના સત્ત્વ-સહિષ્ણુતા ગુણને નજર સામે લાવે અને મનમાં વિચારે કે 'મારા પ્રભુએ આથી પણ ભયંકર દેવતાઈ ઉપસર્ગ પોતાની પાસે એને નિવારવા કે એનો સામનો કરવા અનંત શક્તિ છતાં સાત્ત્વિકતાથી સામે મોઢે સહર્ષ સહન કર્યા છે, તો મારે એના કરતાં મામૂલી ઉપસર્ગ-ઉપદ્રવમાં નિઃસત્ત્વ શું થવાનું ? થવાનું શું ? આ જીવનમાં જેટલું સહર્ષ સહન કરીએ એટલો કર્મનો નિકાલ થાય. તો શાંતિથી સહી લેવાનું. આવા વિચારથી દુઃખ નહિવત્ થઈ જાય છે. આનું જ નામ પ્રભુગુણ

પ્રેમ સ્વભાવે, સેવકના દુઃખ શમાવે...'

પ્રશ્ન : આ તો ભક્તે સહન કર્યું એ તો પોતાની વિશુદ્ધ ભાવનાથી સહન કર્યું અને દુઃખ શમાવ્યું એમાં પ્રભુનો ઉપકાર ક્યાં આવ્યો ? પ્રભુએ શી રીતે દુઃખ શમાવ્યું કહેવાય ?

ઉત્તર : ભક્તે જે સહન કર્યું એ પ્રભુનો સત્ત્વ અને સહિષ્ણુતા ગુણનું આલંબન કરીને કર્યું એટલે મુખ્ય બળ પ્રભુનું મળ્યું. પોતાની વિશુદ્ધ ભાવનામાં પ્રભુ વિષય બન્યા, એ જ પ્રભુનો અચિન્ત્ય પ્રભાવ. તો જ સેવકના દુઃખ શમ્યા. એવી રીતે કાયિક દુઃખો શમાવવામાં પણ પ્રભુના અને પ્રભુગુણના આલંબનથી શાંતિથી સહવાનો ફોર્સ મળે છે.

મારા પ્રભુએ ભયંકર કાયિક ત્રાસ સહન કર્યા છે તો મારે મામૂલી દુઃખ-વેદનામાં શું રોવું હતું ? એમ કરી સમતાભાવે દુઃખ સહી લેવાય છે. એ પ્રભુના અને પ્રભુગુણના માર્મિક પ્રેમના પ્રભાવે બન્યું.

આધ્યાત્મિક યાને માનસિક દુઃખ જેવાં કે ઈર્ષ્યા, દીનતા, વાતવાતમાં મનને ઓછું આવવું, ખોટી ચિંતા-સંતાપ-વલોપાત, આગામી મોટા દુઃખની કલ્પના પર ભય... વગેરે વગેરે નબળા પડી જાય, અગર આપણી દૃષ્ટિ પ્રભુના દરિયાવ દિલ, મૈત્રી, સર્વજીવ વાત્સલ્ય, ઉત્કૃષ્ટ સત્ત્વ આદિ અનુપમ ગુણ પર રહ્યા કરે, દૃષ્ટિમાં પ્રભુના ગુણો જ આવ્યા કરે તો એ બધા આપણા માનસિક દુઃખ નબળા પડી જાય છે. દા.ત.

માણસમાં સો ગુણમાં એક અવગુણ ઈર્ષ્યાનો મોટો છે, જેના પર પોતાને પ્રેમ નહીં હોય એનું કાંઈપણ સારું જોવા મળતાં ઈર્ષ્યાથી બળે છે, અથવા પોતે કમાયો એમાં તો પોતે ખુશી, પરંતુ સાંભળ્યું કે બીજો કોઈ સવાયું કમાયો તો એ સાંભળતાં ખુશી તો નહીં કે 'એ પણ મારો ભાઈ છે એ સવાયું કમાયો તો સારું થયું' - આવો પ્રમોદભાવ નહીં, કિન્તુ "હં ? એ માળો શાનું આટલું બધું કમાઈ જાય ? એનામાં શી મોટી લાયકાત બળી છે ?"... આવી આવી રીતે ઈર્ષ્યાથી જવલન થયા કરે છે. પણ ત્યાં જો આવા વિચારને બદલે "અરિહંતા મે શરણં, સિદ્ધા મે શરણં" એમ કરી પ્રભુનું શરણું યાદ કરાય, મારા પ્રભુના કેવલજ્ઞાનમાં જીવોની કેટલાયે પ્રકારની મહાનાલાયકતાઓ દેખાય છે તે છતાં જીવોના એક યા બીજા પ્રકારના ઉત્કર્ષ-ઉન્નતિ પર પ્રભુને ઈર્ષ્યા થતી નથી કે 'આવા નાલાયકને આવી ઉન્નતિ ?' પ્રભુના આવા દરિયાવદિલ પર ઓવારી જવાનું થાય, પ્રભુના એ ગુણના પ્રેમનો એવો સ્વભાવ છે કે ભક્તને પોતાના ઈર્ષ્યા વગેરે કેટલાય આધ્યાત્મિક દુઃખો શમાવી દે.

પ્રભુનો એક ગુણ 'અવિકૃત મન,' એવો જો આપણને સાચો પ્રેમ લાગી જાય તો પણ આપણે જે કર્મજનિત દુઃખને આપણી મલિન અજ્ઞાન અવળી કલ્પનાથી

વધારી દઈએ છીએ, તે વધારવાનું ન બને; પણ સદ્‌વિચારથી ઘટાડવાનું થાય. દા.ત. પ્રભુને ચારિત્રપાલન વખતે ગમે તેવા કષ્ટ-દુઃખ આવ્યા, તો પણ પ્રભુએ મન બગાડ્યું નહિ, મન વિકૃત ન કર્યું. અવિકૃત રાખ્યું. ચંદનબાળાનો અભિગ્રહ કરીને છ મહિના સુધી ગોચરીએ ફર્યા પણ ક્યાંય અભિગ્રહ પૂરો થયો નહીં, અને ગોચરી ન મળી, તો એકેય દિવસ પ્રભુએ મન ન બગાડ્યું કે "હાય ! આજે પણ અભિગ્રહ પૂરો ન થયો ? એમ સંગમદેવ છ મહિના સુધી પ્રભુની પૂંઠે પડ્યો અને અનેક કષ્ટો આપ્યા તો પણ પ્રભુએ મન ન બગાડ્યું કે હાય ! કેટલાં દુઃખ ? ક્યાં સુધી આ કષ્ટ ?"

પ્રભુના આ અવિકૃત મન નામના ગુણ ઉપર જો આવો સાચો પ્રેમ થાય કે 'પ્રભુએ મન ન બગાડ્યું એ સારું જ કર્યું, એ જ કરવા જેવું.' એવો જો ગુણ-પ્રેમ થઈ જાય તો આપણને પણ અવસરે મન ન બગાડવાનું બળ મળે; અને એમાં ઉપકાર પ્રભુનો અને પ્રભુના ગુણનો મનાય.

આ અવિકૃત મનનો પ્રભાવ જુઓ, - દા.ત. તાવ આવ્યો અને સાધુ કહે છે 'શાંતિ રાખો, પ્રભુનું નામ લો, પ્રભુના પ્રતાપે સૌ સારા વાના થશે,' તો ત્યાં પ્રશ્ન કરવાનું મન થાય છે,-

પ્રશ્ન : તો શું પ્રભુના નામથી તાવનું દુઃખ ચાલ્યું જવાનું હતું ?

ઉત્તર : અરે ! મૂરખ છે, તાવ એ દુઃખ નથી, તાવ દુઃખરૂપ લાગે છે એ દુઃખ છે, તાવ દુઃખરૂપ ન લાગે તો કોઈ દુઃખ નથી. દા.ત. જેઠાણી બડી શેઠાણી બની રહેતી હોય અને દેરાણીને બધો કામનો ઢસરડો કરવો પડતો હોય, ત્યાં જો દેરાણીને તાવ આવે, તો એ મનમાં ખુશી થાય છે કે, 'હાશ ! ભલે આ તાવ આઠ દા'ડા ચાલે. મારે કામનો ઢસરડો કરવો મટ્યો.' બોલો, અહીં દેરાણીને મન તાવ એ દુઃખરૂપ છે ? ના, દુઃખ કલ્પનાનું છે. જો દુઃખની કલ્પના ન હોય તો કોઈ દુઃખ નથી, જેમકે પેલી દેરાણીને.

એવી રીતે આયુર્વેદ શાસ્ત્રના નિયમ મુજબ તાવ એ રોગ નથી, પણ અંદરના દોષ પકડવા માટેની દવાઈ છે. આ જો મનમાં વસી જાય તો તાવ દુઃખરૂપ નહીં લાગે. એમ,

ભગવાનના સિદ્ધાંત મુજબ તાવ કે કોઈપણ આફત એ પાપકર્મનો ક્ષય થવામાં નિમિત્ત છે. ભગવાન પોતે પણ એ સમજીને કષ્ટ-આફતમાં મન બગાડતા નથી, ઊલટું કષ્ટ-આફતમાં કર્મક્ષય થતો જોઈ સંતુષ્ટ રહેતા હોય છે. ભગવાનના એ અવિકૃત મનના ગુણ ઉપર પ્રેમ રાખી પ્રભુનું આલંબન લઈ આપણે પણ તાવ વગેરે કષ્ટ ઉપર મન ન બગાડીએ, તો તાવ ઊતરી ગયા જેવું જ છે.

તાવ અંગે વૈદનું સાયન્સ :

૨૦૧૩ની સાલમાં અમદાવાદમાં ફ્લુનો વાયરો વાયો. સાધુસમુદાયમાં આજ

બેને, ચાર દિવસ પછી બીજા ત્રણને, ત્રણ દિવસ પછી બીજા ચારને તાવ આવ્યો. તે વખતે જૈનેતર પણ આયુર્વેદાચાર્ય સોમાભાઈ ગુરુ મહારાજ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસે ગુણાનુરાગથી આવતા. એમને પૂછ્યું 'વૈદરાજ ! શું કરવું ?' વૈદરાજ કહે, 'છઠ્ઠ અઠ્ઠમ કરાવો. પારણે પણ ત્રણ ચાર દિવસ મગનું નીતરતું પાણી, - પછી ગાઢું પાણી, - પછી ગળી ગયેલા મગ, અપાવજો; તાવ મૂળમાંથી જતો રહેશે.' વૈદને પૂછ્યું,-

પ્રશ્ન : એમાં તો બહુ અશક્તિ ન આવી જાય ?

ઉત્તર : વૈદરાજ કહે, તાવ અંદરના દોષને લીધે છે. એ વખતે જો ખોરાક ખાઓ તો એ દોષોને પોષણ મળે છે, જો હડતાલ પાળો તો એ દોષોનું શોષણ થઈ જાય. પછી તાવ ક્યાં ઊભો રહે. તાવ-મિંયા મસાલા ઉપર કૂદે છે. મસાલા બંધ, તો તાવના ટાંટિયા ઢીલા... એટલે દોષ ખતમ થતાં આહાર સારો પચે, એમાંથી રસ-રુધિર વગેરે સાત ધાતુઓ પોષાય, એટલે શક્તિ આવે એ સ્વાભાવિક છે. દોષ અંદર ભરેલા પડ્યા હોય તો આહારમાંથી રસ નહિવત્ થાય, અને ખળ-મળ ઘણો થાય.

પછી વૈદરાજને પૂછ્યું 'તાવ તદ્દન મટી ગયા પછી શક્તિ લાવવા દૂધ-ઘી કેટલા લેવાના ?'

વૈદરાજ કહે, 'કશું જ નહિ, ચાલુ ખોરાકથી શક્તિ આવી જશે. એનું કારણ એ છે કે તમારું શરીર શેમાંથી બન્યું છે ? માતાના ખોરાકમાંથી. માતા તમારી શું ખાતી હતી ? દૂધના કટોરા પીતી ? અને ઘીના લોંદા ખાતી હતી ? ના, ચાલુ રોટલી-દાળ-ભાત-શાક, એમાંથી તમારું શરીર બન્યું. એટલે એ જ ખાઓ. શક્તિ આવી જાય એ સ્વાભાવિક છે. સારાંશ તાવ એ દુઃખ નથી. એ તો રોગ પકવવાની દવા છે. છતાં એમાં દુઃખની કલ્પના થાય એ દુઃખ છે. એમ આફત એ કર્મ પાકવાની દવા છે. એથી કર્મક્ષયનો લાભ થાય પછી ત્યાં મન શું કામ બગડે ?'

આપણી વાત આ હતી, - પ્રભુનો ગમે તેવા સંયોગોમાં પણ 'અવિકૃત મન' નામનો જે ગુણ છે. એ ગુણના પ્રેમથી આપણાં આધ્યાત્મિક-માનસિક દુઃખ, ખોટી કલ્પનાનાં દુઃખ ટળે.

ધર્મચક્રનો પ્રભાવ :

તીર્થંકર ભગવાન વિહારમાં ચાલે ત્યારે એમની આગળ ઊંચે આકાશમાં ધર્મચક્ર ચાલે છે. ધર્મચક્ર એ હજાર આરાનું સૂર્યથી અધિક તેજસ્વી ચક્ર છે. સૂર્ય ત્યાં ફિક્કો લાગે. ધર્મચક્રને તેજ-વર્તુલ હોય છે. દૂર દૂરથી લોકો એને જોઈ આશ્ચર્ય પામે છે, અને જોવા માટે દોડતા દોડતા આવે છે. ધર્મચક્ર એ પ્રભુનો ગુણ છે. અરિહંતના બારગુણમાં ભામંડલ, ચામર, છત્ર, વગેરે આઠ પ્રાતિહાર્ય એ ગુણ છે

ને ? તેમ ધર્મચક્ર એ પણ ગુણ છે. એ ગુણનો પ્રભાવ કેવો ? તો કે ધર્મચક્રનું પ્રેમથી, ભાવથી ધ્યાન કરે એનાં દુઃખ ટળે. પ્રભુના આવા અચિન્ત્ય પ્રભાવક ગુણના પ્રેમનો સ્વભાવ જ એવો અર્થાત્ અરિહંતપ્રભુનો જ સ્વભાવ એવો કે એમના ધર્મચક્રાદિ ગુણના પ્રેમ દ્વારા એ અચિન્ત્ય સિદ્ધિ કરી આપે.

અરિહંતપ્રભુના આવા સ્વભાવમાં દૃષ્ટાન્ત ચિંતામણિરત્નનું આપ્યું કે ચિંતામણિ કશું કરે નહીં, એના આરાધક પર રાગ પણ કરે નહીં, છતાં એને આરાધ્યાથી એ ચિંતિત આપે, એવો એનો સ્વભાવ, એમ ચંદનનો સ્વભાવ કે એ ઠારે, શીતલતા જ આપે; અગ્નિનો સ્વભાવ કે એ બાળે, તાપ જ આપે; એમ અરિહંતનો સ્વભાવ જ એવો કે એમના ગુણોનો જે પ્રેમ કરે, એમને ગુણ-પ્રેમથી જે સેવે, એનાં દુઃખ મિટાવી આપે.

જગતના અમુક અમુક વસ્તુના સ્વભાવની કેવી બલિહારી છે તે હવે કહે છે,

વ્યસન ઉદય જે જલદિ અનુહરે, શશીના તેજ સમ્બન્ધેઃ
અણસમ્બન્ધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે...૪.

ભાવાર્થ : સમુદ્રમાં સમયે સમયે ભરતી ચડે છે, તે ચંદ્રમાના પ્રકાશના સમ્બન્ધથી ચડે છે, પરંતુ એવા કોઈકના સમ્બન્ધ વિના પણ કુમુદ (રાત્રિ વિકાસી કમળ) રાત્રે વિકસે છે, તે એના શુદ્ધ સ્વભાવના સમ્બન્ધથી (વિકસે છે.)

વિવેચન : કવિ અહીં સમુદ્ર અને કુમુદના દૃષ્ટાન્તથી બતાવે છે કે સમુદ્રમાં ચોક્કસ સમય સમય પર ભરતી ચડે છે, તેમજ કુમુદ-કમળ રાત પડે એટલે વિકસ્વર થાય છે પરંતુ સમુદ્ર અને કુમુદમાં ફરક છે. સમુદ્રમાં ભરતી ચડે છે તે ચંદ્રના ઉદયના હિસાબે; કેમકે લૌકિક માન્યતાથી સમુદ્ર ચંદ્રનો પ્રકાશ જોઈ હિલોરે ચડે છે. તેથી રોજના રોજ જેમ ચંદ્રનો ઉદય જુદા જુદા સમયે, તેમ સમુદ્રમાં ભરતી ચડવાનું પણ જુદા જુદા સમયે. ઉપર ચંદ્ર જ્યાં આકાશમાં ઉદય પામે, ત્યાં નીચે સમુદ્રમાં બરાબર એ સમયે ભરતી શરૂ થાય. એ સૂચવે છે કે સમુદ્રમાં ભરતી ચડે યા કહો કે સમુદ્ર વિકાસ પામે તે ચંદ્રના પ્રકાશના સમ્બન્ધથી થાય, પરંતુ કુમુદને તો ચંદ્રના પ્રકાશનો કે બીજા કોઈનો સમ્બન્ધ છે નહીં, છતાં કુમુદ કેમ રાત્રે વિકાસ પામે છે ? ત્યાં કહેવું પડે કે કુમુદમાં એવા સ્વભાવની ગોઠવણ છે કે એ રાત્રે વિકસે.

કવિએ પહેલાં કહ્યું છે કે પ્રભુ નીરાગી છે, છતાં પ્રભુની સાથે મેં પ્રેમ જોડ્યો છે તે સમજીને જ કે ચિંતામણી નીરાગી છતાં એની આરાધનાથી એ ફળે છે, એ ચિંતિત પૂરે છે; કેમકે એનો સ્વભાવ જ એવો છે કે ચિંતિત પૂરે. પણ બીજા મણિરત્નના એવા સ્વભાવ નહીં તેથી એ એવા ફળે નહીં, ચિંતિત પૂરે નહીં, એ તો ચિંતામણીરત્ન જ ચિંતિત પૂરે, એ જ ફળે, એમ અરિહંત પરમાત્મા

નીરાગી છતાં આરાધાયા થકા એ ફળે જ એવો એમનો સ્વભાવ જ છે.

સ્વભાવના ઉપર દૃષ્ટાન્ત આપ્યું કે કુમુદ રાત્રે વિકસે, એવો દિવસ-વિકાસી કમળનો સ્વભાવ નહીં કે એ રાત્રે વિકસે. એમ અહીં અરિહંત વીતરાગનો સ્વભાવ એવો કે એ અચિન્ત્ય સિદ્ધિ આપે. એવો બીજા દેવી-દેવતાનો સ્વભાવ નહીં. તેથી હવે કવિ કહે છે, -

દેવ અનેરા તુમથી છોટા, થેં જગમેં અધિ કેરા;
'જસ' કહે ધરમ જિનેસર થાશું, દિલ માન્યા હે મેરા...૫

ભાવાર્થ : હે દેવાધિદેવ ! માટે જ બીજા દેવો તમારાથી નાના છે, અને તમે મોટા છો. તેથી હે ધર્મનાથ જિનેશ્વર ભગવાન ! મારું (ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનું) મન તમારી સાથે મળી ગયું છે.

વિવેચન : કવિએ ભક્તના દુઃખ દૂર કરવાના અરિહંતના અચિન્ત્ય સ્વભાવ પર પોતાની ભારે શ્રદ્ધા વ્યક્ત કરી. કવિ મોટા ન્યાયવિશારદ છે. એમનું ભેજું તાર્કિક છે, છતાં અહીં કોઈ તર્ક-દલીલ વિના પ્રભુનો એવો સ્વભાવ માની લે છે, એ સૂચવે છે કે તો પછી આપણે તો અરિહંત પ્રભુના તેવા સ્વભાવ ઉપર કેટલી બધી શ્રદ્ધા રાખવી જોઈએ ?

'દેવ અનેરા તુમથી છોટા, થેં જગમેં અધિ કેરા.'

કવિ અરિહંત ભગવાનને બીજા સર્વ દેવો કરતાં સુપ્રિમ-ચડિયાતા તરીકે સ્થાપે છે. એનું કારણ એ નથી કે પોતે અરિહંતને ઈષ્ટદેવ તરીકે માનનારા કુટુંબમાં જન્મેલા છે માટે એમને સર્વશ્રેષ્ઠ દેવ તરીકે સ્થાપે છે. કિન્તુ અરિહંત વીતરાગ સર્વજ્ઞ છે; અનંતગુણ-સંપન્ન છે, માટે એમને દેવાધિદેવ તરીકે સ્થાપે છે; તેમજ પોતાને પણ એવી સર્વોત્કૃષ્ટ આત્મસ્થિતિએ પહોંચવું છે માટે અરિહંતને ઈષ્ટદેવ તરીકે માથે ધર્યા છે એટલે તો કહે છે **'જસ કહે ધર્મજિણેસર થાશું દિલ માન્યા હૈ મેરા'** અર્થાત્ હે ધર્મજિનેસર ભગવાન ! મારું દિલ તમારામાં ઠરે છે; કેમકે મારે જે ગુણો જોઈએ છે, યાવત્ એમાં આગળ વધતાં જે સ્વાત્માની સર્વેસર્વા શુદ્ધ અવસ્થા યાને પરમાત્મ-અવસ્થા જોઈએ છે, એનો આદર્શ અરિહંત પરમાત્મામાં જ દેખાય છે. ઈતર દેવોમાં રાગ-દ્વેષ-ક્રોધ-અભિમાન વગેરે સળવળતાં હોય છે, એ વાત એમને માનનારા શાસ્ત્ર કહે છે. વળી એમને પત્ની સાથે હોય છે. અને એની સાથે સંસારી જેવા વ્યવહાર હોય છે. દા.ત.

શંકર ભગવાનને પાર્વતી પત્ની સાથે હતી. એકવાર એ રીસાઈ ગઈ, તો શંકર ભગવાન જાણે એની પરવા મૂકી જંગલમાં જઈ ધ્યાનમાં બેસી ગયા. ત્યાં પાર્વતી એમને બીજી સ્ત્રી પર મોહ થાય છે કે નહીં એ જોવા બહુ રૂપાળી ભરવાડણનો વેશ સજી શંકરજીની પાસેથી પગના ઝાંઝર ખણખણ થાય એ રીતે ઠમક ઠમક ચાલે પસાર થાય છે. આગળ જાય, પાછી આવે. આગળ જાય પાછી

આવે, એમાં જુએ છે કે શંકરજીના નેત્ર પણ એજ પ્રમાણે એને જોવા માટે ફરતાં રહે છે. આમ શંકરજીનો પરસ્ત્રી પર રાગ જોઈ પછી એ સામે આવી પાર્વતીનું રૂપ પ્રગટ કરે છે ત્યાં શંકરજી ભોંઠા પડે છે. આ શું છે ? સંસારીના વ્યવહાર.

વિષ્ણુ ભગવાન શ્રીકૃષ્ણ પણ કેવા રાગ-દ્વેષ કરે છે એ વસ્તુ કુરૂક્ષેત્ર પર પાંડવ-કૌરવનું યુદ્ધ થયું ત્યાં જોવા મળે છે. એમાં પહેલાં તો અર્જુને યુદ્ધભૂમિ ઉપર સામે પક્ષે દાદા ભીષ્મ પિતામહ, વિદ્યાગુરુ દ્રોણાચાર્ય... વગેરેને જોઈ એ વૈરાગ્ય પામી શ્રીકૃષ્ણને કહે છે કે "આવી વિભૂતિઓનો જેમાં નાશ છે એવું યુદ્ધ મારે નથી લડવું. મારે આ બધાને મારી આતતાયી નથી બનવું." ત્યાં શ્રીકૃષ્ણે ગીતાનો ઉપદેશ આપી એવો પાનો ચડાવ્યો કે અર્જુન ખુનખાર યુદ્ધ લડવા તૈયાર થઈ ગયો. ત્યારે આમાં શ્રીકૃષ્ણ ભગવાનને પાંડવો પર કેટલો બધો રાગ અને કૌરવો પર કેટલો બધો દ્વેષ આવ્યો હશે ત્યારે અર્જુનને મહાયુદ્ધ માટે પ્રેર્યો હશે ? એ સમજાય એવું જ છે.

એમ બીજા બીજા બ્રહ્માદિ દેવોમાં પણ રાગ-દ્વેષ વગેરેની પરવશતા જોવા મળે છે. ત્યારે અરિહંત ભગવાનમાં લેશ પણ રાગ નહીં કે દ્વેષ નહીં ! કામ નહીં કે ક્રોધ નહીં ! માટે જ અરિહંત ભગવાન વીતરાગ સર્વજ્ઞ ખરેખર પરમાત્મા બનેલ છે. તેથી સંસારી જીવો માટે અરિહંત તીર્થંકર જિન એ આદર્શ છે. એમને નજર સામે રાખવાથી આપણો આત્મા વીતરાગતાના પંથે આગળ વધે છે.

એટલે જ ઈતરો જે રામચંદ્રજીને ભગવાન માને છે એ પણ પાછલી વયમાં કેવી સુંદર ભાવના કરે છે એ એમના 'યોગવાશિષ્ટ' નામના શાસ્ત્રમાં જોવા મળે છે.

'યોગવાશિષ્ઠ' શાસ્ત્ર રામાયણનો ઉત્તરકાંડ છે એમાં રામની ભાવના આ રીતે લખી છે -

'नाहं रामो न मे राज्यं, न च भावेषु मे मनः ।
शान्तिमास्थातु मिच्छामि, स्वात्मन्येव जिनो यथा ॥'

અર્થાત્ "હું રામ નથી. મારે રાજ્યાદિ પરિગ્રહ નથી. તેમ આત્મા સિવાયના બાહ્ય પદાર્થોમાં મારું મન નથી. હું તો જિનની જેમ મારા પોતાના આત્મામાં જ શાંતિથી ઠરવા ઈચ્છું છું."

આ જ બતાવે છે કે પોતાના ઈષ્ટદેવ રામના પણ ઈષ્ટદેવ 'જિન' - જિનેંદ્ર ભગવાન છે માટે જિનેંદ્ર ભગવાન વીતરાગ સર્વજ્ઞ એ 'થેં જગમેં અધિ કેરા' હે વીતરાગ અરિહંત પ્રભુ ! તમે સર્વદેવોના પણ પૂજ્ય સર્વોપરિ દેવ છો.

એટલે જ કવિ કહે છે 'થાશું દિલ માન્યા હૈ મેરા !' મારું દિલ પ્રભુ તમારામાં લાગી ગયું છે. તમારામાં ઠરે છે. તમારામાં જ શ્રદ્ધાવાળું બન્યું છે; તમને જ ત્રાણ-પ્રાણ-શરણ્ય-નાથ તરીકે સ્વીકારે છે.

(ઈતિ શ્રી ધર્મનાથ જિન સ્તવન વિવેચના)

મહામંત્રમાં પૂરક તત્ત્વ : એક ચમત્કારિક ઘટના-૧

શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના કરનાર કેટલાકને આજે એમ લાગે છે કે 'અમે એનું સ્મરણ અને જાપ તો કરીએ છીએ પરંતુ એ કાંઈ સચોટ ફળ નથી બતાવતો, તેમ એમાં મનની સ્થિરતા પણ નથી રહેતી.' આ માન્યતા એક પ્રકારની વિચિકિત્સા નામના દૂષણ તરફ લઈ જાય છે, તેથી નવકાર પ્રત્યેનું શ્રદ્ધાબળ જર્જરિત થાય છે.

પરંતુ અહીં એ સમજવાની જરૂર છે કે 'આ શું, કે બીજી આરાધના શું, એની સાથે એની સફલતામાં પૂરક તત્ત્વોને આમે જ કરવાની (ઉમેરવાની) અત્યંત આવશ્યકતા રહે છે. દા.ત. શ્રી નવપદજીની આરાધના માટે કહ્યું છે કે શમ અર્થાત્ કષાયોનું ઉપશમન. દમ, ઈન્દ્રિઓનું દમન, વગેરે ગુણોવાળા બનીને એ આરાધના કરવાની. તો નવકારમંત્રની આરાધનામાં સાથે મૈત્રી અને વિશ્વકલ્યાણની ભાવનાનું તત્ત્વ આરાધવું જોઈએ. આના પર પ્રસ્તુતમાં એ તત્ત્વનો વિચાર એક વર્તમાનમાં બનેલી ચમત્કારિક ઘટનાના આધારે અહીં બતાવીએ છીએ.'

જામનગરમાં એક વીસા ઓશવાલ જ્ઞાતિના ભાઈ રહે છે. આજથી પંદરેક વર્ષ પૂર્વે વિ.સં. ૨૦૦૧માં એમને માથામાં અત્યંત દુખાવો ઉપડ્યો. લગભગ છ મહિના સુધી દવા ઉપચાર કરવા છતાં દુખાવો શમ્યો ય નહિ અને ડાક્ટર એનું નિદાન પણ ન કરી શકયા પરંતુ જયારે એમનું ગળું સંકોચાવા લાગ્યું, ગળા બહાર ગાંઠ નીકળી, બળખામાં લોહી પડવા લાગ્યું, રોટલીનું બટકું પણ પાણીના ઘૂંટડાની સહાયથી ઉતારવાનું બન્યું, ત્યારે ડાક્ટરે કેન્સરનું દર્દ હોવાનું કહ્યું, પણ એટલામાં તો ગળાની બહાર અને અંદર એટલો બધો સોજો વધી ગયો કે પાણીનું ટીપું પણ ઉતારવું મુશ્કેલ બન્યું, અને મુંબઈમાં ડૉ. કપૂર તથા ડૉ. મોદીએ પણ હવે દર્દ અસાધ્ય કહી કિરણોના ઉપચાર પણ અશક્ય હોવાનું કહ્યું અને બે એક દિવસના જ આ મેમાન હોવાનું માન્યું.

કુટુંબીઓ એમને ઘેર લઈ આવી ભગ્ન હૃદયે અંતિમ આરાધના કરાવવા પુણ્ય પ્રકાશનું સ્તવન, નવકારમંત્ર વગેરે સંભળાવવા લાગ્યા. અહીં આ ભાઈને તૃષા પણ એવી અસહ્ય લાગેલી કે જાણે માટલું પાણી પી જાઉં; છતાં વિ.સં. ૧૯૯૬માં પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના ચાતુર્માસમાં ધર્મ તરફ વળેલા, તેથી હવે અસહ્ય વેદનામાં પણ ધર્મમાં ચિત્ત પરોવ્યું. આરાધનાનું શ્રાવણ કરતાં કરતાં એમના મનમાં એ સ્ફુરી આવ્યું કે

ગુરુમહારાજાઓએ કહ્યું છે કે જીવે જીવનભર કદાચ ધર્મ ન કર્યો હોય છતાં જો અંતકાળે સર્વ જીવોને ખમાવવા સાથે નવકારમંત્રના ધ્યાનમાં જીવ લીન બને તો એની સદ્‌ગતિ થાય છે; માટે અત્યારે જો હું ભયંકર તરસ અને વ્યાધિઓની વેદનામાં મન રાખીશ તો મારી સદ્‌ગતિ નહિ થાય, ને દુર્ગતિઓમાં હું રઝળી પડીશ. તેથી હવે તો એ વેદનાઓને ભૂલી ક્ષમાપના અને નવકારમાં ચિત્ત પરોવી દઉં.'

આ વિચાર કરીને કુટુંબીઓને કહી દીધું કે 'તમે બારણા બંધ કરી દો જેથી બહારના ઘોંઘાટ કે બીજું કોઈ આવીને મને ધ્યાનમાં વિક્ષેપ ન કરે. હું મારે નવકારના ધ્યાનમાં બરાબર તત્પર થાઉં છું.' એ પ્રમાણે બારણાં બંધ કરવામાં આવ્યાં, અને ભાઈએ પોતે આ પ્રમાણે આરાધના શરૂ કરી,

'સર્વ જીવોને હું ખમાવું છું. મારા જે કોઈ અપરાધો થયા હોય તેની મને ક્ષમા આપો. મારે કોઈ જ દુશ્મન નથી. કોઈની સાથે મારે વૈર વિરોધ નથી.'

'જગતના સર્વ જીવો સુખી બનો, સુખી બનો, સુખી બનો.'

'જગતના સર્વ જીવો નિરોગી થાઓ, નિરોગી થાઓ, નિરોગી થાઓ.'

'જગતના સર્વ જીવો મોક્ષ પામો, મોક્ષ પામો, મોક્ષ પામો.'

'કોઈ જીવ પાપ ન કરો, પાપ ન કરો, પાપ ન કરો.

કોઈ જીવ દુઃખ ન પામો, દુઃખ ન પામો, દુઃખ ન પામો. જગતના સર્વ જીવોનાં પાપ અને દુઃખ નાશ પામી આ સંસારથી મુક્ત બનો, મુક્ત બનો, મુક્ત બનો.'

'વિશ્વનું કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ.'

આ પ્રમાણે ગદ્‌ગદ હૃદયે ભાવના કરીને પછી નવકારમંત્ર રટવા શરૂ કર્યા. ૨૫-૫૦ વાર નવકાર સ્મરણ કરીને પાછી ઉપરોક્ત મૈત્રી ભાવના ભાવી. પાછા ૨૫ ૫૦ નવકાર જાપ, પાછી ભાવના, પાછા નવકાર... એમ ચાલુ રાખ્યું.

તૃષા અને વ્યાધિની વેદના અપરંપાર હતી, પણ હવે ચિત્ત આરાધનામાં લાગી જવાથી એ વિસારે પડી. હવે તો 'મારી ગતિ ન બગડો, સદ્‌ગતિ થાઓ.' એજ એક તમન્નામાં ભાવના અને નવકારની તન્મયતા થઈ. બે-ત્રણ કલાકને અંતે, એમને છેલ્લા પાંચ-છ દિવસથી કાંઈ ખોરાક નહિ છતાં, એકાએક તપેલું ભરીને ઊલટી થઈ. તે ભાઈ બેહોશ થઈ ગયા. ઘરવાળા પણ ગભરાઈ ગયા અને માન્યું કે હવે ભાઈ ઉપડ્યા. જોરશોરથી નવકાર સંભળાવવા માંડ્યાં. બેશુદ્ધ ભાઈને પછી શુદ્ધિ આવતાં મોં સાફ કરવા પાણી માગ્યું. પાણી આપવામાં આવ્યું અને એનાથી કોગળા કરતાં મનને થયું કે 'લાવ, તરસ અને એનાથી કોગળા કરતાં મનને થયું કે 'લાવ, તરસ ભારે છે તો જોઉં ટીપું પણ પાણી ગળે ઉતરે છે,' એમ કરીને

પાણી પીવા જતાં પાણી ગળે ઉતર્યું તે બે લોટા પાણી પી ગયા. ત્યાં માતાના કહેવાથી થોડું દૂધ પણ પીધું, પણ હજી લગની તો મૈત્રીભાવના અને નવકારની ચાલુ જ હતી; એમાં એમને ઊંઘ આવી ગઈ. છેલ્લા ૫-૭ દિવસથી ઊંઘ આવેલી નહિ તે અત્યારે ઘસઘસાટ ૫-૬ કલાક ઊંઘ આવી ગઈ.

ઘરના માણસો તો હજી આ જીવનના અંતિમ ખેલ સમજે છે, ત્યાં ભાઈ સ્વસ્થતાથી જાગ્યા. દાતણ પાણી કરી દૂધ લીધું. પછી તો બબ્બે કલાકે પ્રવાહી લેતા ગયા. દરમિયાન ભાવના અને નવકાર સ્મરણ કરતા રહ્યા. ફેમીલી ડોક્ટરને આશ્ચર્ય થયું, મોટી ડોક્ટર પાસે લઈ ગયા, એને પણ આશ્ચર્ય થયું, પૂછે છે 'આ શી રીતે બન્યું ?'

ભાઈ કહે છે, 'મને એકાએક ઊલટી થઈ તે પછી આમ બન્યું છે.'

'પણ તમે કોઈ દવા લીધી હોય તો કહો, અમારે કેન્સરના બીજા દર્દીઓમાં એ કામ લાગે !'

'તે પછી ડોક્ટરે જોઈને થોડા કિરણ લેવાની આવશ્યકતા બતાવી. ભાઈને તો નવકાર મહામંત્ર અને મૈત્રી તથા વિશ્વકલ્યાણની ભાવના પર પૂર્ણ શ્રદ્ધા પ્રગટી ગઈ હતી, અને રોગ જવાની ખાતરી થઈ ગઈ હતી. છતાં ડાક્ટરના કહેવાથી ૨૮ સીટીંગ કિરણ લીધા. ખાવા પીવાનું બધું જ ચાલુ થઈ ગયું. રોગનું નામ નિશાન ન રહ્યું.'

બસ, આરાધનાનો પ્રત્યક્ષ પડ્યો જીવનમાં અનુભવ્યો ! જાણે નવું જીવન મળ્યું, એટલે એમણે તો હવે ધંધામાંથી લગભગ નિવૃત્તિ લઈ લીધી અને વર્ષોથી આરાધનાનો આ દૈનિક કાર્યક્રમ આચરી રહ્યા છે. જામનગરમાં એકાંતરૂમમાં સવારે ૩॥-૩॥। વાગે ઉઠી બરાબર ૪ વાગે પદ્માસને બેસી પ્રારંભે પૂર્વોક્ત મૈત્રી ભાવના અને નવકાર મંત્રની રટણા કરે છે. પછી હૃદયમાં સિદ્ધચક્ર યંત્રની ધારણા કરી એમાં ૧-૧ ખાનામાં ૧-૧ વાર નવકારમંત્ર ગણે છે, તે એવી રીતે કે યંત્રમાં પહેલી વાર શ્રી ઋષભદેવ બિરાજમાન ધારીને નવે ખાનામાં ૯ નવકાર ગણે છે. બીજી વાર શ્રી અજિતનાથ પ્રભુ બિરાજમાન ધારીને ૯ નવકાર ગણે છે, એમ બારમા શ્રી વાસુપૂજ્ય સ્વામીની ધારણા કરીને ૯ નવકાર પૂરા ગણાતાં કુલ ૧૦૮ નવકાર નવકારવાળી લીધા વિના એકાગ્રતાથી ગણે છે. નવકાર ગણતાં અરિહંત, સિદ્ધ, વગેરે પરમેષ્ઠીને માનસિક નમસ્કાર કરતા ચાલે છે. પછી ચોવીસ ભગવાનના નામાક્ષરને જાણે સામે વાંચતા હોય એવી રીતે યાદ કરે છે.

આમ પાંચ વાગે સમાપ્ત કરી પછી પ્રતિક્રમણ કરે છે. ૭ વાગે ઉઠીન નીચે ઉતરી દેવદર્શનાદિ કરી નવકારશી, પૂજા તથા વ્યાખ્યાન શ્રાવણ કરે છે. પછી શ્રી

પાર્શ્વનાથના દેરાસરમાં ૧૦॥ થી ૧૧॥ વાગ્યા સુધી સવારના ૪ થી ૫ ના જેવો કાર્યક્રમ કરે છે. તે પછી જમીને બપોરે એકાંત રૂમમાં ધાર્મિક વાંચન, નવસ્મરણ વગેરે સ્વાધ્યાય કરે છે. સાંજના નીચે ઉતરી જમી દેવદર્શનાદિ કરી પ્રતિક્રમણ કરે છે. તે પછી મૈત્રી ભાવના, નવકારમંત્ર સ્મરણ, વગેરે કરી સૂઈ જાય છે, તે સવારે ૩॥-૩॥ વાગે ઉઠી જાય છે.

ભાઈ કહે કે, 'પ્રારંભમાં જ્યારે મારે કોઈની સાથે જરા મનોભેદ જેવું થાય તો બીજે દિવસે બરાબર ધ્યાન લાગતું નહિ, એટલે હું એજ દિવસે ભાઈ પાસે જઈ કહું કે 'ભાઈ પેલું બન્યું તેમાં મનમાં તમને ખોટું લાગ્યું હશે, તો તે કાઢી નાખજો. મનમાં રાખશો નહિ, અને હું ક્ષમા માગું છું.' આમ ચિત્તમા ઉપશમન થાય એટલે બીજે દિવસે નવકાર ભાવના વગેરેમાં સારી તન્મયતા લાગે. એથી પછી તો મેં આખો દિવસ મન પર ચોકી રાખવાનું કર્યું છે. અડધા એક અડધા એક કલાકે હું તપાસ રાખ્યા કરું છું કે મનમાં શી વિચારણા ચાલી રહી છે, સહેજ પણ કોઈના માટે હલકો ભાવ, કે બીજો કોઈ અપવિત્ર વિચાર મનમાં ન ઘૂસી જાય એની તકેદારી રાખું છું. એમાં ય કયારેક કોઈને મન દુભાવવાનું બની ગયું હોય તો બીજે દિવસે ધ્યાન ભંગ થતાં ખબર પડી જાય છે, તેથી તે જ દિવસે એની પાસે જઈને ક્ષમા માગી એને પ્રસન્નતા કરી લઉ છું. તેથી આરાધના બહુ જ ભાવભરી અને એકાગ્રતાવાળી ચાલી રહી છે.'

ખોરાકમાં તેમણે બહુ સાદુ ભોજન અને નિયમિત રાખ્યું છે. ગુરુમહારાજ સિવાય બનતા લગી કોઈના સંસર્ગમાં આવવાનું રાખતા નથી. એમના ભાઈઓનો એમના પર પ્રેમ, વિનય બહુ છે. એ મુંબઈમાં સ્વદેશી માર્કેટ અને મૂલજી જેઠા મારકીટમાં દુકાન ચલાવે છે. એ એમને મુંબઈ રહેવા આવવા બોલાવે છે, અને જાય તો વિશેષ અર્થલાભ થવા સંભવ છે. પણ આમને હવે એવો લોભ નથી, માત્ર આરાધનાનો મહાન આનંદ છે, તેથી જામનગર ખાતે જ રહે છે.

મૈત્રી ભાવના, પવિત્ર હૃદય અને શ્રી નવકાર મહામંત્રની આરાધનાના ચમત્કારિક ફળ એમને કેટલીયવાર અનુભવમાં આવ્યા છે. કેન્સર રોગની એકાએક શાંતિ, અને મરણ-પથારીએથી નવાં જન્મ જેવી પરિસ્થિતિ તો આપણે ઉપર જોઈ પણ તે પછી કોઈ કોઈ વ્યાવહારિક ગૂંચ વખતે એમને વિચાર થાય કે તરત સમાધાન મળી ગયેલ અનુભવ્યો છે.

આ ઘટનામાંથી જણાશે કે શ્રી નવકારમંત્રનું સ્મરણ અને વિશ્વકલ્યાણ-વિશ્વમૈત્રીની ભાવના કેવું ચમત્કારિક કાર્ય કરે છે. અલબત, આ જીવનના ચમત્કારિક લાભ લેવાના ઉદ્દેશમાત્રથી આ આરાધના નથી કરવાની; કેમકે તો તો પછી

તેજીના બજારમાં સોદો અધુરો કાપી મામૂલી નફામાં વેચાણ કરી દેવા જેવું, અને લૌકિક લાભથી સંતોષ માની પૌદ્‌ગલિક વાસનાના કુસંસ્કાર દૃઢ કરવાનું થાય છે. એથી આત્મશુદ્ધિ અને આત્મોન્નતિ, ભવકાપ અને મોક્ષનિકટતા, વગેરે પ્રશસ્ત ઉત્તમ લોકોત્તર લાભો ગુમાવાય છે; અને ભૌતિક આકર્ષણો ભવાંતરે પણ ઊભાં રહે છે. તેથી માત્ર ઐહિક ભૌતિક લાભના ઉદ્દેશથી આરાધના નથી કરવાની, પરંતુ પારલૌકિક આત્મહિત અને ઐહિક શુભ અધ્યવસાય-પરિણતિનું જ એક માત્ર મુખ્ય ધ્યેય રાખી આરાધના કરવાની છે.

"દિવ્ય-દર્શન" વર્ષ-૮,અંક-૧૨,તા.૫-૧૨-૧૯૫૯

મહામંત્રમાં પૂરક તત્ત્વ : એક ચમત્કારિક ઘટના-૨

ઉક્ત જામનગર નિવાસી જૈન ભાગ્યવાન એ રીતે જ મોક્ષના ઉદ્દેશથી આરાધના કરી રહ્યા છે, અને એમાં વર્તમાન જીવનમાં કશો લાભ ન થાય, કે ગૃહસ્થ અવસ્થામાં આવતા કેઈ વિઘ્નો અગવડો દૂર ન થાય એવું નથી. નળ-દમયંતીના ચરિત્રમાં તો સાંભળીએ છીએ કે દમયંતી વનમાં એકલી પડી ત્યાં ચોર, પિશાચ વગેરેના કેઈ ઉપદ્રવો આવ્યા ત્યારે એ મહાસતીએ નવકાર ભણી હુંકારા કરવા બરાબર ઉપદ્રવ દૂર થઈ ગયા; પરંતુ આ ભાઈના જીવનમાં પણ વિશ્વ કલ્યાણની સતત ભાવના, પવિત્ર હૃદય અને નવકારના પ્રભાવે કેટલીક એવી ઘટનાઓ બનેલી છે, તે અહીં જોઈએ તે પહેલાં જુઓ કે,

એ ભાઈ કહે છે કે શ્રી નમસ્કાર મહામંત્ર વગેરેની આરાધના હું કેવળ મોક્ષ માટે મારા આત્માનો આ જન્મ-મરણ આદિ દુઃખો ભર્યા સંસારથી છૂટકારો કેમ થાય એ ઉદ્દેશથી જ કરું છું. બીજી મને કોઈ કામના નથી, છતાં આ આરાધનાએ મને કેટલીક ચમત્કારિક અનુકૂળતાઓ કરી આપી છે. એ બદલ નમસ્કાર મહામંત્ર-પંચ પરમેષ્ઠીનો હું અત્યંત ઋણી છું, અને જેટલો આભાર માનું તેટલો ઓછો છે. મને પરિપૂર્ણ ખાતરી છે કે જો આ જ રીતે શ્રી નમસ્કાર મંત્રનું શરણ, વિશ્વકલ્યાણની ભાવના, મૈત્રીભાવના, પાપવિચાર પર અંકુશ વગેરે બરાબર ટકી રહ્યું તો એ ટૂંક સમયમાં મને મારાં ધારેલા મોક્ષ મુકામે પહોંચાડી દેશે. કોઈને ય યાદ રાખ્યા વિના સમગ્ર વિશ્વના કલ્યાણની ભાવનાથી મને સારી શુદ્ધિ પ્રાપ્ત થઈ છે; અને આંતરશુદ્ધિ થવાથી શ્રી નમસ્કાર મહામંત્ર ઉપર મને ઘણું જ બહુમાન, પ્રેમ તથા અડગ શ્રદ્ધા વધ્યા છે. એ વધવા સાથે થતી મહામંત્રની આરાધના મૈત્રી ભાવના અને પવિત્રતાને ઓર વિકસાવે છે. સવારના ૪ થી ૫ વાગ્યા સુધીની નવકાર સાધનામાં એટલો

બધો આનંદ આવે છે કે એ મૂકવી ગમતી નથી, અને એવો સમય દિવસના બીજો ક્યાંથી આવે ? એમ થાય છે.

આ એમનો સાચો ઈકરાર છે. શુદ્ધ મોક્ષાભિલાષામય એમની પવિત્ર પરિણતિ ફેરફાર બોલવા દે એમ નથી. મોક્ષ સિવાય બીજી વસ્તુની ઈચ્છા નહિ છતાં જુઓ કે એમની સ્મરણે કેવી કેવી અનુકૂળતાની સિદ્ધિ અને વિઘ્નોનું નિવારણ કરી આપ્યું છે.

કેન્સર જેવા મહારોગથી મુક્તિ મળ્યાનું પહેલાં જોઈ આવ્યા છીએ.

એકવાર એવું બન્યું કે બહોળા કુટુંબના હિસાબે મુળજી જેઠા મારકિટમાં બીજી દુકાન કરવાની જરૂર લાગી. પરંતુ ત્યાં તો આજના કાળે રૂા. ૫૦ હજારની પાઘડી અને રૂા. બે લાખ જેવી તો મૂડી જોઈએ. પરંતુ એમાંનું કશું નહિ છતાં ત્યાં એક સુંદર ખાતું ઊભું થઈ ગયું.

એમજ બહોળા કુટુંબ માટે રહેવાની વધારે જગા જોઈએ. ત્યાં આજે તો પરામાં પણ વગર પાઘડીએ મામૂલી પણ જગા કયાં છે ? ત્યાં એમને પવિત્ર આરાધનાના પ્રભાવે એકાએક મલાડમાં થોડી પણ પાઘડી આપ્યા વિના સુંદર જગા મળી ગઈ.

એમના બેનને કેટલાય વરસથી ઉગ્ર દમનો ભારે વ્યાધિ હતો. કેટલાય વૈદ-ડોક્ટરોના ઉપચાર કરવા છતાં એ શમતો જ નહોતો. બેન કંટાળી ગઈ હતી. એમણે એને આ શ્રી નમસ્કાર મહામંત્ર અને વિશ્વકલ્યાણની મૈત્રી ભાવના પર જ શ્રદ્ધા રાખી એની આરાધના કરવા કહ્યું. બીજા સગાંઓને તેવી શ્રદ્ધા નહિ કે એમ આ રોગની પીડા જાય, પરંતુ બેને શુદ્ધ શ્રદ્ધા પૂર્વક આરાધના શરૂ કરી, અને ભાઈએ પોતાની સવારની આરાધનામાં એ રોગ-શાંતિની વિશેષ ભાવના કરી અને ખરેખર ! દમ મટી ગયો.

એકવાર પોતે પરોઢિયે ઉઠવાના સમય લગભગમાં પગે કંઈક જંતુનો સળવળાટ લાગવાથી જાગી ગયા. પોતે બ્રહ્મચર્યમય જીવન જીવે છે અને સુવાના રૂમમાં દીવાબત્તીનો આરંભ સમારંભ રાખતા નથી. એટલે ખબર ન પડી કે કયું જંતુ છે, એની ચિંતા કર્યા વિના પોતે તો પોતાની આરાધનામાં બેસી ગયા. સવારના છ વાગે પ્રકાશ થતાં ગાદી ઉંચકવા જાય છે ત્યાં એક મોટો વીંછી ચાલી જતો જોયો.

એકવાર એવું બન્યું કે મુંબઈ મરીન ડ્રાઈવ સ્ટેશન પર આવ્યા, અને મલાડ જવા માટેની ગાડી ઉપડી. ગાડી પકડાય એવી નહોતી. શિયાળાનો દિવસ હતો એટલે પછીની બીજી ગાડી પકડે પાલવે એમ નહોતું કેમકે ચોવિહારનો સમય થઈ જતો હતો. સવારના નવ વાગે ઘરેથી જમીને નીકળેલ એટલે ભૂખ પણ ઘણી લાગેલી હતી. બાંકડે બેસીને ત્રણ નવકાર ગણ્યા અને વિચાર કર્યો કે હવે શું

કરવું ? ત્યાં તો જુએ છે તો ગાડી થોડેક જઈને ઊભી રહી. એ કહે છે કે શા માટે ઊભી રહી તેની કોઈ ખબર ન પડી, પણ હું જઈને ગાડીમાં બેસી ગયો; નવકાર મંત્રે જ મને સહાય કરી.

એકવાર એમના નાના ભાઈની પત્ની મલાડમાં બપોરે સ્ટવ સળગાવંતાં દાઝી ઉઠ્યાં. બાઈ ગર્ભવતી હતા. પાસે ઘરના આદમી કોઈ નહિ. મુંબઈ ટેલીફોન કરવામાં આવ્યો. ભાઈ આવ્યા; જોયું, તરત બોમ્બે હોસ્પીટલમાં લઈ જઈ દાખલ તો કર્યા, પણ ઈજા વધારે થયેલી તેથી ચિંતા ઘણી હતી. છતાં નવકાર ઉપર અટલ શ્રદ્ધા હતી કે 'સારું થશે તો નવકારથી જ થશે' એનું સ્મરણ કરવા માંડ્યું, અને ચમત્કારિક રીતે સુખ પૂર્વક બેબીનો જન્મ પણ થયો અને બાઈની તબીયત પણ સુધરી ગઈ, આ શ્રી નવકાર મંત્રને જ આભારી છે, નહિતર પરિણામ સારું લાગતું નહોતું.

એકવાર અંધેરી ઈરલા બ્રીજ કરમચંદ જૈન પૌષધશાળાએ મહારાજશ્રીને વંદન કરી ભાઈ અંધેરી સ્ટેશને જવા મોટરબસ સારુ સ્ટેન્ડ ઉપર જઈ રહ્યા હતા એટલામાં બસ આવી અને ઉપડી ય ગઈ, ભાઈ દોડ્યા પણ બસ પકડી શકાય નહિ. હવે તો અડધા કલાકે બસ આવે, પછી સ્ટેશને પહોંચતાં ગાડી પણ મોડી મળે. દુકાનનું ખાસ કામ હતું. એમને ચિંતા થઈ પડી પણ આ તો 'મારો મંત્ર ભલો નવકાર'વાળા હતા એટલે હવે પહેલાં આકુળતા વ્યાકુળતા કર્યા વિના ત્રણવાર શ્રી નવકાર મંત્રનું સ્મરણ એમણે કર્યું. પછી વિચારે છે કે 'હવે મારે શું કરવું,' ત્યાં તો અણધારી રીતે એક એન્જીનીયર અપટુડેટ મોટરકાર લઈને ત્યાં આવ્યો, અને એમને કહે છે, 'કેમ, તમારે અંધેરી સ્ટેશને જવું છે ને ? ચાલો તમને હું ત્યાં મૂકી દઉં. મારે પણ તે બાજુ જવું છે ?' એનો આભાર માની ભાઈ કારમાં બેસી ગયા અને સ્ટેશને વહેલા પહોંચી પણ ગયા. પરંતુ પેલા સાથે કોઈ ઓળખાણ પિછાણ નહિ, કે પોતાની માગણી પણ નહિ તેમ મારે સ્ટેશને જવું છે એમ કહેલું ય નહિ છતાં આ બધું બની ગયું તેથી તેમાં નવકાર ભગવાનનો જ ચમત્કાર માન્યો.

એકવાર એક કિંમતી કાગળ કયાં મુકાઈ ગયો કે આઘો પાછો થઈ ગયો તેની ખબર નહિ, શોધ બહુ કરી પણ અવસર પડ્યે કાગળ મળ્યો નહિ. ચિંતા થઈ, બેઠા તારણહાર શ્રી નમસ્કાર મહામંત્ર ગણતાં. ગણીને વિચારે છે કે હવે કયાં શોધવો ? પછી ઉઠીને એક સ્થાને જોતાં એ કિંમતી કાગળ મળી ગયો !

એકવાર નાના ભાઈના વિવાહના વિચારમાં એક સારા ઘરની કન્યા પર ધ્યાન હતું. પરંતુ એના પિતાના સ્વભાવ અને ઘરની મોટાઈના હિસાબે થવું

અસંભવિત લાગતું હતું. ત્યાં અણધારી પળે સામેથી કહેણ આવ્યું અને નક્કી થયું. એમને લાગ્યું કે આપણે જો માત્ર નવકાર-પંચ પરમેષ્ઠીની જ ચિંતા કરીએ તો એ આપણી કેટલી બધી ચિંતા કરે છે !

એક સુખી શ્રીમંત ગૃહસ્થ જામનગર આવેલા, ઓળખાણના હિસાબે એમને મળવા જવું જોઈએ, નહિતર ખરાબ લાગશે એમ લાગ્યું. પણ એક બે સંબંધીઓને વાત કરતાં સલાહ ન મળી અને રોજના ૧૦॥ થી ૧૧॥ ના સમય મુજબ શ્રી ભાભા પાર્શ્વનાથના દેરાસરે જઈ સ્તુતિ-વંદના કરી પ્રભુ આગળ વિચાર કર્યો કે **'હે નાથ ! આપ તીર્થંકર ભગવંત મને મળ્યા છો, આપનાથી આ જગતમાં કોઈ મોટું નથી, અને મેં તો આપનું શરણ સ્વીકાર્યું છે. તો હવે બીજા કોઈને મોટા કરવાની મારે જરૂર નથી.'**- આમ વિચાર કરી મન વાળી લઈ દિલ હળવું બનાવી દૈનિક આરાધના કરી. પછી ત્યાંથી ઘરે જતાં ઉપર ગેલેરીમાંથી કોઈએ એમને બોલાવ્યા, 'ઉપર આવો. તમને શેઠ બોલાવે છે.' આશ્ચર્ય સાથે એ ઉપર ગયા અને શેઠે સારી વાતચીત કરી. પછી ભાઈ ઉઠીને જવા જાય છે ત્યાં શેઠે ઘણો જ આગ્રહ કરીને રોક્યા અને જમાડ્યા ! પ્રસંગ સામાન્ય છે, પણ નિરાશંસ મનથી અરિહંત પરમાત્મા અને નવકાર સાથે વિશુદ્ધ ભાવનાબળનો જ એક આશરો લેવામાં અનુકૂળતાઓ સામે આવી ભેટે છે. એનો કેવો બોધક છે ! કહે છે ને **'જે શિર જિનવરને નમ્યું તેને નમે છે વિશ્વ હો !'**

કોઈ કોઈ અજબ પ્રસંગો એવા બનેલા છે કે દા.ત. એકવાર ધંધા માટે રૂા. દસ હજારની જરૂર પડી. કોઈની પાસે લેવા જવા જેવું લાગ્યું નહિ. નવકાર સ્મરણ કરે છે ત્યાં અજબ અજાયબી વચ્ચે આ ભાઈને એક ગૃહસ્થ આવીને કહે છે કે 'મારી થોડીક અંગત રકમ તમારે વ્યાજે રાખવી પડશે. વ્યાજ તમારે જોઈએ તે આપજો પણ ચોપડામાં મારા નામથી જમા થાય તેમ નથી.' એમ કહી મોટી રકમ દઈ ગયા.

થોડા ટાઈમ પહેલાં મલાડમાં ત્રણ નાની ઉંમરની બેનોની દીક્ષાનો અભિનંદન મેળાવડો હતો. આગલે દિવસે ભાઈને વિચાર થયો કે 'મારે પણ એમાં બે શબ્દ બોલવા જોઈએ. પણ નાની સભામાંય બોલવાનો કોઈ અભ્યાસ નથી, તો આવી મોટી સભામાં કેમ બોલાશે !' પણ પછી ત્રણ નવકાર ગણ્યા અને વિચાર્યું કે શું બોલવું, ત્યાં તો બોલવાનું મનમાં સ્ફુરતું ગયું. બીજે દિવસે મેળાવડો યોજાયો. મેદની ત્રણ હજાર માણસોની હશે. વિવિધ કાર્યક્રમો થયા. ભાઈને તો ત્યાં જતાં જ પ્રમુખે બાજુમાં બેસાડ્યા, અને પૂછ્યું 'કેમ તમે કાંઈક બોલશો ને ?' એમણે ઉત્તર દીધો કે 'મને બોલવાનો અભ્યાસ નથી પરંતુ બે શબ્દ બોલીશ.' પછી માઈક

પર જાહેર થયું કે 'આ ભાઈ બોલશે,' અને ભાઈ બોલવા ઊભા થયા. શ્રી નવકારની આરાધનાનો કેવો અદ્‌ભુત પ્રભાવ કે મનમાં નવકાર સ્મરણ કરી જરાય ક્ષોભ વિના અસ્ખલિત ધારાએ ત્યાગ માર્ગના અભિનંદન પર બોલવા માંડ્યું. સમયાનુસાર ૨૦-૨૫ મિનિટ બોલ્યા. પણ શ્રોતાઓ અને બાજુના ઉપાશ્રયમાં રહેલ મુનિઓ પણ એ વધારે સારું કહેવાયું એમ પ્રશંસા કરવા લાગ્યા ! ત્યારે ભાઈએ કહ્યું કે 'આ કેવી રીતે બોલાયું એની મને ખબર નથી; અને આવી બીનાઓ મારા જીવનમાં ઘણી ઘણી બનતી આવી છે.' ભાઈને પોતાને લાગે છે કે હું પોતે અજાયબ થાઉં છું કે મારી શક્તિ શું છે ? મારી ગુંજાયશ શું છે ? કાંઈ જ નહિ. તેમ આવી ચમત્કાર પમાડે તેવી ઘટનાઓ સર્જવાની મને કોઈ લાલસા પણ થતી નથી. છતાં આ જે બની આવે છે એમાં તો મને એક જ અટલ શ્રદ્ધા છે કે મારી પાછળ જબરદસ્ત હાથ નમસ્કાર મહામંત્રનો છે. મારું સર્વસ્વ એ મહામંત્ર જ છે એ મારી માગણી કે ઈચ્છા આશંસા વિના એમજ અકલ્પિત કાર્યો કરી દે છે. નમસ્કાર મહામંત્રનો ઉપકાર આ જીંદગીમાં તો હું ભૂલી શકું નહિ તેમજ શ્રી નમસ્કાર મહામંત્ર બતાવનાર મૂળ પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. નો ઘણો ઉપકાર છે તે બદલ એમનો હું ઋણી છું.

"દિવ્ય-દર્શન"-"શાસન પ્રભાવના" વર્ષ-૮,અંક-૧૪,તા.૧૯-૧૨-૧૯૫૯

મહામંત્રમાં પૂરક તત્ત્વ-૩

આ બધા પ્રસંગો જોતાં દેખાશે કે નમસ્કાર મંત્ર એક સર્વ કલ્યાણપ્રદ દેવતા છે. સર્વવ્યાપી પ્રભાવ ધરાવે છે, દુન્યવી હિતો સિદ્ધ થવાનું કે અનર્થો દૂર થવાનું મહામંત્ર પાસે માગવું પડતું નથી. એની આશંસા ધરવી પડતી નથી. આશંસા તો માત્ર આ ભવચક્રથી મુકાવાની અને એને અનુકૂળ સમાધિ અને વિશુદ્ધ અધ્યવસાયની કરવાની રહે છે. પરંતુ એથી પુણ્ય વધી જાય છે, અને જાણે એક વિશિષ્ટ સિદ્ધિ શક્તિ ઊભી થાય છે.

પૂર્વ-ઉક્ત જામનગર-નિવાસી ભાઈની આરાધના સારરૂપે કહી હતી, પણ હવે વિસ્તારથી એ એમના જ શબ્દમાં અહીં રજૂ કરવામાં આવે છે. જેથી બીજાને ભાવના કરવાનો એક રસ્તો મળે. આમાં એટલું ધ્યાનમાં લેવાનું છે કે નીચે બતાવેલ ભાવનામાં એ ભાઈ સામાયિકમાં રહીને શ્રી આદીશ્વર પ્રભુની દ્રવ્યપૂજા વગેરેની ભાવના ચિંતવે છે. તે સામાયિકની મર્યાદા બહારની છે. માટે તે સામાયિકની બહાર ચિંતવી શકાય.

હવે જુઓ તે ભાઈ કહે છે કે 'હું લગભગ પરોઢિયે ૩ા-૩ાા વાગે જાગી જાઉં છું, ઉઠીને તરત જ આઠ નવકાર ગણું છું. પછી 'મંગલં ભગવાન વીરો' આદિ, પછી 'નમસ્કાર સમો મંત્ર નહિ, શેત્રુંજય સમો ગિરિ નહિ' એ યાદ કરું છું. પછી 'આજ દેવ અરિહંત નમું' નું ચૈત્યવંદન બોલ્યા બાદ, લઘુશંકા ટાળી શુદ્ધ ધોતીયું પહેરી, ભગવાનના ફોટાના દર્શન કરી, શ્રી સિદ્ધચક્રજીનું વાસક્ષેપથી પૂજન કર્યા બાદ, સામાયિક લઈ પદ્માસને બેસું છું.'

ત્રણ નવકાર તથા એક ઉવસગ્ગહરં ગણી આત્મ-રક્ષા કરી ચોવીસ તીર્થંકરના નામ બોલી, અતીત-અનાગત તથા વર્તમાન ચોવીસીને મારા અનંતી અનંતવાર વંદન હોજો કહી નવપદજીને યાદ કરી શ્રી ગૌતમ સ્વામીને યાદ કરી, ચક્રેશ્વરી માતાજી જૈન શાસનની રક્ષા કરજો એમ કહું છું. પછી આનંદઘનજીને યાદ કરી ગુરુ મહારાજ પૂ.પં. ભદ્રંકરવિજયજીને યાદ કરી, ચતુર્વિધ સંઘને યાદ કરી, માતા પિતાને યાદ કરું છું.

પછી 'ખામેમિ સવ્વજીવે' આદિ બોલી સર્વને ખમાવી જગતના સર્વે જીવો સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ. જગતના સર્વે જીવો નિરોગી બનો, નિરોગી બનો, નિરોગી બનો, જગતના સર્વે સંસારથી મુક્ત થાઓ, મુક્ત થાઓ, મુક્ત થાઓ, કોઈ જીવો પાપ ન કરો કોઈ પણ દુઃખી ન થાઓ, જગતના સર્વે જીવો કર્મથી અને દુઃખથી મુક્ત થાઓ, વિશ્વના સર્વે જીવોનું કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ. એવી ભાવના કરું છું. બાદ મંગલં ભગવાન વીરો આદિ, નમસ્કાર સમો મંત્ર નહિ આદિ બોલી મનમાં સંકલ્પ કરું છું, કે આ મારી આરાધના વિશ્વના કલ્યાણ માટે હોજો.

ત્યારબાદ હૃદયમાં નવપદજીને સ્થાપન કરી શ્રી અરિહંત ભગવાનની જગ્યાએ શ્રી ઋષભદેવ ભગવાન સમજી એક એક પદ ઉપર એક નવકાર બરાબર ધ્યાનપૂર્વક ગણું છું એટલે નવ નવકાર ગણાય. ત્યારબાદ બીજી વખતે એવી જ રીતે ગણું પરંતુ બીજી વખતે અરિહંત ભગવાનની જગ્યાએ બીજા અજિતનાથ ભગવાનને કલ્પું. ત્રીજી વખત સંભવનાથ. આવી રીતે બારમા વાસુપૂજ્ય સુધી ૧૦૮ નવકાર પૂરા થઈ જાય.

ત્યાર પછી બાર નવકારના અક્ષરનું ધ્યાન કરું છું.

બાદ ચોવીસે તીર્થંકરના નામનું અક્ષરથી ધ્યાન કરું છું.

પછી શ્રી સિદ્ધચક્રજીના વર્ણ સાથે ધ્યાન કરું છું.

ત્યાર બાદ મનથી શ્રી સિદ્ધગિરિની જાત્રા કરવા જાઉં છું.

નીચે આગમ મંદિરથી ક્રમસર દાદાની ટુંક સુધીનું ધ્યાન કરું છે. દાદાની આંગીના દર્શન કરી દાદાને વાસક્ષેપની પૂજા કરું. ત્યારબાદ દૂધ પાણીનો પ્રક્ષાલ,

ત્યાર બાદ મુખારવિંદ ઉપર અત્તરની પૂજા, શરીરે બરાસનું વિલેપન-નવ અંગે કેશરની પૂજા, ફુલ તથા હાર ચડાવી ધુપ-દીપ-ચામર-સાથિઓ, નિવેદ-ફુલ મુકી પાંચ સોના મહોર મુકવાની કલ્પના કરું છું. ત્યારબાદ દાદાનું જરાક ધ્યાન કરું છું. ત્યારબાદ મહાવીર સ્વામી ધ્યાનસ્થ દશાના ફોટાનું ચિંત્વન કરી, શ્રી ભાભા પાર્શ્વનાથનું ચિંત્વન કરી, શ્રી સિદ્ધચક્રજીના પૂજનમાં આખો સંઘ બેઠો છે અને હું પૂજન કરું છું એમ ધારી, પૂજન પછી શાંતિ કલશ થયા બાદ એ કુંભ લઈને ક્રમસર સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા અને ચૌદ રાજલોકના જીવો ઉપર છાંટું છું. અને પછી સુખીની ભાવના થાઓ."

તો વિશ્વમૈત્રી, વિશ્વકલ્યાણની ભાવના સાથે શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનામાં આ જીવનમાંના વિઘ્નો અને અગવડો દૂર કરવાનું પણ અજબ સામર્થ્ય છે, તેમજ આપણી મૂળ વાત,-નવકારની આરાધનાને બરાબર સફળ થવા માટે કયું તત્ત્વ સાથે જરૂરી છે,- એ ખૂબ લક્ષ્યમાં રહે. 'જગતના સર્વ જીવો સુખી થાઓ, વિશ્વના પ્રાણીઓને સદ્‌બુદ્ધિ મળે, જીવ માત્ર દુઃખથી મુકાઓ, પાપથી રહિત બનો, વિશ્વનું કલ્યાણ મોક્ષ થાઓ.'- આ શુભ ભાવના સાથે રાખવાની છે. એમાં આપણો કોઈ દુશ્મન હોય, વિરોધી હોય, આપણને દુઃખદાતા હોય તો ય એને આ ભાવનામાંથી બાદ નહિ કરવાનો, બલ્કે એના માટે વિશેષ પ્રકારે આ ભાવના ભાવવાની. વહેલી પ્રભાતે આ ભાવના ભાવવાથી એની ચમત્કારિક શુભ અસર દેખાય છે.

'જગતના જીવમાત્ર મારા મિત્ર છે, મારા પ્યારા બંધુ છે,'-એ ભાવના વાસ્તવિક તો જ બને છે કે એ જીવો પ્રત્યે આપણા હૈયામાંથી આપણા ઉપકારી મિત્ર માફક સ્નેહ ઉભરાય અને એને આરોગ્ય, સદ્‌બુદ્ધિ, દુઃખનાશ, પાપમુક્તિ... યાવત્ અનંત કલ્યાણ અને મોક્ષ પ્રાપ્ત થવાની શુભેચ્છા-મંગળ કામનાના તરંગો આંદોલિત રહ્યા કરે.

અલબત વિષયવૈરાગ્ય, ઈન્દ્રિયદમન, કષાયોની શાંતિ, ક્ષુદ્રતા ત્યાગ વગેરે તત્ત્વોની જરૂર તો છે જ. પરંતુ એ બધાં કરતાં આ ભાવના પહેલા તબક્કે અભ્યાસ કરી શકાય એવી સરળ છે, તેમજ અદ્‌ભુત સામર્થ્ય-સંપન્ન છે, માટે અહીં એનો ખાસ ઉલ્લેખ કર્યો છે. એની સાથે સદાનું પવિત્ર હૃદય જોઈએ અને પાપી વિચારો પર ભારે ચોકી પૂર્વક અંકુશ પણ એટલો જ જરૂરી છે. ખરાબ વિચારોના મારાથી મન ઘણું નિઃસત્ત્વ અને તામસી બને છે; ને એ મનમાં પરમ પવિત્ર પંચ પરમેષ્ઠિ મહાપ્રીતિ-ભક્તિભર્યું સ્થાન નથી પામી શકતા.

પ્રાંતે આ લેખમાં જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તેનો મિચ્છામિ દુક્કડં.

—હરિલાલ શાહ.

ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા ભાગની વિગત

ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત

સુકૃત અનુમોદન : કે.પી. સંઘવી પરિવાર,(સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત,અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ(જ્ઞાનખાતા)અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ(જ્ઞાનખાતા)મુલુંડ, મુંબઈ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ.

ભાગ - ૧૧, અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ

સુકૃત અનુમોદન : શેઠ શ્રી ઘેલાભાઈ કરમચંદ સેનેટોરિયમ ટ્રસ્ટ (જ્ઞાનખાતા), વિલેપાર્લે, મુંબઈ.

ભાગ - ૧૨, સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે

સુકૃત અનુમોદન : શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ (જ્ઞાનખાતા), બોરીવલી,મુંબઈ.

ભાગ - ૧૩ / ૧૪, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય

ભાગ - ૧૫, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર

સુકૃત અનુમોદન : શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

ભાગ - ૧૬, અનાથી મુનિ + મદનરેખા + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ

ભાગ - ૧૭, સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ+ સંસારના ત્રિવિધ તાપ

ભાગ-૧૮, ગૃહસ્થ ધર્મ કેમ દીપે ? + દર્શનની ષડ્‌વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ + જૈનશાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + સંસ્કૃતિના સંરક્ષણ

સુકૃત અનુમોદન : શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ (જ્ઞાનખાતા),મલાડ, મુંબઈ-૬૪.

ભાગ - ૧૯, ધ્યાન અને જીવન

ભાગ - ૨૦, ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની

સુકૃત અનુમોદન : શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની આરાધક શ્રાવિકાઓ (જ્ઞાનખાતા) એલ્ફીન્સ્ટન, વરલી, મુંબઈ.

ભાગ - ૨૧/૨૨/૨૩, શ્રી સમરાદિત્ય કથા

સુકૃત અનુમોદન : શ્રી નવજીવન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (જ્ઞાનખાતા),મુંબઈ.

ભાગ - ૨૪/૨૫, શ્રી સમરાદિત્ય કથા, ભાગ - ૨૬, શ્રી સમરાદિત્ય કથા + અમીચંદની અમીદૃષ્ટિ + મહાસતી દેવસિકા + રૂપસેન અને સુનંદા

સુકૃત અનુમોદન : શ્રી વિલેપાર્લે શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટી ટ્રસ્ટ (જ્ઞાનખાતા) પાર્લા- ઈસ્ટ, મુંબઈ.

ભાગ - ૨૭, પર્યુષણ પર્વના પ્રવચનો

ભાગ - ૨૮/૨૯, આત્માનો વિકાસ અને મહાસતી સીતાજી

સુકૃત અનુમોદન : શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંમ્બર મંદિર ટ્રસ્ટ
શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)

ભાગ-૨૧ થી ૩૦ - સ્વ. શેઠશ્રી નેમચંદ જે. મહેતા (ઘાટકોપર) સાધારણ ખાતામાંથી

ભાગ - ૩૦, લલિત વિસ્તરા + સતી દમયંતી
ભાગ - ૩૧, શ્રી શાંતિનાથ ભવ - ૧ થી ૪
ભાગ - ૩૨, શ્રી શાંતિનાથ ભવ - ૪ થી ૬
સુકૃત અનુમોદન :પૂજ્ય સાધ્વી શ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ ઉપજમાંથી

ભાગ - ૩૩, શ્રી શાંતિનાથ ભવ - ૬ થી ૮
ભાગ - ૩૪, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦
ભાગ - ૩૫, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦ + પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય + ઉબ્બુડ્ડો મા પુણો નિબ્રડ્ડિજ્જા
સુકૃત અનુમોદન : શ્રી શાંતિસુધા પાર્ક જૈન સંઘ (જ્ઞાનખાતા), ઘાટકોપર(ઈ), મુંબઈ.

ભાગ - ૩૬, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૧
ભાગ - ૩૭, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૨
ભાગ - ૩૮, વીસસ્થાનક-અરિહંત પદ-દેવપાલની સાધના + તામસભાવના તાંડવ
ભાગ - ૩૯, વીસસ્થાનક-સિદ્ધપદ - હસ્તિપાલની સાધના + રાગદ્વેષ કરાવે કલેશ
ભાગ - ૪૦, રાગદ્વેષ કરાવે કલેશ + નરસિંહની કથા + દાનધર્મ
ભાગ - ૪૧, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૧
ભાગ - ૪૨, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૨
સુકૃત અનુમોદન :શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ (જ્ઞાનખાતા), સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

ભાગ - ૪૩, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૩ + કષાય રોકોઃ છૂટવાનો મોકો
સુકૃત અનુમોદન :અમદાવાદ વાસણાની આરાધક બહેનો (જ્ઞાનખાતા),અમદાવાદ.

ભાગ - ૪૪, કષાય રોકોઃ છૂટવાનો મોકો
ભાગ - ૪૫, શ્રી પંચસૂત્ર-૧
ભાગ - ૪૬, શ્રી પંચસૂત્ર ભાગ-૨ + ભવાભિનંદીજીવના ૮ દુર્ગુણ + જીવનસંગ્રામ
સુકૃત અનુમોદન :શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (જ્ઞાનખાતા), નાસિક.

ભાગ - ૪૭, સંદેશો પ્રભુવીરનો + કામલતાની કરુણ કહાની
ભાગ - ૪૮, સુલાસાચરિત્ર + ભોગોપભોગ પરિમાણવ્રત
ભાગ - ૪૯, તરંગવતી-૧
સુકૃત અનુમોદન :શ્રી મરીનડ્રાઈવ જૈન અરિહંત ટ્રસ્ટ, શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય

ભાગ - ૫૦, તરંગવતી-૨ + અસંખ્ય જીવિયં મા પમાયએ
સુકૃત અનુમોદન : કરબટીયા-પિપળધન(ધર્મપુરી) શ્વે.મૂ.પૂ.જૈન સંઘ

ભાગ - ૫૧/૫૨, રુક્મિરાજાનું પતન અને ઉત્થાન-૧/૨
ભાગ - ૫૩ રાજપુત્ર આર્દ્રકુમાર
સુકૃત અનુમોદન :શ્રી શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ (શિવ) સાયન-મુંબઈ.

ભાગ - ૫૪ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૧ થી ૫
ભાગ - ૫૫ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭
ભાગ - ૫૬ ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫
સુકૃત અનુમોદન :શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, મુલુન્ડ-મુંબઈ.


ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી
૧૯૬૭
૨૦૬૭
આરાધના
જૈનધર્મ પરિચય
ધ્યાનશતક
પરમાત્મા મહાવીરદેવના